ભગવાનની રસાત્મકલીલાઓનો જ સ્વલ્પ નિર્દેશ છે. રસશાસ્ત્રના પ્રણેતા કોઈ કામિજન નથી, સંયમશીલ ઋષિયો છે ! લૌકિકવાતો રજૂ કરવાનો તેમનો ઉદ્દેશ ન હોય. નીરસ જગતને સરસ કરવા રસરૂપ પ્રભુ પધાર્યા છે ! "**रसो वै सः ।**"- શ્રુતિ તો, "**असद्वा इदमग्र आसीत् ।**"- શ્રુતિમાં કહેલ બ્રહ્મને રસરૂપ કહે છે. "રસ" - શબ્દ તો ખૂબ પ્રસિદ્ધ છે. રસના (જીભ)થી ગ્રહણ થતો ગુણ પણ રસ ગણાય છે. ફલ વગેરેમાંથી મળતા મધુર, કટુ, કષાય, લવણ, આમ્લ, તિકત એ છ રસ તથા તેના અનેક ભેદોપણ પ્રસિદ્ધ છે. નાટ્યાદિમાં શૃંગાર વગેરે રસ સિદ્ધ છે. પ્રવાહિદ્રવ્ય, સારરૂપ પદાર્થ, આસ્વાદ્ય- વસ્તુ, આનન્દજનક હોય તે, તે વિષયોમાં "રસ" શબ્દ લોકમાં વપરાય છે. અહીં તો, રસનો અર્થ શ્રુતિમાં જ કહેલો છે. "**रसं ह्येवायं लब्ध्वानन्दी भवति। को ह्येवान्यात् कः प्राण्यात् यदेष आकाश आनन्दो न स्यादेष ह्येवानन्दयाति ॥**"- આ રસ મેળવીને જીવ આનંદી જ બને છે. જો આ (હૃદય) આકાશમાં રસરૂપ આનંદ ન હોય તો કોણ પ્રાણ ટકાવે ? આ ભગવાન્ જ આનંદ આપે છે !" આથી રસનું આનંદપણું, પ્રાણધારણ -પ્રયોજકતા, હૃદયાકાશસ્થત્વ, આનંદજનકતા કહેલાં છે. હૃદયમાં રહેલ, પ્રાણીમાત્રનો આનન્દજનક જે આનન્દ, તે આ "રસ" છે. જો કે આનંદની ઉત્પત્તિરૂપ કાર્ય તે તે અવયવોમાં અનુભવાતું હોવાથી, સર્વશરીરવ્યાપી આનંદ છે, છતાં આ કહેલ શ્રુતિથી તથા "**स मानसीन आत्मा जनानाम् ।**"- "તે માનવનો માનસીન આત્મા છે." એ શ્રુતિથી પણ, મનમાં તેની વિશેષપ્રકારે સ્થિતિ છે; તે સ્પષ્ટ થાય છે.

આમ, રસશાસ્ત્રની પ્રણાલિકા પ્રમાણે, પ્રમોદરૂપ મનોવિકાર તે રસાત્મક ભગવાનનો જ કાર્યભૂત છે. "**एष ह्येवानन्दयाति**" માં તે કહ્યો છે, તેના અંશભૂત છે. "**तस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति ।**"- તે શ્રુતિસિદ્ધ છે. સૌ આનંદના આભાસમાત્રથી કે રસબિંદુ માત્રથી જ જીવન ટકાવે છે ! આ વિચારે રસાત્મક ભગવાન્ "રસ" છે. અન્યત્ર તેવી રસપ્રતીતિ ગૌણ છે. જેમ "પુરુષ"રૂપ તો ભગવાન્ છે, છતાં ગૌણ રીતે "પુરુષ" શબ્દ બીજા માટે પણ વપરાય છે તેમ ! લૌકિકપ્રણાલિથી અભિવ્યંગત્વ સિદ્ધ થતા તે રીતે અલૌકિકમાં પણ અનુમાન થઈ શકે ! બ્રહ્મરૂપ હોવાથી આ રસ નિત્ય છે, મનોવિકાર માત્ર નથી ! બ્રહ્મ "અનન્ત" રૂપ છે, તેમ રસનાં અનેક રૂપ પણ વાસ્તવિક છે. આમ, પરબ્રહ્મ જ રસશાસ્ત્રની રીતે હૃદયમાં આવિર્ભૂત થતાં "રસ"રૂપ છે, તેમાં ચિદંશ ગૌણ છે, તેથી "**कृषिर्भूवाचकः ।**"- શબ્દો શ્રુતિમાં છે. પરબ્રહ્મ કૃષ્ણને, કૃષ-સત્" અને "ણ- આનંદ"થી "સદાનન્દ" કહ્યા છે, તે દેશકાલાપરિચ્છિન્ન છે. અનન્ય ભક્તિવાળાઓને ભક્તિ પ્રમાણે પ્રકટ પ્રાપ્ત થાય છે. પ્રિયારૂપ આલંબન પણ તેમાં વિરાજે છે. પોતે જ પતિરૂપ અને પત્ની રૂપ બને છે ! "**पतिश्च पत्नी चाभवताम् ।**" શ્રુતિસિદ્ધ છે, તેથી બહાર પ્રકટ થતા પ્રભુ પણ રસાત્મક જ છે ! આ રસ તો કયારેય ખૂટે જ નહિ, વિકાર તેમાં સંભવે જ નહિ, અભાવ તેમાં આવે જ નહિ, સ્વભાવને પણ તે સાનુકૂલ લાગે. તેનો પ્રભાવ તો સદ્ભાવ વધારે. સર્વેન્દ્રિયથી આ રસ અનુભવાય, અનુભવવા છતાં અતૃપ્તિ રહે ! તેના અનુભવે ભવમાં ભટકવાનું ન રહે, લૌકિક-વૈદિક-સ્પૃહા ન રહે. અલૌકિક છે-આ રસ ! લૌકિક-વિષય તો રસનો આભાસ છે. તેનો અનુભવ સૌને સાનુકૂલ ન પણ થાય. એકાદ ઈન્દ્રિયથી તે અનુભવાય; તૃપ્તિ, અભાવ, શ્રમ, વિકાર, અંત વગેરે તેમાં સંભવે. તેના અનુભવે ભવમાં ભટકવું પડે.

"**रस्यते आस्वाद्यतेऽसाविति रसः ।**"- જેનો આસ્વાદ માણી શકાય તે,- રસ ! વેદમાં જલ-સોમ-આનંદ વગેરે પણ રસ કહેવાય છે. ભરતમુનિ "**नाट्येऽष्टौ रसाः ।**"- નાટ્યશાસ્ત્રમાં આઠ

રસ કહે છે. તેમાં પણ મૂલરસ ચાર, - શૃંગાર, રૌદ્ર, વીર અને બીભત્સ ! શૃંગારમાંથી હાસ્ય, રૌદ્રમાંથી કરુણ, વીરમાંથી અદ્‌ભુત અને બીભત્સમાંથી ભયાનક, ઉત્પન્ન થાય. આમ શૃંગાર-હાસ્ય; રૌદ્ર-કરુણ; વીર- અદ્‌ભુત; બીભત્સ-ભયાનક; આઠ રસ થયા. કાવ્યમાં શાન્ત નવમો રસ ગણાય છે. રુદ્રટ નામે વિદ્વાન્, પ્રેયાન્ નામનો દશમો રસ ગણે છે. “સાહિત્યદર્પણ”માં વાત્સલ્ય દશમો રસ ગણે છે. “રસતરંગિણી”માં વાત્સલ્ય, લૌલ્ય, ભક્તિ અને કાર્પણ્યને પણ રસ કહ્યા છે. “ઉજ્જ્વલ-નીલમણિ”માં ભક્તિરસને મુખ્યરસ ગણ્યો છે. “રસગંગાધર”માં આલંકારિક-મતે નવ રસ ગણીને ભક્તિ વગેરેને ભાવ ગણ્યા છે. શ્રીવલ્લભાચાર્યજી ભક્તિરસ-સહિત દશ રસ સ્વીકારે છે. શ્રીભાગવતમાં ભગવત્-સ્વરૂપ-લીલાવર્ણનમાં તે સ્પષ્ટ છે. **''चकोरकौञ्च..''**, **''तं गोरजश्छुरित....''**, **''मल्लानामशनिः....।''** વગેરેમાં તે સ્પષ્ટ છે. **''विभावैरनुभावैश्च व्यक्तो वा व्यभिचारिभिः । आस्वाद्यत्वात् प्रधानत्वात् स्थायी भावो रसो भवेत् ॥''** વિભાવ અને અનુભાવ કે વ્યભિચારી વડે વ્યક્ત, આસ્વાધપણાથી અને મુખ્યતાથી સ્થાયી ભાવ રસ બને. વિભાગ વગેરેથી પરિપુષ્ટ સ્થાયિભાવ રસ ગણાય છે. લોકમાં જે રતિ વગેરેનાં કારણ (ઉત્પાદક) કહેવાય છે, તે નાટ્ય કે કાવ્યમાં વિભાવ કહેવાય છે. રતિ વગેરેને વિભાવિત-(આસ્વાદ યોગ્ય રીતે ઉત્પન્ન)-કરે તે વિભાવ ! અગ્નિપુરાણમાં તેના આલંબન (આધાર) અને ઉદ્દીપન (અભિવૃદ્ધિ) એવા બે પ્રકાર છે. રસમાં તે કારણરૂપ છે. નાયક-નાયિકા વગેરે આલંબનવિભાવ ગણાય. તેના પણ બે પ્રકાર, - વિષયાલમ્બન અને આશ્રયાલમ્બન ! કોઈ નટ રામનું પાત્ર ભજવે, તેમાં જે વિષયને અવલંબીને (આધાર રાખીને) રસ પ્રવર્તે તે વિષયાલમ્બન - રામ વગેરે ! જે આશ્રયનો આધાર રાખીને રસ પ્રવર્તે તે આશ્રયાલંબન - નાયક (નટ) વગેરે ! જે રસનું ઉદ્દીપન (અભિવૃદ્ધિ) કરે તે ઉદ્દીપનવિભાવ - ચન્દ્ર, ચન્દન વગેરે ! તેના ચાર પ્રકાર, - (૧) (રસના (સમવાયિકારણ) આલંબન રૂપ નાયક-નાયિકા વગેરેના) ગુણો-રૂપ, લાવણ્ય વગેરે, (૨) (તેમની) ચેષ્ટા - હાવભાવ વગેરે, (૩) (તેમના) અલંકાર - આભૂષણ વગેરે (૪) તટસ્થ - ચન્દ્ર, ચન્દન, વસંત વગેરે. લોકમાં (રતિ વગેરેનાં) જે “કાર્ય” કહેવાય છે., તે નાટય અને કાવ્યમાં અનુભાવ કહેવાય છે. અનુ-(રતિ વગેરે સ્થાયીના ઉદ્‌બોધ) પછી, રતિ વગેરે સ્થાયીનું આસ્વાદન કરાવે (બહાર પ્રકટ કરે) તે - અનુભાવ ! કટાક્ષ, હાથ હલાવવા વગેરે તેના બે પ્રકાર- (૧) સ્વાભાવિક-સ્તમ્ભ, સ્વેદ, રોમાંચ, સ્વરભંગ, કંપ, વૈવર્ણ્ય, અશ્રુ, પ્રલય, - આ આઠ સાત્ત્વિકભાવ. (૨) ઔપાધિક - સ્મિત, ગીત, કટાક્ષ, હાથ-હલાવવા, હુંકાર, આળસ વગેરે. લોકમાં (રતિ વગેરેનું) જે “સહકારિ-કારણ”- કહેવાય છે, તે નાટ્ય-કાવ્યમાં “વ્યભિચારી (સંચારી)-ભાવ” કહેવાય છે. **''विशेषेण अभितः सर्वतः स्थायिनं शरीरे चारयन्ति संचारयन्ति ते ।''**- જે વિશેષ પ્રકારે તરફ (રતિ વગેરે) સ્થાયીને ફેલાવે તે વ્યભિચારિભાવ-નિર્વેદ વગેરે ! તે સ્થિર ન હોય. (આલંબન, ઉદ્દીપન) વિભાવ-અનુભાવ - વ્યભિચારિભાવ - સ્થાયિભાવ દરેક રસમાં જુદા જુદા હોય. રતિ વગેરે ભાવ (સમયે ઉત્પન્ન થઈને હૃદયમાં) વાસના રૂપે સ્થિર રહે છે, તેથી તે સ્થાયી કહેવાય છે, રતિ, હાસ્ય, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા અને વિસ્મય આ સ્થાયિભાવ છે. ભક્તિમાં સ્નેહ સ્થાયિભાવ છે. રતિ વગેરેની વાસનાવાળા, જડતા વગરના, સહૃદય, સંવેદનશીલ લોકોનાં હૃદયમાં વિભાવ વગેરેથી પરિપુષ્ટ, રતિ વગેરે સ્થાયિભાવ વારંવાર ભાવનાથી રસરૂપ બને છે. વિદ્વાનોના આમાં જુદા જુદા મત પણ છે.

શૃંગાર - રસ - સ્વરૂપ :

રસ નવીન રૂપે ઉત્પન્ન થતો નથી, પણ વ્યક્ત થાય છે. તે અલૌકિક, સ્વપ્રકાશ, અખંડ અને અનુભવવેધ છે. “**सत्त्वोद्रेकादखण्डस्वप्रकाशानन्दचिन्मयः । वेद्यान्तरस्पर्शशून्यो ब्रह्मास्वादसहोदरः ॥ लोकोत्तरचमत्कारप्राणः कैश्चित्प्रमातृभिः । स्वाकारवदभिन्नत्वेनायमास्वाद्यते रसः ॥** “સાહિત્યદર્પણ”માં રસસ્વરૂપ-કથનગર્ભ આસ્વાદન પ્રકાર કહ્યો છે. બાહ્યજ્ઞેય-વિમુખ બનાવતા, રાજસ-તામસ-ગુણને દબાવીને પ્રકટ થતા સત્ત્વોદ્રેકથી અખંડ, સ્વપ્રકાશ, આનન્દરૂપ, વિભાવાદિ-સ્વરૂપવાળા, અન્ય-સંવેદન-સ્પર્શરહિત, બ્રહ્મસાક્ષાત્કાર-સમાન, અલૌકિક, ચમત્કારરૂપ - સારવાળા આ રસને, પોતાના આકાર (દેહાદિ)ની જેમ અભિન્ન રૂપે, કેટલાક (જડતા વગરના, સંવેદનશીલ) પ્રમાતા (અનુભવ કરનારા)ઓ માણે છે. અંદર અને બહાર રસી દે, તલ્લીન બનાવી દે, તે રસ ! સર્વ રસમાં શૃંગારરસ મુખ્ય છે. તેના સંબંધથી જ બીજા હાસ્યાદિ રસ ગણાય છે. ભક્તિરસ જ ક્વચિત્ સ્વતંત્ર પણ છે. “**शृणाति चरमदशाप्रापणेन हिनस्ति कामुकानिति शृङ्गारः।**”- ચરમદશા-પ્રાપ્તિથી કામુકને હણે તે,- શૃંગાર ! “**शृङ्गमृच्छति प्राप्नोतीति शृङ्गारः ।**”- ઉત્તમ કામચેષ્ટાને પ્રાપ્ત કરે તે,- શૃંગાર ! “**शृङ्गमासमन्ताद्रातीति शृङ्गारः ।**”- કામ અભિતઃ આપે તે,- શૃંગાર ! “**शृङ्गेण अर्यते सामाजिकैः प्राप्यतेऽसाविति ।**” કામપ્રવૃત્તિ દ્વારા પ્રેક્ષકોને પ્રાપ્ત થતો રસ. “**शृङ्गारः शुचिरुज्वलः ।**”- “અમરકોષ”માં તેના પવિત્ર અને ઉજ્જવલ પર્યાયો કહ્યા છે. તેના (૧) સંભોગ કે સંયોગ; અને (૨) વિપ્રયોગ-વિપ્રલમ્બ કે વિયોગ - એ બે ભેદ છે. ભગવાન્ કૃષ્ણ શૃંગારરસ સ્વરૂપ છે. તેના સંબંધવાળા સર્વરસ પણ સર્વોત્તમ-નિર્દોષ-સ્વરૂપવાળા જ હોય.

“**असद्वा इदमग्र आसीत् । ततो वै सदजायत । तदात्मानं स्वयमकुरुत । तस्मात्तत्सुकृतमुच्यत इति । यद्वै तत्सुकृतम् । रसो वै सः । रसं ह्येवायं लब्ध्वानन्दी भवति ।**” - શ્રુતિ છે. “અસત્ (અવ્યક્ત) આ પહેલાં હતું. પછી જ સત્ (વ્યક્ત) થયું. તેણે પોતાને પોતે કર્યો. તેથી તે સુકૃત કહેવાય છે. જે તે સુકૃત છે, તે જ રસ છે. આ જ રસને પ્રાપ્ત કરીને આનન્દી થાય છે.” આમાં પૂર્વસૃષ્ટિનું અસાધુત્વ અને બીજી સૃષ્ટિનું સાધુત્વ છે. આત્મરૂપતા જ સાધુત્વમાં કારણ છે. તેનું સુકૃતત્વ છે. સુકૃતનું રસત્વ છે; અને રસની આનંદરૂપતા છે. આત્મકરણ કહ્યું હોવાથી, ઉદ્બોધક-પ્રણાલી છે, તે સર્વસામાન્ય હોત તો પૂર્વસૃષ્ટિનું અસાધુત્વ અને આનાથી ભિન્નતા ન કહેત. આ રસ જો મનોવિકારરૂપ કે લૌકિક હોત તો આત્મકરણ અને આનન્દરૂપતા ન કહેત. તેનાં ઉદ્બોધકાદિની વિશિષ્ટતા શ્રુતિસિદ્ધ છે. “**तमेवभान्तमनुभाति विश्वं**”- શ્રુતિ સૌ ભગવાનનું અનુકરણ કરે છે, તેમ સૂચવે છે. બધા લૌકિકરસો પણ મૂલભગવદ્રસાનુસારિ-સ્વરૂપવાળા છે, તેથી લૌકિકરસના દૃષ્ટાન્તથી અલૌકિક-રસનું અનુમાન થઈ શકે. “**मात्रामुपजीवन्ति**”- શ્રુતિથી લૌકિકરસ પરિમિત-સ્વલ્પ છે. અલૌકિક-રસ ભૂમત્વ-વ્યાપકત્વ-થી અપરિમિત છે, અમાપ છે. લોકમાં અનુકરણ માત્રથી લૌકિકરસનો આભાસ માત્ર પ્રકટે. તેમ કરવા છતાં પણ, તે લૌકિકરસને કે જીવને તે અલૌકિકરસનો લેશ પણ સંબંધ ન થાય. રસશાસ્ત્રમાં કહેલા, રસો પણ દૂરથી તેનો સ્વલ્પ પરિચય માત્ર કરાવે છે. ભક્ત-ઋષિયોએ મોક્ષસાધનમાં ઉપયોગી રૂપે કામ-નાટ્ય-શાસ્ત્ર કહ્યાં છે. રસશાસ્ત્ર પરોક્ષવાદથી લીલાસહિત ભગવત્પ્રતિપાદક છે, રસના દેવતા-વર્ણ-વગેરે તેમાં કહેલાં છે.

રસ	દેવતા	વર્ણ	સ્થાયિભાવ	આલંબન વિભાવ	ઉદ્દીપન	અનુભાવ	વ્યભિચારિભાવ
૧. શૃંગાર	વિષ્ણુ	શ્યામ	રતિ	કાન્ત-કાન્તા વગેરે	ચન્દન-ચન્દ્ર વગેરે	કટાક્ષ વગેરે	આલસ્ય, ઈર્ષ્યા, જુગુપ્સા વિના ઉન્માદ હર્ષ-વગેરે 30
૨. હાસ્ય	પ્રથમ (શિવગણ)	શ્વેત	હાસ	નાયક-નાયિકાદિ	વિદૂષક વગેરે	ગાલ ફુલાવવા વગેરે	સૂચક મુખાકૃતિ વગેરે
૩. કરુણ	યમરાજ	કપોત-જેવો	શોક	નાયક-નાયિકાદિ	વિપ્રયોગાદિ	અશ્રુપાતાદિ	ગ્લાનિ વગેરે
(વિપ્રયોગ શૃંગારમાં પુનઃ સંયોગેચ્છાથી સ્થાયિભાવ રતિ હોય છે. કાવ્યમાં શોકથી પણ લોકોને આનંદ મળે છે. સંયોગમાં ક્ષતાદિથી સુખ, ભક્તિના આનંદમાં અશ્રુપાત, કરુણ-રસથી સુખ પણ થાય છે.)							
૪. રૌદ્ર	રુદ્ર	લાલ	ક્રોધ	નાયક-નાયિકાદિ	માત્સર્યાદિ	મુષ્ટિપ્રહારાદિ	સંમોહાદિ
૫. વીર	ઈન્દ્ર	સોના-જેવો	ઉત્સાહ	નાયક-નાયિકાદિ	પ્રભાવાદિ	સ્થૈર્યાદિ	ગર્વાદિ
૬. ભયાનક	ભૂત-પિશાચ	કાળો	ભય	નીચ મનુષ્યાદિ	વાઘ વગેરે	ઉદ્‌વમન વગેરે	મોહ વગેરે
૭. બીભત્સ	મહાકાલ	નીલ	જુગુપ્સા	દુર્ગંધાદિ	કીડા વગેરે (ઉત્તમપુરુષ-હીનકર્માદિ)		મોહાદિ (અપ્રસન્નતાદિ, ગ્લાનિ)
૮. અદ્‌ભુત	ગંધર્વ	પીળો	વિસ્મય	અલૌકિકવસ્તુ	માયાદિ	રોમાંચાદિ	વિતર્કાદિ
૯. શાન્ત	નારાયણ	કુંદપુષ્પ જેવો	નિર્વેદ	સંસારવૈરાગ્યાદિ પ્રભુચિંતનાદિ	સજ્જનસંગાદિ	ક્ષમાદિ	સ્તંભ-હર્ષ
૧૦. ભક્તિ	ભગવાન્	શ્યામ	સ્નેહ	ભગવાન્ વગેરે	શ્રવણાદિ	સ્તવનાદિ	અશ્રુપાતાદિ

શૃંગાર-રસાત્મક-શ્રીકૃષ્ણની રસરૂપ-લીલા છે,-રાસલીલા ! : વેદાન્તરહસ્ય-રૂપ છે, - રાસ ! :

ભગવત્સંબંધી આ રસ નિર્દોષ-વિકારરહિત - સર્વોત્તમ - મંગલ - પવિત્ર - સ્વરૂપવાળા, શૃંગારમિશ્રિત છે. આ કૃષ્ણ-રસાત્મક-આનંદ લૌકિકવાણીથી વ્યક્ત ન થાય. લૌકિકકામના-પૂર્ણમનવાળો તેને માણી શકે નહિ, જાણી શકે પણ નહિ ! આ રસમગ્નને તો પાપપુણ્યની પણ પરવા રહે નહિ ! લૌકિક કે વૈદિક-સુખ કે ફલની સ્પૃહા પણ આ રસાનુભવ કરનારને રહે નહિ. તદ્દન નિરપેક્ષ તે થઈ જાય. "आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन ।"- "આનંદ રૂપ બ્રહ્મને જાણે તેને ભય ક્યાંય ન રહે," અભય સર્વત્ર સુલભ બને. જેને જાણવા માત્રથી અભય મળે, તેને માણવાથી તો શું ન મળે ?! પુરુષોત્તમ ભગવાન્ કૃષ્ણના સ્વરૂપમાં જ અનન્ય દૃઢ સ્નેહવાળાં તામસભક્ત શ્રીગોપીજનને, વ્યાપક કે આત્મારૂપ ભગવાનને જાણવા છતાં, પ્રકટ પ્રભુમાં જ પ્રગાઢ પ્રીતિ છે ! તેમને કર્મ, જ્ઞાન કે શાસ્ત્રોક્ત-ભક્તિની પણ સ્પૃહા નથી. મર્યાદામાર્ગથી ભક્તિમાર્ગની આ વિલક્ષણતા છે. સ્ત્રીઓની તેમાં મુખ્યતા છે. મુક્તિમાં પ્રતિબંધરૂપ કામ ભક્તિમાર્ગમાં તો પ્રભુપ્રાપ્તિ કરાવનાર છે ! તેથી જેનું ફલ અલૌકિક કામ છે, તેવી કૃષ્ણલીલા અહીં કહી છે. કૃષ્ણકામનાથી દીનતા આવતાં પ્રભુ પોતે પ્રકટ થાય છે, - પ્રાપ્ત થાય છે ! તે પ્રભુમાં કામાનુકૂલ સ્નેહ આ ભક્તોને થાય છે, શાસ્ત્રાનુકૂલ નહિ ! બ્રહ્માદિ-દેવોને અનેક સાધનોથી પણ સુદુર્લભ છે, - સ્વરૂપાનન્દ ! ભગવાન્ કૃષ્ણ કેવલ કૃપાથી આ નિ:સાધન વ્રજભક્તોને પ્રેમપરવશ થઈને તેનું પ્રદાન કરે છે ! "सर्वकर्मा सर्वकामः सर्वगन्धः सर्वरसः सर्वमिदमभ्यात्तोऽवाक्यानादर एष म आत्मान्तर्हृदय एतद् ब्रह्मैतमितः प्रेत्याभिसंभवितास्मि ।"- શ્રુતિ છે. "સર્વકર્મ કરનાર, સર્વકામવાળો, સર્વગન્ધયુક્ત, સર્વરસ રૂપ, સર્વ આ જગતમાં વ્યાપી રહેલો, ન બોલનાર, અસંગ, - આ મારા હૃદયમાં રહેલો આત્મા છે, આ બ્રહ્મ છે. અહીંથી મરીને હું તેમાં પ્રવેશ કરવાનો છું." રસાનુકૂલ ભક્તો માટે તો રસપરવશ રસાત્મા ભગવાન્ સર્વકર્મ (લીલાઓ) કરે છે. પોતે સર્વકામનાઓ પણ કરે છે ! ભગવાન્ વિરુદ્ધધર્માશ્રયી છે ને ! સર્વસુગંધરૂપ બને છે. શ્રી-અંગમાંથી ચંદનાદિનો સુવાસ સ્વત:સિદ્ધ છે ને ! રસવિહારમાં સર્વરસાનુભવ ભક્તોને કરાવે છે. ભક્તોના હૃદયમાં અને બહાર સર્વત્ર વિલસે છે. ન બોલનાર - છતાં, મનોહર રસાલ વાક્યો બોલે છે ! અસંગ હોવા છતાં, અસંખ્ય વ્રજવનિતાઓનો સંગ સદા કરે છે ! આત્મા રૂપે હૃદયમાં વિરાજતા હોવા છતાં ભક્તોની કામના પોતે કરે છે, પ્રકટ થાય છે, - પાસે પધારે છે, પ્રસન્નતાથી પરવશ થઈને વિવિધ વિહારો કરે છે ! મરણ પછી પણ પ્રવેશ દેતા છતાં, ભક્તોને જીવતાં પણ પ્રવેશ દે છે ! પોતે ભક્તોમાં પણ પ્રવેશ કરે છે ! સ્વતન્ત્ર-ભક્તિમાર્ગ સિવાય આમ સંભવે જ ક્યાં !? સાધન-પ્રકરણમાં વ્રજભક્તોનાં પાંચ પ્રકારનાં સ્વતંત્ર-જ્ઞાન (વિધા) અને કર્મરૂપ - સાધનો કહ્યાં છે. તેનાથી ફલરૂપ રસાત્મક સદાનન્દ કૃષ્ણ ફલપ્રકરણમાં ફલિત થયા, અનેક લલિત લીલાઓ કરી. રસાત્મક કૃષ્ણની રસરૂપ આ લીલા છે, - રાસલીલા ! લૌકિક-વિષયાનંદ કે વૈદિક-બ્રહ્માનન્દ કરતાં પણ રાસમાં મળતો ભજનાનંદ અતિશય ઉત્તમ-અધિક-છે.

"रसानां समूहः रासः ।"- "રસનો સમૂહ તે, - રાસ !" શ્રુતિ તો, - "रसो वै सः ।"- એકવચનથી એક જ રસ કહે છે, - કૃષ્ણ ! રાસમાં તો રસ અનેક છે ! ભક્તાભિલાષાપૂરક કૃષ્ણ ભક્તકામ થયા છે ! દેવોએ રાસમંડલનાં દર્શન કર્યાં. "तत्रातिशुशुभे ताभिर्भगवान् देवकीसुतः ।"-

ત્યાં શ્રીગોપીજન વડે અતિશોભિત દેવકીસુતે દર્શન દીધાં ! છતાં ત્યાં છે તો બે-બે ગોપીજનની મધ્યમાં એક-એક કૃષ્ણ ! ૮ કૃષ્ણ, ૧૬ ગોપીનું એક રાસમંડલ ! આવાં અસંખ્ય મંડલ છે. - “**योगेश्वरेण कृष्णेन तासां मध्ये द्वयोर्द्वयोः ।**” કૃષ્ણ-રસ-એક નહિ, અનેક રૂપ થઈને વિલસે છે, રસસમૂહ-રાસ છે ને ! પહેલાં દીધેલા વરદાનની સંપૂર્તિ માટે, પ્રભુએ તેટલા માત્રથી સંતોષ ન માન્યો, અધિક રૂપ પણ પ્રકટ કર્યાં ! “**कृत्वा तावन्तमात्मानं यावतीर्गोपयोषितः ।**” વ્રજવધૂ જેટલાં હતાં, તેટલાં વપુ વ્રજરાજકુમારે પ્રકટ કર્યાં ! રાસ તો રસ-કૃષ્ણ-સમૂહ છે ને ! શૃંગારરસરૂપ ભગવાન્ હાસ્ય વગેરે સર્વરસ સમૂહનો પણ અનુભવ કરાવે છે, તેથી પણ રાસ ! જ્યાં - વાણી, ક્રિયા, વસ્ત્ર, ભૂષણ, નૃત્ય, ગીત, આસન વગેરે સઘળું રસસંબંધી જ છે, - તે રાસ ! રસાત્મક પ્રભુનું સર્વ કાંઈ રસરૂપ જ છે. રાસમાં તો તે વિશેષ રૂપે- પ્રકટ રીતે - રસસ્વરૂપ જ હોય ! હરિવંશ, બ્રહ્મવૈવર્ત, બ્રહ્મ, વિષ્ણુ, ભવિષ્યોત્તર વગેરે પુરાણ, ગર્ગસંહિતા વગેરેમાં પણ જુદાં જુદાં રાસવર્ણનો છે. બિલ્વમંગલ વગેરેએ પણ વર્ણન કર્યાં છે. “ગીતગોવિંદ”માં લોકરીતે પણ વિહારવર્ણન છે. શ્રીભાગવતમાં અલૌકિક રાસલીલાકથા છે. કાવ્ય-નાટ્યશાસ્ત્રમાં રાસક, નાટ્યરાસક અને હલ્લીસક-એ ત્રણ પ્રકારનાં નૃત્ય પણ છે. “**षोडशद्वादशाष्टौ वा यस्मिन्नृत्यन्ति नायिकाः ।**”- ૧૬-૧૨-૮ નાયિકાઓ જેમાં નાચે તેને “રાસક” ગણ્યું છે. તેમાં પિણ્ડી, શૃંખલા, ભેધક અને લતા,- ચાર પ્રકારનાં નૃત્ય હોય છે. નાટ્યરાસકમાં એક-પ્રકારનું નૃત્ય હોય, સ્ત્રીઓ અભિનયથી રાજા વગેરેની કૃતિયોનું અનુકરણ કરે. “**मण्डलेन तु यन्नृत्तं हल्लीसकमिति स्मृतम् । एकस्तत्र नेता स्याद्गोपस्त्रीणां यथा हरिः । अनेकनर्तकीयोज्यं चित्रताललयान्वितम् । आचतुष्षष्टियुगलाद्रासकं मसृणोद्धतम् ॥**”- મંડલાકારે જે નૃત્ય થાય તે “હલ્લીસક !” તેમાં એક નાયક, ગોપીજનમાં કૃષ્ણની જેમ ! અનેક નર્તકીવાળું, વિચિત્રતાલ-લયવાળું ૬૪ યુગલ સુધીનું, કોમલ અને કઠિન નૃત્ય “રાસક” છે. કેટલાક વિજ્ઞો આ નૃત્યોને નાટ્યપ્રકાર ગણે છે. હલ્લીસક અને રાસ રસપ્રધાન છે, રસગોષ્ઠીયુક્ત છે. સામાન્યરીતે તો લોકો આ કૃષ્ણલીલાને માત્ર “રાસ” નામે ઓળખે છે. “તાલ-રાસ” કે “લકુટ (દાંડીઆ) - રાસ”નો પ્રચાર પ્રાકૃતમાં જોવામાં આવે છે. અનેક કીર્તન, પદ, કાવ્ય વગેરે તેમાં પ્રસિદ્ધ છે; છતાં પ્રાકૃતલોકો જેવી સમજે છે, તેવી માત્ર આ રાસલીલા નથી. ઉપનિષદમાં પણ રાસની ભાવના દેખાય છે, રસાત્મક ભગવાનના ભક્તો સાથેના રસવિહારોનો ઉલ્લેખ દેખાય છે. શ્રીમદ્વલ્લભાચાર્યજીએ આ સર્વનો અદ્ભુત સમન્વય કર્યો છે. શુદ્ધાદ્વૈતમતમાં તેનું યથાર્થ પ્રતિપાદન છે. પુષ્ટિમાર્ગમાં તે ભાવના સુવિકસિત છે. વિકાર તેમાં સ્વલ્પ પણ નથી; પ્રકાર તેને અનુસરતો આપણે વિચાર્યો.

આમ, રાસ તો વેદાન્તરહસ્ય રૂપ છે, કોઈ કુત્સિતકથા તે નથી, કાલ્પનિક પણ નથી, ક્યારેક થયેલી માત્ર પણ નથી, નિત્યલીલા છે ! “**न स पुनरावर्तते ।**”- શ્રુતિથી બ્રહ્માનંદનું નિત્યત્વ કહ્યું છે, તો તેથી અધિક ભજનાનન્દ-રાસલીલા-નું નિત્યત્વ તો સ્પષ્ટ જ હોયને ! શ્રીશુકદેવજી “**जयति जननिवासो...।**”માં, “**व्रजपुरवनितानां वर्धयन् कामदेवम्**”- “વ્રજ અને પુર-વનિતાઓના કામદેવની વૃદ્ધિ કરતા કૃષ્ણ જય પામે છે !” - કહ્યું છે. ત્યાં વર્તમાનકાલસૂચક શબ્દો વાપર્યા છે. “**बहूनि सन्ति नामानि**” - કહીને ગર્ગજીએ નામકરણ-સમયે લીલા-નિત્યતા સ્પષ્ટ કરી છે. ઋગ્વેદમાં- “**ता वां वास्तून्युश्मसि....परमं पदमवभाति भूरि ।**”- “રામકૃષ્ણ કે ગોપી-ગોવિંદનાં પ્રસિદ્ધ ધામ મેળવવાની

અમે ઈચ્છા રાખીએ છીએ. લોકવેદમાં પ્રસિદ્ધ પરમ પદ-શ્રીગોકુલ-ઘણું જ પ્રકાશે છે !" આ પણ નિત્યત્વ-સૂચક છે. તૈતિરીય-સંહિતામાં "तद्विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः ।"- વિષ્ણુના પરમપદ-ગોકુલ-નું દર્શન ભક્તો સદા કરે છે ! આમાં પણ નિત્યતા કહી છે. ભગવાનની લીલા ઉત્પન્ન થતી નથી, તેમાં કોઈ લૌકિક-ક્રિયા નથી. તેથી તે નષ્ટ ન થાય, નિત્યલીલા જ છે ! રમણ રૂપે લીલાની સ્વરૂપ-નિત્યતા છે. બાહ્યાન્તર રૂપે પ્રવાહ-નિત્યતા છે, રસાત્મા ભગવાન્ બાહ્યરમણમાં ધર્મસહિત છે, આંતરમાં નાટ્યવત્ કેવલ છે. ભગવાનને તદનુકૂલ કરતી લીલા નિત્ય અને પરિચ્છિન્ન છે. તેનો આવિર્ભાવ-તિરોભાવ કાલચક્રની જેમ આગમન-ગમન રૂપે પ્રવાહરૂપ હોવા છતાં સ્વરૂપ-નિત્યતા છે.

રાસલીલામાં રસ અભિવ્યક્ત કરવા માટે નૃત્ય છે. "नाटचशब्दो रसे मुख्यो....।"- નાટ્ય-શબ્દનો મુખ્ય-અર્થ રસ છે, નૃત્ય-ગૌણાર્થ છે. તેમાં ચાર પ્રકારનો અભિનય છે. - (૧) આઙ્ગિક-અંગથી થતો, (૨) વાચિક - વાણીથી થતો, (૩) આહાર્ય - આભૂષણરૂપ, (૪) સાત્ત્વિક-સાત્ત્વિકભાવથી થતો. રસરૂપ ભગવાન્ પણ આમ રસશાસ્ત્રાનુકૂલ-રીતે રસ ભક્તોમાં સ્થાપે છે ; પછી પોતે તે દ્વારા અનુભવે છે. તે પ્રમાણે પરકીયામાં મુખ્યરસાનુભવ થાય. તેમાં દોષ ભાવ ન હોય, આતુરતા હોય, અતૃપ્તિ હોય. આ અધિકતા છે ! ભગવાને શ્રુતિરૂપા ગોપીજનમાં આ ભાવનું સ્થાપન કર્યું છે. તે પ્રભુના પધારવા પૂર્વે, લીલા માટે, અન્યત્ર લોકસંબંધવાળાં અનન્યભક્તો, અન્યપૂર્વા- "લૌકિકસ્ત્રી" પણ કહેવાય છે ! ઋષિરૂપા ગોપીજન કુમારિકા રૂપ અનન્યપૂર્વા છે. તેમાં લીલાનુકૂલ સ્વકીયા-ભાવનું-સ્વકીયતાનું પ્રભુએ સ્થાપન કર્યું છે ! શ્રીસ્વામિનીજી - શ્રીરાધાજી - વગેરે તો નિત્યસિદ્ધા રૂપ ગણાય છે. અતિપ્રિયનો સ્પષ્ટ નામોલ્લેખ, પ્રભુ પોતે કથા કરતા હોવાથી ન કરે ! રસાત્મક, સદાનન્દરૂપ ભગવાનની આ રાસલીલારૂપ સ્વરૂપાનન્દનો અનુભવ શ્રીગોપીજનને મળે છે, તેવી કેવલ કૃપાથી મળતી યોગ્યતાનું નિરૂપણ કાત્યાયનીવ્રતમાં વરદાન પ્રસંગે થયું છે. પ્રભુની પ્રસાદરૂપા શક્તિ સ્ત્રીત્વલક્ષણા છે ! તેનો પ્રવેશ જેમાં છે, તેમાં જ કૃષ્ણસંબંધ-યોગ્યતા છે. શ્રુતિઓને પણ નિત્યલીલાસ્થ શ્રીગોપીજન-સહિત કૃષ્ણદર્શન થતાં, કેવલ તેમની કૃપાથી જ, પ્રસાદશક્તિ-પ્રવેશથી, આવો સ્ત્રીભાવ-લાભ થયો છે, તેથી "यथा त्वल्लोकवासिन्य कामतत्त्वेन गोपिकाः ।"- "જેમ આપનાં લોકવાસિની ગોપિકા કામતત્ત્વ વડે ભજે છે !", - કહીને તેવા સુખની વિનંતી કરી છે. શ્રીગોપીજનની કૃપાથી જ આ લાભ મળે, બીજી કોઈ રીતે ન મળે ! આવા સ્ત્રીભાવસંપન્ન-ભક્તો જ ભગવદ્રસને માણે છે, તે પછી સ્વયં ભગવાન્ આ ભક્તોમાં સ્થાપેલા રસ-આનંદ-ને પોતે માણે છે ! ઉત્કટ રસોદ્રેકથી વિપરીતવિહારમાં આ સંભવે છે. ભગવાન્ તેથી અહર્નિશ આ વ્રજભક્તોમાં વિહારો કરે છે. આત્મારામ છે ને !

કૃષ્ણ-રસ માણીને કૃષ્ણને રસાનુભવ કરાવે છે, - શ્રીગોપીજન ! રૂપ-નામ-વિહારો નિર્દોષ છે :

ભોજનની સમાનતાથી ભજનની વાત સૌને સરલતાથી સમજાય. ભક્તોને ભજનાનન્દ, સંસારીઓને ભોજનાનન્દ ! મનગમતું મધુર, સુંદર પકવાન્ન મળતાં જ આનંદ થાય. મુખમાં મૂકીને મધુરરસ માણતાં મઝા આવે. આ આનંદ બાહ્યરમણ રૂપ ! પકવાન્ન પેટમાં પહોંચે, જઠરાગ્નિથી પચીને અંતે શરીરને પોષણ દે, રુધિર અને શક્તિરૂપે રૂપાન્તર પામે, રોમ રોમમાં રેલાઈ રહે !

શૃંગારરસાત્મક કૃષ્ણ બાહ્યવિહારોથી સુખ આપે, - સંયોગદશામાં, પછી અગ્નિ જેવી દાહક વિયોગદશા ! તેમાં તો બાહ્યાનુભવથી માણેલા કૃષ્ણ, ભક્તોના ભાવનું પોષણ કરતા, રોમરોમમાં તદ્રૂપ બનીને વ્યાપી રહે. સર્વ કાંઈ ભગવદ્રૂપે અનુભવાય ! "**अहं ब्रह्मास्मि**"- નો ઉપદેશ, સંદેહ વગર અનુભવાય. શ્રુતિ અને ઋષિને વર્ણન કે દર્શનથી ન સમજાયેલું આ તત્ત્વ, શ્રીગોપીજન રૂપે વિયોગમાં "**असावहं**", "**कृष्णोऽहं**"- કહેતાં સ્વતઃ અનુભવાયું ! પ્રિયાઓ પ્રિયનાં પ્રતિરૂઢસ્વરૂપ થયાં ! શરીરમાંની શક્તિથી ઈચ્છેલું કાર્ય થઈ શકતાં આનંદ જ થાયને ! અન્નનું જ આ રૂપાન્તરને ! કાર્ય સેવારૂપ બને તો સ્વામી પણ સંતુષ્ટ થઈને આનંદ અનુભવે ને ! આમ, શ્રીગોપીજનની પ્રત્યેક ક્રિયા-જીવન-પણ કૃષ્ણ-સેવા કે કૃષ્ણરૂપ જ છે. કૃષ્ણરસ માણીને કૃષ્ણને રસાનુભવ શ્રીગોપીજન કરાવે છે. કૃષ્ણ પોતે રસાનુભવ કરતાં અહર્નિશ વિહારો કરે છે. રસાત્મક આનન્દમય કૃષ્ણના વિહારો તો ભક્તોને પણ આનંદમય જ બનાવી દે ને ! આમ, વિહારો બાહ્ય અને આંતર છે. સંયોગમાં બાહ્ય અને વિયોગમાં આંતર ! વિયોગમાં સમાનભાવવાળાં શ્રીગોપીજન પરસ્પર ભગવદ્‌ગુણાનુવાદ કરે છે. પ્રગાઢ પ્રેમપરવશ- દશામાં પ્રિયતમ પ્રભુ લીલાસહિત પ્રકટ થઈ જાય છે ! તે વખતે હૃદયમાં અનેક વિશિષ્ટભાવો પ્રકટ થાય છે, સંયોગમાં પણ તે થતા નથી, તેથી આંતરરમણ તો પરમફલ રૂપ છે ! સંયોગ કરતાં વિયોગની વિશેષતા છે. સંયોગમાં સ્વરૂપથી ભગવદ્‌વિહાર છે. વિયોગમાં ગાનાદિથી શબ્દ-નામ-રૂપે ભગવદ્- વિહારો છે. "**नामरूपे व्याकरवाणि ।**"- શ્રુતિ છે. "નામ અને રૂપનો હું વિસ્તાર કરું !" એમ લીલા કરવાની ઈચ્છાથી ભગવાન્ વિશ્વ રૂપે વિહરે છે. "**रूपनामविभेदेन जगत्क्रीडति यो यतः ।**"- વિશ્વ નામાત્મક અને રૂપાત્મક છે. નિરાનંદ જગત્ અને આનંદરૂપ લીલાજગદ્ રૂપે નામવિસ્તાર છે. નિરાનંદ જગતમાં જડપદાર્થ રૂપે રૂપવિસ્તાર છે. વેદ-ભાગવત રૂપે નામવિસ્તાર છે. લીલા-વિશ્વમાં સંયોગમાં સ્વરૂપવિહાર અને વિયોગમાં ગાન રૂપે નામવિકાર છે. કૃષ્ણ - મૂલરૂપ એક, લીલાભેદે સ્વરૂપ- અનેક ! કૃષ્ણ-મૂલ નામ એક, લીલાભેદે નામ અનેક ! કૃષ્ણ સ્વરૂપ પણ ફલાત્મક અને રસાત્મક ! કૃષ્ણનું નામાત્મક સ્વરૂપ-શ્રીભાગવત પણ ફલાત્મક અને રસાત્મક ! બંને રસાત્મક ફલ ! બંને નિર્દોષ ! અહીં, પણ રાસમાં રૂપ અને નામ ઉભયના વિહારો નિર્દોષ છે. રૂપરમણમાં રાસમાંથી ભગવાન્ ભક્તોના મદ-માનરૂપ દોષ દૂર કરવા અંતર્હિત થયા. તેમાં ભગવાન્ છોડીને ચાલ્યા ગયા, - તેવો ભક્તોના હૃદયમાં દોષ ન આવે તે માટે, - "**नाहं तु सख्यो....।**"- વગેરે કહીને દોષનિવૃત્તિ કરી. શબ્દાત્મક વેદ રૂપ નામ-લીલા-પ્રવૃત્તિ નિવૃત્તિ રૂપ છે તેમાં પ્રવૃત્તિ દોષરૂપ, નિવૃત્તિ નિર્દોષ છે. બે અધ્યાયમાં અંતે તે કથા છે. તેમાં પહેલાં શંખચૂડ-વધથી દોષનિવૃત્તિ કરી. આ બંનેમાં પ્રભુને પ્રયત્ન કરવો પડ્યો, પણ દિવસે વિપ્રયોગમાં થતી ગાનાત્મક નામલીલામાં સ્વતઃ નિર્દોષતા જ છે, તેથી પણ તે આંતરલીલા શ્રેષ્ઠ છે ! આ રૂપ-નામ ઉભયલીલા બ્રહ્માનંદથી અધિક છે, ફલરૂપ છે, નિર્દોષ છે, "સમ્યક્" કહેવાઈ છે.

પહેલા પાંચ અધ્યાયોમાં રૂપરમણ છે. તે પાંચ પ્રકારે છે, - આત્માથી, મનથી, વાણી-પ્રાણથી, ઈન્દ્રિયથી અને શરીરથી ! ક્રમશઃ તેનાથી થતી લીલા એક-એક અધ્યાયમાં છે. ભગવાન્ પુરુષોત્તમ તો સજાતીય-વિજાતીય-સ્વગત - ભેદરહિત છે. "**स यथा सैन्धवघनः.....।**"- શ્રુતિમાં, મીઠાનો ગાંગડો જેમ એકરસ-રૂપ છે, તેમ ભગવત્સ્વરૂપ એકરસ-રૂપ કહ્યું છે. તે આનંદમય છે. "**आनन्दमात्रकरपाद-**

મુખોદરાદિઃ ।"- તેમનાં હાથ-પગ-મુખ-ઉદર વગેરે સર્વ અવયવો પણ આનંદરૂપ જ છે, સ્વરૂપભૂત જ છે, સ્વરૂપથી જુદાં નથી ! "**પશ્યન્ ચક્ષુર્વદન્ વાક્....**"- શ્રુતિ - “જોતાં ચક્ષુ, વદતાં વાણી”રૂપ કહે છે. સ્વરૂપથી જે તે ઈન્દ્રિયકાર્ય કરતાં, ભગવાન્ પોતે જ તે તે ઈન્દ્રિયરૂપ બને છે ! માયાસંબંધ રહિત-શુદ્ધ, નિર્ગુણ પરબ્રહ્મનું જ આત્મત્વાદિ અને ઈન્દ્રિયાદિ-રૂપત્વ છે. "**ચક્ષુષશ્ચક્ષુઃ શ્રોત્રસ્ય શ્રોત્રં મનસો મનઃ ।**", "**પ્રાણન્નેવ પ્રાણો ભવતિ ।**", "**યસ્યાત્મા શરીરં ય આત્માનમન્તરો યમયતિ ।**"- “નેત્રનું નેત્ર, શ્રોત્રનું શ્રોત્ર, મનનું મન !” - બ્રહ્મ પોતે જ ઈન્દ્રિયરૂપ બને છે. “જીવાડતાં પ્રાણરૂપ બને છે !” “આત્મા જેવું શરીર છે, અંદર રહેલા જે આત્માનું નિયમન કરે છે !” - આત્માદિના ભોક્તૃત્વે આત્માદિ રૂપ પણ બ્રહ્મનું જ છે, આત્મકાર્ય કરતાં આત્મારૂપ છે. આમ ક્યાંય દ્વૈતસંભવ નથી. પ્રાકૃત-ઈન્દ્રિય વગેરે કે વિકૃતવિહાર પણ નથી, સર્વ રસરૂપ છે ! "**સ માનસીન આત્મા જનાનાં...।**"- શ્રુતિથી, આ તો શ્રીગોપીજનના ભાવરૂપ ભગવાન્ છે. પ્રકટ શૃંગાર-રસાત્મક “શ્રીગોપીજનવલ્લભ” છે. "**કૃષ્ણો વૈ પરમં દૈવતમ્ । ગોવિન્દાન્મૃત્યુર્બિભેતિ । ગોપીજનવલ્લભજ્ઞાનેનૈતદ્વિજ્ઞાતં ભવતિ । ગોપીજનવલ્લભો ભુવનાનિ દધ્રે ।**"- શ્રુતિ છે. “કૃષ્ણ જ પરમ દૈવત છે. ગોવિન્દથી મૃત્યુ ડરે છે. ગોપીજનવલ્લભે ભુવનો ધારણ કર્યાં, - પોષ્યાં.” ભક્તસ્વરૂપના ગૌણભાવે પણ રસાત્મક ભગવાનની લીલા છે. જેમ ઈન્દ્રિય વગેરે સંઘાતમાં આત્માની મુખ્યતા છે, તેમ અહીં શ્રીગોપીજનના ભાવની મુખ્યતા છે. તે જ રસરૂપ ભગવાન્ છે ! જેમ ઈન્દ્રિયાદિ-સંઘાતનું સર્વકાર્ય આત્માધીન છે, તેમ અહીં બધું ભાવાધીન છે, તેથી આત્મા વગેરેનું કર્તૃત્વ છે. વિપ્રયોગમાં - "**તન્મનસ્કાસ્તદાલાપાઃ...।**"- વગેરેથી કૃષ્ણ જ શ્રીગોપીજનનાં મન,આલાપ, ચેષ્ટા, આત્મા, ગુણ વગેરે પાંચ રૂપે કહેલા છે. ભક્તોએ ભગવાનને આત્મસાત્ કરી દીધા છે ! ભક્તોની પ્રત્યેક ક્રિયામાં સર્વ રૂપે ભગવાન્ જ વ્યક્ત થાય છે. ભગવાનથી જુદું તેમાં કાંઈ જ નથી. તે રૂપે, જેની મુખ્યતાથી લીલા થઈ છે, તેની લીલા રૂપે, તે પાંચ અધ્યાયોમાં ક્રમશઃ કહી છે.

આત્મા આધારભૂત લિંગદેહના સંબંધથી સર્વકાર્ય કરે છે, તેમ લીલોપયોગિ-સર્વવસ્તુનું સંપાદન આત્મકાર્ય ગણાય ! "**રન્તું મનશ્ચક્રે ।**"- નિર્વિકાર મન વગેરેનું સંપાદન પહેલા અધ્યાયમાં કહ્યું છે. આત્માની ઉપાધિરૂપ છે, - મન ! મનની તન્મયતા થાય વિરહમાં ! મનઃ-કાર્ય તેથી પછીના અધ્યાયમાં કહ્યું. "**પ્રાણબન્ધનં હિ સૌમ્ય મનઃ ।**"- શ્રુતિ છે. મન પ્રાણબન્ધન-વાળું છે, પ્રાણાધીન છે. વાણી મનની દૂતી પણ છે. પ્રાણમાં તે અંતર્ગત ગણાય. ત્રીજા અધ્યાયમાં તેથી પ્રભુનિમિત્તે પ્રાણધારણ કરતાં શ્રીગોપીજનની વાણીરૂપ સ્તુતિ છે, પ્રાણ અને વાણીનું તે કાર્ય છે. પ્રાણના આધારે કાર્ય કરે છે, - ઈન્દ્રિયો ! ચોથા અધ્યાયમાં તેમનું કાર્ય છે. પ્રભુ પ્રકટ થઈને પધારતાં, શ્રીગોપીજનને નવજીવન મળ્યા જેવો આનંદ લાગ્યો છે, પ્રવૃત્તિ થઈ છે, પ્રાણથી ઈન્દ્રિયોની થાય તેમ ! સર્વ ઈન્દ્રિયોના આધારે કાર્ય કરે છે, - શરીર ! તેથી પાંચમા અધ્યાયમાં સર્વ શરીરથી થતું કાર્ય-મહારાસ-કહ્યું છે. આમ, પાંચે અધ્યાયની સંગતિ છે. આ તો થઈ રસાત્મક ભગવાનની લીલા, રસવાળા ભગવાનની નહિ ! આમ, રસરૂપ કૃષ્ણે ભક્તોનાં આત્મા - મન - વાણી, પ્રાણ - ઈન્દ્રિય અને દેહ રૂપે લીલા કરી. ભગવાન્ તો રસવાળા પણ છે, તેથી સ્વરૂપભૂત આત્મા વગેરેને સાધનરૂપ કરીને પણ ભક્તો સાથે લીલા કરે છે ! આ પ્રકારે દરેક અધ્યાયમાં પાંચે પ્રકારે લીલા છે. સર્વત્ર સર્વ લીલા રસશાસ્ત્રના નિયમે સંભવે છે ! "**શાસ્ત્રાણાં વિષયસ્તાવદ્યાવન્મન્દરસાઃ નરાઃ । રતિચક્રે પ્રવૃત્તે તુ નૈવ શાસ્ત્રં ન ચ ક્રમઃ ॥**"- માનવ

મંદરસ હોય ત્યાં શાસ્ત્રશાસન સંભવે, ઉભયના ઉત્કટભાવમાં શાસ્ત્ર કે ક્રમ કાંઈ રહે નહિ ! ભગવાન્ સ્વાભાવિક રીતે રસરૂપ અને રસાધાર રૂપ પણ છે ! ભક્તોનો સર્વાત્મભાવ તદ્રસરૂપતાથી સ્વભાવિક છે, તેથી ક્રમ કહેવા ન ઈચ્છેલો હોવા છતાં, "**अन्यो ह्यन्यस्मिन्प्रतिष्ठितः ॥**"- "અન્ય જ અન્યમાં રહેલ છે !" તે શ્રુતિથી ભેદ તો છે. એક વખત લીલાકૃતિમાં તે દૂર ન થતાં, લયના અસંભવથી, તે માટે વારંવાર લીલાકૃતિ કહેવા ઈચ્છી છે; અને સધર્મત્વના સ્વાભાવિકપણાથી અન્ય અધ્યાયોની લીલા વ્યર્થ નથી.

શ્રીહરિ તો અંતઃકરણના સંબંધી છે ! :

આમ, પ્રથમ પાંચ પ્રકારની લીલાથી આત્મામાં, પછી તે રીતે મનમાં, તેમ-પાંચેમાં ધર્મસહિત આધારસ્થિતિથી ભક્તસ્વરૂપનો તેમાં લય થાય, તેથી ક્રમત્યાગ દોષ ન રહે. પ્રભુનાં પ્રિયાઓમાં પ્રિય પ્રભુસ્વરૂપ પ્રતિષ્ઠિત થયું ! પ્રભુએ પૂર્ણ સ્વરૂપાનન્દનું દાન કર્યું. સ્વકીયોના ભાવાત્મક પ્રભુ આત્મામાં સ્વાનન્દ પૂરે છે, તે કથા છવ્વીસમા અધ્યાયમાં છે. પ્રભુએ દીધેલા પૂર્ણરસભાવમાં પ્રિયાઓ પ્રભુવચનથી પણ નિરપેક્ષ થયાં, ક્રમશઃ અંતે તો સ્વરૂપથી પણ નિરપેક્ષ થયાં, જેથી માન થયું, તે પણ સ્વામિનીજીમાં નિત્ય છે, તેથી આ રસમાં નાયિકાની મુખ્યતા છે ! આગળ કહેલ આતુરતા વગેરે પણ આ ભાવની અવસ્થાવિશેષ રૂપ વ્યભિચારિભાવ છે. તે રીતે ગજજલપાનવત્ મન, વાણી વગેરેમાં રસપૂરણ છે, પોતાના આનંદનો પોતે અનુભવ કરે છે. આત્મારામ છે ને ! આ બધું સ્વતઃ ભગવાને કર્યું છે. સર્વાત્મભાવવાળા ભક્તોને જ આ રસ મળે ! અન્તર્ગૃહગતાઓના પ્રસંગથી બીજાઓને આ ન મળે, તે સ્પષ્ટ કર્યું છે. કૃષ્ણની વિશેષ કૃપામાત્રથી જ મળતો- "**स एवाधस्तात्**"- શ્રુતિમાં કહેલા ભાવના અસાધારણ કારણભૂત સ્થાયિભાવ રૂપ સર્વાત્મભાવ છે. ભગવદ્વિષયક-રતિનું સ્થાયિત્વ પણ તેનું લક્ષણ નથી. લૌકિક અને અલૌકિકથી વિલક્ષણ આ ભાવ છે ! માન-તિરોધાનથી તેની અન્ય-મર્યાદા પણ બતાવી છે. અન્તઃપ્રપત્તિ વગર બાહ્ય પ્રકટ પ્રભુ તિરોહિત થાય ! અંતઃકરણ અનુકૂલ ન હોય તો બહાર પણ આનંદ ક્યાંથી આવે ? પતિ-પુત્રાદિ શરીરસંબંધી છે. હરિ તો - અંતઃકરણ-ધર્મરૂપ - માત્ર સર્વભાવે શરણાગતિથી જ મળે ! તે અંતઃકરણસંબંધી હોવા છતાં, ત્યાં રહેલા હોવા છતાં, અંદરની શરણાગતિ વગર બાહ્ય તિરોહિત થાય છે ! માનનો તે સહજધર્મ છે, તે નાયકનો તિરસ્કાર વગેરે કરે ! અહીં પ્રભુએ પોતે જ તે કાર્ય કર્યું. નિત્ય આ સ્થિતિ છે. રસાત્મક પ્રભુ માનાત્મક હોવા છતાં જો અંતઃકરણસંબંધી હોય તો બહાર પણ માન દૂર કરે ! આત્મા વડે લીલા પહેલાં છે, તેથી આત્મામાં આનંદ પૂર્યો, અંદર પધારીને, માન દૂર કર્યું ! કાયિક-આનંદદાનમાં બાહ્યમાનનિવારણ કરશે.

વિશ્વ-વિસ્મય રૂપ ભગવાનનું રસરૂપરમણ ! :

ભગવાને વ્રજજનોને બ્રહ્માનન્દ દીધો, વિસ્મય (આશ્ચર્ય) થયો. શ્રીગોપીજનને ભજનાનંદ દીધો, સ્મય (મદ) થયો. સાધનમાં વિસ્મય, ફલમાં સ્મય ! વિસ્મય દૂર ન કર્યો, સ્મય (મદ) તો શ્રીહરિએ હરી લીધો ! વિશ્વવિસ્મયરૂપ આનંદમય ભગવાને રસમયલીલાની ઈચ્છા કરી ! શ્રીશુકે તેનું મંગલગાન આરંભ્યું, -

भगवानपि ता रात्रीः शरदोत्फुल्लमल्लिकाः ।
वीक्ष्य रन्तुं मनश्चक्रे योगमायामुपाश्रितः ॥ (१)

શરદમાં પ્રફુલ્લ મલ્લિકાનાં પુષ્પવાળી તે રાત્રિઓને વિશેષ પ્રકારે જોઈને, યોગમાયાને નિકટ રાખીને, ભગવાને પણ વિહાર કરવાને મન પ્રકટ કર્યું ! શૃંગારરસ રૂપ ભગવાન્ શ્રીગોપીજનવલ્લભ તો ષડ્ગુણસંપન્ન છે. "अपि"- શબ્દ કહીને વિસ્મય વ્યક્ત કર્યો. આપ્તકામ, આત્મારામ, ધર્મ-સંસ્થાપક ભગવાને પણ - "मनश्चक्रे"- અભિલાષ કર્યો ! "रन्तुं"- વિહરવાને ! અનાયાસે અદ્ભુત-કર્મ કરતા ભગવાને આયાસ કર્યો ! "योगमायामुपाश्रितः"- સ્વતન્ત્ર છતાં યોગમાયાનો આશ્રય કર્યો !- પાસે રાખ્યાં ! "अपि"- "પણ" તો અવ્યય છે. તે સૂચક છે. સર્વ કરવા છતાં પણ ભગવાન્ કૃષ્ણ અને લીલા નિર્દોષ છે. વ્રજવધૂજન સાથે વિવિધવિહાર કરવા છતાં, પણ ભગવાનમાં વિકાર નથી ! અચ્યુત ભગવાનની અસ્ખલિત લલિત તે લીલા છે, - "सिषेव आत्मन्यवरुद्धसौरतः ।" લોક - વેદ - મર્યાદાનું ઉલ્લંઘન કરવા છતાં, પણ રસમર્યાદાનું પાલન છે, ભગવદ્ધર્મનું સંસ્થાપન છે ! રસાનુકૂલ આયાસથી પણ આ રસાત્મિકા રાસલીલા છે. બ્રહ્મનો આ માત્ર વિરુદ્ધધર્માશ્રય નથી, પણ સ્વાભાવિક રસધર્મ છે ! યોગમાયાના આશ્રયમાં અન્યાશ્રય કે પરતન્ત્રતા નથી, પણ રસવિહારની વિશિષ્ટતા છે. કેટલો સૂચક છે. "अपि"- "પણ" શબ્દ !! રાત્રિ, શરદ, મલ્લિકા, યોગમાયા, ગોપીજન-સ્ત્રી અને આ "भगवानपि"- ભગવાન્ પણ" - સ્ત્રીગૂઢભાવાત્મક જ છે ને ! - "आत्मारामोऽप्यरीरमत्"- ત્યાં પણ "अपि"- ખરો ! ઉપક્રમમાં પણ ઉપસંહારની સમાન વાતનું સૂચન છે ને ! બંને મળીને સિદ્ધાન્ત-સ્પષ્ટતા કરે ને !

"ता रात्रीः"- માત્ર રાત્રિ નથી, પણ પહેલાં જેનો ઉલ્લેખ થઈ ગયો છે તે, - ताः"- કૃષ્ણે કુમારિકાઓને કાત્યાયનીવ્રતમાં વરદાન પ્રસંગે બતાવેલી રાત્રિઓ છે, - "मयेमा रंस्यथ क्षपाः ।"- હેમંતની સવારે શરદની રાત્રિઓ વિહારસહિત બતાવી છે ! તે લૌકિક નથી, અલૌકિક રાત્રિઓ છે ! ભગવાને સૃષ્ટિના આરંભમાં જ શ્રીગોપીજન સાથે વિહાર માટે જ આ રાત્રિઓ નિર્માણ કરી છે. સારસ્વતકલ્પમાં સર્વરસકલાપૂર્ણ પુરુષોત્તમ પ્રકટ થયા. લૌકિક-શરદની રાત્રિઓમાં આ અલૌકિક-આધિદૈવિક-રાત્રિઓનું સ્થાપન કર્યું ! પોતે પૂર્ણ, રાત્રિઓ પણ પૂર્ણ બનાવી, પૂર્ણિમા રૂપ થઈ ! પૂર્ણાનન્દ પ્રદાન કરવો છે ને ! ભક્તોને પણ તેથી સર્વકલાપૂર્ણ કર્યાં ! લૌકિકમાં અલૌકિકનું સ્થાપન તો સૌ શ્રદ્ધાળુ સેવારતને નિત્યનો અનુભવ છે. બજારમાં સુંદર દ્રાક્ષ જોઈ. પ્રભુ માટે લાવ્યા. ભોગ ધરવા યોગ્ય-સિદ્ધ-કરી. પ્રભુને ધરી. યથાસમયે ભોગ સરાવ્યો. સૌને વહેંચી. પ્રસન્નતા, આદર અને સ્નેહથી શ્રદ્ધાળુ લોકો તે લે છે, - પ્રસાદ કે દ્રાક્ષ ? બજારમાંથી આવી હતી તો દ્રાક્ષ,- તે લૌકિક ! પ્રભુ આરોગતાં થયો,- પ્રસાદ - તે અલૌકિક ! પણ તેમાં સામાન્ય-નજરે દ્રાક્ષ તો દેખાય છે જ, પ્રસાદ દેખાતો નથી. લૌકિક-દ્રાક્ષમાં આ અલૌકિક-પ્રસાદ-રૂપ (ધર્મ)નું સ્થાપન છે ને ! રેડીઓઘર તો પોતાનો કાર્યક્રમ યંત્રો દ્વારા વાતાવરણમાં ફેલાવી દે છે, હવાનાં આંદોલનોમાં તે સંગીત - નાટક વગેરે ફેલાય છે. ટેલિવિઝન તો ચિત્રોનું પણ પ્રસારણ કરે છે, છતાં સૌ લોકો તો હવા અને પેલાં આંદોલનો પણ જ્યાં સમાન હોય ત્યાં પણ તે સાંભળી કે જોઈ શકતા નથી, માત્ર જેની પાસે તે આંદોલનો ઝીલનારાં સાધનો-રેડીઓ, ટ્રાન્ઝીસ્ટર, ટેલિવિઝન વગેરે છે, તેને જે યોગ્ય રીતે ગોઠવે છે, તે લોકો જ તે સાંભળી

કે જોઈ શકે છે! આમ, લૌકિકમાં અલૌકિક રાત્રિઓ ક્રમશઃ પધરાવીને પ્રભુના આ વિહાર છે. પરિણામે પ્રભુએ જેનામાં પ્રસાદરૂપ શક્તિનું સ્થાપન કર્યું છે, તેમને જ આ સ્વરૂપાનન્દનો અનુભવ મળે છે, સૌને નહિ! રસશાસ્ત્રમાં અમુક તિથિએ, અમુક નાયિકામાં, અમુક રીતે રસવૃદ્ધિ કહેલી છે, તેથી ક્રમશઃ રાત્રિયો પધરાવી છે. આમ, લૌકિકરાત્રિ સર્વત્ર સમાન હોવા છતાં પણ સ્વરૂપાનન્દનો અનુભવ ભૂતલ પર સૌને સર્વત્ર થયો નથી! ભગવાને જેમનું વરણ કર્યું છે, તે મધુરભાવપૂર્ણ, સર્વાત્મભાવસંપન્ન શ્રીગોપીજનને જ રાસલીલાનુભવ થયો છે! સ્વરૂપ જ જે આનંદરૂપ છે, તેની નિરૂપિકા આ લીલા છે. લોકમાં ભોગાદિથી આનંદકણનો આભાસ લોકો મેળવે છે, તે પણ ક્ષણિક છે. અહીં તો ગોપીજનમાં સ્વરૂપાત્મક, અપ્રાકૃત, નિત્ય આનન્દસ્થાપન છે! જે લૌકિકરાત્રિઓમાં આ આધિદૈવિક-રાત્રિઓ યોજી છે, તેમાં જ આ લીલા છે, દિવસે કે અન્ય સમયે નહિ! લૌકિકવત્ આ રમણ છે, પણ વાસ્તવમાં તો અલૌકિક છે, તેથી "एवं शशाङ्काशु विराजिता निशाः....।"- માં અંતે સકલંક-ચન્દ્રવાળી લૌકિકરાત્રિઓ કહી છે. સાધારણસમયે સૂર્ય-ચન્દ્રથી પ્રકાશ અને આનંદ વગેરે મળે, તેમ સાધારણ રાત્રિમાં લીલાસંબંધથી આનંદાદિ મળે છે.

ભગવાને રાસમાં ઋતુ શરદ્ સ્વીકારી છે. વૈદ્યો તો તેને "રોગમાતા" ગણે છે, પણ ભગવાને તો હૃદ્રોગ-કામાદિ દૂર કરનારી રાસલીલા તેમાં કરી છે. તનના રોગ શરદમાં થતા હશે, મનના રોગ તો શરદમાં થયેલી રાસલીલાના શ્રવણાદિથી સઘળા શમે છે! શરદને ભગવાને દોષ દૂર કરવાનું અને ગુણ પ્રકટ કરવાનું સ્વાભાવિક અસાધારણ સામર્થ્ય આપ્યું છે! ચોમાસામાં ડહોળાયેલાં જલાશય અને મલિન આકાશ બંને, શરદમાં વગર સાધને, સ્વાભાવિક રીતે જ સ્વચ્છ, નિર્મલ થઈ જાય છે, કમલ વગેરેની શોભા થતાં ગુણ પણ પ્રકટ થાય છે. આ લીલા-શરદ પણ રસમાં ઉપયોગી ન હોય તેવી વસ્તુઓ-દોષ-દૂર કરે છે. રસપોષક વસ્તુઓ-ગુણ-પ્રકટ કરે છે. કોઈ પુરુષ કે દોષયુક્ત સ્ત્રીઓનો રાસમાં પ્રવેશ નથી, તેથી તો વસન્ત કે વર્ષા નથી લીધાં! વસન્ત - પુરુષ, વર્ષા - સ્ત્રી, છતાં મલિનતા- દોષ-યુક્ત-તેમાં આ રાસ નથી. નિર્દોષ, રસમય લીલામાં નિર્મલતા અને શોભાસંપાદક શરદ્ જ શોભેને!

ભગવાને મલ્લિકાનાં પુષ્પ પણ પ્રકટ કર્યાં. રસ વધારનારું-ઉદ્દીપક-સર્વ સાહિત્ય સિદ્ધ કર્યું. તેને "**वीक्ष्य**"- વિશેષ પ્રકારે જોઈને. નાયકભાવપૂર્વકનું આ ઈક્ષણ છે, તેથી "વિ" ઉપસર્ગ છે. લીલા કે તે ક્ષણોના નિત્યપરિચ્છિન્નત્વથી-ચક્રવત્ ગમનાગમનથી - નિત્યત્વ છતાં સાનુકૂલ સમયે પ્રાકટ્ય છે! "रन्तुं"- વિહાર માટે, સ્વાનન્દપ્રકાશક કામપિતામહરૂપ મન પ્રભુએ પ્રકટ કર્યું. રમણ કામથી થાય, કામ સંકલ્પથી થાય, સંકલ્પ મનમાં થાય, મન કામના દાદા રૂપ છેને! "**मनश्चन्द्रमाः सर्वविकारकोशः**।"- લૌકિકચન્દ્ર રૂપ મન તો સર્વવિકાર-નિધિ છે, નિર્વિકારવિધિમાં તે ન ચાલે! લીલાનુકૂલ મન પ્રકટ કર્યું. ભગવાનમાં લીલાપયોગી સર્વસામગ્રી નિત્ય વિરાજે છે, આવશ્યકતા પ્રમાણે પ્રભુ પ્રકટ કરે છે! પોતાનામાં રહેલો વ્રજભક્તો સાથેનો રમણસંકલ્પ, તે સર્વવ્રજસ્ત્રીમાં પ્રકટ કરવો પડે ને! વેણુ તેમાં સહાયક છે. તેમાં કામવર્ણન કૃષ્ણ કરે, તેથી પહેલાં મન કર્યું. ક્રમ કૃષ્ણ સાચવ્યો! આ પ્રણાલિકા વિના પણ રસદાન પ્રભુ કરી શકે, છતાં રસરાજ રસમર્યાદાને રક્ષે છે! પોતાનો સ્વરૂપાનન્દ સ્વભક્તોમાં સ્થાપતાં સ્ખલિત-વિકૃત-ન થાય તેવો ઉપાય કર્યો! લીલામાં યોગમાયાને પાસે સેવા માટે રાખ્યાં. વિકાર વિના પદાર્થને અન્યત્ર સ્થાપે છે - યોગમાયા! ભગવાન્

તો રસલીલા- પરવશ છે ! તે સર્વસમર્થ હોવા છતાં, રસોપયોગી સાહિત્યંસપાદન કરે તો, અન્યત્ર ધ્યાન જતાં રસન્યૂનતા લાગેને ! તેથી રસાનુકૂલસેવા યોગમાયા કરે છે. પ્રભુ પાસે પધારતાં ગોપીજનનાં અવ્યવસ્થિત વસ્ત્રાલંકારોને યોગ્યસ્થાને ધરાવવાની સેવા તેની છે. ગોપીજનને કાન્તમાર્ગે અને ગોપોને અન્યમાર્ગે તે દોરી ગયાં છે ! ગોપીજન રાસમાં હોવા છતાં, ગોપોને પોતાની પાસે જ લાગ્યાં છે - યોગમાયાના પ્રભાવથી ! શેઠ રસોઈઆને રાખે, છતાં જમતી વખતે તો શેઠ રસોઈયાને સાનુકૂલ રહેને ! તેવો આશ્રય કૃષ્ણે યોગમાયાનો કર્યો છે ! પ્રભુના સામર્થ્યરૂપ યોગમાયા સ્વરૂપભૂત છે, ધર્મ પણ છે. તેના આશ્રયમાં દોષ નથી, પણ લૌકિકરીતિ છે ! યોગમાયા તો મધ્યસ્થ-દૂતિ-જેવી છે. આરંભમાં ગોપો, ગોપીજનનું ગમન જાણે છે, અટકાવે છે, છતાં અંતમાં તે જાણ્યું નથી, તેમ કહેલું છે. તે અલૌકિક છે ! રસમાં જ્યારે જે ઉપયોગી હોય તેમ આ યોગમાયા કરે છે. તેનું તેવું સામર્થ્ય છે. "**उपाश्रितः**"-માંનો ઉપસર્ગ- "**उप**"- યોગમાયાનું મૂર્તિમંત સ્થાપન સૂચવે છે !

સંકર્ષણને દેવકીજીમાંથી રોહિણીજીમાં યોગમાયાએ જ પધરાવ્યા હતા ને ! પ્રમાણમાં, બલરામજી રસરક્ષારૂપ સેવા કરે છે, રસલીલામાં યોગમાયા અંતરંગ-લીલાનુકૂલ છે, - બહિરંગ (વ્યામોહિકા) મનોવૃત્તિને અન્યત્ર લઈ જાય, પ્રમાણને અન્યથા સમજાવે, તેમ આ અંતરંગ યોગમાયા પણ કરે છે. ભક્તો સાથે યોગ-સંયોગ, વિયોગ-સાધનારી ભગવાનની અચિન્ત્ય સ્વરૂપભૂત શક્તિ, - તે યોગમાયા ! સર્વાત્મભાવ તે જાગ્રત કરે છે. સર્વાત્મભાવ ભગવત્સ્વરૂપાત્મક અને ધર્મરૂપ પણ છે. સર્વાત્મભાવ જેનું લક્ષણ છે, તેવો સ્થાયિભાવ રસ છે. "**सर्वेषामिन्द्रियाणां हि देहादीनां तथा पुनः । आत्मभावो भगवति सर्वभावः स कथ्यते ॥**"- સર્વ-ઈન્દ્રિયો અને દેહાદિનો ભગવાનમાં આત્મભાવ, - તે સર્વભાવ- સર્વાત્મભાવ-છે ! યોગમાયા ભગવાનની શક્તિ છે. શ્રુતિમાં "**परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च ।**"- "ભગવાનની અનંત શક્તિયો છે. પરાશક્તિ વિવિધ સંભળાય છે. જ્ઞાનબલ અને ક્રિયાશક્તિ સ્વાભાવિક છે." "**विष्णुशक्तिः परा प्रोक्ता क्षेत्रज्ञाख्या तथापरा । अविद्या कर्मसंज्ञान्या तृतीयाशक्तिरिष्यते ॥**" વિષ્ણુપુરાણમાં આ વચન છે. વિષ્ણુશક્તિ ત્રણ પ્રકારની છે - (૧) પરા - સ્વરૂપશક્તિ, (૨) અપરા - ક્ષેત્રજ્ઞ(જીવ)શક્તિ; (૩) અવિધા-કર્મ નામની. તેને અંતરંગ - ચિચ્છક્તિ, બહિરંગ - માયાશક્તિ અને તટસ્થ - જીવશક્તિ પણ કોઈ કહે છે. પ્રભુસ્વરૂપ સચ્ચિદાનંદરૂપ પ્રભુની અંતરંગ-સ્વરૂપશક્તિના ત્રણ ભેદ. સદંશમાં - સંધિની-શ્રીલક્ષ્મીજી, ચિદંશમાં - સંવિદ્રૂપા-શ્રીયમુનાજી. આનંદાંશમાં - આહ્લાદિની-શ્રીરાધિકાજી ! કોઈ લોકો વળી, - "**योगस्य संयोगस्य माया मानं पर्याप्तिः यस्यां सा योगमाया श्रीराधिका ।**" અથવા "**योगस्य संयोगस्य मा लक्ष्मीः सम्पत्तिः योगमा । तां याति प्राप्नोति या सा योगमाया श्रीराधिका । तां मनसा उपाश्रितः ।**"- એમ અર્થ પણ કરે છે. યોગમાયા શ્રીરાધિકાજીને ગણે છે.

પ્રમાણ-માર્ગથી પર સ્વતંત્ર (પુષ્ટિ) - ભક્તિમાર્ગ આ લીલાઓમાંથી પ્રકટ્યો છે ! :

ભગવાન્ આનંદરૂપ છે. આનંદ ભગવદ્ધર્મરૂપ પણ છે. તે વ્યાપક હોવા છતાં ગતિ રૂપ પણ છે, દામોદરલીલાની જેમ ! વાસ્તવમાં, ભગવાન્ સ્વરૂપમર્યાદાનું ઉલ્લંઘન કરીને પણ ભક્તો માટે લીલા કરે છે ! પ્રભુએ જ પ્રદાન કરેલા સ્વરૂપાનન્દથી ભક્ત પણ આનંદરૂપ જ બને છે, લૌકિકદુઃખ રહેતાં નથી. પ્રમાણમાર્ગથી પર સ્વતંત્રભક્તિ (પુષ્ટિ)-માર્ગ આ લીલાઓમાંથી પ્રકટ્યો છે.

શ્રીવલ્લભાચાર્યજીએ તેને વિશ્વમાં વ્યક્ત કર્યો છે, તેથી તેમાં ગુરુ છે, - શ્રીગોપીજન ! "**अस्मिन्मार्गे स्वामिन्य एव गुरवः ।**" "**गोपिकाः प्रोक्ता–गुरवः ।**"- અન્યસેવનના ત્યાગપૂર્વક પતિસેવાનું વિધાન કરતાં શાસ્ત્રો, પતિસેવા કરતાં પણ અધિક રૂપે, પ્રેમપ્રગલ્ભતામાં તેના પણ ત્યાગપૂર્વક, સર્વના આત્મારૂપ ભગવત્સેવાનું જ વિધાન કરે છે, તેમ શ્રીગોપીજનની આ લીલાપ્રક્રિયામાંથી સ્પષ્ટ દેખાય છે. શ્રીગોપીજનને ફલલાભ થયો છે. "**न पारयेऽहं....।**"- કહીને ભગવાને તેનો બદલો દેવાની પોતાની પણ અશક્તિનો સ્પષ્ટ એકરાર કર્યો છે ! આમ, આ સ્વતંત્ર (પુષ્ટિ) ભક્તિ માર્ગ જ યથાર્થ સન્માર્ગરૂપ છે ! શ્રીગોપીજને "**अस्त्वेवमुपदेशपदे**"- કહીને, સ્ત્રીધર્મ-રૂપ પતિસેવા વગેરે કરતાં પણ આત્મારૂપ ભગવાનની સેવાની મુખ્યતા અને નિર્દોષતા કહી છે. શાસ્ત્રપ્રમાણ કરતાં ભગવદાજ્ઞા મુખ્ય છે. તે ભગવાને પણ ભક્તોની આ વાત સ્વીકારી, સાનુકૂલ થયા, તેથી આ પ્રમાણથી પણ પર-શ્રેષ્ઠ-માર્ગ છે. સામાન્ય રીતે તો પ્રભુપ્રાપ્તિ માટે ગુરુની શરણાગતિ, આજ્ઞાપાલન તે પ્રમાણમાર્ગ છે. અહીં તો, વ્રજભક્તોની પ્રાપ્તિ માટે સ્વયં ભગવાન્ પણ યોગમાયાનો આશ્રય કરીને લીલા વગેરે કરે છે, તેથી પણ આ શાસ્ત્રપ્રમાણથી પર માર્ગ છે ! આ પ્રથમાધ્યાયમાં દેખાય છે. આરંભે લઘુરાસમાં - ભગવત્સ્વરૂપાનન્દ લાભ થયા પછી, ઉત્કટ સ્નેહમાંથી થતા વિરહભાવથી સર્વત્યાગપૂર્વક, સ્વદેહાદિ-વિસ્મૃતિપૂર્વક, ભગવાનની શોધરૂપ, આ સેવાત્મક ભક્તિમાર્ગ છે. આ બીજા, ત્રીજા અધ્યાયમાં દેખાય છે. શ્રીગોપીજનના વિયોગમાં સૌભાગ્યમદ વગેરે કારણરૂપ છે; નહિ તો "**पादरजःप्रपन्नाः**"- કહેતાં, ચરણરજને શરણે રહેતાં, શ્રીગોપીજનમાં મદ-માન સંભવે જ ક્યાંથી ?

શ્રીગોપીજનનાં મન નક્ષત્ર રૂપ છે, ભગવન્મન તેમના રાજા રૂપ છે ! :

ભગવાને મનના દેવતા ચન્દ્રને પ્રકટ કર્યો હતો, તે ઊગ્યો ! પ્રાચીન ભક્તજન આ ચન્દ્રનું પ્રાકટ્યસ્થલ ચન્દ્રસરોવર કહે છે. સારસ્વતકલ્પની રાસસ્થલી આદિવૃન્દાવન ત્યાં ગણે છે ! મન નિર્વિકાર, તેનો દેવતા ચન્દ્ર નિષ્કલંક ! ઈન્દ્રિયોની અધિષ્ઠાત્રી દેવતા-શક્તિ-જ સઘળું ઈન્દ્રિયકાર્ય કરે છે. ભગવાને ઈશ્વર-મર્યાદા (ઐશ્વર્ય)નું ઉલ્લંઘન કરીને, રસમર્યાદા (માધુર્યભાવે રસપરવશતા) સ્વીકારી છે ! "**आत्तगजेन्द्रलीलः**"- માં તે સ્પષ્ટ છે, તેથી લૌકિકરીતિને પણ અનુસરતાં આ ક્રમ છે. "**विभावानुभावव्यभिचारिसंयोगाद्रसनिष्पत्ति : ।**"- વાત્સાયન, વિભાવ, અનુભાવ, વ્યભિચારિભાવના સંયોગથી રસનિષ્પત્તિ કહે છે. પ્રભુ રસરૂપ છે. નિત્ય પણ છે. તેથી આ ક્રમ છે. યજમાનના પ્રયત્નથી નિત્ય હોવા છતાં યજ્ઞ વ્યક્ત થાય છે, તેમ રસપ્રણાલિકાથી નિત્યરસ વ્યક્ત થાય છે, નવો ઉત્પન્ન થતો નથી ! ચન્દ્રની અસર મન પર થાય છે. જન્મકુંડલીમાં પણ ચન્દ્રસ્થાનાનુસાર મનઃસ્થિતિ કહેવાય છે. ગાંડપણ-વગેરેમાં પણ પૂર્ણિમાની અસર દેખાય છે ! નિર્મલ મન સાથે જ નિર્મલ, પૂર્ણચન્દ્ર ઉદય પામ્યો. "**तदा**"- "ત્યારે," તેથી - કહ્યું છે. આ તો આધિદૈવિકરૂપ છે. લીલા સંપૂર્ણ થતાં જ આ ચન્દ્ર મધ્યાકાશમાં લીન થાય છે; ક્યારેય પશ્ચિમમાં અસ્ત પામતો નથી ! આ તો "**उडुराजः**"- નક્ષત્રસ્વામી છે. શ્રીગોપીજનનાં મન નક્ષત્રરૂપ છે. ભગવન્મન તેના રાજારૂપ છે. અલૌકિકરાત્રિમાં નક્ષત્રો પણ અલૌકિક હોય ને ! "**नक्षत्राणामहं शशी ।**"- "નક્ષત્રોમાં હું ચન્દ્ર છું." તેમાં ભગવાને ચન્દ્રને નક્ષત્રનો સજાતીય ગણ્યો છે. તેમ અહીં પણ, બંને મનોરૂપ છે. બંનેના આ સંબંધથી પરસ્પર પ્રવૃત્તિ-નિવૃત્તિ-તોષ વગેરે કાર્યપ્રયોજન સૂચવ્યું છે. "**उडूनां राजा ।**" -તો પ્રસિદ્ધ છે. "**उडवो**

राजानो यस्येति ।" - "નક્ષત્ર જેના રાજા છે," આપણ અલૌકિક-રીતે, ભક્ત મુખ્યતાથી છે. પ્રભુ ભક્તપરવશ છે ને! **"उडुभी राजते," "उडुभ्यां राजते ।"** અને **"उडुना राजते ।"** પણ સંભવેને! કોઈ વખત ચન્દ્રની આસપાસ અનેક નક્ષત્રો હોય તેથી ચન્દ્ર શોભે! **"तत्रातिशुशुमे ताभिर्भगवान् देवकीसुत ।"**- અનેક ગોપીજનની મધ્યમાં ભગવાન્ કૃષ્ણચન્દ્ર શોભે છે ને! ક્યારેક ચન્દ્રની આસપાસ બે નક્ષત્રો ગોઠવાય, તેથી પણ ચન્દ્ર શોભેને! **"तासां मध्ये द्वयोर्द्वयोः"**- બે ગોપીજનની મધ્યમાં એક કૃષ્ણ પણ પધાર્યા છે ને! કદાચિત્ ચન્દ્ર પાસે એક નક્ષત્ર પણ ગોઠવાયું હોય! **"कृत्वा तावन्तमात्मानं यावतीर्गोपयोषितः ।"**- જેટલાં ગોપી તેટલા કૃષ્ણ થયા છે ને! એક કૃષ્ણચન્દ્ર પાસે એક ગોપી! રાત્રિમાં ક્વચિત્ ક્રમશઃ આમ પણ દેખાય છે ને!

ચર્ષણીઓના શોકને હરતા, લક્ષ્મીજીના ભાઈ, નિષ્કલંક પૂર્ણચન્દ્રથી રંગાયેલા વનને જોતાં ભગવાનનો મધુરભાવવાળાં શ્રીગોપીજન માટેનો વેણુનાદ!:

દેવતાઓની દિશા પૂર્વમાં આ દિવ્ય-ચન્દ્રદર્શન થયું. ઈન્દ્ર તે દિશાના સ્વામી છે. અત્યારે ભગવાન્ જ ઈન્દ્ર છે. ગોવિન્દ-પદાભિષેક થયો છે ને! પૂર્વદિશાના મધ્યભાગરૂપ મુખને પોતાનાં કોમલ, કલ્યાણકારક, શીતલ, કિરણરૂપ કરથી જાણે શોક શાંત કરતાં આ ચન્દ્ર સાન્ત્વન દેવા લાગ્યો! સાંજે સૂર્ય તો પશ્ચિમમાં હોય. અસ્તની લાલિમા ત્યાં દેખાય. વિપ્રો તે સમયે સન્ધ્યા પશ્ચિમાભિમુખે કરે! માન પશ્ચિમને મળે. આ તો થઈ શાસ્ત્રમર્યાદા! તે જોતાં પુષ્ટિને ખેદ થાય! તે પ્રભુ કેમ સહન કરે? મર્યાદામાં સાધનો કરવાનો ક્લેશ થાય, કૃપારૂપ પુષ્ટિમાં તો તેવા ક્લેશનો લેશ પણ ન હોય, આનંદ જ હોય. પુષ્ટિમાર્ગનો ઉત્કર્ષ તો પ્રભુ પોતે જ કરે છે! પ્રિયનો પક્ષ તો સ્વાભાવિક ગણાયને! ભગવાને પૂર્વરૂપ પુષ્ટિનો પક્ષ કર્યો. ત્યાં નિષ્કલંક પૂર્વ ચન્દ્રોદય થયો. દોષવાળો સકલંક ચન્દ્ર તો દેવતારૂપ પૂર્વદિશાના મુખને સ્પર્શી પણ ન શકે! દોષવાળાને લીલામાં સ્થાન ન હોય, નિષ્કલંક ચન્દ્રનાં રાતાં કિરણોએ પૂર્વના શોકને શાન્ત કર્યો. અનુરાગે રંગી દીધું તેના મુખને! ભક્તોના મનમાં પણ ભગવદનુરાગ તેથી થાયને! અનુરાગ વિના આહ્લાદ ન મળે. મનનું અધિષ્ઠાતૃત્વ તો મનમાં ઉદયથી પણ થાય, અંધકાર તો પ્રભુ પણ પ્રકાશથી દૂર કરી શકે, રસોદ્દીપન પણ રસરાજ સ્વતઃ કરી શકે, આ ચન્દ્રોદયનું મુખ્ય પ્રયોજન તો જુદું જ છે! **"स चर्षणीनामुदगाच्छुचो हरन्"** ચર્ષણીઓના શોકને હરતો તે ચન્દ્ર ઊગ્યો છે. **"चर्षणि"**- પરિભ્રમણશક્તિ કે **सचर्षणि**- તે શકિતવાળા જીવે! માત્ર સર્વાત્મભાવથી જ પ્રાપ્ત કરી શકાતી રસાધિકારીઓની જ સૃષ્ટિમાં જે શક્તિયોને અધિકાર દીધો છે, તે ભગવદાવિર્ભાવ જાણીને - તેવી સૃષ્ટિને પ્રકટ કરીને - ફલસિદ્ધિની રાહ જોતાં, ત્યાં સુધી અન્યભાવમાંથી તેમની રક્ષા કરે છે, તે "ચર્ષણી" કહેવાય છે. જ્યાં તે પ્રકટે ત્યાં જઈને ફલને અનુકૂલ પ્રયત્નવાળાં થાય છે. ભગવદ્રસાનુકૂલ સ્વામિનીજીઓને રસલાભના વિલંબથી તેમને શોક છે. સર્વત્ર ભક્તોમાં પરિભ્રમણ-યુક્ત, પ્રસાદ-નિરૂપક-શક્તિના અંશભૂત, ભગવાનના મનની શક્તિયો તે પણ ચર્ષણીઓ છે. સમુદિત સ્ત્રીત્વલક્ષણાશક્તિ, કાત્યાયનીના અંશભૂત છે. તે ભક્તોમાં નિકુંજાદિમાં પણ ભ્રમણ કરે છે. અન્યત્ર તો પરમાનંદનો અધિકાર નથી, ગોપીજનમાં અધિકાર છે, છતાં વિલંબ થયો છે. મર્યાદા-ભક્તિમાર્ગમાં તો કોઈને મુક્તિ મળે તો પહેલાં આ ગતિશક્તિ નિવૃત્ત થઈ જાય છે. મુક્તને ગતિ ન હોય, પછી ગતિશક્તિ શું કામની? તેથી આ શક્તિયોને શોક છે. ગોપીજનમાં

સર્વાત્મભાવ પ્રકટ કરનાર યોગમાયાના અંશરૂપ શક્તિ. આ ચર્ષણીરૂપ છે. યોગમાયા લીલારૂપ માતા, પિતા, પ્રિય વગેરે ભાવોનું સંપાદન કરે છે! સર્વાત્મભાવ-યુક્ત લીલામાં સગુણ-નિર્ગુણ વગેરે અનેક પ્રકારોથી તે તે ભાવોનું સંપાદન કરે છે. લીલા સમયે પણ નૃત્ય, ગીત વગેરે સાનુકૂલભાવોત્પત્તિ માટે શક્તિયો તે ભક્તોમાં હોય છે. ભક્તોને હજી પરમાનંદનો અનુભવ થયો નથી, તેથી શોક છે. આજે આ ચંદ્રદર્શને શોક હર્યો! આ શક્તિસહિત જ પરમાનંદલાભ થવાનોને! બ્રહ્માનંદનો અનુભવ દુર્લભ, ત્યાં પ્રકટ પરમાનંદ સુલભ થયો! અવતાર-સમયના આ જીવોમાં આવી શક્તિ હતી. તેમને આ લાભ તો આજે જ થયો ! આવો ચન્દ્રોદય પૂર્વમાં તો રાસલીલામાં, સારસ્વતકલ્પમાં દીર્ઘકાલે થયો છે. શ્રુતિયો તથા ઋષિયોને વરદાન મળ્યા પછી, લાંબા સમયે પ્રભુ પ્રાપ્ત થયા છે ને ! "**प्रियः प्रियाया इव दीर्घदर्शनः** ।"- પ્રિયાને દીર્ઘકાલે દર્શન દેતા પ્રિય છે ! ચન્દ્રનું આલંબન-વિભાવસાદૃશ્ય કહ્યું, પછીના શ્લોકમાં ઉદ્દીપન- વિભાવત્વ કહ્યું છે. રાસલીલામાં સઘળું લોકવેદાતીત નૂતન પણ છે, તે માટે ચન્દ્રોદય પછી ચન્દ્રદર્શન જુદું પણ કહ્યું છે.

ભગવાને આ પૂર્ણચન્દ્ર જોયો. ભાવોદ્રેક થયો. રસરાજ રસપરવશ થયો ! ગાન કર્યું. "**कु**"- પૃથ્વી, "**मुद्**"- હર્ષ. પૃથ્વી પર સર્વત્ર હર્ષ કરતો આ ચન્દ્ર કુમુદવાન્ છે. ભક્તમનોભૂમિમાં પણ તેથી હર્ષ થાય ! "**अखण्डमण्डलं**"- પૂર્ણ છે. અખંડ-સંપૂર્ણ-અનંત, મંડલ-રાસમંડલ-વર્તુલ પણ થવાનાંને ! "**रमाननाभं**"- રમા-લક્ષ્મીજીના મુખની શોભા જેવી શોભા ચન્દ્રની છે ! ભાઈબહેનનાં મુખ તો સમાન હોયને ! સમુદ્રમાંથી રમા થયાં ત્યારે તો ચન્દ્ર થયો નથી ! જુદા કલ્પની તે કથા છે. સમુદ્રમાંથી થયેલો ચન્દ્ર સકલંક છે. આ તો નિષ્કલંક છે. અહીં, રમા તો બ્રહ્માનન્દ રૂપા છે. ભગવાને પોતે પોતાના આનંદના અનુભવ માટે તેને સ્ત્રીરૂપ દીધું ! તે આધિદૈવિક, નિર્દોષ ભગવદીય લક્ષ્મીજી રૂપ છે. આ નિષ્કલંક - નિર્દોષ, આધિદૈવિક, ભગવદીય પૂર્ણચન્દ્ર પણ પ્રભુમાંથી પ્રકટ્યો છે; તેથી બંને ભાઈબહેન, તેથી સમાન-મુખશોભા છે. આ તો અલૌકિકરૂપ છે ને ! ભગવાન્ સાથે વિવાહસમયે લજ્જાથી લક્ષ્મીજીનું મુખ રાતું છે ! આ સાચી સ્ત્રીશોભા છે, રંગના લપેડા નહિ ! જગત્ ઉપર શાસન કરતાં લક્ષ્મીજીનું મુખ પીળું છે. તેનું મુખ્ય (મુખ) રૂપ સુવર્ણને ! નૂતનકામવર્ધક ચન્દ્ર નવા કેસર શો અરુણવર્ણનો છે ! અરુણવર્ણ લાલ રંગ અનુરાગસૂચક છે. ઉત્સવમાં કેસરી વસ્ત્ર, તેને આગલે દિવસે, અનુરાગ સૂચક લાલ વસ્ત્ર ધરાય છે ને ! વન તેમાં કોમલ-કિરણોથી રંગાઈ રહ્યું છે. વન - યૌવન પણ છે, જીવન પણ છે ! ભક્તોનું યૌવન-જીવન તો કૃષ્ણસેવાથી જ સફલ થાય. ગો-ગાયો અને ઈન્દ્રિયો પણ છે. ગાય-શરણાગત-ભક્તોનું પાલન અત્યારે વનમાં થવાનું છે, સર્વ-ઇન્દ્રિયોને ભગવદ્રસાનુભવ થવાનો છે. અત્યારે માત્ર આરંભ છે, તેથી કોમલ છે. ભગવાને ભાવ દીધો. સંકેતથી કામ દેતાં મધુર અવ્યક્તગીત વેણુ દ્વારા ગાયું. મન પછી વાણી સંભવેને ! "**जगौ कलं वामदृशां मनोहरम्** ।" "**गायन्तं स्त्रियः कामयन्ते** ।"- શ્રુતિ છે. "ગાનારની સ્ત્રીઓ કામના કરે છે !" વેણુગીતમાં તો વર્ણ અને ધ્વનિ બંને શબ્દરૂપ સમાયાં છે ! ગીત દ્વારા ભગવાન્ ગોપીજનને બોલાવે છે, ગીત "**कलं**"- અવ્યક્ત - મધુર છે. વ્યક્ત- (સ્પષ્ટ)-હોય તો "વેણુગીત"ની જેમ પરસ્પર ગાન કરે, રાસમાં દોલ્બા ન આવે ! મધુરતા મનને વશ કરે. અવ્યક્તના આકર્ષણને તીવ્ર બનાવે. પરિણામે પરવશ થાય. રાસમાં દોલ્બા આવે ! કેટલાક લોકોને "**कलं**"- માં કામબીજ પણ લાગે છે. ક - કૃષ્ણરૂપ,-

રાધારૂપ, લ - આનંદાત્મક પ્રેમરૂપ અને બિંદુ - રસસિન્ધુના મધુરવિલાસરૂપ છે! પંચમહાભૂતના મૂલ રૂપે પણ "ક્લીં" ગણે છે! "क+ल+ई" મધુરતા કે સ્ત્રીત્વ-સંપાદક સ્વર ("વામદૃક"માંથી મળતો) અનુસ્વાર - ("મનોહર"- માંથી મળતો, મનને તેના દેવતા ચન્દ્ર સાથે હરનાર ચન્દ્ર-અખંડમંડલ-શૂન્યરૂપ) તેથી; મળીને "क्लीं" બનાવે છે. "वामदृशां मनोहरं"- પુષ્ટિમાર્ગાનુકૂલ, મધુરભાવવાળાં, નિર્દોષ - સુંદર દૃષ્ટિવાળાં શ્રીગોપીજનનાં મનને હરતું આ વેણુગાન છે. માત્ર નેત્રની શોભા અહીં નથી, હૃદયની શોભા છે, તેથી "चारु"- નહિ, "वाम"- કહ્યું! દાસ્ય, વાત્સલ્ય અને સખ્યભાવ કરતાં પણ અધિકતા, ઉત્કટ એકાગ્રતાથી - સર્વસ્વસમર્પણરૂપ સેવા - મધુરભાવમાં છે, તેથી માત્ર મધુર ભાવપૂર્ણ ભક્તોને બોલાવ્યાં છે, અન્યભાવવાળાં સ્ત્રી કે પુરુષોને નહિ! મન હરે પછી તન સ્થિર રહે ક્યાંથી? સ્વવિષયક-સંકલ્પોત્પાદન તે ગાન-પદાર્થ છે.

કૃષ્ણે મન હરેલાં સમુત્સુક-સર્વાત્મભાવવાળાં શ્રીગોપીજન સઘળાં કામ છોડીને કૃષ્ણ પાસે પહોંચ્યાં!

ભગવાને સ્પષ્ટ ગાયું હોત તો વ્યાસજી તેનું વર્ણન પણ સ્પષ્ટ કરત, પણ જેને બોલાવ્યાં છે, તેમણે જ તે જાણ્યું છે, માણ્યું છે! એક જ ગીત, એક જ સમયે સૌએ સાંભળ્યું; છતાં પ્રત્યેકને થયું, પ્રભુ પોતાને જ બોલાવે છે! પ્રભુને પતિ રૂપે પ્રાર્થ્યા હતા, - કુમારિકાઓએ! કૃષ્ણે વરદાન તેમને દીધું છે. કુમારિકાઓને કૃષ્ણે બોલાવ્યાં, છતાં સમાનગાને શ્રુતિરૂપાઓ પણ પધાર્યાં છે! ભગવાનનું ગીત સ્વરૂપાત્મક કામ-અનંગ-ને વધારે છે, અંગ-પ્રાકૃતવિભાવાદિ - અંગ - યુક્ત લૌકિકકામ કે ધૈર્યનો નાશ કરે છે. અલૌકિક-દેહાદિનું સંપાદન આ વેણુગાન કરે છે! "कृष्णगृहीतमानसाः- ગોપીજન છે, આ તો! કૃષ્ણે જ તેમનાં મન હર્યાં છે. લોકો મન પ્રભુમાં રાખવા મથે, ન રહે; આમનાં મન તો કૃષ્ણે હરી લીધાં છે! માનવ મન દેવા મથે તે મર્યાદા, કૃષ્ણ મન લેવા લીલા કરે તે પુષ્ટિ! ભગવદીય વ્રજસ્ત્રીઓ છે. એકબીજાને દેખી ન જાય તેવાં પ્રયત્નવાળાં છે, - "अन्योन्यमलक्षितोद्यमाः।" પ્રેમના પ્રયત્નો પ્રકટ હોય ખરા? વૈષ્ણવને ત્યાંની સેવા કે પ્રભુ જાહેર કરવા માટે થોડાં હોય છે! એકાન્ત-ભક્તિમાર્ગ છે. કાન્ત પાસે તેનાથી પહોંચાય. "स यत्र कान्तः"- શીઘ્ર પધાર્યાં કુમારિકાઓ,- કાન્ત હતા ત્યાં! "आजग्मुः"- વ્યાસજીએ સ્થળ કે માર્ગ ન કહ્યો! ગીતમાં ગોવિન્દ પણ આનું ગાન શા માટે કરે? સુદૃઢ સર્વાધિક સ્નેહની આમાં સ્વાભાવિકતા છે. "कान्त"- પ્રિય આકર્ષક છે. "अयःकान्त"- લોહચુંબક, જ્યાં હોય ત્યાં વગર પ્રયત્ને ચુંબકીયક્ષેત્રમાં રહેલાં લોહકણ સ્વતઃ ચુંબકીયબલથી ખેંચાઈને આવતાં નથી!? તેમ જ્યાં મનોહર-કાન્ત-કૃષ્ણ છે, ત્યાં મધુરભાવવાળાં કૃષ્ણગૃહીતમાનસ કાન્તા સ્વતઃ પહોંચે જ! શ્રમ તેમાં સ્વલ્પ પણ ન લાગે. દોડતાં કુમારિકાઓ આવ્યાં. શરીરની પણ સ્મૃતિ નથી. કંપતાં કુંડલ કર્ણને પીડે, છતાં તેની યાદ પણ નથી! કુંડલે ગૌડદેશસ્ત્રીઓને ઓળખાવ્યાં. વેશથી વ્યક્તિનું વ્યક્તિત્વ વ્યક્ત થાય. પ્રાચીનકાલમાં સૌને વેશ અને દેશનું ગૌરવ હતું. દેશને અનુકૂલ વેશ હોવો જોઈએ. આંધળું અનુકરણ તો પ્રજાને નિઃસત્ત્વ બનાવે છે. ક્વચિત્ ચતુર લોકો ઉત્તમતા તો અન્યત્રથી પણ સ્વીકારે, તેમ ચતુરતાદર્શક આ કર્ણભૂષણ પણ સંભવે છે.

સોળ હજાર અનન્યપૂર્વા-ઋષિરૂપા, કુમારિકાઓ - આમ કૃષ્ણ પાસે પધાર્યાં. પ્રસંગવશાત્ અન્યપૂર્વા-શ્રુતિરૂપા, ગોપીજન પણ પધાર્યાં! દશ પ્રકારના તેમના ભાવ છે. તે ગુણપ્રકારની જેમ

ઓળખાય છે, પ્રાકૃત નથી. અહીં તો પ્રકૃતિ પણ ભિન્ન છે - આનન્દાત્મિકા છે. તે સ્થાયિભાવરૂપા છે. લીલા તો અલૌકિક, અજન્ય છે. બ્રહ્મની જેમ ભક્તોના ભાવની વિલક્ષણતા સમજાવવા આ પ્રકારો છે. ક્રિયાપરાયણ ગોપીજનની સઘળી ક્રિયાઓ વેણુનાદના આકર્ષણની તીવ્રતાથી છૂટી ગઈ! જાતિધર્મ, કુલધર્મ અને લોકધર્મપરાયણના તે ધર્મ છૂટ્યા. "सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।"- સર્વધર્મ ત્યાગ પૂર્વક માત્ર પોતાને શરણે જવાની આજ્ઞા ભગવાન્ કૃષ્ણે ગીતાજીમાં કરી છે ને! શ્રીગોપીજનને તો તેનું પાલન સહજમાં થયું. વિલંબ સ્વલ્પ પણ સહી ન શકે, તેવો ઉત્કટભાવ તેમનો ભગવાનમાં છે. - "समुत्सुकाः" કોઈ એકાદ ગોપીજન નહિ, અનંતયૂથ છે, તેથી બધે બહુવચન છે. "दुहन्त्योऽभिययुः काश्चित्....।"- કેટલાંક દોહતાં હતાં. ઉત્કટભાવમાં દોહવાનું છૂટ્યું, દોડ્યાં. ગાય- વાછરડાં બાંધેલાં હતાં, દોહવાનાં બોઘરણાં અડધાં થયાં હતાં, દૂધની શેડ થતી હતી, તે જ સ્થિતિમાં બધું છૂટ્યું. ગોપી તો દોડ્યાં. કાંઈ મૂકવા, કહેવા, વિચારવા ન રહ્યાં ! દોહન તો આજીવિકારૂપ, છોડવું અશક્ય, છતાં ભાવની ઉત્કટતામાં આજીવિકા પણ છોડતાં વિકલતા ન થઈ. સર્વ ભુલાવતો ઉત્કટ- ભગવદ્ભાવ હોય, ત્યાં પ્રલોભન કે ભય સંભવે જ ક્યાંથી ?! પ્રભુ પોકારે, તે ક્ષણ ચૂકે તો !? બીજી ક્ષણે તો પ્રભુ ક્યાં હોય ? કોણ જાણે ? જીવનમાં ભજન, લૌકિક વગેરેનો ત્યાગ કે સત્સંગ વગેરે જાગૃતિની ક્ષણે, પ્રમાદથી ગાફેલ રહેતો માનવ ઘણું ગુમાવે છે. બીજાં કેટલાંકે ખીર ચૂલે ચઢાવેલી. કેટલાંકની ચઢી ગયેલી, ઉભરાતી ખીર (દૂધમાં પકવેલા ઘઉંના દાણા - સંયાવ) ઉતાર્યા વિના ઉતાવળે દોડ્યાં !

ગોપીજનનો ભાવ	છોડેલું કાર્ય	ભાવપ્રકાર-વિવેચન
૧. રાજસરાજસ	દોહન કરવું - દૂધની ઉત્પત્તિ	ઉત્પત્તિ-રાજસગુણ-કાર્ય. ગોસેવા - રાજસધર્મ છે.
૨. સાત્ત્વિકરાજસ	ચૂલે ચઢાવેલી ખીર	ચૂલે ખીરની સ્થિતિ. સ્થિતિ - સાત્ત્વિકગુણકાર્ય.
૩. તામસરાજસ	ચઢેલી ખીર ઉતારવી	ખીરને પકવતાં, તૈયાર થયા પછી ન ઉતારતાં, દાઝે, નાશ થાય, નાશ-તમોગુણ-કાર્ય.
૪. રાજસસાત્ત્વિક	પતિને ભોજન પીરસવું	ભોજનથી શરીર ટકે, શક્તિ ઉત્પન્ન થાય. પતિ વગેરેની સેવા સાત્ત્વિકધર્મ છે. સત્ત્વકાર્ય- સ્થિતિ મુખ્ય, શક્તિની ઉત્પત્તિ - રાજસકાર્ય, ગૌણ.
૫. સાત્ત્વિકસાત્ત્વિક	બાલકને પયઃપાન કરાવવું	બાલકની પોષણથી સ્થિતિ થાય, સત્ત્વગુણકાર્ય
૬. તામસસાત્ત્વિક	પતિસેવા કરવી	પતિસેવામાં સુખથી પારમાર્થિક બુદ્ધિનો વ્યય-તમો-ગુણકાર્ય
૭. રાજસતામસ	ચાલુ ભોજન	શરીરની સેવા તામસધર્મ છે. ભોજનથી દેહાદિની વૃદ્ધિ - રજોગુણકાર્ય.

૮. સાત્ત્વિકતામસ	શરીરને ચંદનાદિલેપન	ચંદનાદિના લેપથી સૌંદર્ય, શક્તિની સ્થિતિસત્ત્વ-ગુણકાર્ય
૯. તામસતામસ	શરીરે અત્તર લગાડવું, ઘર લીંપવું, ઘરેણાં ધોવા-ધરવાં, વાસણ માંજવાં	વસ્તુ-શરીરના વ્યયથી તમોગુણકાર્ય. શરીરથી ગોસેવા મુખ્ય, ગોસેવાથી પતિસેવા ઉત્તમ, તેથી તામસ, રાજસ, સાત્ત્વિક-ક્રમ તે સંબંધી કાર્યનો છે.
૧૦. નિર્ગુણ	આંખનાં અંજન	નેત્ર જ્ઞાનાંગ, જ્ઞાન સત્ત્વગુણકાર્ય, તેની શોભા ગુણાતીત રૂપ "**काश्च**"- કહીને ઉત્તમાધિકાર બતાવ્યો છે.

ભાવોદ્રેકમાં દોડતાં ગોપીજનને દૈહિકવિચાર નથી, પછી તેના ધર્મો કે વસ્ત્રાલંકારનો વિચાર તો સંભવે જ ક્યાંથી ? આડાંઅવળાં વસ્ત્રાભરણ ધરતાં દોડ્યાં છે. કોઈ કુંડલ ધરે, કોઈ કંકણ, કોઈ ઝાંઝર. એક ધરેલું, બીજું હાથમાં. વેણુનાદ સાંભળ્યો. દોડ્યા. અધૂરું ધરવું ભૂલ્યાં. કંકણ પગે, ઝાંઝર ગળે. કુંડલ આંગળીએ ધર્યાં. સાડી હતી હાથમાં ધરી માથે; પણ આમ આવે તો રસાભાસ થાય. ભગવાને પાસે રાખેલી યોગમાયાએ સેંવા કરી. યોગ્યસ્થાને વસ્ત્રાલંકાર સંપૂર્ણ ધરી દીધાં ! સર્વશૃંગારપૂર્ણ શ્રીગોપીજન થયાં. પ્રભુ પાસે પધાર્યાં. રસવૃદ્ધિ તેથી થાયને ! યોગમાયાનું કાર્ય તો કોઈ જાણે નહિ, વર્ણન તેથી વ્યાસજી કરે નહિ. વર્ણનમાં પણ વિલંબ થાયને ! રસપ્રવાહપૂર રાહ જોવા રહે ? "**काश्चित्कृष्णान्तिकं ययुः ।**"- કેટલાંક કૃષ્ણ પાસે પહોંચ્યાં ! ગોપીજનના પધારવાની ઉત્કંઠા તો આસક્તિનો પ્રભાવ છે, તેમાં ભગવાને યોગમાયાનો ઉપયોગ નથી કર્યો. પતિ વગેરેની શબ્દાપેક્ષા વગરનાં, સર્વનિરપેક્ષ, વિપરીતાવશ્યક-દેહધર્મવાળાં શ્રીગોપીજન પ્રભુ પાસે પહોંચ્યાં. અવરોધક-શબ્દપરાયણ હતાં, તે દોડ્યા, પણ પહોંચ્યા નહિ. દોડતાં ગોપીજનમાંથી કોઈને તેમનાં પતિએ, કોઈને પિતાએ, કોઈને પુત્ર-પરિવારે, કોઈને જ્ઞાતિજનોએ, અટકાવવા યત્ન કર્યો. જો કે તે બધા નિરુદ્ધભક્ત છે, પણ સાધનરત છે, ફલ કે રસનું તેમને જ્ઞાન નથી ! પોતાના દ્વારા જ સ્ત્રીઓ ભગવદ્‌ભજન કરે તેમ સમજે છે, સ્વતન્ત્ર નહિ. તે બધાં શબ્દોથી અટકાવે છે, પણ અંદરથી તો જેને પ્રભુની પ્રબલ પ્રેરણા છે, જેને પ્રભુએ પ્રેમવશ કર્યાં છે, તેમનાં અંતઃકરણ અટકે કઈ રીતે ? પ્રબલપ્રવાહમાં ધસતી નૌકાને "ઊભી રહે" - કહેવાથી અટકે ખરી ? પ્રભુપ્રેમના પૂરની પ્રબલતામાં સર્વસ્વત્યાગ કરતા ભક્તોને ભય કોનો ? સ્વધર્મ પણ કયો ? પ્રભુ પાસે ન પહોંચે તો ગોપીજન જીવી ન શકે ! શ્રીગોપીજનનો સર્વાત્મભાવ સમજાવવા માટે - વ્રજવાસીઓને પ્રભુએ આગમનનું ભાન કરાવ્યું, નહિ તો આગળ તો યોગમાયાના પ્રભાવથી ગોપોને "ગોપી પોતાની પાસે જ છે !" - તેમ ભાન થયું છે. આવું પ્રભુ પહેલેથી પણ કરી શક્યા હોત. તે સરલ ગણાય, છતાં આ જવાનું ભાન થવા દીધું. તે ગોપીજનનો નિર્દોષ, શ્રેષ્ઠ સર્વાત્મભાવ સૌને સમજાવવા માટે છે.

કામભાવવાળાં અંતર્ગૃહગતા શ્રીગોપીજનને જારભાવે પણ ભગવત્પ્રાપ્તિ ! :

કેટલાંક ગોપીજનને કાલ પ્રતિબંધરૂપ થયો. તે ભક્ત તો હતાં, ભગવાન્ સ્વપ્રાપ્તિમાં સાક્ષાત્ પ્રતિબંધ ન કરે, અધિકારિ-કાલે પ્રભુકાર્ય કર્યું, તેથી ભજનાનન્દનો અનુભવ ન થયો, બંધન છતાં,

પ્રભુસાયુજ્ય પામ્યાં ! अन्तर्गृहगताः काश्चित्.....।"- મુગ્ધ ગોપીજન ! ઘરમાં રહેલાં. માર્ગ ન મળ્યો. પ્રબલ પ્રતિબંધ પરિજનનો થયો ! માર્ગ કોણ દે ? ગભરાયાં પોતે ! - કરુણામય પ્રિયતમ કૃષ્ણ સિવાય યાદ પણ કોણ આવે ? ભાવ ઊભરાયો ! કૃષ્ણ-કાન્ત ! પોતે- અભિસારિકા ! ભજન ભગવાનનું કરે, છતાં મન નિર્મલ ન હોય તો સાનુકૂલતા, શાંતિ કે સદ્ગતિ મળે ક્યાંથી ? પ્રેષ્ઠનો તીવ્રવિરહસંતાપ થયો; જાણે પ્રચંડ-પાવક પ્રજ્વલિત થયો ! પૂરાં પાપ ભસ્મસાત્ થઈ ગયાં.

ધ્યાનમાં અચ્યુત આશ્લેષમાં આવ્યા, કાન્ત નહિ ! નિઃશેષ પુણ્યભોગ થઈ ગયો. કરોડો બ્રહ્મકલ્પમાં કુમ્ભીપાક વગેરે નરકોમાં જે દુઃખ થાય, તેટલું કૃષ્ણવિરહની એક ક્ષણમાં થાય. કરોડો બ્રહ્મકલ્પમાં સ્વર્ગાદિ-લોકમાં જે સુખાનુભવ થાય, તેટલો કૃષ્ણસંયોગની એક ક્ષણમાં થાય ! પાપપુણ્યનો ક્ષય થતાં મુક્તિ મળે ! ઘરનાં અનેકવિધ બંધનોમાં પ્રતિપલ પીડાતા કે મૂંઝાતા, સ્વલ્પ પણ છૂટી ન શકતા, સંસારરત લોકોને આ જ સરલ માર્ગદર્શન છે, સફલ થવાનું - "પ્રભુમાં સુદૃઢસ્નેહ!" "પોતે પ્રભુપ્રાપ્તિ કરી શકતા નથી!" - તેનાં દારુણ દુઃખનો અનુભવ, ભાવના-ધ્યાન અને કર્મનાશક! અંતર્ગૃહગતાઓને કૃષ્ણસંગતિ થઈ, પ્રભુમાં પ્રવેશરૂપ સદ્ગતિ મળી. કૃષ્ણમાં જાર-કાન્ત-બુદ્ધિથી પણ કૃતાર્થ થયાં ! "तमेव परमात्मानं जारबुद्धयाऽपि संगताः ।"- શ્રીશુકે ખૂબ સ્પષ્ટ કહ્યું. દેહ-કર્મ વગેરેનાં બંધન છૂટ્યાં. કાલથી સ્મૃતિનાશરૂપ અજ્ઞાન કે જારબુદ્ધિરૂપ અન્યથાજ્ઞાન ત્રિક્ષણાવસ્થાયિ (ઉત્પત્તિ સ્થિતિ, લયની ત્રણ ક્ષણ સુધી ટકે) છે; મુક્તિમાં પ્રતિબંધક નથી, સાંસારિક વાસના પણ નષ્ટ થઈ ગઈ છે, ભગવચ્છક્તિ રૂપે અવિદ્યા તો ભગવત્સંગતને મોહ ન કરાવે, તે પણ દૂર થઈ, - મુક્તિ મળી. મંગલરાસ-પ્રસંગે, દેહ છૂટતાં અમંગલ રુદન વગેરે ન થાય. તેથી ભગવાને આ ગોપીજનમાં અન્ય જીવોનું સ્થાપન કર્યું !

રાજાની આશંકાનું શ્રીશુકે કરેલું સમાધાન :

રાજા તો વિચક્ષણ છે. વિલક્ષણ વાત આ તેણે સાંભળી. "तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय ।"- શ્રુતિ તો બ્રહ્મજ્ઞાનથી જ મુક્તિ મળે, બીજો પ્રાપ્તિમાર્ગ નથી, સ્પષ્ટ કહે છે. "भक्त्यैव तुष्टिमभ्येति विष्णुर्नान्येन केनचित् । स एव मुक्तिदाता च भक्तिस्तत्रैव कारणम् ॥"- ભગવાન્ ભક્તિથી પ્રસન્ન થાય, અન્યથી નહિ. માધવ મુક્તિદાતા છે, મુક્તિનું કારણ ભક્તિ જ છે. ઉભયનું સમાધાન - ज्ञानयोगश्च मन्निष्ठो नैर्गुण्यो भक्तिलक्षणः । द्वयोरप्येक एवार्थो भगवच्छब्दलक्षणः ॥"- ભગવન્નિષ્ઠ જ્ઞાન અને ભક્તિયોગ નિર્ગુણ છે. બંનેનું એક જ ફલ-ભગવાન્ છે. "भक्त्या मामभिजानाति ।"- ભગવાનનું જ્ઞાન ભક્તિથી જ થાય. મર્યાદામાર્ગમાં જ્ઞાનથી જ મુક્તિ મળે. પુષ્ટિમાર્ગમાં ભક્તિ કે જ્ઞાન દ્વારા પણ મુક્તિ મળે. આ અંતર્ગૃહ-ગતાઓને તો ભક્તિ કે જ્ઞાન છે નહિ, છે તો તામસ, છતાં મુક્તિ મળી ! કઈ રીતે ?! પૂછ્યું રાજાએ, - "કૃષ્ણને કાન્ત જાણ્યા, બ્રહ્મ નહિ, છતાં ગુણબુદ્ધિવાળાંને મુક્તિ મળી કઈ રીતે ?!" ગુણબુદ્ધિ તો ગુણ-પ્રવાહનું મૂલ છે. રાજાએ સાંખ્યમતાનુસાર પૂછ્યું. બ્રહ્મવિદ્‌ને પર-પ્રાપ્તિ-પક્ષનો તો તેમાં સંભવ પણ નથી. બ્રહ્મ રૂપે ભગવાનનું જ્ઞાન શાસ્ત્રીય છે. જ્ઞાન સત્ત્વગુણથી થાય, સગુણ ગણાય. શ્રીગોપીજન તો પ્રકટ આનંદમય, અનંત-ગુણપૂર્ણ, નિર્દોષ, કૃષ્ણના સ્વરૂપસૌન્દર્યાદિમાં પરિનિષ્ઠિત બુદ્ધિવાળાં છે, તેથી નિર્ગુણ છે. આમ ગુણ વિના તેમના ગુણપ્રવાહનો અંત કઈ રીતે ?

રસ-પ્રવાહમગ્ન શ્રીશુકને પથ્થર જેવો પ્રશ્ન અવરોધક લાગ્યો, અવરોધે ઉદ્વેગ સ્વલ્પ થયો, વાણીમાં વ્યક્ત થયો. "**उक्तं पुरस्तादेतत्ते....।**"- "આ તમને પહેલાં કહ્યું તો છે !" - સપ્તમસ્કન્ધની વાત યાદ કરાવી. ઈન્દ્રિયપ્રેરક ભગવાનનો દ્વેષ કરવા છતાં અપરાધી શિશુપાલને યોગીઓને દુર્લભ સાયુજ્યમુક્તિ મળી, તો ઈન્દ્રિયોથી અગમ્ય અધોક્ષજ સાથે પ્રીતિ કરનાર ગોપીજનને ન મળે ? પ્રેમમાં શું ન દેવાય ? ભગવાન્ તો છે ગુણાતીત ! છતાં દ્વેષથી તેમાં બુદ્ધિ રહેવાથી શિશુપાલ તામસ છે, તેમ કાન્તપણાના ભાવથી આ ગોપીજનને પણ સગુણ ગણ્યાં છે ! સગુણત્વ તો પ્રભુપ્રાપ્તિમાં પ્રતિબંધરૂપ છે. શિશુપાલને તેથી દેહનાશ પછી યથાધિકાર પ્રભુપ્રાપ્તિ થઈ, તેમ ગોપીજનને પણ આવું સગુણત્વ જતાં યથાધિકાર સર્વાત્મભાવપૂર્વક ભજનાનન્દ મળ્યો ! "**ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।**"- ભાવાનુસાર ભગવાન્ મળે ને ! રાસપ્રાપ્ત-ગોપીજનના તો દેહ અને ભાવો પણ ગુણાતીત છે, આમ લોકમાં પ્રકટ કરવા માટે પ્રભુએ જ કેટલાંક ગોપીને સગુણ-દેહ અને ભાવવાળાં બનાવ્યાં. તેમનું સગુણત્વ પણ પ્રભુએ જ દૂર કર્યું, પછી લીલામાં લીધાં ! પોતાના સંયોગ-વિયોગથી થતાં સુખદુઃખ પણ કર્મજન્ય નથી, તેમ સમજાવવા વિયોગ-સંયોગથી તેમનાં પાપપુણ્યરૂપ કર્મનો નાશ કરાવ્યા પછી પોતે પ્રાપ્ત થયા. આ તો પુષ્ટિપ્રકાર છે, તેમાં મર્યાદામાર્ગીય-દોષો દોષરૂપ ન ગણાય; તેથી શ્રીશુકે સગુણદેહ-ત્યાગ કહ્યો છે. ગુણાતીતની પ્રાપ્તિ તો ગુપ્ત હોવાથી સ્પષ્ટ ન કહી ! પોતાની લીલા માટે ભગવાન્ જ આ વિવિધભાવો આપે છે. ભક્તિ અને જ્ઞાનની જેમ ભગવાનનું સ્વરૂપ પણ મુક્તિપ્રદ છે. મુક્તિદાન માટે તો સચ્ચિદાનંદ ભગવાને પ્રકટ અવતાર લીધો છે. અવતાર-દશામાં તો કોઈ પણ રીતે પ્રભુના સ્વરૂપસંબંધ-માત્રથી કૃતાર્થ થવાય, મુક્તિ મળે. ભક્તિ અને જ્ઞાનનો ઉપયોગ તો પ્રભુના પ્રાકટ્ય માટે જ હોય. પ્રાકટ્ય જો કોઈ બીજી રીતે, ભગવદિચ્છાથી થાય, તો જ્ઞાન-ભક્તિનો પણ કોઈ ઉપયોગ રહેતો નથી ! ભગવદિચ્છા તો સર્વતંત્ર-સ્વતંત્ર છે, સ્વરૂપભૂત છે. સર્વશક્તિને વશ છે. ભગવદિચ્છાનુસાર સૌને ફલ મળે. આટલાથી રાજાની શંકાનું સમાધાન થઈ જાય. "**नृप**"- સંબોધને રાજાને સ્વાનુભવે સમાધાન દીધું. રાજા ઈચ્છાનુસાર રાજ્યમાં ફરે, તેમ પ્રભુ ઉદ્ધાર કરતાં યથેચ્છ વિહરે છે, કાર્ય વ્યૂહાદિથી કરાવે છે !

"**नृणां निःश्रेयसार्थाय व्यक्तिर्भगवतो नृप ।**"- સાધનરહિત સૌ પ્રાણીમાત્રને મોક્ષનું દાન દેવા માટે તો પ્રભુ પ્રકટ થયા છે. શ્રીશુકે કૃષ્ણાવતારનું આ રહસ્ય સ્પષ્ટ કહ્યું. શાસ્ત્રોક્ત-સાધનથી શ્રેયઃ (કલ્યાણ) સધાય, સ્વરૂપસંબંધ તો સાધન સિવાય નિઃશ્રેયસ્ (મોક્ષ) સાધે ! સાધન-મર્યાદામાર્ગ, સ્વરૂપસંબંધ-પુષ્ટિમાર્ગ, સ્વરૂપસંબંધ જ સાધનરૂપ બને ! કૃષ્ણકૃપા કોને કૃતાર્થ ન કરે ? ! "**यमेवैष वृणुते स तेन लभ्यः ।**" "**यं**"- પદ કોઈ વિશેષણ-વિશિષ્ટ નથી. ભગવાન્ જેનું વરણ કરે તેને મળે. ઉત્તમ, મધ્યમ કે અધમ પણ વગર સાધને વરણને અનુરૂપ ફલ મેળવે છે. "**सर्वोद्धारप्रयत्नात्मा कृष्णः प्रादुर्बभूव ह ।**"- સર્વોદ્ધાર કરવા કૃપાલુ કૃષ્ણ પ્રકટ થયા છે. વેદથી પણ સ્વતંત્રરીતે કૃપા-પુષ્ટિ-માર્ગ પ્રકટ કર્યો. સ્ત્રી-વૈશ્ય-શૂદ્ર તથા સુદુરાચારીને પણ નિર્દોષ બનાવીને મુક્તિની યોગ્યતા-માર્ગ-આપે છે ! આમ મુક્તિ દેવા પ્રકટ થયેલા પ્રભુનાં સ્વરૂપ કે લીલા કે લીલાસ્થભક્તોમાં, તો પછી સ્વલ્પ પણ સગુણત્વ-દોષ હોય જ ક્યાંથી ? રોગ દૂર કરતી દવામાં તે રોગ ક્યાંથી હોય ? રોગીના સંબંધથી પણ ઔષધમાં રોગ ક્યાં આવે છે ? આ ભગવાન્ અવ્યય છે, અવિકૃત છે, તેથી કૃતિસાધ્ય નથી.

અપ્રમેય છે, તેથી જ્ઞાનસાધ્ય નથી, દેહાદિભજનથી- ભજનીય નથી, નિર્ગુણ છે. ''निर्गता गुणा यस्मात् ।''- તેમાંથી સઘળા ગુણો પ્રકટે છે. આવા ભગવાનને સેવક પણ દઈ શું શકે ? લીલા માટે ઈચ્છે, તો પણ સઘળું છે પણ ભગવાનનું ! સર્વ ગુણ-વસ્તુ-સ્વરૂપ ભગવાન્ છે. આમ, કોઈના કાંઈ પ્રયોજન વગરના પ્રભુ, સાધન વગર મુક્તિ ન આપે તો પ્રકટ થવાનું જ પ્રયોજન ન રહે ! પુષ્ટિમાર્ગ માટે તો પ્રભુ પ્રકટ થયા છે, નિઃસાધન ફલાત્મા છે. પ્રકટ થયેલા પ્રભુ સાથે સંબંધનાં સાધન છ, - સ્ત્રીઓ માટે કામ, શત્રુઓને ક્રોધ, વધ્ય માટે ભય, સંબંધી માટે સ્નેહ, જ્ઞાનીઓ માટે ઐક્ય, ભક્તો માટે સ્વતંત્રભક્તિ- સખ્ય. પૂર્વસિદ્ધિ જ્ઞાન-ભક્તિનો તેમાં ઉપયોગ નથી. સ્વરૂપમાત્રના સામર્થ્યથી ભગવાન્ સર્વ કરી શકે છે. ભૂમિનો ક્લેશ હરવા પ્રકટેલા પ્રભુ અન્યભક્તોને પણ વરણાનુકૂલ ફલ દે છે, અન્યની જરૂર નથી ! પુષ્ટિ-મર્યાદા-ભક્તોનાં બધાં ફલ-સાધન, સર્વ-શક્તિયો પ્રકટ કરીને પધારેલા કૃષ્ણ કરી શકે ! કેવલ મર્યાદા કે માત્ર પુષ્ટિરૂપ તેમ ન કરે. રામે ઋષિયોને માત્ર વરદાન દીધું, - રાસ નહિ ! કૃષ્ણે યજ્ઞપત્નીઓને ઘેર મોકલ્યાં !

હરિ સાથે આ છમાંથી કોઈ રીતે સંબંધ નિત્ય કરે તે તન્મય બને. - "કીટ ભ્રમરને ન્યાય !" હરિ સર્વદુઃખ હરે. ભાવનાથી વિશ્વ ભગવાન્ રૂપે સ્ફુરે, સર્વત્ર ભગવદાવેશથી તદાત્મક થવાય. જીવ, અન્તઃકરણ, પ્રાણ, ઈન્દ્રિય, દેહ, વિષય, ઘર, અર્થ, પુત્રાદિમાં પ્રભુ જ વિરાજે છે,- તેવી ભાવના કરવી. કામ, ક્રોધ વગેરેથી જેમ બધું ભુલાય છે, જેમ જ્ઞાનમાં ભુલાય છે, તેમ ભુલાય તેવી રીતે ભાવના દૃઢ કરવી, તો આ ગોપીજનને મુક્તિ મળી, તેમ અનેકને મળે. ભગવાનમાં અસંભાવના રૂપ ("આ તો ન બની શકે" - તેવો) વિસ્મય ન કરવો. ભગવાન્ તો સર્વસમર્થ છે. ભગવાનના છ ગુણ. ઐશ્વર્યવાળા ઈશ્વર સર્વરસભોક્તા હોય. ભગવાન્ સર્વરસરૂપ છે. રસશાસ્ત્ર પ્રમાણે રસ તો આવાં કામભાવપૂર્ણ - પ્રિયાઓમાં અનુભવાય; તેથી ઐશ્વર્યવાળામાં આથી આશ્ચર્ય ન કરવું. અન્યથી દૂર ન થાય તેવા ભય-કામ-ક્રોધાદિ દોષો પણ, સ્વસામર્થ્યથી પ્રભુ દૂર કરીને સંબંધથી મુક્તિ દે છે. તે વીર્યગુણથી પણ આમાં આશ્ચર્ય ન કરવું. યશઃ તો અસાધારણ-કાર્યથી થાય. સ્નેહીને જ નહિ, દ્વેષીને પણ દોષમુક્ત કરીને મુક્તિ દે, તે યશોગુણવાળામાં આશ્ચર્ય ન કરવું. શ્રી તો વક્ષઃસ્થળે વિરાજે છે. પ્રત્યેક અવતારમાં અનુકૂલ રૂપે પણ પ્રકટે છે, તેથી સ્નેહ જાણતા પ્રભુ સ્વરૂપદાન કરે, તે તો શ્રીગુણ છે. તેમાં આશ્ચર્ય ન કરવું. ઐક્ય જ્ઞાનથી થાય; જ્ઞાન તો પ્રભુનો ગુણ, તેથી ઐક્ય દે, તેમાં આશ્ચર્ય ન કરવું. ભગવાન્ ભક્તો વિના અન્યને ઈચ્છતા નથી, ભક્તો પણ પ્રભુ વિના અન્યને ઈચ્છતા નથી. આ વૈરાગ્ય છે. આ સમાનગુણથી સખ્ય તેમાં હોય. તે સ્વજન માટે સર્વ કરે, તેમાં આશ્ચર્ય ન કરવું. મોક્ષોપયોગિ-જ્ઞાનાદિ સર્વ "ભગવાન્"માં છે. તેથી મોક્ષોપયોગિ સર્વ તે દઈ શકે છે. બીજા તો કદાચ ન પણ માને ! પણ પરીક્ષિતે તો પ્રભુનું આવું સામર્થ્ય માના ઉદરમાં માણ્યું છે, - જાણ્યું છે, તેને આશ્ચર્ય ન થવું જોઈએ. આરંભમાં તો પ્રયોજન હોવાથી ભગવાને અશક્ય સ્થિતિમાં પણ બ્રહ્માસ્ત્રમાંથી રક્ષા કરી. આજે બ્રહ્મશાપમાંથી રક્ષા નથી કરતા ? ! તેમાં પ્રભુના સામર્થ્યને શો વાંધો ? તે ઈચ્છે તેમ કરે ! નિર્દોષમાં સર્વ સંભવે છે. જન્મ સર્વદોષના મૂલરૂપ છે. ભગવાનને જન્મ નથી, "અજ" છે; છતાં અનન્ત, અચિન્ત્યશક્તિવાળા, વિરુદ્ધધર્માશ્રયી છે, યશોદાનન્દન બન્યા છે. તે વનમાં, હૃદયમાં કે સર્વત્ર ઈચ્છે ત્યાં પ્રકટે, તેમાં આશ્ચર્ય ન કરવું. યોગથી મન સર્વત્રથી છૂટે. યોગના સ્વામી તો ભગવાન્

છે. કર્મ, જ્ઞાન અને ભક્તિ, - એ ત્રણ યોગ, સૌના શ્રેયઃસાધક છે. ત્રણેના સ્વામી કૃષ્ણ છે. ઈચ્છે તેવું ફલ દઈ શકે છે. સામાન્યયોગી સ્વજનનું પ્રિય દઈ શકે, અનેક રૂપ ધરી શકે, તો "योगेश्वरेश्वरः"- સર્વ- ફલદાતા શું ન દઈ શકે ? હૃદયમાં પ્રકટ કેમ ન થઈ શકે ? અલૌકિક - દેહ કેમ ન દઈ શકે ? તેમાં આશ્ચર્ય ન કરવું. ભગવદિચ્છા સિવાય મોક્ષ ન મળે. મુક્ત પ્રભુને જ પ્રાપ્ત થાય. બ્રહ્મસૂત્રમાં ભગવાનને "मुक्तोपसृप्य"- કહ્યા છે, ભગવન્નિષ્ઠને મોક્ષ કહ્યો છે. સાધન કરાવીને પણ સ્વેચ્છાથી મળતા પ્રભુ, સ્વેચ્છાથી વગર સાધને પણ મળે, તેમાં દોષ શો ? આશ્ચર્ય ન કરવું. કૃષ્ણ તો નિર્દોષ, સદાનન્દ છે. સર્વાત્મભાવ વગર તેમનો સ્વરૂપાનન્દ ન મળે, તેથી આમાં વિસ્મય ન કરવો. "यत एतद्विमुच्यते ।" "एतत्"- થી - શ્રીશુક ભાવનાથી કે જ્ઞાનદષ્ટિથી ગોકુલમાં રહીને બોલે છે. "આ જેનાથી મુક્ત થાય છે." - વર્તમાનપ્રયોગ પણ તેથી છે. ભગવાન્ કૃષ્ણ અવતારદશામાં સાક્ષાત્ સ્વરૂપલીલા દ્વારા સૌને મોક્ષપ્રદ છે. અનવતારદશામાં પરંપરાથી કથા વગેરે દ્વારા પણ મોક્ષપ્રદ છે.

પ્રભુ પાસે પધારેલાં શ્રીગોપીજનને મર્યાદાધર્મ-વક્તા ભગવાને સ્ત્રીઓનો સ્વધર્મ સમજાવતાં ઘેર પાછા જવા કહ્યું ! :

રસપ્રવાહમગ્ન ભગવાન્ શ્રીશુકે પુનઃ રાસકથાનુસંધાન કર્યું. ભગવાને વ્રજવરવધૂઓને વિકટ વનમાં પણ નિકટ આવેલાં જોયાં ! કુમારિકાઓને તો બોલાવ્યાં છે. અંતર્ગૃહગતાઓ પણ બોલાવ્યા વિના દેહ છોડીને આવી ન શકે, દેહસંબંધી ઘર છોડયા પછી તેમને પાછા જવાનું પણ કહેવાનું ન રહે. દોષનિવારણ માટે જ પ્રતિબંધ હતો ! વિહારયોગ્ય, ગુણસંપન્ન, પરકીયાભાવલબ્ધ, અન્યપૂર્વા આવ્યાં ! તે-શબ્દશ્રવણે-સાંભળીને આવ્યાં છે; તેટલો જ અંશ નિવારણીય છે, તેથી શબ્દથી જ નિવારણ છે, સ્વાન્તઃથી નહિ ! ભગવદ્ભજન અન્યહેતુથી થાય તો ગૌણ છે, યોગ્ય નથી. રાસલીલા તો સર્વભાવે-શરણાગતિથી મળે. કૃષ્ણ સિવાયની કોઈ પણ વસ્તુથી સ્વસ્થતા મળે, તે દોષરૂપ છે ! સર્વાત્મભાવ-રહિતને જ કૃષ્ણસંબંધ વગરની વસ્તુમાં સ્વાસ્થ્ય લાગે, તેથી ભગવાન્ નિવારણયત્ન કરે છે ! "दुहन्त्यः"- વગેરેમાં કહેલાં ગોપીજનને નિકટ આવતાં જોયાં. વ્રજભક્તો સરલ, સંપૂર્ણ હૃદયભાવથી આવ્યાં છે, સ્વકીય છે; છતાં ધર્મજ્ઞાન માટે સર્વસમર્થ ભગવાન્ બોલે છે ! બોલનારમાં તે શ્રેષ્ઠ છે. સુંદર શબ્દથી મોહ કરાવે છે. હૃદયંગમ તેમનાં વચન છે, ભગવાને બધું સામર્થ્ય બોલવામાં પ્રકટ કર્યું છે. તે તો ગોપીજનના હૃદયભાવનો પ્રબલ-વૈભવ સૂચવે છે. ભક્તિમાર્ગની આ શ્રેષ્ઠતા છે. વચનથી વિરામ પામે તો અભિરામ-લીલા-ન મળે ! ભાવ દૃઢ કરવા જ ભગવાન્ બોલે છે ! લાગે છે જવાનું કહેતા; પણ ઈચ્છા નથી ભક્તો જાય તેવી ! તેથી દશ વાક્યો તેવાં બોલ્યા. તેમાં ક્રમશઃ તામસસાત્ત્વિક, તામસરાજસ, તામસતામસ, રાજસરાજસ, રાજસતામસ, રાજસસાત્ત્વિક, સાત્ત્વિકસાત્ત્વિક, સાત્ત્વિક-રાજસ, સાત્ત્વિકતામસ અને નિર્ગુણ ગોપીજનનો સમાવેશ છે. લીલાસ્થભક્તો તો નિર્ગુણ છે; છતાં રસાનુકૂલ નાયિકાભાવે આ ભાવભેદ માત્ર છે ! તે ક્યારેક એકરૂપ, ક્યારેક મિશ્ર, કેટલાક સ્થિર, કેટલાક દબાતા-બદલાતા હોય. પ્રકૃતિના સત્ત્વ, રજઃ અને તમોગુણ જેમ પરસ્પર ઉપમર્દ કરે છે, તેમ ! માયિકલીલામાંનાં સત્ત્વાદિ-પ્રાકૃતથી જુદાં છે. ભેદસ્મૃતિ-પ્રતિપન્ન (ગુણો) સદંશરૂપ છે. અભેદશ્રુતિ-પ્રતિપાદિત સદંશ કે ચિદંશરૂપ છે. લીલામાં આ આનંદાંશ છે. પ્રિય પ્રભુના સંગમના વિલંબના કારણનો લય કરવા સમર્થ તમોભાવ છે. પ્રિય પ્રભુમાં પોતાનો સંગમનો વિલંબ સહી ન શકાય તેવો

ભાવ ઉત્પન્ન કરવામાં રજોભાવ છે. તેના રક્ષણથી સ્થિરતા કરવા સમર્થ સત્ત્વભાવ છે. શ્રુતિમાં ભગવાનને "**अप्राणो ह्यमनाः ।**"- પ્રાણ-મન વગેરે રહિત કહ્યા છે, છતાં "**प्राणन्नेव प्राणो भवति, वदन् वाक्....।**"- "પોષણ કરતાં પ્રાણ થાય છે., વદતાં વાણી !," તેમ શ્રુતિ તો, જે તે કાર્ય કરતાં કરતાં ભગવાન્ તદ્રૂપ બને છે, - તેમ કહે છે. તેવી રીતે જ- "**रसो वै सः**"- શ્રુતિથી કહેલા રસાત્મક, માનસ-ભાવાત્મા, ભગવાન્ પોતાના માનસભાવોને ભક્તોમાં વિવિધ રૂપે પધરાવીને વ્યક્ત કરતાં, પોતાનું તેવું સ્વરૂપ, પોતાના રસાત્મક-દાસોમાં અભિવ્યક્ત કરે છે, આમ, ભાવો શ્રુતિસિદ્ધ છે ! શ્રીભાગવત પુરાણ છે. તેમાં લીલા રૂપે આવા ભેદ છે. ભગવદ્ગુણો જ આ કાર્ય કરે છે. તેથી તે ક્રમશઃ કહ્યા છે.

લૌકિકરીતે સ્વાગત શ્રીહરિએ કર્યું ! "**स्वागतं वो महाभागाः...।**"- "હે મહાભાગાઓ ! આપનું સ્વાગત થાવ !" પ્રભુ પાસે પહોંચે તે જ મહાભાગ્યશાળી ને ! "**प्रियं किं करवाणि वः ।**"- "શું પ્રિય કરું આપનું ?" ભાવભેદવાળાં પ્રિયા છે, તેથી ફરી પણ "**वः**"- કહ્યું. પ્રભુ પ્રિય કરે છે, તેથી પ્રિય લાગે છે ! સ્વાભાવિક પ્રિય કોને લાગે છે ? ઈચ્છેલું દે, અનિષ્ટ અટકાવે, સાનુકૂલ રહે, તે સૌને પ્રિય લાગે. "આપ દોડતાં આવ્યાં ! વ્રજમાં કાંઈ આપત્તિ છે ?" આપત્તિ વિના ભગવાનને ભજે કેટલા ? જો કાંઈ પ્રિય કરવાનું ન હોય, વ્રજમાં વિપત્તિ ન હોય, તો "કહો ! આવવાનું કારણ શું ? !" ઉત્તર કાંઈ ન મળતાં વિકલ્પ કહ્યો, "**रजन्येषा घोररूपा ।**"- આ તો રાત્રિ છે, દિવસ નથી. સંતાપમાં ચન્દ્રનો તાપ લાગે, છતાં તે સૂર્ય નથી. "આ રાત્રિ ભયંકર રૂપવાળી છે. ભયંકર પ્રાણીઓથી સેવાયેલી છે. વ્રજમાં પાછાં જાવ. યુવાવસ્થાવાળાં સ્ત્રીઓએ અહીં રહેવું ન જોઈએ !" - મોહક મોહન બોલે છે, દેહાધ્યાસ હોય તો જવું જોઈએ. સંદિગ્ધ લાગે છે, - જવાનું કહે કે રહેવાનું ? "**रजन्येषाऽघोररूपाऽ-घोरसत्त्वनिषेविता ।**"- "આ રજની મધુર છે. મધુર પ્રાણીઓથી સેવાયેલી છે !" "**प्रतियात व्रजं न**"- "વ્રજમાં પાછાં ન જશો !" "**इह स्थेयं**"- "અહીં રહેવું જોઈએ." વ્રતના વરદાનપ્રસંગે તો કુમારિકાઓને દિવસે રાત્રિ બતાવી હતી, અત્યારે તો રાત્રિએ જ રાત્રિ બતાવે છે, તેથી લીલાલાભ-વરદાનપૂર્તિ-સૂચવે છે. "**सुमध्यमाः**"- "નિર્મલ હૃદયવાળાં રસાનુકૂલ છો !" "મા-બાપ-પુત્ર-ભાઈ-પતિ વગેરે સૌ તમને ન જોતાં શોધે છે. તેમને લોક-લજ્જાદિથી થતો ભય ન કરાવો !" ગોપીજન ઘરમાંથી વનમાં દોડતાં હતાં. બહાર તો માર્ગ અનેક ! જવું ક્યાં ! કૃપા કૃષ્ણની ! ભક્તોને તો એક જ માર્ગ દેખાય, વગર વિચાર્યે દોડે, છતાં ભૂલ ન થાય, પહોંચે પ્રભુ પાસે ! અનન્ય-કૃષ્ણચિંતન કરનારને કૃષ્ણ બુદ્ધિયોગ આપે છે, જેનાથી ભક્તો તેમની પાસે પહોંચે છે ! **ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते ।**"- સંસારા- સક્તિ વધારતી બુદ્ધિ સૌને મળે છે. ભગવદાસક્ત કરતો બુદ્ધિયોગ ભકતોને મળે છે. જીવનવનમાં ભક્તોને તો ભગવન્માર્ગ વિના બીજું કાંઈ જ ન દેખાય, પ્રભુ પાસે પહોંચતા તે માર્ગે આસક્તિથી વિઘ્ન ન થાય. ભક્તો ગયા, પછી આવ્યા તેમને શોધતાં સ્વજનો ! રસ્તામાં હાજર હતાં યોગમાયા ! તેમણે પ્રભાવ પ્રકટ કર્યો. ભગવન્માર્ગ વિનાના બધા માર્ગ દેખાય, સૌ દોડ્યાં જાય. ભક્તોને અનુકૂલ ન હોય તેવા, પોતાને નિપુણ માનનારા પણ, સંસારમાર્ગોમાં આથડ્યા જ કરે છે ને ! ગોપીનાં સ્વજન હજુ રસ્તામાં શોધતાં હતાં.

આ સાંભળી ગોપીજને ચારે તરફ જોયું. પ્રભુ બોલ્યા, - "પૂર્ણિમાના ચન્દ્રનાં કિરણોથી રંજિત, યમુનાજીના સંબંધવાળા પવનથી મંદ કંપતાં તરુનાં પાંદડાંથી શોભતું વન જોયું !" વન જોવા આવ્યાં

હોય તો, પાછાં જવું જોઈએ; પણ તે તો સ્પષ્ટ નથી. ભાવવર્ધક વનમાં રહેવું પણ જોઈએ. ''तद्यात मा चिरं गोष्ठं''- "તેથી વ્રજમાં જાવ ! વિલંબ ન કરો, પતિ-પુત્ર-પશુની સેવા કરો !" સીધું સમજાય તેમ નથી. "લાંબા સમય સુધી વ્રજમાં જશો નહિ !" - તેમ પણ સમજાય છે ! પતિ અને ગાયની સેવાથી સ્વધર્મ થાય, રસ તો અહીં મળે ! ''पतीन्''- બહુવચને તો બહુ મૂંઝવ્યાં. બહુપતિ ગણે તો ધર્મ ન થાય, અને પતિવ્રતા તો આમ આવે પણ નહિ ! મશ્કરી માની ! સ્નેહ આંખમાં ઉભરાયો ! ભગવાને વધાવ્યો. "અથવા, ખરેખર તો મારા પ્રત્યેના સર્વભાવરૂપ સ્નેહથી પરવશ-હૃદયવાળાં આપ આવ્યાં છો, તે યોગ્ય છે. મારાં હોય તે તો સ્વતઃ સ્નેહ કરે જ છે !" પ્રકટ કહેવાથી ભાવ ન રહે, લૌકિક થઈ જાય. પ્રભુનાં જનને તો પ્રયત્ન વગર પણ પ્રગાઢપ્રીતિ પ્રભુમાં થાય, પ્રસન્નતા પ્રાપ્ત થાય, પ્રભુને કાંઈ કરવાનું ન રહે ! આ રીતે તો લાગે છે, - પાછાં જવાનું કહેતા; પણ આવ્યાં તે યોગ્ય તો ગણ્યું છે ! અને પ્રેમ હોય તે પ્રેરવા છતાં પાછાં જાય ખરાં ? કપટ વગરના પ્રેમથી જ પ્રભુ પ્રસન્ન થાય, પછી બાકી શું રહે ? ભગવાને સ્ત્રીનો ધર્મ સમજાવ્યો.

भर्तुः शुश्रूषणं स्त्रीणां परो धर्मो ह्यमायया ।
तद्बन्धूनां च कल्याण्यः प्रजानां चानुपोषणम् ॥ (२४)

"હે કલ્યાણીઓ ! બદલાની આશા કે કપટ વગર, પતિની અને તેનાં સ્વજનની સેવા અને પ્રજાનું અનુપોષણ તે સ્ત્રીનો મુખ્યધર્મ છે." સ્વાભાવિકરીતે તો ભગવાન્ જ જીવમાત્રના સ્વામી છે. સ્ત્રી-શરીરધારીઓ માટે તો વ્યભિચારદોષ ન રહે તે માટે ભગવાન્ જ સેવ્ય છે ! લૌકિકમાં પતિ રૂપે સ્વીકાર્યો હોય તે સેવ્ય છે. તેમાં કપટ કે ફલાશા ન જોઈએ. તે પરમધર્મ છે. કપટથી તો નિષ્ફલતા મળે. પતિની સેવા તેનાં પરિજન સહિત થાય. પુરુષ કમાતો હોય તો, સ્ત્રી પોતે કમાઈને પ્રજાનું પોષણ કરે તે - ભગવાનને અભિપ્રેત નથી લાગતું; - "અનુપોષણ" કરવાનું કહે છે ! પિતા કે પતિની આવકને અનુરૂપ થઈને, ઘરમાં સ્નેહસરિતા વહાવતાં, સંસ્કારની વેલને સિંચતાં-સાચવતાં-સમૃદ્ધ કરતાં, સ્ત્રી ભાવભદ્ર જીવન જીવે ! તન અને મન ઉભયનું પોષણ કરે, ઘર-કુટુંબ-વ્યવસ્થા-સંભાળે. તન અને મનનું પોષણ પણ અનિવાર્ય છે ને ! માનવ પેટ ભરતાં અને તે પછી પણ મનની સાનુકૂલતા શોધે જ છે ને ! ''स्त्रीणां''- બહુવચન છે. ''भर्तुः''- એકવચન છે. ''वासुदेवः पुमान् एकः सर्वं तु स्त्रीमयं जगत् ।''- કૃષ્ણ જ પુરુષ છે, બાકીનું સર્વ - જગત્ તો સ્ત્રી-મય છે ! સર્વના સ્વાભાવિક સ્વામી કૃષ્ણ છે. કૃષ્ણસેવાથી જ સર્વદોષ દૂર થાય, સુખ મળે. સેવામાં સ્નેહ, સમીપતા અને સરલતા જોઈએ. આ સમજે તો પ્રભુ પાસે રહેવું જોઈએ. ''बन्धु'' અને ''प्रजा'' રૂપ તો, ભાવપરંપરાથી પ્રકટેલાં સખી-રૂપોપણ લીલામાં છે. તેમનાં ભાવનું પોષણ પણ કરવું જોઈએ. વૈષ્ણવ-વાર્તાઓમાં આવાં પ્રાકટ્ય કહેલાં છે.

(૧) દુષ્ટશીલવાળો (વ્યસની), (૨) દુર્ભાગી, (૩) વૃદ્ધ, (૪) જડ (મૂર્ખ કે લાગણી-રહિત), (૫) રોગગ્રસ્ત, (૬) નિર્ધન. પતિ આ છ દોષવાળો હોવા છતાં, પાતકી ન હોય તો, લોકેપ્સુસ્ત્રીએ તેનો ત્યાગ ન કરવો જોઈએ. આ લોકમાં યશઃ અને પરલોકમાં સદ્ગતિ તેથી મળે. આ વિચારે ઘેર જવાનું કહેતા લાગે છે; પણ પુરુષ તો દોષવાળો, પુરુષોત્તમ છ ગુણવાળા, નિર્દોષ ! ભવચ્છેદક ભગવાનને છોડીને; દોષપૂર્ણ, ભવપ્રદ, ભર્તાને ભજવાનો ?! આ વિચારે તો અહીં રહેવું જોઈએ ! કાન્તભાવ

ગમે, છતાં તેમાં છ દોષ છે. (૧) અસદ્ગતિ, (૨) અપયશઃ, (૩) સ્વલ્પ (ક્ષણિક)તા, (૪) કષ્ટ-સાધ્યતા, (૫) ભયજનકપણું, (૬) જુગુપ્સિતપણું. આ દોષવિચારે ઘેર જવું જોઈએ, પણ પ્રભુને સહજપતિ સમજે તો દોષ નથી, તે વિચારે અહીં રહેવું જોઈએ ! ભગવાને ગુણાતીતને પણ સમજાવ્યું. ભક્તિ-માર્ગમાં માત્ર સંબંધ કરવાનું કહ્યું નથી. શ્રવણ વગેરે નવ અને દશમી પ્રેમરૂપા ભક્તિ છે. પ્રભુસંબંધી સ્નેહ જ અલૌકિક છે, સર્વાધિક છે; લૌકિક તો કામભાવરૂપ-હીન છે. અલૌકિક-સ્નેહમાં કારણ ત્રણ. (૧) શ્રવણ - ભગવદ્વાચક શબ્દ કે વાક્યોનું ભગવાનમાં શક્તિતાત્પર્ય નિર્ધારણ. (૨) દર્શન - શ્રવણના અર્થનો અનુભવ કે કૃપાથી (કામના માટે) ભગવાનનો સાક્ષાત્કાર. (૩) ધ્યાન - યોગથી ભગવચ્ચિંતન.- આ ત્રણથી ભગવદ્ભાવ થાય ! અનુકીર્તન - આ ત્રણને અનુરૂપ ગાન. ઉત્પન્ન થયેલો ભગવદ્ભાવ તેનાથી સ્થિર થાય, તેવો સન્નિધિથી ન થાય. નિરંતર નિકટમાં રહેવાથી થતો ભાવ તો લૌકિક થાય, કામના અંગરૂપ થાય. **''तथा''**- કહીને પ્રભુ (નિકટ રહેવા રૂપ) પ્રકારનો નિષેધ કરે છે, સ્વરૂપના મહિમાનો નહિ !

ભગવાન્ સાથે વાદ કરતાં વાણીને ભય થયો, ભક્ત શ્રીગોપીજનને નહિ !:

ગોપીતો ગોવિન્દ માટે ઘર છોડીને આવ્યાં છે. ગોવિન્દ તો ઘેર પાછાં જવાનું કહે છે ! અબલાને અકળામણ અતિશય થઈ, શરીર છોડવા સિવાય કોઈ ઉપાય ન દેખાયો ! તેમ કરવામાં પણ કૃષ્ણસંબંધ અને આનંદ ક્યાં મળવાનો ?! ગોપીજન કર્તવ્યમૂઢ થયાં ! "પ્રભુએ પરીક્ષા માટે વિપ્રિય સંભળાવ્યું ? કે તે અભિપ્રેત છે ?" - વિચાર કર્યો. ન સમજાયું. જવાનું કહેતા લાગ્યા ! પોતે પાછાં જાય તે, - પ્રભુને ન ગમતું હોવાનું કોઈ ચિહ્ન સ્પષ્ટ ન દેખાયું ! સરલ, શ્રદ્ધાળુ ગોપીને ખૂબ ખેદ થયો. ચિંતા થઈ. "અમારું ઈચ્છેલું અને કૃષ્ણે કહેલું મળતું કેમ થાય ?!" ચિંતા ચિત્તમાં ન સમાઈ, વિશ્વમાં વ્યાપી ગઈ, જન્માન્તરમાંય ઉપાય ન દેખાયો ! **''दुरत्यया''**- તરી ન શકાય તેવી ચિંતા છે. ગોપી મૂર્છિત થયાં. પુનઃ જાગ્યાં. મોં નીચાં નમ્યાં. હવે, આ મોં કોને બતાવાય ?! શોકસંતપ્ત થયાં. નિઃશ્વાસથી હોઠ સુકાયા. પગના અંગૂઠાથી જમીન ખોતરવા લાગ્યાં. પૃથ્વીને પત્રસંદેશ જાણે લખીને દીધો ! **''चरणेन भुवं लिखन्त्यः ।''**- "સીતાનો સ્વીકાર સ્વામીએ ન કર્યો, સ્નેહથી તેનો સમાવેશ તમે કર્યો, સતીત્વની સાક્ષી દીધી, માધવિ ! માધવ માનતા નથી, માર્ગ અમે માગીએ છીએ, સદ્ભાવનાં સાક્ષી થશો ?!" આંખમાં આંસુ ઉભરાયાં. ગભરાતાં સ્વાન્તઃને શાન્ત કરવા જાણે નીચે ધસ્યાં ! અંજન મિશ્રિત આંસુ વક્ષઃસ્થલની કેસરકાંતિને સાથે લઈને સરી પડ્યા ! દુઃખ દુઃસહ થયું. માનિની મૌન થયાં. મુખ ઢળતાં ભક્તિ તિરોહિત થઈ ! નિઃશ્વાસથી પ્રાણપીડા થઈ. શોકથી સ્વાન્તઃમાં સંતાપ થયો, અધર સુકાતાં કામરસ ગયો, પગથી પૃથ્વી ખોતરતાં શરીર સુખદ ન લાગ્યું, આંસુથી ઈન્દ્રિયો અનુકૂલ ન લાગી, કેસર વગર કાંતિ ગઈ, દુઃખના ભારથી આનંદ ન રહ્યો, મૌનથી ચૈતન્ય જાણે ચાલ્યું ગયું ! ગોપીજન ઝાડનાં ઠૂંઠાં જેવાં સ્થિર ઊભાં રહ્યાં !

પ્રિય પ્રભુ તો, "શા માટે રડો છો ? શાંત થાવ, ઘેર જાવ !" - કહે છે; પણ મોં તો મધુર મલકે છે ! તે જોતાં હૈયે "હાશ" થઈ, હતાશને આશા જન્મી ! પ્રભુનાં વાક્યામૃત હૃદયમાં પ્રવેશ્યાં. સજાતીય વાક્યો ઉત્તર રૂપે પ્રેરાયાં. પ્રભુએ પ્રત્યુત્તર પ્રેર્યો. **''प्रेष्ठं प्रियेतरमिव प्रतिभाषमाणं...।''**- પ્રભુ તો પ્રિયતમ છે. સ્તુતિથી સ્નેહ સ્વીકાર્યો છે. પરિસ્થિતિ તો રસાનુકૂલ છે, સ્વમનોરથપૂરક છે. ભગવાન્

પ્રિય બને,- તે પુષ્ટિ! ઈતર (તટસ્થ, શાસ્ત્રધર્મમાર્ગીય) બને, - તે મર્યાદા! ભગવાન્ પ્રિયેતર-અપ્રિય-તો ક્યારેય ન જ બને સર્વસમર્થ છે ભગવાન્! જગદ્રૂપ હોવા છતાં જગતથી જુદા પણ ખરા! પ્રિય હોવા છતાં, પ્રભુ ધર્મમર્યાદા બતાવે છે! પ્રિય રૂપે નહિ, ઈતર રૂપે બોલે છે! વાદ તેની સાથે તો થાય! ફલ, "મને લો!" - તેમ કહેતું નથી, પ્રયત્નથી લોકો લે છે. આ તો ફલરૂપ કૃષ્ણ છે, સદાનન્દ છે. કૃષ્ણને કાજે તો કામના ગોપીજને બધી કાઢી નાખી છે. માનની કામના પણ નથી રહી. ગોપીજનનું રુદન ઘટ્યું, નેત્ર લૂછ્યાં, ધ્રુસકાં શમ્યાં, વાદ કરવા તૈયાર થયાં! વાણીને વિકલતા થઈ, - વિભુ સામે વાદ ?! વાણી ભયથી અસ્પષ્ટ-ગદ્ગદ-થઈ ગઈ. ભક્તોને તો કોઈ ભય નથી! - "अनुरक्ता" સ્વલ્પ પણ સ્નેહ હોય ત્યાં ભય ન હોય, અભય મળે! ભગવાને દશ વાક્ય કહ્યાં હતાં, ભક્તોએ તેનો પ્રતિવાદ દશ વાક્યમાં કર્યો, એક અધિક બોલ્યાં, પ્રાર્થના કરી, ચિત્તવિક્ષેપ છે, - ભાવોદ્રેકમાં, ઉત્તર ક્રમશઃ ન રહેને ? વિજય ભક્તોની વાણીનો થયો. "तासां वाचो जयन्ति हि"- શ્રીવલ્લભાચાર્યજીએ વિજયને વધાવ્યો! વિભુનો વિજય - મર્યાદા; વ્રજવધૂનો વિજય - પુષ્ટિ! રસાત્મક - લીલામાં આ જ યોગ્ય છે,- "हि।"

શ્રીગોપીજન છે તો નિર્ગુણ! પ્રેમ-પ્રગાઢ ભગવદ્-રસાનુકૂલ! વલોવાતાં દહીંમાંથી માખણ નીકળે, તેમ પ્રભુનાં વાક્યોથી ક્ષુબ્ધ થયેલા- વલોવાતાં-તેમનાં હૃદયમાંથી પુષ્ટિભક્તિમાર્ગના સિદ્ધાન્તરૂપ નવનીત પ્રિયે પ્રકટ કર્યું છે! પ્રિય પ્રભુની પરિચર્યાનો લાભ, વાચનિકી પણ શરણાગતિની સફલતા, લોકમાં સર્વાત્મભાવમાર્ગનું પ્રાકટ્ય અને ઉત્કટ ભાવ વધતાં રસપુષ્ટિ, તેનાથી થાય છે. મર્યાદાધર્મના વક્તા ભગવાન્ પોતે પણ બને છે; પણ પુષ્ટિધર્મના વક્તા તો ભગવાન્ પુષ્ટિમાર્ગીય ભક્તોને બનાવે છે! ભગવાને વ્રજભક્તોનું સ્વાગત કર્યું, પણ સ્વકીયનું સ્વાગત શું હોય ?! પાછાં મોકલવા માટેની તે તો તૈયારી હતી! કોમલ કૃષ્ણ ક્રૂર કહે કે કરે ખરા ?! ગોપીજને હૃદય ખોલ્યું, -

પુષ્ટિધર્મ-વક્તા ભક્ત શ્રીગોપીજને પ્રભુને પુષ્ટિધર્મ કહ્યો!:
શ્રેષ્ઠ વક્તા ભગવાન્ સામે ભક્તની વાણીનો વિજય!:

मैवं विभोऽर्हति भवान् गदितुं नृशंसं सन्त्यज्य सर्वविषयांस्तव पादमूलम्।
प्राप्ता भजस्व दुरवग्रह मा त्यजास्मान् देवो यथाऽऽदिपुरुषो भजते मुमुक्षून्॥ (३१)

"વિભો! આપ આમ ક્રૂર બોલવા યોગ્ય નથી! વાસનાસહિત વિષયોનો સંપૂર્ણ ત્યાગ કરીને આપનાં ચરણમૂલને અમે પ્રાપ્ત થયાં છીએ. હે દુરાગ્રહિન્! અમારો ત્યાગ ન કરશો. જેમ દેવ-આદિપુરુષ મુમુક્ષુઓને સાનુકૂલ થાય છે, તેમ અનુકૂલ થાવ!" વિભુ તો સમર્થ છે, સમર્થ શું ન કરી શકે ? તેમાંય દયાળુ શું ન કરે ? અનેક આપત્તિમાંથી ઉગારનાર સમર્થ આમ બોલે, તે નિર્દય ન લાગે ? તે આમ ઘેર મોકલે, તે તો ક્રૂરતા ગણાય! પોતે વ્રજનાં વિઘ્નોને લીધે નથી આવ્યાં. અગિયારે ઈન્દ્રિયોના વિષયોનો વાસનાસહિત સંપૂર્ણ ત્યાગ કરીને આવ્યાં છે! તે વિના તો પ્રભુના પાદમૂલે પહોંચાય જ નહિ. ભજન માટે સર્વસ્વ-સમર્પણ કરીને પોતે સ્વજન થયાં છે. ભજન વગર બીજું કાંઈ કરવું-કરાવવું તે તો દુરાગ્રહ છે. તે તો સંસારીઓમાં હોય. પોતે પ્રભુને છોડતાં નથી, તેથી પ્રભુએ પોતાનો પરિત્યાગ ન કરવો જોઈએ! તો જ- "ये यथा मां प्रपद्यन्ते।"- એ પ્રતિજ્ઞા સચવાય! તેમાં

પ્રકાર સ્પષ્ટ કરવા દૃષ્ટાન્ત દીધું. વેદના પૂર્વકાંડ પ્રમાણે વિભૂતિરૂપ દેવ તો ભજનાર સૌને ભજે છે,- ફલ દે છે. વેદના ઉત્તરકાંડ પ્રમાણે આદિપુરુષ તો મુમુક્ષાથી ભજનારને મોક્ષ દઈને સાનુકૂલ બને છે, આત્મીયપણાથી અંગીકાર કરે છે, આત્મા રૂપે સ્ફુરે છે, આનંદ આપે છે, તો લીલા માટે પધારેલા દેવ- આદિપુરુષ-મુખ્યપતિ-પોતાને સાનુકૂલ શા માટે ન બને ?! પ્રભુ તો "આદિપુરુષ" છે. સૌના પ્રથમપતિ છે, નિત્યપતિ છે, દેહ-સંબંધવાળા તો નિત્યપતિ નથી. પતિ વેદવિધિ પ્રમાણે મળે, તેની સેવાનો ત્યાગ ન થાય, તેમ નિત્યપતિ ભગવાનની સેવાનો પણ ત્યાગ ક્યારેય ન થાય ! "**कृष्णसेवा सदा कार्या**"- સદા કૃષ્ણસેવા થાય. "**अकामः सर्वकामो वा....।**"- સ્મૃતિમાં-પરમ પુરુષ રૂપે પ્રભુ-સેવન કહ્યું છે. "**सोऽश्नुते ।**"- શ્રુતિમાં વિહારવિધાનથી દેવત્વ ગણાય. આમ, - બંને રૂપ કૃષ્ણ જ છે. તે પ્રપત્તિ પ્રમાણે ભજન કરે જ છે ને !

ત્રણ પ્રકાર અહીં સંભવે : (૧) "**देवो यथा भजते**"- તેમ કહેતાં, સુષુપ્તિસમાન ભજનપ્રાપ્તિ, (૨) "**आदिपुरुषो यथा**"- કહેતા "**तदनुप्रविश्य सच्च त्यच्चाभवत् ।**"- શ્રુતિ પ્રમાણે, અંદર પ્રવેશેલાના જીવ-અન્તર્યામિ-ભાવથી, તે રીતની ભજનપ્રાપ્તિ, (૩) "**देवो यथादिपुरुषः**"- એ બે પદ કહેવાથી, મુક્તિ પછી ભજનપ્રાપ્તિ, હમણાં નહિ. આ ત્રણેના નિવારણ માટે- "**मुमुक्षु**"- શબ્દ છે, તેથી - "**सोऽश्नुते**"- શ્રુતિરીતે-પ્રભુ સાથે સર્વકામોપભોગ રૂપ ભજન કહેલું છે ! લૌકિકપતિ સ્ત્રીને સાનુકૂલ કરીને પોતે સાનુકૂલ બને છે ને ! આદિપુરુષ મુક્ત થયેલાને પાછા પૂર્વરૂપ દેતા નથી, પ્રભુએ પોતાને ઘેર પાછાં મોકલવાં જોઈએ નહિ, સ્વરૂપાનન્દનો અનુભવ દેવો જોઈએ. (૧) પુષ્ટિમાર્ગમાં તો ભક્તોનાં સર્વકાર્ય સર્વસમર્થ ભગવાનની કૃપા-દયા-થી થાય, તેમ સમજાય. (૨) પ્રભુથી જરા પણ દૂર જતાં ભક્તોને દારુણ દુઃખ થાય. ભક્તોનો સ્નેહ નિરુપાધિક હોય. (૩) ભક્તોને તો ભગવત્સ્વરૂપમાં જ દૃઢાસક્તિ હોય. ધર્માદિ પણ પ્રભુને સાનુકૂલ હોય તો જ તેનો આદર છે. (૪) પુષ્ટિમાર્ગીય સેવા-કથાનો રસાસ્વાદ તો વિષય અને વાસનાઓ સંપૂર્ણ છૂટ્યા પછી માણી શકાય, ભગવદનુભવ પછી જ મળે. (૫) કડવા અનુભવ કે દોષજ્ઞાનથી થતા વિષયાદિના ત્યાગ કરતાં, ભગવાન્ માટે-ભગવદ્ભાવે-થતો સ્વાભાવિક ત્યાગ ઉત્તમ છે. નિરાહાર ભોગરહિતના વિષયો છૂટે, છતાં વાસના તો રહે. વાસના તો વિભુદર્શને જાય. ભગવદ્ભાવ-સામર્થ્યથી વિષયવૈરાગ્ય સ્થિર થાય ! ક્ષણિક વૈરાગ્ય સુલભ છે, સ્થિર વૈરાગ્ય દુર્લભ છે. (૬) ભક્તોને સર્વાત્મભાવપ્રકારે સેવાનો આગ્રહ હોય, સંસારધર્મો કે કાર્યોનો નહિ. (૭) ભગવાનની સેવા-સુખ-માટે ભક્તોનું સર્વસ્વ-સમર્પણ તો સ્નેહથી સહજ રૂપે થઈ જાય છે. સ્નેહથી તેવી ક્રિયા થઈ જાય છે. ક્રિયાથી સ્નેહ શોધવો કે દેખાડવો પડતો નથી. (૮) ભગવાન્ અને ભક્તનો પરસ્પર-ત્યાગ ક્યારેય સંભવતો નથી. (૯) ભગવાન્ ભક્તોને સુખદાન દેવા પ્રકટ થઈને, ભક્તાનુકૂલ સર્વલીલાઓ કરે છે. ભક્તને વશ કરીને ભગવાન્ વશ થઈ જાય છે. સ્વરૂપાનન્દનો સાનુભવ દે છે.

પતિ વગેરેની કપટરહિત સેવારૂપ સ્ત્રીનો સ્વધર્મ તો પ્રભુએ બતાવ્યો. ગોપીએ ઉત્તર ઉજ્જ્વલ દીધો. ધર્મજ્ઞ હોય તે જ ધર્મોપદેશ કરી શકે. નારદજી ભગવદ્ધર્મ અને યાજ્ઞવલ્ક્ય આત્મધર્મ પણ કહે છે. દેહવિશિષ્ટ આત્માના કર્તૃત્વના અનુસંધાનમાં જ તે શારીરધર્મને સ્વધર્મ કહે છે, નહિ તો "**अयं हि परमो धर्मो यद्योगेनात्मदर्शनम् ।**"- માં, "પરમ" ન કહે. શારીરધર્મજ્ઞાન તો હીનાધિકારી માટે છે.

તેવા ધર્મશાસ્ત્રજ્ઞો તો બહિર્મુખ છે ! તેમને આત્માની ઓળખ નથી, તેથી તેઓ તો શારીરિકધર્મને સ્વધર્મ ગણે છે, આત્મધર્મ કે ભગવદ્ધર્મને નહિ ! ભગવાને પણ તેવો ઉપદેશ દીધો છે. ''**अस्त्वेवं**''- "ભલે ! તેમ હો !" ધર્મ તો બે પ્રકારનો - (૧) આચરવાનો - તેમાં પતિપુત્રાદિ નિમિત્તમાત્ર છે. (૨) સમજવાનો - તેમાં ગુરુ નિમિત્ત. ગુરુસેવા વિના જ્ઞાન ફલિત ન થાય. અમને ધર્મજ્ઞાન ન હતું, ભગવાને દીધું, ગુરુ થયા, ગુરુસેવા કરવી જોઈએ, તો જ ઉપદેશ ફળે. (કર્તવ્યરૂપ) સ્વધર્મ પણ અનેક પ્રકારનો. ઉત્તમ પ્રત્યે, સમાન પ્રત્યે અને અધમ પ્રત્યે. તેમાં ક્રમશઃ મુખ્યતા ગણાય, પતિ-પુત્રાદિ તો માનવ, સ્વસમાન ગણાય. તેમની સેવારૂપ સ્વધર્મ કરતાં ઈશ્વર ઉત્તમ, તેમની સેવા મુખ્યધર્મ ગણાય. પ્રભુની પ્રેરણા વિના તો કાંઈ કરી જ ન શકે. આપ તો અમારા પ્રેરક છો, છતાં અમને પતિ-પુત્ર વગેરે કરતાં આપની સેવાની પ્રેરણા જ પ્રબલ થાય છે; તેથી પણ આપની આજ્ઞાનુસાર પણ આપની જ સેવા કરવી જોઈએ. સંસારીઓને શરીર પ્રિય લાગે, તેથી ધર્મશાસ્ત્રમાં શારીરધર્મો કહ્યા છે. કોઈને દેહ, કોઈને આત્મા, કોઈને પરમાત્મા, કોઈને નિર્વાહક, પ્રિય લાગે છે. ભગવાન્ તો સર્વરૂપ છે, તેથી "પ્રેષ્ઠ"- પ્રિયતમ-છે, પરમપ્રેમાસ્પદ, આનન્દ છે ! સૌના ''**बिभर्तीति**''- પોષક - બન્ધુ અને ધારક-આત્મારૂપ પણ છે; તે પ્રસિદ્ધ છે, તેથી શરીર દેનાર, શરીરપોષક અને શરીરધારક-રૂપે પણ પ્રભુસેવા જ મુખ્ય છે. સેવામાં દેહેન્દ્રિય સાનુકૂલ ન હોય તો, અન્યત્ર ઉપયોગ કદાચ થાય, અનુકૂલ હોય તો સેવા જ થાય, ભોગ વગેરે નહિ. આમ પતિ - વગેરેની સેવાનું વિધાન કરતાં શાસ્ત્ર પણ પ્રભુસેવા જ મુખ્ય કહે છે. ''**स वै पतिः स्यादकुतो भयः स्वयं समन्ततः पाति भयातुरं जनम् ।**''- સ્વયં અભય હોય અને ભયાતુરની રક્ષા કરે તે, - પતિ ! ''**जीवच्छवं भजति कान्तमतिर्विमूढा या ते पदाब्जमकरन्दमजिघ्रती स्त्री ।**''- પ્રભુચરણ જેને દુર્લભ હોય તે મૂઢ સ્ત્રી જ જીવતાં શબને પતિ સમજીને ભજે છે. પ્રભુ વિના અભયપ્રદ પતિ કોણ મળે ? પતિમાં પ્રભુબુદ્ધિ આ કારણે છે. ડાંગરના બદલે નિવારકણની જેમ ! ધર્મ-જ્ઞાન-આનંદ- વિચારે પ્રભુ જ સેવ્ય છે. (૧) પુષ્ટિમાર્ગમાં ભક્તો ભગવન્નિષ્ઠ હોય, ધર્મનિષ્ઠ પણ નહિ. પ્રભુનું સુખ તે જ મુખ્યધર્મ. બાકીનું સઘળું ગૌણ હોય. (૨) સંસારીઓને પ્રકૃતિ પ્રેરે છે, ભક્તોને ભગવાન્ ! (૩) મર્યાદામાં પ્રમાણ મુખ્ય છે, ભક્તિમાં ભાવ ! (૪) માહાત્મ્યજ્ઞાનપૂર્વકના સુદૃઢ સર્વાધિક સ્નેહથી સેવા થાય. (૫) કાર્ય કરી શકતી ઈન્દ્રિયોથી સેવા જ થાય, ભોગ નહિ !

સ્વજનને ભય ન કરાવવાનું ભગવાને કહ્યું. તેમાં મહાજનોનો માર્ગ વિચારીએ. આત્મહિત ઈચ્છે તે,- કુશલજન ! તે તો પ્રભુમાં જ પ્રીતિ કરે છે. ઔપાધિક-પ્રીતિ પણ અહીં તો પ્રતિવાદ પૂરતી કહી છે. ગોપીજનને તો સર્વાત્મભાવ છે. પ્રીતિથી પ્રવૃત્તિ થાય, પરિચર્યા તે કહેવાય. સ્નેહ વગર સેવા ન થાય. પુત્ર વગેરેની સેવા જો ધર્મ હોય તો, પુરુષાર્થતાથી આત્મપર્યવસાયિની થાય. નિરુદ્ધ-ઈન્દ્રિયો પણ પ્રભુ માટે ઉપયોગી થાય, તો આત્મગામી થાય ! કેવલ સંયમસાધક કરતાં, પ્રભુમાં પ્રીતિ કરે તે જ કુશલ છે. અકુશલ હોય તે જ સ્વજનરત બને છે. પ્રભુ સૌના આત્મા-સ્વરૂપભૂત-છે. આપ કાલથી પર, પ્રિયરૂપ છો. સેવા તેની થાય. સ્વજન સૌ તો દુઃખદ છે. તેમનાથી શું પ્રયોજન ? એક વિનંતી છે,- "આપ પ્રસન્ન થાવ !" પ્રભુપ્રસન્નતા વિના સર્વશાસ્ત્ર અને ઉપાય પણ વ્યર્થ જ થઈ જાય. પ્રભુ-પ્રસન્નતા વિના જ લોકો દુઃખદમાં સુખ માનીને આથડે છે ! પ્રભુ તો ''**वरदेश्वर**'' છે. તપઃ વગેરેથી વરદાન દેવામાં કારણ છે, - દયા ! ભગવાન્ તો વરદાન દેનારાઓના સ્વામી-અતિદયાળુ-છે. પ્રભુ-

સંબંધી ક્લેશ પણ તપોરૂપ છે. "દયા કરો ! અયોગ્ય કાંઈ ન કરશો. ચિરકાલથી અમે તો આપની આશાએ જીવીએ છીએ. આશા જતાં તો જીવ જશે. કમલલોચન ! કરુણા કરો." (૧) પુષ્ટિમાર્ગમાં તો ઈન્દ્રિય- સંયમ સહજ છે. (૨) સંયમ કરતાં સેવા શ્રેષ્ઠ છે. (૩) સ્નેહ વગર સેવા ન સંભવે - ક્રિયામાત્ર રહે. (૪) પ્રભુની પ્રસન્નતા વગર જીવન વ્યર્થ છે. (૫) આશા એક જ રાખવી - "દયાળુ" કૃષ્ણ નિજાનંદ દેવા કૃપા કરશે. (૬) પ્રભુસંબંધી ક્લેશતાપ-નો તપઃથી શ્રેષ્ઠ સાધન છે, - ફલલાભનું ! (૭) સ્નેહ સંતાપ કરાવે તે ઉષ્ણભાવ, પુષ્ટિભક્તિ રૂપ છે.

''**चित्तं सुखेन भवतापहृतं....।**''- વનદર્શન માટે ગોપી નથી આવ્યાં. સુખરૂપ શ્યામે ચિત્ત હર્યું, પછી રહી ક્યાં શકાય ? પરમાનન્દ પ્રાપ્ત થાય, પછી સ્પૃહા પણ કઈ રહે ? પ્રયત્ન બીજા માટે ક્યાંથી થાય ? ચિત્ત હરાતાં કર પણ કામ કરતાં નથી, પ્રિય પ્રભુના સ્પર્શે જ સેવાદિનું કામ કરી શકે ! તો ઘરકામ કઈ રીતે કરે ? પગ, પગલું પણ પ્રભુના પાદમૂલથી દૂર ચાલી શકતા નથી. સૌનાં ચરણના આધિદૈવિક-વિષ્ણુ-રૂપ તો ભગવચ્ચરણ છે, તેના પણ મૂલમાં ગયેલાં, બીજે ક્યાં જાય ? હા ! આપનાં ચરણ બીજે જાય, તો તેની પાછળ તો જરૂર બધે જાય. ગાડામાં વ્રજમાં લઈ જાય, તો પણ ચિત્ત વગર કાંઈ સૂઝે નહિ, હાથ હાલે નહિ, કહેલી સેવા સંભવે નહિ. શોકથી શોષ થાય, પુત્રાદિને પયઃપાન પણ થાય નહિ. કરે શું વ્રજમાં જઈને ?(૧) પુષ્ટિમાર્ગમાં તો ભગવાન્ જ આનંદાનુભવથી ભક્તોનું મન પોતે હરી લે છે. (૨) ભક્તો લૌકિકકાર્યમાં નિઃસ્પૃહ કે અસમર્થ છતાં ભગવત્સેવામાં સસ્પૃહ અને સમર્થ હોય છે.

• વ્રજમાં વગર વિલંબે જરૂર જાય, સેવા સૌની કરે, પણ જીવતાં રહેવાય તો ને ? અલૌકિક-આગમાં બળી રહ્યાં છે. ''**हासावलोककलगीतजहृच्छयाग्निम्**''- આ આગ લગાડી છે, પ્રભુએ ! હાસ્ય કામજનક છે. કૃપાકટાક્ષ-અવલોકન-આગના તણખા જેવો વર્ધક છે. કલગીત ફૂંકાતા પવન જેવું છે. હાસ્યપૂર્વકનાં અવલોકન અને મધુર અવ્યક્તગીતે હૃદયમાં આતુરતાની આગ લગાડી છે. તેમાંથી જીવતા બચવાનો એક જ અલૌકિક ઉપાય છે. - ''**सिञ्चाङ्गनस्त्वदधरामृतपूरकेण ।**''- અધરામૃત જ અંતરમાં ઊતરી શકે તેમ છે. દેવોનું અમૃત તો ભક્તોને ક્યાંથી આકર્ષે ? ''**धरतीति धरा, न धरतीति अधरा**''- ધારણ કરે તે, ધરા ! ધરા ધારણ ન કરે તે,- અધરા ! તેનું અમૃત. વિશ્વમાં કૃષ્ણ વિના ક્યાંય તે ન જ મળે ! અલ્પથી તો આગ ન બુઝાય. અધરામૃતપૂરના પ્રવાહથી સિંચન કરો, તો શાંતિ થાય. બળતા કામને અધરામૃતે જ જીવન મળે, નહિ તો વિરહાગ્નિથી ઉપભુક્ત-દેહવાળાં અમે આપનું ધ્યાન કરીને, દેહ છોડીશું. આપનામાં જ અંતે મતિથી ગતિ મેળવશું. ''**तं विद्याकर्मणी समन्वारभेते पूर्वप्रज्ञा च ।**''- આ રીતે અંતર્ગૃહગતાની જેમ દેહબીજ તો ધ્યાનથી બળી ગયું છે, બીજો દેહ ઉત્પન્ન થવાનો નથી, અંતર્યામી પક્ષીપણાથી ઊડીને આપનાં ચરણે આવશે. અક્ષર તેના ધામરૂપ હોવાથી, તેની છાયારૂપ અમે પણ તેની સાથે ચરણે આવીશું. અમે અત્યારે પીડાઈએ છીએ; પછી આપ પીડાશો! ''**यामः**''- વર્તમાનકાલ છે, તેથી વિલંબ, ક્ષણ પણ અસહ્ય છે. હર દ્વારા બાળેલો કામ અગ્નિરૂપ છે. તે કામથી બળે તે ભસ્મસાત્ થાય. બળનાર "હર"થી ઊલટો થતાં "રહ" રૂપ બને છે, તેમાંય વિશિષ્ટ રૂપે કાન્ત સાથે એકાન્તનો લાભ ન મળતાં તે વિરહ બને છે ! હરે બળેલો કામ ન જીવે, તો વિરહે બળેલાં અમે કેમ જીવીએ ? કટાક્ષ-ગીતનો અગ્નિ ભસ્મસાત્ કરતો નથી, દાહક છે. શરીરમાં સર્વત્ર

વ્યાપક છે, તેથી દેહ ઉપભુક્ત છે, વાસનાદેહ પણ બળી ગયો છે. ચરણ તો પાસે છે, શરણે છીએ. બચાવવાનો ઉપાય કરો ! "હર" - દાહક; "રહ" - તેથી વિપરીત-શામક, ભગવત્સ્વરૂપભૂત, સ્વતઃ સમર્થ. તે કોટિકન્દર્પ-લાવણ્ય વગેરેથી વિશિષ્ટ-વિરહ-બને, તો શું ન કરે ? વિરહ પણ શૃંગારરસાત્મક પ્રભુનું સ્વરૂપ જ છે ને ! (૧) પુષ્ટિમાર્ગમાં કૃષ્ણાધરામૃતાસ્વાદ મુખ્યફલ છે. (૨) ભક્તોની ભાવવૃદ્ધિ ભગવાન્ કરે છે. (૩) ભક્તોના જીવનનો આધાર ભગવદાનન્દ જ છે. (૪) પ્રભુપ્રાપ્તિનો તાપભાવ અને સંયોગ પછી વિરહ, ભક્તો સતત અનુભવે છે. (૫) વિલંબ તો અસહ્ય સજારૂપ છે.

કમલલોચન ! અમીદષ્ટિથી આ અમારા ઉકળાટને શાંત કરો છો. જે ક્ષણથી આપનાં ચરણતલનો સ્પર્શ મળ્યો, ત્યારથી બીજે ક્યાંક ઊભાં પણ રહી શકતાં નથી, મન સ્થિર થતું જ નથી ! ચરણસ્પર્શ સાક્ષાત્ તો સુલભ નથી, પણ ચરણતલની છાપ જ્યાં પડે, ત્યાં સ્પર્શ મળે છે. રમાને પણ તે તો જીવનધન-રૂપ છે. લક્ષ્મીજીના હૃદયે ચરણ વિલસે છે, અમને તો વસુધામાં વિલસતું મળે છે. બ્રહ્માનન્દ-રૂપા શક્તિથી જુદાં, સાત્ત્વિક-શક્તિરૂપ લક્ષ્મીજી તો ચંચલ ! નિર્દોષગુણપૂર્ણ ભગવાનમાં પ્રીતિ કરવી તે વેદસાર છે, નિર્દોષ થવાથી તે સંભવે; - આ નિર્ણયે, તે લલનાનું (સ્ત્રીસ્વભાવ અને કામનાઓ રૂપ) ચાંચલ્ય, કામત્યાગપૂર્વકના તપઃથી ગયું ? તો અમે પણ તપઃ કરીએ ! ચરણતલને તો અરણ્યજનપ્રિય છે ! વનમાં વસતાં પુલિન્દીજી તેનાથી પૂર્ણ થઈ ગયાં ! લક્ષ્મીજી જેવું સૌભાગ્ય તેમને મળ્યું ! તે માટે પણ સૌનો સંગ છોડી દેવો જોઈએ, ભગવદીય હરિદાસવર્યનો સંગ કરવો જોઈએ ! અમે તો આપને મેળવવા માટે સંસારીઓના સંગમાં ક્ષણ પણ રહી શકતાં નથી ! સંસારીઓને સંસાર સારરૂપ લાગે, ભક્તોને તો તે નિઃસાર લાગે, કાસાર (કાદવ) જેવો લાગે, ભગવાન્ જ સકલસાર લાગે. બંનેનાં જીવન જ જુદાં ! મેળ મળે ક્યાંથી ?! મળવું મનને ગમે ક્યાંથી ?! અમે માત્ર સ્નેહથી જ આપની પાસે આવ્યાં નથી; લક્ષ્મીજી જેવાં અનન્ય છીએ ! સર્વત્યાગપૂર્વક લક્ષ્મીજી શરણે આવ્યાં, સર્વસુખ પામ્યાં. અમને પણ આપે કૃતાર્થ કર્યાં છે. "**त्वयाभिरमिताः**"- સ્વપ્નમાં સુખદાન દીધું છે, નહિ તો અમે જીવી પણ ન શકીએ ! માયાજન્ય-સ્વપ્ન મિથ્યા હોય. ભગવદ્દત્ત-સ્વપ્ન પણ સત્ય જ હોય. અંગીકૃતનો હવે ત્યાગ ન થાય. પોતે પ્રીતિમાત્રથી વનમાં નથી આવ્યાં, અનન્યતાથી આવ્યાં છે. (૧) પુષ્ટિમાર્ગમાં તો ભગવત્સંબંધ જ ફલરૂપ છે. ભક્ત તે મેળવવા સતત પ્રયત્ન-પરાયણ હોય. સંતાપ સ્વાન્તઃમાં સતત તેનો રહ્યા કરે. નિર્દોષ રહેવા, સર્વકામના ત્યાગ થાય. (૨) અન્યભાવવાળા સંસારિલોકોનો સંગ ન કરવો. "**सङ्गाभाव एव भगवत्तोषहेतुः ।**"- શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે. પ્રભુની પ્રસન્નતાનું કારણ છે, - સંગાભાવ. તેના બે અર્થ. (૧) તનથી કે મનથી કોઈનો સંગ ન કરવો, - "**सङ्गस्याभावः**". (૨) ન છૂટકે સૌનો સંગ કરવો પડતો જ હોય તો, મનથી તેમાં અણગમો રહ્યા કરવો જોઈએ, - "**सङ्गेऽभावः**" (૩) ભગવદીયનો આદરથી સદા સંગ કરવો. (૪) વિજાતીય-ભાવવાળાથી પોતાનું મન કલુષિત ન થાય, તેમ સાવધ રહેવું. (૫) સર્વત્યાગપૂર્વક ભગવાનની શરણાગતિ કરવી. (૬) અનન્ય-દઢ-આશ્રય ભગવાનનો રાખવો. (૭) સ્વપ્નાદિમાં પણ ભગવાન્ ભક્તોને અનુભવ દે છે, દુઃખ દૂર કરે છે. (૮) શરણાગતનો ત્યાગ ભગવાન્ કરતા નથી.

લક્ષ્મીજીએ પણ પ્રભુનાં પાદપદ્મની પ્રાપ્તિ માટે ભક્ત તરીકે તીવ્ર તપઃ કર્યું છે. લક્ષ્મીજીને વક્ષઃસ્થલમાં સ્વતંત્રવાસ મળ્યો, છતાં ભય થયો ! બ્રહ્માદિ - દેવો પણ પોતાની પુરુષાર્થસિદ્ધિ માટે

લક્ષ્મીજીના કૃપાકટાક્ષની કામના કરે છે. ડર દેવીને થયો ! કોઈ અતિતપઃ કરે તો ? ભક્તોને ભેટતાં ભગવાન્ ક્યાંક અન્યત્ર પધરાવેતો ?! અન્યના સ્પર્શભયે, અભય મેળવવા લક્ષ્મીજીએ ભગવાનનાં ભક્તસેવિત ચરણરજઃની કામના કરી ! ચરણે તો વિરાજે છે,- તુલસીજી ! તે છે,- રજઃસંબંધીની ! શરણે તે દ્વારા જવાય. પ્રભુનાં ચરણે ધરેલાં તુલસીજી સૂંઘવાથી પણ દાસધર્મની સ્ફૂર્તિ થાય. ભક્તિરૂપ છે,- તે તો ! કે, ભગવાનની ભક્તિ તો સૌ કરે. ચરણ તો ભક્તિ (માર્ગ)રૂપ છે, તેનાં ભક્ત છે,- લક્ષ્મી ! તુલસી સાથે તેમાં સાપત્ન્ય નથી ! ભક્તના ભક્ત (દાસાનુદાસ) કે ભક્તિનાં ભક્ત તો ભગવાનને અતિપ્રિય છે. લક્ષ્મીજીએ સ્વતંત્રતા છોડીને પણ, રજઃ ન ઈચ્છતાં સાપન્ત્ય પણ સ્વીકાર્યુ ! ભક્તોના દેહ તો ભગવાનનાં ચરણની રજઃમાંથી ઉત્પન્ન થાય. સેવક આ રજોલાભથી થવાય. ચરણરજઃ-પ્રાપ્તિ (ભગવદીયદેહ, સેવકપણા)ની ઈચ્છા રાખવા માત્રથી, કોઈ આવી ભયશંકા પણ ન રહે, તો ચરણરજો- લાભમાં તો કયું અભય ન મળે ? અન્યત્ર ગમનશંકા પણ ન રહેને ? અમે પણ તેમ ચરણરજઃસ્પર્શ કર્યો છે. અમારા દેહ પણ ભગવદીય છે. અમે તો સર્વથા - **''वयं च तव पादरजःप्रपन्नाः ।''**- ચરણરજને શરણે છીએ ! **''च''**કારથી - અહીં નથી આવ્યાં તે પણ કે દ્વારકાલીલાનાં રાજરાણીઓ પણ તેવાં જ છે, તેમ સમાવેશ કરી દીધો ! શ્રીગોપીજન માટે તો શ્રીગોપીજનવલ્લભ પ્રકટ થયા છે. લક્ષ્મીજીને તો લાલસા છે, પોતે તો પ્રસન્ન છે. આગ્રહ ન કરાવો ! અનુગ્રહ કરો. અમને પણ પહેલેથી આપનો જ સંબંધ છે, અન્યનો નહિ. (૧) પુષ્ટિમાર્ગમાં ભગવાન્ પોતાનો ત્યાગ ન કરે, અહંકાર ન આવે માટે, અશક્યમાં કે સુશક્યમાં ભક્તો તો સદા દાસભાવે શરણાગતિ જ કરે. (૨) ભક્તોમાં પરસ્પર અસૂયા ન હોય. (૩) લીલાસ્થ-ભગવદીયોના દેહ અલૌકિક હોય. પુષ્ટિસૃષ્ટિ તો સ્વરૂપમાંથી પ્રકટે છે. અન્યસંબંધનો ગંધ પણ તેમાં ન હોય. સ્વરૂપસેવા માટે જ તે સૃષ્ટિ છે. (૪) દાસ થવા કરતાં દાસના દાસ થવું ઉત્તમ છે. (૫) દાસ થવાની ઈચ્છામાત્રથી પ્રભુ અભય આપે છે. (૬) ભક્તો માટે તો ભગવાન્ સ્વયં પ્રકટ થાય છે.

દુઃખનાશક ! **''तन्नः प्रसीद''**- "તેથી અમારા પર પ્રસન્ન થાવ !" પ્રસન્નતાથી બાકી શું રહે ? કૃપા જ સર્વદા મુખ્ય છે. કૃપા વિના કૃષ્ણસંબંધ ન સંભવે. તે સંબંધથી જ પાપ દૂર થાય, ચરણતલને પ્રાપ્ત થાય. તેને પ્રસાદ પણ મળે. પ્રસાદ રૂપે પતિ-પુત્રાદિ ન જોઈએ. સર્વ સ્વજનને પણ છોડીને, કેવલ સેવાભિલાષે શરણે આવ્યાં છીએ ! હે પુરુષભૂષણ ! આપનાં સુંદર સ્મિતયુક્ત કટાક્ષોથી ઉત્પન્ન થયેલા તીવ્રકામથી સંતપ્ત અંતઃકરણવાળાં અમને દાસ્ય દો ! - **''पुरुषभूषण देहि दास्यम्''**- કૃષ્ણ કોટિકન્દર્પ લાવણ્ય રૂપ છે. સ્વતઃ પુરુષાર્થરૂપ તેમનું દાસ્ય છે. દાસ્ય તો પ્રભુ દે તો મળે, તે પ્રસાદરૂપ છે. અધિકારાનુસાર દાસ્ય અનેકવિધ છે. સ્વામીને ઈચ્છેલું આપે તો દાસ્ય સંભવે ! દે તે દાસ ! અહીં તો પ્રભુ દાસ્ય દે, અર્થાત્ સ્વતઃ સેવકોની સેવાનો સ્વીકાર કરે, તેવી વિનંતી છે. પુરુષ મુકુટાદિ આભૂષણો ધરે છે. તેમાં સોનામાં રત્ન જડે છે. બંનેનો સંબંધ તો લાખ જેવી સામાન્ય-વસ્તુથી થાય છે. લાખ કોઈ પહેરે નહિ, છતાં આભૂષણ સાથે તો પહેરે જ. તેમ, પ્રભુ અને પોતાના સંબંધમાં વચ્ચે કામ છે, તેથી ઉપાધિરૂપ દાસ્ય નથી; પણ દાસ્ય માટે જ કામ છે. સેવકને સેવા સિવાય શું જોઈએ ? વિહારમાં પુરુષરૂપ ભૂષણને પ્રાપ્ત કરવા માટે પોતે કામ ધારણ કરે છે. કૃષ્ણ કૃપા કરે, કૃતાર્થ કરે. રસાત્મક દાસ્ય જોઈએ છે, વિવાહ પણ નહિ ! વિવાહ તો ઉપવીત પહેલાં ન થાય. દાસ્ય તો દેવાયને !

સર્વ છોડીને ભગવત્સેવાની મુખ્યતા કહી દીધી. (૧) પુષ્ટિમાર્ગમાં પ્રભુની પ્રસન્નતા જ મુખ્ય છે. (૨) દાસભાવ યથાધિકાર મળે, તે જ સર્વોત્તમ ફલ છે. (૩) લૌકિકસુખ પ્રભુપ્રસન્નતાનું ફલ ન ગણાય. (૪) પ્રભુસંબંધમાં કામાદિ-દોષ પણ ગુણ રૂપ થઈ જાય છે.

સદ્ગતિ, સત્તા કે સમ્પત્તિ લોકમાં કે પરલોકમાં ફલરૂપ ગણાય; છતાં રસાત્મકદાસ્યની તુલનામાં તો તે તુચ્છ છે, ત્યાજ્ય છે! આવું દાસ્ય દોષ કે પાપરૂપ નથી, પરમફલ રૂપ છે. વિરાજતા ભગવત્સ્વરૂપને યથાર્થ સમજે, તેને સ્વલ્પ પણ અન્યસ્પૃહા રહે નહિ, અન્યસ્પૃહાથી થતો ઉદ્વેગ સંભવે નહિ, પરમફલથી પરમાનંદ-પરમશાંતિ પ્રકટ અનુભવાય. પ્રિય પ્રભુ સાથે તો સંબંધનું બંધન ગમે, મોક્ષ તો અણગમતો લાગે. શ્રીગોપીજને ગમતા ગોવિંદને ગાયા. દર્શનથી અનુભવેલી દાસ્યની ઉત્કંઠા કહી.-

वीक्ष्यालकावृतमुखं तव कुण्डलश्री – गण्डस्थलाधरसुधं हसितावलोकम् ।
दत्ताभयं च भुजदण्डयुगं विलोक्य वक्षःश्रियैकरमणं च भवाम दास्यः ॥ (३९)

"વિખરાયેલા વાંકડીઆ વાળથી વીંટળાયેલા (અલકાવૃત), કુંડલની શોભાવાળા ગંડસ્થલે અધરસુધા સહિત, હાસ્યપૂર્વકનાં કટાક્ષોયુક્ત, આપના શ્રીમુખને જોઈને, અભય આપતા ભુજદંડદ્વયને તથા લક્ષ્મીના વિહારરૂપ વક્ષઃસ્થલને જોઈને, અમે દાસી થઈએ!" લોકમાં સુખનાં પ્રતીક શા પુરુષાર્થ ત્રણ : (૧) ચાર પ્રકારનો મોક્ષ, (૨) સ્વર્ગમાં ઈન્દ્રાદિ - ઐશ્વર્ય-ભોગ, (૩) આ લોકમાં પરમલક્ષ્મી. ભગવાનના દાસ્યમાં તો આ ત્રણે સર્વોત્કૃષ્ટ રીતે સમાયેલાં છે! સારૂપ્ય, સાલોક્ય, સામીપ્ય અને સાયુજ્ય, - આ ચાર મોક્ષના પ્રકાર. મધુર મુખદર્શને તેની ઈચ્છા પણ ન રહે! - "मुक्ति लोन सी खारी लागे....।"- પાર્ષદરૂપ સારૂપ્યમુક્તિમાં પ્રભુના મુખદર્શનથી તો પરમાનંદનો અનુભવ થાય, દાસ્યમાં તેવો ન પણ થાય. અહીં તો, સ્વરૂપની અંદર રહીને અલકાવલીઓ મુખને વીંટળાઈને આનંદાનુભવ કરે છે, પણ સકલ-સ્વરૂપનો અનુભવ તો મળતો નથી. તેવી રીતે ચારે મુક્તિમાં સંપૂર્ણ અનુભવ મળતો નથી! સ્વરૂપ-પ્રવેશ કરતાં પણ લીલા-પ્રવેશ ઉત્તમ છે! તેમાં સંપૂર્ણ અનુભવ મળે. અહીં, ચતુર્ભુજ વગેરે રૂપ સારૂપ્ય નથી, સ્વરૂપમાં સાયુજ્ય પામીને મળતું, શ્યામત્વથી અલક રૂપે સારૂપ્ય છે. ઉત્સવપ્રસંગે નિરાજનથાળમાં લોટનાં ચાર મૂઠીઆં મુકાય છે. તે પ્રભુની સામે ચારે તરફ ફેંકી દેવાય છે. આ તો ભક્તિરૂપ મુખ પર મુક્તિની ન્યોછાવરી છે, પછી નિરાજન થાય છે! અલક-વાંકડીઆ વાળ તો સારૂપ્ય પામ્યા હોય તેવા ભમરા જેવા છે, મુખની આસપાસ વીંટળાયા છે. સારૂપ્ય પામેલા પણ ભક્તિના અંગરૂપ ગણાય તો સારૂપ્ય શા કામનું? કમલની અંદરથી ભ્રમરને રસપાન મળે, બહાર નહિ! આ તો માત્ર બાહ્યસ્થિતિ છે ને! કમલનું પાન નથી, રસનું પાન થાય. કમલમાં ખૂબ રસ ભર્યો હોય, તો જ બહુ ભમરા ભમે ને! પણ ભમવામાત્રથી શું? કુંડલની શોભા તો મુખથી છે. કુંડલ મુખની સમીપમાં છે, સામીપ્યસૂચક છે. કુંડલથી વધુ નિકટ કોણ હોય? કુંડલ કોને ધરાય, દિશા કાનરૂપ, શબ્દ શ્રોત્રરૂપ, શબ્દ પ્રમાણરૂપ, તેથી ભગવત્પ્રમાણાવલંબી સાંખ્યયોગરૂપ કુંડલને અતિ- સામીપ્ય, છતાં ભગવન્મુખ-નિરીક્ષણ મળે, તો સામીપ્ય કામનું કેટલું? ગીતા-ભાગવત રૂપ ભક્તિશાસ્ત્રોમાં, તેમને આધારે સાંખ્યયોગ છે. તેમ મુખરૂપ સામીપ્ય છે. મુખ તો ભક્તિ, તે વિના સામીપ્ય શું કરે? ગંડસ્થલરૂપ છે, ચિરકાલ અધરસુધારસપાન ત્યાં સંભવે. સાલોક્ય ગણાય.

લોક તો અક્ષરરૂપ. સામીપ્યમાં આનંદમાત્ર-અક્ષરામૃતપાન મળે. અક્ષર કરતાં ગંડસ્થલ ઉત્તમ, અધરરસલાભ મળે. ભક્તિમાં તો ભક્તોને દેહધર્મ છોડાવતો, પરસ્પર ગુણવાદસિન્ધુ-પીયૂષરસ મળે, પછી સાલોક્ય શું કરવાનું ? હાસ્યપૂર્વકનું અવલોકન સાયુજ્યસૂચક છે. બ્રહ્માનંદમાં ભળે તેને ભક્તિવિલાસ મળે ક્યાંથી ? તરસ્યો માનવ મધુર સ્વચ્છ-શીતલ-સુગંધી-નિર્મલ-જલના સરોવરમાં ડૂબી જાય, તેમાં આનંદ કેટલો મળે ? આનંદાનુભવ તો કિનારે જુદા રહીને માણી શકાયને ! હાસ્ય તો સર્વરસપ્રેરક છે, નેત્રાવલોકન-જ્ઞાનપ્રદ છે. બ્રહ્માનંદમાં તો બંને અવ્યક્ત છે, તેથી તો ભક્તિરૂપ મુખને વિશિષ્ટ રીતે જોતાં દાસ્ય જ ફલ છે, મોક્ષ નહિ. સામાન્યદર્શનથી તો આવું ન સમજાય માટે **"वीक्ष्य"**- છે ને !

સ્વર્ગમાં ઈન્દ્રને સુખભોગ સૌથી વધુ ! તેમને પણ દૈત્યોનો ડર ! તેમાંથી અભય આપે ભગવાનના બાહુદંડ ! તે દંડ દુષ્ટોને દે, રક્ષા શરણાગતની કરે, અભય આપે. ઈન્દ્રાસન મળે તોય ઉપાધિ રહે, તેવા ઈન્દ્રવૈભવનું પ્રયોજન શું ? અભય-રસ-પ્રદ બાહુને છોડીને ! યજ્ઞાદિમાં હવિ પણ આ ક્રિયારૂપ કરથી જ મળે છે ને ! ઈન્દ્ર-પદ અંતવાળું, આ બાહુદ્વય અનંતસુખપ્રદ ! યુગલરૂપમાં પ્રભુના વિહારરત બાહુયુગ જોતાં દાસ્યાભિલાષ જ જાગે ને ! લોકોને તો આધિભૌતિક લક્ષ્મીથી આનંદ લાગે, પણ આધિદૈવિક લક્ષ્મીને તો અહીં, વક્ષઃસ્થલે જ આનંદ લાગે છે. **"च"**કારથી ધર્મ પણ ત્યાં વિરાજે છે. આવા પરમશ્રેષ્ઠ, પ્રકટ પરમાનન્દ રૂપ, પ્રભુને મૂકીને સદ્‌ગતિ, સત્તા કે સમ્પત્તિ પાછળ આથડવાનું કોને ગમે ?! પણ આવું સૌને સમજાય તો ને ! **"वीक्ष्य"** અને **"विलोक्य"**- થી તો કૃપાથી જ આવું વિશિષ્ટદર્શન મળે, તેને ભગવાન્ જ અભીષ્ટ લાગે. (૧) પુષ્ટિમાર્ગમાં તો મુક્તિ, પરલોક કે આલોકનાં માન કે સુખની સ્પૃહા પણ છોડીને, માહાત્મ્યજ્ઞાનપૂર્વક સર્વાધિક-દઢ-સ્નેહથી સેવા જ થાય. (૨) કૃપા વગર કૃષ્ણની આવી દીનતાપૂર્ણ સેવા ન મળે.

આપે અમને ભાવ માટે શ્રવણ-દર્શન કરવાનાં કહ્યાં ! પણ, હે અંગ ! આપના સુમધુર, અવ્યક્ત, અમૃતરૂપ વેણુગીતથી મુગ્ધ થયેલાં કયાં સ્ત્રી ત્રિલોકમાં આર્યચરિતથી ચલિત ન થાય ? ત્રિલોક- સુંદરસ્વરૂપનાં દર્શને ગાય-પક્ષી-મૃગ સૌ પુલકિત થઈ જાય છે ! ધર્મસંસ્થાપક સ્વરૂપ જ ધર્મનાશમાં અહીં તો હેતુરૂપ છે ! કૃષ્ણ તો અદ્‌ભુતકર્મા છે ને ! બુદ્ધાવતારમાં વેદબાહ્ય-બોધકસ્વરૂપ, અયોગ્યને અટકાવીને વેદરક્ષક પણ છે ને ! સ્વરૂપસંબંધવાળા પુષ્ટિભક્તોના ધર્મની રક્ષા ભગવાન્ સ્વરૂપથી જ કરે છે, અન્યભાવને અટકાવે છે, ભગવદ્‌ભાવને પોષે છે. ત્રિલોકમાં જે સ્ત્રી કહેવાય છે, તે કેમ સ્થિર રહી શકે ? સંમોહિત થાય, આર્યચરિત ચલિત થાય. શાસ્ત્ર કરતાં સ્નેહ સમર્થ છે. મર્યાદાધર્મ કરતાં પુષ્ટિધર્મ બલિષ્ઠ છે. અહીં, સંમોહ કરાવનાર પાંચ. તેમને પ્રભુસંબંધનું બલ, તેથી મોહ નહિ, પણ સંમોહ થાય. અવિધા તો પ્રભુસંબંધ હોય ત્યાં સ્પર્શે નહિ. (૧) ગીત- દેહમોહજનક. સ્ત્રી તો દેહરૂપ જ છે. ગાનારને સ્ત્રીઓ ઈચ્છે. (૨) વેણુ-ઈન્દ્રિયમોહજનક-રસ-રૂપતાથી. (૩) અમૃત-પ્રાણમોહજનક. (૪) પદો- અંતઃકરણમોહજનક. (૫) અવ્યક્તતા- આત્મમોહ-જનક. પ્રમાણબલ-વિવેકવાળા- આર્ય, અહીં, તો પ્રમેયબલવિચાર છે. સ્વરૂપ અને ગાન, જેની પ્રમેયમર્યાદાનો નાશ કરે તે ચલિત થાય, જેનો નાશ ન કરે તે ચલિત ન થાય, પ્રમેયમર્યાદામાં તે રહે. પ્રમેયમર્યાદા પણ જેને માટે ચલનને અનુરૂપ છે, તેમાં તો અધિકતા છે, હાનિ નથી, તેથી મર્યાદાભંગ તો અહીં દૂષણ નથી.

ભૂષણ છે ! પ્રમાણમાર્ગમાં, પતિત્વ વગેરે ધર્મો દેહનિષ્ઠ છે. તેથી ભિન્ન હોય તે તેના વિષયરૂપ ન બને. વિહિત તે ઉત્તમ, અવિહિત તે અધમ; - તેમ ન જ ગણાય. "शुद्ध्यशुद्धी विधीयेते समानेष्वपि वस्तुषु ।"- "गुणदोषौ विधीयेते नियमार्थं हि कर्मणाम् ।"- સમાનવસ્તુમાં પણ શુદ્ધિ- અશુદ્ધિનું વિધાન છે. કર્મના નિયંત્રણ માટે જ ગુણદોષ કહેવામાં આવે છે. વસ્તુની ઉત્તમતા તેથી નથી. આ પ્રમાણ-માર્ગ છે, તેમાં વસ્તુધર્મવિચાર છે. પ્રમેયમાર્ગ તો તેથી સ્વતંત્ર છે ! વિરોધ તેમાં પ્રયોજક નથી ! નહિ તો પ્રમેયમાર્ગ ન રહે.. તેમાં વસ્તુવિચાર છે. પ્રમેયમાર્ગમાં વિધિ નિયામક નથી. કૃપા જ તેમાં નિયામક છે. પ્રમેયમાર્ગની પ્રમાણતા તો શ્રીશુકે બતાવી છે. "धर्मव्यतिक्रमो दृष्टः"- "ધર્મધ્વંસ દેખ્યો !" સ્પષ્ટ બોલ્યાં; છતાં, "याः श्रुत्वा तत्परो भवेत् ।"- આ લીલાશ્રવણફલ પણ કહ્યું,- "જે સાંભળીને તત્પર થાય !" આત્મારામ મુનિઓ પણ પ્રભુમાં અહૈતુકી-પ્રીતિ કરે છે ને ! પ્રેમાપ્લાવિત ભક્તોમાં આવી પ્રેમની અસર સ્પષ્ટ દેખાય છે.

એક ભક્ત, શંકરનો ચુસ્ત સેવક. હૃદયની આવી વ્યથા કહે છે :

"शैवा वयं न खलु तत्र विचारणीयं पंचाक्षरीजपपरा न्तितरां तथापि ।
चेतो मदीयमतसीकुसुमावभासं स्मेराननं स्मरति गोपवधूकिशोरम् ॥"

"શૈવો અમે નહિ જ કાંઈ વિચારણીય, પંચાક્ષરી જપરત ક્ષણશઃ છતાં એ;
હૈયું હરે જ અતસી - કુસુમાવભાસ, હાસ્યાનન પ્રકટ ગોપવધૂકિશોર !"

મધુસૂદન-સરસ્વતીજીની રસવતી સરસ્વતી સરે છે :

"अद्वैतवीथी पथिकैरुपास्या स्वाराज्यसिंहासनलब्धदीक्षाः ।
शठेन केनापि वयं हठेन दासीकृता गोपवधूविटेन ॥"

"અદ્વૈતમાર્ગો પથિકો ઉપાસે સ્વરાજ્યસિંહાસનપ્રાપ્તદીક્ષા;
શઠેય કોણે અમને હઠેય દાસો કર્યા ગોપવધૂવિટેય !"

"वंशीविभूषितकरान्नवनीरदाभात्पीताम्बरादरुणबिम्बफलाधरोष्ठात् ।
पूर्णेन्दुसुन्दरमुखादरविन्दनेत्रात् कृष्णात्परं किमपि तत्त्वमहं न जाने ॥"

"વંશીવિભૂષિત કરે નવમેઘવર્ણે, પીતામ્બરે અરુણ-બિમ્બ-ફલાધરોષ્ઠે:
પૂર્ણેન્દુ-સુન્દરમુખે અરવિન્દનેત્રે, શોભે પરં અધિક કૃષ્ણથકી ન જાણું !"

નામમાત્ર નહિ, સ્વરૂપથી પણ પ્રભુ મર્યાદાભંગ કરે છે ને ! ચેતવે છે કોઈ,-

"मा यात पान्थाः पथि भीमरथ्याः दिगम्बरः कोऽपि तमालनीलः ।
विन्यस्तहस्तोऽपि नितम्बबिम्बे धूर्तः समाकर्षति चित्तवित्तम् ॥"

"જાશો ન લોકો ભયપૂર્ણમાર્ગે, દિગમ્બરી કોઈ તમાલનીલ;
મૂકેલ હાથે જ નિતમ્બબિમ્બે, ખેંચે પ્રયાસે ધૂર્ત ચિત્તવિત્ત !"

સૂર્યથી દિવસ, ચન્દ્રથી રાત્રિ રમણીય લાગે છે, તેમ ભગવાનની સુન્દરતાથી જ ત્રિલોક સુંદર લાગે છે ! તે પ્રત્યક્ષ છે, અનુભવાય પણ છે, પછી મન કોનું મોહ ન પામે ?! પ્રમાણની વાત તો દૂર

રહી, પ્રમેયમર્યાદા પણ પ્રભુના રૂપથી દૂર થઈ જાય છે. ગાય, પક્ષી, વૃક્ષ, મૃગ પણ ભગવદ્‌ગીતથી રસપુલકિત થઈ જાય છે, તો રસાનુકૂલ ભક્તોનું તો કહેવું જ શું ? (૧) પુષ્ટિમાર્ગમાં તો કૃષ્ણકૃપાથી લોકવેદમાં નિશ્ચલ હોય તેવી મતિ પણ છૂટે, ભગવાનમાં દૃઢ થઈ જાય. (૨) ભગવદ્‌ભાવોદ્રેકમાં તો દેહ-ગેહનું ભાન ન રહે, મર્યાદા સઘળી છૂટે. (૩) ભગવાન્ પોતાના સ્વરૂપબલથી જ ભક્તોનું મન હરી લે છે, પોતાનામાં લીલા દ્વારા દૃઢ નિરોધ કરાવે છે. (૪) આવા ભક્તોને કોઈ ભય કે પ્રલોભન સ્પર્શી પણ શકતાં નથી, ભગવન્માર્ગેથી અટકાવી શકતાં નથી. (૫) અદ્‌ભુતકર્મા ભગવાન્ વિરુદ્ધધર્મોનું પણ સંપાદન કરે છે. (૬) મર્યાદામાર્ગના નિયમોનું ઉલ્લંઘન પુષ્ટિમાં દૂષણ રૂપ નથી, ભૂષણ રૂપ છે. (૭) ભગવાનનાં નામ અને રૂપ ભક્તોને ફલાત્મક અનુભવ દે છે.

ભક્તોના હૃદયમાંથી આ પુષ્ટિ (ભક્તિ) સિદ્ધાન્ત પ્રકટ્યો. ભક્ત વૃત્રાસુરના હૃદયમાંથી પણ ભક્તિ, વાણી રૂપે પ્રકટ થઈ હતીને ! પરમભક્ત શ્રીગોપીજનના રોમરોમમાં વિલસતી ભક્તિ પણ વાણી રૂપે વ્યકત થઈ. વૃત્રનો પરાજય અને મરણ-સમય હતો ! ગોપીજનને પરાજય કે મરણથી પણ અધિક ત્રાસપ્રદ, પ્રિયના અસ્વીકારનો અવસર હતો. દારુણદુ:ખમાં પણ ભક્તોની સ્વાભાવિક સુદૃઢ ભક્તિ જ સર્વ રૂપે સ્ફુરે છે ને ! તે રૂપે ભગવાન્ જ વિશિષ્ટ વિલાસ કરે છે. પ્રિયજન તો પ્રભુ વિના પ્રાર્થે પણ કોને ? કૃપાથી જ સર્વફલ મળે. કૃપા વિના માગવા જેવું પણ શું ? "व्यक्तं भवान् व्रजभयार्तिहरोऽभिजातो"- "અમારું કે તમારું કહેલું તો સ્વજનનું ને ! તેમાં સંતાપ શો ? પણ પોતાના અવતારનું કારણ વિચારીને તો કૃપા કરો ! વ્રજજનોના ભયને-પીડાને-દૂર કરવા માટે આપનો અવતાર છે." ભૂભાર-હરણ તો સંકર્ષણાંશથી થાય છે. પુત્ર-પરંપરા તો પ્રદ્યુમ્નવ્યૂહ દ્વારા છે. ધર્મરક્ષા અનિરુદ્ધ વડે છે. આમાં પુરુષોત્તમનું પ્રયોજન શું ? અહીં તો, લોકવેદાતીત-પુરુષોત્તમનું કાર્ય છે. વાસુદેવવ્યૂહ તો સ્તન્ય માટે પધાર્યા હોવાથી એકરૂપ છે. આજે જેવી પીડા અમને છે, તેવી ક્યારેય ન હતી ! તે તો દૂર કરો ! આપ આદિપુરુષ-બ્રહ્મ-તો સર્વસમ છો, છતાં દેવો પર કૃપા કરો છો, દૈત્યોને મારો છો ! જ્ઞાન દઈને દેવોને શાન્તિ દેતા નથી, ઈચ્છેલું સુખ-સ્વર્ગ-દો છો. આમ સ્વરૂપને અન્યથા કરનાર, વાણીને અન્યથા કરે, તેમાં આશ્ચર્ય શું ?! અમને અમારું સેવાસુખ દો ! અભય દેતાં અમારે મસ્તકે હાથ પધરાવો ! હૃદયના સંતાપને શમાવવા હૃદયે કમલ શો કર ધરો ! અમે તો કિંકરી છીએ. અમારાં બુદ્ધિ કે હૃદયમાં બીજું કાંઈ છે નહિ, તેની ખાતરી તો કરો !

નીરસ જગત્‌ને સરસ કરતી રસરાજ શ્રીકૃષ્ણ ભગવાનની શ્રીગોપીજનો સાથેની રસલીલા ! :

ગોપીજન રસોક્તિથી રસરાજને રીઝવવા મથ્યાં ! "लक्षणं भक्तियोगस्य निर्गुणस्य ह्युदाहृतम् । अहैतुक्यव्यवहिता या भक्तिः पुरुषोत्तमे ॥"- કોઈ હેતુ વગરની, કોઈ રીતે અટકે નહિ તેવી, માત્ર પુરુષોત્તમ શ્રીકૃષ્ણની (અનન્ય) ભક્તિ, તે તો નિર્ગુણભક્તિયોગનું લક્ષણ છે ! શ્રીગોપીજનથી વધારે શ્રેષ્ઠભક્ત હોઈ જ કોણ શકે ? "गोपायति सकलमिदं, गोपयति परं पुंमांसमिति गोपी ।"- કોઈ કહે છે, - સકલવિશ્વસંરક્ષક-પુરુષોત્તમને રસલીલામાં, સ્વયૂથમાં કે કુંજમાં કે હૃદયમાં નિગૂઢ રાખનાર ગોપી છે, પૂર્ણાનન્દ પ્રભુની આનન્દમયી પ્રકૃતિરૂપ છે ! ગો-ઈન્દ્રિયની લૌકિકતાની વિકૃતિ દૂર કરી, અલૌકિક બનાવી, આહ્‌લાદપ્રદ, ગોપ-કૃષ્ણ અને ગોપી-આનન્દ-શક્તિ છે, તેમાં "पिङ्"- પાનાર્થક અને "पा"- રક્ષાર્થક ધાતુ છે. વેદ-પૃથ્વી-કિરણ-ગાય વગેરે પણ "ગો" કહેવાય

છે. તે સૌનું રક્ષણ કરનાર શક્તિ ગોપી છે, તેથી વેદરહસ્યરૂપ પૃથ્વીના લોકોને રસજ્ઞાનરૂપ, સૂર્યમંડલના ભ્રમણરૂપ, ગાયની જેમ આનંદસંદોહપ્રદ આ રાસલીલા છે. ગોપી સાથે કૃષ્ણ વિહારો કરે છે. અનેક લોકો અધિકારાનુસાર અર્થો કલ્પે છે. લીલા તો નિત્ય અને વાસ્તવ વિહારરૂપ છે. રસરાજ કૃષ્ણે રસાત્મક રાસલીલા, રસાધાર શ્રીગોપીજન સાથે ન કરી હોત તો, રસશાસ્ત્ર અનાથ બનીને આથડતાં વિકૃતિ વધારત ! કૃષ્ણલીલાથી તે સનાથ થયાં, કૃતાર્થ થયાં ! નીરસ સૃષ્ટિ સરસ થઈ ! "हरिरेव न चेदवारितष्यन् मथुरायां मधुराक्षी राधिका च। अभविष्यदियं वृथा विसृष्टिर्मकराङ्कस्य विशेषतस्तदात्र।"- પ્રભુ તો પ્રિય ગોપીજનનો પુગ્-જીભૂત પ્રેમ છે ને ! "विभुरपि कलयन् सदाभिवृद्धिं गुरुरपि गौरवचर्यया विहीनः । मुहुरुपचितवक्रिमापि शुद्धो जयति मुरद्विषिराधिकानुरागः ॥"- નિ:સીમ છે,- ગોપી (રાધિકાનો) પ્રેમ ! વ્યાપક વિપુલ વૃદ્ધિ પામેલો, વધવાની વિશ્વમાં પણ જગ્યા ન હોવા છતાં, પ્રતિક્ષણ-સદા અભિવૃદ્ધિ પામવાના જ સ્વભાવવાળો છે. તે સૌથી મહાન્ છે ! છતાં મોટાઈ વગરનો છે ! પલે પલે માનાદિભાવે તે વક્રતા હોવા છતાં, તે સર્વશુદ્ધ છે, પ્રગાઢ છે. પ્રિયતમ નિર્દોષ કૃષ્ણમાં રાધિકાનો અનુરાગ વિજય પામે છે. પ્રભુનો પ્રિયતમા - (રાધિકા) - અનુરાગ અદ્ભુત લાગે છે ! "रा"- शब्दं कुर्वतस्त्रस्तो ददाभि भक्तिमुत्तमाम्। "धा" - शब्दं कुर्वतस्तस्य यामि श्रवणलोभतः ॥"- પસાર થતો કોઈ "रा"- શબ્દ બોલે તો, તે સાંભળતાં જ કૃષ્ણ તેને ઉત્તમભક્તિનું પ્રદાન કરી દે, અને તે "धा"- શબ્દ બોલે, (તો "राधा"- નામ પૂરું સંભળાય) તે શ્રવણલોભે પ્રભુ પણ પાછળ પાછળ પધારે છે !!! નામશ્રવણમાં પણ આટલી આસક્તિ પ્રભુની !! તો સ્વરૂપમાં તો કેટલી હોય ?!

યોગેશ્વરેશ્વર આત્મારામના અવિકૃત વિહારો ! :

યોગેશ્વરેશ્વર કૃષ્ણે પ્રિયાઓની વિકલવાણી સાંભળી. દયા આવી. હસ્યા. આત્મારામે પણ અનેકવિધ વિહારો કર્યા ! "आत्मनि स्वरूपे आरामो रमणं यस्येति।"- ગોપીના વિહાર પ્રભુ સાથે, પ્રભુના સ્વરૂપમાં ! ષડ્ગુણૈશ્વર્યવાળા ભગવાને છ પ્રકારે વિહારો કર્યા." શ્રીભાગવતમાં પરમકાષ્ઠાપન્ન- વસ્તુ ભગવાન્ કહેવાય છે. તેનો અર્થ ષડ્ગુણતત્ત્વ છે. અહીં તો, વિવિધ-ભાવસાધ્ય રમણની કથા છે. નિર્વિકાર બ્રહ્મમાં આ સંભવે નહિ, તેથી માયા વડે પ્રાકૃતગુણ-સંબંધથી આ વિહારાદિ છે, તેવી શંકા પણ ન રહે માટે, છ શ્લોકમાં ષડૈશ્વર્યગુણસૂચક-લીલા કહી છે. રમણમાં જ્યારે જે ગુણનો ઉપયોગ હોય, ત્યારે પ્રકટ કરીને ભગવાન્ વિહારો કરે છે ! પ્રભુ માયા વગેરેને વશ નથી. યોગમાં ઈપ્સિત (ઈચ્છેલું) મળે, તો યોગેશ્વરેશ્વરને અશક્ય શું ? ઈન્દ્રિયાદિ રૂપે પણ આનંદાત્મક સ્વરૂપ જ વિહારો કરે છે. ભક્તોમાં તે ભાવનું નિત્ય સ્થાપન કર્યું. ઉદ્ધાર માટે ઉદાર પ્રભુ હસ્યા ! ગોપીને વિહાર દીધા. પોતે આત્માધાર છે, છતાં દયાથી તેમના રસના આધારરૂપ થયા ! શૃંગારરસાનુભવ કરાવ્યો ! શૃંગાર સંયોગ-વિયોગ રૂપ. સંયોગ વિના વિયોગ ન સમજાય ! પહેલાં ભગવાને સંયોગાનુભવ દીધો. છેલ્લા શ્લોકમાં તિરોધાનથી વિયોગ પણ કહ્યો છે. આમ, પૂર્ણ-શૃંગારરસ થયો ! સામાન્યવિહાર દીધો. સંતાપ શમાવ્યો. બાહ્યરમણ થયું, પછી સાક્ષાત્ સ્પર્શરૂપ આંતરરમણ થયું. વિવિધ પ્રકારના વિલાસોથી વ્રજભક્તો જાતસ્મરકેલિ થયાં ! વિયોગાનુભવ માટે પછી, માન માનિનીઓને માધવે દીધું. પોતે તિરોહિત થયા. લૌકિક-કામુક આમ વિહારમાંથી વિદાય ન થાય ! આ તો અલૌકિક છે. સ્વરૂપ જ રસાત્મક છે. રસશાસ્ત્રમાં કહેલી સઘળી ક્રિયાઓ હોવા છતાં રાસલીલામાં લૌકિક-કામ નથી ! માત્ર રસ છે ! લૌકિકકામથી અનુભવાતું નરનું સુખ

તો નરક તુલ્ય છે ! - **''नराणां कं सुखं यत्र''**- ભક્તોનો કામ પણ લૌકિક હોય તો, તે અલૌકિક ભગવંત્-કામથી સંપૂર્ણ ન થાય, તેથી ભક્તોનો કામ પણ અલૌકિક છે. નહિ તો ભગવાનને પૂર્ણરસ ન થાય ! **''सोऽश्नुते सर्वान् कामान्''**- એ શ્રુતિસિદ્ધ સર્વકામોપભોગ રૂપ આ વિહારો છે. **''न मय्यावेशितधियां कामः कामाय कल्पते ।''**- ભગવાનમાં આવિષ્ટ-બુદ્ધિવાળાનો કામ કામપ્રદ થતો નથી. માત્ર ક્રિયાની સમાનતા જ તેમાં રહે છે ! ગોપીના કામની પૂર્તિ તો નિષ્કામ સૌને કરે તેમ છે, નિષ્કામને કૃષ્ણકામના દે છે, કૃષ્ણકામને કૃતાર્થ કરે છે. આ કામલીલા હોય તો, દ્વારકાલીલાની જેમ પ્રધુમ્નાદિ-વ્યૂહલીલાથી પુત્રાદિરૂપ સંસાર સંભવે. અહીં તો, મોક્ષફલપ્રદ કોઈ મર્યાદાનો પણ ભંગ નથી! મોક્ષથી પર તો આ લીલા છે, તેથી તેના શ્રવણથી સૌનો કામદોષ દૂર થાય, તેમાં શ્રીશુક, **''विक्रीडितं.....।''**-માં માત્ર “હૃદયરોગ” ન કહેતાં “કામ”નાશ પણ કહીને, સ્પષ્ટ ફલાદેશ કરે છે. કામીનો કામ દૂર થાય. ધીર બને ! નિષ્કામભક્ત વગેરેને પરમ ભક્તિ પણ મળે ! મોક્ષમાર્ગમાં કામભાવ-રહિતોનો અધિકાર છે. **''श्रोत्रियस्य चाकामहतस्य ।''**- અકામહત-શ્રોત્રિયને (તે આનંદ છે) તે શ્રુતિ છે. બ્રહ્માનંદ સુધીના બધા આનંદનો, અકામહત- શ્રોત્રિયને લાભ છે, અહીં રાસમાં પ્રાકૃત-કામભાવ હોય તો, તેના શ્રવણથી પણ લૌકિકકામ વધે, કામનાશ ન થાય, તેથી મોક્ષ કે-રસ-ભક્તિમાર્ગની મર્યાદાનો અહીં ભંગ નથી ! ભગવાનનું ચરિત અદ્ભુતકર્મ રૂપે વસ્તુસ્વભાવથી જ નિષ્કામ છે, રસાત્મક છે, તેમાં લૌકિકકામ સંભવે જ નહિ. તેનું તાત્પર્ય સમજીને સાંભળે, તેને ભગવદ્ભાવ થાય. ભગવાનના આ વિહારો માત્ર સ્વરૂપમાં જ નથી, તેથી **''अपि''**- શબ્દ છે. આત્મારામ હોવા છતાં, શ્રીગોપીજન સાથે અનેકવિધ વિહારો કર્યા છે, રસસમૃદ્ધ ભક્તોને કર્યાં છે!

ઉદાર ભગવાનના વિહારોથી પોતાને અન્ય સ્ત્રીઓથી અધિક માનતાં શ્રીગોપીજન ! :

અજાતસ્મર-કેલિ પ્રિયાઓ સાથે પ્રભુ ભળ્યા. રાસલીલા આરંભાઈ. કામશાસ્ત્રસિદ્ધ સર્વલીલા થઈ! રસપૂર્ણ ગોપીજન થયા ! પ્રફુલ્લમુખ થયાં. અચ્યુત ભગવાને ઉદાર હાસ્ય કર્યું. રસ વધાર્યો. હાસ્યથી મોહ વધે, સ્વરૂપમહિમા ન સ્ફુરે, રસમગ્ન થવાય ! સ્નેહકલા રૂપ કુંદતેજઃ શાં દ્વિજ (દાંત) દર્શન થયાં! ખંડિતાદિભાવના અનુભવે પૂર્ણ-રસભોગ માટે નિરુપધિસ્નેહ, અલૌકિક કામોપાધિક થયો. સર્વ બાહ્યલીલા થઈ ! **''व्यरोचतैणाङ्क इवोडुभिर्वृतः ।**- શશાંક (સકલંક-ચન્દ્ર) જેમ નક્ષત્રથી ઘેરાયેલો શોભે, તેમ ભગવાન્ શ્રીગોપીજનથી વીંટળાયેલા શોભ્યા ! પૂર્ણમનોરથવાળાની જેમ, ઉદાસીનતાથી નહિ! રસવૃદ્ધિ માટે લૌકિકની જેમ પ્રભુએ વિહારો કર્યા ! કલંકવાળો ચન્દ્ર- **''एणाङ्क''**- કહીને વિકારભાવ પણ સૂચવે છે. આ ચન્દ્ર પૂર્ણ છતાં અપૂર્ણ બને, પુનઃ પૂર્ણ બને ! સદા પૂર્ણ ન રહે, તેમ પ્રભુ પણ લીલા કરે છે. સેંકડો વ્રજભક્તોનાં અનેક યૂથ રચાયાં, “યૂથ તણો નહિ પાર !” જેટલા ગોપીજન સાથે મળીને એકવિધ રસાનુભવ થાય, તેટલાંનું એક યૂથ ! અનંત રૂપે વિલસે છે ! ગાન પ્રભુ કરે છે. નવરત્નખચિત કીર્તિમયી વૈજયન્તીમાલા કૃષ્ણે ધરી છે. વનને અલંકૃત કરતાં વિચરે છે, વિહરે છે. નદીના પુલિનમાં પધાર્યા. શીતલ સુખદ કોમલ વાલુકા છે. મંદ સુરભિ શીતલવાયુ સેવા કરી રહ્યો છે. વિવિધરસ-ભોગચતુર ભગવાન્ સાથે ભક્તો વિવિધરસ માણે છે. જાતસ્મર-કેલિસંપન્ન ભક્ત થયાં. અષ્ટવિધ આશ્લેષનો આહ્લાદ મળ્યો. વિવિધ સમયે, વિવિધ દ્વાદશ અંગોમાં આરૂઢ, દ્વાદશવિધ આધિદૈવિક કામને પ્રકટ કરતાં, પ્રભુ પ્રહારથી કામવિજય પ્રકટ કરી રહ્યા છે ! આ સંયુક્તકામ રતિપતિ છે, વિયુક્ત અગ્નિરૂપ છે.

ભક્તોને સુખ પ્રભુ દે છે. સર્વરસદાન-સમર્થ, ફલરૂપ સદાનન્દ પાસેથી મનોરથ પૂર્ણ થયા ! ગોપીએ પોતાને પૂર્ણ માન્યાં, પ્રભુને નહિ, કે પ્રભુથી પોતાની પૂર્ણતા ન માની. પૂર્ણ-પ્રભુનાં બને, તેને પ્રભુ પોતાના સ્વભાવથી જ પૂર્ણ બનાવી દે, છતાં અપૂર્ણને તો તેથી અભિમાન આવે ! પૂર્ણની પૂર્ણતાનો મહિમા ક્યાં સમજાય ? ! ભૂતલ પર, સ્ત્રીઓમાં પોતે જ સર્વાધિક લાગ્યાં, માન મળ્યું, અભિમાન આવ્યું,- માન પચે, સ્વદોષ દેખવાથી કે પ્રભુનો મહિમા સમજવાથી ! નહિ તો માનનો અપચો થાય ! અભિમાન ભગવદભિમુખ ન રાખે. “અમારા જેવું કોઈ નથી,”- તે ભાન ભક્ત ગોપીજનને પણ થયું, “માનિની” થયાં ! - “ભગવાન્ વિનવે તો રસ દઈશું !” પ્રાર્થનાથી પોતાને પ્રભુ વશ થયા હતા, પોતે પણ પ્રાર્થનાથી રસાનુકૂલ થશે ! - ભગવદ્ધર્મો ભક્તોમાં આવ્યા ! નાયક વિના અધિકતાના જ્ઞાન માત્રથી માન કઈ રીતે થાય ? આ તો અદ્ભુત રસવર્ધકભાવ છે, ભગવદ્- ભાવરૂપ છે, દોષરૂપ નથી, નિર્દોષ છે ! ભગવાને હવે જુદા રહીને નહિ, એક થઈને રસદાન વિચાર્યું.

મદ - માનના પ્રશમન - પ્રસાદ માટે અંતર્ધાન થતા ભગવાન્ ! :

तासां तत् सौभगमदं वीक्ष्य मानं च केशवः ।
प्रशमाय प्रसादाय तत्रैवान्तरधीयत ॥ (૪૮)

ભક્તોનાં માન અને પૂર્ણતા દોષપ્રદ નથી, પણ સ્ત્રીઓમાં કે ભૂમિ પર શ્રેષ્ઠતાનું ભાન દોષરૂપ છે ! ભક્ત નંદદાસજીએ તો તેનો પણ બચાવ કર્યો ! સામાન્યમાનવ ક્ષુલ્લક મોટાઈથી અભિમાન કરે છે. આ તો પ્રભુપ્રિયાઓ છે. ''क्यों न करे रि अभिमान मनमोहन का'न वश जिन्हें ।''- ભગવાને આ તેમનો સૌભાગ્યમદ જોયો. મદના પ્રશમન માટે અને માનના પ્રસાદ માટે પ્રભુ - ''तत्रैव''- (૧) લૌકિકરીતે છુપાઈને ગોપિકાઓના યૂથમાં જ અંતર્ધાન પામ્યા ! (૨) અલૌકિક રીતે ગોપીકાઓના હૃદયમાં લીલાસહિત પધાર્યા ! (૩) વ્યાપિવૈકુણ્ઠમાં લક્ષ્મીજી પાસે પધાર્યા ! મદ બાહ્ય છે, માન આન્તર છે ! મદ દૂર થવા છતાં ફરી ક્યારેક સંભવે પણ ખરો ! તેમ ન બને તેથી - “પ્રશમન” પ્રભુ કરે છે. શમન નહિ ! પ્રસાદ માટે ભક્તોમાં સ્વવિષયક તાપભાવે દીનતા દે છે, દીનતાથી પ્રભુ તરત મળે છે. વિહારના પ્રતિબંધ રૂપ માનભાવમાં, અનુનયરૂપ પ્રસાદ તો કરવો પડે ને ! પૂર્ણતારૂપ સ્વધર્મ- સ્થાપન પણ પ્રસાદરૂપ છે. પ્રિયની પ્રસન્નતામાં, પોતાની પણ પ્રસન્નતા સમાય, તે ''च'' કાર સૂચવે છે. આ તો ઉપેક્ષા કરે તેવા નથી, “કેશવ” છે. બ્રહ્માનો રજોગુણ અને શિવનો તમોગુણ દૂર કરીને મુક્તિ-સુખ દેનારા છે ! તામસભાવે સર્વાત્મભાવથી આ અનુભવ કેવલ વ્રજભક્તોને છે. રસાત્મક રીતે પ્રભુ અંતઃસ્થિત છે. રુક્મિણીજીને વાચનિક-તિરોધાનનો અનુભવ દ્વારકાલીલામાં છે. વિપ્રયોગ મહાફલરૂપ છે. સૌને તે મળતો નથી. જેમાં મદ- માનભાવ છે, તે યૂથમાંથી પ્રભુ અન્તર્હિત થયા, યૂથથી બહાર હતાં તેમની પાસે તો પ્રકટ પણ છે, તેથી તો એક ગોપીને લઈને પધાર્યાની કથા આગળ છે. લઘુરાસમાં સંયોગ-શૃંગારરસ છે. પૂર્ણરસાનુભવ માટે પ્રભુએ પોતાના પ્રિયોગાત્મક સ્વરૂપનો પણ અનુભવ દીધો ! આમ, રાસલીલા તો સંયોગ-વિયોગ-સંયોગ-ક્રમે શૃંગારરસાનુભવથી સંયોગ-સંપુટ છે. પુરુષોત્તમ-માસમાં સંપુટદાનનું ફલ વિશેષ,- મંત્રમાં સંપુટજપનું ફલ વિશેષ, તેમ ફલાત્મક પુરુષોત્તમની રાસલીલામાં પણ આ સંયોગ-સંપુટ છે, રસની સર્વોત્કૃષ્ટતા તેથી અનુભવાય છે. તે પણ પ્રસાદરૂપ છે !

અધ્યાય : ૩૦

સંયોગમાં ઉત્કટ સુખ માણનાર શ્રીગોપીજન વિયોગમાં તીવ્ર દુઃખ અનુભવે છે ! : તેમને તો પ્રકટ ભગવત્સ્વરૂપાનુભવ મુખ્ય છે ! :

ભગવાન્ રાસમાંથી તિરોહિત થયા. રસાસક્ત શ્રીગોપીજનને તીવ્ર સંતાપ થયો. ભક્તોમાં સ્વાનંદસ્થાપન માટે ભગવાને બાહ્યાભ્યાંતર-આત્માથી-લીલાનુભવ દીધો. લૌકિકમાં કામજન્ય આનંદ અમુક સમયે ઉત્પન્ન થાય, સ્વલ્પ સમય ટકે, નષ્ટ થાય, વિકૃત રૂપ ગણાય છે. અહીં તો, અલૌકિક-કામલીલાથી પ્રકટ થતો આનંદ પણ સ્વરૂપાત્મક છે, તેથી અવિકૃત છે, નિત્ય ટકે છે, સંયોગાવસ્થામાં બહાર પ્રકટે છે, વિયોગાવસ્થામાં અંદર પ્રકટે છે ! બાહ્ય પ્રકટ પુષ્ટરસ અંતઃપ્રવેશ કરે માટે ભગવાને લીલા-સહિત અંતઃપ્રવેશ કર્યો ! અંતઃપુષ્ટરસ થાય તો દેહેન્દ્રિયમાં પ્રવેશે. સંયોગમાં નૂતન-નૂતન યત્નોથી (અનુભવથી) રસ તે પછીથી વિશેષ હૃદયસ્પર્શી બને. તેમાં, અનુભવેલા રસનું પોષણ માત્ર નથી. અહીં તો, “નિત્યલીલા નિત્ય નૌતમ શ્રુતિ પણ ન પામે પાર !” - સ્વતંત્રલીલા છે. સંયોગમાં રસાનુભવ જેમ જેમ ઉત્કટ, તેમ તેમ વિયોગમાં દુઃખાનુભવ તીવ્ર ! આમ, અંતઃ-રસ પુષ્ટ થતાં, પહેલાં પોતે અનુભવેલ લીલારૂપ દેહેન્દ્રિયાદિ બની જાય, પ્રિયરૂપ પોતે તન્મયતાથી લાગે. ''असावहं''- એ સ્વાભાવિક સંવેદનના ઉદ્‌ગાર નીકળે !

તે પછીના સંયોગમાં, પહેલાંના સંયોગથી પણ અધિક પુષ્ટરસાનુભવ થાય, નહિ તો સંયોગ સામાન્ય લાગે. સંયોગ પછીના વિયોગ-માત્રથી આ દશા તો થાય, પણ વિષમ વેદનાથી ક્ષણ માત્રમાં કાંઈ અન્યથા થાય તો રસદાન ન સંભવે, તેથી સ્વરૂપ રસાત્મક હોવાથી પ્રભુએ જ અંતઃપ્રવેશ કર્યો. તિરોધાનલીલામાં પ્રિયાઓએ પ્રેષ્ઠપ્રભુની પ્રાપ્તિ માટે કરેલાં સાધનાનુષ્ઠાનરૂપ રસાસક્તિ, હરિ-સંબંધી ક્રિયા, ગોપીજનનો ગર્વાભાવ અને રસસ્વભાવથી ગુણગાન, આમાંથી ક્રમશઃ ત્રણનું નિરૂપણ ઉદ્દેશ, લક્ષણ અને ફલતઃ આ અધ્યાયમાં છે. ભક્તો ભગવાનને શોધે છે, તે અન્વેષણલીલા છે. રસાસક્તિથી જ આમ શોધે છે, નહિ તો ઘેર જાય ! જ્યારે બહારનું સંવેદન થાય છે, ત્યારે ગોપીજન પ્રભુને શોધે છે, તે રસાસક્તિ સૂચવે છે. અહીં પહેલા ત્રણ શ્લોકમાં રસાસક્તિ, હરિક્રિયા-લીલા અને ગર્વાભાવનું ઉદ્દેશતઃ નિરૂપણ છે. (સંક્ષેપમાં કે એકદેશથી કથન છે); પછી ત્રણેનાં અસાધારણધર્મ (અનુમાપક) રૂપ લક્ષણનું નિરૂપણ છે. શોધ રસાસક્તિનું લક્ષણ છે. લીલા ભક્તોમાં છે, તેનું અનુમાપક છે,- ભક્તોમાં પ્રકટ થયેલું લીલાનુકરણ ! ગર્વાભાવનું જ્ઞાપક છે,- સપત્ની (પ્રભુ સાથે એકલાં ગયેલાં ગોપી)ના ભાગ્યનું અભિનંદન ! પછી ત્રણેનાં ફલનું નિરૂપણ પણ છે. અન્વેષણનું ફલ છે,- પદદર્શન ! લીલાપ્રવેશનું ફલ છે, - ભગવાનમાં નિર્દોષભાવ ! પ્રભુ એકને વશ થયા, પોતાને નહિ, છતાં પ્રિયદોષ ન દેખાયો ! ગર્વાભાવનું ફલ છે,- અન્ય સર્વ ભૂલીને માત્ર પ્રિય પ્રભુને પ્રાપ્ત કરવાના જ પ્રયત્નો ! ગુણગાન તો અધ્યાયમાં સામાન્ય રૂપે છે, વિશેષતઃ “ગોપીગીત” રૂપે છે. રસ તેથી અંતઃસ્થિત થાય છે. ભગવાને કરેલી લીલા, પહેલાં કહી, અહીં શ્રીગોપીજને કરેલી લીલા છે ! વ્રજાંગનાઓને તો બહાર પ્રકટ ભગવત્સ્વરૂપનો અનુભવ જ મુખ્ય છે, અંદર તો અનુસંધાન નથી ! પ્રિયને ન જોતાં, પરિતાપ પુષ્કળ થયો. પ્રિયનાં દર્શન-સ્પર્શનથી જ સંતાપ શાન્ત થાય. ભગવદ્રૂપ - સંતાપ સ્વાન્તઃને સ્પર્શે, ત્યાં તો અંદરની લીલા પ્રકટ થઈ !

શ્રીગોપીજનના હૃદયમાં ભગવાન્-લીલા-તાપભાવ ત્રણે છે !:
તેમનામાં અહંતા - રહિત કૃષ્ણતા છે !:

શ્રીગોપીજનના હૃદયમાં તો ભગવાન્, લીલા અને તાપભાવ ત્રણે છે. ભગવદિચ્છાનુસાર અન્યોન્યના ઉપમર્દથી ત્રણમાંથી એક પ્રકટ થાય છે. શ્રીગોપીજન તો ભગવાનનાં સ્વરૂપ, વાણી અને મનથી વશ થઈ ગયાં છે, ભગવદ્‌ભાવ-સંપન્ન બની ચૂક્યાં છે. ભગવાનની ચેષ્ટા જ કરે છે ! ગતિ-કાયિક ચેષ્ટા છે. અનુરાગ - માનસ છે. પ્રભુના સસ્નેહ, સ્મિત-સહિત, અલસવલિતાદિ-કટાક્ષવિલાસ તો સ્વસ્થતા છોડાવી, મોહિત કરી દે છે ! ભજનનિષ્ઠાને બદલે પ્રમદાભાવ તો, માનાદિ-ભાવ દે છે ! ગોપીજનને બાહ્યાભ્યંતર ભાન પૂરું ન રહ્યું. બાહ્યાનુસંધાને કેવલ વિરહભાને દુ:ખ જ થાય. આ તો ક્ષણ ક્ષણ વિલક્ષણ ભાવો ઉભયના અનુસંધાને અનુભવે છે ! વચ્ચે પ્રભુ સ્ફુરતાં ભગવદ્ધર્મોમાં આવ્યાં. મનોરમાલાપ - મનમાં રમતો રસલીલાનુકૂલ ભગવદ્‌વાર્તાલાપ, વાચિક રીતે મોહક છે. "आक्षिप्तचित्ता प्रमदा रमापतेः"- આ ત્રણ પ્રકારે શ્રીગોપીજનનું ચિત્ત આક્ષિપ્ત થયું છે, સંતાપ પ્રાપ્ત ન થયો. સ્વભાવથી જ પ્રકૃષ્ટમદવાળાં પ્રમદા છે. અહીં સર્વભાન ભુલાવતો ઉત્કટરસ મદરૂપ છે; તેથી કૃષ્ણચેષ્ટા કરે છે ! આવા મદ વિના દાસ્યભાવ ભુલાય ક્યાંથી ? રમાપતિના રમા સાથેના વિલાસની ચેષ્ટા ગ્રહણ કરી. એકની અનેક ચેષ્ટાઓ છે ! અંત:કરણમાં ભગવાન્ જ તેમ સ્ફુરે છે ! ગોપીજન જુદાં ન રહ્યાં. ભગવદ્ધર્મો શ્રીગોપીજનમાં આવ્યા ! શ્રીગોપીજને સ્વધર્મો ભગવાનમાં આરોપ્યા ! અન્યોન્ય ધર્માવેશ વિના વિલાસમાં ઉલ્લાસ ક્યાંથી આવે ?! પોતે ચેષ્ટા કરતાં હોવા છતાં, પ્રિય જ નાયિકાની જેમ કરે તેમાં, પ્રિય સ્વયં આમ કરે છે, તેવી ભાવના ભક્તોના મનમાં છે. કૃષ્ણ-વિહારનું અનુકરણ કરતાં, કૃષ્ણ જ વિહાર કરે છે, તેમ માને છે. ગતિ-સ્મિત-પ્રેક્ષણ-ભાષણ એ કાયા, મન, દૃષ્ટિ અને વાણીનાં મુખ્યકાર્ય છે. તે સર્વમાં પ્રતિરૂઢ સ્વરૂપવાળાં પ્રિયાઓ થયાં ! - "प्रिया प्रियस्य प्रतिरूढमूर्तयः ।"- સ્વગતિમાં પ્રિયગતિ અને પ્રિયગતિમાં સ્વગતિનો ભાવોદ્રેક થયો, વિપરીતવિહારાનુકૂલ ભાવ થયો ! પ્રિયપ્રભુનાં ગતિ-સ્મિત-પ્રેક્ષણ-ભાષણ વગેરેમાં પોતાના સ્વરૂપનું આરોપણ કર્યું, તદાત્મક થઈ ગયાં. ભીષ્મને તો, "ललितगतिविलासवल्गुहासप्रणयनिरीक्षणकल्पितोरुमानाः।"- ગોપીજન લાગ્યાં છે ! સ્વસ્થદશા છે, તેથી લલિતગતિ, વલ્ગુહાસ, પ્રણયનિરીક્ષણ વગેરે પદ છે. અહીં તો, "गति-स्मितप्रेक्षणभाषणादिषु-।"- વિશેષણ વગરનાં પદ છે. વિપ્રયોગદશા છે ને ! ભગવાન્ અને ગોપીજનનાં ગતિ વગેરે વિલક્ષણ હોય તે તો સ્વાભાવિક છે; પણ હવે તો ગોપીનાં ગતિ વગેરે પણ કૃષ્ણની ગતિ વગેરે જેવાં થઈ ગયાં ! ગોપીજન કૃષ્ણવત્ વિહાર અને વિલાસમાં રત થતાં, કોઈ શોધતાં સખીને સ્વત: કહેવા લાગ્યાં - "असौ कृष्णः" "अहं कृष्णः"- "આ કૃષ્ણ ! હું કૃષ્ણ !" કે "જેને શોધો છો, તે કૃષ્ણ હું છું !" ભક્તોને આ તો કૃષ્ણતા સ્ફુરે છે, તેમાં અહંતા નથી ! ભગવત્સ્વરૂપ પ્રકટ કરવામાં બલરહિત-અબલા-છે ને !

શ્રીગોપીજનને સંયોગમાં ઐચ્છિક-દ્વૈતના અનુભવ પછી વિયોગમાં તો રસાનુરૂપ અખંડાદ્વૈત સ્ફુર્યું છે !:

સ્વરૂપલક્ષણા-શ્રુતિએ બ્રહ્મસ્વરૂપનું ગાન કર્યું, મંત્રદ્રષ્ટા ઋષિયોએ ધ્યાન કર્યું, છતાં શબ્દથી કે સમાધિથી સ્વરૂપનું સંવેદન કેટલુંક સ્વાનુભૂત થાય ?! તેથી સંતોષ ન હતો. સંગીતમાં રાગનું નામ

કે સ્વરૂપ જાણીએ તેમાં આનંદ શો મળે ? “સારંગ” રાગ. તેમાં ગાંધાર અને ધૈવત આવે નહિ, આરોહમાં તીવ્ર નિષાદ અને અવરોહમાં કોમલ નિષાદ આવે. આમ જાણવા કે કહેવામાં કેટલો આનંદ થાય ? પણ ઉનાળાની બપોરે ફુવારા-ખસખાના હોય, સુંદર વાદ્યો સાથે, - “बैठे हरि राधे संग...”- ગવાતાં, આધિદૈવિક સારંગ રાગ પ્રકટે, તો કેવી શીતલતા, આનંદ અનુભવાય ?! સ્વાનુભાવે સારંગ, કેવો આ લાગે ?! તેમ જ્ઞાન હોવા છતાં, સ્વાનુભવે પ્રભુને માણવા બંને વ્રજગોપી થયાં! શબ્દ અને સમાધિનો સ્વલ્પાનુભવ આજે સાક્ષાત્ પૂર્ણાનુભવમાં પ્રકટ થયો ! સંયોગમાં ઐચ્છિક-દ્વૈતના અનુભવ પછી, વિયોગમાં તો રસાનુરૂપ અખંડાદ્વૈત સ્ફુર્યુ ! “कैवल्यं सात्त्विकं ज्ञानम् ।”- કેવલ અખંડાદ્વૈત ભાન તો જીવધર્મ છે. આ તો વરણૈકલભ્ય છે. “अहं ब्रह्मास्मि”- માં ન જડ્યું, તે આ “कृष्णोऽहं”- માં માણ્યું ! “तदात्मिकाः”- પ્રિયાઓ તદાત્મક થઈ ગયાં. “तत्त्वमसि”- ખંડવાક્યનું “तत्”- બ્રહ્મ પરોક્ષ હતું. આજે તો પ્રત્યક્ષ થયું ! “प्रज्ञानं ब्रह्म”- નું જ્ઞાનઘન બ્રહ્મ આજે રસ રૂપે રેલાતું માણ્યું ! “सोऽहम्”- માં જે સ્વાદ ન હતો, તે “दासोऽहं”- હૃદયે થતાં, મુખેથી “कृष्णोऽहं”-રૂપે માણ્યો ! “अयमात्मा ब्रह्म ।”- માં જે ન જાણ્યું, તે આત્મારૂપ કૃષ્ણાનુભવે માણ્યું ! ધર્મરૂપ વિહાર અને ધર્મીરૂપ કૃષ્ણ ઉભયનો અનુભવ થઈ ગયો ! કૃષ્ણ જેવાં વિહારાદિ થયાં. તાપ-લીલા-ભગવાનનો ઉદ્દેશતઃ સંબંધ થયો. ભગવદિચ્છાનુસાર તેમાંથી એક પ્રકટ થાય છે, તેથી પરસ્પર પ્રતિબંધક નથી થતાં.

બાહ્યાનુસંધાન થતાં પ્રભુની પૃચ્છા પ્રારંભી. ક્યાં છે પ્રિય ભગવાન્ ?! શોધે છે,- પ્રિયા ગોપીજન ! વિકલતા ખૂબ છે. તિરોભાવ પણ પૂરો સ્ફુર્યો નથી ! શોધમાં પણ અનિયતવૃત્તિ છે. ભગવદ્- ભાવાપન્ન ગોપી પોતાને કૃષ્ણ સમજે, તે અન્યને સખીરૂપ ગણે, પણ તે સખી આને કૃષ્ણરૂપ ન જુએ, તેથી સાનુકૂલ વર્તન ન કરે, તેથી બાહ્યજ્ઞાન થાય ! આગળ જ્યાં લીલા પ્રકટ થઈ છે, ત્યાં તો યથાર્થ (છે તેવી જ) લીલા છે ! તેથી સર્વ યોગ્ય છે. અહીં પ્રિયને ન જોતાં, ઉત્કટભાવથી માત્ર પ્રિયની સ્ફૂર્તિથી, પોતાનામાં પણ તદ્રૂપતાનું ભાન માત્ર થાય છે ! મત્તદશામાં બાહ્યાનુસંધાન રહેતું નથી. અજ્ઞાન ઉન્મત્ત શાં ગોપી છે ! પ્રિય હોય તેમને તો પ્રભુ પોતે પોકારીને બોલાવે છે. ભગવાનના ગાનથી પોતે આવ્યાં, તો પોતાના ગાનથી અહીં ક્યાંક રહેલા રસપરવશ પ્રભુ પણ પધારશે, તેમ સમજીને, એકઠાં મળીને, ઉચ્ચ સ્વરે ગોવિંદનું જ ગાન કરી રહ્યાં છે ! બાહ્યભાન કાંઈક છે, કાંઈક નથી ! ભગવાને અત્યાર સુધી સ્વરૂપાનન્દ પ્રકટ કર્યો ન હતો. તે તો સ્વરૂભૂત છે; પ્રકટ ન થાય ત્યાં સુધી, અનુભવ ન મળે. જે પ્રકારના ભક્તિયોગથી આ સ્વરૂપાનન્દ પ્રાપ્ત થાય, તેવો ભક્તિયોગ પ્રકટ કરવા તો પુરુષોત્તમ કૃષ્ણ થયા છે. “तथा परमहंसानां मुनीनाममलात्मनाम् । भक्तियोगविधानार्थं कथं पश्येमहि स्त्रियः ॥” કુંતાજીએ કહ્યું છે, - “નિર્મલ અંતઃકરણવાળા પરમહંસ મુનિયોના ભક્તિયોગવિસ્તાર- પ્રયોજન-રૂપ અવતાર છે, અમે સ્ત્રીઓ કેમ સમજીએ ?!” આ ભક્તિયોગ અને તેથી મળતો સ્વરૂપાનન્દ વેદોક્ત સાધનોથી પણ ન મળે ! તે સ્પષ્ટ સૂચવવા તો અધિકારીનાં અનેક વિશેષણો શ્લોકમાં કહ્યાં છે. આવા રસપ્રદ, રસાત્મક સ્વરૂપના સર્વભાવો પણ રસાત્મક છે, નહિ તો સાંભળવા માત્રથી કામનાશક - સ્નેહ સંભવે ક્યાંથી ?!

ભક્તિવાળાને જ્ઞાન - વૈરાગ્ય ઉપકારક નથી ! :

સંયોગ-વિયોગના મિશ્રભાવે ગોપીજન તો ઉન્મત્તવત્ ગાય છે. અગ્નિ શો દાહક વિપ્રયોગ એકદમ પૂરો પ્રકટ થઈ જાય તો તો ભસ્મસાત્ કરી દે ! કાષ્ઠમાંથી ધુમાડાથી ક્રમશઃ આર્દ્રતા (ભીનાશ) જાય, અગ્નિ પૂરો પ્રકટે. તેમ અહીં, સંપૂર્ણ વિપ્રયોગ ક્રમશઃ પ્રકટે તેમ, વિચિત્રભાવે ગોપીનું ગાન પણ વિચિત્ર છે, સુગંધી ધૂપ જેવું ! "पप्रच्छुराकाशवदन्तरंबहिर्भूतेषु सन्तं पुरुषं वनस्पतीन् ।"- ગોપી વનસ્પતિને પૂછે છે ! શ્રીશુક તો સ્વરૂપજ્ઞ છે. આનન્દમય હસ્તચરણાદિ રૂપ કૃષ્ણને સર્વત્ર વિરાજતા જુએ છે. કૃપાપૂર્વક ભક્તિ-સહિત જ્ઞાન હોય તો આ દર્શન મળે ! વ્યાપક વિભુને પરિચ્છિન્ન ગણીને ગોપી શોધે છે ! વચ્ચે જ્ઞાનિભક્ત શ્રીશુક આ બોલ્યા વિના ન રહી શક્યા! "तस्मान्मद्भक्ति-युक्तस्य.....।"- ભક્તિવાળાને જ્ઞાન-વૈરાગ્ય ઉપકારક નથી ! ગોપી, આત્મા રૂપે ભગવાનને જાણે તો દર્શનની આતુરતા ન થાય, તો પ્રભુ પ્રકટ પણ ન થાય. તો તો અનર્થ થાય. દેવકીજીને કાલના પણ નિયામક રૂપે ભગવાન્ લાગ્યા, છતાં કંસનો ભય પણ સ્નેહના પ્રભાવે લાગ્યો હતો ને ! ગોપીને તો આવું પ્રતિબંધક-જ્ઞાન નથી, તેથી સ્નેહનો સ્વભાવ જ પ્રભાવ બતાવે ને ! વ્યાપકતા રૂપ ભગવદ્ધર્મ ક્યાંથી તેમાં સ્ફુરે ? ! જ્ઞાનિભક્ત શ્રીશુકને આવો ભાવોદ્રેક માત્ર થાય તો કથા જ ન થાય, જીવન ન ટકે, ભાગવત-પ્રચારકાર્ય ન થાય; તેથી તે જ્ઞાનપૂર્ણ-વર્ણન કરે છે ! ભગવાને જ આપેલા અધિકાર પ્રમાણે અનુભવ પણ થાય ને !!

વૈષ્ણવ-વિશ્વ-વિજય-નાદ ! : મૂઢ પણ વૈષ્ણવ જ નિશ્ચિતપણે પુરુષોત્તમ - ગતિને જાણે છે ! બીજા અત્યંત નિપુણ હોવા છતાં પણ તે જાણતા નથી ! :

આકાશની જેમ અંદર અને બહાર, પ્રાણીમાત્રમાં વિરાજતા પુરુષની પૃચ્છા શ્રીગોપીજન કરે છે ! જોતાં નથી, આત્મામાં વિચારતાં નથી, ચેતનને પૂછતાં નથી ! પૂછે છે, - અને તે પણ સ્થાવર વનસ્પતિને ! "भूत"- શબ્દ નપુંસકલિંગનો, "पुरुष"- રૂપ પ્રભુ, પ્રાણી માત્ર પાસે આનંદાત્મક વ્યાપક પ્રભુ હોવા છતાં, આનંદરસાનુભાવ જ થાય છે ને ! રસાનુભવ (ભગવદનુભવ) તો સ્ત્રીરૂપ-પ્રસાદશક્તિનો પ્રવેશ જેનામાં હોય તેને થાય ને ? ! શ્રીગોપીજન તો શુદ્ધપ્રેમ-ભક્ત ! સાંભળે તો શીઘ્ર સંભળાવી દે, જ્ઞાનીના પુરુષ પ્રભુ તો જાણવાના અને જોવાના ! અમારા પુરુષોત્તમ તો માણવાના ! ઈચ્છીએ તેમ નિકટમાં આણવાના ! વનસ્પતિ તો વૈષ્ણવ છે. દુ:ખીને દેખીને દયાથી દ્રવી જાય, તે વૈષ્ણવ ! "વૈષ્ણવજન તો તેને રે કહીએ; જે પીડ પરાઈ જાણે રે !" ભલેને તે મૂઢ લાગે ! "मूढा अपि वैष्णवा एव हि विष्णुगतिं जानन्ति, न त्वत्यन्तं निपुणा अप्यवैष्णवाः ॥"- શ્રીવલ્લભાચાર્યજીએ તો વૈષ્ણવ- વિશ્વ-વિજયનાદ કર્યો છે ! "મૂઢ પણ વૈષ્ણવ જ ચોક્કસપણે પુરુષોત્તમગતિને જાણે છે, અત્યન્ત નિપુણ હોવા છતાં પણ વૈષ્ણવ ન હોય તો તે નહિ !" શ્રીમહાપ્રભુના પુષ્ટિમાર્ગમાં તો, ભલા-ભોળા છતાં મૂઢ લાગતા વૈષ્ણવને પણ ભગવાનની ગૂઢલીલા હૃદયારૂઢ હોય ! અનેક વાર્તા-પ્રસંગો પ્રસિદ્ધ છે. ભગવલ્લીલા ન સમજાય ત્યાં સુધી, સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી, પોતાને ગમે તેવા સારા માનવા- મનાવવા છતાં, વલ્લભીય-વૈષ્ણવમાં મૂઢ રૂપે પણ સ્થાન કઈ રીતે ગણાય ? ! ભગવાને જેમને ભક્તિમાર્ગની બહાર રાખ્યા છે તે જીવો, - "बहिर्भूत"- છે. તેમને માટે "आकाशवदन्तरं"- આકાશ જેવું નિરાકાર, વ્યાપક, નીરૂપ જેવું બ્રહ્મ, અપ્રત્યક્ષ હોવા છતાં, અંતર

જ છે. બહાર પ્રકટ રૂપે નથી ! વાસ્તવમાં, ભક્તિમાર્ગીય જીવો માટે તો, **"सन्तं पुरुषं"**- વિધમાન્ સાકાર પુરુષ રૂપ પ્રભુ, સ્વામી રૂપે પ્રકટ વિરાજે છે ! ભક્તો તો ભગવાનને શોધેને ! સ્ત્રી, પતિને હૃદયમાં ન શોધે, નિકટમાં ઈચ્છેને !

ઉન્મત્ત શાં ગોપીજને અશ્વત્થ (પીપળો), પ્લક્ષ (પીપળ) અને ન્યગ્રોધ (વડ)ને પૂછ્યું. "પ્રેમપૂર્વક હાસ્ય-સહિતના કટાક્ષોથી ભાવાનુકૂલ થઈને, અમારાં મન હરીને ગયેલા નન્દપુત્રને તમે જોયા ?" પ્રેમથી અંતઃપ્રવેશ, હાસ્યથી મનોગ્રહણ અને કટાક્ષથી હરણ કરે છે. પીપળો વૈષ્ણવવૃક્ષ છે. વિષ્ણુ તેની દેવતા ! **"अश्वो रूपं कृत्वा यदश्वत्थेऽतिष्ठत् ।"**- શ્રુતિછે. અશ્વ જેમાં વસે તે,- અશ્વત્થ ! લોકો તો અશ્વ પર બેસે. આ તો તેમાં અશ્વ હોવા છતાં ગતિ-જ્ઞાન-રહિત છે ! અભિમાનથી અક્કડ છે, ઉત્તર ન આપે ! પ્રાજાપત્ય-વૃક્ષ પીપળ છે. બ્રહ્મા તેની દેવતા, પીપર તો મનુષ્યના અજ્ઞાન માટે, અપવિત્રતાથી અજ્ઞાન દેવા થઈ છે ! **"पशुना वै देवाः स्वर्गं लोकमायन् । तेऽमन्यन्त मनुष्या नो न्वा भविष्यन्तीति । तस्य शिरश्छित्वा मेघं प्राक्षारयन् । स प्लक्षोऽभवत् ।"**- શ્રુતિ છે. અપવિત્ર હોય તેને જ્ઞાન શું ! તે ઉત્તર પણ આપે ક્યાંથી ? કર્મસંબંધરહિત વૈષ્ણવધર્મવક્તા શિવ વડની દેવતા છે, પણ વડ તો આગળથી વડવાઈઓ રૂપે નીચે ઢળે છે. આ બધાં પોતે મોટાં છતાં ફલ નાનાં ! સમાજમાં મોટા લાગે, તેમનાં જીવનફલ મોટાં ન પણ હોય ! પોતાનું ફલ તો સૌથી મોટું, - કૃષ્ણ ! તેની આ બધાને ખબર ક્યાંથી હોય ?! કુરબક-અશોક-નાગ-પુંનાગ-ચંપકને પૂછ્યું. તે તો કામબાણ રૂપ અને સુગંધપૂર્ણ, છતાં ઉત્તર ન મળ્યો ! **"मानिनीनां दर्पहरस्मितः ।"**- "પ્રભુને જવાની જરૂર શી હતી ?! માત્ર હસ્યા હોત તો પણ અભિમાન ઓસરી જાત ! આ તો **"कुत्सितरवात् सुखं यस्य ।"**- ખરાબ રવથી જેને સુખ છે, તે કુરબક - રુદનપ્રિય ! તેને મધુર વેણુરવથી હર્ષપ્રદ કૃષ્ણની ખબર ક્યાંથી હોય ! અશોક - શોક નાશ કરે, સુખ ન દે, તે સુખપ્રદ શ્યામને શું જાણે ?! નાગ, પુંનાગ તો નામથી પણ ભયપ્રદ ! તેમને અભયપ્રદ પ્રભુની ઓળખ શી ?! ચમ્પક તો પરિણામે વિરસ ! સરસ શ્યામનો તેને પરિચય ક્યાંથી ?! ફલ વગરનાં આ સૌ ! ફલરૂપ કૃષ્ણને જાણે શું ?!"

ભગવાન્ તો ભગવદીયને પુછાય. પૂછ્યું,- તુલસીજીને ! તે તો પ્રભુનાં પત્ની ! નિત્ય ગોવિંદ-ચરણપ્રિય ! ઉત્તમભક્ત ! તેના દ્વારા તો સૌ શરણે-ચરણે પહોંચે ! નિષ્કામ ભક્ત તુલસીજી છે, નિરંતર પ્રભુ-ચરણ સેવન કરે છે. લક્ષ્મીજી પણ તેથી, તુલસીજી દ્વારા ભગવાનના ચરણનું પૂજન કરે છે, નહિ તો સપત્નીભાવે તેમ ન કરે ! પ્રભુચરણે તુલસી વિરાજે, માર્ગમાં આ પણ તુલસી, બંને સજાતીય ! જાણતાં હશે ? ઉત્તર તો ન મળ્યો ! ગોપી સમજ્યાં, - આ તો સ્ત્રી, સપત્નીની જેમ શ્રેષ્ઠતા સાચવે. પોતાનું પ્રિય ક્યાંથી દઈ શકે ? રસરીતિ નહિ જાણતાં હોય, તેથી ઉત્તર ક્યાંથી આપે ? સાધારણ સ્ત્રી શાં માલતી, મલ્લિકા, જાતિ, યૂથિકાને પૂછ્યું, - "માધવ કરસ્પર્શે પ્રીતિ દેતા પધાર્યા ?!" ચારેય વેલ, ખૂબ સુગંધી પુષ્પવાળાં, પ્રભુને પ્રિય. પોતાની પ્રેમની વેલ, ગુણ, પુષ્પ, પ્રભુને પ્રિય ! માધવ તો લક્ષ્મીપતિ ! પાસે રહેતાં લક્ષ્મીના કેશશૃંગાર માટે પુષ્પ લીધાં હોય ! ઉત્તર અહીં પણ ન મળ્યો ! લાગ્યું, આ તો ફલ-રહિત, અલ્પ, સ્વાર્થી, લક્ષ્મીનાં પક્ષપાતી ! ઉત્તર કેમ આપે ? કિંમતી પુષ્પ તો કિંમત ચૂકવી શકે તેવા સંપન્નને મળે, અમારા પ્રભુ તો દીન, નિષ્કિઞ્ચન, પ્રપન્નને મળે.

અમારો આત્મા છે - કૃષ્ણ ! માર્ગ તેનો બતાવો ! : ઉષ્ણભાવ-પૂર્ણ દીનતાથી જ કૃષ્ણમાર્ગ મળે ! :

ઉત્તમ ફલવાળાં, યમુનાકિનારે ઊગેલાં, આંબા-રાયણ વગેરે વૃક્ષોને પૂછ્યું, "येऽन्ये परार्थभवका यमुनोपकूलाः शंसन्तु कृष्णपदवीं रहितात्मनां नः ।"- અન્યને માટે જ ઊગતાં -જીવતાં પરોપકાર-પરાયણ વૃક્ષો છે. ઉત્તમ ફલવાળાં વૃક્ષોને જ પોતાના ઉત્તમ જીવન-ફલ જેવા કૃષ્ણની કિંમત સમજાયને ! કૃષ્ણ- ફલરહિત તો નિષ્ફલ છે, વ્યર્થ તેનું તો જીવન છે ! તેમાંય આ તો યમુનાકિનારા પાસે રહેનારાં,- તપસ્વી જેવાં ! તે તો પ્રભુને જોતાં હશે, જાણતાં હશે ! "અમારા સદાનન્દ કૃષ્ણ પધાર્યા હોય તે માર્ગ કહો !" વૈષ્ણવ તો દયાળુ હોય. દુઃખી પર દયા કરે ! "પરદુઃખે ઉપકાર કરે તોય, મન અભિમાન ન આણે રે !" વધારેમાં વધારે દુઃખી તો દુનીઆમાં અમે છીએ ! કોઈ ધન વગરનાં, કોઈ સ્વજન વગરનાં, કોઈ મન વગરનાં, કોઈ તન વગરનાં, કોઈ ઘર વગરનાં હશે, કોઈ વિધા વગરનાં, કોઈ સુખ વગરનાં પણ હશે, તે દુઃખી છતાં જીવતાં તો હશે ! અમે તો આત્મા વગરનાં છીએ ! જીવીએ કઈ રીતે ?! સૌથી વધારે દીન અમે છીએ. અમારો આત્મા છે, - કૃષ્ણ ! માર્ગ તેનો બતાવો ! કહો ! શું કરીએ તો અમારો આત્મા કૃષ્ણ અમને મળે ? જીવનમાં અનેક "પદવી" મળે, તો પણ કામની કેટલી ? તે કલ્યાણ શું કરે ? "કૃષ્ણપદવી" તો કૃતાર્થ કરે ! અનેક મૂંઝવણમાં અનેક માર્ગમાં સંભવી શકે, પણ અનેક જન્મની સૌ મૂંઝવણનો ઉકેલ તો એક જ છે, - ભગવન્માર્ગ ! સૌને ભગવન્માર્ગ સમજાવનારાં શ્રુતિ અને સ્મૃતિ (ઋષિ) પણ આજે તો દીન છે, કૃષ્ણમાર્ગ શોધવા મથે છે, વિકલ છે ! ઉષ્ણભાવપૂર્ણ દીનતાથી જ કૃષ્ણમાર્ગ મળે.

ભક્તો તો સર્વત્ર ભગવાનને શોધે છે ! :

અતિદીનતામાં પ્રભુપદચિહ્ન પૃથ્વી પર દેખાયાં ! તીક્ષ્ણભાવની શાંતિ માટે પ્રભુએ દર્શન કરાવ્યાં. આવેશકાર્ય આ નથી, તેથી સર્વલીલાસ્ફૂર્તિ ન થઈ ! ગોપી બોલ્યાં, - ધન્ય ધરણિ ! લાભ તને લાધ્યો !" "किं ते कृतं क्षिति तपो..।"- "પૃથ્વિ ! તેં શું તપઃ કર્યુ ?! તપઃ તો અમે પણ કર્યાં છે, કહ્યાં પણ છે ! શ્રુતિ અને ઋષિ ખરાંને ! અજાણ્યું કયું તપઃ હોય ?! પણ આ ફલ અમને ન મળ્યું ?! કૃષ્ણસંબંધ કયા તપઃથી મળે ?! બ્રહ્મા-શંકરને સુખ દેનારા કેશવનાં ચરણસ્પર્શે તને ઉત્સવ થયો છે ! આ પ્રસ્વેદથી તો ચરણની છાપ પડી છે, રોમાંચ-રૂપ ઘાસથી સર્વત્ર શોભા દેખાય છે. કોમલકૃષ્ણનાં ચરણ નાનાં ! બધે પુલક ક્યાંથી કરાવે ? મળ્યાં લાગે છે,- ત્રિવિક્રમનાં વિરાટ્- ચરણસ્પર્શ ! પણ ચરણસ્પર્શે પુલક ક્યાંથી ? વરાહ-નારાયણના આશ્લેષનો આહ્લાદ મળ્યો છે ?! હરિણિ ! હર્ષ દેતા હરિ કોઈ પ્રિયા સાથે પધાર્યા, તેં જોયા ? તેમને આંખથી અંતરમાં ઉતારે છે ? તેથી તારાં લોચન આવાં વિકસિત છે ! પ્રિયા-પ્રસંગથી આર્દ્ર કેસરમાલા પ્રિયે ધરી છે, સુવાસ તેનો અહીં આવે છે ! હરિણ પાસે છે, તેથી તું ન બોલેને ! તરુઓ ! ભક્ત છો તમે તો ! પ્રભુને પ્રણામ પાઠવતાં લાગો છો ! નીચાં નમ્યાં છો ! પ્રિયના સ્કન્ધે એક હાથ મૂકી, બીજે હાથે કમલ ઘુમાવતા, તુલસીના સંબંધે મદાન્ધ ભ્રમરનાં ટોળાંઓ જેની પાછળ ભમે છે તેવા, પ્રભુએ પ્રણયાવલોકનથી પ્રણામનો પુરસ્કાર કર્યો ?!" ચરણદર્શન વિના પણ, ભગવદ્ભાવે લીલાસ્ફૂર્તિ સંભવે, તેથી તુલસી અને ભમતા ભમરાનો સંબંધ કહ્યો, તે પ્રમાણે આગળ પ્રભુ નથી ગયા ! પ્રિયનાં દર્શન કરનારના કહેવાથી પ્રિય મળશે, - તે વિચારે પ્રશ્ન પૂછતાં રહ્યાં. રસોન્મત હોવાથી ચરણમાર્ગે ન ગયાં. પ્રભુ સાથે હતાં તે ગોપીનાં ચરણચિહ્ન

પહેલાં નથી થયાં, પછી થયાં છે ! તેમ અહીં, એક વખત એકત્ર પદદર્શન થયાં, આગળ નહિ ! પગલાં સ્થિર ન હતાં, તેથી કોમલ રીતે ભમરા કાઢવા માટે કમલ ઘુમાવતા પ્રભુ લાગ્યા ! કામ-રહિત, ભક્તિરસ-જનિત મદથી મત્ત ભમરા ભમે છે, તેનો તુલસીસંબંધ કહ્યો, છતાં અનવસરે અનુસરે છે. તેથી મદાન્ધ છે ! આમ, રસાસક્ત પ્રભુ પોતાને પણ જુએ તો ખરાને ! તેથી તો પ્રશ્ન ન કર્યો, નહિ તો ભ્રમરને અનુચિત અનુસરણે જે મદાન્ધ કહે તે, તરુપ્રણામનાં અભિનંદન કેમ પૂછે ?! "જાણતાં તો લાગો છો, પણ જ્ઞાનીઓ સ્ત્રીઓને કાંઈ કહે ? તમારાં પત્ની લતાને પૂછીએ, - લતે ! પૂછવાનો અવસર તો નથી, રસમગ્ન છો, પણ આવાં પુલક તો પ્રભુસ્પર્શ વિના ન સંભવે !" એક રસમાં રત હોય તેને અન્યરસની સ્પૃહા ન રહે. ભગવદ્રસ તો સર્વરસને નિવૃત્ત કરી દે છે. ભગવદ્રસ જાણે - માણે, તેને અન્ય રસની સ્પૃહા પણ ન રહે ! ઉત્કટભાવભર્યાં ઉન્મત્ત શાં ગોપીજનને ઉત્તર ક્યાંયથી ન મળ્યો, વિકલતાથી મૂર્છિત જેવાં થઈ ગયાં ! નવવિધ ગોપીજનની પૃચ્છા નવ શ્લોકમાં કહી. દશમાં ગોપી તો પ્રભુ સાથે પધાર્યાં છે. ભગવાનને શોધતાં રસ સ્થિર થયો, રસાસક્તિ થઈ. તાપ રસાસક્તિથી થાય. ભક્તો તો સર્વત્ર પ્રભુને, પ્રભુની પ્રસન્નતા-પ્રાપ્તિ-ને શોધે, સ્થિરતા તેથી મળે.

ભક્તમનમાં ભાવનાથી પ્રકટેલા પ્રભુ પણ ભાવનાનુરૂપ લીલા કરે છે ! :

આ પ્રકારે ઉન્મત્તવચનથી કૃષ્ણને શોધતાં ગોપીજન દીન થઈ ગયાં. વાણી-વપુ વિરામ પામ્યાં ! ભગવાન્ લીલાસહિત હૃદયમાં વિરાજે છે. જ્યારે જ્યારે ભગવાનનો અવતાર થાય, ત્યારે તેને અનુરૂપ લીલા કરે છે. ભક્તમનમાં ભાવનાથી પ્રકટેલા પ્રભુ પણ ભાવના રૂપ લીલા કરે છે, તેથી ભક્તોમાં તે તે લીલાભાવના ચેષ્ટા રૂપે દેખાય છે ! ભક્તો આવેશથી અન્યસંવેદન-રહિત અનુકરણ કરે છે. કાયિક, વાચિક અને માનાસિક આ અનુકરણ છે. ભક્તહૃદયમાં જે સમયે જેવો ભાવ, તે સમયે તેવું વર્તન, જેવી સ્મૃતિ તેવી કૃતિ ! તેમાં માત્ર ભગવાનનું જ્ઞાન - અતિમત્તદશા, ભગવત્સંબંધીનું પણ જ્ઞાન-અલ્પમત્તદશા છે. જે તે લીલા-સંબંધીઓના ભાવો પણ સ્મૃતિથી સ્ફુરે, તેથી રોષથી સત્ત્વ વગેરે ભાવાનુસાર નવવિધ લીલા નવ શ્લોકમાં કહી છે. સર્વત્ર ભગવત્સંબંધ-બુદ્ધિથી ભક્તોમાં તે તે લીલા-વસ્તુઓનો ભાવ પણ દેખાય છે ! કોઈને પૂતનાભાવ થયો, - "હું પૂતના !" પૂતનાને પ્રભુસ્પર્શ મળ્યો, પોતાને પણ મળેને ! તે પ્રભુને શોધવા લાગ્યાં. ભગવલ્લીલા નિત્ય છે. તેમાં ભગવદ્વીર્યરૂપ આધિકદૈવિક-અસુરનો સંબંધિત રૂપે પ્રવેશ પણ છે ! મુક્તિ તો તદાવિષ્ટ જીવોની છે, તેથી પૂતનાદિનો આવેશ સંભવે. બીજાને "કૃષ્ણભાવ" થયો, - "હું કૃષ્ણ !" લીલામાં તો પ્રભુ આમ બોલ્યા ન હતા, પણ પૂતનાભાવવાળાને પ્રેરવા, અહીં ભગવદિચ્છાથી કૃષ્ણભાવે ગોપી બોલ્યાં ! બાલકૃષ્ણના ભાવવાળાં ગોપી, પૂતના-ભાવવાળાં ગોપીનું માત્ર પયઃપાન કરવા લાગ્યાં, પ્રાણપાન નહિ ! અલૌકિક- સામર્થ્ય નહિ ને ! ભાવના એટલે કલ્પના કે નાટકીય - ક્રિયા નહિ, પણ તદેકતાન-દશાની યથાર્થ વાસ્તવિકતા ! પૂતનાભાવવાળાં ગોપીને મરણભાવના ન હતી, તેથી મર્યાં નહિ ! આ લીલા- ભાવાનુકરણમાં જે અંશ જ્યાં પ્રકટ થાય ત્યાં તે જ દેખાય ! શ્રીશુક તે વર્ણવે છે, નહિ તો પૂતના-ભાવે અને બાલકૃષ્ણ-ભાવે પરસ્પર બંને ગોપીનો સંબંધ કેમ થાય ? તેથી ભાવન્યૂનતા નથી. એક લીલા હોય ત્યાં બીજી પ્રકટ તે વખતે નથી. ભગવદ્-ભાવવાળાં ગોપી કરતાં પૂતના વગેરે ભાવવાળાં ઉત્તમ છે ! ઉત્કટ વિરહભાવે દીનતા-માત્રથી, કોઈ રીતે

પ્રભુ-સ્પર્શેચ્છા જ તેને છે. ગોપી રૂપે તેને સ્પર્શ ન મળે, તો પૂતના - ખાંડણીઆ વગેરે રૂપે તો મળે ને ! ખૂબ જ આર્તિમાં સર્વત્ર ભગવદ્‌બુદ્ધિ છે, તેથી વિવિધતા સ્ફુરે છે.

બાલકૃષ્ણભાવે રડતાં કોઈ ગોપીએ શકટભાવવાળાં ગોપીને પદપ્રહાર કર્યો. તૃણાવર્ત-ભાવવાળાં ગોપીનું હરણ કર્યું. કોઈ ગોપીએ બાલકૃષ્ણભાવે રીંગણલીલા કરી. ભગવદિચ્છાથી અનેક ભાવો ભક્તોમાં પ્રકટે છે. કોઈ ગોપીને રામ કે કૃષ્ણની ભાવના થઈ. કેટલાંકમાં ગોપભાવના થઈ. કેટલાંકમાં વત્સભાવ થયો. કોઈમાં વત્સાસુરભાવ, કોઈમાં બકાસુરભાવ થયો. કૃષ્ણભાવવાળાં તેમને મારવા લાગ્યાં. કેટલાંક ગાય રૂપ, કેટલાંક ગોપ રૂપ થયાં. કેટલાંક કૃષ્ણ રૂપે દૂર ચરતી ગાયોને જાણે બોલાવવા લાગ્યાં, વેણુનાદ કરવા લાગ્યાં. તેમને ગોપભાવવાળાં ધન્યવાદ દેવા લાગ્યાં. કોઈ ગોપીને કૃષ્ણભાવ થયો, ગોપભાવવાળાં ગોપીના ખભે હાથ મૂકીને ચાલતાં બોલ્યાં, - "હું કૃષ્ણ છું. જુઓ ! મારી લલિતગતિ !"- ''कृष्णोऽहं पश्यत गतिं ललितामिति तन्मनाः ।''- આ લીલા ભગવાને કરી છે, પણ શ્રીશુકે ભાગવતમાં તો કહી નથી ! શ્રીભાગવતમાં તો અર્ધદિવસની લીલા છે. - "લીલા- દિવસ એકાર્ધની ઉત્તરકુંવર પ્રતિ વ્યાસનંદન વિમલવદન ભાખી !" આવી તો અનંત પ્રકારની લીલાઓ છે. કોઈને દુઃખથી વહેતાં આંસુ વરસાદ શાં અને નિઃશ્વાસ પવન શા લાગ્યા ! ધ્રુસકાં મેઘગર્જના જેવાં લાગ્યાં ! વ્રજવાસી- ભાવ થયો. કૃષ્ણભાવવાળાં ગોપીએ અભય આપ્યું. ગોવર્ધન-પર્વતની જેમ પ્રયત્ન કરતાં હાથમાં વસ્ત્ર ઉપાડ્યું. કાલિયભાવવાળા ગોપીના માથે કૃષ્ણભાવવાળાં ગોપી ચઢ્યાં. પાદપ્રહાર કરતાં કાઢી મૂકવા લાગ્યાં. કઠિન લીલા છે આ ! પણ ભાવના મગ્નતામાં અશક્ય શું ? ! કોઈને હૃદયનો વિરહાગ્નિ દાવાગ્નિ લાગ્યો. કૃષ્ણભાવે અભય અન્યને આપ્યું ! અન્યને તેમાં ભગવદ્‌ભાવ થયો નથી ! આ લીલાભાવના સૌને થઈ નથી, તેથી બચાવવા પ્રાર્થના કરી નથી ! કોઈ ઉલૂખલ-ભાવવાળાં ગોપી સાથે, ભયભીત કૃષ્ણભાવવાળાં ગોપીને, યશોદાભાવવાળાં ગોપીએ બાંધ્યા. ભગવાન્ વશ થયા, પછી કાંઈ બાકી ન રહે. લીલા શાન્ત થઈ ! ભગવાન્ વશ થાય તે સર્વસાધનથી ચરમસીમા છે ! અહીં તો, આ લીલા તેમાં સાધનરૂપ થઈ, કૃતાર્થ થઈ. પુષ્ટિભક્તિથી જ ભગવાન્ વશ થાય. ભગવદ્‌ભાવમાં ભયભાવના આવી, લીલા તિરોહિત થઈ, તેથી ભગવદ્‌ભાવ ગયો, પ્રશ્ન પૂર્વવત્ રહ્યો !

પ્રભુનાં અને કોઈ ગોપીજન (રાધા - સહચરીજી)નાં પદ - ચિહ્ન-દર્શન ! આરાધના તો આનું નામ,- ભગવાન્ વશ થયા !! :

શ્રીગોપીજન વનસ્પતિને પૂછતાં જતાં હતાં. ક્યાંય ઉત્તર મળતો ન હતો. ભગવાને આવેશ કર્યો, મોહ દૂર કર્યો, સર્વ સમજાવ્યું. સંતાપ શાંત કરનારાં ત્રણ - (૧) અન્વેષણ, (૨) લીલાવેશ, (૩) ભગવદાવેશ. શોધથી શાન્તિ અને આવેશથી વિસ્મૃતિ છે. વનના કોઈ ભાગમાં ગોપીજનને પરમ-પુરુષાર્થરૂપ પ્રભુનાં ચરણદર્શન થયાં !- ''पदानि परमात्मनः ।''- સૌના ભાવ પ્રમાણે લીલાઓ સ્ફુરેલી ! લીલાભાવ દ્વારા પ્રભુ વશ થાય, તે અહીં ફલ છે. વશ થયેલા પ્રભુએ પદદર્શન દીધાં ! ભગવદિચ્છાથી આરંભાયેલો ક્રમ છૂટ્યો. ભગવદાવેશમાં સર્વજ્ઞતા થાય, તેથી થાય પ્રભુપદદર્શન ! ''तद्विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः ।''- વેદ વદે છે ને ? ભાવાનુસાર દશવિધ અનુભવ થયો, વાણીમાં વ્યક્ત થયો. ચરણમાં અસામાન્ય-ધર્મરૂપ ચિહ્ન જોયાં. ભક્તોને અભયપ્રદ ધ્વજ, સુખસેવ્યત્વ માટે કમલ,

રક્ષા માટે ચક્ર, મનઃસંયમ માટે અંકુશ, કીર્તિ માટે યવ, પાપપર્વત-છેદન માટે વજ્ર વગેરે તેમાં વિરાજે છે. પગલાંને રસ્તે ગોપી શોધતાં ગયાં. મત્સર ન હોય તો મનગમતા માધવ મળી જાય, માનવને પોતાના દોષ જ દીનાનાથથી તેને દૂર રાખે છે! દેખાયાં અજાણ્યાં ચિહ્ન-રહિત પગલાં ! આ તો કોઈ ગોપીનાં લાગે છે ! દુઃખ થયું. સૌ સંસારિજનનાં મનની આ સામાન્ય-સ્થિતિ ! પોતાની અલ્પ પણ અવજ્ઞા ઈર્ષ્યા કરાવે, ઉદ્વેગ થાય, અસંતોષ અનેક રૂપે દેખાય! ઉગ્રતા, વ્યગ્રતા, પ્રતિકાર, અણગમો, રુદન, ક્લેશ, કટુતા, કઠોરતા, કપટ વગેરે તેમાંથી સંભવે. નાનાં-મોટાં, સ્ત્રી-પુરુષ, સૌમાં આ દેખાય છે.

અહીં તો, અલૌકિક લીલાભાવ છે. લીલા પણ લોકવત્ છે ને! ઈચ્છતાં ન હતાં, છતાં ગોપી અબલા હતાં. આતુર થઈ ગયાં, બોલ્યાં, - "કોનાં આ પગલાં ?! આપણામાંની જ કોઈ ગોપી લાગે છે! નન્દકુમાર તેના ખભે હાથ મૂકીને પધારતા લાગે છે! તે જ લઈ ગઈ લાગે છે." "**अनयाराधितो नूनं भगवान् हरिरीश्वरः ।**"- આણે જરૂર પ્રભુ પ્રસન્ન કર્યા છે! આપણને મળ્યા ખરા! પણ સંબંધ ન સચવાયો! આપણે આરાધન તો કર્યું હતું, પણ કાત્યાયની દ્વારાને! તેથી ફલ પણ કોઈ દ્વારા થાય, સાક્ષાત્-સંબંધ ન થાય, ભગવાન્ વશ ન થાય. મય-બાણ વગેરે શૈવ, છતાં તેમને સ્વપદ-પ્રાપ્તિ પ્રભુએ કહી છે! ભગવાનનું આરાધન ન કરનારાં સાધનોથી પણ આ ફલ થાય, તો સાક્ષાત્-સંબંધ અયોગ્ય નથી, પણ આરાધન તો આ! ભગવાન્ વશ થયા! તે તો ફલપ્રદ-ભગવાન્, દુઃખહર્તા-હરિ અને સ્વેચ્છાનુસાર કરનાર-સ્વતંત્ર-ઈશ્વર છે ને! ક્યારેક કર્મ, ક્યારેક જ્ઞાન, ક્યારેક ભક્તિ કે ક્વચિત્ સ્વેચ્છા પ્રમાણે ફલ આપે છે! આપણને મૂકીને ગોવિંદ આને લઈ ગયા! પ્રીતિથી જ આ સંભવે. સખિ! ધન્ય આ ચરણરેણુઓને! બ્રહ્મા, શંકર અને લક્ષ્મીદેવી તેને મસ્તકે ધરે છે! આપણને પણ આ લાભ થયો! અધિકારથી દોષ આવે, તે ચરણરજઃથી દૂર થાય, પણ ક્ષોભ થાય છે, - આ સ્ત્રીનાં પગલાંથી! સૌનો આનંદ તે એકલી લૂંટે છે! અહીં તો, હવે તે પણ દેખાતાં નથી! શ્રમિતને સુખ દેતાં પ્રભુએ હાથમાં પધરાવી લીધાં હશે?! જુઓ! અહીં પગનાં પંજાનાં ચિહ્ન છે! અહીંથી ફૂલ ચૂંટ્યાં હશે! ચોક્કસ! કામિનીના કેશ ગૂંથાતા કાન્ત અહીં વિરાજ્યા હશે! "**रेमे तया चात्मरत आत्मारामोऽप्यखण्डितः ।**"- આત્મરત અખંડિત આત્મારામે પણ તેની સાથે વિહારો કર્યા! "**च**"- લક્ષ્મી કે લક્ષ્મીનો આવેશ સૂચવે છે, તેથી શ્રુતિમર્યાદાભંગ નથી. લક્ષ્મી સ્વરૂપથી જુદાં નથી, તેથી તેણે પણ વિહારો કર્યા. નિષ્કામ કૃષ્ણે કામના પૂર્ણ કરી! તે સ્થિતિમાં પણ પ્રભુ આત્મરત છે!

ભગવાન્ ભક્તોને ભજનાનંદ દેતાં પોતે પણ રસાનુભવ માણે છે. અનેકમાંથી એકને પધરાવી જઈને વિહાર કરતાં વિશેષરસ માણે છે! રસાધારપણા માટે તે ગોપીમાં સ્વરૂપ પધરાવ્યું છે. જેના આત્મામાં રતિ અને રમણ (ક્રીડા) છે - તે આત્મરત, આત્મારામ છે! ભગવાન્ રસાત્મક છે. તે રસ સ્થાયિભાવાત્મક છે. તે આ ગોપીમાં પ્રકટ કરીને રમ્યા, નહિ તો રસાનુભવ ન થાય. પ્રાકૃતભાવે આ રસ ન મળે! ઈન્દ્રિય, અંતઃકરણ કે વિષયથી તે ખંડિત નથી. ભગવાને તો લોકશિક્ષા માટે કામીનું દૈન્ય અને સ્ત્રીઓની કઠિનતા બતાવી છે. ગોપીજન તો પ્રભુનાં આત્મારૂપ છે. ગોપીએ તો પ્રભુને "આત્મરત" કર્યા છે! વિવિધવિહાર તેથી તે માણે છે, છતાં આત્મારામ જ છે, તેમ પ્રભુ રસાનુકૂલ ક્ષત-ખંડિત છતાં પ્રિયાવશ થાય છે, તેથી ભગવાન્ જ રસાત્મક અને રસવાન્ છે! બીજા તો કામી, રસાભાસ રૂપ છે. મલિનતામાં - રૂપ વગેરે વિષયોમાં - ભ્રાન્તિથી આસક્ત થઈને દયાપાત્ર

જ બને છે. આત્મારામ જ્યાં રસપરવશ બને, ત્યાં માનાદિ-ભાવ છે, અન્યત્ર તો દુષ્ટતા જ છે! આત્મારામ પ્રભુની રતિ હોય ત્યાં જ રસ છે, અન્યત્ર નહિ! ભગવદાવેશથી ગોપીજનને યથાર્થ સ્ફુરે છે, બધું! આ તો બધાં સ્વભાવથી ભગવદીય છે, સાધનથી નહિ! સ્વભાવની વિવિધતાથી તેમની ભાવ-વિવિધતા છે. ગોપી જ્ઞાનપૂર્વક આ નથી કહેતાં - કરતાં, પણ "विचेतसः"- વિક્ષિપ્ત-ચિત્તવાળાં છે, ભગવદ્- ભાવરત થયાં છે!

મુગ્ધ ગોપી પાસેથી પ્રભુ અંતર્ધાન થયા! પ્રભુને શોધતાં સૌ સખીઓએ સ્વદોષસ્ફૂર્તિથી તન્મયતાથી ગુણગાન શરૂ કર્યાં!

અભિમાન વગરનાં મુગ્ધ ગોપીને પ્રભુ વનમાં પધરાવી ગયા હતા. તેને લાગ્યું,- સર્વમાં પોતે શ્રેષ્ઠ છે. કામનાવાળાં સર્વગોપીને છોડીને, પ્રિય પોતાને ભજે છે, પોતાને રાજી રાખે છે! નિર્દોષ રસરૂપ ભગવાનની લીલામાં દોષ હોય નહિ. સૌભગમદ અને માન પણ ભગવદ્ભાવાત્મક જ છે! તે સૌએ અનુભવ્યાં. આ ગોપી જ શા માટે બાકી રહે? પ્રભુએ કૃપાથી તેનો અનુભવ હવે આ ગોપીને પણ કરાવ્યો. તે પછી વિપ્રયોગ થાય તો જ પૂર્ણરસદાન થાયને! ઈચ્છા તેથી ભગવાનની થઈ. નિર્દોષતાથી જ સાચી ઉત્તમતા છે, અન્ય રીતે નહિ! રમણીય વનમાં ગોપી આવ્યાં, પ્રભુનો તેમાં સ્વાર્થ લાગ્યો. ગર્વ થયો,- "હું શા માટે જાઉં?!" "न पारयेऽहं चलितुं"- "મારાથી ચલાતું નથી!"- કહી દીધું. "ઈચ્છો ત્યાં લઈ જાવ!" ભગવદીય તો અસત્ય ન બોલે. ભગવદિચ્છાથી જ શ્રમસ્તંભ લાગ્યાં, તે કહ્યાં છે! ઉત્કટરસ-ભાવમાં દાસીભાવ ભુલાયો! પ્રભુને "नय मां"- "મને લઈ જાવ!" - કહ્યું. તેથી આ અમર્યાદાથી ગોપી "દપ્ત" છે, અથવા, ભગવદ્રસાનુભવથી ભગવાનની વિપ્રયોગદાનેચ્છા જાણી! દાસી તો સર્વથા સાનુકૂલ હોય. વિશેષરસલાભ આમ થશે, - તે વિચારે ભાવોદ્રેક થયો. રજોગુણવાળા બ્રહ્મા અને તમોગુણવાળા શંકરના દોષરૂપ ગુણો દૂર કરીને મુક્તિ-સુખદાતા કેશવ, પોતાનાં પ્રિયને તો અદ્ભુત સુખ જ દે, - તે વિશ્વાસે વિપ્રયોગલાભનો આનંદ ઊભરાયો, - "દપ્ત" થયાં! પોતે તો તિરોહિત થઈને પ્રિયને તેવો સુખાનુભવ ન દઈ શકે, સુખાનુભવ લેવા તૈયાર થઈ ગયાં! અભિમાન આવે ત્યાં અનુગ્રહનો અધિકાર ક્યાંથી રહે? કૃપાનું અજીર્ણ થયું! આ ઉચ્છલિતરસ છે, ઉચ્ચાધિકાર છે, - સર્વાત્મભાવનો, વિશેષ-નજરે! ચતુરશિરોમણિ કૃષ્ણે આ જોયું. ઉત્તર આપ્યો,- "स्कन्ध आरुह्यतामिति"- "ખભે ચઢો!" ભગવાને ગોપીને તેમના પોતાના ખભે ચઢવા - અલૌકિક રસાનુભવ માટે અત્યંત નિપુણતાપૂર્ણ મયૂરનૃત્ય કરવા કહ્યું! નૃત્યથી રસ પ્રકટ થાય, પણ ભગવદિચ્છાથી મોહવશ ગોપીને જુદું સમજાયું! કૃષ્ણના સ્કન્ધે ચઢવા (વૃક્ષની ડાળે ચઢી) ગયાં, ત્યાં તો સદાનંદ અંતર્ધાન પામ્યા! "वधू"- વધૂ તો વરની સમાન હોય ને! નવોઢા ગણાય. કાત્યાયની- વ્રતરત અનન્યપૂર્વા- "सा" - તે (રાધાસહચરીજી) ગુણાતીત ગોપી છે, તેથી રોષ ન કરતાં, પશ્ચાત્તાપ કરવા લાગ્યાં. ભગવદિચ્છા વિના યોગમાયા પણ (મદદ) કાંઈ કરતાં નથી!

हा नाथ रमणप्रेष्ठ क्वासि क्वासि महाभुज ।
दास्यास्ते कृपणाया मे सखे दर्शय सन्निधिम् ॥ (४०)

"હા, નાથ! હા, રમણ! હા, શ્રેષ્ઠ! હા, મહાબાહો! ક્યાં છો? ક્યાં છો? હે મિત્ર! મને

આપની દીન દાસીને નિકટમાં દર્શન દો ! દોષ દૂર થાય, દોષવાળાં નહિ ! હું તો દાસી ! - વિચાર વગર માગનારી - કૃપણ ! હે સખે ! સન્નિધિ આપો !" દયાળુ પ્રભુએ અદશ્ય રીતે જ દુઃખી ગોપીને ઉઠાડીને સ્વસ્થ કર્યાં, તેથી તેમણે પ્રકટ થવા વિનંતી કરી. ભગવાન્ પણ ત્યાં જ રહેલા છે !

પ્રભુને શોધતાં સૌ ગોપીજન ત્યાં આવી પહોંચ્યા. દૂરથી દુઃખી સખીને જોયાં. દુઃખી પર તો દયા થાયને ! મૂર્ચ્છિત ગોપીને જગાડ્યાં, સાન્ત્વન દીધું. જાગેલાં સખીએ સ્વાનુભવ કહ્યો. સૌને લાગતું હતું, - ભગવાન્ તો કૌતુકથી ગયા છે ! સ્વદોષનું પરિજ્ઞાન ભગવાનની કૃપાથી જ થાય, સ્વતઃ નહિ! - "कृपा भई तब जानीए, देखे अपने दोष ।"- દોષ દુનિયાભરના દેખાય, પોતાના નહિ ! કદાચ કોઈ બતાવે તો બચાવ કરે ! તે સંસારરતની સ્વાભાવિકતા છે. ભગવાને સૌને સ્વદોષ સમજાવવા લીલા કરી છે. ભગવદિચ્છાથી ગોપીએ કહ્યું. સૌને સ્વદોષ સમજાયો. માધવે તો માન દીધું, પણ સ્વદોષે અભિમાન થયું ! માન પચે નહિ તો અભિમાન થાય; પોતાની ભૂલોનું ભાન કે સ્વદોષદર્શન તો માનને પચાવતું અદ્ભુત ઔષધ છે ! સન્માન મળે છે, તે પણ પોતાને નહિ, પ્રભુના ગુણોથી ! પોતાની મોટાઈમાં મહિમા સમજે તે નમ્ર બને; પોતાનો મહિમા સમજે તે અભિમાનથી અટકે, ખેદ અને ભ્રમ વધે. ગોપીજનને અલૌકિક-સામર્થ્ય પ્રભુનું સમજાયું, વિસ્મય થયું, શોધવાથી પણ શ્યામ ન મળે ! પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો ઉપાય વિચાર્યો. સર્વત્યાગથી લઈને દેહત્યાગ સુધીનાં સાધન વિચાર્યાં. વનમાં પ્રવેશ કર્યો. ચન્દ્રિકાના પ્રકાશમાં પ્રિયને શોધ્યા, ન જડ્યા. અંધકાર જોયો. ભગવાને પ્રેર્યાં. પાછાં આવ્યાં. અન્યત્ર ક્યાંથી જાય ?

तन्मनस्कास्तदालापास्तद्विचेष्टास्तदात्मिकाः ।
तद्गुणानेव गायन्त्यो नात्मागाराणि सस्मरुः ॥ (४३)

દેહ કે ગેહની યાદ પણ ગોપીજનને નથી ! મન તો તે ભગવાનમાં છે ! ભક્તો તો ભગવન્મનસ્ક હોય, અન્યમનસ્ક કે શૂન્યમનસ્ક નહિ ! સૌની વાતો પણ ભગવદ્વિષયક જ છે. ભગવાનની જ ચેષ્ટાઓનો આવેશ ભક્તોમાં છે. ભગવાન્ જ તેમના આત્મા છે. "કૃષ્ણાત્મભાવના" ગોપીજનના ચિત્તમાં સ્વાભાવિક જ છે. આત્મા રૂપે ભગવાન્ જ સ્ફુરે છે, દેહાદિ નહિ ! ગોપીજન ભગવાનના જ ગુણો ગાય છે. ભગવાનના ગુણોથી દુર્ભાગ્ય પણ દૂર થઈ જાય, તેથી અદષ્ટ દ્વારા કે કોઈ પણ રીતે, અન્ય કાંઈ યાદ આવે તેમ નથી !

સૌ પહેલાં હતાં ત્યાં-પુલિનમાં-પાછાં આવ્યાં. "कृष्णभावनाः"- કૃષ્ણમાં જ તેમની ભાવના છે, કૃષ્ણ જ તેમની ભાવનારૂપ છે. ભગવદિચ્છાથી, ભગવત્પ્રેરણાથી, પુલિનમાં જ વિહારો મળશે,- તેમ સમજાયું. કોણ જાણે કોના ભાગ્યે ભગવાન્ મળે ? કોના સ્નેહ કે કોના પરની-કૃપાથી ? સૌ ભેગાં થયાં. કાંઈ સાધન સમજાયું નહિ. દોષ દૂર કરવામાં ગુણગાન જ સાધનરૂપ લાગ્યાં ! નિર્દોષ થતાં, નિર્દોષ ભગવાન્ મળેને ? વ્યક્તિગત અને યૂથભાવે નવધા-ભાવવાળાં અને ગુણાતીત, શ્રુતિરૂપા-ઋષિરૂપા- ગોપીજન નિઃસાધન - નિરભિમાનદશામાં ગાન કરે છે. પ્રભુને પ્રિય છે,- ગાન! પ્રિયને પ્રિય હોય તે કરે, તો પ્રિય પ્રસન્ન થાય, પ્રકટ થાય, પ્રાપ્ત થાય. પોતાનું જીવન પણ પ્રિયને પ્રિય હોય તેથી ટકે, તેથી વિવિધગુણો પ્રિયનાં પ્રિયાઓ સૌ ગાય છે. અપેક્ષા છે માત્ર,- પ્રિય-પ્રભુપ્રાપ્તિની !- "तदागमनकाङ्क्षताः ।"- ભક્તિમાર્ગમાં આકાંક્ષા અન્ય કઈ હોય ? !

અધ્યાય : ૩૧

રસ-સ્વભાવની વિલક્ષણતાથી, વિચિત્ર-ભાવ-વિલાસો - પૂર્વક, પ્રભુને પ્રસન્ન કરવા, શ્રીગોપીજને કરેલી ભગવાનની સ્તુતિ : ગોપીગીત :

આ અક્લિષ્ટકર્મા કૃષ્ણની અદ્ભુત છે સર્વલીલાઓ ! સર્વલોકવિલક્ષણ (અદ્ભુત) છે, - કલાનિધિ કૃષ્ણની લીલાપૂર્વકની સેવામાં અવિરત નિરત સૌ વ્રજલક્ષ્મીઓ ! લોકપ્રસિદ્ધ લાગે, છતાં તેમાં લોકસિદ્ધ કાંઈ નહિ ! વેદવિદિત લાગે, છતાં તેમા વેદવિહિત-વિધિ-કાંઈ નહિ ! લોકવેદાતીત-પુરુષોત્તમના આ વિહારો તો શૃંગારરસસાગરની અવિરત સુમધુર તરંગમાલાઓ છે. ગાન તેમાં સ્વાભાવિક છે. સાગર તો ગર્જે જ ને ! સંયોગમાં પણ ગાન એકતાન બનાવે. "**उपगीयमान उद्गायन् वनिताशतयूथपः ।**"- "અનેક વનિતાઓનાં અનંતયૂથના અધિપતિ કૃષ્ણ, જેમનું ગાન ગોપીજન નિકટમાં કરે છે, તે ઉચ્ચ ગાન કરતા...."; લઘુરાસમાં આરંભે શ્રીશુકે લીલાગાન કહ્યું છે. મહારાસમાં પણ આરંભે ગાનવિધાન છે. "**जगुर्गन्धर्वपतयः सस्त्रीकास्तद्यशोऽमलम् ।**"- "સ્ત્રી-સહિત ગન્ધર્વોએ કૃષ્ણના નિર્મલયશઃનું ગાન કર્યું." "**उच्चैर्जगुर्नृत्यमाना**"- કૃષ્ણસ્પર્શે પ્રસન્ન, રતિપ્રિય, સુમધુર-કંઠરવવાળાં કૃષ્ણપ્રિયાઓએ નર્તન કરતાં ઉચ્ચ સ્વરે ગાન કર્યું, જેનાથી આ વિશ્વ વ્યાપ્ત થઈ ગયું." "**काचित् समं मुकुन्देन**"- "ભગવદ્ભાવપ્રાપ્ત કોઈ ગોપીએ પોતાના સ્વતંત્ર સ્વર મુકુન્દ સાથે ઉચ્ચ કર્યા." "**गायन्त्यस्तं विजह्रिरे..**"- "ગોપીજને ગોવિંદનાં ગાન કરતાં વિહાર કર્યા." "**भ्रमरगायकरास-गोष्ठ्याम्**"- "રાસગોષ્ઠીમાં ભ્રમર ગાયક હતા !" "**जगुः कृतानि**"- "ગોપીજને ભગવલ્લીલાનાં ગાન કર્યાં." આમ, અંતે પણ ગાન તો છે જ. નૃત્યમાં ગીત રસાયન છે ને ! વિયોગમાં તો એકતાનપણાથી ગાન સ્વભાવિક થાય. "**तन्मनस्कास्तदालापास्तद्विचेष्टास्तदात्मिकाः । तद्गुणानेव गायन्त्यो...।**"- કૃષ્ણપ્રિયા ગોપીજનનાં તો મન કૃષ્ણમાં છે; કૃષ્ણમય છે. કૃષ્ણની વાતોથી વાણી પણ વિભુમાં તન્મય છે. ચેષ્ટા ભગવાનમાં-ભગવન્મય-છે. આત્મા પણ પ્રિય પ્રભુમાં છે, પ્રભુ રૂપ છે. રસરાજના જ ગુણો ગાઈ રહ્યાં છે, દેહ-ગેહનું કાંઈ અનુસંધાન પણ નથી. કૃષ્ણભાવનામય ગોપીજન બની ગયાં છે !

પ્રિયની પ્રસન્નતા-પ્રાપ્તિ-માટે ગાન થઈ રહ્યું છે, પ્રભુને ગાન પ્રિય લાગે છે, પ્રભુએ ગાન દ્વારા પોતાને બોલાવ્યાં. પોતે ગાનથી પ્રભુને પ્રસન્ન કરશે, બોલાવાશે. ભાન બીજું નથી, ધ્યાન બીજે નથી, માન રહ્યું નથી, સઘળું વિસરી ગયાં છે. ઉષ્ણભાવનાં સ્વાન્તઃ સંવેદન શબ્દ સ્વરૂપે સ્વાભાવિકતાથી સરી રહ્યાં છે, "ગોપી-ગીત" રૂપ બની ગયાં છે ! ભાવરૂપ ભગવાન્ જ ભાષા રૂપે ભાસી રહ્યા છે ! વાણી રૂપે વ્યક્ત વિભુ વિલસે છે ! આ દોષનિવારણનું સાધન, છતાં ફલાત્મક ગુણગાન છે ! પોતાની પ્રસન્નતા માટે પ્રિયાજીઓ ગાતાં નથી, પ્રભુની પ્રસન્નતા જ તેમનું જીવનધ્યેય છે, ક્રિયા માત્ર કૃષ્ણની પ્રસન્નતાના વિચારે જ થાય છે. પ્રિય પ્રભુ પ્રસન્ન થાય. તેનાથી જ પ્રભુપ્રિયજનોનું તો જીવન ટકે છે. પ્રિય પ્રભુની પ્રસન્નતામાં જ પોતાની પ્રસન્નતા સમાઈ જાય, પ્રભુની પ્રસન્નતા- પ્રાપ્તિ માટે જ પોતાનો જીવનવ્યવહાર હોય, પ્રભુની પ્રસન્નતા જ જીવનફલ હોય, આ તો પુષ્ટિ- ભક્તિમાર્ગની સ્વાભાવિકતા છે. શુદ્ધપુષ્ટિમાર્ગીય પ્રેમપૂર્ણ ભક્તો તો અતિદુર્લભ છે ! "**गोपी प्रेमकी ध्वजा**" પ્રેમની પ્રકૃષ્ટદશા-પતાકા-ગોપી છે. પરમદૈન્ય તેમનામાં છે, ગર્વ સર્વ ગળી ગયો છે. પ્રેષ્ઠ-પ્રભુના વિરહતાપ- ભાવમાં પ્રભુપરાયણ પરમદૈન્ય પ્રકટે છે. "પ્રભુ પ્રસન્ન કે

પ્રાપ્ત થાય, તેવી કોઈ મારી તો યોગ્યતા નથી. કોના ભાગ્યે, સ્નેહે, સંગે કે કૃપાએ પ્રભુ મળશે ?!" પ્રભુ-પ્રસન્નતા-પ્રાપ્તિનાં સઘળાં સાધન કરવા છતાં, જીવનધન કૃષ્ણ ન મળ્યા ! સધન ન થવાયું ! સાધન છૂટ્યાં, નિ:સાધન ગોપીજન થયાં. પુષ્ટિમાર્ગમાં નિ:સાધનતા જ ફલપ્રાપ્તિમાં સાધન છે. ક્યારેય સાધનરૂપ ન થતા ફલાત્મક કૃષ્ણ જ, સ્વરૂપત: અનન્ય સાધન બને છે. જગતમાં પોતે સર્વશ્રેષ્ઠ છે, તે ભાને પહેલાં અપરાધ તો થયો હતો, પ્રભુ પોતાને વિનવે તો રસ દે, લીલાનુકૂલ બને, - તેવો માનભાવ મનમાં આવ્યો હતો, પરિણામે અવજ્ઞા પોતે પ્રભુની કરી હતી. રસ-સ્વભાવની આ વિલક્ષણતા છે. હવે, તે અવજ્ઞાના ભાને, પ્રભુને પ્રસન્ન કરવા માટે શ્રીગોપીજન સ્તુતિ કરે છે.

શ્રીભાગવતમાં સ્તુતિ તો અનેક છે. સૌ પોતાના અધિકાર પ્રમાણે ગુણગાન કરે છે. સ્તુતિ પ્રભુને પ્રિય છે. પ્રભુને પ્રિય ગોપીજન, ગોપીજન - પ્રિય પ્રભુની સ્તુતિ કરે છે. અધિકાર તેમનો અચિન્ત્ય છે. રસાનુકૂલ છે ! બ્રહ્માદિ વિશ્વવન્ધ દેવો પણ જેના કૃપાકટાક્ષની કામના કરે, તેવાં લક્ષ્મીજી પણ સકલ કામના છોડીને, નિરપેક્ષ પ્રભુના પાદપદ્મની રજ:ની અપેક્ષા કરે; તે કૃષ્ણને આ ગોપીજન તો "कुहक", "कितव"- "કપટી" - વગેરે સંબોધનથી સન્માને છે !!! અનેક યુક્તિપૂર્વકની દલીલોથી દોષારોપણ પણ કરે છે !! અને છતાં, "तदागमनकाङ्क्षता:"- પ્રભુ પ્રસન્ન થાય - પધારે - તેવી તો આકાંક્ષા રાખે છે ! પોતાના દોષ-નિવારણ માટે સ્તોત્રરૂપ ગાન કરે છે અને છતાં તેમાં નિર્દોષ પ્રભુ પર તો દોષનું આવરણ કરે છે !! વરણ કૃષ્ણે તેમનું તેવું કર્યું છે ને ! રસ-સ્વભાવનાં એ સંવેદનો સાંભળીને તો પ્રભુ પરમ પ્રસન્ન પણ થાય છે ! આવી વિલક્ષણ સ્તુતિ વિચક્ષણ ગોપીજને ૧૯ શ્લોકમાં કરી છે. સૂચક છે તે. ૧૯ અધ્યાય પ્રથમસ્કન્ધમાં અધિકારલીલાના ! ૧૯ અધ્યાય ષષ્ઠ-સ્કન્ધમાં પોષણલીલાના ! પ્રભુને મળવા કોઈ એક ડગલું દે, પ્રભુ તેની સામે ૧૯ ડગલાં પોતે પધારે ! અધિકાર, અનુગ્રહ અને પ્રભુ પણ ન હોય તો, તે સર્વ મેળવી આપનાર આ ગાન છે, તેથી સૂચક શ્લોક ૧૯ ! ૧૯ યૂથ છે - શ્રીગોપીજનનાં ! સૌના હૃદયભાવ તેમાં વ્યક્ત થાય છે, તેથી પુનરુક્તિ વગેરે કાંઈ દોષ નથી, વિચિત્રભાવવિલાસો છે. અન્યપૂર્વા - શ્રુતિરૂપા અને અનન્યપૂર્વા - ઋષિરૂપા-(અગ્નિ) કુમારિકા - એ પ્રકારનાં શ્રીગોપીજન ગાન કરે છે.

ઋષિરૂપા-શ્રુતિરૂપા-શ્રીગોપીજનને કૃપાથી મળેલો સ્વરૂપાનન્દ-લાભ ! :

દંડકારણ્યના ઋષિયોએ રાજીવલોચન રામને જોયા, રાજી થયા. "पुरा तु मुनयः सर्वे दण्डकारण्यवासिनः । दृष्ट्वा रामं घनश्यामं भोक्तुमैच्छन् हतत्रपाः ॥"- પૂર્ણ શુદ્ધજીવોને જોઈને પ્રભુએ પરમકૃપા કરી. પોતાના દિવ્યસૌન્દર્યનું દર્શન દીધું. તે ઋષિયોમાં પ્રસાદરૂપ સ્ત્રીશક્તિનો પ્રવેશ કરાવ્યો, પુરુષમાં સ્ત્રીભાવ થયો !! - "પુરુષતેં ત્રિયભાવ ઉપન્યો, સબે ઊલટી રીત !" કૃપામાર્ગ છે ને આ તો ! સ્વરૂપલાવણ્ય કેવું અદ્ભુત હશે ?!! સજાતીયને પણ વિજાતીયભાવ થાય ! દ્રૌપદીજી સ્નાન કરે. સર્વોત્તમ સખીઓ સ્નાન કરાવે. - "पाञ्चाल्याः पद्मपत्राक्ष्याः प्रस्नान्त्याः जघनं घनम् । दृष्टवत्यश्च या नार्यः पुंभावं तारुदाययुः ॥"- સ્નાનરત કમલલોચના પાંચાલીના સ્વરૂપનું લાવણ્ય જોયું, સખીઓને થયું, - "અમે આના પતિ હોત તો ?!" દિવ્ય-સ્ત્રીના સૌંદર્યે સ્ત્રીમાં પુરુષભાવ થાય, તો પુરુષોત્તમની ઈચ્છાથી તેમનું લાવણ્ય જોઈને પુરુષમાં સ્ત્રી-ભાવ ન થાય ? ઋષિયોએ સ્વરૂપાનન્દના અનુભવની ઈચ્છા નિવેદિત કરી !- સારસ્વતકલ્પમાં પુષ્ટિપુરુષોત્તમ કૃષ્ણ પધાર્યા. સ્ત્રીભાવપૂર્ણ ઋષિયો કુમારિકા

રૂપે પધાર્યા. સ્વરૂપાનન્દના અનુભવે કૃતાર્થતા રાસમાં માણી. શ્રુતિ જે સ્વરૂપનું ગાન કરતાં હતાં, તેનો આનંદાનુભવ રાસમાં માણ્યો, કૃતાર્થ થયાં. શ્રુતિ અને સ્મૃતિ બંને પ્રભુનું જ ગાન કરે છે ને ! પણ સ્વરૂપાનન્દ તો આજે સમજાતો હતો ! અનુભવ વગરનાં ગાન ઘણાં કર્યાં હતાં, આજે તો સ્વાનુભવ પછી સ્વાભાવિક ગાન થતું હતું ! કેવલ પુરુષ કે સ્ત્રીદેહ-માત્રથી આ લાભ મળતો નથી, શરણાગત ઉત્તમ યજ્ઞપત્નીઓને નથી મળ્યો, શૂદ્ર પુલિન્દીજીને મળ્યો છે ! ગોપોને નથી મળ્યો, ગોપીજનને મળ્યો છે ! પ્રભુની પ્રસાદરૂપ, સ્ત્રીત્વલક્ષણરૂપા શક્તિના પ્રવેશથી જ, કેવલ કૃપા દ્વારા, આ લાભ મળે છે.

આ બંને શ્રીગોપીજનના વ્યક્તિગત અને યૂથના-સામુદાયિક-પણ સાત્ત્વિક, રાજસ, તામસ-ભાવભેદ છે. મિશ્રભાવે નવ. બંનેના મળીને ૧૮. બંનેમાં સોપલક્ષણ-નિર્ગુણ-સમાન - ૧; કુલ ૧૯. સૌ તેમના યૂથના ભાવનો એક એક શ્લોક ગાય છે, તેથી કુલ ૧૯ શ્લોક. જેટલાં મળીને એકવિધરસાનુભવ થાય, તેટલાનું એક યૂથ ! આ સામાન્ય-ભેદ છે. સામાન્ય-વિશેષન્યાયે અન્યરીતે પણ ભેદ સંભવે છે. દશમસ્કન્ધના સાત્ત્વિક-પ્રકરણના અધ્યાય-વિભાગમાં કે અન્યત્ર, ભેદ લાગે ત્યાં પણ સામાન્ય-વિશેષ-ન્યાયે સમાધાન થઈ જાય છે, વિકલ્પ જરૂરી નથી.

પ્રથમ વિભાગ : શ્લોક (૧) અન્યપૂર્વા - રાજસસાત્ત્વિક, (૨) તામસસાત્ત્વિક, (૩) સાત્ત્વિકસાત્ત્વિક, (૪) નિર્ગુણ (૫) અનન્યપૂર્વા - સાત્ત્વિકસાત્ત્વિક, (૬) તામસસાત્ત્વિક, (૭) રાજસસાત્ત્વિક, (૮) નિર્ગુણ, (૯) સાત્ત્વિકરાજસ, (૧૦) તામસરાજસ, (૧૧) રાજસરાજસ, (૧૨) અન્યપૂર્વા - તામસ-રાજસ, (૧૩) રાજસરાજસ, (૧૪) સાત્ત્વિકરાજસ, (૧૫) સાત્ત્વિકતામસ, (૧૬) તામસતામસ, (૧૭) રાજસતામસ, (૧૮) અનન્યપૂર્વા - સાત્ત્વિકતામસ, (૧૯) રાજસતામસ.

દ્વિતીય વિભાગ : અનન્યપૂર્વા (સગુણ) શ્લોક ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૧૩, ૧૪. બંને નિર્ગુણ શ્લોક ૪; અન્યપૂર્વા - (સગુણ) શ્લોક - ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯.

મંગલરૂપ- નિધાન શ્યામસુંદરને મંગલ શબ્દે વધાવ્યા; "જ"થી આરંભ - કૃપાસૂચક છે ! :

जयति तेऽधिकं जन्मना व्रजः श्रयत इन्दिरा शश्वदत्र हि ।
दयित दृश्यतां दिक्षु तावकास्त्वयि धृतासवस्त्वां विचिन्वते ॥ (१)

"जयति"- થી આરંભ કર્યો. જય મળેને ! ભક્તોને તો જીવતાં જ ભગવાન્ મળે તે,- જય ! ભગવાન્ વગર તો બધે થાય પરાજય ! આંખે ન દેખાય, કાંઈ કરતા ન લાગે, છતાં ભક્તો માટે તો ભગવાન્ સર્વ કાંઈ કરે છે ! અર્જુન પ્રિયસખા પ્રભુના ! ભગવાન્ તો નિઃશસ્ત્ર પણ તેના પક્ષમાં રહ્યા. તે કાંઈ કરતા ન લાગે, છતાં સર્વ કરે છે ને ! જય પોતાના (વિજય) અર્જુનને દીધો ને ! તે સંકેતથી સૌને સમજાવી દીધું, પ્રભુ હોય ત્યાં પરાજય ન હોય ! મંગલરૂપ પ્રભુ વિરાજે ત્યાં સર્વમંગલ જ હોય, સફલતા સર્વ સ્વતઃ પ્રાપ્ત થાય, વિઘ્ન કાંઈ ન રહે. મંગલરૂપ "जय"- પહેલાં પ્રકટ થયો - અહીં,- ભક્તમુખમાંથી ! કવિઓ ભલે "ज"- ને દગ્ધાક્ષર ગણે, તેનાથી કાવ્યારંભ યોગ્ય ન ગણે, પણ પ્રભુના શરણાગત ભક્તોએ તો શ્રીભાગવતમાં ("દગ્ધ") બળેલાને, ઠરેલા કરવા "ज"નો આદર પોતાના ગાનમાં પહેલો કર્યો છે ! શ્રીમદ્ ભાગવત સૌ સંતાપમાં શેકાયેલાંને, શીતલતા-સુખ-શાંતિ,

અરે ! પરમાનંદના પણ પ્રદાન માટે છે ને ! કર્મ-જ્ઞાન-ભક્તિના સુંદર સમન્વયરૂપ, અનન્ય-શરણાગતિમાર્ગ રૂપ, શ્રીભાગવતમાં "जन्माद्यस्य..."- માં મંગલાચરણમાં પહેલો "ज"કાર શરણાગત ભક્ત વેદવ્યાસજી વધા છે, પોતાના ખેદને દૂર કરવા મથ્યા છે ! કર્મકાંડના સારરૂપ યજ્ઞવરાહની સ્તુતિમાં - "जितं जितं"- માં, શરણાગત ભક્ત ઋષિયોએ "ज"થી આરંભ કર્યો છે, કૃપારૂપ જલબિંદુઓથી પાવન થયા છે. ભક્તિમાર્ગની ચરમસીમારૂપ શ્રીગોપીજને "जयति..."માં "ज"ને સ્થાન પહેલાં દીધું છે, સ્વદોષનાશ માટે ગોવિંદને ગાયા છે ! જ્ઞાનકાંડના સાર જેવી "વેદસ્તુતિ"માં શરણાગત ભક્ત-શ્રુતિયોએ "जय जय जह्यजामजित..."-માં "ज"ને પહેલાં પધરાવ્યો છે ! પ્રાકૃતશ્રુતિયોએ સ્વદોષનાશ માટે સ્તુતિ કરી છે. સંસારમાં અનેક રીતે બળતરા પામેલા, નકામા ગણાતા, સ્થાન- માન-વિહોણા, સૌ લોકોને આહ્લાદ દઈને ઉત્તમ બનાવે છે, - શ્રીભાગવત ! તેનો આ સૂચક સંદેશ છે.

"योगास्त्रयो....।"- થી પ્રભુએ સૌ જનના કલ્યાણ માટે ત્રણ યોગ કહ્યા છે. જ્ઞાન, કર્મ અને ભક્તિ, તે વિના કલ્યાણનો બીજો કોઈ માર્ગ નથી. આ ત્રણેમાં પણ જેને સ્થાન નથી, તેમાંથી પણ કાંઈ કરી શકે તેમ નથી, તેવા તદ્દન અયોગ્ય કે નિ:સાધન લોકો પણ જો દીનતાપૂર્વક શરણે આવે, તો જરૂર તે સૌના સંતાપ શ્રીભાગવત-સેવનથી શમે, કલ્યાણ થાય, કૃતાર્થ બને. તે સૂચવતાં જ કર્મ, ભક્તિ અને જ્ઞાન- ત્રણેનાં મુખ્યગાનમાં આરંભે અહીં "ज" છે ! તે તેમના દોષનિવારણ માટે ગાય છે ! ત્રણેના (બદલે) અનુકલ્પ રૂપે તે સૂચવે છે, - દીનતાપૂર્વકનો સ્વતંત્ર શરણાગતિમાર્ગ ! અયોગ્યનો પણ તેનાથી ઉદ્ધાર થાય, તો સાધન કરી શકે તેવા, યોગ્યનો ઉદ્ધાર થાય તેમાં તો કહેવાનું જ શું ?! ગીતામાં ભગવાને પ્રિય સખા અર્જુનને કહી દીધું, - "सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।" ગીતાની બધી વાતનો સાર, - "દીનતાપૂર્વક શ્રીકૃષ્ણની સુદૃઢ શરણાગતિ !" સ્વજનને તો સ્નેહથી સહેલો જ ઉપાય બતાવાય ને ! પ્રભુએ તે બતાવ્યો છે. પોતાના પ્રિય-મંત્રી-મિત્ર, અનન્ય આત્મીય ઉદ્ધવજીને પણ અગિયારમા સ્કન્ધમાં, બ્રહ્મવાદનું જ્ઞાન દેતાં પણ કહી દીધું, - "**मामेकमेव शरणमात्मानं सर्वदेहिनाम् । याहि सर्वात्मभावेन यास्यसे ह्यकुतोभयम् ॥**"- "સર્વાત્મભાવે માત્ર મારે જ શરણે આવ, અભય મળશે !" દીનતાપૂર્વકની શરણાગતિથી, - "મારાથી કાંઈ બની શકતું નથી, મારા પર મારા પ્રિય પ્રભુ કઈ રીતે પ્રસન્ન થાય ?!" - આવી તીવ્રવેદનાથી મથામણ કરનારમાં દીનતા આવે, તેને શરણાગતિથી સફલતા મળે. શ્રીભાગવતજીના મુખ્ય-શ્રોતા રાજા પરીક્ષિતજી, તે પણ દગ્ધને ?! છતાં પહેલા-મુખ્ય ! માના ઉદરમાં તે બ્રહ્માસ્ત્રથી બળ્યા, અંતે બ્રાહ્મણના શાપે, તક્ષકના વિષાગ્નિમાં બળ્યા. બળ્યા છતાં પ્રભુ મળ્યા ! પ્રભાવ શ્રીભાગવતજીનો ને ! રાજા પણ દીનતાથી શરણાગત થયા છે ને !- "तं मोपयातं प्रतियन्तु विप्राः ।" શરણાગતિ વગર શાન્તિ નથી !

શ્રીગોપીગીતનો છંદ-ઈંદિરા, ક્રિયાપદથી આરંભ : ભક્તોનું જીવનધ્યેય છે - પ્રભુપ્રસન્નતા પ્રાપ્તિ !:

પુષ્ટિ-ભક્તિમાર્ગનાં ગુરુ, છતાં શ્રીગોપીજનનો ગર્વ ગળી ગયો છે ! ગુરુ-અક્ષરો પણ તેથી પહેલાં ન નીકળ્યા, લઘુ નીકળ્યા ! - "जयति." કાવ્યદૃષ્ટિએ તે થયો - "न" વર્ગ ! અવતાર-ગણનામાં વીસમા કૃષ્ણ ! ગાયત્રીનો વીસમો અક્ષર "न !" આનંદમય કૃષ્ણનું સૂચન તેમાં સમાઈ ગયું છે ને ! ભક્તોને પરમાનંદરૂપ પરમૈશ્વર્ય દેનારા કૃષ્ણને શોધતાં શ્રીગોપીજન ગાય છે. "इदि परमैश्वर्ये"-

ધાતુપાઠ છે. ઈન્દિરા વ્રજમાં આશ્રય કરીને વસે છે! અહીં તેથી "ઈન્દિરા" છંદઃ છે. ''नररलैर्गुराविन्दिरा मता।''- લક્ષણ છે. ''श्रयत इन्दिरा...''- સ્પષ્ટ છે ને! ફલલાભ અને વિઘ્નનાશ માટે "જય"થી આરંભ "ગોપીગીત"નો છે, નહિ તો ક્રિયાપદનો પ્રારંભમાં પ્રયોગ ન હોય ! ક્રિયાપદથી પ્રારંભ, ક્રિયાની મુખ્યતાનો પણ સૂચક છે. હૃદયનો ભાવ અને શરણાગતિનો સ્વભાવ, ક્રિયા રૂપે વ્યક્ત થયા વિના ન રહી શકે! પ્રેમ પ્રમાદ ન કરાવે, પ્રવૃત્તિની પ્રવૃદ્ધિ કરાવે. વત્સલ-માને પોતાના બાલકની સંભાળ લેવાનો ઉપદેશ દેવો પડે ખરો ? હા, સંભાળ લેવાની રીત કદાચ સમજવી પડે, પણ યથામતિ ક્રિયા તો સ્વતઃ પણ થાય છે ને! તેમ ભક્તિમાર્ગમાં તો સ્વાભાવિક-સ્નેહથી, પ્રભુને સુખ થાય તેવી ક્રિયા તો સ્વતઃ થાય, તે સેવા છે. તેની રીત ભગવદીયો કે ગુરુજન પાસેથી શીખાય. સિદ્ધાન્તચિન્તન કે કથાસેવનને પરિણામે પ્રીતિ દૃઢ થતાં સેવા જ થાય.

ભક્તોનાં જીવનનું ધ્યેય પણ પ્રભુને પ્રસન્ન કરવાનું જ હોય. પ્રભુ માટે જ ભક્તો જીવે છે! "ગોપીગીત"ના ઉપક્રમ અને ઉપસંહારમાંથી આ સિદ્ધાન્ત સમજાય છે. ''त्वयि धृतासवः''- આરંભમાં અને ''भवदायुषां नः''- અંતે, ગોપીજન પોતાને ગણાવે છે. સર્વત્ર ગીતમાં પણ આ સ્પષ્ટ સમજાય છે. ભગવાન્ માટે જ ગોપીજન પ્રાણ ધારણ કરે છે. ભગવાનની લીલા માટે જ તેમનું જીવન છે. પ્રભુ પ્રસન્ન થાય તેમ- પ્રભુને ઉપયોગી થઈને જ જીવવું તે જીવનની સફલતા છે! તે પુષ્ટિ-ભક્તિમાર્ગીય જીવન છે. પોતાના સર્વસ્વનો સંપૂર્ણ ઉપયોગ પ્રભુ માટે સતત થયા કરે, જીવનોપયોગી નાનાં મોટાં અનિવાર્ય વ્યવહાર-કાર્ય પણ, "આનાથી મારા પ્રભુ પ્રસન્ન થશે ?" - તેવા વિચારપૂર્વક થયા કરે, તો કૃતાર્થતા શોધવાની ન રહે, સ્વતઃ આપણને શોધતી આવે! આવા જીવનમાં નિરાશા કે નિષ્ક્રિયતાનું નામનિશાન પણ ન હોય. ઉગ્રતા, વ્યગ્રતા, હીનતા, કટુતા, કપટ, કુત્સિત-કામના, કલેશ વગેરેનો લેશ પણ હૃદયમાં ન રહે, આવેશ પ્રભુનો રહે ! પુષ્ટિમાર્ગીય-જીવન તો પ્રતિપલ કોમલ, મધુર, સાવધ, સક્રિય, સુંદર, સન્નિષ્ઠ, સ્પષ્ટ, સરલ પ્રસન્ન, ગંભીર, નિર્મલ, નિર્ભય હોય ! મન મધુરાધિપતિમાં જ મગ્ન હોય ને! તન અને ધન પ્રભુની પ્રસન્નતા થાય તેમ સેવામાં યોજાય, તનુ-વિત્તજા-સેવા યોગ્ય રીતે થાય, પછી સંસારદુઃખ નિવૃત્ત થાય, ભગવાન્ સમજાય, પછી માનસી-સેવા થાય, મન પ્રભુમાં મગ્ન રહે. તે જ મુખ્ય છે. પલ પણ પ્રભુ ભુલાય, તો માનવ દાનવ શો બની જાય! પ્રતિપલ પ્રભુની પવિત્ર પ્રેમલ સ્મૃતિ તો જીવનનું બલ છે, ફલ છે! આવા સન્નિષ્ઠ ભક્તો તો સદૈવ પોતાના પ્રિય પ્રભુને જ શોધ્યા કરતા હોય. - ''त्वां विचिन्वते ।'' પ્રભુને પ્રત્યક્ષ પ્રાપ્ત કરવા મથે નહિ, ઉષ્ણભાવે શોધે નહિ, તે પુષ્ટિમાર્ગીય નહિ! માત્ર નિત્યક્રમથી જ અટકી ન જવાય ! ભગવાનને શોધનારે જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ શોધવાં ન પડે, સ્વતઃ મળે! તે તો સર્વત્ર નિરપેક્ષ-સ્વતંત્ર થઈ જાય. જેને જે જરૂરી લાગે છે, તે તેને શોધે છે. દિવસભરમાં દૈનિક-જીવનમાં અનેક ચીજો આપણને જરૂરી લાગે. તેને મેળવવા મથીએ છીએ, ભગવાન્ ક્યાંય જરૂરી લાગે છે ખરા ?! પછી શોધીએ શા માટે ? હા, પાપ દૂર કરવા, પુણ્ય મેળવવા, ઈચ્છેલો સ્વાર્થ સાધવા, મુશ્કેલીમાં માર્ગ મેળવવા, ઘણા લોકો ભગવાનને તેમાં ઉપયોગી કે જરૂરી જાણીને ભજતા હશે! પણ ભગવાન્ વિના જીવી ન શકાય, ભગવાન્ વિના ચેન ન પડે, તેથી ભગવાનને શોધનારા કેટલા હશે ? મર્યાદાભક્તોએ પણ પ્રભુ શોધ્યા છે, પણ પ્રાણાધાર રૂપે શોધે, તેવા ભક્તો તો પુષ્ટિમાર્ગીય હોયને!

લૌકિકજીવન પણ તેમનું તો અલૌકિક બની જાય. તેમનો જીવન-વ્યવહાર તો લૌકિક-ક્લેશ-દ્વેષ વગરનો, પ્રસન્નતાપૂર્ણ થઈ જાય. શ્રીગોપીજને તો ઘરમાં રહીને દેવદુર્લભ, શ્રુતિમૃગ્ય, મુનિયોને સમાધિમાં શોધવા છતાં ન જડતા, પરબ્રહ્મ કૃષ્ણને પ્રેમથી પોતાના બનાવી દીધા છે ! વનમાં વસીને વિકટ વ્રતરત મુનિવરો કરતાં પણ, ઘરમાં રહેતાં શ્રીગોપીજન ઉત્કૃષ્ટ કક્ષામાં છે ! મુનિવરોને યોગ-સમાધિમાં જેટલી એકાગ્રતા નહિ થતી હોય, તેટલાં એકતાન તો શ્રીગોપીજન ભગવાનમાં છે ! સમાધિમાં ન પધારતા અજન, સ્વજન માટે જન્મ લઈને પધાર્યા છે ને ! મુનિવરો તો પોતાનું શ્રેય: સાધવા, સર્વ છોડી, વનમાં એકાકી સ્વતંત્ર વિચરે છે. ગોપીજન તો પ્રિયની પ્રસન્નતા માટે સર્વ છોડી વનમાં આવ્યાં, ઘરમાં પરતંત્ર હતાં, વનમાં પણ સ્વતંત્ર ક્યાં છે ?! રહ્યાં છે તો પ્રિયને સાનુકૂલ ! રાસના આરંભમાં ઘેર પાછાં જવાનું કહેતા કૃષ્ણે, રાસના અંતે પાછાં પણ મોકલ્યાં ! "**अनिच्छन्त्यो ययुर्गोप्यः स्वगृहान् ।**"- ઈચ્છતાં ન હતાં, છતાં ઘેર ગયાં, પ્રિયા પ્રભુનાં છે ને ! - "**भग्नवत्प्रियाः**"- પ્રેમપરવશ છે ને ! પોતાના સ્વતંત્ર વિચારો, સ્વતંત્ર અસ્તિત્વ, સ્વતંત્ર અભિપ્રાયો, સ્વતંત્ર સુખ તેમને ક્યાં જોઈએ છે !! પ્રિય પ્રભુના સુખમાં તેમનું તો સુખ સમાઈ ગયું છે. ભગવાનથી જુદું સુખ કોઈ તેમને ખપતું પણ નથી. આ કક્ષાએ પહોંચનારનું જીવનઘડતર તો જન્મ-જન્માંતરથી હોય ને ! સતત સાવધ-પ્રયત્ન-પરાયણ આવા ભક્તો તો હોય ને ! પહેલા જ હૃદયોદ્ગારરૂપ આ શ્લોકમાં પુષ્ટિ-ભક્તિમાર્ગીય- જીવનમર્મ વણાઈ ગયો છે ને ! "**जयति**"- પ્રભુ-પ્રસન્નતા માટેની સતત, સાવધ છતાં, સ્નેહની- સ્વાભાવિક-ક્રિયા સૂચવે છે. "**तेऽधिकं... श्रयत इन्दिरा...हि**"- માહાત્મ્યજ્ઞાન પણ સૂચવે છે. "**दयित**"- સુદૃઢ, સર્વથી અધિક સ્નેહસૂચક છે. "**दृश्यतां**"- આગ્રહનો અભાવ, કૃષ્ણવશતા, પ્રેમ-પરવશપણું સૂચવે છે. "**तावकास्त्वयि धृतासवः**"- કેવલ કૃષ્ણસંબંધે પ્રિય પ્રભુની પ્રસન્નતા માટે જ જીવન જીવતાં શિખવે છે. "**त्वां विचिन्वते**"- જીવનભરની પ્રવૃત્તિના પ્રકારનું સ્પષ્ટ માર્ગદર્શન છે, પ્રકટ પ્રભુની શોધ !

આવા આદર્શ-જીવનવાળા ભક્તો પલભર પણ નિષ્ક્રિય કેમ હોઈ શકે ? ભક્તિમાર્ગ કર્મઠોનો માર્ગ નથી, કૃષ્ણ માટે ક્રિયાશીલનો માર્ગ છે ! ભક્તિમાર્ગ નિષ્કામ છે, પણ નિષ્ક્રિય નથી ! ભક્તિમાર્ગ નિવૃત્તિનો માર્ગ છે, પણ નવરાશનો કે નવરાઓનો માર્ગ નથી ! સંસારની સુખવૃત્તિ કે પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ લઈને, ભગવત્સુખ માટેની સતત વૃત્તિ-પ્રવૃત્તિની સ્વાભાવિકતાનો માર્ગ ભક્તિમાર્ગ છે ! પલેપલ તેમાં તો પ્રભુ માટે જ વીતે છે. જે ક્ષણે લાગે કે, આપણે નવરા છીએ, તે ક્ષણે જ જીવન વેડફાઈ રહ્યું છે ! કાંઈ ધ્યેય વગરનું જીવન હોય, કમાવું - પેટ ભરવું - એશારામ કરવાં - તેવું ધ્યેય હોય, તેવાને કદાચ નવરાશ લાગતી હશે, - ક્યારેક ! તેમને જીવનકલાનું ભાન નથી, ભભકો કદાચ બહારનો વધતો જતો હશે, છતાં અંદર તો અંધારું જ છે ! માનવ પાસે તો સૌથી મોટું એક કાર્ય છે, જીવનધ્યેય છે, - જે તત્ત્વમાંથી પોતે (જીવ) છૂટો પડ્યો છે, જે સાચો આનંદ તેનો ખોવાઈ ગયો છે, તેને પ્રાપ્ત કરવાનું ! જન્મ-જન્માન્તરથી આ મહત્કાર્ય સામે ઊભું છે, માનવની સાચી જાગૃતિ અને પ્રવૃત્તિની તે પ્રતીક્ષા કરે છે. ગાફેલને આ સમજાતું જ નથી. પરિણામનું ભાન નથી, આથી અનેક રીતે પીડાય છે, પસ્તાય છે. માનવ, શરીરના કે સ્વજનના સુખનાં સ્વપ્નોમાં, મોટાઈના મોહમાં, ભાન ભૂલી રહ્યો છે ! પ્રભુ પ્રત્યક્ષ પ્રાપ્ત થયા નથી, ત્યાં સુધી નવરાશ કે આનંદ ક્યાંથી હોઈ શકે ?

પ્રભુ પ્રત્યક્ષ પ્રાપ્ત થયા પછી પણ, સેવારતને નવરાશ ક્યાંથી હોઈ શકે ? સેવાથી સુખ દેવામાં જ તે તો આનંદ માણ્યા કરે છે.

પ્રભુપ્રાપ્તિમાં અને સેવામાં આ શરીર તો સાધન છે. સ્વજન અને ધન પણ માત્ર સહકારિ-સાધનરૂપ છે. તે શરીરને સેવાનુકૂલરીતે, સુદૃઢ, સ્વસ્થ, સુંદર રાખવા માટે, અન્નપેય - વસ્ત્ર - અલંકાર-સુખ-આરામ-વગેરે સાધનરૂપે આવશ્યક છે. તે મેળવવા-માટે વ્યાપાર-વ્યવસાય-વ્યવહાર વગેરે કરવાં, તે જરૂરી સાધનરૂપ છે. આ બધી આમ, માત્ર સાધન-પરંપરાઓ છે, સાધ્ય તો તેમાં કાંઈ નથી ! આપણે તો આ ભાન ભૂલીને, આ સાધનોને જ સાધ્ય બનાવી બેઠા છીએ ! પૈસા કમાવા, સુખનાં સાધન મેળવવાં, નોકરી-ધંધા કરવા, મોટા દેખાવું વગેરે જીવનધ્યેય શાં થઈ પડ્યાં છે ! સાચું ધ્યેય તેમાં ખોવાઈ ગયું છે ! મનગમતું મેળવવામાં માનવ મગ્ન છે, અણગમતું અટકાવવાની અકળામણમાં અટવાય છે ! ધન, સ્વજન, સગવડ, આરામ, પોષણ વગેરે સાધન છે, - શરીરને સેવાનુકૂલ રાખવા માટેનાં ! શરીર સાધન છે - સેવાનું ! સેવા પણ સાધન છે, - પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનું ! આમ, મુખ્યજીવનધ્યેય તો “પ્રભુ-પ્રસન્નતા-પ્રાપ્તિ” છે ! માત્ર માનવદેહથી તેમાં વધુ સાનુકૂલતા મળે. દેવે દયાથી દીધેલો દેહ વ્યર્થ વેડફવો તે તો દ્રોહ નથી ? ! મરતાં પહેલાં મધુર માધવ ન મળે, તો આત્મઘાત કર્યો ન ગણાય ? આ સમજીને, આવા અપરાધમાંથી ઉગરવા, સર્વોત્તમ જીવનધ્યેય માટે જીવતા માનવના જીવનમાં, નવરાશ-નિરાશા કે નિષ્ક્રિયતાને સ્થાન કયું હોય ? આવા ધ્યેય વગર જીવનારને ધક્કા તો જીવનમાં અને જન્મ-મરણના, અનેક મળ્યા કરે, વ્યર્થ માનવ મથ્યા કરે ! મૂંઝાઈને મર્યા કરે ! આથી વધારે મોટી શરમ બીજી કઈ હોઈ શકે ? !

નિયત સમયમાં નિયત કામ કરવું છે, તેવા ધ્યેયવાળાને સમાપ્તિનો સમય પૂરો થવા આવતાં સંતાપ વધતો જાય. દશ વાગ્યે રસોઈ સંપૂર્ણ કરીને, સૌને જમાડી જ દેવાં હોય, પુત્ર-પુત્રીને પરીક્ષા હોય, પુરુષોને ઓફિસે જવું હોય, પોતાને પણ બહારગામ સમયસર જવું અનિવાર્ય હોય તો, સ્ત્રીને મથવા છતાં વિલંબ થાય તેમ, વખત સાથે વેદના કેવી વધતી જાય છે ? ! તેમ શરીર છૂટતાં પહેલાં જેને પ્રભુ પ્રાપ્ત કરવા હોય, તેને તો વય સાથે તે વેદના વધતી જાય. અન્યપ્રાણી રૂપે જન્મ મળતાં આવી અનુકૂળતા ક્યાં મળવાની છે ? અનેક કર્મબંધન વધશે, ભવમાં ભટકાવશે, છુટાશે ક્યારે ?! આપણે જે ક્ષુલ્લક સુખ મેળવવા મથીએ છીએ, તે માટે તો ઘણા આપણા બાપ-દાદા-પૂર્વજો પણ મથ્યા - મર્યા ! અજાણ્યાં મનઃકલ્પિત સુખની શોધ સંતાનો માટે પણ પરંપરામાં રહી ગઈ છે ! ઋષિયો તથા ભક્તોએ તો સાચાં-શ્રેષ્ઠ-માણેલાં સુખનો, તેનાં સાધન તથા માર્ગનો, ડિંડિમઘોષ વિશ્વમાં વ્યક્ત કર્યો છે, -“પ્રભુની પ્રસન્નતા મેળવો, પ્રભુમાં પ્રીતિ કરો !” તે માટે જરૂરી કમાવ, તે માટે યોગ્ય ખાન-પાન-વિહાર વગેરે કરો, નોકરી-ધંધા માટે સાધન સમજીને કરો; પણ તે સાધનને જ લક્ષ્ય ન બનાવી દો ! આમ સમજીને જીવીએ તો, કરીએ છીએ, તે જ કરવા છતાં, સેવાનુરૂપ ભક્તિમાર્ગીય-જીવન થઈ જશે. આ પુષ્ટિભક્તિમાર્ગીય-જીવન-સંદેશ છે. કૃતાર્થતાનો પછી કાંઈ સંદેહ નથી, આ દેહે જ ભગવાન્ મળે ! અહીં તો, આરંભ જ પ્રિય પ્રભુ માટેની ક્રિયાથી છે. ભક્તિમાર્ગમાં આરંભથી જ આચાર છે. જ્ઞાનમાર્ગમાં આરંભ વિચારથી છે. “પ્રભુ પ્રસન્ન થાય તો શું મળે ?”- વિચારવા ન રહેશો. બુદ્ધિના વ્યર્થતર્કમાં વેડફાશો નહિ. ભક્તિમાર્ગીય આચારથી અનુભવી જુઓ ! માત્ર વિચારીને વિરમે

તે રસમાં ક્યારે રમે ? ભવમાં તે તો ભમે, કાંઈ વેદના ન શમે ! સેવાસુખ માટે ભક્તો શોધે છે,- શ્યામને !

ભક્તો તો પોતે પોતાના પ્રિય પ્રભુને સાનુકૂલ થઈને સેવા દેવા જ શોધતા હોય ! શોધે તેને ભગવાન્ જડે ! માના ઉદરમાં પોતાની રક્ષા કરતાં જોયેલા, ઉપકારક ભગવાનને શ્રોતા રાજા પરીક્ષિતે પણ જન્મીને શોધવા જ માંડ્યા છે ને ! અંતે શ્રીભાગવતથી જડ્યા પણ છે ને ! જે રૂપે શોધે તે રૂપે પણ જડે. ભક્ત તો ભગવાનને શોધ્યા વિના ન રહી શકે ! પહેલાં ગોપીજને સંયોગમાં સેવાનું સુખ માણ્યું, હવે વિયોગમાં કથાનું - ગુણગાન રૂપે - સુખ માણે છે. સેવા-કથામાં આસક્ત હોય, તેના જીવનમાં અનર્થ ન થાય. પુષ્ટિભક્તિમાર્ગની તો તે બે આંખ છે, પ્રેમમાર્ગના પક્ષીની પાંખ છે- અવસરમાં સેવા, અનવસરમાં કથા ! તેનાથી રસરૂપ પ્રભુનો વિશેષ અનુભવ મળે. પ્રભુની અપ્રકટ દશામાં થતો વિયોગ પણ ભગવદ્રૂપ છે ને ! તેનો અનુભવ ફલરૂપ છતાં આગળના સંયોગમાં સાધનરૂપ પણ ખરો ! અહીં તો, સાધન પણ ફલાત્મક કૃષ્ણ જ છે ને ! ફલ પણ તે જ છે. તે સમજાય પણ છે. આ પુષ્ટિ છે. મર્યાદામાં યજ્ઞ-જપ-તપઃ વગેરે સાધન રૂપે પણ પ્રભુ જ ફલ દે છે, પણ નિયત રૂપે, નિયત ફલ દે છે, સાધન રૂપે સમજાય છે, ફલ કે ભગવદ્રૂપે નહિ ! અહીં તો, ફલરૂપ ભગવાનની જ સર્વલીલા છે ! ભક્તોના લૌકિક જેવા લાગતા જીવન સાથે પણ, ભગવાન્ સંબંધિત છે, તેથી બધું અલૌકિક જ છે. લૌકિકના ત્યાગ વગર પણ, બધું અલૌકિક બનાવી શકાય, - ભાવના માત્ર બદલવાથી ! આપણા જીવનમાં પણ, નાના બાલકના શૃંગાર વગેરે કરતાં, મા યશોદાજીનો ભાવ થાય, બાલક બાલકૃષ્ણ લાગે, તો તે શૃંગાર વગેરે લૌકિકકાર્ય પણ અલૌકિક થઈ જાય, સેવારૂપ થઈ જાય ! કામથી કંટાળો આવે, સેવાથી તો સંતોષ થાય. કામથી કુભાવ આવે, સેવા સમજતાં સદ્‌ભાવ વધે. કામ કર્કશ બનાવે, સેવા તો સહનશીલ બનાવે, છતાં સુકુમાર રાખે, કૃતાર્થ થવાય !

વૈકુંઠ કરતાં પણ વિશિષ્ટ છે, - વ્રજ !:

અહીં તો, ભગવાનના અવતારથી વ્રજ કૃતાર્થ થઈ ગયું; પણ પોતે કૃતાર્થ ન થયાં ! તેનું દુઃખ ગોપીજનને થયું. આવો અસંતોષ કે ઉદ્વેગ તો ઉદ્ધાર કરે ! વ્રજની વિશેષતા-અધિક ઉત્કર્ષ છે, - ભગવાન્ કૃષ્ણના અવતારથી ! પહેલાં વ્રજ સ્વર્ગ જેવું હતું, પ્રભુનાં ચરણ-ચિહ્‌નોની શોભાથી, વૈકુણ્ઠથી પણ અધિકતા-વિશિષ્ટતા તેમાં આવી. "व्रजनं व्याप्तिरित्युक्त्या व्यापनाद्व्रज उच्यते । गुणातीतं परं ब्रह्म व्यापकं व्रज उच्यते ॥ सदानन्दं परं ज्योतिः मुक्तानां पदमव्ययम् ॥"- વ્રજ એટલે વ્યાપવું. સર્વત્ર વ્યાપીને રહે તે,- વ્રજ ! ગુણાતીત પરબ્રહ્મ, વ્યાપક, સદાનંદ, જ્યોતિરૂપ, મુક્તોના નિત્યધામરૂપ વ્રજ છે. વૈકુણ્ઠમાં વૈકુણ્ઠનાથ કૃષ્ણ તો વિરાજે છે, પણ વિવિધવિહાર તો વ્રજમાં કરે છે ! વૈકુણ્ઠમાં ભક્તો ભગવાનને વશ, વ્રજમાં તો ભગવાન્ ભક્તોને વશ ! વૈકુણ્ઠમાં તો વેદ ગાન કરે, વ્રજમાં તો સ્વયં ભગવાન્ પણ વેણુગાન કરે ! વૈકુણ્ઠમાં સેવકો ભગવાનની પાછળ ફરે, વ્રજમાં તો ભગવાન્ ગાયો- ગોપ-ગોપીની પાછળ પણ ફરે ! વૈકુણ્ઠમાં લક્ષ્મીજી સામ્રાજ્ઞી રૂપે વિરાજે, વ્રજમાં તો લક્ષ્મીજી દાસી બનીને સેવા કરે ! બેલવનમાં બગીચો બનાવીને પુષ્પસેવા પણ કરે છે ! - "श्रयत इन्दिरा"- વૈકુણ્ઠમાં લક્ષ્મીજીના કૃપાકટાક્ષની કામના બ્રહ્માદિ દેવો કરે ! વ્રજમાં તો કૃષ્ણના કૃપાકટાક્ષની કામના ઈન્દિરા કરે ! અને તે કૃષ્ણ તો વ્રજલક્ષ્મીઓના રસકટાક્ષની કામના કરે !

ભગવાનનો જન્મ મથુરામાં, પણ ઉત્કર્ષ તો વ્રજનો ! અનેક વ્રજલક્ષ્મીઓ લીલાપૂર્વક કલાનિધિ કૃષ્ણની સેવા કરે, તેમાં વૈકુણ્ઠ-લક્ષ્મીનો ક્રમ પણ ક્યારે આવે ? ! રાહ તો લક્ષ્મીજી જોયા કરે છે. લોકોને તો લક્ષ્મીજીથી પોતાની મહત્તા લાગે છે; પણ લક્ષ્મીજી તો પતિવ્રતા છે, પતિ હોય ત્યાં સ્થિર વિરાજે છે. પ્રભુ હોય ત્યાં લક્ષ્મીને શોધવા આથડવું ન પડે ! લક્ષ્મીજી સ્વતઃ પધારે, સ્થિર વિરાજે ! જ્યાં લક્ષ્મીપતિ પણ દામોદર બનીને-દોરડે બંધાઈને-પણ પોતાનો યશઃ સમજે, તો તેમનાં પત્ની લક્ષ્મીજીની તો વાત જ શી ? લક્ષ્મીની લાલસામાં ઉઘાડી આંખે અનેક અનર્થ આચરતા લોકો, આંખ અને કાન ઉઘાડીને આ વિચારે, સમજે ! - "પ્રભુને પ્રસન્ન કરો, પ્રાપ્ત કરો !" પતિવ્રતા લક્ષ્મીજી તો પછી પ્રસન્ન થઈને સ્વતઃ આવશે. કેવલ લક્ષ્મીને મેળવવા જતાં લક્ષ્મી કે લક્ષ્મીપતિ ન આવે ! વ્રજમાં વશ થઈને લક્ષ્મીપતિ અને લક્ષ્મીજી વિરાજે છે, છતાં તેમના મનમાં વિષાદ નથી, પૂર્ણ પ્રસન્નતા છે. ભગવાનની ભક્તો પરની આ તો પૂર્ણ કૃપા જ સૂચવે છે.

"ભગવાન્ વ્રજમાં વિરાજે છે, તે જાણીને બ્રહ્માદિ-લોકો વ્રજમાં આવે, શોધે, તેમને પ્રભુ મળે પણ ખરા ! અને અમે ગોપીજન, વ્રજમાં વસનારાં, આપને માટે જ જીવનારાં, આપને જ શોધીએ, છતાં આપ અમને ન મળો ? ! આ તો આપને ઉચિત લાગે છે ખરું ? ! અયોગ્ય લાગે છે, - આપનું આમાં તો ! અમે કૃતાર્થ થઈએ તેમ આપે કરવું જોઈએ. વિરહમાં મોત મીઠું તો લાગે છે, પણ જીવીએ છીએ કેવલ આપને કાજે ! જે ક્ષણે લાગશે, અમે આપને ઉપયોગી નથી, અમારું જીવન આપ પ્રસન્ન થાઓ તેવું નથી, તે જ ક્ષણે અમારા પ્રાણ ચાલ્યા જશે ! ભગવાન્ પ્રસન્ન ન થાય તેવું ભારરૂપ, નિઃસાર, વ્યર્થ જીવન ભક્તોને શા કામનું ? ! અતિપ્રિય ! - દયિત ! - પલ પણ પ્રાણ આપના વિના ટકી શકે તેમ નથી. ભલે ! દર્શન ન દેવાં હોય, દોષ અમારો છે, તો પણ દયા કરશો ? પ્રિયતમ છો, પ્રાર્થીએ છીએ, - "દૃશ્યતાં"- "જુઓ તો ખરા !" દિશાઓમાં આપને શોધતાં, આપના માટે જ જીવતાં, અમે દારુણ દુઃખથી કેવાં આથડીએ છીએ ?" ખાતરી છે ભક્તપ્રિયાઓને, - પોતાના પ્રિયતમ કોમલતમ કૃષ્ણ, સ્વજનનું સ્વલ્પ પણ દુઃખ દેખી પણ ન શકે, પ્રીતિ કરનારને પીડાવા ન દે ! ભક્તોનાં દુઃખ સાંભળીને દોડી જતા દીનાનાથ દુઃખી ભક્તોને દેખીને દૂર કેમ રહી શકશે ? ! શ્રદ્ધા છે, જરૂર પ્રકટ થશે, પાસે પધારશે, પ્રસન્ન થશે ! આગ્રહથી કાંઈ કરાવે, તો સ્વામીને શ્રમ થાયને ! સ્વેચ્છાએ થાય તેમાં સુખ, પરેચ્છાએ ઘાય તેમાં પરિશ્રમ ! આ ભક્તિવિવેક છે. સ્વામીનો આશય જાણ્યા વિના મેળવવા મથાય નહિ, - મગાય પણ નહિ !

ભક્તોના જીવનમાં તો સ્વધર્મ સિવાય કોઈ આગ્રહ ન હોય. આગ્રહ હોય તો વિગ્રહ થાય ને ! આગ્રહ વગર પણ ઈચ્છેલું કરાવવાનું સામર્થ્ય છે, - સ્નેહમાં ! તેમાં તો સમર્પણમાં સફલતા છે. ભક્તિમાર્ગની આ રમણીય કોમલતા છે. પ્રવાહમાર્ગમાં દુરાગ્રહ હશે, મર્યાદામાર્ગમાં આગ્રહ, સત્યાગ્રહ કે પ્રેમાગ્રહ પણ હશે, પુષ્ટિમાર્ગમાં તો શુદ્ધસ્નેહથી વશ થવું તે વશીકરણ છે ! સંઘર્ષમાં સ્નેહ સચવાય નહિ. ઠંડા ઘીને હાથમાં ઘસો. ઘીનું મૂલરૂપ તે સંઘર્ષથી બદલાશે. ઘી સ્નેહરૂપ ને ! સ્નેહનું સ્વરૂપ પણ સંઘર્ષથી બદલાઈ જાય ! ભક્ત નારદજી તો તેથી, **"वादो नावलम्ब्यः"**- કહીને, વાદ ન કરવાનું કહે છે. તો વિવાદ તો થાય જ કેમ ? વૈષ્ણવ વિવાદથી વેગળા રહે છે. વિવાદ વગર, લોકોના અપવાદ પણ તે વહોરી લે છે. "અમે એવા રે અમે એવા, તમે કહો છો રે વળી તેવા !" - નરસિંહ મહેતાએ

સીધું જ સ્વીકારી લીધું છે ને ! આવાને શાંતિ ક્યાં શોધવી પડે ? સંસારી સંઘર્ષ કરે તો, કદાચ સ્વાર્થ સધાતો લાગે. સંત સંઘર્ષ કરે તો, સર્વાર્થ ગુમાવતો લાગે ! સમય અને શક્તિ પ્રભુસંબંધ વગર વ્યર્થ વેડફાયને ! કોઈ વર્તન એવું ન જોઈએ કે જેથી પ્રભુ-પ્રેમપૂર્ણ હૃદયમાં પરિવર્તન આવે, સંસારનાં આવર્તન શરૂ થાય ! શ્રીગોપીજને પ્રિય પ્રભુને પણ આગ્રહ ન કર્યો, વિવાદ ન કર્યો, વિનંતી કરી,- "दृश्यतां". પોતે જ પોતાનામાં ફેરફાર કે સુધારો ન કરી શકીએ, ત્યાં સામાને બદલવા કે સુધારવાનો આગ્રહ કેમ રખાય ? ભક્તો સર્વત્ર ભગવાનને અનુભવનારા, દોષ કોઈને ન દે. તેમને નિર્દોષ - "दयित"- પ્રિય પ્રભુમાં દોષ કેમ દેખાય ! રસસ્વભાવવશ વિચિત્રભાવ ક્વચિત્ થાય, પણ તે તો સુસંવાદ રસવિહારમાં સર્જે; વિસંવાદ કે વિષમવાદ નહિ !

દયાળુ ભગવાનની ઘાતકતા ! :

"વરદ ! વરદાન દેનારા તો દયાળુ હોય. અલ્પ તપઃ વગેરેના બદલામાં અનલ્પ (ખૂબ) ફલ દેનારા હોય. આપ તો પાસે પધારતા નથી, દયાળુ નથી લાગતા ! અરે ! દયાને બદલે પ્રહાર કરો છો ! ઘાતક આપની દૃષ્ટિ છે ! આનંદમય પુરુષોત્તમની દૃષ્ટિ તો આનંદમયી જ હોય, પણ વિરહમાં સ્મરણથી ક્લેશપ્રદ બને છે! ભગવાનના કાલરૂપની દૃષ્ટિનું અહીં નિરૂપણ છે. નિપુણચોર તો પ્રહાર પણ કરે ને ! પહેલું પાપ કરતાં હૃદય જેટલું ડંખે, તેટલું પાપ-પરંપરાથી ટેવાયેલું તો ન જ ડંખે ને ! પાણી ભરેલી ઊંડી ખાઈથી ઘેરાયેલા કિલ્લાની તિજોરીમાંથી, લક્ષ્મી ચોરી લાવનારની ચતુરાઈ કેવી હોય ? ચોરીનાં ચિહ્ન તો, ચતુર ! આપનાં નયનમાં છે ! શરદનું નિર્મલ જલાશય - ખાઈ, તેમાં સુંદર ઊગેલા કમલ - કિલ્લાની તિજોરી, તેની અંદરની શોભા - લક્ષ્મી, તે તો આપનાં નયનમાં વિરાજે છે. તેના કટાક્ષોથી આપ પ્રહાર તો કરો છો ! તે વધદોષ નથી ? ! નેત્ર આપનાં ઘાતક છે, - તે તો પ્રસિદ્ધ છે !" અર્જુનના રથ પર, નિઃશસ્ત્ર સારથિ લાગતા હતા કૃષ્ણ, છતાં નેત્ર તો સર્વઘાતકશસ્ત્ર બનીને શત્રુસૈન્યમાં ઘુમતું હતું ! "स्थितवति परसैनिकायुरक्ष्णा हृतवति-" ભીષ્મે જાણ્યું. "आर्युमनांसि च दृशा सह ओज आच्छर्त ।"- દુશ્મનસૈનિકોનાં આયુષ્ય, મન, ઈન્દ્રિયસામર્થ્ય પ્રભુએ દૃષ્ટિપાત માત્રે હરી લીધાં હતાં ! પ્રિય પ્રભુના આનંદ સ્વરૂપનાં દર્શનથી જ જીવી શકાય તેમ છે. પરના પ્રાણ લેવાય, પણ પોતાનાં હોય તેમને પીડા થાય ખરી ? ! "सुरतनाथ तेऽशुल्कदासिकाः"- "સુરતનાથ ! અમે તો આપની અમૂલ્ય દાસી છીએ ! મૂલ્ય વગરની, છતાં મૂલ્ય ન થઈ શકે તેવી પણ ખરી ! મૂલ્ય ગણો તો, સુરત-ભગવાનમાં રત રાખે તેવો ભગવદીયભાવ - મૂલ્ય પણ ખરું ! નીરસ જગતને સરસ કરવા, શૃંગારરસરૂપ કૃષ્ણ પધાર્યા છો ! અનાથ થતાં રસશાસ્ત્રને સનાથ કરવા શ્રીનાથ પધાર્યા છો ! અધિકારાનુસાર સૌ આપને ઓળખે છે, પ્રાર્થે છે. અમારો અધિકાર તો આપે રસવિહારમાં રાખ્યો છે ! દાસી અમે છીએ, દર્શન ન દેતાં, તેમનો વધ કરવો તે દોષરૂપ નથી શું ? ! આપનું દર્શન અમારું જીવન-સંપાદક છે. કમલકોશની શ્રી-શોભા બહાર પ્રકટ થતાં કેવલ એકાકી રહી ન શકે. અમે આપના વિના કેમ રહી શકીએ ? વરદાન સૌને દો છો, જીવનદાન અમને દો, પાસે પધારો, પ્રકટ થાવ, પ્રસન્ન થાવ !" અંદર રહેલો પુષ્ટરસ વાણી રૂપે બહાર વ્યક્ત થાય તો પૂર્ણ થાયને ! ગોપીજનના હૃદયનો રસપ્રવાહ શબ્દ રૂપે સરી રહ્યો છે !

ભગવાનના ઉપકારોની સ્મૃતિ ! :

ભગવાન્ તો દયાળુ છે, સ્વજનોને દુ:ખી ન થવા દે. કાલિયના વિષયુક્ત જલપાનથી થયેલા મૃત્યુમાંથી, સપરિકર કાલિય, ગંધર્વ, સુદર્શનરૂપ વગેરે સર્પોથી, તૃણાવર્ત વગેરે રાક્ષસોથી, ઈન્દ્રે મોકલેલાં વર્ષા-વાયુ-વીજળીથી, દાવાગ્નિથી, વ્યોમાસુરથી, સર્વ પ્રકારના ભયમાંથી, આપે અનેક વાર રક્ષા કરી છે ! સર્વજ્ઞ ગોપીજનને તો ભવિષ્યમાં થનાર વ્યોમાસુર-વધ-લીલા પણ સ્પષ્ટ દેખાય છે ! સર્વજ્ઞને ત્રિકાલજ્ઞાન ન હોય ? ! પોતાને અનેક વાર બચાવનાર આજે કેમ ન બચાવે ? ! પોતાના ઉપરના વિશિષ્ટ ઉપકાર-સ્મરણે તો આત્મીયતા અને વિશ્વાસ દૃઢ થાય, પૃથ્વી, અન્ન, ઉષ્મા, શક્તિ, સમજ, દેહેન્દ્રિયાદિ તો પ્રભુએ દીધાં જ છે. તે તો સૌ પરનો સર્વસામાન્ય ઉપકાર છે. બંને ઉપકારના સ્મરણે પ્રેમ વધે, દૃઢ રહેવાય; ડરવાનું, ડગવાનું કે રડવાનું પછી ન રહે ! મર્યાદામાં કુંતાજીએ પણ "विषान्महाग्ने....।"- થી ઉપકારો પ્રભુના સ્મર્યા છે. પુષ્ટિમાં ગોપીજને "विषजलाप्ययाद्...।"- કહ્યું છે. બંનેમાં પહેલાં "વિષ" છે ! ઈન્દ્રિયોમાંનું વિષયવિષ કે હૃદયમાંનું વાસના - વિષમતારૂપ વિષ - "ઈર્ષ્યા"-માંથી સ્વજનને પ્રભુ જ બચાવે છે. સંસારીમાં તો બંને ભરપૂર હોય. પોતાના ઉપાયોથી તેમાંથી ન બચાય. ભગવદ્ધર્મ-પ્રીતિ કે કૃપાના સામર્થ્યથી જ બચાય. બહારના શત્રુથી કદાચ બચવું સહેલું, અંદરના શત્રુથી બચવું કઠિન ! બંનેમાંથી પ્રભુ જ બચાવે. સ્વામિધર્મ છે ને ! દૃઢતા દાસ રાખે !

કોઈએ ભગવાનનું સ્વરૂપ અને મહિમા ગાયાં. અધિકારીને મોક્ષ દેતા પ્રભુ, પોતાને પણ ઉચિત આપશે જ ને !

न खलु गोपिकानन्दनो भवानखिलदेहिनामन्तरात्मदृक् ।
विखनसार्थितो विश्वगुप्तये सख उदेयिवान् सात्वतां कुले ॥ (४)

"હે સખે ! આપ વસ્તુત: યશોદાનન્દ નથી, પણ સર્વદેહીઓના અંત:કરણના દ્રષ્ટા છો. બ્રહ્માજીની પ્રાર્થનાથી વિશ્વરક્ષા માટે યાદવકુલમાં ઉદય પામ્યા છો." ભગવાનમાં લૌકિકવત્ નન્દપુત્રત્વ વિશિષ્ટ યશોદાપુત્રત્વ નથી, લૌકિક-ભાવકૃત પુત્રભાવ નથી. તે તો ચોક્કસ છે, નહિ તો ગોપિકા-યશોદાએ જેમ જાણ્યા-માણ્યા,-દામોદરલીલામાં બાંધ્યા, પ્રભુએ યશોદાજીને આનંદ દીધો; તેમ આપણને પણ ન દે ? આપણે પણ તેમને જાણી-માણી ન શકીએ ? ! ગોપિકા તો આપણે પણ છીએ ! આનંદ આપણને કેમ ન આપે ? ! વશ કેમ ન થાય ? વિદ્યા-યોનિ-તુલ્યતા-સંબંધ વશીકરણ રૂપ બને ! તેમ તો અહીં દેખાતું નથી, તેથી પ્રભુને કોઈ ઠપકો ન દેવાય. તે આપણા જેવા નથી. અરે ! આ તો માત્ર વૈકુણ્ઠાધિપતિ પુરુષોત્તમ જ નથી, સૌના અંત:કરણના દ્રષ્ટા પણ છે. તે પ્રભુ તો આપણા હૃદયમાં તીવ્રતાપ જુએ, સાચો સદ્‌ભાવ જુએ, તો પ્રકટ થાય, પ્રસન્ન થાય, પ્રાપ્ત થાય. પ્રભુ પ્રસન્ન થઈને પ્રત્યક્ષ મળ્યા નથી; ત્યાં સુધી આપણે પોતે પોતાને ભલે સારાં-સાચાં માનીએ કે મનાવીએ, પ્રભુએ તો યોગ્ય નથી જ માન્યાં. નિર્દોષ પ્રભુ પધાર્યા છે તો વિશ્વરક્ષા માટે ! પોતાના સિવાય પ્રાણ જતા જુએ, તો રક્ષા માટે જરૂર પધારે ! સર્વથા વેદાર્થવિચારક - "विखना"- બ્રહ્મા છે. વૈખાનસમત તેમણે પ્રકટ કર્યો છે. વેંકટેશ્વર વગેરેમાં તે રીતે પૂજા થાય છે. પૂજાથી પણ લોકો કૃતાર્થ થાય છે.

વિશ્વરક્ષા માટે મુખ્યરીતે બ્રહ્માજીએ પ્રાર્થના કરી છે. પ્રભુને પ્રસન્ન કરવા વિશ્વ રચે વેદવિશારદ બ્રહ્મા; પણ રક્ષે તો ભગવાન્ જ ! વેદમાંથી ભગવત્સામર્થ્ય અને પ્રીતિ બ્રહ્માને સમજાયાં છે, તેથી તે તો શરણાગતિ અને સ્નેહ જ કરે ને ! - વેદનું તે રહસ્ય છે. બ્રહ્માજીને આ સમજાયું, પણ - "मुह्यन्ति यत्सूरयः ।"- બીજા વિદ્વાન્ ખરા, પણ મોહ પામે છે, ભગવાનની સ્નેહપૂર્વક શરણાગતિ કરતા નથી ને ! વેદવ્યાસજી મંગલાચરણમાં આ વદે છે.

પ્રભુ સૌના અંતરાત્મારૂપ છે, સદા સાથે જ રહે છે, સ્નેહથી હિત કરનારા સખા છે. પતિ, પત્ની, પુત્રાદિ તો અમુક ઉંમરે મળે, અમુક સમય સુધી, અમુક પ્રસંગે, સાથે હોય; સમય પૂરો થતાં વિદાય પણ થાય ! સાચો સથવારો શ્રીહરિનો ! જન્મથી મરણ સુધીમાં ક્ષણ પણ એકલાં આપણને તે નથી રાખતા. હૃદયમાં અને વ્યાપક રૂપે પણ સદૈવ સાથે જ વિરાજે છે. આપણે તેમને દેખતા-ઓળખતા-જાણતા-માણતા નથી, તેથી વ્યર્થ વિકલ બની જઈએ છીએ. આ "સખા"ને સમજીએ, સ્નેહ કરીએ, શરણાગતિ કરીએ, સંબંધ તેમની સાથે સુદૃઢ કરીએ, તો સંતાપ ક્યારેય કશો પણ ન લાગે ! આ પ્રભુ તો યાદવ અથવા વૈષ્ણવકુલમાં ભક્તો માટે જ પ્રકટ થઈને પધાર્યા છે. હૃદયમાં રહીને હિતકારક રીતે પ્રેરનારા, હવે તો પ્રકટ થયા છે. આત્મનિવેદનનો અંગીકાર કરીને જરૂર સ્વજનને કૃતાર્થ કરે છે. વિનંતી શું કરીએ ? સર્વજ્ઞ ઘણા હશે, આ તો હૃદયજ્ઞ પણ છે ! વિશ્વરક્ષા કરે છે, તો સ્વજનરક્ષા તો કરે જ ! સાત્વતકુલમાં પ્રકટ્યા તો ગોપીયૂથમાં પણ પ્રકટશે ! બ્રહ્માની પ્રાર્થના સ્વીકારી, તો પોતાનાં ગોપીજનની પ્રાર્થના પણ સ્વીકારશે ! રસપૂર્ણ સખા પ્રભુનું પ્રાકટ્ય તો રસાધિકારિ-ભક્તોને રસદાનરૂપ સ્વસમર્પણ માટે જ છે ને ! "કાન્ત ! કૃપા કરો. આપનો કરકમલ અમારા મસ્તકે પધરાવો ! કર તો સરઃ અને સરોરુહ શો છે ! સંતાપમાં સંતપ્ત અમને તે શીતલતા દેશે ! કરકમલ તો સંતાપશામક અને કામનાપૂરક છે. આપ માત્ર યોગિધ્યેય જ નથી, ગૃહસ્થ છો. લક્ષ્મીજીનો કરગ્રહણ કર્યો છે ને ! લક્ષ્મીજી તો માત્ર વિવાહિત છે, અમે તો શરણાગત છીએ. સ્વજન કરતાં પણ શરણાગતની રક્ષા ભગવાન્ વિશેષ કરે છે. સંબંધીની સંભાળ તો સાધારણ છે. શરણાગત-રક્ષા સ્વામિધર્મ છે. વૃષ્ણિશ્રેષ્ઠ ! અમે તો સ્ત્રી છીએ, સંસારભયથી શરણે આવ્યાં છીએ. અવિદ્યાજન્ય-અહંતા-મમતારૂપ-આ સંસાર નથી, પણ લીલોપયોગી આધિદૈવિક-અવિદ્યાએ કરાવેલું ભાન માત્ર છે ! લીલા મોક્ષપ્રદ છતાં લોકવત્ છે ને ! સંસાર તો અસહ્ય દુ:ખનું કારણ છે. સંસાર તો સર્પ જેવો, સુંવાળો છતાં ભયંકર, વિષભર્યો ! અજ્ઞાન-અંધને અનુકૂળ લાગે, સમજતા - વિચારશીલને તો વ્યાકુલ બનાવે. દૃષ્ટ કે અદૃષ્ટ દ્વારા આપ જ તેને અટકાવનારા છો ! મન તો આપનામાં જ આકર્ષાય છે. આપ જ અભયપ્રદ પતિરૂપ છો !"

બીજાં ગોપીને લાગ્યું, - આને બોલતાં નથી આવડતું ! હું સ્પષ્ટ કહું ? "હે સખે ! આપ અમને સાનુકૂલ બનો ! સખા તો સર્વથા સાનુકૂલ બને જ ને ! અમે "કિંકરી", - સાનુકૂલ આપને છીએ, આપ સાનુકૂલ અમને બનો. "ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।"- પ્રતિજ્ઞા ત્યારે પળાયને ! જેવો ભાવ તેવો અનુભવ મળેને ! અમે દાસી છીએ, આપ પ્રતિજ્ઞાપાલક છો. તે તો પ્રસિદ્ધ છે. વ્રજજનોનાં દુ:ખ દૂર કરવા તો આપનો અવતાર છે. અત્યારના વિરહ જેવું દુ:ખ ક્યારેય આવ્યું નથી. કેવલ આપ જ "योषितां वीर" છો, અબલાને આપત્તિમાંથી ઉગારનારા છો. શૂર દુશ્મનને દૂર

કરે ! આપ અમારા કામનું નિવારણ કરો ! અંદર રહેલા આનંદથી અમને પૂર્ણ કરી દો ! બ્રહ્માદિથી પણ તે તો બને તેમ નથી. પૂર્ણકામ સદાનન્દ કૃષ્ણ સિવાય કામનાપૂર્તિ કોણ કરી શકે ? અમારું દોષરૂપ અભિમાન કોણ અટકાવે ? નિજસેવકોના ગર્વને દૂર કરનારું આપનું સ્મિત છે ! આપનું હાસ્ય માયા રૂપ છે. મંદસ્મિત તો ભક્તોને માયાના મોહથી દૂર રાખે છે ! મોહ વિના મદ કોને થાય ? સેવકોમાંનો રસલીલામાં અવરોધરૂપ ગર્વ, દોષરૂપ છે, સેવકો દોષરૂપ નથી. દોષ દૂર થાય, સેવકનો ત્યાગ ન થાય ! ક્વચિત્ નિજજન ધર્મદુષ્ટ બને, નિજજન તો નિજ જ રહે છે, તેમાંથી દોષ જ દૂર કરવાનો હોય ! આ તો અલૌકિક વાત છે. લોકરીતે પણ, હાસ્યનો સંકોચ થતાં જ ગર્વ દૂર થઈ જાય. આપનું મધુર હાસ્યવાળું મુખ જોતાં સૌના ગર્વ ગળી જાય તેમ છે. અધરામૃત-સ્રવતું આપનું કમલમુખ અમને એક વાર દર્શાવો ! અભિમાન મનનો દોષ છે. આપનું કમલસુખ "**चारु**"- મનોહર - છે. તે મનને હરી લે, તો મનનો દોષ ક્યાં રહે ? સખે ! સ્નેહમાં આ સ્વાભાવિક છે." "**जलरुहाननं चारु दर्शय**"- કમલ તો સ્વાભાવિક-રીતે સુંદર-મનોહર-જ હોય; છતાં "**चारु**"- વિશેષણ વિશેષતા સૂચવે છે. ભગવાન્ દયાથી પ્રકટ થાય, પણ દોષસ્મરણે પ્રસન્ન ન થાય તો ?! તો તો ગંભીર બીડાયેલું મુખ હોયને ?! કમલ બીડાયેલું, પણ સ્વાભાવિક સુંદર લાગે, પણ તદ્દન બીડાયેલું હોય તો ?! પ્રફુલ્લ થતું કમલ જ મનોહર ને ! સ્મિતયુક્ત મુખ પ્રસન્નતા સૂચવે, તેથી દોષની ક્ષમા કે વિસ્મૃતિ સમજાય ને ! સ્મિતથી ગર્વ હોય તો પણ દૂર થઈ જાય. ભગવદવયવોને પ્રાયઃ અહીં જલ-કમલ કહ્યાં છે ! કમલ શીતલતા દે, સંતાપ હરે, તેમ શ્રી-અંગ-સંગ પણ સુખદ બને ને !

બીજાં ગોપીજને પોતાના હૃદયે પાદપદ્મ પધરાવવા પ્રાર્થના કરી. "**कृणु-कृणुष्व**"- વૈદિક-લોપ થયો ! હૃદયમાં છુપાઈને રહ્યો છે, કામ ! તે તો અનેક દોષરૂપ, જ્ઞાનવિજ્ઞાન-નાશક, શત્રુરૂપ છે. તેનો નાશ, પ્રભુનાં ચરણકમલના પધારવા માત્રથી થઈ જાય. "**कुचेषु**"- બહુવચન-સમુદાય-વિચારે કે વિપ્રયોગની તીવ્રતામાં ભિન્નતાના ભાને થયું. ગોપીજન તો પોતાના શરીરને પણ પોતાનું નથી માનતા, તે પણ પ્રભુનું ગણે છે, પ્રભુનાં સુખ-સેવા-માટે છે ! "**निजाङ्गमपि या गोप्यः ममेति पर्युपासते । ताभ्यः परं न मे पार्थ निगूढप्रेमभाजनम् ॥**"- નિજાંગને પણ પ્રિય પ્રભુનું ગણીને સંભાળતાં ગોપીજનથી પ્રભુને પણ વધુ પ્રીતિપાત્ર કોણ હોય ? મસ્તકે પ્રભુનો હાથ ધરતાં તો નિકટતા અને ભજન બંને થાય, ચરણ હૃદયે ધરતાં તો વિપરીત-વિહાર મળે, હૃદયનો કામ જાય ! લીલાશયનમાં સૌ સેવા કરે તો વિવિધવિહારમાં એક ચરણનો લાભ પણ મળે, - તેથી "**पदाम्बुजं**"- એકવચન છે. "અમારું હૃદય કઠિન લાગે તો, કાલિયની ફણાઓ કરતાં તો તે ક્રૂર નથી ! ચરણસ્પર્શે તેનો દોષ ગયો, તો અમારો પણ જશે." કાલિયફણા પર આ ચરણનું પ્રાકટ્ય નથી, પણ આ તો ઉન્મત્ત વચન ગોપીજનનાં છે ને ! ગોપી "**विचेतस**" પણ છે ને ! અથવા ચરણને કાલિયદોષ-નિવારક કહ્યા પછી, તાપશામક કમલરૂપ કહેવાથી, ક્રમશઃ ઉભય (દક્ષિણ-વામ) ચરણસ્થાપન જ્ઞાનપૂર્વક ગોપીજન કહે છે. "પદકમલ છે ને ! સંતાપ પણ તે સમાવશે, જુદો પ્રયાસ કરવો નહિ પડે ! લક્ષ્મીજી ચરણકમલની સેવા નિત્ય કરે છે, તેથી લક્ષ્મીજીના અંશરૂપ સર્વ સ્ત્રીથી તેની સેવા તો થાય. અમે મૂઢ લાગીએ, તો વાછરડાં કેવાં છે ? તેની પાછળ તો ચરણ, તેને ચરાવવા વનમાં જાય છે ! તે વાછરડાં ઘાસને બદલે અમૃત ખાય છે ?! તેમને તો નકામું લાગતું ઘાસ જ અમૃત છે. તેમ અમને તો નકામો લાગે, છતાં કામ જ

અમૃત છે! ચરણસ્પર્શ દેવામાં પરમ દયાળુનું ઘટી શું જવાનું ? દોષ અમારા છે. નિર્દોષ થતાં નિર્દોષ ચરણ મળે ! - તો તો સર્વધર્મ છોડીને, ધર્મી-રૂપ આપ કૃષ્ણની દીનતાપૂર્વક શરણાગતિ-સહિત, નમન કરનારના સર્વદોષ દૂર કરીને, નિર્દોષ બનાવે છે, - આપનું ચરણ ! કોઈ પણ દેશ, જાતિ, વય, અવસ્થા કે દોષવાળો જીવ ભગવાનને શરણે જઈ શકે છે, નિર્દોષ થઈ શકે છે, અભય મેળવી શકે છે. અમે નમ્રતાથી નમીએ છીએ. બીજી રીતે તો અમારાથી દોષ દૂર થાય તેમ નથી ! દેહાભિમાન છે, તેથી જ્ઞાન નથી. નમે તેની અધોગતિ ન થાય. ચિંતને, દર્શને, સ્પર્શને, આલિંગનને પણ આપનું ચરણ જ શરણાગતનાં સર્વ પાપનું નાશક છે !" પહેલાંની વાતો રસરૂપતા માટે સ્પષ્ટ કહી. - "આ ગોપી તો આજ્ઞાપાલક, સેવારત છે, મધુર વાણીથી મૂર્ચ્છિત જેવી છે. તેમને જીવાડો ! આપ તો વીર છો ! દુઃખીનાં દુઃખ દૂર કરવામાં વીરતા છે. મૂર્ચ્છા તો આપના સચ્ચિદાનંદ-સ્વરૂપથી જ શાન્ત થાય તેમ છે. આપની આનંદરૂપ, પ્રીતિપૂર્ણ વાણી અસાધારણ-રસભરી- "मधुरा"- છે. સત્ય અને પ્રિયનો તેમાં સુમેળ છે; તેથી - "वल्गु"- મનોહર છે, - સદ્રૂપ છે. સુજ્ઞને સુખદ - "बुध मनोज्ञा" છે, - ચિદ્રૂપ છે, જ્ઞાનરૂપ છે. સ્વરૂપની જેમ પ્રભુની વાણી પણ સચ્ચિદાનંદરૂપ છે ! (૧) મધુરતા, (૨) વલ્ગુવાક્યતા અને (૩) મનોજ્ઞતા, આ ત્રણ ગુણ છે. કમલ શાં સંતાપશામક આપનાં લોચન છે. વાર્તાલાપ, દર્શન અને પાનનું સુખ દો. સ્વામિન્ ! રસ તેથી વધે ને ! મૂર્ચ્છા અસાધ્ય છે. અમૃતપાને તે શમે. અલૌકિક અધરામૃતપાનનું પ્રદાન કરો. પહેલાંની વાતો તો આપનું અધિક સ્મરણ દે છે, મૂર્ચ્છા વધે છે !

અભિલષિત તો આત્મીયને અપાય, ભગવાનનાં આત્મીય છે, - ભક્તો ! વિરહમાં પણ જીવન ટકે છે, તેથી પોતે ભક્ત ક્યાંથી ગણાય ? ! - ગોપીજનને લાગ્યું. ભગવાન્ તો નિરપેક્ષ છે. લક્ષ્મી શાં કરોડો દાસીઓ તેમને છે. "त्वयि धृतासवः"- સંગત કેમ ગણાય ? પ્રતિકૂલતામાં, પ્રબલ વિરહ- પીડામાં, પ્રાણ ટકાવે છે, - કૃષ્ણકથા ! -

ભગવાનના સ્વરૂપભૂત છે, - કથા ! છ-ગુણવાળા ભગવાન્; છ-ગુણવાળી કથા ! :

तव कथामृतं तप्तजीवनं कविभिरीडितं कल्मषापहम् ।
श्रवणमङ्गलं श्रीमदाततं भुवि गृणन्ति ते भूरिदा जनाः ॥ (९)

ભગવાનના જેવું જ સામર્થ્ય ભગવાનની કથામાં છે ! નામાત્મક સ્વરૂપ શ્રીમદ્ ભાગવત છે ને ! કથા છ ગુણવાળી, મોક્ષદાયિની, પરમાનંદરૂપા છે. "कथामृतं"- કથા અમૃતરૂપા છે. અમૃત ભગવદ્રસાત્મક છે, તેથી કથા સર્વમરણને દૂર કરનારી છે ! મોક્ષદ અને પરમાનન્દરૂપા છે. "तव कथामृतं"- સ્પષ્ટ છે, ગમે તેની કથા નહિ, ભાવથી-પ્રત્યક્ષ કૃષ્ણની કથા જ કૃતાર્થ કરે. "तव" અને "कथामृतं"- નો સંબંધ સ્પષ્ટ કર્યો છે. લૌકિક-દૃષ્ટાંતનો કે હાસ્ય-વિનોદ કથામાં મુખ્ય થાય, તો કૃષ્ણ- સંબંધ કેટલો રહે ? કદાચ કૃષ્ણકથા થાય, તો પણ ભક્તિપ્રવાહ વિના તે અમૃતરૂપા ક્યાંથી લાગે ? વ્યાસજીને પણ જ્ઞાનિભક્ત શ્રીશુક પાસેથી જ શ્રીભાગવત સાંભળતાં ભક્તિયુક્ત- "अमृतद्रवसंयुतं"- લાગ્યું છે ને ! પણ વ્યાસજી તપ્ત હતા, તેથી આ અનુભવ થયો. જેના હૃદયમાં સંતાપ છે, તેને જીવનપ્રદ કથાનો અનુભવ થાય; પણ વ્યવહાર માટે મોં દેખાડવા જનાર, નવરાશે વખત ગાળવા જનાર, કોઈક સામાન્યહેતુ કે માત્ર મરેલાંના ઉદ્ધાર માટે કથા યોજનાર, મોટાઈ માટે

મથનારને તેનો સંતાપ વગર અનુભવ શો મળે ?! પરીક્ષિત રાજા "તપ્ત" હતા. અન્નજલ છોડીને કૃષ્ણ-કથામૃત પાન કર્યું, "જીવન"રૂપા કથાનો અનુભવ પ્રત્યક્ષ થયો ! દેવો તપ્ત ન હતા, ભક્ત ન હતા, ભોગ-વૈભવરત હતા, શ્રીશુકે તેમને કથા ન સંભળાવી ને ! ત્યાગી "તપ્ત" રાજાને સંભળાવી ! "પ્રભુ પ્રત્યક્ષ ક્યારે મને મળશે ?!" - એ તપ્તભાવે કથા સંભળાય, તો અમૃતરૂપા, જીવનપ્રદ કથાનો અનુભવ થાય. પરીક્ષિતને પ્રભુ મળ્યા છે ને ! સત્તા કે સંપત્તિથી અમૃતરૂપા કથાની તો આશા પણ ન રખાય. (૧) **''तप्तजीवनं''**- **''तप्ता ये संसारे तेषां जीवनं यस्मात्।''**- અમૃત સંતાપ શમાવે. સંસારના સકલ સંતાપને શમાવીને, કોમલતાથી જીવન ટકાવનારી છે, - અૃમત જલરૂપા કથા ! વૈરાગ્ય કે ભગવજ્જ્ઞાનથી પણ સંતાપ શમે. સંસ્કાર હોય તે સંતાપ જ્ઞાનથી અને અયોગ્ય હોય તે ત્યાગથી નષ્ટ થાય, પણ કથાની કોમલતા ક્યાંથી આવે ? (૨) **''कविभिरीडितं''**- શબ્દ અને અર્થના રસને જાણે તે, - કવિ ! જ્ઞાનિજનો જ્ઞાન કે વૈરાગ્યને અભિનંદે છે. ભગવત્કથામાં સ્નેહથી ઉભય સંભવે છે. સુજ્ઞો વ્યર્થ વખાણ કરતા નથી, વાણી વેડફતા નથી. (૩) **''कल्मषापहं''**- કથા પાપનો નાશ કરી દે છે, અલૌકિક છે આ ! તેમ કરનાર-વીર્ય-પરાક્રમ ધર્મરૂપ છે. કથા ધર્મરૂપા પણ છે. (૪) **''श्रवणमङ्गलं''**- પાપનાશક પ્રાયશ્ચિત્ત તો મંગલરૂપ ન પણ હોય. કથા તો શ્રવણ માત્રે મંગલરૂપ છે, પરીક્ષિત સાક્ષીરૂપ છે ને ! આ યશોરૂપ છે. લૌકિક મંગલ- પ્રસંગાદિ ક્ષણિક હોય, આ તો નિત્ય છે. શ્રવણ પછી જીવનમંગલરૂપ અનન્ય ભક્તિ પણ થાયને ! (૫) **''श्रीमद्''**- પુત્રજન્માદિ તો લૌકિક છે. ધનવ્યય તેમાં થાય. લક્ષ્મીજીને પણ કથામૃત તો અપેક્ષિત છે. શ્રોતા-વક્તાને લાભ પણ ખરો ને ! શ્રીરૂપ છે કથા તો ! અંત:કરણ-વાણી-કર્ણના દોષો દૂર કરી, શોભા-શ્રી-દેનારીછે ને ! (૬) **''आततं''**- રાજ્યપ્રાપ્તિ તો સંકુચિત છે, કથાશ્રી તો વ્યાપક છે. ભગવદૈશ્વર્ય પણ સર્વવ્યાપક છે. વ્યાપક કથામૃત તો સામર્થ્ય પણ સૌને સર્વત્ર દે છે, સર્વત્ર સુલભ છે. સ્વરૂપ અને સ્વભાવમાં, કૃષ્ણકથા અને કૃષ્ણ સમાન લાગે છે; પણ કૃષ્ણ તો વિયોગમાં વ્યથા વધારે, કથા તો તેમાં પણ જીવન ટકાવે ! રસાનુભવમાં તો કૃષ્ણ સ્વતન્ત્ર, કૃષ્ણકથા તો પરતંત્ર પણ ખરી ! ભગવાન્ બ્રહ્માદિની વિનંતીથી પધારે, તિરોહિત પણ થાય. કથા આવે તો અંતર્ધાન ન થાય ! આવા કથામૃતનું ગ્રહણ-ગુણગાન કરનારા વ્યાસજી વગેરે તો વિશ્વમાં વિપુલ દાન કરનારા છે. અન્ય- દાન તો અલ્પ હોય, અલ્પજીવી હોય; આ તો અનલ્પ છે, નિત્યજીવી છે. ભગવદ્-ગુણગાનરત તો કેવલ ભગવદ્રૂપ છે,- જન્માદિ-દોષરહિત છે ! કથાકારો તો વિપુલ દાન કરનારા છે, જીવનપ્રદ છે ! તેમાં તો દાન લેનારા પણ સમર્થ દાતા બની જાય છે ને ! શ્રોતા વક્તા પણ બને, વક્તા શ્રોતા પણ બને !

ભગવાનમાં છ - મોહક ગુણો પણ છે ! :

કથાથી તો વિરહમાં જીવન ટકે, પણ વિરહ ન ટળે ને ! તેમાં વળી આપની ઉત્તમતાની સ્મૃતિ તો ક્ષોભ ખૂબ વધારાનારી છે. છ મોહક ગુણો પણ ભગવાનમાં છે. ભગવાન્ માયાથી કપટલીલા પણ કરે છે, તેમ પોતાના સ્વભાવદોષે ગોપીજનને લાગ્યું ! (૧) **''प्रहसितं''**- પ્રકર્ષપૂર્વકનું હાસ્ય મનને ક્ષોભ કરાવે છે. "દુ:ખી અમને છોડ્યાં, અન્યની સાથે ગયા ! છતાં હસે !" (૨) **''प्रियं''**- પ્રિયત્વરૂપ સંબંધ પણ સ્મરણથી ક્ષોભજનક છે. (૩) **''प्रेमवीक्षणं''**- પોતાને સંયોગમાં મળેલું પ્રેમાવલોકન પણ વિયોગમાં સ્મરણથી ક્ષોભપ્રદ છે. અન્ય પ્રત્યેનું પ્રેમાવલોકન પણ પોતાને ક્ષોભજનક છે. પ્રેમપૂર્ણોની

પણ પરીક્ષા કરતું પ્રેમાવલોકન ક્ષોભપ્રદ છે. કપટરૂપ તે લાગે છે, નહિ તો છોડીને આમ ચાલ્યા કેમ જાય ? તે આશા દઈને અકળાવે છે. (૪) **''विहरणं''**- વેણુવાદન - લીલાવિહારાદિમાં ચલન - પણ યાદ આવતાં ક્ષોભપ્રદ છે. ત્રિભંગલલિત-સ્વરૂપ ભક્તોના રસને બહાર પણ પ્રકટ કરે છે. **''ध्यानमंगलं''**- તેનું ધ્યાન પણ અમને તો મંગલ-ફલપ્રદ છે. તે પણ અત્યારે તો તિરોહિત હોવાથી ક્ષોભપ્રદ છે. ભગવદ્‌વિહારો ધ્યાનમંગલ છે, ભાવના થાય, અનુકરણ નહિ ! સામાન્યલોકમાં આ બધું લૌકિક હોય, આ તો, **''ते''**- કૃષ્ણસંબંધી છે, અલૌકિક છે. સ્વરૂપથી ક્ષોભદ ચાર છે, નામથી બે. (૫) **''रहसि संविदो (६) या हृदिस्पृशः''**- એકાન્તમાં રસવિહારજ્ઞાન કે તદ્રૂપ ભગવદ્‌વાણી જે હૃદયસ્પર્શી છે, પોતાને તે સાનુકૂલ છે, માત્ર પ્રભુને નહિ ! તે સંયોગમાં સુખના કારણરૂપ, છતાં અત્યારે વિયોગમાં તો ક્ષોભપ્રદ છે. આત્મીયતાથી અનુભવ હોય, ઉત્કટ અંતઃકરણનો ભાવ હોય, તેને જ એકલતામાં અકળામણ અનુભવાય ને ! સ્નેહની આ સ્વાભાવિકતા છે.

સ્નેહવશ ભક્તોને પ્રભુના પરિશ્રમની શંકા ! : સ્વજનોને કામપ્રદ કૃષ્ણ ! :

સ્નેહથી શંકા પણ સંભવે, દુઃખની શંકા પણ થાય. "આપને અમારો ખેદ થતો નથી ? ! નાથ ! વ્રજમાંથી આપ પશુઓને ચરાવતા ચાલો છો, ત્યારે કમલ કરતાં પણ કોમલ ચરણ, વનમાં કંકર-કંટક વગેરેથી કષ્ટ પામે છે, તેથી કાન્ત ! અમારું મન ક્લેશ પામે છે ! કમલ તો સરોવરાદિમાં સ્થિર હોય, તેમ ચરણકમલ પણ ભાવપૂર્ણ વ્રજમાં સ્થિર રહેવું જોઈએ કે રસપૂર્ણ હૃદયે વિરાજવું જોઈએ ! જો કે ભક્તપૃથ્વી શ્રમ તો ન થવા દે, સ્નેહના સ્વેદથી સુકુમાર બને, પણ કંટક-કંકર કાંઈ થોડાં કોમલ બને ? ! સવારથી સાંજ સુધી ચરાવતાં-ચાલતાં પણ શ્રમ તો થાય જ ને ! જો કે ચરણ તો ન ચાલે, છતાં આપ જ અમારાથી દૂર ચલાવતાં પધારો છો ને !" ગાયો ચરાવતાં રસ્તા વગર પણ જવું પડે, ભક્તભૂમિને સૌભાગ્યસુખ - પરમાનંદસ્પર્શ - દેવા પ્રભુ પાદુકા ધરતા નથી ! શ્રીમદનમોહનજીના સ્વરૂપમાં પાદુકા છે, તેથી કદાચિત્ ધરે પણ ખરા, પણ નિત્ય નહિ ! પશુનાં ચર્મ તો પાલકથી પહેરાય નહિ, તેથી ખુલ્લા પગે પ્રભુ તો પધારે છે ! ભક્તભૂમિને અસુરભાવથી થયેલા ક્લેશનું નિવારણ અને ગાયની ખરીઓથી થયેલા ક્લેશનું શમન પ્રભુનાં પરમાનંદરૂપ, શીતલતાપ્રદ ચરણકમલના સ્પર્શથી જ થાય ને ! "કોમલ, જલાશયમાં રહેવા યોગ્ય કમલ ! કઠિન જમીન પર વિહરે છે ? ! કમલથી કોમલ તો ચરણ છે ! તેણે તો લક્ષ્મીજીના કે અમારા હૃદયે વિરાજવું જોઈએ ! જલાશયમાંથી જલપાત્રમાં કમલ મુકાય તેમ ! આપ તો સ્વામી છો, ગોચારણ માટે સેવકો રાખી શકો, છતાં પણ સ્વતઃ પધારો છો. વનમાં તો પર્વત, અરણ્ય અને જલાશયના કિનારાનો ભાગ (કચ્છ) પણ હોય. મનમાં તો પધરાવેલું ચરણ પણ રહેતું નથી !"

ઘર બહાર ન જઈ શકતાં અન્યપૂર્વા ગોપીને તો, સવાર પછી છેક સંધ્યાકાલે કૃષ્ણદર્શન મળે છે, તેથી મનમાં કામના જાગે છે, વિહાર માટે વિનવે છે. અનન્યપૂર્વાને તો નિત્યકામ છે. દિવસે વનમાં કે રાત્રે પ્રભુ પાસે જઈ શકે છે, લીલાલાભ લઈ શકે છે. અન્યપૂર્વાને દિવસ તો દિલના દુઃસહ દર્દથી દુશ્મન શો ભાસે છે, - વિભુનો વસમો વિયોગ છે ને ! તે સન્ધ્યાકાલે મટે છે, તેથી તો તેનો "ક્ષય" કહે છે, - **''दिनपरिक्षये''**- "સાયંકાલે ભ્રમર શા કુંતલકેશથી વીંટળાયેલું, ગોધનની રજઃથી ધૂસર, વનકમલ શા મુખકમલનું વારંવાર દર્શન કરાવતાં, હે વીર ! આપ અમારા મનમાં કામનાનું

દાન કરો છો !" વનની સર્વલીલાઓનો અનુભવ પ્રભુ સ્વમુખદર્શનથી કરાવે છે. વનમાંથી પધારતા પ્રભુના સ્વાગત માટે શ્રીગોપીજન માર્ગની બન્ને બાજુએ ઊભાં છે, વચ્ચેથી પ્રભુ પધારે છે. આગળ પધારતાં, પાછળ ફરીને વારંવાર જોતાં, સુખ માટે પ્રભુ મુખ વારંવાર દર્શાવે છે ! બંને તરફ દષ્ટિપાત કરતાં દર્શન દે છે. શ્રીગોપીજનના ભાવની વૃદ્ધિ તેથી થાય છે, કૃષ્ણકામના વધતી જાય છે ! શ્રીમુખ ગોરજ લાગતાં શ્રમિત લાગે છે ! સેવા તેના સુખ માટે કરવી જોઈએ. મુખ તો વનકમલ શું છે, તેનું સેવાસૌભાગ્ય તો વનમાં મળે, વનલીલા તે સમજાવે છે ! પુનઃ, પ્રભુ વનમાં પધારશે ? ભગવાન્ તો મુખ પર રજઃ રાખીને, "बिभ्रत्"- ધારણ કરતાં પધાર્યા છે. પ્રસન્નમુખનાં દર્શને તો જ્ઞાન સંભવે. અહીં તો, રજઃસંબંધે કામ દે છે, ક્રોધ નહિ ! આ ભગવદ્દત્ત આગન્તુક કામ તો સ્વાનુભવ વિના શાન્ત ન થાય.

ભગવાનનાં ચરણના પણ છ ગુણ છે ! :

કુમારિકાએ ચરણલાભની વિનંતી કરી. આ પુનરુક્તિ નથી, અન્યયૂથનો ભાવોદ્ગાર છે. પહેલાં માત્ર દોષ દૂર કરનાર રૂપે ચરણનું વર્ણન હતું, આ ગુણપ્રદાન કરનાર રૂપે છે, મહિમા વિશેષ ગાયો છે. પાંચ ઉપકાર કરે છે,- ચરણપંકજ ! - (૧) લૌકિકકામ - ખંડન, (૨) ઐશ્વર્યદાન, (૩) સ્વકામદાન, (૪), અલંકરણ, (૫) આપત્તિ-નિવારણ. "અમારે તો માત્ર એક જ જોઈએ,- અમારું તાપનિવારણ ! હે રતિપ્રદ ! આપનું ચરણકમલ અમારા હૃદયે બહાર પ્રકટ પધરાવો ! તે હૃદયના દોષ અને દુઃખ દૂર કરનારું છે. છ ગુણ તેમાં છે. પંકમાંથી ઉત્તમ પંકજ થાય, તેમ ચરણ સર્વોત્તમ છે." (૧) "प्रणतकामदं"- અનન્ય શરણાગત-નમસ્કાર કરનારને ઈચ્છેલું આપનારું છે. આ ઈશ્વરથી જ સંભવે; ઐશ્વર્યસૂચક છે. અક્કડની ઈચ્છા તો ક્યાંથી પૂરી થાય ? નમે તે ગમે, ત્યાં રમે ! શરણે આવનારની લૌકિક-કામનાઓનો તે નાશ કરનારું પણ છે. (૨) "पद्मजार्चितं"- પદ્મજ - બ્રહ્માએ પૂજેલું ! તેમની પ્રાર્થનાથી પ્રકટેલું છે, ધર્મરૂપ છે. પદ્મજા-લક્ષ્મીજીએ પણ પૂજેલું છે. "પદ્મજ" - ચરણકમલમાંથી પ્રકટેલા નખ, તેની શોભાથી સુંદર-પૂજિત-છે. ભગવાનના નખ પણ સચ્ચિદાનંદરૂપ છે, છતાં અતિશય આર્તિમાં ભગવત્સંબંધી સઘળું સંપૂર્ણ સાધનરૂપ લાગે છે ને ! બ્રહ્મા-ધર્મથી, લક્ષ્મીજી-સ્નેહથી અને નખ - સ્વાભાવિકતાથી પૂજે છે. (૩) "धरणिमण्डनं"- પૃથ્વીની શોભારૂપ છે. શ્રીગુણછે. ભક્તસ્ત્રીને ચરણચિહ્નના સૌભાગ્યરૂપ અલંકાર તેથી મળે છે ને ! (૪) "ध्येयमापदि"- આપત્તિમાં ધ્યાન કરવા યોગ્ય છે; યશોરૂપ છે. (૫) "शन्तमं"- શ્રેષ્ઠ કલ્યાણરૂપ છે; જ્ઞાનરૂપ છે. (૬) "आर्तिहन्"- સંબંધથી વૈરાગ્ય વ્યક્ત છે. "રમણ ! અભીષ્ટ દેનારા છો. આર્તિહન્ - અનિષ્ટ અટકાવનારા છો ! "ते चरणपङ्कजं"- આપનું ચરણપંકજ." પ્રભુ કરતાં પણ ચરણમહિમા વધુ લાગે છે, સ્વરૂપોત્કર્ષ કહ્યો છે ! ધ્યાનમાત્રથી તે સર્વ આપત્તિને દૂર કરી દે છે. ઈષ્ટપ્રાપ્તિ અને અનિષ્ટનિવૃત્તિ માટે અન્ય કોઈનો પણ આશ્રય ન કરતાં કૃષ્ણ કે કૃષ્ણ-ચરણકમલનો જ દૃઢાશ્રય કરવો ! "સૌનું પ્રિય કરતું ચરણ અમારું પણ પ્રિય કરો, લીલાવિહાર-લાભ આપો !" "प्रणतदेहिनां.....।" અને "प्रणतकामदं....."- શ્લોકો પ્રભુને પ્રણામ કરતાં ઉષ્ણભાવે દીનતાપૂર્વક શરણાગતિથી બોલાય.

સ્વતઃ પુરુષાર્થરૂપ - અધરામૃત, પલકારા વગર સતત દર્શન, સ્વરૂપ - સંબંધની અપેક્ષા રાખતાં વ્રજભક્તોની વ્યથા-વિનંતી ! :

"હે વીર ! અધરામૃતનું અમને વિતરણ કરો !" ચાર ગુણ છે તેના, (૧) **"सुरतवर्धनं"**- ઐશ્વર્ય છે. જેમ કોઈ ઔષધ ભૂખ વધારે, તેમ આ કામવર્ધક છે. સાધનબલ કહ્યું. (૨) **"शोकनाशनं"**- અંતઃકરણના સર્વદોષનો નાશ કરે છે. શોક નષ્ટ થાય છે; જ્ઞાન-વૈરાગ્ય રૂપ છે. ઐશ્વર્યધર્મ(વીર્ય) છે. ફલબલ કહ્યું. (૩) **"स्वरितवेणुना सुष्ठुचुम्बितं"**- સ્વરિત વેણુથી સુંદર રીતે ચુંબિત છે, યશોરૂપ છે. નાદજ્ઞ લોકો યશોऽનુવાદ કરે. વેણુ પરમભક્ત છે; તેથી ચુંબિત છે, પણ પાન કર્યું નથી ! પ્રમાણબલ કહ્યું. વેણુનાદ વેદાત્મક છે ! **"वंशस्तु भगवान् रुद्रः ।"**- શ્રુતિ છે. વેણુ શિવરૂપ, શિવ વેદરૂપ. **"शिवो वेदः ।"**- વેદ પ્રમાણરૂપ. (૪) **"इतररागविस्मारणं नृणां"**- શ્રીરૂપ છે. તે સર્વ ભુલાવે છે. પ્રમેયબલ આ કહ્યું. આમ ચતુર્વિધ પુરુષાર્થપ્રદ અધરામૃત તો સ્વતઃ પુરુષાર્થરૂપ જ છે. **"नृणां"**- નિઃસાધન, કૃપાપાત્રોને જ આ દુર્લભલાભ મળે છે, અન્યને નહિ.

"દિવસે આપ વનમાં વિહરો છો, ત્યારે (નિમેષના નવસોમા ભાગ જેટલો અત્યલ્પ) ત્રુટિ જેટલો સમય પણ અમને તો યુગ જેવો લાંબો લાગે છે !" **"त्रुटि"** શબ્દ સ્ત્રીલિંગમાં નથી, પું-નપુંસકલિંગે છે. **"त्रुटियुगायते ।"**- લેતાં છંદોભંગ ન થાય. આપનું દર્શન તે વખતે અમને મળતુંનથી ને ! સાંજે જ્યારે વાંકડિયા વાળયુક્ત મુખદર્શન મળે છે, ત્યારે પાંપણ પલકાર કરતાં વચમાં આવે છે. અમારી આંખને પાંપણ અને પલક કરનાર બ્રહ્મા તો જડ છે !" **"बडो मन्द अरविन्दसुत जिन्ह नहि प्रेम पहिचान ।"**- નંદદાસજીએ પણ ઉપાલંભ આપ્યો છે ! બ્રહ્માને પ્રેમનો પરિચય શો ? જડમાંથી થયેલા જડ તો હોય ને ! દેવોને પાંપણ-પલકાર નહિ, અલૌકિક જોનારા તેથી ! અમે તો તેનાથી વધારે અલૌકિક, સાક્ષાત્ કૃષ્ણમુખ જોનારાં ! છતાં અમને પાંપણ-પલકાર કર્યાં ! અનુચિત કર્યું, જડ ને ! દેવો લાંબું જીવે, તેમ અમે પણ ! ત્રુટિ યુગ જેવી વીતે છે ને તેથી ! છતાં પણ પાંપણ-પલકાર કર્યાં ! ભગવાન્ વનમાં વ્યર્થ ફરે છે, અમે વનમાં જઈ શકતાં નથી."

"હે અચ્યુત ! સ્વતઃ કામનિવૃત્તિનો ભય આપને નથી ! આપ સર્વની ગતિ જાણનારા છો, સર્વગતિપ્રદ પણ છો. અમે પણ ગતિવિદ્ (ફલરૂપ ગતિને જાણનારાં) છીએ. આપના ગીતથી મોહિત છીએ. સર્વ-સ્વજનનો પરિત્યાગ કરીને તેથી તો વનમાં આવ્યાં છીએ, **"कितव"**- કપટિ ! અમે સ્વજન છોડ્યાં અને વન હવે છોડાવી રહ્યા છો !" **"कितवयोषितः"**પદ લેતાં **"कितवानां सम्बन्धिन्यः स्त्रियः"**- અર્થ થાય. ગોપીજન તો પ્રભુનાં જ અનન્ય છે. ગોપો તો યોગમાયા-મોહથી પોતાનાં માત્ર માને છે, "છતાં રાત્રે વનમાં અમને આમ બોલાવીને આપના વિના કોણ ત્યાગ કરે ? !"

અમારું અત્યંત અપેક્ષાવાળું મન મોહ પામે છે. તેનાં ત્રણ કારણ - (૧) એકાન્તમાં આપે આપેલું વિહારજ્ઞાન, જેથી અપેક્ષા અધિક વધે છે. (૨) પ્રેમાવલોકન-યુક્ત હસતું શ્રીમુખ. (૩) લક્ષ્મીજીના નિવાસરૂપ વિશાળ વક્ષઃસ્થળ. છ ગુણો ભગવત્સ્વરૂપના છે. - (૧) એકાન્ત જ્ઞાન જેનાથી મળે તેવું. (૨) અપેક્ષા જેનાથી વધે તેવું. (૩) હસતા મુખવાળું. (૪) પ્રેમાવલોકનયુક્ત. અહીં ભગવદ્વાક્યો પ્રમાણરૂપ છે. તે શૃંગારસંબંધી વાક્યોથી થતો ભાવોદ્રેક-હૃચ્છયોદય-પ્રમેયરૂપ છે. હાસ્યસહિતનું મુખ સર્વફલના સાધનરૂપ છે. પ્રેમાવલોકન ફલરૂપ છે. (૫) વિશાલ વક્ષઃસ્થલવાળું. (૬)

લક્ષ્મીજીના ધામરૂપ પ્રભુનું વિશાલ વક્ષ:સ્થલ યશ:સૂચક છે. તે વિહારસ્થિતિ યોગ્ય છે. ત્યાં શ્રી પણ વિરાજે છે ! હસતું મુખ સઘળા ક્લેશને હરે છે, તેથી કામ વધે છે, પ્રેમાવલોકનથી સ્થિર થાય છે, સ્વવિહાર-યોગ્યતા તેથી મળે છે. એકાન્તજ્ઞાનથી વિહારની ચતુરતા મળે છે. આવાં સ્વરૂપદર્શનથી તો સઘળા મનોરથ પૂરા થશે તેમ લાગે છે. મન ખૂબ લોલુપ તેથી થઈ જાય છે ! મોહ વધે છે, પણ મનોરથ ફળતો નથી, તેથી તો મૂર્ચ્છા જ થાય છે !આમ, જીવન-મરણની વચમાં, આશા-નિરાશામાં ઝૂલતાં, જીવન વૃથા વેડફાઈ રહ્યું છે.

મનોરથમગ્ન કુમારિકાઓએ વિનંતી કરી : "આપનું આ પ્રાકટ્ય તો વ્રજવાસી અને વનવાસી સૌનાં સર્વપાપનો નાશ કરનારું છે, વિશ્વને માટે પૂર્ણ મંગલરૂપ છે, અમારા તો વિશેષપ્રકારે સર્વદોષો દૂર કરનારું છે, સૌને ગુણપ્રદ છે. તેનું સ્વલ્પ તો અમને દાન કરો, અમારામાં પધરાવો !" સ્વલ્પ પણ ભગવદ્ભાવે આનંદમય પ્રભુ-પ્રાકટ્ય-પ્રાપ્ત થાય, તો પણ જીવન મંગલ થાય, સર્વદોષો દૂર થઈ જાય. અત્તરની શીશીનું એકાદ બિંદુ મળે, તો પણ સુવાસમાં ફેર ક્યો રહે ? પણ અપેક્ષા વગર લાભ સંભવે ક્યાંથી ? લોકો તો બજારમાં બહુ પસાર થાય, અત્તરવાળાની દુકાન વચ્ચે હોય, તો સુગંધ સ્વાભાવિક આવે. સૌ તે જાણે-માણે, છતાં અત્તર ખરીદે કેટલા ? તીવ્ર અપેક્ષા વિના પ્રયત્ન કે પ્રાપ્તિ સંભવે ક્યાંથી ? કથામાં કે મંદિરે જનારા - પસાર થનારા કે,- ઘરમાં સેવનારા - ઘણા; તેમાં શ્રવણ-દર્શન-વગેરેનો સ્વાભાવિક સ્વલ્પ આનંદ સૌને મળે; પણ આતુરતા વગર પ્રભુપ્રાપ્તિ કેટલાને ? ! શ્રીગોપીજનનું અંત:કરણ તો પ્રભુમાં જ સ્પૃહાપૂર્ણ છે. સ્વજન - ગોપીજનના હૃદયના કામરૂપ હૃદયરોગ તેનાથી સંપૂર્ણ નાશ પામે છે ! "ભગવાન્ કોઈને માટે પાપનાશક, કોઈને માટે ફલદાતા છે. અમારા માટે તે કામરોગ-નિવારક બનો !"

પ્રિયજનના પરિશ્રમથી પારાવાર પીડા ! : શ્રીગોપીજનનો તીવ્રસંતાપ :

"અપરાધ અમારો ! અને સજા શ્યામને ! ! હૃદય કોમલ હોય અને ચરણ તો તેથી કઠિન હોય; તે તો સ્વાભાવિક છે. અમારા પ્રભુનાં ચરણ તો અમારાં હૃદયથી પણ વધુ કોમલ છે ! અમારા કઠિન વક્ષ:સ્થળે, કોમલ કૃષ્ણનાં સુકુમાર (સુજાત) ચરણકમલને અમે અતિમંદતાથી, કોમલતાપૂર્વક, સ્નેહથી પધરાવીએ છીએ; છતાં તેને પરિશ્રમનો ભય તો રહે છે ! પ્રભુનાં સુજાતચરણ તો શીતલ છે, સુગંધી છે, તાપનાશક છે. પ્રભુ તો અમારા પ્રિય છે. પ્રિય તો પોતાના ગણાય, તેથી હક્ક થાય ને ! આવાં અતિકોમલ ચરણ વિકટ વનમાં વિચરે છે ! ! અમારા અપરાધની સજા અમને ન કરી ! પોતે સહી લીધી ! ! દોષ અમારો ! દુ:ખ અમારા પ્રિયને ! ! પોતે સુખી રહીને, સામાને સજા કરે, તે તો સમજી શકાય, સહન થાય, પણ પોતે દુ:ખી થઈને, પ્રિયજન સામાને જે દુ:ખ કે સજા દે, તે તો અસહ્ય જ લાગેને ! અમને તેમાં પણ સંદેહ રહે છે. કોમલ પાદપદ્મને પરિશ્રમ થતો હશે ! નહિ થતો હોય ?! પૃથ્વી તો ભક્ત છે, કદાચ પોચાં થાય, અશ્રુ કે સ્વેદરૂપ જલથી કોમલ બને; પણ કાંટા-કાંકરા અને કઠોર અંકુરો કોમલ કઈ રીતે બને ? ! તે તો ખૂંચે જ ને ? બધા કાંકરા તો લીસા ક્યાંથી હોય ? તે તો ખરબચડા પણ ખૂબ હોય, તેથી દુ:ખ તો થાય, તેથી તો ફરી વનમાં ન જાય; પણ ફરી વનમાં તો જાય છે ! તેથી દુ:ખ નહિ ઘતું હોય ! અમારી તો બુદ્ધિ ભમે છે ! કાંઈ નિર્ણય થતો નથી ! નિર્ણય થાય તો બુદ્ધિને બળતરા ન રહે, શાંત થાય. આ ચિંતાનું કારણ એક જ છે, - "भवदायुषां नः ।"-

"આપની લીલા માટે જ અમારું જીવન છે !" પહેલાં ખેદથી મનોદુ:ખ હતું. આ તો મૂર્ચ્છા છે ! ''लालसोद्वेगजागर्यास्तानवं जडिमात्र तु । वैयग्र्यं व्याधिरुन्मादो मोहो मृत्युर्दशा दश ॥''- વિપ્રયોગ શૃંગારમાં દશ અવસ્થાઓ છે,- (૧) લાલસા-મિલનની તીવ્ર ઉત્કંઠા, ચપલતા, શ્વાસવેગ વધવો, વગેરે દેખાય. (૨) ઉદ્વેગ-મિલનમાં અવરોધે મન:ક્લેશ, નિરાશા, ચિંતા, નિષ્ક્રિયતા, અશ્રુધારા, નિ:શ્વાસ વગેરે દેખાય. (૩) જાગર્યા - નિદ્રા ન આવે, સ્તબ્ધ રહેવાય, મુખ-ગળામાં શોષ પડે. રોગ વગેરે દેખાય. (૪) તનાવ- શરીર સુકાય, અશક્તિ લાગે મન-મસ્તક-ભમે, વગેરે થાય, (૫) જડિમા- ઈષ્ટ ભાન ન રહે, કાંઈ દેખાય-સંભળાય નહિ, જડતા લાગે. (૬) વૈયગ્ર્યં-વ્યગ્રતા-ખેદ થાય, કાંઈ રસ ક્યાંક ન રહે, વૈરાગ્ય લાગે. (૭) વ્યાધિ: - મનની અસર તન પર થાય, પીળું શરીર પડી જાય, શીતોપચારની ઈચ્છા થાય. (૮) ઉન્માદ - ગાંડા જેવો સર્વ - વ્યવહાર થઈ જાય. વસ્ત્રાદિનું ભાન ન રહે, બોલ્યા કરે, સર્વ મનનું ઈચ્છેલું હોય તેવો ભાસ રહ્યા કરે, (૯) મોહ-મૂર્છા, ચિત્ત નિષ્ક્રિય થઈ જાય, પડી જવાય, ભાન ન રહે, બેભાન થવાય. (૧૦) મૃત્યુ:- શરીરમાંથી પ્રાણ ચાલ્યા જાય, લય થઈ જાય. - સંતાપની આ સીમા ક્રમશ: અનુભવાય. સૌ ગોપીજન સંતાપની સીમાએ પહોંચ્યા, મૂર્ચ્છિત થયાં. ગાન થાય છે. પ્રભુપ્રાપ્તિ માટે ભક્તના સાધનની પરાકાષ્ઠા અને ભક્તોના સ્નેહની પરીક્ષાની પુન:, લીલાપ્રવેશે પ્રલાપ અને પુન: સ્વરૂપસ્થિતિમાં પરાકાષ્ઠા છે. ત્યાં સુધી, શ્રીગોપીજનનો આ તીવ્રસંતાપ છે, તે કહ્યો. સ્નેહની તીવ્રતાથી સંતાપ પણ તીવ્ર જ હોય ! સંતાપ વગરનો સ્નેહ સંભવે ક્યાં ? !

અધ્યાય : ૩૨

નિ:સાધન ભક્તોની દીનતા જ પ્રભુ-પ્રસન્નતાનું સાધન છે ! :

શ્રીગોપીજન સ્નેહસંતપ્ત છે. કૃપા કૃષ્ણની ઈચ્છે છે ! ''सर्वानन्दमयस्यापि कृपानन्दः सुदुर्लभः ।''- સર્વાનન્દમય કૃષ્ણનો કૃપાનન્દ તો સુદુર્લભ છે ! ગોપીને તો કામના કલાનિધિના દર્શનની છે. દોષનિવારણ માટે, પ્રભુપ્રાપ્તિ માટે, સંતાપથી ગુણગાનરૂપ સાધન કર્યું, છતાં શ્યામ ન મળ્યા, માનિનીનો માનભંગ થયો ! અલૌકિક રીતે અંતર્હિત થઈ, અંદર હિત કરતા પ્રભુએ રોદન રૂપે પ્રસાદ પ્રકટ કર્યો ! આવી નિ:સાધન-પ્રપત્તિમાં જ પ્રભુપ્રાકટ્ય અને પ્રસન્નતાથી વિહારલાભ સંભવે. ''न हि साधनसम्पत्त्या हरिस्तुष्यति कस्यचित् । भक्तानां दैन्यमेवैकं हरितोषणसाधनम् ॥''- અમુક સાધનથી પ્રભુને પ્રાપ્ત-પ્રસન્ન-કરશું, તેમ સાધનત્વ (ઉપાય-રૂપતા) સમજીને કરેલાં સાધન, સાધનસંપત્તિરૂપ છે, તેનાથી પ્રભુ સંતુષ્ટ થતા નથી. શ્રીગોપીજને સંતાપપૂર્વક શોધ-પ્રશ્ન લીલાનુકરણ ગુણગાન કર્યાં. લાગ્યું હતું- ભગવાન્ તેથી મળશે, - પણ ન મળ્યા ! સાધનની ચરમસીમાએ પહોંચીને પણ સફલતા ન દેખાઈ, ત્યારે નિષ્ફલતાના દુ:ખે સ્વાભાવિક રીતે જ રડવું આવી ગયું ! સાધન કાંઈ જ દેખાયું નહિ. સંતાપે ખૂબ દીનતા આવી. આ નિ:સાધનતા જ સ્વત: સાધનરૂપ બની ગઈ ! પ્રભુપ્રાપ્તિનાં સાધન છોડી દેવાં, તે નિ:સાધનતા નથી. તે તો નિષ્ક્રિયતા છે, તેનાથી તો નિષ્ફલતા જ મળે; ફલ રૂપ કૃષ્ણ નહિ ! સઘળાં સાધન સંપૂર્ણનિષ્ઠાથી કર્યા પછી પણ નિષ્ફલતા મળતાં, તીવ્રસંતાપથી દીનતા આવતાં, સઘળાં સાધન છૂટી જાય, રડવું જ આવ્યા કરે, તે નિ:સાધનતા છે ! સફળતા તેનાથી મળે. રુદનને પ્રભુપ્રાપ્તિનું સાધન સમજીને ગોપીજન રડ્યાં નથી. દારુણદુ:ખથી

સ્વાભાવિક રીતે રડી પડાયું છે ! "क्लिश्यमानान् जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत् । तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहिः ॥"- પોતાનાં અનન્ય-સ્વજનને, પોતાને માટે ક્લેશ કરતાં જોઈને, ભગવાન્ કૃપાયુક્ત થાય ત્યારે, હૃદયમાં રહેલો સર્વ સદાનન્દ, બહાર પ્રકટ કરી દે છે, રસાત્મક કૃષ્ણ પ્રકટ થઈ જાય છે ! આમ, સંતુષ્ટ થયેલા શ્યામ, સર્વદુઃખોને સર્વ તરફથી દૂર કરી દે છે. સદાનન્દ પ્રકટે, પછી આનન્દના અભાવરૂપ દુઃખ ક્યાંથી રહે ? નિઃસાધનતાથી કેવલ દૈન્ય પ્રકટ થતાં, ભગવાને પ્રસાદ કર્યો ! પ્રકટ થઈને કરસ્પર્શાદિ દીધાં. ભગવાને પોતાના પરોક્ષ ભક્તભજનરૂપ રક્ષા તથા બદલો દેવાની અશક્તિનો નિર્ણય પણ પ્રસાદકાર્ય રૂપે ગોપી-પરિષદમાં કહ્યો, જેથી ભક્તો ભજનનિર્ભર રહે ! પ્રિય પ્રભુ પોતાને છોડીને ગયાનું સ્વલ્પ પણ દુઃખ ગોપીજનના હૃદયમાં ન રહે ને !

શ્રીગોપીજને તો અનેક પ્રકારે પ્રલાપ-વિલાપ કર્યા છે, - "चित्रधा"- શ્રીશુકે તો જીવોને શિક્ષા દેવા એક પ્રકાર જ અહીં કહ્યો છે, છે તો અનેક ! તે બધાં સાધન છતાં, જીવનધન કૃષ્ણ ન મળ્યા, સધન ન થયાં ! ત્યારે ખૂબ જ રડવા લાગ્યાં, કોઈ ઉપાય હવે દેખાતો ન હતો. "रुरुदुः सुस्वरं राजन् कृष्णदर्शनलालसाः।"- શ્રુતિ અને ઋષિ બંનેનાં ગાન અને રુદન પણ સ્વરયુક્ત જ હોય ને ! સ્વરરહિત મંત્રગાન અપરાધ-વાગ્વજ્ર-રૂપ છે. આ તો માત્ર સસ્વર નથી, સુસ્વર છે ! ગાનમાં મંત્ર નથી, મંત્રરાજરૂપ મધુર ભગવદામંત્રણ છે, સ્તુતિ છે ! ગુણગાન સસ્વર હશે, રુદન સુસ્વર છે ! અત્યંત ઉષ્ણભાવમાં વાણીનો વિરામ છે ! હવે, ભાવ ભાષાદેહ સ્વીકારવાનું ધૈર્ય ધરી ન શક્યો! આંસુ, ધ્રુસકાં, મૂર્ચ્છાદિ રૂપે સ્વયં સર્વાંગે પ્રકટ થઈ રહ્યો ! વાણીમાં વિલંબ થાય, વિલાપમાં ભાવ શીઘ્ર સરે ! ગોપીને માત્ર કૃષ્ણદર્શન- લાલસા છે. પુષ્ટિકામ પ્રકટ થયો; ના, ના, હાવભાવથી મૂર્તિમંત કૃષ્ણદર્શન-લાલસારૂપ ગોપીજન બની ગયાં છે; તો જ સાક્ષાન્મન્મથમન્મથ પ્રકટ થાયને ! સ્વદેહરક્ષા વગેરેની પણ પરવા નથી. પ્રિય પ્રભુ વિના દેહાદિનો પણ શો ઉપયોગ ! પુષ્ટિભક્તોને તો પ્રભુના સંબંધે, સેવાદિમાં ઉપયોગથી જ, દેહાદિની રક્ષા કરવાની, દેહાદિ પ્રિય-પ્રભુનું, પ્રિય કરે, તેથી જ પ્રિય લાગે ! ગોપીજન કૃષ્ણદર્શન- લાલસ છે, સ્પર્શનલાલસ પણ નથી ! આ સાચી દીનતા છે. પ્રિય પ્રભુના સ્પર્શની યોગ્યતા પોતાનામાં ન હોય તો, દૂરથી દર્શન તો દે ! દયા તેટલી તો કરે ! પ્રિયને દૂરથી દેખીને દુઃખ ભૂલીશું ! પુષ્ટિમાર્ગમાં દર્શન આવા દીનભાવે થાયને ! પોતાને માટે તીવ્રક્લેશ કરતાં નિઃસાધન સ્વજન જોયાં. ગોકુલમાં પ્રકટ થયેલા નિઃસાધન-ફલાત્મા પ્રકટ થઈ ગયા !

રસરૂપ ભગવાન્ બ્રહ્મા-વિષ્ણુ-રુદ્ર થઈને પુનઃ કૃષ્ણ થયા ! : ભક્ત-હૃદયનાં દૂષણને તો સાક્ષાન્મન્મથ-મન્મથ ભગવાને સ્વમુખનાં ભૂષણ બનાવ્યાં ! : રાસમાં પણ અવતાર થયો છે ! :

तासामाविरभूच्छौरिः स्मयमानमुखाम्बुजः ।
पीताम्बरधरः स्रग्वी साक्षान्मन्मथमन्मथः ॥ (२)

તેમની વચમાં સ્મયમાન મુખકમલવાળા, પીતામ્બરધારી, માલાધારી, સાક્ષાન્મન્મથમન્મથ, શૌરિ (શ્રીકૃષ્ણ) પ્રકટ થઈ ગયા ! આદ્ય-બ્રહ્મકલ્પમાં ભગવાન્ પોતે બ્રહ્મારૂપ થયેલા. સર્વસૃષ્ટિ સર્જી, તેમાં પ્રવેશેલા, રજોગુણરૂપ, થયેલા.તેમ અહીં રજોરૂપ માન-રૂપે, પછી તાપ-રૂપે, પછી ગાન-રૂપે પછી લીલાનુકરણ-રૂપે પ્રભુ પ્રકટ થયા, બ્રહ્મારૂપ થયા ! શુદ્ધસત્ત્વાત્મક વિષ્ણુ સૌની રક્ષા થાય તેમ કરે.

તેમ અહીં, સખિવચનથી પોતાના અપરાધથી પ્રભુને ગયેલા જાણીને, સ્વજીવન માટે પોતાના વિવિધભાવ સૌએ પ્રકટ કર્યા, - તે રૂપે પ્રભુ જ પ્રકટ્યા, ભાવરક્ષાથી વિષ્ણુરૂપ થયા ! રુદ્ર તો રડવાથી થયા છે, તેમ અહીં, અતિદૈન્યથી ગોપીજનના રુદન રૂપે પ્રભુ પ્રકટ થયાં, રુદ્ર થયા ! રુદ્ર સર્વનાશક છે, તેમ આ રુદન પણ સર્વશાસ્ત્રોક્ત-સાધનબલનાશક છે. સાધનબલના ભાને ભગવાન્ પ્રકટ ન થાય. દીનતાથી રડવું આવતાં, નિઃસાધનભાવ થતાં પ્રભુ પ્રકટ થયા ! આવા તીવ્ર-દીનભાવે, સદાનન્દ કૃષ્ણ નિત્ય વિરાજતા છતાં, હવે તે પ્રકટ ન થાય તો, ભક્તો જીવી જ ન શકે, તેથી પ્રભુ પોતે જ સ્વરૂપાનન્દ- સ્થાપન કરતાં સદાનન્દ રૂપે સ્વયં પ્રકટ થઈ ગયા ! કૃષ્ણરૂપ થયા ! માયાનો ટેરો ખસેડીને કૃષ્ણ પ્રકટ થયા, પ્રત્યક્ષ દર્શન દીધાં ! "**शौरि**"- શૂરવીરતા હવે ભક્તાનુકૂલ રસદાનમાં પ્રકટ કરવાની છે ને ! ભક્તોનાં દૂષણને પણ ભગવાને તો પોતાનાં આભૂષણ જાણે બનાવી દીધાં ! - "**स्मयमानमुखाम्बुजः**"- સહેજ હસતા મુખે પ્રકટ્યા છે. ભક્તોને પોતાને માટે વિકલ જોતાં પ્રભુ પ્રસન્ન થાય છે ! ભક્તના દોષરૂપ સ્મય અને માન, ભગવાને મુખે ધર્યાં છે ! મુખ પુષ્ટિભક્તિરૂપ છે ને ! ભગવદ્રસ-પાનથી થયેલા તે ભક્તોના દોષ નીકળીને ભક્તિમાં આવ્યા ! નિર્દોષ શોભારૂપ થયા ! પરમોદાર પુષ્ટિ પુરુષોત્તમ ! પરમોદાર પુષ્ટિભક્તિ ! દોષ લઈને પણ રોષ ન કરે, સંતોષ દે, તેવાં પરમોદાર બીજાં કોણ મળે ?! "**स्मयमानाभ्यां सहितं मुखाम्बुजं यस्य ।**"- પોતાના સેવકો જેવા સેવકો બીજા કોઈના પણ નથી, તેવો "સ્મય" ગર્વ, હર્ષ પુષ્ટિપ્રભુને છે ! સ્વામીની મોટાઈથી સેવકો હરખાય, અહીં તો, ભક્તોની સર્વોત્તમતાથી ભગવાન્ ગૌરવ પોતાનું ગણે છે ! આ ગોપીજન પ્રભુને વિનવે તો પ્રભુ અન્યને પણ રસનું દાન કરે, નહિ તો માત્ર મુક્તિ જ દે, ભક્તિ પણ નહિ ! આવું "માન" તો છે ! મુખ તો કમલ છે ને ! સૂર્યકિરણથી તે વિકસે, રસ પ્રકટ કરે, તેમ સૂર્યકિરણ શ્રી સ્વામિનીજીની કૃપા- વિનંતી જીવ માટે પ્રભુને હોય, તો જ ભગવદ્રસનો પ્રકટ લાભ જીવને મળે, અન્ય કોઈ રીતે નહિ !

હસતા ભગવાને મુખ ઢાંકી હાસ્ય ખાળવા હાથમાં પીતામ્બર ધર્યું છે. પોતે તો નિકટમાં જ હતા, છતાં જણ્યા નહિ ! અથવા; વ્યાપિવૈકુણ્ઠમાં આટલો સમય લક્ષ્મીજી સાથે લીલાવિહાર કરીને પુરુષોત્તમ, તે જ રૂપે વિહારધર્મો - સહિત પ્રકટ થયા છે, આવિર્ભૂત થયા છે ! વ્રજમાં આશ્રિત-લક્ષ્મીને લાભ મળે, આર્તિ શાંત થાય, વ્રજભક્તોનું માન દૂર પણ થાય, તેમ કંઠમાં વનમાલા ધરી છે ! બ્રહ્માજી કે લક્ષ્મીજીએ કરેલું પૂજન તે સૂચવે છે; તેથી પધારતાં વિલંબ થયો ! અવતાર વખતે બ્રહ્માજી પૂજન-સ્તુતિ કરે ને ! વ્યાપિવૈકુણ્ઠમાંથી પધારવું તે અવતાર છે. રાસમાં પણ આમ અવતાર થયો છે ! વ્રજમાં આશ્રયે રહેલાં ઈન્દિરાની ઉપેક્ષા ક્યાં સુધી થાય ! મનોરથ આશ્રિતના તો પ્રભુ પૂર્ણ કરે જ. ભક્તોને રસ દેવા, કીર્તિ વધારવા, રસરક્ષક-પીતામ્બર ધરીને, કીર્તિમયી વનમાલા ધરીને, પ્રભુ પ્રકટ થયા છે; - "**साक्षान्मन्मथमन्मथः**" છે. આધિભૌતિક મન્મથ (મનને મથનાર -કામ) દેવતારૂપ છે. આધ્યાત્મિક સર્વના હૃદયમાં રહેલો સાક્ષાન્મન્મથ છે. તેના પણ મન્મથ - આ આધિદૈવિક છે ! સર્વના તે સર્વરૂપ છે. કોટિકન્દર્પલાવણ્યને જોતાં તો કંદર્પનો પણ દર્પ દૂર થઈ જાય છે ! કામ તેમને મુગ્ધ કરી શકે તેમ નથી, તે જ કન્દર્પરૂપ છે ! રસાનુકૂલ ભક્તોની દીનતા જોઈને કૃષ્ણે આ કામરૂપ પ્રકટ કર્યું છે. વ્રજભક્તો તેથી પહેલાંની જેમ, ઉદારહાસ્ય વગેરેથી કામસંપન્ન થયાં ! શ્રીગોપીજને તો

સર્વાત્મભાવ-વિરુદ્ધના સર્વભાવ દૂર કરી દીધા છે. અહીં, કન્દર્પ તો સર્વાત્મભાવરૂપ છે. ગોપીજનનો કામભાવ પણ સર્વાત્મ- ભાવરૂપ છે ! અહીં તો, મોક્ષથી પણ અધિક મહારસાનુભવ રસજ્ઞને છે !

પ્રકટ થયેલા પ્રિયતમ પ્રભુને પરમોત્સવથી વધાવતાં વ્રજભક્તો ! :

પ્રકટ થયેલા પ્રિયતમ પ્રભુને પધારતા જોયા. પ્રેમથી પ્રફુલ્લ નેત્રવાળાં ગોપીજન એકદમ સાથે ઊભાં થઈ ગયાં. જાણે પ્રાણ આવતાં ઈન્દ્રિયપ્રવૃત્તિ શરૂ થઈ ! પ્રયત્નથી એકાદ ઈન્દ્રિય પ્રવૃત્ત થાય, પ્રાણથી તો સર્વ ! પ્રભુ તો પ્રાણનાથ પણ છે ને ! લીલાસહિત અંદર રહેલા પ્રભુ બહાર પધાર્યાં છે ને ! જીવ પ્રભુમાં પ્રવિષ્ટ છે, પ્રભુ સાથે આવ્યો છે, ઊભો છે. અંતઃકરણ તો પ્રિયતમ પ્રભુને જોતાં ઉત્સાહથી ઉતાવળું ઊભું થઈ જ જાય ! આંખ અધીર ઉલ્લાસથી બની છે ! દર્શનલાલસ ગોપીજનને દર્શન પહેલાં મળ્યાં ! - "तं विलोक्यागतं"- વિરહમાં ભક્તોમાં શાંતિ અને સુંદરતા પણ વિદાય થઈ ગયાં હતાં. હવે, તે પ્રકટ થયાં ! કોઈ ગોપીજને પ્રિયપ્રભુના એક લંબાવેલા કરકમલને બહુમાને હર્ષથી અંજલિમાં લીધો. શ્યામના લક્ષ્મીજી દ્વારા ચન્દનચર્ચિત બાહુને કોઈએ ખભે પધરાવ્યો. વધુ નૈકટ્ય માણ્યું ! પ્રભુએ વિશેષ કૃપા બતાવી. "ભ્રમરગીત"માં આ તેને યાદ કરવાનાં ને ! "भुजमगरुसुगन्धं"- અગરુસુગંધ તો સ્વરૂપનો સ્વાભાવિકધર્મ પણ છે ! ભગવાને દેવોત્તમોએ કરેલા સ્વપૂજનનું ભાન ગોપીજનને કરાવ્યું ! કોઈએ અંજલિમાં ચર્વિત તામ્બૂલ લીધું. આ લેનાર તો "तन्वी"- છે. તે કોમલાંગિનીના કંઠમાં તો તાંબૂલનો રસ પણ ઉતરતો સ્પષ્ટ દેખાય, તેવું સૌન્દર્ય છે ! તેનાં દર્શનાર્થે રસાલ પ્રભુએ તાંબૂલ દીધું ! એક અત્યંત સંતપ્ત ગોપી ઊઠી ન શકે, તેમણે પ્રભુનો પાદપદ્મ હૃદયે પધરાવ્યો. એક પ્રેમવિહ્વલ તામસ ભક્તે ભ્રૂકુટિ બાંધી, હોઠ દબાવીને નેત્રકટાક્ષ-પ્રહાર કર્યાં;, "कटाक्षेपैः"- સવર્ણલોપ કર્યો, - "कटाक्षक्षेपैः"-ભ્રૂકુટિ-બંધે-ચિત્ત-કુટિલતા કે કાલનિયમન, પ્રણયકોપે-ઈન્દ્રિયવિકલતા કે સ્વભાવસંયમ, હોઠદંશે-દેહક્ષોભ કે લોભનાશ, કટાક્ષપ્રહારે-પ્રાણથી બલસ્ફૂર્તિ કે પ્રમાણનિવૃત્તિ, કટાક્ષે - (આંખના છેડેથી જોતાં) સાધનવિકૃતિ કે મોક્ષાભાવ પ્રકટ થયાં ! આ લોકાનુસારિણી છે. લૌકિકીભક્તિ, લોકાનુસારિ-સ્નેહ પ્રકટ થાય ને ! આ ગાઢમાન દર્શાવે છે. સમયવિલંબે શિથિલ થાય, તેવું આ માન નથી. અનુનયથી પણ માન ન છૂટે, તે ક્રોધ બતાવે છે. પૂર્વાનુભવ- સ્મૃતિથી પણ રસલોભ ન થાય, તેમ "दष्ट" સૂચવે છે. હૃદયમાં રહેલા પ્રિયમાં માન મળી ન જાય, તે કટાક્ષ છે !

દર્શનમાત્રથી બીજાં અત્યુત્તમ ગોપીએ તો, પ્રેમથી અનિમિષ નેત્ર દ્વારા મુખકમલના લાવણ્યામૃતનું પાન કરતાં સ્વવશ ભગવાનને હૃદયમાં પધરાવ્યા ! ઈચ્છે ત્યારે તે હૃદયમાં દર્શન કરી શકે છે, છતાં પાન કરતાં સંતોષ નથી ! કૃતાર્થ સંતોને ચરણસેવનમાં સહજ રસ છે; સંતોષ નથી ને, તેમ ! આ ભક્તિમાર્ગાનુસારિ છે. બીજાં આમનાં સમાન-ગોપીએ યોગાનુસારિભક્તિ દ્વારા પ્રભુને પધરાવ્યા. આ યોગાનુસારિણી છે. યોગમાં પ્રત્યેક અંગનું ચિંતન-ધ્યાન છે. સર્વાંગસ્વરૂપચિંતન ધારણા છે. પરસ્પર-સંબંધ વગેરે એકાંગનું સ્મરણ યોગમાર્ગમાં અવરોધરૂપ છે. અહીં તો, સ્વરૂપ રસાત્મક છે, સ્વામિનીભાવ વિષય છે, તેથી દોષ નથી ! સ્વયંપ્રકાશ સ્વરૂપ છે, આ ભાવ વ્યભિચારી હોવાથી સ્વરૂપભેદ પણ નથી. "काचित्"- વિરલ છે આ ગોપી ! સર્વાવયવમાં તેમની દૃષ્ટિ છે. "तं"- "न खलु गोपीकानन्दनो भवान्"- માં કહેલા પ્રભુને તેણે પ્રાપ્ત કર્યા ! "नेत्ररन्ध्रेण"- "એકવચન રૂપપ્રવેશ

માટે છે. હૃદયમાં પધરાવેલા પ્રભુ પાછા ન જાય માટે નેત્ર બંધ કરી દીધાં ! તેને તો હવે પ્રભુ બહાર લાગતા જ નથી ! કે ભાગ પોતાનો મળી ગયો ! સૌને રસ દેવા પ્રભુ પ્રકટ્યા છે. જેને માટે પ્રકટે તે તેનો ભાગ ! અંદર આનંદ પૂર્ણ થતાં, સર્વાંગે પુલક થઈ ગયાં. ગોપી છે ને ! આહ્લાદ આશ્લેષનો અનુભવ્યો. કામભાવે ગોપીત્વ મુખ્ય છે, યોગિત્વ નહિ ! આ અવસ્થામાં જ સઘળો લીલાવિહાર કરવા ઈચ્છે છે, આનંદમગ્ન છે - બાહ્યસંવેદન નથી. પૂર્ણાનંદ થતાં કામના કઈ રહે ? પ્રભુ પ્રકટ થતાં, પહેલાં ચિત્ત- વિક્ષેપથી વચનપ્રકારે અનેકવિધ ગોપીજન હતાં, તે સપ્તવિધ થયાં છે. એક પ્રભુ અનેક માટે પ્રકટ થયા છે. સર્વત્ર પ્રકટ થઈને દૂરસ્થને પણ નિકટ લાગ્યા છે, તેથી સૌને સ્પર્શાદિ સુલભ છે ! કેટલાંક ગોપીજન (૧) શુદ્ધ સાત્ત્વિક, (૨) શુદ્ધરજોયુક્ત, (૩) રજઃસાત્ત્વિક, (૪) સાત્ત્વિકરાજસ, (૫) નિર્ગુણ, (૬) શુદ્ધતામસ, (૭) સાત્ત્વિકતામસ; રાજસતામસ; તામસસાત્ત્વિક, તામસરાજસ છે. પ્રભુનું સ્વરૂપ રસાત્મક છે, તેથી રસાત્મભાવો ગોપીજને પ્રકટ કર્યા છે. છ ગુણ અને સ્વરૂપ મળીને સાત, તેથી ગોપીના ૭ પ્રકાર છે.

સૌ ગોપીજન તો કેશવનાં દર્શને - પ્રકાશે, પરમોત્સવ જેવા આનન્દમાં મગ્ન થઈ ગયાં ! રંકને જાણે મહારાજ્ય મળી ગયું ! અભિલાષ સૌના પૂર્ણ થયા, વિરહસંતાપ દૂર થયો. પ્રભુ પ્રાકટ્યે પરમાનન્દ મળે, તેને ક્યો પુરુષાર્થ બાકી રહે ? ! આ ગોપીજન લૌકિક નથી, મુક્તિમાર્ગીય નથી, પણ પ્રિયપ્રભુનો પ્રકટ સંબંધ ઈચ્છે છે ! પ્રભુ મનોરથપૂરક છે. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય- ચાર અવસ્થા. તેનો અનુભવ કરનાર જીવ વૈશ્વાનર, તૈજસ, પ્રાજ્ઞ અને શિવ ! તેમાં સ્વાપ્યય-(સુષુપ્તિ)માં જેમ પ્રાજ્ઞ-જીવ-ને પ્રભુ મળે, તેમાં જ્ઞાન ન હોય, વાસનાસહિતના જીવનો તેમાં પ્રવેશ થાય, પાછો પણ આવે, તેમ સ્વસંબંધ સમજાવવા, પ્રભુ પ્રકટ થયા છે. તેનું સૌ સુખ માણે છે. અજ્ઞાન નથી. મુક્તાધિકાર-વિલક્ષણતામાત્ર દૃષ્ટાંત છે; અથવા પ્રાજ્ઞ-જ્ઞાનિ-સત્પુરુષ-ને મળતાં સુખ થાય, તેવું સુખ છે. ''**स नैव रेमे । तस्मादेकाकी न रमते ।**''- શ્રુતિ છે. ભગવાન્ એકલા વિહાર નથી કરતા. લોકો પણ કેવલ ભગવાનને જોઈને રાજી થતા નથી, પણ સર્વશક્તિયુક્ત જોઈને રાજી થાય છે ! પ્રપન્ન ગોપીજન પ્રસન્ન હતાં. પ્રભુની આસપાસ સૌ વીંટળાયાં હતાં. પૂર્ણકામ ભગવાન્ અચ્યુત તેમની વચમાં હતા. ''**व्यरोचताधिकं तात पुरुषः शक्तिभिर्यथा ।**''- સામાન્ય રીતે તો ભગવાન્ શોભે જ, પણ રસપૂર્ણભક્તોની વચમાં ભગવાન્ અધિક શોભ્યા ! ભગવાનની શોભા વધારે તેવા તો પુષ્ટિભક્તો હોય ! રાજાને આમાં વિશ્વાસ રાખવા, "તાત !" - "બાપ !" સંબોધન ખૂબ વહાલથી શ્રીશુકે કર્યું ! પિતા પુત્રને પોષે, તેમ શ્રદ્ધાશીલ શ્રોતા વક્તાના ભાવને પોષે છે. શંકાશીલ શ્રોતા ભાવને શોષે છે. શ્રદ્ધાળુને સર્વરસ સમજાય ! અનધિકારીને અલૌકિક ન કહેવાય. જેમ જ્ઞાન અને ક્રિયાનિપુણ પુરુષ શોભે તેમ, પોતાનાં સર્વશક્તિરૂપ ગોપીજનથી - ભાવુકનાં અંતઃકરણથી પણ - પરમાનંદયુક્ત ભગવાન્ ખૂબ શોભ્યા ! ''**एष ह्येवानन्दयाति**''- શ્રુતિ છે.

કાલિન્દીજીના પુલિનમાં કુચ-કુંકુમાંકિત-વસ્ત્રો પર, યોગેશ્વરના અંતર્હૃદયમાં કલ્પિતાસન પ્રભુને પધરાવતાં પ્રિયાજીઓ ! :

ભગવાન્ સૌને લઈને કાલિન્દીજીના પુલિનમાં પધાર્યા. વિભુત્વ પ્રકટ કર્યું ! કલિન્દ-કન્યાના કિનારે કલહ-દોષ-ન થાયને ! ''**विकसत्**''- તે સમયે પુલિનમાં કુન્દ-મન્દાર વગેરે મંદ-તીવ્ર-

સુંગંધીવાળાં પુષ્પો વિકસી રહ્યાં હતાં, વિકસિત ન હતાં ! લીલામાં જે વખતે જેનો ઉપયોગ હોય; તે વખતે, તે રીતે પ્રકટ થાય, અન્યથા નહિ ! નહિ તો, અત્યારે ઘણી રાત વીત્યા પછી, વર્તમાનકૃદન્તથી વિકસતાં કુસુમની કથા શ્રીશુક ન કહે ! ધવલ-ચન્દ્રકિરણોથી નિર્દોષ કલ્યાણરૂપ પુલિન હતું. **"कृष्णाया हस्ततरलाचितकोमलवालुकम् ।"**- કૃષ્ણસેવામાં કૃષ્ણતુર્યપ્રિયા કૃષ્ણા - શ્રીયમુનાજીએ હસ્તરૂપ તરલ તરંગો દ્વારા કોમલ વાલુકા સમાન રીતે બિછાવી છે ! આ પુલિનની ચારે બાજુએ જલ છે, ચારે તરફ સુગંધ છે, સુગંધી પુષ્પો ચારે તરફ છે, ચારે તરફ મંદ-સુરભિ-શીતલવાયુ વાય છે, ચારે તરફ મત્તભ્રમરના નાદ છે, શરદનાં ચન્દ્રનાં કિરણોથી નિર્દોષ કલ્યાણરૂપ રાત્રિ છે, સઘળું ઉત્તમ છે, હીન કાંઈ નથી. આ દર્શન કરતાં કૃષ્ણસંબંધનો મનોરથ પૂર્ણ થવાની પ્રતીતિ થઈ, આહ્લાદ થયો ! **"मनोरथान्तं श्रुतयो यथा ययुः ।"**- શ્રુતિઓ ભગવદ્ગુણવર્ણન-પરાયણ છે. તેમાં વાણી અને મનને અગમ્ય ભગવત્સ્વરૂપ, આજે પ્રાપ્ત થયું ! **"यतो वाचो निवर्तन्तेऽप्राप्य मनसा सह ।"**- ભગવદાનન્દ તો મનોરથમાત્ર હતો ! શ્રુતિમાં બે પ્રકાર - (૧) ભગવત્સ્વરૂપાનુભૂતિ (૨) તેમાં સાધનપણું. પોતાની શક્તિથી સ્વરૂપાનુભવ ન થાય, કેવલ કૃપાથી થાય. શ્રુતિને પણ ભગવદાનંદાનુભવનો મનોરથ હતો. સતત ગુણવર્ણનથી કૃપાલાભ થયો, આજે આનંદાનુભવ થયો !

શ્રુતિ દ્વારા જ સૌને ભગવત્સ્વરૂપ સમજાય, - **"तं त्वौपनिषदं पुरुषं पृच्छामि ।"** **"सर्ववेदान्त-प्रत्ययं चोदनाद्यविशेषात् ।"**- સૂત્ર પણ છે. વેદના અર્થ અને શબ્દ અલૌકિક છે **"शब्द इति चेन्नातः प्रभवात् प्रत्यक्षानुमानाभ्याम् ।"**- સૂત્રમાં વૈદિકસૃષ્ટિની આધિદૈવિકતા-લૌકિકથી ભિન્નતા - કહેલી છે. વૈદિકશબ્દો લૌકિકશબ્દોનો નિર્દેશ કરતા નથી, તેથી તેના શ્રવણથી ચિત્તશુદ્ધિ દ્વારા સ્વરૂપયોગ્યતા મળે છે ! શ્રુતિ માત્ર બોધકવાક્ય કહે છે. બોધ અનુસંધાન વિના નથી થતો; તેથી ભગવદિચ્છાથી જ શ્રુતિ વિધિમુખ-બોધ-અલૌકિકજ્ઞાન-કરાવે છે. તેમાં લૌકિક-સાધન કે યુક્તિ અપેક્ષિત નથી. જીવોના પુરુષાર્થ સિદ્ધ કરવા પ્રભુએ વેદ પ્રકટ કર્યા. તેમાં જે સાધનાત્મક રૂપે, જે અધિકારીને, જે પુરુષાર્થ સિદ્ધ થાય તેનું મોક્ષ-પર્યંત નિરૂપણ કર્યું. આમ કરતાં સંતુષ્ટ થયેલા પ્રભુ, જે રૂપ પ્રકટ કરીને જે આનંદ આપે, તે પહેલાં અજ્ઞાત હોય. મન-વાણીથી પર ફલાત્મક વસ્તુ છે, તેથી **"यतो वाचो..."** કહે છે. તે **"आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन ।"**- માં આનન્દરૂપ છે. તેને જાણે તેને ક્યાંય ભય ન રહે. આનાથી પહેલાં, **"रसो वै सः ।"**- થી જે ભગવત્સ્વરૂપ કહ્યું, તે તો માત્ર સર્વાત્મભાવથી જ મળે. સર્વાત્મભાવનું નિર્વચન અશક્યપ્રાય છે. તેનાથી તો આનન્દરૂપ થઈ જવાય. તેનો અનુભવ કરનારને લોક-વેદનું ઉલ્લંઘન તો ઠીક, પણ પરીક્ષા માટેની સ્વયં ભગવદાજ્ઞાના ઉલ્લંઘનમાં પણ કોઈ ભય ન રહે ! ગોપીજને ત્રણેના ઉલ્લંઘનમાં ક્યાં ભય જાણ્યો છે ? ! મોક્ષસાધન તો પોતે કરી શકાય, આ તો માત્ર કૃપાલભ્ય જ છે. તેમના પણ મનોરથ આજે સફલ થયા. ઔપનિષત્પુરુષની પૃચ્છામાં પૂછનાર તો ઉપદેશ પહેલાં જ માને છે કે, બ્રહ્મ ઉપનિષત્પ્રતિપાદ્ય છે, **"सर्वे वेदा यत्पदमामनन्ति ।"**- માં કૃપાથી શ્રુતિનો બ્રહ્મપ્રતિપાદન-મનોરથ પૂર્ણ થયો ! વાણી કે મનથી પર બ્રહ્મનું પ્રતિપાદન વિશેષ કૃપાથી જ સંભવે ! અહીં ભૌતિકશબ્દરૂપ શ્રુતિ દૃષ્ટાન્તરૂપ છે. આધિદૈવિક ગોપીજન દૃષ્ટાન્તિક છે. વેદમાંના અગ્નિ-ઈન્દ્ર-દહીં વગેરે શબ્દો પણ ભગવદ્રૂપ છે ! કૃપા વગર તો સાચો વેદાર્થ ન સમજાય. શ્રીગોપીજનને પુરુષોત્તમ વશ થયા ! આ કથાશ્રવણથી બીજા પણ કૃપાપાત્રોને, આ ભાવે ભજન

કરવાથી, ભગવદાનન્દનો અનુભવ થાય.

શ્રીગોપીજને પરમ-પુરુષાર્થદાતા પ્રભુને પૂજા માટે અને આત્મનિવેદન માટે આસન આપ્યાં. રસાધારનો આધાર તે બને ને ! પોતાને માટે પ્રકટ થયેલા - પોતાના પ્રિયપ્રભુને તેટલા પૂરતો પણ અન્યસંબંધ શા માટે થાય ? ! વૈષ્ણવને ત્યાં આ ભાવે પ્રભુ વિરાજે છે ને ! સૌએ ઉપરનાં અત્યંત સૂક્ષ્મવસ્ત્રો પાથરી દીધાં ! વક્ષઃસ્થલે લગાડેલા કેસરથી આર્દ્ર આ વસ્ત્રો છે ! આ તો આત્મબન્ધુ છે ને ! પોતાનાં ઉપરનાં વસ્ત્ર તેમની નીચે દીધાં છે. આત્મા અને દેહ ઉભયની કૃતાર્થતા તેથી જ છે ને ! પુષ્ટિમાર્ગમાં તો, જે ક્ષણે જે વસ્તુ કે ઈન્દ્રિય ભગવત્સેવામાં ઉપયોગી ન થાય, તે જ ક્ષણે તેની કૃતાર્થતા નથી. નિરુદ્ધભક્તોને સર્વત્ર, સર્વપદાર્થમાં, સર્વદા ભગવત્સંબંધ અભિલષિત છે; તેથી આ આસન ઉચિત છે. ભગવાન્ તો સર્વત્ર તે આસન પર વિરાજ્યા. - **"तत्रोपविष्टो भगवान् स ईश्वरो योगेश्वरान्तर्हृदि कल्पितासनः ।"**- આ તો સર્વકાર્યસાધક ભગવાન્ છે. **"सः"**- પૂર્વપ્રાર્થિત છે. કાત્યાયનીવ્રતમાં વસ્ત્રહરણથી પણ જેને રસાભાસ ન થયો, તેને ઉત્તરીયના અભાવમાં શું ? સર્વકરણસમર્થ ઈશ્વર છે. તેમના વિરાજવાથી તો જલક્રીડામાં ભીંજાય નહિ, તેવાં દિવ્યવસ્ત્ર તે બની ગયાં ! ઈશ્વર તો યોગસંમત છે. તે તો સર્વ કરવા સમર્થ છે ! આસનત્યાગ ન કરવા પણ સમર્થ છે ! રસાભાસ રીતે પણ રસ પ્રકટ કરીને અન્યથા કરવા સમર્થ છે. યોગેશ્વરના અત્યંત-પવિત્ર અન્તર્હૃદયમાં પણ ભગવાનના આસનરૂપ અક્ષરબ્રહ્મની માત્ર કલ્પના કરવી પડે, માનસીમૂર્તિ વિરાજે, સ્વયં પ્રભુ નહિ ! શ્રીશુકનો તો શ્રીશંકર અને શ્રીશુક રૂપે, બે વખતનો યોગાનુભવ ! સમાધિમાં જે સુખ ન થયું, તે ગુણગાનમાં જડયું. શ્રીશંકર રૂપે રામને ગાયા, શ્રીશુક રૂપે કૃષ્ણને ગાયા ! **"सः"**- તે ભગવાન્, સર્વનિયામક, ઈશ્વર, સમાધિમૃગ્ય-સૌભાગ્ય ! ગોપીજનનાં ઉપભુક્ત (પહેરેલાં) વસ્ત્રનાં આસને વિરાજ્યા ! અરે ! સ્નેહમગ્ન ગોપીજન તો આ વિવેક ભૂલ્યાં ! સ્વામીને પોતે વાપરેલું કાંઈ ન દેવાય, છતાં દીધું, પણ **"सः"**- સર્વશાસ્ત્રકર્તા, નિયામક, સ્વામી પણ આ ભૂલ્યા ! પ્રેમપરવશતા તો આવી ! ! જ્યાં લોકવેદમાં જે વસ્તુ પવિત્ર રૂપે ઉપયોગી ન ગણાય, તેવી પણ વસ્તુ, શ્રીગોપીજનના સંબંધથી યોગેશ્વરના અંતર્હૃદય કરતાં પણ વધુ ઉત્તમ ગણીને, ભગવાને અંગીકાર કરી, તો લોકવેદમાં જે પવિત્ર ઉપયોગી ગણાય, તેવી ગોપીજન - સંબંધી વસ્તુનું તો પૂછવું જ શું ?

પ્રભુ વચમાં છે, આસપાસ ગોપીજન છે. ગોપીપરિષદના સભાપતિ છે ને ! ત્રિલોકની સઘળી લક્ષ્મી-શોભા-ના ઉપભોક્તાની સુંદરતાનો સુભગ સમન્વય સાધતું, કોટિકંદર્પ-લાવણ્ય સ્વરૂપ, પ્રભુએ ધર્યું છે. દેશ-કાલ-ભેદે, સઘળા સર્વોત્તમ પદાર્થો પ્રભુએ ત્યાં લીલામાં પ્રકટ કર્યા છે. શ્રીગોપીજને આવા પ્રસન્ન પ્રભુને જોયા. પોતાની કૃતઘ્નતા પહેલાં પ્રભુમાં માની હતી, તે દૂર કરવા, ભગવાનમાં કૃતઘ્નતારૂપ દોષ છે નહિ ? - તેના નિર્ણય માટે આ પોતાના અંતઃકરણનો દોષ દૂર કરવા, પહેલાં તો પ્રભુનાં વખાણ કર્યાં. દોષનિવારણ પછી લીલામાં આનંદ અધિક આવે ને ! પરોક્ષ-સેવન કરતા પ્રભુએ આ રસાનુભવ દીધો, તેનું અજ્ઞાન તો પોતાની કૃતઘ્નતા છે. પ્રભુ નિર્દોષ છે. તેમાં તો ગ્રહણ થાય કે યાદ થાય, તેવી વસ્તુનો આરોપ જ માત્ર સંભવે. ગોપીજનને તો પ્રિયપ્રભુ વિના અન્યની સ્ફૂર્તિ નથી, તેથી સ્વનિષ્ઠ (પોતામાં રહેલો) દોષ પ્રભુમાં લાગ્યો ! જો કે તે પણ છે

તો રસરૂપ, છતાં ભગવાનની નિર્દોષતા શાસ્ત્રસિદ્ધ છે અને આરોપ તો ભ્રમરૂપ છે, તેથી શાસ્ત્રરીતે દોષ આને ગણ્યો છે ! અન્યત્ર પણ આ પ્રકાર છે. ભગવાનના ચરણને અંકમાં પધરાવ્યો. ગોપીજન શ્રીહસ્તથી લાડ તેને લડાવે છે, સર્વભાવે શરણે આવેલાં પોતાને પણ પ્રભુએ છોડ્યાં, તે દૃષ્ટિએ ગોપીજન સ્વલ્પ ક્રુદ્ધ પણ છે ! સાધનથી દોષ સંપૂર્ણ દૂર ન થાય, ભગવાનથી જ થાય ! "रसो वै सः"- શ્રુતિથી ભગવાન્ ભાવાત્મક છે. તે અત્યારે દોષરૂપ છે. રસસ્વરૂપ જ તેવું છે. ગોપીજનના ભાવ-પ્રાકટ્યનું મૂળ કારણ વેણુનાદાત્મક - શબ્દ છે, તેથી નિર્દોષપૂર્ણગુણરૂપ ભાવનું પ્રાકટ્ય પણ ભગવાનની વાણીરૂપ શબ્દથી થાય, તે સ્વાભાવિક છે. આમ સ્વરૂપથી ન ગયેલો દોષ શબ્દથી દૂર થાય ! દર્શનથી જે રસ મળે તે સ્પર્શથી ન મળે, સંભાષણથી જે રસ મળે, તે દર્શનથી ન મળે ! આ રસસ્વભાવ છે, તેથી "પ્રભુ અમને છોડીને કેમ ગયા ?" - તે ભાવ વચનથી ભગવાન્ શાંત કરે, તે આશય છે; પણ ઉત્તમ ભક્તો, ચતુર-શિરોમણિ પ્રભુને આમ સીધું પૂછે, તો તો ગ્રામીણ લાગે, રસાભાસ થાય; તેથી ચતુરતાથી રસવર્ધક- રીતે તે પૂછે છે ! ભગવાને પણ જીવથી પોતાની વિલક્ષણતા કહેવા માટે, જીવસ્વરૂપ કહીને સ્વસ્વરૂપ કહ્યું. ચતુરતમ છે ને ! નહિ તો સીધું કહી દેત !

વિવાદ કરતાં હોય તેમ ચતુર ગોપીજન બોલ્યાં, - (૧) કેટલાક પોતાનું ભજન કરનારને તદનુકૂલ રીતે ભજે છે. ભજનાનુસાર ભજનાર - (જેવા સાથે તેવા થનાર) કૃતઘ્ન (પ્રત્યુપકારથી ભજન નષ્ટ વા નિષ્ફલ કરનારા) અથવા ધૂર્ત કે યોગ્ય ? કોઈ આદરથી આપણાં ચરણ ધૂએ, તો આપણે પણ તેમ કરવું ? તો શું થાય ? ફલ માટે તેમ કરે (ધૂએ) તો ફલ દેવું જોઈએ. સામાની ઈચ્છા પ્રક્ષાલન કરાવવાની હોય તો તેમ (પ્રક્ષાલન) કરવું જોઈએ. નિરપેક્ષપણે ધૂએ તો સંદેહ રહે, - શું કરવું ? ભજનરૂપ ઉપકાર ન જાણીને, ભજનનું ફલ દેવા ન ઈચ્છતાં, ભજન કરે, પણ સામર્થ્ય હોવા છતાં પ્રત્યુપકાર ન કરે, તેથી કૃતઘ્નતા સંભવે. કોઈ ધન માટે ભજે છે, તેમ જાણીને તેને ધન ન દેવા માટે, ધન ન દેતાં, ભજન કરે, તો ધૂર્તપણું સંભવે. (૨) કેટલાક ન ભજનારને પણ ભજે છે. તેમાં ક્યાંક દોષ થાય, - જેમ નિષ્કામને કામિની ભજે, કશ્યપ અને અદિતિની જેમ, તૃતીય-સ્કન્ધમાં કથા છે. તેમાં અપેક્ષા હોય તો ઉપકાર પણ થાય, - આગ્નિધ્ર અને પૂર્વચિત્તિની જેમ. પંચમ-સ્કન્ધમાં કથા છે. ક્યાંક સ્નેહ સંભવે, પુરુરવા અને ઉર્વશીની જેમ. નવમ-સ્કન્ધમાં કથા છે, ક્યાંક ધર્મ થાય - સુદર્શન અને ઓઘવતીની જેમ; ઓઘવતીએ અતિથિ રૂપે આવેલા ધર્મને સંતુષ્ટ કર્યા. પતિ સુદર્શન પણ તેથી પ્રસન્ન થયો. ધર્મે પવિત્ર ઓઘવતીને નદીરૂપ દીધું લોક પાવન કર્યો, નિત્યલોક પણ દીધો, આમાં નિર્ણીત એક ફલ કહેવું જોઈએ. પહેલાં જે ભજે નહિ, તેને શું ફલ ? અર્જુન ઉર્વશીની જેમ, મહાભારતની પ્રસિદ્ધ કથા છે. (૩) કેટલાક ભજનાર કે ન ભજનાર, બંનેને ભજતા નથી તે બન્નેને શું ફલ ? ભજનરૂપ સાધન કર્યું તેનો ઉપયોગ ક્યાં ?

ચતુર-શિરોમણિ ભગવાનના પ્રિયાજીઓને પ્રત્યુત્તર : ૧. પરસ્પર - ભજનમાં સ્વાર્થ, ૨. ન ભજનારને ભજવામાં વાત્સલ્ય ૩. ભજનાર કે ન ભજનારને પણ ન ભજનાર - આત્મારામ, આપ્તકામ; અકૃતજ્ઞ, ગુરુદ્રોહી ! :

ચતુરશિરોમણિ ભગવાને ઉત્તર દીધો. પરસ્પર ભજે તેમના ઉદ્યમનું ફલ છે, - માત્ર સ્વાર્થ !

સમજીને લોકો પરસ્પર-એકબીજાને-રાજી રાખવાનો વ્યવહાર કરે જ છે ને ! હા, તેમાં વધઘટ થયા કરે, છતાં તે વ્યવહારસંબંધરૂપ ભજન નભાવ્યા કરે ! તેમાં છેતરવાપણું નથી, વ્યવહાર લૌકિકસ્વાર્થ જ છે. કોઈ પાંચ રૂપિયા ચાંલ્લો કરે, તો સામો બીજો તે પ્રમાણમાં વ્યવહાર કરે જ છે ને ! તેમાં સામો સાનુકૂલ ન હોય તો ક્રોધ પણ આવે, તેથી તે સ્નેહ નથી. આઠમા સ્કન્ધમાં કથા છે. ઈન્દ્રધુમ્ન રાજા પર અગત્સ્ય ગુસ્સે થયા છે ! સ્નેહમાં ક્રોધ કે બદલો ક્યાંથી હોય ! તેમાં ધર્મ પણ નથી. "सम्भोजनी नाम पिशाचभिक्षा नैषा पितॄन् गच्छति नोत देवान् ।"- "સાથે મળીને સૌ (બ્રાહ્મણ) પોતાનું જમે તે તો પિશાચભિક્ષા છે ! પિતૃ કે દેવને તે ન પહોંચે !" તેમાં ઐહિક-પારલૌકિક-ફલ નથી, ઐહિક હાનિ છે. ગુરુ વૃત્તિ આપે કે માન દે, તો શિષ્ય ગુરુની સેવા કરે, મૌન રહે તો ન કરે, તો આ ગુરુસેવામાં પણ ધર્મ નથી કે સ્નેહ પણ નથી. પૈસા વગેરે દેતા શિષ્યોનો ગુરુ આદર કરે, ત્યાંપણ પરસ્પર સ્વાર્થ જ છે. જો શાસ્ત્રાનુકૂલ-સેવા શિષ્ય કરતો હોય ત્યાં પ્રયોજન સ્પષ્ટ હોવા છતાં, તે પરસ્પર-ભજન ન રહે, શાસ્ત્રાજ્ઞાપાલન છે, ધર્મ છે. ગુરુએ દીધેલી વિદ્યા તો ફલરૂપા છે. તેનો બદલો કોઈ રીતે ન સંભવે. લોકપ્રસિદ્ધ પરસ્પર-ભજન તો વ્યાપારી જેવો સ્વાર્થ-વ્યવહાર છે ! સ્વાર્થની જ ગણતરી તેમાં હોય, સ્વામી-સેવકભાવ ન હોય. ધર્મ વગેરે પુરુષાર્થ રૂપે સ્વાર્થ તો છે, પણ અન્યોન્યભજનમાં મોક્ષપ્રદધર્મ સિદ્ધ ન થાય. તેમ સ્નેહ પણ, જો અન્યની અપેક્ષા રાખે તો ન રહે. અપેક્ષા તો સ્વાર્થમાં જ સંભવે ને ! આવા લોકોનાં પરોપકાર જેવાં લાગતાં સાધન (કાર્ય) અન્યને માટે લાગે, છતાં સ્વાર્થ માટે જ છે ! તેવી રીતે, સેવાદાન વગેરેમાં પણ સ્વાર્થ જ છે, તેમાં દુ:ખનિવૃત્તિ વગેરે અપેક્ષિત ફલ છે. સર્વલોક-પ્રસિદ્ધ છે આ ! પરોપકાર તેમાં કાંઈ નથી. તેમાં, સામાના હૃદયમાં બદલો દેવાની ચિંતા થાય. તે બદલો વાળે એટલે થયું પરસ્પર-ભજન ! આ તો લૌકિક-સ્વાર્થસિદ્ધિ છે, નામ-માત્રે તો ધર્મ છે, વસ્તુત: નથી ! લૌકિકોપયોગી-સ્વાર્થાનુસંધાનપૂર્વકના-પરસ્પર ભજનનો અહીં દોષ બતાવ્યો છે, સ્વાર્થાનુસંધાનનો નહિ, તેથી ધર્માદિમાં સ્વાર્થ છે, છતાં તેમાં દોષ નથી.

ન ભજનારને ભજતાં હોય, તે તો મા-બાપ જેવાં દયાળુ હોય છે. નાના બાલકની સેવામાં શો સ્વાર્થ ? અહીં, નિરપવાદ ધર્મ અને સ્નેહ છે ! સ્નેહ અને ધર્મ જુદાં નથી રહેતાં ! ધર્મ હોય ત્યાં સ્નેહ હોય; સ્નેહ હોય ત્યાં ધર્મ હોય. ન ભજનારને ભજે તેમાં બે નિમિત્ત - (૧) લૌકિકમાં સ્નેહ અને (૨) વૈદિકમાં વિધિ. તેમાં સ્નેહ અને ધર્મ એ ક્રમશ: ફલ છે. જે કોઈ સ્નેહથી ભજન કરે તેના અવસરે, ભજનીય હોય તેણે, પ્રત્યુપકાર કરવો પડે; નહિ તો કૃતઘ્ન ગણાય; અને ભજનારનો સ્નેહ નિરપવાદ ગણાય. જો તે ભજન ધર્મ માટે હોય તો તેણે (ભજનીયે) પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ, ભજનારના દોષ દૂર કરવા જોઈએ. તે ન કરતાં કૃતઘ્ન ગણાય, ભજનારનો ધર્મ નિરપવાદ (પ્રત્યુપકાર વગરનો) ગણાય. તેનો ધર્મ ભજન દ્વારા ભજન કરનારમાં આવે છે. નિત્યકર્મ કે દેવતાપ્રધાન-ધર્મ અહીં નથી કહ્યો. તેમાં શંકા નથી. ગાયને કોઈએ કાદવમાંથી કાઢી, તે બદલો ન દે, તે ધર્મમાં સંદેહ નથી. જ્યાં આધાર (જેનું ભજન કર્યું તે) પ્રત્યુપકાર કરી શકે, પણ બદલો ન વાળે, તો ત્યાં નિરપવાદ-ધર્મ અને સ્નેહ ફલ છે. આમાં ક્યાંક કરુણા, ક્યાંક (મા-બાપ-વગેરે) દેહ - સંબંધ છે.

"यथा" - સંસારી પણ- ક્યારેક દીન પર દયા કરે છે, સ્નેહાળ શા લાગે છે ! ત્યાં અન્યજન્મનો સંબંધ સંભવે છે, નિરપવાદ-ધર્મ છે, પણ સામાના ઉપકારથી તેનો અપવાદ છે, નહિ તો નિરપવાદ-ધર્મ છે. તેવા અર્થમાં, જ્યાં પ્રત્યુપકાર-સંભવ નથી, ત્યાં ધર્મ છે, તેથી કેટલાક ધર્માદિ-ક્રિયા કરતાં, પોતે કરે છે કે ફલ માટે કરે છે, તેમ ન ગણતાં, પ્રભુ-પ્રીત્યર્થે સંકલ્પ પણ કરે છે ! "च"થી સ્નેહમાં પણ ધર્મ છે, "सुमध्यमाः ।"- ભાગ્યશાળીને જ વિશ્વાસ હોય, તેમ કહ્યું.

કેટલાક તો ભજનારને પણ ભજતા નથી, તો ન ભજનારને તો ભજે જ ક્યાંથી ? તેવા ચાર,- બે ઉત્તમ, બે અધમ. તેમાં, ભજનારનો ધર્મ સંપાદન કરનારને ન ભજે તે,- અધમ ! લૌકિક-નિમિત્તવાળાને ન ભજે તે,- ઉત્તમ ! સ્પષ્ટ તે ગણાવ્યા. (૧) "आत्मारामाः"-"आत्मान्येव रमन्त इति ।"- અન્યને સંભાળવા યોગ્ય શરીર વગેરે જ તેમને તો પોતાનાં લાગતાં નથી, અપેક્ષિત નથી, તો દેહભજનને તે સ્વીકારે જ કેમ ? તેમના ભજન માટે પોતાના દેહને સાધનરૂપ જ ગણતો નથી. ૨. "आप्तकामाः"-"आप्तः प्राप्तः कामो यैः ।" ઈચ્છાઓ જેની પ્રાપ્ત થઈ ગઈ છે તે. જમી રહેલાને કોઈ કહે, - "તું જમ !" કે "ન જમ !", તેમાં અર્થ કેટલો ? આમ દયાથી કહેનારને ધર્મ થાય કે અજ્ઞાન દેખાય. આ બે ઉત્તમ કહ્યા; પછી અધમ પણ બતાવ્યા. (૩) "अकृतज्ञाः"-"ये कृतं न जानन्ति ते ।"- કરેલા ઉપકારને ઓળખે નહિ તે. તે પ્રત્યુપકાર કરી શકે, છતાં કરે નહિ. તેમાં કારણ છે, - અજ્ઞાન. ઉપકાર કરે કે ન કરે, તે જાણતા નથી, તેથી ભજે નહિ. (૪) ઉપકારને જાણવા છતાં, ન ભજે તે- "गुरुद्रुहः ।"- જે કોઈ પોતાનો પુરુષાર્થસાધક હોય તે ગુરુ, - પૂજ્ય ! તેની આપત્તિમાં, પોતાની શક્તિ હોવા છતાં, સાનુકૂલ સહાય કરે નહિ, પણ ઉપેક્ષા કરે, તે ગુરુદ્રોહી ગણાય.

ભગવાન્ તો પૂર્વોક્ત બધાથી જુદા છે, - ભક્તના સ્નેહના વિષય રૂપ છે, ભક્તોના તો જીવન ધન રૂપ છે ! : પ્રભુ માટે સર્વ ત્યાગ કરનાર ભક્તોનો ત્યાગ ભગવાન્ કરતા નથી ! :

ગોપીજનને તો ભગવાન્ આમાંના કેવા ?- તે જાણવું છે. તેમણે તો ભજન કરી શકે તેમ હોવા છતાં ભજન કર્યું નથી, તેથી પરસ્પર-ભજન કે અભજનારનું ભજન તેમનામાં નથી ! ગોપીજને તો સ્નેહથી ભજન કર્યું, તેથી ભગવાન્ તો સ્નેહના વિષયરૂપ છે, તે આત્મારામ વગેરેમાં આવે નહિ, ગોપીજને તો સર્વસ્વ-સમર્પણ કરી દીધું. તેમને શું કર્તવ્ય બાકી રહ્યું ? હવે તો, ભગવાનનો જ વિચાર કરવાનો રહ્યો ! ફલ માટે ભગવદ્‌ભજન હોય તો, ફલ મેળવવું જોઈએ; તત્કૃતભજન કે અભજન વિચારણીય નથી. વ્યવહારમાં દષ્ટફલ જોઈતું હોય, તે ન મળે તો, સમર્પણના ગ્રહણ-અગ્રહણથી વિચારણીય છે. પૂજા સ્વીકારે તો ઈચ્છ્યું ફલ દે, ન સ્વીકારે તો ન દે. ભગવાને તો પહેલાં પોતાનો અંગીકાર કર્યો, તેથી આત્મારામ કે પૂર્ણકામ ન રહ્યા ! લીલા, વિહારૈકતાન થયા ! પ્રથમપ્રવૃત્તિથી તૃપ્ત થવા છતાં, ત્યાગ ન કરવો જોઈએ ! સર્વજ્ઞ ભગવાન્ તો અકૃતજ્ઞ કેમ ગણાય ? ઈશ્વર તો ફલદાતા છે, તેથી કદાચ ન પણ આપે ! આ શંકા છે ! સ્નેહથી ભગવાને સમજાવ્યું ! - "સખિયો ! તમે ફલ માટે ભજન કર્યું નથી, શુદ્ધપુષ્ટિરીતે-કેવલ પ્રેમપ્રગાઢતાથી -કર્યું છે, તેથી મેં ફલદાન કર્યું નથી ! તમે મને ઈશ્વર ગણ્યો નથી; તેથી સખ્યભાવે લીલા જ કરી છે, પહેલાં કહ્યા તે તો જીવધર્મ છે. હું તો ભગવાન્ છું; જીવ નથી ! હું તો રામ છું; આત્મારામ પણ નથી ! મારે સર્વત્ર

આત્મા સિવાય કોઈ પદાર્થ નથી ! "आत्मैवेदं सर्वं ।"- શ્રુતિ છે. પછી છોડવાનું શું ? કામ જ નથી, પછી આપ્તકામત્વ શું ? જીવ અને ભગવાનનો વ્યવહાર જુદો હોય. ભજતાં પ્રાણીને હું ભજતો નથી; તો તેમનું મન મારામાં રહે ને ! ભગવાનને કોઈની જરૂર નથી ! ફલદાતા ભગવાનની તો સૌને જરૂર છે, તેથી જીવને તો ભજન જ ઈષ્ટ કે ઈષ્ટસાધન છે. હું - ભગવાન્ - સાધનરૂપ બનું, તો ભજન નષ્ટ કરું ! પ્રભુ સુખના સાધનરૂપ થતાં, કામના નિવૃત્તિ થાય; આગળ ભજન -પ્રતિબંધથી, પૂર્વભજન-વ્યર્થતાથી, ચાર રીતે - ભગવાન્ ઉપયોગી,- (૧) ભોગ્ય - ૧. કામના-પૂરક-પણે, ૨. સ્વતંત્રરીતે. (૨) ભોક્તા - ૧. ભક્તિથી ભક્તે દીધેલા પદાર્થ સ્વીકારથી; અથવા ૨. વિષયપણાથી કે સ્વેચ્છા-ભોગથી. કામના પૂર્ણ થતાં ભજન છૂટે, તે તો અલ્પફલદાન છે, સ્વરૂપથી મોટું હોવા છતાં અમુક કાલપરિમિત રહે. બીજામાં, સ્વતંત્રપણે ભગવાનના ભોગ્યત્વમાં પણ, અતિભજનથી સદા સંયોગ-વિયોગ રૂપે ભોક્તા થાઉં તે સંભવે, તે અતિભજન-ગોપીને શક્ય નથી, તેથી તે સિદ્ધિ માટે ભજતો નથી; અપેક્ષારહિત છું, વિષયપ્રકારે ભોક્તા નથી. ભક્તિ માટે તો ભજન ન કરું, - તે જ સિદ્ધાન્તસાર છે ! નિરંતર ભક્તિ થતાં ભગવાન્ ભોક્તા થાય ! કોઈ નિર્ધન હોય, ખૂબ ધન તે મેળવે, તે ધન પછી નષ્ટ થઈ જાય, તો તેની ચિંતામાં જ પેલો ડૂબી જાય, કાંઈ ભાન રહે નહિ. આ લોકપ્રસિદ્ધ છે. તેમ, ગોપિકાઓને પહેલાં જીવનધનરૂપ ભગવાન્ મળ્યા ન હતા, પછી મળ્યા, પછી અંતર્ધાન થયા, - ગોપી તેમાં મગ્ન થઈ ગયાં, વિશ્વ વિસરી ગયાં !

વનમાં રાત્રે મેં તમારો ત્યાગ કર્યો, તેવો અપવાદ મનમાં પણ ન દેશો ! ભગવાને તો ભક્તિ માટે ભજન કરવું ન જોઈએ, રાત્રે રક્ષા માટે ભજન કરવું જોઈએ, બંને એક સાથે થાય તેમ, અદ્‌ભુતકર્મા કૃષ્ણે અદ્‌ભુત ઉપાય કર્યો ! "मया परोक्षं भजता तिरोहितं ।" "હું પરોક્ષ રહીને તમારું ભજન કરતાં તિરોહિત હતો !" "ગોપીજન ! તમે તો મારા માટે લોક-વેદ-આત્માદિનો પણ ત્યાગ કર્યો છે !" - "एवं मदर्थोज्झितलोकवेदस्वानां ।" વિધિ વગરનો વૃથા-ત્યાગ તો અનિષ્ટ કરાવે. મોક્ષ માટે કોઈ ત્યાગ કરે તો પ્રભુને તેમાં ભાર શો ? ત્રણનો ત્યાગ કઠિન - (૧) લોકત્યાગ, (૨) વૈદિક-આર્યમાર્ગનો ત્યાગ, (૩) પતિ-પુત્રાદિનો ત્યાગ. ભગવાન્ મળે ત્યારે કદાચ ત્યાગ થાય, પણ મળ્યા વિના, ભગવાન્ મેળવવાની કામના-માત્રથી ત્યાગ કર્યો ! આવો ત્યાગ કરનાર સાથે તો ભગવાનને પણ લીલા કરવાની ઈચ્છા થાય છે. "यदा पुमांस्त्यक्तसमस्तकर्मा निवेदितात्मा विचिकिर्षितो मे ।"- ભગવાન્ કહે છે. પૂર્ણકામ પ્રભુને પણ કામના થાય છે, - આવા જીવને કૃતાર્થ કરવાની ! "सर्वधर्मान् परित्यज्य ।"- સર્વધર્મ છોડીને શરણે જનારને કૃષ્ણ કૃતાર્થ કરે જ છે ને ! પ્રભુનો અનન્ય બને, તેને માટે તો પ્રભુ પણ અનન્ય બને ! પ્રભુ માટે સર્વપરિત્યાગ કરનારનો પરિત્યાગ પ્રભુ ક્યારેય ન જ કરે, તેને માટે પોતે સર્વત્યાગ કરે, સર્વથા રક્ષા કરે જ ! ચિત્તવૃત્તિ પોતાનામાં રાખે, તે પણ એક ફલ છે. હું તો આપનો આનંદ માણતો હતો, આપે દીઠો નહિ ! મને અકૃતજ્ઞ ગણીને અસૂયા ન કરશો ! હું તો પ્રિય છું ને ! આપ પ્રિયા છો ! પ્રીતિમાં કૃતજ્ઞતા વગેરે ન હોય. મારે માટે ત્યાગ કર્યો, તે માટે હું આપનો ઋણી છું !" ભક્તિ-પ્રીતિ-માર્ગનો વિરોધ પણ ભગવાને દૂર કર્યો. પ્રિયજનને દુ:ખી જોવા તે પ્રેમવિરોધી છે. ભગવાન્ પાસેથી ફલ મેળવવા ઈચ્છે, તેને તો ભજનાનુસાર ફલ

પ્રભુ દઈ દે, પોતે દૂર રહે, છૂટે. "ये यथा मां..."- સ્પષ્ટ છે ને ! તે તો પ્રવાહધર્મરૂપ છે. અહીં, તો શ્રીગોપીજને દાસ્ય કર્યું છે. તે તો ભક્તધર્મ છે, પ્રભુમાં તે ન સંભવે ! ક્યારેક અનુકરણ ભલે હોય ! ચક્રવર્તી ક્યારેક દયાથી, દાસને દર્દ થતાં, તેની અંગસેવા કરે તો, રાજા દાસ તો ન બને; તેમ પ્રભુ પણ ક્યારેક રસપરવશતામાં- "चांपत चरण मोहनलाल"- બને ખરા ! પણ સ્વામી તો તે જ રહે છે ! તેમાં દાસધર્મનો બદલો કે અનુરૂપ ભજનનો સંભવ શો છે ? આમાં બદલાની આશાએ દોષ ન દેવાય, બદલો શક્ય જ નથી. ભગવાન્ તો રસાત્મક હોવાથી, સંયોગ-વિયોગરૂપ છે. સંયોગ પછી વિયોગ દઈને ભક્તોને રસપૂર્ણ કરે છે, ભક્તમનમાં દોષભાવ થતાં, વચનથી સમાધાન કરે છે. અગ્રિમ રસવિરોધ દૂર કરે છે, તેમાં દોષદર્શન પ્રીતિમાર્ગવિરોધી નથી. ભક્તોના પ્રેમરૂપ ઉપકારનો બદલો વાળવાની પોતાની અશક્તિનો એકરાર સર્વસમર્થ પ્રભુએ કરી દીધો,—

શુદ્ધ - સેવક - ભાવે સેવા કરનારના ઋણમાંથી ભગવાન્ ક્યારેય છૂટી શકતા નથી ! :

न पारयेऽहं निरवद्यसंयुजां स्वसाधुकृत्यं विबुधायुषापि वः ।
या माभजन् दुर्जरगेहशृङ्खलाः संवृश्च्य तद् वः प्रतियातु साधुना ॥ (२२)

"નિર્દોષ ભજનથી મારી સાથે સંબંધ કરનાર (તાદાત્મ્ય સાધનાર) તમારા ઉપકારનો બદલો હું બ્રહ્માના આયુષ્યથી પણ વાળી શકવા સમર્થ નથી ! ઘરની દુર્જર બેડીઓ તોડીને તમે મારું ભજન કર્યું છે. તમારા આ સત્કાર્યનો બદલો તમારા સંતોષથી જ થાવ !" "ભજન અને બદલો બે જુદાં છે ! આપનું ભજન નિષ્કપટ છે; અમારું તો સકપટ છે ! જલના એકાદ ઘૂંટની સમાનતા મૃગજલના સાગરથી પણ સંભવે ક્યાંથી ? સત્યભજન તો જીવધર્મ છે. બ્રહ્મ માટે તો તે અશક્ય છે ! ઘરની અહંતા-મમતારૂપ આસક્તિની બેડી ક્યારેય ન તૂટે, ન છૂટે, ન શિથિલ બને, તેને તમે તોડી ! મારું ભજન કર્યું ! સ્વજન થયાં ! સર્વસ્વનું મને સમર્પણ કરી દીધું ! સામાન્ય બેડી તો તૂટે, આસક્તિની બેડી ન તૂટે. અલૌકિક આપે કર્યું ! સત્પુરુષો સત્કર્મ કરીને સ્વયં સંતુષ્ટ થાય છે, પ્રત્યુપકારની કોઈ અપેક્ષા રાખતા નથી ! આમ આપ પોતે સંતુષ્ટ હો તો ભજો, નહિ તો સુખ થાય તેમ કરો ! અશક્ય તો કોઈ કરી શકે નહિ !" ભગવાન્ જો દાસ્ય કરી શકે તો, નિરંતર દાસ્ય કરવા છતાં પોતાને માટે સર્વત્યાગ કરનાર દાસને બદલો ન દઈ શકે, આથી તો વધારે, દાસની સ્તુતિ સ્વામી કઈ કરે !! ગોપીજનને તો દાસ્ય વિના અન્ય કોઈ અપેક્ષા જ નથી. શ્રીગોપીજન જેવું ભજન તો ભગવાન્ ન કરી શકે; જીવની તો વાત જ શી ? ભગવાનમાં તેમને તો સહજ સ્નેહ જ છે, તેથી પ્રભુના સુખમાં પોતાને ઉપયોગી સમજીને, તેમાંનાં બધા પ્રતિબંધો ટાળીને, પોતાનું જ સ્વ-સમર્પણ-નિવેદન પ્રભુને કરી દીધું છે !

લૌકિક કે અલૌકિકમાં, સ્વાર્થ માટે અન્યનો ત્યાગ સૌ કરે, પણ સ્વત્યાગ કોણ કરે ? ! ગોપીજનને તો પોતાનાં દેહાદિમાં પણ, તે પોતાનાં છે, - તેવો ભાવ નથી ! દેહાદિને પણ પ્રભુના સુખમાં ઉપયોગી સમજીને, પ્રભુનાં જ સમજીને, સાચવે છે. તેમને તો આત્મા પણ પ્રભુ માટે પ્રિય છે; પણ આત્મા પ્રભુ નહિ ! ખંડિતા વગેરેમાં પણ, પોતે જે સુખનું સંપાદન પ્રભુ માટે કરી શકે

છે, તેનો અંગીકાર પ્રભુ નથી કરતા, તેથી જ માન કે દુઃખ થાય છે. પોતાને પ્રભુ સુખ દે, - તેવો તો અભિલાષ નથી ! પ્રભુ સુખી થાય, - તે જ તેમનું સુખ છે ! આ ભગવત્સુખનો પ્રત્યુપકાર કોનાથી સંભવે !! આ સેવા સાધન-સંપાદન પણ પ્રત્યુપકારરૂપ ન થાય, તેમને તો ભાવ જ સાધનરૂપ છે. તે તો નિત્ય, સદા એકરૂપ છે ભાવબલે તો ભગવાન્ વશ થાય ! - **"वशे कुर्वन्ति मां भक्त्या ।"** આમાં ભગવાનને શું કરવાનું ? ! ભક્તો તો સાયુજ્ય પણ ઈચ્છતા નથી, સદા ઈચ્છાનુસાર ભગવદનુભવ તે માણે છે, તેવાઓની અનિચ્છા છતાં ભક્તિથી સૂક્ષ્મગતિ મળે છે. કપિલજીએ આ કહેલું છે. અહીં તો, રસરીતિ છે, તેથી ઈચ્છા-વિરુદ્ધ ગતિ ક્યારે પણ ન સંભવે ! રસ જ તેવો છે ને ! પેલો તો ધર્મ માર્ગ છે. અન્યમાર્ગથી રસાત્મક ભક્તિમાર્ગની અધિકતા શું કહી શકાય ?! આગીઆ અને સૂર્યની સરખામણી શી ?! તેથી તો સર્વસમર્થ ભગવાન્ પણ અસમર્થ થઈ ગયા !!! **"न पारयेऽहं"**- કહી દીધું. જો કે ભગવદ્દત્ત-ભાવથી દુર્જર-ગેહશૃંખલા તૂટે, પણ તેવો ભાવ ભગવાને અન્યને નથી દીધો, માત્ર શ્રીગોપીજનને દીધો છે ! આ ઉત્તમતા છે. જેમ ભગવાન્ પોતે પોતાના સામર્થ્યની પાર ન પહોંચે, પાર તો છે જ નહિ, તેથી; તેમ આ ભગવદ્રૂપ,- રસને અનુકૂલ ભક્તોને અન્ય શું દઈ શકવાનું સામર્થ્ય હોય ?! કર્મ, જ્ઞાન અને સાધનભક્તિ તો ભગવાને જીવના કલ્યાણ માટે કરી છે. આ ફલરૂપ ભક્તિમાર્ગ તો પોતાને માટે પ્રકટ કર્યો છે ! નહિ તો રસાત્મક આનંદનો અનુભવ ન થાય ને ! **"तस्मादेकाकी न रमते ।"**- શ્રુતિ છે. તેમાં ભાવપ્રદાન પણ સ્વાર્થ માટે છે, ઉપકાર કે પ્રત્યુપકારરૂપ નથી ! જેમ **"विस्मापनं स्वस्य च सौभगर्द्धेः"**- સ્વરૂપ પોતાને પણ આશ્ચર્યપ્રદ છે, તેમ આ રસસ્વરૂપ પણ વિસ્મયપ્રદ છે બદલો તેમાં શક્ય શો હોઈ શકે ?! કઠિનતમ સકામ તપઃ કરનારને પણ નિઃસંકોચ- પણે, "માગું તે આપું !" - કહેનારા સર્વસમર્થ પ્રભુ, આજે નિર્દોષ, નિરપેક્ષ, સ્નેહપૂર્ણ ભક્તો પાસે, સંકોચપૂર્ણ બનીને નતમસ્તક થયા ! આ છે,- પુષ્ટિપુરુષોત્તમ ! પોતાનાં પ્રિયજનને અનન્તવર્ષો સુધીમાં પણ, બદલો દેવાનું વિચારી શકતા પણ નથી !!!

લંકાવિજય કરી શ્રીરામચન્દ્રજી અવધપુરમાં પધાર્યા. સૌ સુભટોનો સત્કાર થઈ ચૂક્યો હતો. સન્નિષ્ઠ-સેવક હનુમાનને સન્માન શું દેવું ?! સીતાજીએ મોતીમાલા દીધી. અનન્ય રામભક્તને તે મોતીમાં રામ ન દેખાયા, નકામાં લાગ્યાં,- મોંઘાં મોતી ! તોડીને ફેંકી દીધાં ! વક્ષઃસ્થલમાં શ્રીરામસીતાનાં દર્શને સૌ વિસ્મય પામ્યા. શ્રીરઘુનન્દને પણ પ્રત્યુપકારની અશક્તિ બતાવી ! **"एकैकस्योपकारार्थं प्राणान् दास्यामि ते सखे ।---शेषार्थे ऋणिनो वयम् ॥"**- "મિત્ર ! એક-એક ઉપકારના બદલામાં પ્રાણ દઉં ! પણ અનેક તારા ઉપકારો ! એક જ મારો પ્રાણ !" મર્યાદાપુરુષોત્તમ છે ને ! સેવકના ઉપકારનો બદલો પ્રાણથી પણ દઈ શકાય ! મર્યાદાની છાયા આવી ગઈ, છતાં ઋણી રહેવાય !- તે અંદરની પુષ્ટિ પ્રકટ થઈ ! અહીં તો, પુષ્ટિ-પુરુષોત્તમ છે ! ભક્તને અનંત-આયુષ્ય સુધી બદલો દે, છતાં પાર ન આવે, તેવો અપાર એક ઉપકાર, - સ્વપ્રિયનો સ્વીકારી લીધો ! તો સર્વસેવાનો બદલો શો દે ?! સ્વામી સદા સેવકના ઋણી બની ગયા !!

અધ્યાય : ૩૩

રસ-સરિતાઓ અને રસ-સાગરનું પરસ્પર સર્વસ્વ-સમર્પણ ! : ગોપી-ગોવિન્દ-વિહાર ! :

શ્રીગોપીજને ભગવાનની સુમધુર વાણી સાંભળી. સાનુકૂલ સન્નિધિ મળી. સંતાપ શમ્યો. આનંદમય અંગોના અનુભવે અતિતીવ્ર વિરહદુઃખ પણ સ્વપ્ન શું લાગ્યું ! વિરહ બે પ્રકારનો, - (૧) ભગવદ્રૂપ - રસરૂપ છે; તેની નિવૃત્તિ નથી. (૨) અજ્ઞાનજન્ય - જેમાં પોતાને પ્રભુસંબંધ નથી, પ્રભુ છોડીને ગયા તેમ લાગે, અંદર પણ પ્રભુ સ્ફુરે નહિ, લીલા સ્ફુરે નહિ, કૃતઘ્નબુદ્ધિને લીધે પ્રકટેલા પ્રભુમાં પણ સંપૂર્ણ સુખાનુભવ ન થાય ! આ વિરહ ભગવદ્‌વચનથી દૂર થાય છે ! શ્રીગોપીજનને બંને વિરહ છે ! સ્વરૂપાત્મકવિરહ તો પ્રભુ પ્રકટ થતાં તિરોહિત થયો. બીજો, વાક્યોથી શાંત થયો. બીજો વિરહ વાસ્તવ નથી; તેથી "भवतीनां वियोगो मे...।"- ભગવાન્ "ભ્રમરગીત"ના જ્ઞાનસંદેશમાં કહે છે. ભગવાન્ ગોવિન્દે મહારાસલીલાનો આરંભ કર્યો. પ્રેમમય પૂર્ણાનન્દ પ્રભુની પ્રસન્નતા જાણે મૂર્તિમંત પ્રત્યક્ષ પ્રકટ થઈ ! પ્રીતિ આનંદધર્મ છે ને ! પ્રીતિ ત્યાં પ્રસન્નતા ! પ્રભુ પ્રિયજનને તેનું પ્રદાન કરે છે. અનાયાસે હર્ષપૂર્વક થતી નિર્દોષ ચેષ્ટાઓ છે. ક્રિયાથી કામશાસ્ત્ર જાણે કૃતાર્થ થઈ ગયું ! છતાં તેમાં કાંઈ ક્લેશ કે કલંકરૂપ નથી. સામાન્ય લોકો સમજે, છતાં તેનો સુખાનુભવ તો પરમૈશ્વર્યયુક્ત ઈન્દ્રને પણ સુદુર્લભ છે ! લૌકિક ચન્દ્રપ્રકાશમાં લૌકિક-લીલા છે ! "एवं शशाङ्कांशु...।"- માં "કાવ્યકથા" - પદે અતિદેશથી કહી છે. વાણીમાં વ્યક્ત ન થાય તે લીલા ! - વિહારમાં વિભુએ સ્વાનંદ માટે અભિવ્યક્ત કરી. સર્વોપકારક છે,- આની કથા પણ ! - લૌકિક- કામકથા તો કામ વધારે, કલુષિત બનાવે; ભગવાન્ અને ભગવદીય ગુરુ-ગોપી-જનની વિહારલીલા તો વિકાર સઘળા શમાવે, નિર્દોષ બનાવે, ભક્તિ વધારે. ! "विक्रीडितं...।"- માં શ્રીશુકે ફલાદેશ કર્યો છે.

વિરક્ત, ભક્ત કે અનુરક્ત (વિષયી) સૌ શ્રદ્ધાથી યથાર્થ સાંભળે, પરમપુરુષાર્થ લાભે સૌ કૃતાર્થ થાય, સામાન્ય સ્ત્રી-પુરુષના દોષ-વ્યવહાર જેવી લૌકિક-કુદૃષ્ટિ આમાં થાય તો, શ્રીશુકે રાજાની આવી શંકાનું સમાધાન પણ કર્યું છે, સિદ્ધાન્ત કહ્યો છે. સર્વથા-પ્રપન્ન; મધુરભાવપૂર્ણ ભક્તોને જોઈને પ્રસન્ન પ્રભુએ અદેય સ્વરૂપાનન્દનું પ્રદાન કર્યું છે ! આ ભગવાન્ રસસાગરરૂપ છે, આ ભક્તો રસસરિતારૂપ છે. આ તેમની રાસલીલા રસસાગર અને સરિતાનો સુભગ સંગમ છે ! ક્ષણિક નથી, સદાનો છે, પરસ્પરનું સર્વસ્વ-સમર્પણ છે, આત્મનિવેદન છે ! સરિતા અને સાગર લાગે છે જુદા, પણ વસ્તુતઃ સાગર જ સરિતારૂપ બને છે ને ! ઉષ્ણકાલમાં સાગરનાં જલ શોષાય, મેઘ રૂપે યથાસમયે વરસે, પર્વતપ્રદેશમાં ઝરણાં બનીને ભેગાં મળે, સરિતા રૂપે સરે, સમાગમ સાગરનો સાધવા સમુત્સુકતાથી સર્વત્યાગપૂર્વક, સર્વોપકાર કરતાં, કોઈનાય માર્ગદર્શન વિના પણ, સ્વાભાવિક રીતે, સાગરમાં જ સમાય ને ! રસસાગર શા કૃષ્ણ, એકાકી શું કરે ? ! શ્રુતિ, - "स वै नै रेमे, तस्मादेकाकी न रमते, स द्वितीयमैच्छत् स हैतावानास, यथा स्त्रीपुमांसौ संपरिष्वक्तौ, स इममेवात्मानं द्वेधापातयतत्तः पतिश्च पत्नी चाभवतां...।"- "ભગવાનને સાચે જ એકલા ન ગમ્યું (ન રમ્યા), તેથી એકાકી ગમતું નથી., (રમતા નથી), તેમણે અન્યની ઈચ્છા કરી. તે જ આટલા રૂપવાળા થયા, જેમ આશ્લિષ્ટ સ્ત્રીપુરુષ હોય તેમ ! તેમણે આ આત્મા (સ્વરૂપને) જ બે પ્રકારે પ્રકટ કર્યો, પતિ અને પત્ની રૂપ થયા !" "त्वं स्त्री त्वं पुमानसि त्वं कुमार उत वा कुमारी ।" - શ્રુતિ છે - સ્ત્રી-પુરુષ, કુમાર-કુમારી

રૂપે કૃષ્ણ જ વિરાજે છે. રાધા-કૃષ્ણ, ગોપી-ગોવિન્દ, જુદાં નથી; એક જ સ્વરૂપ છે ! - ''रसो वै सः''- ગોવિન્દ-રસસાગર ! તેમની રસાત્મક લીલાવિહારની ઈચ્છાથી, તેમાંથી જ જુદાં પ્રકટેલાં, જુદાં લાગવા છતાં તદ્રસ-સ્વરૂપ, પ્રભુને પ્રાપ્ત કરવા - રસાનુભવ માટે - સમુત્સુકતાથી સર્વત્યાગ કરીને, સર્વોપકારક પ્રેમરૂપ ભગવન્માર્ગ પ્રકટ કરતાં, કોઈનાય માર્ગદર્શન વિના, સ્વાભાવિકતાથી, રાસમાં રસસમાગમ સાધતાં રસસરિતા-ગોપી ! ''गौरं तेजो विना यस्तु श्यामं तेजः समर्चयेत् । जपेद्वा ध्यायते वापि स भवेत्पातकी शिवे ॥''- ગૌરતેજઃ વિના શ્યામતેજઃનું અર્ચન, જપ, ધ્યાન કરે તો પાતક લાગે ! ગૌર-ગોપી; શ્યામ-ગોવિન્દ ! ''भावो यावदहं योषित्पुमान् षण्ढस्तनोर्भ्रमात् । तावत्तु गोपीभावस्य कथमभ्युदयो भवेत् ॥''- "શરીરના ભ્રમથી જ્યાં સુધી "હું સ્ત્રી-પુરુષ કે નપુંસક છું," - તેવું ભાન જાય નહિ; ત્યાં સુધી ગોપીભાવનાનો ઉદય થાય નહિ !" કેવલ રસાત્મક પ્રેમભાવ છે, આ તો !

બ્રહ્મના સદંશરૂપ જડ દેહને, અવિદ્યાસંબંધે ભ્રમથી પોતા-રૂપ માનીને, વ્યર્થ ભોગવિકલ થતાં બ્રહ્મના ચિદંશરૂપ, જીવ-સામાન્યની આ કથામાત્ર નથી. તેવાં સ્ત્રીપુરુષની કથા તો શ્રીમદ્ ભાગવતમાં ન હોય. આવા જીવની રસાત્મક ભગવત્પ્રાપ્તિની પણ માત્ર આ કથા નથી; પણ રસાત્મક ભગવાનની, રસાત્મક ભક્તો સાથેની, રસાત્મક લીલા છે, તેથી રાસલીલા છે ! રસસંબંધી રાસ છે ને ! અહીં તો, બધું રસાત્મક છે. મર્યાદામાં પણ મઝાની કથા છે. હનુમાનજી તો શિવાવતાર છે, સમર્થ વિદ્વાન્ રૂપે પણ છે. સંસારીઓ તો તેમને પણ સામાન્ય વાનર ગણે ! શ્રીરામે રાજસભામાં પવનપુત્રની પાવનપ્રતિભાનાં દર્શન દેવા વિચાર્યું, પૂછ્યું, - ''कस्त्वम्''- "કોણ તમે ?" સામાન્ય પ્રશ્ન લાગે, પણ વિચક્ષણે વિચાર્યુ, - સામાન્ય આ પ્રશ્ન ન હોય, રાજસભા તો ચતુરનો ચોતરો ! વિલક્ષણ ઉત્તર તરત આપ્યો, - ''देहबुद्धया तु दासोऽहं जीवबुद्धया त्वदंशकः । वस्तुतस्तु त्वमेवाहिमिति मे निश्चिता मतिः ॥''- દેહદષ્ટિએ દાસ, જીવબુદ્ધિએ અંશ, પણ વાસ્તવમાં તો, આપ પોતે !- આ મારી નિશ્ચિત સમજ છે." અહીં રસમાં પુષ્ટિ છે. તેમાં બધું રસાત્મક જ હોય ને ! મોક્ષશાસ્ત્રમાં કામશાસ્ત્રનો દષ્ટાંત રૂપે ઉપયોગ પણ દેખાય છે. ''यथा प्रियया भार्यया संपरिष्वक्तः.....।''- શ્રુતિ છે. રાસ તો મોક્ષથી પણ પર, પ્રકટ પરમાનન્દાનુભવની લીલા છે. તેમાં તો કામદષ્ટાંત પણ નથી, પણ શૃંગારરસાનુભૂતિ છે !

કામ અને રસમાં અનેક વિલક્ષણતાઓ છે :

કામ	રસ
૧ આધિભૌતિક - દેવતારૂપ છે (ક્રિયાશક્તિ રૂપે)	૧ સ્વનામ-પ્રસિદ્ધ, શાસ્ત્રસિદ્ધ છે.
,, આધ્યાત્મિક - પ્રાણિહૃદયસ્થ. સર્વપ્રાણિ-સુલભ છે.	,, સુજ્ઞગમ્ય છે.
,, આધિદૈવિક ભગવદ્રૂપ છે.	,, ઈન્દ્રાદિને દુર્લભ-ભગવદ્રૂપ છે.
૨ ધર્મવિરુદ્ધ રૂપે - શત્રુ, નરકદ્વાર રૂપ છે.	૨ સ્વતંત્ર તેના ધર્મો છે, ધર્મશસ્ત્રથી પર છે.
,, ધર્મસંગત રૂપે - પ્રજાતંતુરક્ષક, વાસુદેવાંશ છે.	,, શ્રુતિસંમત છે.
૩ શોકપ્રદ છે.	૩ આનંદપ્રદ છે.
૪ અમુક સ્થિતિમાં આદરણીય છે.	૪ સર્વદા આદરણીય છે.
૫ સર્વત્ર સુલભ છે.	૫ કૃપૈકલભ્ય છે.
૬ લૌકિક છે.	૬ અલૌકિક છે.

કામ	રસ
૭. સૃષ્ટિસ્થ છે.	૭ લીલાસ્થ છે.
૮ વિષયોભોગ રૂપ છે.	૮ ભગવદનુભૂતિરૂપ છે.
૯ નિયતેન્દ્રિય-ભોગ્ય છે.	૯ સર્વેન્દ્રિય - ભોગ્ય છે.
૧૦ વિધિનિષેધયુક્ત છે.	૧૦ વિધિનિષેધથી પર છે.
૧૧ વિષયવાસના વધારે છે, વિવિધ વિકાર	૧૧ વિષયવાસનાના ત્યાગ પછી મળે છે.
,, વધારે છે.	,, સર્વવિકાર શમાવે છે,- નિર્વિકાર બનાવે છે.
૧૨ નિંદ્ય છે.	૧૨ સ્તુત્ય છે.
૧૩ જ્ઞાન-વિજ્ઞાન-નાશક છે.	૧૩ જ્ઞાન-વિજ્ઞાનથી પર છે.
૧૪ પાપરૂપ છે.	૧૪ પાપ-પુણ્યથી પર છે.
૧૫ હીન બનાવે છે.	૧૫ હીનતા દૂર કરી દે છે.
૧૬ ક્ષીણ કરે છે.	૧૬ પુષ્ટ કરે છે.
૧૭ ભ્રષ્ટ કરે છે.	૧૭ પાવન કરે છે.
૧૮ ક્રોધાદિ-દોષજનક છે.	૧૮ નિર્દોષ કરે છે.
૧૯ મનમાં સંગથી ઉત્પન્ન થાય છે.	૧૯ હૃદયમાં પણ કૃપાથી પ્રકટે છે.
૨૦ ભયપ્રદ છે.	૨૦ અભયરૂપ છે.
૨૧ તત્ત્વજ્ઞ જિતેન્દ્રિય બને છે.	૨૧ અજ્ઞ પણ જિતેન્દ્રિય બને છે.
૨૨ સંસારીઓ સેવે છે.	૨૨ સંતો પણ ઈચ્છે છે.
૨૩ ક્રિયા મુખ્ય છે.	૨૩ ભાવ મુખ્ય છે.
૨૪ અસ્થિર છે.	૨૪ સ્થાયિભાવરૂપ છે.
૨૫ બુદ્ધિનાશથી સર્વનાશ કરે છે.	૨૫ સર્વશુદ્ધિથી સર્વ શ્રેયોરૂપ છે.
૨૬ અપવિત્ર છે.	૨૬ પવિત્ર છે.
૨૭ કામશાસ્ત્રીય ક્રિયા છે.	૨૭ તે ક્રિયા છે, છતાં કામ નથી.
૨૮ સૌ ભોગવે છે.	૨૮ કૃષ્ણ જ ભોગવે છે.
૨૯ અધમ સુખ છે.	૨૯ ઉત્કૃષ્ટ સુખ છે.
૩૦ સંયમ જરૂરી છે.	૩૦ સંયમ સિદ્ધિના અંતે મળે છે.
૩૧ દોષરૂપ છે.	૩૧ નિર્દોષ છે.
૩૨ ત્રીજા પુરુષાર્થરૂપ છે.	૩૨ પરમ પુરુષાર્થરૂપ છે.
૩૩ મોક્ષમાં વિઘ્નરૂપ છે.	૩૩ મોક્ષથી પર છે.
૩૪ મનોધર્મ છે.	૩૪ ભગવદ્રૂપ છે.
૩૫ લોકાનુકૂલ છે.	૩૫ લીલાનુકૂલ છે.
૩૬ ભક્તિરોધક છે.	૩૬ પરમભક્તિ ઉદ્બોધક ફલ છે.
૩૭ લૌકિક સાધનસિદ્ધ છે.	૩૭ અલૌકિક સાધનસિદ્ધ છે.

કામ	રસ
૩૮ આવેશ છે.	૩૮ સ્થિર છે.
૩૯ વ્યક્તિનિષ્ઠ સંભવે છે.	૩૯ ભગવન્નિષ્ઠ છે.
૪૦ ભગવદ્‌વિમુખ બનાવે છે.	૪૦ ભગવદ્રૂપ બનાવે છે.
૪૧ ક્લેશ, અરુચિ ઉત્પન્ન કરે છે, વધારે છે.	૪૧ આનંદ, અભિરૂચિ, આપે છે, વધારે છે.
૪૨ અર્થ સાધ્ય છતાં અનર્થ કરે છે.	૪૨ અર્થ સાધ્ય નથી, છતાં કૃતાર્થ કરે છે.
૪૩ માણ્યા-જાણ્યા પછી સર્વત્ર લોલુપતા વધારે છે.	૪૩ માણ્યા-જાણ્યા પછી અન્યત્ર વૈરાગ્ય વધારે છે.
૪૪ વિભાવાદિ વ્યક્ત નથી.	૪૪ વિભાવાદિ વ્યક્ત છે.
૪૫ નિઃસાર સંસારપ્રદ (પુત્રાદિપ્રદ) છે.	૪૫ કૃષ્ણરૂપ સારપ્રદ છે.
૪૬ અનિત્ય છે.	૪૬ નિત્ય છે.
૪૭ નીરસ બનાવે છે.	૪૭ સરસ (રસિક) બનાવે છે.
૪૮ જીવન સર્વસ્વને વ્યર્થ વેડફે છે.	૪૮ જીવન સર્વસ્વને કૃતાર્થ કરે છે.
૪૯ અહિતરૂપ છે.	૪૯ સર્વહિતરૂપ છે.
૫૦ અધઃપતન કરાવે છે.	૫૦ ઊર્ધ્વગમનરૂપ છે.
૫૧ કલંકિત છે.	૫૧ નિષ્કલંક છે.
૫૨ સંગ વધારે છે.	૫૨ નિઃસંગ બનાવે છે.
૫૩ ગુણહારક છે.	૫૩ ગુણપ્રદ છે.
૫૪ અજ્ઞ બનાવે છે.	૫૪ વિજ્ઞ બનાવે છે, મગ્ન બનાવે છે.
૫૫ મલિન છે.	૫૫ નિર્મલ છે.
૫૬ પ્રતિબિંબરૂપ-રસાભાસ-છે.	૫૬ બિંબ છે. મૂલરૂપ છે.
૫૭ કામસમૂહ પણ કામ છે.	૫૭ રસસમૂહ રાસ છે.
૫૮ ભોગ મુખ્ય છે.	૫૮ સંયોગ-વિયોગરૂપ શૃંગાર મુખ્ય છે.
૫૯ લલિતકલાઓને પણ કલંકિત કરે છે.	૫૯ લલિતકલાઓ વિનિયોગથી ફલિત બને છે.
૬૦ સચિંત અને નિષ્ક્રિય, ચલિત અને કાલકલિત „ બનાવે છે.	૬૦ નિશ્ચિતપણે નિશ્ચિન્ત, અચલ અને કાલથી „ પર બનાવે છે.
૬૧ ગૃહસ્થ સિવાય હેય છે.	૬૧ સર્વને માટે ઉપદેય શ્રેયઃ છે.
૬૨ પાતાલથી બ્રહ્મલોક સુધી વ્યાપ્ત છે.	૬૨ કૃષ્ણલીલામાં જ સ્થિત છે.
૬૩ શંકરે બાળ્યો છે.	૬૩ વેણુ રૂપે શંકર તો ઉદ્‌બોધક છે.
૬૪ દ્વારકાલીલામાં પ્રધુમ્ન રૂપે છે.	૬૪ વ્રજલીલામાં કૃષ્ણ અને લીલાપરિકર રૂપ છે.
૬૫ ઈન્દ્રિયગમ્ય છે.	૬૫ કૃપાગમ્ય છે.
૬૬ નિન્ધવ્યસન પ્રેરે છે.	૬૬ કૃષ્ણ-વ્યસનપ્રદ છે.
૬૭ અધ્યાસ વધારે છે.	૬૭ અધ્યાસ છૂટ્યા પછી મળે છે.

કામ	રસ
૬૮ મોહ વધારે છે.	૬૮ પ્રેમ વધારે છે.
૬૯ અન્યાશ્રય કરાવે છે.	૬૯ અનન્યકૃષ્ણાશ્રય કરાવે છે.
૭૦ અંતે રોગાદિ સંભવે છે.	૭૦ અલૌકિક દેહ બનાવે છે.
૭૧ કર્મવૃદ્ધિ કરે છે.	૭૧ કર્મજ્ઞાન ભક્તિથી પર છે.
૭૨ જન્મમરણપ્રદ છે.	૭૨ લીલાપ્રદ છે.
૭૩ પ્રમાદરૂપ છે.	૭૩ પ્રસાદરૂપ છે.
૭૪ તેનાથી પ્રવાહ-મર્યાદા સૃષ્ટિ ચાલે છે.	૭૪ પુષ્ટિસૃષ્ટિ માટે જ છે.
૭૫ સૌ સમજે છે.	૭૫ કૃપાપાત્રો જ સમજે છે.
૭૬ ભગવાનનો સંબંધ સુદુર્લભ છે.	૭૬ ભગવાન્ પણ ભક્તિવશ બને છે.
૭૭ કામપત્ની રતિનામે છે.	૭૭ રતિ દેવાદિવિષયા બને, ત્યારે ભાવ ગણાય, તે સ્થાયી થતાં રસ ગણાય.
૭૮ તૃપ્તિ, વિકાર, અભાવ, શ્રમ, અંતાદિ-સંભવે, આનંદબિંદુના રસાભાસરૂપ છે.	૭૮ આવો સંભવ નથી. પરમાનંદપ્રદ છે.
૭૯ આમાં પ્રાકૃત કાલ-કર્મ-સ્વભાવ છે.	૭૯ આમાં કાલ-કર્મ-સ્વભાવ અપ્રાકૃત છે.
૮૦ તુચ્છ, વિષયાનન્દરૂપ છે.	૮૦ ભગવાનના સ્વરૂપાનન્દ કે ભજનાનન્દરૂપ છે, વિષયાનન્દ અને બ્રહ્માનન્દ પણ તેની તુલનામાં તુચ્છ છે.

નૃત્ય તો રસ છે, પ્રક્રિયા રસ-પ્રાકટ્યમાં હેતુરૂપ છે ! :

આવા સર્વલોક-વિલક્ષણ રસમાં, અજ્ઞાત લૌકિકલોકોને દોષબુદ્ધિ સંભવે પણ ખરી, પણ ઉદાર પ્રભુ તો આવા શંકાશીલોનો પણ ઉદ્ધાર ઈચ્છે છે ! સર્વોદ્ધારક કૃષ્ણ છે ને ! તેથી પરીક્ષિત રાજાને પણ શંકા કરાવી, શ્રીશુક દ્વારા તેનું સમાધાન પણ દીધું, તેથી અલૌકિકબુદ્ધિ બને ! શ્રીશુકે "दुष्यतु दुर्जन"- ન્યાયે, તે રીતે પણ ઉત્તર દીધો છે; નહિ તો "गोपीनां तत्पतीनां..।"- થી સર્વાત્મા રૂપ ભગવાન્ કહ્યા પછી "પરત્વ" કોનું રહે ? - તો પછી, "परदारात्व"- તો ન જ રહે, પછી "तेजीयसां न दोषाय..."- વગેરે કહેવાનું જ ન રહે, "कृत एव बन्धः ।"- તો પછી વસ્તુસ્થિતિ પ્રમાણે કહ્યું છે. રસાત્મક-કામ તો અત્યંત ગૂઢ છે ! વાત્સાયન-કામસૂત્ર તથા ભરત-નાટ્યશાસ્ત્ર વગેરેની પ્રવૃત્તિ, સામાન્યલોકોનાં સુખ કે લોલુપતા પોષવા માટે ન હોઈ શકે. કામશાસ્ત્રજ્ઞ તો જિતેન્દ્રિય બને ! લોકનિરપેક્ષ ઋષિયોનો આશય લૌકિક કેમ હોય ? ! તે તો ભગવદ્રસનો નિર્દેશ કરીને, સૌને કૃતાર્થ કરવા ઈચ્છે છે ! શ્રુતિ જેમ બ્રહ્મપરક છે, તેમ કામશાસ્ત્ર પણ ભગવદ્‌રસપરક છે, જીવપરક નથી ! નટ-નટી તો તેમાં ઉપચાર માત્ર છે. ભગવાને તે શાસ્ત્રોને રસલીલાથી સનાથ કરવા માટે રાસમાં નૃત્ય કર્યું, ગોપીજન પાસે કરાવ્યું ! સર્વાંગગૂઢ રહેલો રસાત્મક આનંદ ત્યારે પ્રકટ થાય ને ! "नृत्य शब्दो रसे मुख्यो रसाभिव्यक्ति-कारणम् ।"- નૃત્ય જો કે છે, - ગાત્રવિક્ષેપરૂપ ! - નૃત્ય પ્રક્રિયારૂપ ! છતાં તેનો મુખ્ય-અર્થ રસ છે !

રસપ્રાકટ્યમાં તે હેતુરૂપ છે. સર્વાંગમાં લીન રસ, તેથી પ્રકટ થાય ને !

રાસવિહાર જલ-સ્થલ-ભેદે દ્વિવિધ છે. જલ અને વાયુ તેમાં સામગ્રીરૂપ છે, શીતલતાથી તે સુખપ્રદ છે. ભગવલ્લીલા માટે જ અપૂર્વ રૂપે તે સમયે બને છે. રસાત્મક ભગવત્સ્વરૂપ ઉદ્‌બુદ્ધ થતાં રસાનુભવ થાય. આ ઉત્તમ આધિદૈવિક-કામરૂપ, રસાત્મક-સુખ તો કેવલ કૃષ્ણ જ જાણે છે, - માણે છે; કૃષ્ણકૃપાપાત્રો જ જાણી - માણી શકે, અન્ય કોઈ નહિ ! દેવો પણ કામથી રસબિંદુ અનુભવે છે, રસાત્મક-કામ નહિ, આનંદમાત્રા માત્ર પર સૌ જીવે છે. ભગવદનુભૂત રસ તો સ્વરૂપાત્મક છે, અત્યન્ત ગૂઢ છે. ક્ષર અને અક્ષરથી પર પુરુષોત્તમ છે. તે જ આ ઉત્તમસુખને ભૂતલ પર પ્રકટ કરે છે. આધિદૈવિકતાથી જ પુરુષોત્તમ ભજન સાક્ષાત્ સંભવે ! વૈકુણ્ઠમાં તો તે હોય, પણ જીવોની કૃતાર્થતા માટે ભગવાન્ કરુણાકેતન કૃષ્ણે, જીવનું કામરહિત - લૌકિકવાસનાત્મક-લિંગરહિત - આધિદૈવિક રૂપ પ્રકટ થાય તેમ, વ્રજમાં લીલા કરી ! આ લીલાના શ્રવણથી પણ આ કૃતાર્થતા મળે ! મોક્ષસુખથી પણ તે ઉત્તમ છે ! વચનથી ભગવાને અજ્ઞાનરૂપ દુઃખ દૂર કરીને, સ્વરૂપથી સુખ શ્રીગોપીજનને દીધું.

રાસોત્સવ મંડલમાં બે-બે ગોપીજન વચ્ચે એક-એક કૃષ્ણ છે ! : આઠ કૃષ્ણ-સોળ ગોપી, - એક રાસમંડલમાં છે ! : દેવોને તો એક કૃષ્ણ, અનેક ગોપી દેખાય છે ! :

"**तत्रारभत गोविन्दो रासक्रीडामनुव्रतैः ।**"- ગાયોના ઈન્દ્ર ભગવાન્ ગોવિન્દ, ગોકુલેન્દ્ર પણ છે. તે સર્વ-ઈન્દ્રિયને પરમાનંદ દાન દે ને ! પરમૈશ્વર્ય દેતાં રાસ-ક્રીડા આરંભે છે. - "**बहुनर्तकीयुक्तो नृत्यविशेषो रासः ।**"- બહુનર્તકીયુક્ત નૃત્યવિશેષ રાસ છે ! આ રૂઢલક્ષણ છે. રસપ્રાકટ્ય માટે નૃત્ય છે. રાસમાં લીલા પ્રભુની છે. ક્રીડારૂપ લીલામાં માનસિક-આનંદ છે. નૃત્યમાં દૈહિક-આનંદ છે. રાસ નૃત્યરૂપ છે. રાસ અને ક્રીડા આમ જુદાં છે ! રસરૂપ આનંદ સામાન્ય રીતે મનમાં પ્રકટે, પણ પ્રભુ અને તેમનો પરિકર પણ અલૌકિક છે, સચ્ચિદાનન્દરૂપ છે. આનંદ તેમાં બધે હોવાથી, દેહમાં પણ આનંદ પ્રકટે છે ! કામ ભોક્તામાં છે, ભગવાન્ તેમાં મુખ્ય છે, ત્યારે અનેક શેરડીના (સાંઠાના) એકરસ કે સર્વભક્તોના ભક્તિરસની જેમ કામરસ પણ ઉત્પન્ન થાય છે ! ગોપીજન તો "અનુવ્રત" છે ! પ્રભુ પ્રસન્ન થાય તેમ અનુકૂલ થવું, તે તેમનું તો સહજવ્રત છે ! "**स्त्रीरत्न**" છે, - વ્રજભક્તો તો ! - "**स्त्रीरत्नैः ।**"- ગુણભેદે - સાત્ત્વિક, રાજસ, તામસ; સ્ત્રીલક્ષણભેદે - પદ્મિની વગેરે રૂપ સ્ત્રી; કે વાસનાભેદે - અશ્વપ્રકૃતિ વગેરે ૧૪ ભેદવાળાં, સૌ સ્ત્રીઓમાં આ રત્નભૂત-શ્રેષ્ઠ-છે ! પોતાના અસાધારણ-ધર્મોથી તે તે ધર્મ પ્રકટ કરે છે. લોકમાં જે "પદ્મિની" વગેરે તરીકે ઓળખાય છે, તે તો આ લીલાસ્થ ભક્તોના સ્વલ્પાંશના સ્થાપન-માત્રથી ગણાય છે ! જે લોકો પાસે બીજાથી વધુ પૈસા હોય, તે શ્રીમન્ત કહેવાય છે ને ! પણ ભગવાનનાં શ્રીરૂપા - શક્તિનો તો તે પૈસા અત્યંત અલ્પાંશ જ છે. વાસ્તવમાં, "શ્રીમાન્" તો ભગવાન્ જ છે, તેમ ! રત્ન જેમ સ્વાધારરૂપ અલંકારને અધિક શોભાવે, તેમ ભગવાનને પણ આ ગોપીજન અધિક સુશોભિત કરે છે ! આ ભક્તો માત્ર સામાન્ય-જીવ નથી, આનંદમય ભગવાનની પ્રસન્નતાથી તે પણ ભગવત્સદેશ આનંદરૂપા છે, સર્વતઃ પ્રસન્ન છે !

શ્રીગોપીજને પરસ્પર હાથ બાંધ્યા છે. સૌની રસમુખ્યતાથી રાસોત્સવ શરૂ થયો. "**रासोत्सवः**

सम्प्रवृत्तः....।" "उत्सवो नाम मनसः सर्वविस्मारक आह्लादः ।"- મનનું સર્વ કાંઈ ભુલાવી દેતો (વિસ્મારક) આહ્લાદ ઉત્સવ છે. લૌકિક સર્વ વિશેષ રીતે ભુલાવે, પ્રભુસંબંધી સર્વનું વિશેષરીતે સ્મરણ કરાવે, - તે વિસ્મારક ! મધુરભાવાપન્ન અધિકારી-માત્રનો આમાં પ્રવેશ છે, તેથી ઉત્સવ છે; નન્દજીના જેવો સર્વલાભપ્રદ મહોત્સવ નથી ! રાસજન્ય આહ્લાદ રાસોત્સવ છે. સજાતીયરસ ઉત્પન્ન કરતાં અનેક ગોપીજનમંડલ છે, તેમાં મંડનરૂપ પ્રભુ પધાર્યા ! આ રસ અન્યત્ર છે જ નહિ ! પ્રાકૃતકાલ-કર્મ-સ્વભાવ અહીં નથી, અહીં તો, સર્વ ભગવદ્રૂપ છે. લીલા માટે જ લૌકિક જેવી વિવિધતા છે. સર્વત્ર રહેલો રસ પ્રકટ કરવાનું ભગવત્સામર્થ્ય, - યોગ ! તેના સ્વામી છે, - કૃષ્ણ-યોગેશ્વર !સર્વ ઉપાય તે જાણે છે. કૃષ્ણ તો સદાનન્દ. જેમ એક સ્થળે અગ્નિ પ્રકટે, તો તેના સંપર્કમાં આવતાં સૌમાંનો ગુપ્ત રહેલો અગ્નિ પણ તે પ્રકટ કરી દે. તેમ સદાનંદના સંપર્કમાત્રથી સૌમાંનો આનંદ પ્રકટ થઈ જાય છે. "तासां मध्ये द्वयोर्द्वयोः ।"- રાસમંડલમાં બે-બે ગોપીજનની વચમાં કૃષ્ણ પધાર્યા ! આસપાસનાં બંને ગોપીજનના કંઠમાં કર પધરાવ્યો. નિકટ આણ્યાં. સોળ ગોપીજન અને આઠ કૃષ્ણનું એક રાસમંડળ, એવાં અનંત-મંડલ રચાયાં ! ગોપીને પોતાની એક તરફ કૃષ્ણ અને બીજી તરફ ગોપી જ છે. ગોપી-કૃષ્ણ-ગોપી; ગોપી-કૃષ્ણ-ગોપી; ગોપી-કૃષ્ણ-ગોપી; આવા ક્રમે મંડલ છે. આમ ન હોય તો, એક એક ગોપી સાથે કૃષ્ણ હોય તો, બંને બાજુ કૃષ્ણ જોતાં ગોપીને રસાભાસ થાય ! ષોડશકલાપૂર્ણ વૃન્દાવનચન્દ્ર કૃષ્ણ છે ને ! "स्वनिकटं स्त्रियः यं मन्येरन् ।"- સૌ ગોપીને કૃષ્ણ પોતાની પાસે જ લાગ્યા છે ! તે જ રાસમંડલમાં ! બીજાં ગોપી સાથે સામે પણ ઊભેલાં, બીજા કૃષ્ણરૂપનાં દર્શન પણ, ભગવદિચ્છાથી બીજાં ગોપીને થતાં નથી ! સમાન સંખ્યા તો ગોપી-કૃષ્ણની આગળ થશે. અહીં, કૃષ્ણની અર્ધસંખ્યાથી જ પ્રયોજન પૂર્ણ થઈ જાય છે. "अङ्गनामङ्गनामन्तरे माधवः"- કોઈ કહે છે, ત્યાં સવિસર્ગ પાઠ લેવો. "अङ्गाना अङ्गाना अन्तरे माधवः ।"- ત્યાં બહુવચન દ્વિવચનના અર્થમાં માનાર્થે ગણવું, અથવા વચમાં વેણુનાદ પણ કહ્યો છે, તેથી તે લીલા તો શ્રીભાગવતમાં કહેલી નથી ! અહીં તો, રસ માટે નૃત્ય છે. ગાન માટે તો દેવો છે ને ! "मध्ये मणीनां हैमानां....।"- માં કહેલ રીતે ગંધર્વોને, ગોપીજનને અને દેવોને તો એક કૃષ્ણ અને અનેક ગોપીજનનાં નૃત્યદર્શન થાય છે ! અંતરંગલીલાનાં નહિ !

અલૌકિક જ્ઞાનવાળા દેવો દર્શને આવ્યા છે ! તેમનાં સેંકડો વિમાનોથી આકાશ છવાઈ ગયું છે; જાણે રસવર્ધક-વિચિત્ર-મંડપ બંધાયો છે ! તેમાં ભગવાને વિચિત્ર ચિત્રની જેમ દેવોને મૂક્યા છે ! પ્રાચીન મંદિરોમાં તેવી છતો કંડારેલી દેખાય છે ને ! "औत्सुक्यापहृतात्मनां...।"- ઉત્સુકતાથી અંતઃકરણ હરાઈ જતાં, તે દેવો ચિત્ર જેવા સ્થિર જ થઈ જાય ને ! ભગવાન્ તો લીલા માટે ઈચ્છે તેમ સાનુકૂલ થવા પ્રેરે ! આવ્યા છે તો રસલાભ માટે, પણ ભગવદિચ્છા તે ચિત્ર બને, તેવી વિચિત્ર છે ! દેવસ્ત્રીઓ પણ સાથે છે. રસજ્ઞ અને રસયોગ્ય તે સૌ છે. લીલા જોવા છતાં, કાંઈ સમજાય તેમ નથી, અંતઃકરણ હરાયાં છે ને ! સ્વધર્મથી તે તો પ્રવૃત્ત થયા છે, ભગવદ્ધર્મનો વિચાર નથી ! "ततो दुन्दुभयो नेदुर्निपेतुः पुष्पवृष्टयः ।"- દેવદુંદુભિ વાગ્યાં,મંગલ પુષ્પવૃષ્ટિ થઈ. "परमा वा एषा वाग् या दुन्दुभौ ।"- શ્રુતિ છે. દુન્દુભિમાં પરમવાણીનો વાસ છે. પુષ્પવૃષ્ટિ તો રંગભૂમિનું નાન્દીપૂજન છે ! અથવા રસ કે રસાધિષ્ઠાતાનાપૂજનરૂપ છે ! વિશ્વાવસુ વગેરે ઉત્તમ ગંધર્વોએ સેવા રૂપે ગાન કર્યું. રસાધિકારી તે

છે, તેથી તેમને દર્શન થાય તે દોષરૂપ નથી. લીલામાં તો ભગવાનના શ્રીહસ્ત વગેરેના ઈન્દ્રાદિ-દેવો પણ ભગવદ્રૂપ-રસાત્મક-ક્રિયાધિકારી - જ છે, સામાન્ય લોકપાલ દેવો નથી, તેથી કોઈ દોષસંભવ નથી ! ભગવાનનો નિર્મલયશઃ તે સૌ ગાય છે, તેથી તે ગંધર્વ-ગંધર્વીને તત્કાલોપયોગિ-પદાર્થ સિવાય, બીજો કોઈ ભાવ ઉત્પન્ન થતો નથી. ભગવાનનું નિર્મલ-યશોગાન કરે, તેના મનમાં મલિનતા સંભવે જ નહિ ! રાસમંડલમાં ગોપી-ગોવિન્દના તાલબદ્ધ નર્તનથી કંકણ, નૂપુર અને કિંકિણીનો તુમુલઘોષ થઈ રહ્યો છે. "च"કારથી - મુખકૂજન પણ થઈ રહ્યાં છે. કોઈ દૂરના લોકો, પ્રિયજનનો શબ્દશ્રવણ ન કરે ને ! કરે તો રસાભાસ થાય ને !

રાગ - નાદ - સ્વર - જાતિ - ધ્રુવનાદ - વગેરે - સંગીત - ગીત - નૃત્યનો રાસમાં સમન્વય છે ! :

સુવર્ણમણિઓની મધ્યમાં રહેલો મહામરકતમણિ શોભે તેમ, ભગવાન્ ગોપીજનની વચમાં શોભે છે ! **"पादन्यासैर्भुजविधुतिभिः....।"** નૃત્યભાવાનુકૂલ ચરણન્યાસ, હસ્તમુદ્રા, મંદહાસ્યયુક્ત કટાક્ષ, ભ્રૂવિલાસ, કટિભંગ, વક્ષઃકંપન, ગંડસ્થલે કંપતાં કુંડલ વડે, સ્વેદયુક્ત મુખ અને શિથિલ-કેશપાશ-ગ્રંથિવાળાં, કૃષ્ણવધૂ, કૃષ્ણને અંતઃસંતોષથી ગાતાં મેઘચક્રમાં વીજળી શાં શોભી રહ્યાં ! નૃત્યમાં સંયોગ-શૃંગાર છે. જેવા સંયોગરસની ભાવના સ્ફુરે, તેવો બાહ્યનૃત્યપ્રકાર થાય ! કૃષ્ણવધૂ સદાનંદને માણી રહ્યાં છે. નૃત્ય કરતાં કોઈ રતિપ્રિય ગોપીજને રંજક-સ્વરે, ઉચ્ચકંઠે ગાન કર્યું, જેથી જગત્ વ્યાપ્ત થઈ ગયું, રસલાભે સફલ થયાં. લોકમાં રસપ્રાકટ્ય માટે ગાન કર્યું, તેથી તો અષ્ટસખા વગેરે તેવું ગાન કરે છે ! ઉત્પન્ન થયેલા નાદની અમૃતમયતા માટે ભગવાને પણ મધુર નાદે જગત્ ભરી દીધું ! **"योऽसौ ध्वनिविशेषस्तु स्वरवर्णविभूषितः । रञ्जको जनचित्तानां स रागः कथ्यते बुधैः ॥"**- સ્વર-વર્ણ-વિભૂષિત, જનચિત્તરંજક ધ્વનિવિશેષ, તે "રાગ" છે. મોક્ષદાતા - "મુકુન્દ" સાથે કોઈ ભગવદ્- ભાવાપન્ન ગોપીએ અમિશ્રિત-સ્વરજાતિને (ગાનમાં) ઉચ્ચ કર્યાં ! મોક્ષદાન માટે ભગવત્સ્વરૂપ-પ્રકાશક ઉપનિષદ્-રૂપ ગોપીનાદમાં ભગવાને સ્વનાદ પૂર્યો. ગોપીજન ગાય છે તેવા જ રસાત્મક ભગવાન્ છે ! ઉભયની એકતા છે, નાદમાં તુલ્યતા છે. નાદ બે પ્રકારનો - (૧) અનાહત-પ્રાણઘોષરૂપ. તે રંજક નથી. (૨) આહત- **"आत्मा विवक्षमाणोऽयं मनः प्रेरयते मनः । देहस्थं वह्निमाहन्ति स प्रेरयति मारुतम् ॥ ब्रह्मग्रन्थिस्थितः सोऽथ क्रमादूर्ध्वपथे चरन् । नाभिहृत्कण्ठमूर्धास्येष्वाविर्भावयति ध्वनिम् ॥ नादोऽतिसूक्ष्मः सूक्ष्मश्च पुष्टोऽपुष्टश्च कृत्रिमः । इति पञ्चभिधा धत्तो पञ्चस्थानस्थितिः क्रमात् ॥ व्यवहारे त्वसौ त्रेधा हृदि मन्द्रोऽभिधीयते । कण्ठे मध्यो मूर्ध्नि तारो द्विगुणश्चोत्तरोत्तरः ॥ तस्य द्वाविंशति भेदा श्रवणाच्छ्रुतयो मताः ॥"**- આ રૂપે ઉત્પન્ન રંજક ! તે આસન્યાંશ લોકતુલ્ય ! આસન્યરૂપ અપહતપાપ્મા -અમૃત રૂપ !

મોક્ષમાં બે કાર્ય. - (૧) પૂર્વસંઘાતનિવૃત્તિ, (૨) બ્રહ્મપ્રાપ્તિ. તે માટે શ્રીગોપીજને ગાયેલાં ગીતથી જ અનન્યભક્ત થવાય, રસાત્મક પ્રભુ મળે ! અન્યના નિવારણ માટે ઉપનિષદનો ઉપયોગ છે. **"यत्र हि द्वैतमिव भवति तदितर इतरं पश्यति । यत्र त्वस्य सर्वमात्मैवाभूत्तत्केन कं पश्येत्तत्केन कं विजानीयात् ।"**- શ્રુતિ છે. જ્યાં દ્વૈત જેવું ભાન થાય, ત્યાં અન્યરૂપ દેખાય ! જ્યાં સર્વ આત્મરૂપ થયું, ત્યાં કોણ કોને જુએ કે જાણે ? મોક્ષમાં માત્ર બ્રહ્મસ્ફૂર્તિ હોય. તેવી રીતે શૃંગાર-રસાત્મક કૃષ્ણાદ્વૈત-સ્ફૂર્તિ ગોપીજનને થાય, તેમ ભગવાન્ ઉપાય કરે છે ! તે આ નાદ રૂપ છે. નાદથી પરમાહ્લાદ થતાં

અન્ય-સર્વ-વિસ્મૃતિ થાય. સંગીતજ્ઞોને તે સમજાય તેમ છે. અલૌકિક અને અપૂર્વ આ નાદ છે. ભગવાનમાંથી અન્યભાવ દૂર કરી, માત્ર સ્વસંબંધિ-ભાવ કરવા માટે તે કર્યો છે. ગોપીજનમાં પણ તેને સાનુકૂલ ભાવવિશેષ ઉત્પન્ન થતાં રસાનુભાવક બને છે. ગોપીના ગીતની મૂલકારણતાથી તેમ છે. આ અમૃતમયતા છે, તે ભગવન્નાદથી છે! ભગવાનના નાદથી પણ તે વધારે મધુર છે. ગોપીજને ભગવાને વિચારેલી આનુપૂર્વી જાણીને તેમ નાદ કરેલો છે, તેથી પ્રભુમાં પૂર્ણ રસોદય થયો! ભગવાન્ તેને વશ થયા! રસ જ તેવો છે ને! જેમ શ્રુત્યુક્ત જ બ્રહ્મસ્વરૂપ છે, - "तं त्वौपनिषदं..."- થી; તેમ પુરુષોત્તમ-સ્વરૂપ અહીં કહેલું જ છે; બીજું નહિ! તે સાંભળતાં ભગવાનમાં અપ્રાકૃતપણું અને પોતાનો સંબંધ સમજાય, ભગવદાનંદનો અનુભવ થાય. તે પ્રભુગાનકાર્ય છે! તેનાથી જગત્પૂરણ છે. સ્વર ષડ્જ વગેરે છે. તેના જાતિભેદ છે, જેમ મયૂર ષડ્જ બોલે વગેરે; તેમ અન્ય-પક્ષી-મનુષ્ય વગેરે પણ ષડ્જ બોલે, છતાં તેમની અવાન્તર-જાતિ છે. "**स्यातां निषादगान्धारौ द्विश्रुती धैवतर्षभौ । त्रिश्रुती वेदश्रुतयः षड्जमध्यपञ्चमाः ॥ मयूरचातकच्छागक्रौञ्चकोकिलदर्दुराः । गजश्च सप्तषड्जादीन् क्रमादुच्चारयन्त्यमी ॥**"- તે યથાક્રમે, યથા રસાભિવ્યક્તિ, યથાભિપ્રાયે સૃષ્ટિમાં સરજાયાં છે તેમ, યોજવામાં આવે તો સ્વરજાતિ અમિશ્રિત થાય, શુદ્ધ રૂપે થાય! તે તો માત્ર ભગવાન્ કરી શકે. તેમને ઉચ્ચ કરતાં તો સંતોષ થાય જ! બ્રહ્મ તો તેમ કરે, અન્ય તો તે સ્વરૂપ જ જાણે નહિ! ગાય તો ક્યાંથી? છતાં ગોપીજને તેમ ગાયું! માન મધુર માધવે પ્રસન્નતાથી દીધું! સ્વરૂપતઃ અને ફલતઃ સાધુવાદ દીધા. આ સામર્થ્યથી ઐશ્વર્યરૂપા આ ગોપી છે. ભગવાને તેમાં તે ધર્મ પધરાવતાં તદ્રૂપ છે, ઉપનિષદ્રૂપ પણ છે.

બીજાં ગોપીએ, ઉચ્ચ થયેલા સ્વરને પુનઃ પ્રભુ ગ્રહણ કરે ત્યાં સુધી ઉચ્ચ કર્યા, ધ્રુવ-નિશ્ચલ-કર્યા! તે નાદને ધ્રુવનાદમાં યોજ્યો. ધ્રુવનાદ કારણનાદ છે, સ્થાયિસ્વર છે. "**यत्रोपविशते रागः स्वरः स्थायी स कथ्यते ।**"- અથવા તે ભગવન્નાદ છે. ભગવાને તેમ જ ગાયું છે! સ્વર ચતુર્વિધ-વાદી, સંવાદી, વિસંવાદી અને અનુવાદી! ભગવન્નાદ વાદી છે. સંવાદિનાદ ગોપીનો છે. ભગવાને તેને ઈચ્છેલું બહુમાન દીધું! આ સામર્થ્યથી આ વીર્યરૂપા ગોપી છે. રસાધિક્યથી રાસશ્રમિત કોઈ ગોપીજને સ્થિર ભગવાનનો સ્કન્ધ પકડ્યો. આપ્તત્વ બતાવ્યું. નૃત્ય ચાલુ રાખ્યું. સન્મુખ થયાં, ઉત્તમ લાભ થયો. કેશપાશમાં કંકણાકારે (વેણીની જેમ) બાંધેલી મલ્લિકા-માલાનાં પુષ્પ શિથિલ થઈ ગયાં. આ યશોરૂપા ગોપી છે. તે જ સમયે, એકે ખભે રહેલો કૃષ્ણનો કમલસુગંધી, ચંદનલેપવાળો, કરકમલ સૂંઘ્યો. અંતઃ- પ્રમોદે પૂર્ણાનંદ થયો. અનુભાવરૂપ અંગરાગે ભાવ પ્રચુર થયો. વિવેક-ધૈર્ય વિદાય થઈ ગયાં. કાલ- પ્રતીક્ષા ન કરી શક્યાં, કરવામાં રસલાભ નથી, માણવા અધીર થયાં છે. જુએ છે તેવું, શ્રીશુક વર્ણવે છે! આમ, બંને તરફનાં ગોપીજનને રસલાભ થયો. આ શ્રીરૂપા ગોપી છે. કોઈ ચતુર ગોપીએ નૃત્ય કરતાં ભગવાનના ગંડસ્થલ સાથે ગંડસ્થલ-સંધાન કર્યું. ચતુરશિરોમણિ કૃષ્ણે, વગર સાધને કૃપાથી સ્વવિદ્યા દેતા હોય તેમ, ચર્વિતતાંબૂલ ચતુરાઈથી દીધું! તે પરસ્પરાસક્તિ-સૂચક છે. આ ગોપી આગળ વિયોગમાં (ભ્રમરગીતમાં) સૌને ઉપદેશ દેનાર થશે, સર્વવેદાન્તવાક્યોનો સાર બ્રહ્મવિદ્યા છે. ઉપનિષદ્ વગેરે વાણીના અધિપતિ પ્રભુ છે. તેમના દાંત સ્નેહરૂપ છે. તેનાથી થતું ચાવવું, ભક્તિશાસ્ત્રથી થતું રસાત્મક- પુરુષોત્તમ-જ્ઞાન છે! વિયોગદશામાં મરણ અટકાવતાં વાક્યોથી

સૌ સખીને આ જીવાડશે. બ્રહ્મવિધા બ્રહ્મ પ્રાપ્ત કરાવે, આ પ્રેમ-વિધાથી પ્રિય પ્રાપ્ત કરાવશે ! આ જ્ઞાનરૂપા ગોપી છે. કોઈ નાચતાં, ગાતાં, ધ્વનિયુક્ત નૂપુર અને કટિમેખલાવાળાં શ્રમિત ગોપીજને, ગાન અને નૃત્યનો સુસંવાદ સાધતાં, બાજુએ રહેલા અચ્યુત ભગવાનનો કલ્યાણરૂપ કરકમલ હૃદયે પધરાવ્યો. આ વૈરાગ્ય રૂપા ગોપી છે. બીજા સ્કન્ધમાં, નિરોધલક્ષણમાં ૭૨ નાડીરૂપ દેહશક્તિ, ભગવાનની શ્રી વગેરે ૧૨ શક્તિ, જાગ્રત સ્વપ્ન-સુષુપ્તિ-ત્રણ અવસ્થા, તેમ મળીને ૮૭ દશમસ્કન્ધની અધ્યાય-સંખ્યાનું બીજ સ્થૂલ રૂપે કહેલું. ''**शतं चैका च हृदयस्थ-नाड्यः ।**''- શ્રુતિ છે. હૃદયની ૧૦૧ નાડી ! ''**अत्रैतदेकशतं नाडीनां तासां शतं शतं एकैकस्यां द्वासप्तति प्रतिशाखासहस्राणि ।**'' શ્રુતિ છે. અહીં તે એક સો નાડીનો સો-સો, એક એકમાં ૭૨ પ્રતિશાખા છે ! આ અનન્તતા-સૂચક છે. ''**परास्य शक्तिर्विविधैव श्रूयते ।**''- પ્રભુની શક્તિ પણ વિવિધ છે. નિરોધમાં ભગવાનનાં ગુણધર્માદિ-ભેદે ભક્તમાં વૈવિધ્ય છે. સર્વાન્તરંગ શક્તિ ધર્મરૂપ છે. ભગવદ્રૂપતા તે સમજાવે છે. તે ૬ ગુણરૂપ આ લીલામાં છે. તેનાં કાર્યથી સ્પષ્ટ છે. ભગવદ્ધર્મો ભગવાનમાં નિત્ય છે, બીજે તે આગંતુક છે. અહીં, રસરૂપતાથી, ધર્મરૂપે તે સૌ ભગવાનથી જુદાં નથી, છતાં અવતારથી જુદાં છે, તેથી આગંતુક ઐશ્વર્ય વગેરે કાર્યદ્વારા ઓળખાવ્યાં છે. ઐશ્વર્યાદિ છ ગુણોરૂપ ગોપીજન છે ! તે ગુણો "ભગ" છે. એ ગુણવાળા ભગવાન્ છે ને ! તે ગુણો પરસ્પર ભિન્ન છે, છતાં ભગવાન્ સાથે એકરૂપ પણ છે. વિયોગમાં, ભગવાનનાં જ્ઞાન-વૈરાગ્યનો ઉપયોગ પ્રિયજનોની શાંતિ માટે થાય છે. રસાત્મક પ્રભુને પણ તેથી વિરહભાવકાર્ય શાંતિ મળે છે. સૌને નિત્યાનન્દપ્રદ શ્રીગોપીજનવલ્લભ મળ્યા ! ભગવાંને પોતે પ્રિયત્વ દીધું !

અત્યદ્ભુત રાધા-દામોદર-નૃત્ય ! : રમેશનું સ્વપ્રતિબિંબ-વિભ્રમ રમણ ! : કામાર્દિત દેવસ્ત્રીઓ અને સકલંક ચન્દ્ર !

અત્યદ્ભુત "રાધાદામોદર"ની જેમ ઉભયનું નૃત્ય થયું ! અપૂર્વરસ માટે અપૂર્વ નૃત્ય છે. ''**कर्णोत्पलालक**....।''- એક-એક ગોપી સાથે ભગવાન્ નૃત્ય કરે છે ! સૌને યુગલરસાનુભવ મળે છે ! ગોષ્ઠીમાં યથાધિકાર સૌને રસલાભ મળે ને ! રસ પ્રકટ થાય તેમ, ભગવાનના નૃત્યને સાનુકૂલ સૌ સ્વતઃ નૃત્ય કરે છે ! નિપુણ ભ્રમર ત્યાં ગાન કરે છે. સ્ત્રીરૂપ ન થઈ શકેલા, દંડકારણ્યના ઋષિયો ભ્રમર થઈને ભગવધશોગાન કરી રહ્યા છે ! વલય, નૂપુર, કિંકિણીના મધુરધ્વનિ રૂપ વાધ વાગી રહ્યાં છે ! કેશમાંથી માલાઓ સરી રહી છે ! ભ્રમરને જાણે પ્રભુપ્રિયાઓ ગાનની પ્રસન્નતાથી પ્રસાદી પ્રદાન કરે છે ! રસમત્ત ગોપીજન નૃત્ય કરે છે. શ્રમ નથી ! કાનમાં કમલ કલામયરીતે ધર્યાં છે. તે પડે નહિ, તેવું રસાલ નિપુણ નૃત્ય છે ! કર્ણ પાસે ઊડતી અલકાવલિ કમલરસપાનમગ્ન મધુપ શી લાગે છે ! કપોલ પર અલંકારરૂપ પણ તે વિલસે છે ! મુખ પર સ્મરશ્રમજલબિંદુઓ મોતી શાં વિરાજે છે ! અલૌકિક તેની તો શોભા છે ! રસ અત્યંત ઉત્કટ થયો. વિવિધ વિહાર થયા. રસાવેશજનિત મર્યાદા-રહિત ક્રિયા વિહાર છે !

''**रेमे रमेशो व्रजसुन्दरीभिर्यथार्भकः स्वप्रतिबिम्बविभ्रमः ।**''- બાલક દર્પણ વગેરેમાં પોતાનું પ્રતિબિંબ જોઈને તેની સાથે રમે, તેમ રમાપતિ ભગવાને વ્રજસુન્દરીઓમાં પોતાનું સ્વરૂપ પધરાવીને, બ્રહ્માનન્દ પ્રકટ કરીને, મનોરથપૂર્વક મધુર વિહારો કર્યા ! મર્યાદા મગ્ન થઈ ગઈ, પુષ્ટિ પૂર્ણ પ્રકટ

થઈ ગઈ! ભગવાને સૌ ગોપીમાં રમાને પધરાવ્યાં છે! રમાપતિ છે ને! રમા બ્રહ્માનંદરૂપા છે, અપ્રાકૃત છે. રમાપતિ પ્રભુની લીલા અપ્રાકૃત સાથે જ હોય. વ્રજમાં તો રમાને પણ ગોપરામા દ્વારા જ ભગવત્સંબંધ મળે છે! તે ગોપીજનના અપ્રાકૃતપણામાં તો શંકા જ શી હોય ? ગોપીજનમાં પ્રભુનું પ્રિયત્વ જોયું. રમાને પણ અભિલાષ થયો! ગોપીજનમાં પ્રવેશ ઈચ્છ્યો, પણ ગોપીજનનો મહિમા સ્ફુર્યો, અટક્યાં. પ્રભુએ લક્ષ્મીજીની આતુરતા જોઈ, આજ્ઞા આપી સરલ અને પરમોદાર છે, - પ્રભુ-પ્રિયજન! રમાને આશ્રય દીધો! - "**श्रयत इन्दिरा ।**" બાલક અરીસામાં ઘર વગેરેનું પણ પ્રતિબિંબ તો જુએ છે, પણ રમે છે તો પોતાના પ્રતિબિંબ સાથે જ! તેમ, બ્રહ્માનન્દરૂપા રમાથી પણ અધિક, ભગવદ્રસપૂર્ણ ગોપીજનને જ ભગવાનના મુખ્ય રસનો અનુભવ છે, રમાને પણ નહિ! "**नायं श्रियोङ्ग उ नितान्तरतेः प्रसादः....।**"- ઉદ્ધવજીએ પણ કહ્યું છે. રસસ્વભાવ અને બાલકસ્વભાવ બંને અહીં તેવા જ છે ને!

ભગવદાજ્ઞાથી વ્રજલક્ષ્મીજીના સંગમાં અપૂર્વ-પરમાનંદાનુભવે રમા પણ સર્વ વિસરી ગયાં છે! આ જ્ઞાનથી પણ અદ્ભુત આનંદનો સૌને અનુભવ છે. બ્રહ્મભાવાત્મક સાધનથી પ્રકટ થતો બ્રહ્માનન્દ પણ રમારૂપ છે. તે તો બ્રહ્મભાવવાળા પુરુષને પણ મળે! રમા માત્ર પુરુષોત્તમ-પરાયણ છે; રસાત્મક છે,- પુરુષોત્તમ! સ્નિગ્ધ-દામ્પત્યભાવ પણ તેનો એક પ્રકાર છે! તે આનંદને પ્રકટ કરનાર આ રમા છે. "**अर्धो वा एष आत्मनो यत्पत्नी ।**"- શ્રુતિ છે, તેથી રમા પણ રસાત્મક-આનન્દરૂપા છે! પુરુષોત્તમની શક્તિરૂપ આ રમા, બ્રહ્માનન્દ પણ કહેવાય છે. સુયોગ્ય પાત્ર ગોપીજનમાં પ્રભુએ આનો પ્રવેશ કરાવ્યો છે! આના અનુસંધાન વગર ગોપી-ગોવિન્દના વિહારો પ્રતિબિંબ વિભ્રમરૂપ છે! અનુસંધાનપૂર્વક વિહારો પણ છે! ભગવાને સ્વસ્વરૂપ ગોપીજનમાં પધરાવ્યું છે. બ્રહ્મ અને બ્રહ્માનન્દ પ્રકટ કરીને, રમાસ્થાપન અને સ્વસ્થાપનથી વિહારો કર્યા છે! અવિકૃત, નિત્ય, વિપુલ રસાનુભવ માણ્યો છે. ગોપીજનની પ્રસન્નતા માટે જેમ બાલલીલા કૃષ્ણે કરી, તેમ આ વિહારો પણ કર્યા! રમેશે રમા કરતાં પણ અધિક આનંદ વ્રજસુંદરીને દીધો! રસસ્વરૂપ જ તેવું છે ને! બાલલીલામાં પણ, મનોરથો પ્રમાણે સૌ આનંદ માણે છે, તેમ અહીં પણ ગોપીભાવ અને રમાભાવને અનુકૂલ આનન્દનો અનુભવ અધિકાર પ્રમાણે મળે છે; તેથી બે દૃષ્ટાન્ત છે : (૧) "**रेमे यथार्भकः**, (૨) "**रेमे स्वप्रतिबिम्बविभ्रमः**". રમા પ્રવેશથી જ અહીં વિહારયોગ્યતા નથી! રાસમાં સર્વ રસરૂપ જ છે! ભગવાન્ કે ભગવદ્ભાવ શાં ગોપીજન કે તેમનો ભાવ છે! પ્રતિબિંબનો સ્વભાવ છે ને! નૃત્ય પ્રત્યેકનું, વિહાર સમુદાયમાં! સર્વભાવે ભગવદ્ધર્માવેશથી દેહાદિ-વિસ્મૃત થઈ ગયાં. મહારસાસ્વાદ મળ્યો! શ્રમમાં અલંકારાદિ ધર્યાં લાગે છે, છતાં ભગવાને જ ધરાવી રાખ્યાં છે! કોને આ બધું સમજાય ?! પરમાનન્દરૂપ પતિ કોને મળે ? નિરાનન્દ તો આનંદ ક્યાંથી દે ? કૃષ્ણ સિવાય ક્યાંય આ પરમાનન્દલાભ ન સંભવે.

કૃષ્ણકૃપાથી દર્શન દેવસ્ત્રીઓને થયું, મોહ થયો, જ્ઞાન નહિ! "**कामार्दिताः शशाङ्कश्च..।**"- લૌકિક સકલંક-ચન્દ્રે જોયું. દેહ સોમાત્મક છે ને! "**सोमः प्रथमो विविदे ।**"- શ્રુતિ છે. સ્વામિની-ભાવાત્મક આ ચન્દ્ર છે ને! આધ્યાત્મિક રૂપે દેહમાં છે; તેથી તેનો દર્શનદોષ નથી. અલૌકિકચન્દ્ર ભગવદ્-ભાવાત્મક છે. અથવા, રાસમાં દર્શન માટે આવેલાં સાધારણ ગોપ-સ્ત્રીઓના દેહ સોમાત્મક

છે. ચન્દ્રે તે જોયાં. આ જોનાર ખેચર-સ્ત્રી તો સાધારણ છે. નક્ષત્ર-ગણ સાથે છે. અન્યત્ર ચિત્ત ચન્દ્રનું જાય તેમ નથી, મોહ થયો ! પ્રભુમાં પ્રવેશનો પ્રયત્ન કર્યો, અપેક્ષાથી વિકલ થયો, આશ્ચર્યરસમગ્ન થયો !

એક એક ગોપીજન સાથે એક એક કૃષ્ણના વિહારો ! : જલવિહાર ! :
પ્રભુના અસ્ખલિત-લલિત-વિહારો છે ! :

ભગવાને કુમારિકાઓના વ્રતફલ રૂપે, - "पतिं मे कुरु", "नन्दसुतः पतिः"- ઈચ્છેલ અનેક સ્વરૂપ પ્રકટ કર્યાં, - "कृत्वा तावन्तमात्मानं यावतीर्गोपयोषितः ।" માયા દૂર કરી, પ્રભુએ ગોપીજન જેટલાં સ્વરૂપો પોતાનાં પ્રકટ કર્યાં ! ભગવાન્ છે ને ! ભક્તમનોરથ પૂર્ણ કરવા તો પધાર્યા છે ! ભક્તિયોગ તો દેવો છે ! નીરસ જગતને સરસ કરવું છે ! આત્મારામ હોવા છતાં ભગવાન્ ભક્તાભિરામ બન્યા ! અતિ-શ્રમિત પ્રિયાઓનાં શ્રમજલ-કણ-નિવારણ ભગવાને કલ્યાણરૂપ સ્વકરકમલથી કર્યાં. પ્રમોદપૂર્ણ ગોપીજન ભગવાનની અલૌકિક, ઈષ્ટપ્રદ, પુણ્ય વિહારલીલાઓ ગાવા લાગ્યાં. માન મળ્યું હતું, પુનઃ અભિમાન ન થાય, માટે ગાનથી આનન્દમગ્ન થયાં ! મહારાસ-સમયે શ્રમિત સ્વજન સાથે, શ્યામ જલવિહાર માટે, જલદેવતાને દૂર કરીને, સ્વયં શ્રીયમુનાજલમાં પધાર્યા ! શ્રી-અંગનું કુંકુમ જલને મળ્યું. જલે જાણે ઉત્સવ મનાવ્યો ! મત્ત ગજરાજ પોતાના યૂથ સાથે વિહરે તેમ પ્રભુ પધાર્યા છે ! "भिन्नसेतुः"- આત્મારામરૂપા બ્રહ્મમર્યાદા, દેશકાલમર્યાદા વગેરે સઘળી મર્યાદા નિવૃત્ત થઈ ગઈ છે ! આધિદૈવિક-ભગવદીય-ભ્રમરો અને ગન્ધર્વશ્રેષ્ઠો વેગથી પ્રભુ પાછળ આવી રહ્યા છે. કાયા, કુસુમ અને કેસરનો દિવ્યસુગંધ છે. ભગવાન્ જલક્રીડા માણે છે ! "सोम्भस्यलं युवतिभिः परिसिच्यमानः ।"- સિંચન કૌતુકાવિષ્ટ ગોપી કરે છે. "इयं तव कथाधिका सकलगोपिकासङ्गम-स्मरश्रमजलाणुभिः सकलगात्रजैः सङ्गमः ।"- કૃષ્ણતુર્યપ્રિયા મહારાણીજીનો મહિમા છે ને ! શ્રીશુકદેવજી માહાત્મ્યજ્ઞાન- પૂર્વક નિર્દોષભાવે પ્રેમપુલકિત થઈને લીલા વર્ણવે છે. રાજાને તેમ જ શ્રવણરત સમજે છે, તેથી "अङ्ग"- સંબોધન કરે છે. દેવતાઓ ભગવદિચ્છાથી પુષ્પવૃષ્ટિ કરે છે, દર્શન દુર્લભ છે. યમુનાકિનારે સુગંધીવાયુવાળા વનમાં પણ, વિવિધવિહાર કરતા રસમગ્ન પ્રભુ વિહરે છે. રસમગ્ન ગોપીજન અને રસરત ભ્રમર ચારે તરફ વીંટળાયેલાં ભમે છે. સર્વલોક-વેદ-મર્યાદા મગ્ન થઈ ગઈ છે ! અતિ-અલૌકિક આ સ્થલ-જલ-પુષ્પાવચય ત્રિવિધલીલા છે. જે ભક્તમાં ભગવાને જે ભાવનું સ્થાપન કર્યું, તેનો તે સર્વદા અનુભવ કરે છે. ઘર વગેરે પણ તેમાં અંતરાયરૂપ થઈ શકતાં નથી !

સકલંક-ચન્દ્રકિરણોથી શોભતી રાત્રિઓમાં પણ પ્રભુએ આ પ્રકારે વિહારો કર્યા. પ્રભુ સત્યકામ છે. ઋષિરૂપાઓનો કામ - "नन्दसुतः पतिः" અને શ્રુતિરૂપાઓનો કામ - "कामिनीभाव-मासाद्य ।" અને અંતર્ગૃહગતાઓનો કામ-અભિલાષ-પણ કૃષ્ણે સત્ય કર્યો ! "सत्यः कामो यासां ताः सत्यकामास्ताभिः सहित इति स सत्यकामः ।"- સત્ય જેમનો કામ છે તે,- ગોપીજન ! તત્સહિત-સત્યકામ-ભગવાન્ ! "सः"- ઈચ્છેલા ભગવાન્ સૌને મળ્યા ! કામ સત્ય જ રહ્યો ! ભગવદ્ધર્મરૂપ હોવાથી ક્ષીણ કે અયોગ્ય નથી થયો ! નિત્યલીલાપ્રવેશરૂપ મોક્ષમાં તે પર્યવસાન પામનારો છે ! "अनुरत"- સર્વથા પ્રપન્ન ભક્તો છે. તેમના પર પ્રભુ પ્રસન્ન છે. "आत्मन्यवरुद्धसौरतः ।"- અચ્યુત ભગવાનના અસ્ખલિત, લલિત, વિહારો છે, નિત્યલીલા છે ! કામ હોય તો સંસાર સંભવે, આ તો

રસમાત્ર છે ! નૈષ્ઠિક-બ્રહ્મચર્યરત શ્રીહનુમાનજી. તેમના પ્રસ્વેદમાંથી પુત્ર થયો હતો, - મકરધ્વજ ! સંપૂર્ણ-સંયમ જીવ માટે તો અસંભવ-પ્રાય ! ઠરેલું ઘી પીગળે, પણ પાત્રમાં જ રહે, તેમ સ્વરૂપાનંદ ભક્તોને દેવા છતાં, ભગવાનનો આનંદ સ્વરૂપસ્થ છે ! ગોપાલ-તાપિનીયનો પ્રસંગ પ્રસિદ્ધ છે. દુર્વાસાજીના પૂજન માટે યમુના-પાર પધારતાં ગોપીજનને, "કૃષ્ણ નૈષ્ઠિક-બ્રહ્મચારી હોય તો માર્ગ દેજો !" - કહેતાં જ શ્રીયમુનાજીએ માર્ગ દીધો છે ને ! જે બ્રહ્મને માત્ર જાણવા લોકો બ્રહ્મચર્ય-રત રહે, તે પરબ્રહ્મમાં ક્યો દોષ હોય ! "ગીત-ગોવિન્દ" શો લૌકિક-કાવ્યકથા પ્રકાર પણ છે ! ''**निशाः**'' - ''**या निशा सर्वभूतानां**''- મોહાન્ધોની આ રાત્રિયો નથી, પણ જાગ્રત, સમર્પણશીલ, સંયમીઓનો વિહારકાલ છે ! આહ્લાદ, અનન્યાધીનતા અને અનેક અન્યગુણોવાળી આ ભગવલ્લીલાની રાત્રિયો છે.

પરીક્ષિતજીનો સંદેહ - પ્રશ્ન :

રાજાના મનમાં સંદેહ થયો. રાજાએ આક્ષેપ નથી કર્યો. સમાધાન માટે પૂછ્યું છે. ભગવાને લીલા તો કરી, પણ તે અવતાર, લોક, વેદ અને પ્રમેય-વિરોધી લાગે છે ! તેનું પ્રયોજન શું ? તે સિવાય પણ લીલા તો થાત ! અવતાર તો ધર્મસંસ્થાપન અને અધર્મ-નિવારણ માટે છે, - ''**धर्मसंस्थापनार्थाय**''- લોકોપકાર તેથી થાય. જગદીશ્વર સર્વરક્ષક છે. ભગવાન્ તો ધર્મમર્યાદા-પાલક મનુના પણ નિર્માતા છે. સ્વયં વક્તા અને રક્ષક પણ છે. અહીં તો, ઊલટું થયું ભાસે છે ! ધર્મ નષ્ટ થયો, અધર્મ સ્થપાયો ! અધર્મ કર્યો - કહ્યો-રક્ષ્યો ! તે પાંચેનું એક સ્વરૂપ- ''**परदाराभिमर्शनम्**''- પરસ્ત્રીસંગ ! રાજાને રાસમાં "પરસ્ત્રીસંગ" લાગ્યો, પરમાશ્ચર્ય થયું. રાસમાં રસધર્મ છે. રાજધર્મ દ્વારકાલીલામાં છે. અહીં, અધર્મ તો દષ્ટિદોષથી દેખાય છે ! સમાધાન મળે તો શંકા ટળે. મન નિર્મલ બને. શંકા-સમાધાન તો શાસ્ત્રની સ્વસ્થ-પરંપરા છે. પ્રવાહમાં માત્ર કહી જવું - સાંભળી જવું, પણ વિચારવું કે પૂછવું નહિ, તે તો પ્રમાદને પોષે છે. તેવા જિજ્ઞાસુને ઉત્તર ન દેવો, - તે તો અજ્ઞાન કે અપરાધ છે. પોતાના મનમાં ઊભી થયેલી કે કરેલી, શંકા-માત્રથી ઘણા લોકો સેવા, કથા કે ધર્મથી દૂર દોડે છે, દુ:ખી થાય છે. સાચો પ્રયત્ન તો શંકાનું સમાધાન સુયોગ્ય-સ્થળે મેળવવાનો થાય, તો શ્રદ્ધા સુદૃઢ થાય ! યુવકજન-સમાજમાં આ ખૂબ જરૂરી છે. અયોગ્ય દેખીને સાંભળીને, દાઝીને દૂર રહેવું કે કલ્પના-માત્રથી આરોપ કરવા, તે તો કાયરતા છે. સજ્જનસમાજ પણ અયોગ્યતાથી અકળાય, છતાં પણ "મારે શું ?" - કહીને દૂર રહે, સમાજમાંથી સજ્જનતા સંકોચાય, ઘટે, અયોગ્યતા ઉભરાય, નિ:સત્ત્વ-લોકો વધે. સમાજમાં વધતી જતી આવી પોકળ નિર્લેપતા તો, ગંભીર રોગ જેવી નિર્બલતા છે ! સારાં-સાચાં તત્ત્વોને તે દેખતે ડોળે કચડાવા દે છે, પછી ખૂણે બેસીને તેની દયા ખાય છે, આ તો અયોગ્યતાને આડકતરું ઉત્તેજન છે. પરિસ્થિતિનો આજે પડકાર છે. સમાજ કે જીવનમાંથી સર્વત્ર અયોગ્યતાને ઓળખો, અટકાવો, ઉઠાવીને ફેંકી દો ! દુષ્ટોને દુષ્ટતાનું બલ કે ગુમાન હોય તો સજ્જનતા એ કાયરતા તો નથી જ ! સજ્જનને સુજનતાનું સામર્થ્ય અને ગૌરવ કેમ ન હોય ?! દસ દુષ્ટથી સો સુજન શેહ ખાઈ જાય, તે તો શરમ રૂપ ન ગણાય ? આવી દબાતી, ડઘાતી, ડરતી કે ડગતી મનોવૃત્તિમાં ધાર્મિકતા હોઈ શકે ખરી ? સાચો ધર્મ તો નિર્ભય, નિશ્ચલ, નિર્મલ, નિરપેક્ષ, નિષ્કપટ બનાવે છે. રાજાનો પ્રશ્ન આનો પરિચાયક છે. "ભગવાન્" - આપ્તકામ છે, "યદુપતિ" છે, કામના હોય તો યોગ્ય ઉપાયથી પૂર્ણ

કરી શકે છે. વિરુદ્ધધર્માશ્રયી રૂપે પણ આ લીલાનું પ્રયોજન સમજાતું નથી ! લોકોને તો મર્યાદા જ હિતકારણી છે. આ લીલામાં કોઈ અયોગ્ય હોય તો આપ - "सुव्रत"- ઉત્તમ વ્રતવાળા-તે કથા કહો જ નહિ, આપને તે રુચે જ નહિ !

શ્રીશુકે રાજાને યથાધિકાર સમાધાન દીધું ! : ગૂઢ-રસલીલા-કથાની ગાંઠડી બાંધી દીધી ! :

ચતુર શ્રીશુકે રાજાનો રસમાં અધિકાર ન જોયો ! રેલાતો રસ રોધાયો ! ભગવાનની દાન-માન-લીલાઓ ન કહી ! "ઈશ્વર" - સમર્થ સ્વતંત્ર છે. અનેક ધર્મો તેમાં તો હોય. દૂરથી દીવો પ્રકાશ દે, પણ અડકે તેને ઉષ્મા દે પણ ખરો ! સ્વધર્મનું સ્પર્શથી સંપાદન કરે, તેમ ધર્મસ્થાપન માટે પધારેલા આનંદરૂપ પ્રભુ, ભક્તોમાં સ્વધર્મરૂપ સ્વરૂપાનન્દ પધરાવે પણ ખરા ! વ્યાપારીની જેમ ભગવાનને બધા કામમાં એક સમાન નિયમન ન હોય, ક્યારેક હોય તેનું ઉલ્લંઘન કરે ! - "धर्मव्यतिक्रमः ।"- ન હોય તે એકદમ કરે પણ ખરા ! - "साहसं"- વિધિનિષેધ પુરુષને હોય, પ્રભુને નહિ ! લોક અને વેદનાં બંધન તેમને બાંધી ન શકે ! અગ્નિ સૌને બાળે, તેને દોષ શો ? જ્ઞાનાગ્નિ પણ સર્વકર્મને બાળે છે ને ! બ્રહ્મનો તે તો ધર્મ અથવા સ્વરૂપ પણ છે. સમર્થનું અનુકરણ મનથી પણ સામાન્ય ક્યારેય ન કરે. તેવી મૂર્ખતા કરે તો મરે ! કાલકૂટથી તો રુદ્ર જ નીલકણ્ઠ બને, વિશ્વ તો વિનાશ પામે ! શ્રીકૃષ્ણ જ શ્રીગોપીજનવલ્લભ બને, રાસ વગેરે લીલા કરે. અન્યનું તો અનાચારથી અધઃપતન જ થાય !

મહાપુરુષો ઉપદેશ તો શ્રોતાના અધિકાર પ્રમાણે દે, પણ આચરણ પોતાના અધિકાર પ્રમાણે કરે, તેમાં દોષ શો ? ડાહ્યા માણસે તો પોતાનું કલ્યાણ વિચારીને, પોતાના યોગ્ય ઉપદેશને અનુસરવાનું હોય. પોતાની પાત્રતા વિચાર્યા વગર કોઈની વ્યર્થ-પરીક્ષાની પંચાત કર્યે શું મળે ? ઐશ્વર્ય-જ્ઞાન-વૈરાગ્યથી ક્યારેક તે સામાન્ય-લોકોને સમજાય નહિ તેવું પણ કરે, તે સ્વચ્છન્દ પણ કહેવાય ! તેનું અનુકરણ અન્યથી ન થાય. પુણ્યકર્મથી થતી પ્રસન્નતા કે પાપકર્મથી થતી પીડાથી તે અહંકાર-રહિત પુરુષો પર હોય છે ! લોકવિલક્ષણ આ વિચક્ષણ-પુરુષો છે. "आनन्दं ब्रह्मणो विद्वान् ।" न बिभेति कुतश्चनेति । एतँ ह वाव न तपति किमहं साधु नाकरवम् । किमहं पापमकरवम् ।"- શ્રુતિ છે. આનંદરૂપ પરબ્રહ્મને જાણનાર આવો નિર્ભય બને, તો માણનાર કેવો બને ? પછી આનંદરૂપ પરબ્રહ્મની તો વાત જ શી ? ! સર્વસ્વામી ભગવાનનો નિયામક કોણ ? ભગવાનના ચરણરેણુરૂપ સેવકની સેવાથી સંતુષ્ટ થનાર ભક્તજન, યોગ-પ્રભાવ કર્મરત સિદ્ધો, જ્ઞાનમગ્ન-મુનિયો, ભગવત્પ્રવૃતિમાર્ગે પણ કર્મ-બંધન-મુક્ત વિહરે છે, તો સ્વેચ્છાથી સ્વરૂપ ધરતાં સ્વયં ભગવાનને, તદ્રૂપ ગોપીજનને, બંધન ક્યું સંભવે ? ! ભગવાન્ તો સૌ શરીરધારીઓના આત્મા છે. પોતાનો સ્પર્શ કોઈને નિષિદ્ધ નથી. આત્મારૂપ પ્રભુને કોઈ "પર" જ નથી, પછી "પરસ્ત્રી" કે "પરની સ્ત્રી" ક્યાંથી સંભવે ? ! પ્રભુ પોતે જ સર્વરૂપ છે ! ગોપ-ગોપીના આત્મારૂપ છે ! "योऽन्तश्चरति सोऽध्यक्षः क्रीडनेनेह देहभाक् ।" સર્વ-સિદ્ધાન્તસંમત, બ્રહ્મ-ભગવાન્-હૃદયમાં વિરાજે છે, તે પ્રત્યક્ષ થયા છે, લીલાતનુધારી છે, સ્વતઃ-અલૌકિક-પુરુષ રૂપ છે ! "न स्त्री न षण्ढो न पुमान् ।"- શ્રુતિ છે. તે લૌકિક-સ્ત્રી-પુરુષ કે અન્ય નથી ! તેને દોષ શો ? ભક્તો પર કૃપા કરવા ભક્તસમાન સ્વરૂપે ભગવાન્ પધાર્યા છે ! ગોપરાજકુમાર-શ્રીગોપીજનવલ્લભ થયા છે ! સ્વરૂપાનન્દદાન માટે તેવી ક્રીડા કરે છે. આ લીલા યથાર્થ શ્રવણ કરે, તે પણ કૃષ્ણપરાયણ

બને, તેવી કૃપા વિચારીને કૃષ્ણે આ લીલાઓ પ્રકટ કરી છે; તો પછી લીલાનુભવે શું ન થાય ?!

યોગમાયાના પ્રભાવથી ગોપો મોહિત છે. તેમણે પોતાનાં ગણેલાં ગોપીજનને પોતાની પાસે જ રહેલાં જાણ્યાં છે. પ્રથમ ગમનપ્રવૃત્તિ જાણવા છતાં આ અનુભવ છે ! સૌ ભગવાનની લીલામાં અંગીકૃત છે ને ! તેમણે ગોવિન્દ કે ગોપીની અસૂયા નથી કરી, દોષ નથી દીધો ! બુદ્ધિ જ તેમની લીલોપયોગિની માયાથી આમ ભ્રમિત છે, બાકી સઘળું તો સર્વસમર્થ ભગવાને જ કર્યું છે ! મનનથી સઘળું ભગવદીય સમજાતાં નિર્દોષતા છે. બ્રહ્મરાત્ર પૂર્ણ થયું. અરુણોદયવેળા થઈ. અંતર્યામી રૂપે વિરાજતા પ્રભુએ ઘેર જવાની પ્રેરણા કરી ! અનુજ્ઞા ભગવાનની મળી ! તેમને સંધ્યાપર્યંત અંતઃસ્મરણથી મોક્ષાધિકાર, દિવસભરના વિયોગ પછી સાંજે પ્રિયદર્શનથી થતો આનંદ, લીલાપ્રવેશ-યોગ્યતા મળશે, વિચારીને ભગવાને અનુમોદન દીધું ! "अनिच्छन्त्यो ययुर्गोप्यः स्वगृहान् भगवत्प्रियाः।"- જો કે ગોપીને ઈચ્છા તો નથી જ ! સર્વપરિત્યાગથી કૃષ્ણભજન તેમણે કર્યું છે. ભગવાન્ અને ભક્તનું ફલરૂપ- પરસ્પર-આત્મનિવેદન-રાસ રૂપે પ્રકટ થયું છે. તેમને ઘર કે લોકનું શું પ્રયોજન ? ! છતાં પ્રભુપ્રિયાઓ છે. વિપરીતબુદ્ધિ કે હઠ ભગવાનનાં પ્રિયજનોમાં ન હોય ! સૌ પોતાને ઘેર ગયાં. ઘરમાં રહીને ભગવદ્-ભજન કરવાનું ત્યારે સૌને સમજાય ને ! વિપ્રયોગની વિશેષાનુભૂતિ હવે થાય ને ! પ્રભુનાં પ્રિયજનોને ઘર ગમતું નથી, ગોવિંદ ગમે છે, મનમાં રમે છે ! અભયપ્રદ પ્રભુનાં પ્રિયને - ભક્તોને સંસારભય નથી ! ભક્તિ કરનાર તો સંસાર-પ્રલોભન અને ભયથી પર બને. ઘેર આવીને ગોપીજને પૂર્વવત્ કાર્ય શરૂ કર્યાં. ક્ષણનો પણ વિલંબ કોઈએ જાણ્યો નથી ! ભગવાન્ શ્રીશુકે આ મોક્ષાધિક-કથાનું ફલ કહ્યું,-

विक्रीडितं व्रजवधूभिरिदं च विष्णोः श्रद्धान्वितोऽनुश्रृणुयादथ वर्णयेद् यः ।
भक्तिं परां भगवति प्रतिलभ्य कामं हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः ॥ (४०)

વ્રજવધૂઓ સાથે ભગવાન્ કૃષ્ણના આ વિહાર છે. શ્રદ્ધાપૂર્વક તેને જે યથાર્થરીતે સાંભળે, પછી વર્ણવે, તેને કૃષ્ણમહિમા અને સર્વભાવે દાસધર્મ-શરણાગતિ-ના ભાનથી, ભગવાનમાં પરમ-ભક્તિ થાય ! હૃદયરોગરૂપ બાધક-કામ શીઘ્ર દૂર થઈ જાય. પૂર્વવાસના હોવા છતાં શીઘ્ર ધીર થાય ! ફલ-પ્રકરણમાં શ્રવણફલ તો કહે ને ! લૌકિક-કામી પણ આ રાસ-શ્રવણથી તો પ્રભુપ્રેમી બની જાય ! કૃષ્ણ કૃપા કરે તો, લોક-વેદનાં સુખમાં રૂઢ થયેલી મતિની પણ, અસ્ખલિત લલિત ગતિ રતિપૂર્વક વ્રજપતિમાં થાય. રાસલીલામાં આધારરૂપ ભગવાન્ ! તેમને ઓળખાવનારાં શ્રુતિ અને લોકમાં તેને વ્યક્ત કરનારા ઋષિ ! બંને મર્યાદાના આધારરૂપ ! મર્યાદાથી વ્યક્ત થતા ભગવાને, અમર્યાદ રૂપે અભિવ્યક્તિ ઈચ્છી ! પોતે પુષ્ટિ પ્રકટ કરી ! લોકવેદાતીત પુરુષોત્તમ પુષ્ટિવિહાર કરવા પધાર્યા ! મર્યાદાની ચરમ-સીમારૂપ શ્રુતિ-ઋષિને ગોપીજન રૂપે પુષ્ટિ પ્રદાન કરી ! સ્વરૂપાનન્દ અનુભવે સમજાવ્યો ! મર્યાદાના મજબૂત પાયા પર પુષ્ટિનો ભવ્યપ્રાસાદ-પ્રસાદ પ્રકટ કરતાં - પુરુષોત્તમ શ્રીકૃષ્ણે રચ્યો ! પુષ્ટિભક્તિમાર્ગ લોકવેદાતીત છે, તે સ્પષ્ટ સમજાવી દીધું. કથા રૂપે તે પ્રાસાદનું પ્રાસાદિક-દિગ્દર્શન પણ કરાવ્યું. પ્રેમવંદન એ પુષ્ટિભક્તિને, ભક્તોને, ભગવાનને ! તદ્રૂપ-પ્રકાશક શ્રીમદાચાર્યચરણોને !

અધ્યાય : ૩૪

રાસ-પંચાધ્યાયીમાં સ્વતંત્ર રૂપ-રમણ કહીને, હવે બે અધ્યાયમાં સ્વતંત્ર નામ - રમણ કહે છે : અન્યભજનનો ત્યાગ, માહાત્મ્ય-જ્ઞાન, દઢતા દે છે ! :

શ્યામસુંદરનું સ્વરૂપ સ્વજનોને સુખરૂપ છે. પાંચ અધ્યાયોમાં ભક્તોએ તે અનુભવ્યું, તે કહ્યું. શ્યામનું નામ પણ સુખરૂપ છે; તે હવે બે અધ્યાયમાં કહે છે. જેમ સ્વરૂપલીલા સ્વતંત્ર છે, તેમ નામલીલા પણ સ્વતન્ત્ર છે. તેમાં, અન્યભજનના ત્યાગપૂર્વક ભગવન્માહાત્મ્યજ્ઞાન અંગરૂપ છે; તે અહીં કહે છે. ભગવાને વ્રજવાસીઓને અન્યાશ્રય છોડાવ્યો, વૈકુણ્ઠદર્શન અને સ્વરૂપાનન્દનો પ્રત્યક્ષ અનુભવ દીધો. આવા ઉદ્ધૃત ભક્તો પણ પ્રસંગવશાત્, અન્યની ઉપાસના કૌતુકભાવે કરે તો પણ દુ:ખ પામે જ ! મહાભાગ્યથી ભગવાનના સ્વજન થવાય, પણ અન્યભજનથી અપરાધ થાય, તેમાં ઉપેક્ષા પ્રભુ કરે તો કદાચ દુ:ખ દેખાય, - દયાળુ ભગવાન્ જ તેમને દુ:ખમાંથી છોડાવે છે ! સ્વરૂપલીલાના રસાનુભવમાં વૈષ્ણવધર્મત્યાગ પણ અંગરૂપ છે ! નામલીલાના રસાનુભવમાં અન્ય-દેવતા-ભજનનો ત્યાગ અંગ-રૂપ છે, શાસ્ત્રોક્ત ભગવદ્ધર્મોનો ત્યાગ તેમાં જરૂરી નથી. વિધિ પણ નામલીલારૂપ છે. મર્યાદાપુષ્ટિભેદે તેના બે પ્રકાર. મર્યાદામિશ્રપુષ્ટિ અહીં છે. શુદ્ધપુષ્ટિમાર્ગીય પ્રકાર "યુગલગીત"માં છે. મર્યાદામાર્ગ સદોષ, તેથી શંખચૂડ-પ્રસંગ છે. સર્વભાવથી નિવૃત્ત થયેલાઓ સાથે ભગવાન્ વેદ-પ્રમાણરૂપ આનંદના અનુભવ માટે લીલા કરે, ત્યારે વેદરૂપ રામને શ્યામ સાથે રાખે છે. તેમાં, પ્રવૃત્તિમાંનો દોષ સમર્થ હરિ હરી લે છે. નિવૃત્તિ તો સ્વત: નિર્દોષ છે. નામાત્મક વેદ, પ્રવૃત્તિ-નિવૃત્તિ-ધર્મ પ્રેરે. પ્રવૃત્તિ-સદોષ; નિવૃત્તિ-નિર્દોષ ! વેદ-પ્રમાણ-ને મુખ્ય ગણીને, પુરુષોત્તમને ભજનાર શ્રુતિરૂપા ગોપીજનને, પ્રમાણ (વેદ)-રૂપ બલરામજી સાથે રાખીને ભગવાન્ લીલાનો આનંદાનુભવ દે છે, "**शब्दब्रह्म परं ब्रह्म ममोभे शाश्वती तनू ।**"- થી વેદ અને અક્ષરરૂપત્વ પ્રભુનું છે.

કોઈ એક વખત શિવરાત્રિ સમય. મથુરાની પશ્ચિમે અર્બુદ (આબુ) - પર્વત, ત્યાં અંબિકાવન. મહાદેવજીનો મોટો મેળો ત્યાં ભરાય. ગોવાળોને કૌતુક થયું. "જોઈએ તો ખરા ! જઈએ !" કૌતુકથી પણ સ્વધર્મની મર્યાદા મૂકે, તે મુશ્કેલીમાં મુકાય. અજાણતાં પણ અન્યાશ્રય થાય તે ઉદ્વેગ જ કરાવે ! વૈદિકદેવો - "**देवा नारायणङ्गजाः ।**"- ભગવદંગરૂપ છે, અન્યરૂપ નથી. કર્મ પ્રભુની ક્રિયાશક્તિરૂપ છે. શરણાગતથી વૈદિક-કામ્યકર્મ ન થાય, નિત્યકર્મ થાય ! સ્માર્ત તો ઉભયવિધ ન થાય. તીર્થ-સ્નાન-દાનાદિ પણ ભગવદિચ્છા સમજીને, પ્રભુ-પ્રીત્યર્થ સંકલ્પથી થાય. તે વગર ન થાય ! ગોવાળો મેળામાં ગયા. સરસ્વતીમાં સ્નાન કર્યું. પશુપતિનું પૂજન સમૃદ્ધિપૂર્વક કર્યું. અંબિકા-પાર્વતી-ને પૂજ્યાં. આવરણ-દેવતાને પણ પૂજ્યા. દેવની પ્રસન્નતા માટે બ્રાહ્મણોને માન-દાન દીધાં. સરસ્વતી-કિનારે રાત્રે રહ્યા. ત્યાં ભૂખ્યો અજગર આવ્યો. ઊંઘતા નન્દજીને પકડ્યા. ગળા સુધી ગળ્યા. નન્દે કૃષ્ણને પોકાર્યા. "**प्रपन्नं परिमोचय**"- "શરણાગતને છોડાવો !" બૂમોથી ગોવાળો એકદમ ઊઠ્યા. સળગતાં લાકડાંથી મારવા છતાં અજગરે નન્દજીને ન છોડ્યા. પ્રભુ પધાર્યા. ચરણસ્પર્શ દીધો. જ્ઞાન કે ભક્તિથી કર્મક્ષય સંભવે. જ્ઞાન માટે યોગ્ય શરીર જોઈએ કૃષ્ણકૃપાથી ચરણસ્પર્શે ભક્તિ દીધી, ભગવદીય-શરીર દીધું ! પ્રભુ તો વૈષ્ણવપતિ છે ! ચરણરજ:-પ્રભાવે સર્પમાંથી વિદ્યાધર-શ્રેષ્ઠ સુદર્શન થયો. નમસ્કાર

કૃષ્ણને કર્યા. ભગવાને તેને વિગત પૂછી. સૌને ત્યારે મહિમા સમજાય ને! આ પહેલાં પણ સર્પ હતો. પ્રભુકૃપાથી વિદ્યાધર થયો. પુનઃ, સર્પ થયો, તેથી "सर्प उवाच"- છે. સુદર્શન-ગંધર્વની દેહકાન્તિ, ધન અને સામર્થ્ય અદ્‌ભુત! આંગિરસ ગોત્રના વિરૂપ ઋષિયોની તેણે મશ્કરી કરી. શાપ મળ્યો. સર્પ થયો. કુરૂપતાને હસતી સુંદરતામાં સર્પની સુંવાળાશ અને ઝેર પણ છે! અભિમાન ભાન ભુલાવે છે. પોતાની ઉત્તમતાથી અન્યને ઉતારી પાડે, અકારણ સૌને ઉદ્વેગ કરાવે, તે સર્પ-સ્વભાવ! કૃપાળુનો અપૂર્વ શાપ! તે પણ ઉદ્ધારક બને. બ્રાહ્મણકૃપાથી કૃપાદર્શન મળ્યાં! ભગવાને ચરણસ્પર્શ દીધો. ચરણસ્પર્શ તો ઘણા કરે. પ્રભુ દે ત્યારે કૃતાર્થતા છે! તેમાં સેવાની સંપૂર્ણતા છે. અતિપ્રિયને જ આમ સ્પર્શ મળે.

કૃષ્ણભટ્ટજી શ્રીનાથજીની સેવા કરે. સૌ શ્રીનાથજીના ચરણસ્પર્શ કરે. આ ન કરે! શ્રીનાથજીએ ગુસાંઈજીને કહ્યું. ગુરુએ કારણ પૂછ્યું. ઉત્તર મળ્યો, - "ચરણસ્પર્શ તો માખી વગેરેને પણ મળે! તેમાં કલ્યાણ શું? પ્રભુ દે તો કૃતાર્થતા!" ભાવ ભક્તનો! ભદ્રભાવે ભગવાન્ રાજી થયા. ચરણ લંબાવીને પોતે ચરણસ્પર્શ કરાવ્યો! ચારસો જેટલાં વર્ષ પહેલાં બનેલો આ પ્રસંગ.

સુદર્શને સ્તુતિ કરી. જવાની આજ્ઞા માગી. ભગવન્નામ લેવા માત્રથી પોતે અને સર્વશ્રોતા પણ પાવન થાય, તો ચરણસ્પર્શથી શું ન થાય? ચરણમાં તો રજઃ, ગંગા, ભક્તો, અમૃતરસ, ભક્તિ, સૌનું સન્નિધિ મળે. જન્મ જ પ્રભુસેવા માટે છે; પણ માયાથી સૌ ભાન ભૂલે છે! "कृष्ण।"- કૃષ્ણ! "तवास्मि"- "તમારો છું!" કહેતાં તો સૌ ભય ટળે, ભવ ફળે. શરણાગતના સર્વ અપરાધ દૂર થઈ જાય; સર્પ જેવા ભયંકર, ઝેરી લોકો પણ સંત બને! સ્વજનના અનેક અપરાધોની ક્ષમા તો ભગવાનનો વિનોદ માત્ર છે! દર્શનમાત્રે દુરંત-દોષ પણ દૂર થાય. પ્રભુને તેમાં પરિશ્રમ ન કરવો પડે! પરિક્રમા કરી, સર્વપુરુષાર્થ પ્રાપ્ત કરી, સુદર્શન સ્વર્ગે ગયો. જેને સાચું ભાન થાય તે, - સુદર્શન! તેને પોતાનો દોષ દેખાય, નિર્દોષ થાય! સુંદર દર્શન - દેખાવવાળો - સુદર્શન. સુંદર જ્ઞાનવાળો - સુદર્શન! તે અભિમાની થાય તો સર્પ બને! સૌને ભયપ્રદ બને; શરણાગત થાય તો અભય મેળવે. આપત્તિમાંથી નન્દજી છૂટ્યા. કૃષ્ણમહિમા ફરી જાણ્યો - માણ્યો! આશ્ચર્ય પામ્યા. આ તો સ્વરૂપનો પ્રભાવ, સામર્થ્યનો પણ નહિ ને! ગોપોએ તે કર્મ કૃષ્ણાર્પણ કરી દીધું. વ્રજમાં સૌ આવ્યા, પછી મનથી પણ અન્યત્ર જવા ઈચ્છ્યું પણ નહિ, અનન્યભજન ભગવાનનું કર્યું.

અજાણતાં થતો અન્યાશ્રય પણ ભગવાનને ન ગમે. પ્રાચીન પ્રસંગ. એક ગરીબ ડોશી. જમીનની જ આવક. એક વખત માપણી થઈ. માપનારે ડોશીને ફાયદો થાય! તેમ કર્યું. ડોશીએ જાણ્યું, કહ્યું,- "મને તમે જીવાડી!" જીવાડનારા જગદીશ ઘરમાં હતા. રોજ સેવા ડોશી કરતાં. પ્રભુ પ્રકટ અનુભવ દેતા. ડોશીના આ શબ્દોથી પ્રભુ અનુભવ દેતા અટકી ગયા! અજાણતાં અન્યાશ્રય થયો. કોઈ બીજાએ જીવાડી, - તેમ લાગ્યું! અન્યનો આધાર લાગ્યો ને! અનન્યભક્તો કૃતાર્થ થાય.

શાસ્ત્ર-પરાયણ ભક્તોને પણ ભગવાન્ લીલા સુખ દે છે!:

વ્રજમાં શિયાળો ન હતો, ત્યારે ક્યારેક, ગોપિકા દ્વારા શબ્દ-બ્રહ્માનન્દને સૌમાં પધરાવવા, પ્રભુએ (વેદ) શબ્દાત્મક બલરામજીને સાથે રાખ્યા, રાસ વ્રજમાં કર્યો. ફલપ્રધાન આ લીલા છે! વેદમાં અમુક કર્મ અમુક સમયે કરવાનાં કહેલાં હોય ને! કાલ તો નાશક; દૈત્યો તેને અનુકૂલ; તેથી દૈત્યો તેમાં બાધક છે. પ્રભુસામર્થ્યથી તે દૂર થાય છે; તેથી તો વૈદિકકર્મમાં રક્ષોઘ્ન-મંત્રો બોલાય છે. વેદમાં

ભગવાન્ વેધ છે, - વેદ ભગવદ્રૂપ છે. વેદ - સત્યતા માટે ભગવાન્ વિઘ્નો દૂર કરે છે; વેદમંત્રનો મહિમા પ્રકટ કરે છે ! સામર્થ્ય ભગવાનનું; યશઃ વેદમંત્રને ! અહીં પણ, ભગવાને દૈત્ય શંખચૂડને માર્યો, યશોરૂપ મણિ વેદરૂપ બલરામજીને દીધો. શબ્દમહિમાના નિરૂપણ માટે તેનો મણિ મોટા ભાઈને દીધો છે. શંખચૂડવધરૂપ લૌકિક અને ચરણસ્પર્શથી શાપનિવારણરૂપ અલૌકિક-મહિમા સમજાય, તો વેદોનું સ્વતઃ-પ્રામાણ્ય સિદ્ધ થાય. વૈદિક-કર્મથી પુત્રાદિ ફલ થતાં, લૌકિકમહિમા અને ભગવદ્-ગાનથી પરમાર્થપ્રાપકતાથી - અલૌકિકમહિમા વેદનો સમજાય. આમ, વેદનું સ્વતઃપ્રામાણ્ય સમજાય. લૌકિકપ્રમાણ પ્રમાણે વેદાર્થ કહેનાર ભ્રાન્ત છે. લૌકિકપ્રમાણ અલૌકિક અર્થ સમજાવી ન શકે; છે તેમ જ શ્રુતિ તો પ્રમાણરૂપ છે !

આ લીલામાં, પહેલાં કરતાં બીજાં ગોપીજન છે, - **"गोव्रजयोषितां"** - તે પહેલાંશાસ્ત્રપરાયણ, લૌકિકધર્મરત હતાં. તેમણે પ્રભાવ પ્રભુનો જોયો. ભગવાન્ અને બલરામજી સાથે વિહારની ઈચ્છા થઈ ! ભગવાને ચિત્તપ્રસન્નતા માટે અદ્ભુત પરાક્રમવાળા, આવેશયુક્ત બલરામજીને સાથે રાખ્યા. પ્રમાણ-પરાયણ ભક્તોનો અનન્યભાવ સચવાય ને ! પ્રમાણપૂર્વક પુરુષોત્તમ-પરાયણ ભક્તો, વેદપરક હોય તેમાં દોષ નથી. તેમનો નિરોધ તેમ થાય ! અદ્ભુત તો લૌકિકરીતે ન સમજાય, તેમ મનને આનંદ આપે ! અહીં, વેદરૂપ રામનું પરાક્રમ ક્રિયાશક્તિના ફલરૂપ સ્વર્ગાદિ છે, તેમ શબ્દ-પરાયણ અજ્ઞો માને છે. વાસ્તવમાં, સ્વર્ગ તો "આત્મસુખ" છે ! આ રહસ્ય જાણનારા અન્યભજન છોડીને ભગવાનને ભજે છે. આમ, ભગવદ્-ભજનમાં પણ અધિકાર પ્રમાણે ફલ જુદું જુદું મળે છે. ભગવાનનાં ગુણગાન સૌ કરતાં હતાં. રાસવિહાર થતો હતો. ભગવાન્ શ્યામ-રામે કીર્તિરૂપ માલા અને શુદ્ધ માયારૂપ પીતાંબર-નીલાંબર ધર્યાં હતાં. વેદમાં કેટલાક કર્મજડરીતે પ્રવૃત્તિ કરે; કેટલાક ભગવદિચ્છાને જાણીને પ્રભુ-પરાયણતાથી પ્રવૃત્તિ કરે, તેમાં માયા સહકારિણી ! તેમાં, રજસ્તમોયુક્ત પહેલી માયા, બીજી તેથી રહિત. રાત્રિનો આરંભ હતો. સુગંધી પુષ્પ ખીલ્યાં હતાં. પવન સુરભિ હતો. મત્તભ્રમર ગાતા હતા. રામ-શ્યામે મધુરગાન કર્યાં ! એકસાથે સ્વરમૂર્છન કર્યાં. સાંભળતા મૂર્છિત શાં ગોપીજન થયાં, ભાન ભૂલ્યાં, વિહારમગ્ન થયાં !

સ્વચ્છન્દ-વિહાર હતા. ત્યાં સ્ત્રીકામુક શંખચૂડ આવ્યો. કુબેરનો તે સેવક. પ્રભુને તેણે પ્રાકૃત માન્યા. શંખ-નિધિ તેના મસ્તકમાં હતો ! ધનમત્ત હતો. ધનમદ હોય ત્યાં પ્રમાદ અને પ્રમદા પણ પોષાય. દ્રવ્યાભિમાની તો પ્રભુની પણ પરવા ન કરે ! સર્વશ્રુતિ તો કૃષ્ણગાન કરે છે. તેનું લૌકિક અર્થઘટન કરવાની પાખંડીઓની બુદ્ધિ હોય. જેમ પાખંડી લોકો પ્રભુપરાયણ-વેદનું વ્યાખ્યાન પણ લૌકિક-પરત્વે કરે છે, તેમ શંખચૂડ ભગવત્પરા શ્રુતિરૂપા ગોપીને હરવા ઈચ્છે છે; તેથી તે પાખંડરૂપ છે. વેદરૂપ બલરામજી છે. વેદાર્થરૂપ કૃષ્ણ છે. ઉભય-પરાયણ ગોપી છે; તેથી હરાયાં ! કેવલ કૃષ્ણ-પરાયણ હોય તો આમ ન સંભવે ! કાલની જેમ તેણે ગોપીને હર્યાં. ગોપીએ શ્યામ-રામને પોકાર્યા. પ્રભુ પધાર્યા. કાલ-મૃત્યુ શા, બંને શાલવૃક્ષ હાથમાં ઉપાડીને દોડ્યા. ભક્તને અભય દીધું. ગોપીને છોડીને મૂઢ દુષ્ટ દોડ્યો. તે ગયો ત્યાં ગોવિન્દ ગયા. રામ ગોપીરક્ષા કરતા રહ્યા. થોડે દૂર જતાં જ પ્રભુએ દુરાત્માને પકડ્યો. મુષ્ટિ મારી. જ્ઞાનપ્રધાન મસ્તક હર્યું ! એકત્રિત અવયવો મૂઠીથી હર્યા. તેના દેવો તો ગોપીજનને હરતાં જ દૂર થઈ ગયા હતા. મણિભાવે અવયવી જ બાકી હતો. ભગવાને

ચૂડામણિ સહિત મસ્તક હર્યું. તેના કર્મથી મર્યો. ભગવાન્ તો અક્લિષ્ટકર્મા છે. મણિના પ્રભાવને પણ દૂર કરવા સમર્થ છે. મણિના દેવતાને તે અધિકાર પણ પ્રભુએ જ દીધો છે. ભગવાને મણિ લીધો. તેના દેવતાની કામના પૂર્ણ કરી. પ્રેમથી મણિ વગર માગ્યે સૌના દેખતાં મોટા ભાઈને દીધો ! પ્રમાણસિદ્ધિ માટે કરેલું ફલ તેના અધિષ્ઠાતાને દેવાય ને !

અધ્યાય : ૩૫

નામ-રમણમાં ભક્તોને અંદર અનુભવાતો સ્વરૂપાનંદ બહાર પણ પ્રકટ થાય છે, તે પુનઃ અંદર પ્રવેશતાં સુસ્થિર થાય છે ! :

પૂર્ણાનન્દ પ્રભુ પોતાનાં પ્રિયજનને પણ આનંદપૂર્ણ બનાવે છે ! સામાન્યતઃ, આનંદનો અનુભવ અંતરમાં થાય. પહેલાં બાહ્યલીલામાં કાયા અને ક્રિયા મુખ્ય છે. તદ્રૂપ આનંદરસ સ્વરૂપ પ્રભુ પણ પ્રકટ છે, તેથી શરીર-ઈન્દ્રિય વગેરેમાં સ્વરૂપતઃ પધરાવેલો આનંદ મનથી અનુભવાય છે. અહીં તો, પ્રભુના અંતઃસંગથી, પ્રકટ થયેલા આનંદથી, શરીર-ઈન્દ્રિય વગેરેમાં બાહ્યલીલા જેવા ધર્મો પ્રકટ થાય છે. સ્વરૂપરમણમાં ભક્તોએ બહારથી સ્વરૂપાનંદ અંદર અનુભવ્યો ! નામ-રમણમાં અંદર અનુભવાતો સ્વરૂપાનંદ બહાર પણ પ્રકટ થાય છે ! ભગવાનમાં સ્વરૂપ અને નામ બંને પૂર્ણાનન્દરૂપ છે ! બંને પ્રકારે, આનંદાનુભવથી સ્વાનંદપૂરણ (ભાવની સ્થિરતા) ભક્તોમાં ભગવાન્ કરે છે. આમ, રૂપ-નામ બંને પૂર્ણાનન્દરૂપ હોવાથી, ધર્મિ-સ્વરૂપના વિરહથી થતું દુઃખ, ધર્મરૂપ ગુણગાનથી શમે છે ! નામલીલારૂપ કૃષ્ણલીલાના ગુણગાનથી, શ્રીગોપીજનને લીલાસહિત કૃષ્ણસ્વરૂપનો અનુભવ હૃદયમાં સ્પષ્ટ થાય છે, સ્વરૂપાનન્દનો સ્વાનુભવ મળે છે. રસાત્મક-રસાધાર-સ્વરૂપ તો રસાનુભવ જ દેને ! તેની તો તે સ્વાભાવિકતા છે. અહીં, અંતઃસ્થિત (અંદર રહેલ) તે રસ-(આનંદ)-સ્વરૂપ ભાવોદ્રેકથી ગાન રૂપે વ્રજભક્તોના મુખમાંથી બહાર પ્રકટે છે, તેવો જ અનુભવ દે છે, આનંદપૂર્ણ કરે છે. સૌ ગાન- શ્રવણ પણ કરે છે, તેથી ગાન રૂપે બહાર પધારેલા પ્રભુ કર્ણ દ્વારા અંદર પુનઃ પધારે છે; ત્યારે તો તે સુસ્થિર બને છે ! ભક્તોને પોતાને માટે અત્યંત આતુર થતાં જોઈને, પ્રભુ પ્રસન્ન થાય છે. દિવસભરના વિરહથી, સાયંકાલે સંયોગનો જે આનંદ થાય તે, દિવસે સંયોગ હોય તો ન અનુભવાય. ભક્તોને જે પ્રકારે પૂર્ણાનન્દનો અનુભવ થાય, તેમ પ્રભુ પ્રદાન કરે છે.

વ્રજભક્તો તો ફલ માટે કે આનંદ માટે નહિ, પણ સ્નેહની સ્વાભાવિકતાથી લીલાગાન કરે છે ! અહીં તેર શ્લોક-યુગલથી તેનું ગાન છે ! :

પ્રભુ વનમાં પધારતાં વ્રજભક્તો લીલાગાન કરે છે. તેમાં કોઈ આનંદ મેળવવાનો ઉદ્દેશ નથી, પણ કારણ છે, - સ્નેહ (રસ)નો સ્વભાવ ! તેનાથી ભક્તોએ અનુભવેલો ભગવદ્રસ-ભાવ-સુસ્થિર થાય છે; તેથી વિશ્વ વિસરાઈ જતાં નિરોધ ભક્તોનો થાય છે. ભાવસ્થિરતા માટે સેવા-કથામાં આસક્તિ આવશ્યક છે. "रन्ध्रान् वेणोरधरसुधया पूरयन्"- માં ભગવાને વેણુનાદ દ્વારા ભાવાત્મક (સ્વરૂપાત્મક) સુધા વ્રજભક્તોમાં પધરાવી છે. તે બાહ્યલીલાનુભવ સુધી ક્રમશઃ પુષ્ટ થઈ, પછી સ્વવિષયરૂપ સ્વપોષક બાહ્યસંબંધ ન મળતાં, સંબંધ માટે સ્વયં ગુણગાન રૂપે પ્રકટ થઈ ! તે ગાન પહેલાં તો, સાક્ષાત્ પ્રિયસંબંધ સ્વાન્તઃમાં થયો ! કાન દ્વારા ગાનરૂપ સુધા પુનઃ ત્યાં જ પ્રવેશી. ત્યાં વિષય અને

પોષક પ્રાપ્ત થયા, તેથી સુસ્થિર થઈ. નામ-લીલામાં શબ્દ અને અર્થની મુખ્યતા છે; તેથી સૂચક રીતે શ્લોક યુગલમાં છે. આ લીલાગાન "યુગલગીત" છે. "વેણુગીત"માં તો વેણુનાદ દ્વારા માત્ર નામાત્મક અનુભવે - "**अक्षण्वतां फलमिदं......।**"- ગાન કર્યું હતું. હવે તો, સ્વરૂપાનુભવ પણ રાસમાં થયો છે. રૂપ-નામ બન્નેની સ્વાનુભૂત મહારસરૂપતા જણાવવા બે-બે શ્લોકના એક-એક યુગલ રૂપે ગાન છે! યુગલમાં બંને છે. નામ-રૂપની આનંદરૂપતા, એકતા પણ, તે સૂચવે છે. વર્ષે વર્ષે પ્રભુ જેટલી લીલાઓ કરે છે, તે સર્વ શ્રીગોપીજન ક્રમશઃ ગાય છે. લીલાઓ માત્ર તેટલી જ નથી, તેમ જણાવવા, પૂર્ણવર્ષના બાર માસની સમાનતાએ બાર યુગ્મ શ્લોકનાં કહ્યાં છે. આદિ અને અંતના બે શ્લોકનું યુગલ અધિકમાસની લીલાનું સૂચક છે. આદિ-અંતમાં સર્વ સમાય ! અધિકમાં તો સર્વલીલા-મનોરથ થાય છે ને ! જો કે આ બે શ્લોક, ઉપક્રમ-ઉપસંહાર રૂપે શ્રીશુકદેવજી જ બોલે છે; છતાં તેમાં લીલાગાનનું બીજ અને ફલ હોવાથી લીલાગાનરૂપ છે ! લાભ તેનો શ્રીગોપીજનને છે. બીજ અને ફલ સર્વરૂપ ગણાય ને ! અભિન્ન છતાં વિશિષ્ટ રૂપે પણ રસ તેમાં હોય, તેથી તેનું પણ એક યુગલ ગણાય ! માસમાં શુક્લ અને કૃષ્ણપક્ષ; લીલામાં ગૌર અને શ્યામતેજ; બંનેનું પણ યુગલ, તેથી - "યુગલગીત!" શ્રીગોપીજનના હૃદયમાં લીલાસહિત ભગવાન્! આમ, હૃદયમાં અને બહાર-યુગલ, તેથી "યુગલગીત!" ભગવદનુભવ શૃંગારરસરૂપ ! તેમાં સંયોગ-વિયોગ, બંનેના યુગલથી પૂર્ણરસ, તેથી બાહ્યવિયોગ અને આંતરસંયોગ રૂપ યુગલના અનુભવે - "યુગલગીત !" વિપ્રયોગમાં તો પ્રિયજનને ક્ષણ પણ સેંકડો યુગ જેવી લાગે છે. - "**क्षणं युगशतमिव...।**"- વિયોગમાં ગાનની ક્ષણો આવા અનેક યુગોને લઈ આવે છે, તેથી - "**युगान् लातीति युगलम्।**" તેનું ગીત - "યુગલગીત !" પહેલાં વિપ્રયોગમાં ભગવાન્ સાથે અમિશ્ર, અંતે આંતરપ્રાકટ્યે મિશ્ર; તેથી "**यु मिश्रणेऽमिश्रणे च ।**"- ધાતુપાઠથી મિશ્ર- અમિશ્ર ભાવપ્રદ-યુગલ, તેથી - "યુગલગીત !" નામ અને રૂપ; શબ્દ અને અર્થ - તેનાં યુગલથી પણ- "યુગલગીત !" દિવસનાં બાર મુહૂર્ત, તેથી પણ દિવસભરની લીલાનાં બાર યુગલ; અને તેરમું સર્વને સમાવતું.

વ્રજભક્તોને લીલાસહિત ભગવાનનો હૃદયમાં પ્રત્યક્ષ અનુભવ થાય છે, આ આંતર-વિહાર-ધર્મ પરમ ફલ રૂપ છે ! :

શ્રીગોપીજન તો રાત્રિ-દિવસ કૃષ્ણપરાયણ જ છે. રાત્રે તેમની સંયોગસેવા કહી. દિવસે પણ તેમની સંસારવૃત્તિ કે પ્રવૃત્તિ નથી! હૃદયના સ્વાભાવિક સ્નેહની ઉત્કટતાથી પ્રભુમાં જ ચિત્તવૃત્તિ રહ્યા કરે છે, લીલાસહિત ભગવાનનો હૃદયમાં પ્રત્યક્ષ અનુભવ થાય છે! તેનું ગાન એકતાન બનાવે છે. આ આંતર-વિહાર અથવા આંતરધર્મ પરમ ફલરૂપ છે. ગુરુ ગોપીજન તો સેવા-કથામાં સતત રહેતાં શિખવે છે ને! સેવામાં પણ તનુ-વિત્તજા-સેવાના ફલરૂપે માનસીસેવા કહેલી છે. "**चेतस्तत्प्रवणं सेवा ।**"- ચિત્ત સ્વાભાવિક સ્નેહથી પ્રભુમાં ઢળતું-ગતિશીલ-પરોવાયેલું રહે,- તે સેવા ! તન અને ધન તો બાહ્યસાધન છે. પ્રભુ માટે તેના યોગ્ય ઉપયોગથી મન પ્રભુરત બને, પછી બાહ્યસાધન કરવાં ન પડે, ક્વચિત્ થાય કે છૂટી પણ જાય ! ભક્તરાજા આશકરણ થયા. તન-ધનથી સેવામગ્ન રહેતા. કોઈ વખત શત્રુસૈન્ય સાથે યુદ્ધ થયું. રાજા લડવા ગયા. તન લડે, મન તો પ્રેમમગ્ન, રોજની જેમ સેવાની ક્રિયા કરે ! આસપાસનું ધ્યાન નહિ. મનથી કઢીનો ડબરો ધરતાં ઘોડો કૂદ્યો. ધક્કો લાગ્યો, કઢી પડી-ઢળાઈ !

મનની કઢી સાક્ષાત્ દેખાઈ! પ્રધાને કારણ પૂછ્યું. ભક્તરાજાએ ભાવ છુપાવ્યો. ભક્તિની કાંઈ જાહેરાત થતી હશે ?! ભાવતી કઢી સાથે લાવ્યા હતા, તેમ સમાધાન દીધું. વિજય તો મળ્યો, પણ સિદ્ધ થયેલી માનસીસેવા પ્રસિદ્ધ થાય તો ? ! રાજાએ રાજ્ય છોડ્યું. વ્રજમાં વિદાય થયા. વિવિધવિહાર વ્રજરાજકુમારના માણવા લાગ્યા! ફલરૂપ માનસીસેવા સિદ્ધ થઈ પછી, સાધનરૂપ તનુ- વિત્તજા-સેવાની હવે જરૂર ન રહી, - છૂટી ગઈ. આંતરધર્મ સિદ્ધ થયો, પછી બાહ્યની જરૂર કેટલી ?! હૃદયભાવથી ક્રિયા થાય તેનું સ્વરૂપ જુદું છે. તે સાધનથી યથાર્થતા રૂપ છે. ભાવપૂર્વકની ક્રિયાનું ફલ પ્રભુ-પ્રસન્નતા છે. આંખથી દેખવાનું પૂરતું સામર્થ્ય ન હોય તો ચશ્માંની જરૂર પડે. આંખનું સામર્થ્ય- આંતરધર્મ. ચશ્માં - બાહ્યધર્મ. આંખને તે સામર્થ્ય હોય, તો ચશ્માંની જરૂર ન રહે. આંતરધર્મ હોય તે બાહ્યધર્મ અનિવાર્ય ન રહે! આપણે સેવા-સ્મરણાદિ બાહ્યસાધનો કરીએ છીએ, પણ તેની આંતરિક અસર તપાસતા નથી, અંતઃકરણનું પરિવર્તન દરરોજ વિચારતા નથી. વય વધે છે, સાથે જ વાસના, વિષયભોગ, વિકાર, વિમુખતા વગેરે વ્યર્થતાઓ પણ વગર યત્ને જ વધે છે! તે આપણે વિચારતા નથી. સંપત્તિ, સંબંધ, સગવડ, શક્તિ, વ્યવહાર, વ્યવસાય વગેરે વધે, તે તો જોતા રહીએ છીએ. જ્ઞાન-ભક્તિ-વૈરાગ્ય-નિર્મલતા-દૃઢતા વગેરે વધે છે કે નહિ ? - તે તપાસતા નથી ને! રોગ પર દવા દઈએ, તે અસર નથી તપાસતા ? ઉત્તમ ઔષધ પણ શરીરની અંદર ઊતરે, ભળે, તો અસર કરે ને! સાધન તો ધર્મનાં સૌ સારાં, અયોગ્ય હોય તે સિવાય, પણ તે માનસિક અસર માટે છે, તે હૃદયને અસર કરે તો ને ! આ અસર અટકે છે, - (૧) ઉતાવળથી યંત્રવત્ નિયમ કરી દેવાથી, (૨) ભાવપૂર્વકની એકાગ્રતાના અભાવથી, (૩) "કરીએ છીએ"- તેવા અભિમાનથી, (૪) લૌકિક ઉદ્વેગથી. ભલે ! થોડો નિયમ રાખવો, પણ સ્વરૂપ-લીલા-અર્થ વગેરે સમજીને, ભાવપૂર્વક એકાગ્રતાથી, ઉતાવળ વિના જ કરવો. શક્ય તેટલું વધું કરવાનું ધ્યેય રાખીને, ઓછામાં ઓછું અમુક તો કરવું જ, તેવો નિર્ણય નિયમ રૂપે ગણાય! એકાગ્રતાથી તેમ ન થાય તો, નિયમ અધૂરો સમજીને, વારંવાર તેનું આવર્તન કર્યા કરવું. અનેક વ્યર્થ આવર્તન-પરંપરાઓ-કરતાં, આવો ભાવપૂર્ણ એકાદ-ક્રમ પણ અસર જરૂર કરે, માનસિક સુખ શાંતિ અનુભવાય! નિયમ પૂરો કરવા માટે કરી નહિ જવાનો; અંદર અસર થાય તેમ કરવાનો! શ્રીગોપીજનને તો પ્રેમના સ્વભાવથી જ નિત્યગાન સ્ફુરે છે, નિયમ કરવો નથી પડતો!

સદાનન્દ ભગવાન્ કૃષ્ણની લીલાઓ પણ સદાનન્દ-રૂપા જ છે!:

વેણુનાદ-પૂર્વકની ભગવલ્લીલા સર્વોત્તમ છે! યુગલ - વિચાર!:

રાત્રિએ કૃષ્ણલીલાનુરત રહેતાં શ્રીગોપીજન દિવસે કૃષ્ણલીલા વર્ણનરત રહે છે. દિવસે વિપ્રયોગનું દારુણ દુ:ખ છે! ગુણગાનમાં પ્રેરે છે. પરિણામે સુખલાભ થાય છે. હૃદયમાં પ્રિયસંયોગ મળે છે! "गोप्यः"- રાસપ્રાપ્ત-ગોપીજન "कृष्णे वनं याते....।"- સદાનન્દ કૃષ્ણના વનમાં પધારતાં, તનથી ઘરમાં છે, પણ મનથી તો વનમાં છે! ચિત્ત તો કૃષ્ણ પાછળ જ દોડ્યું ગયું છે, - "तमनुद्रुत-चेतसः।"- ભક્તોનાં ચિત્ત તો ભગવાનને જ અનુસરે; ચુંબકીય-સોય જેમ ઉત્તરદિશામાં જ રહે તેમ! બીજી કોઈ વસ્તુ તેમના ચિત્તને સ્પર્શે પણ નહિ! ગોપીજનનું ચિત્ત તો પ્રિયપ્રભુમાં લય પામી ગયું હોય, ભગવદાકાર થઈ ગયું હોય, ભગવદ્રૂપ હોય! બધેથી નીકળીને પ્રભુ પાસે પહોંચેલું ચિત્ત, પ્રભુની લીલાને જ ગ્રહણ કરે છે! ભગવાનના સ્વરૂપની જેમ, લીલા પણ સદાનન્દરૂપા છે, તેથી "कृष्णलीलाः"- શબ્દ છે. કૃષ્ણ શબ્દ પહેલાં આવ્યો; છતાં પુનઃ "तल्लीलाः"- નહિ, "कृष्णलीलाः"- કહ્યું છે.

લીલાભાવના દ્વારા સ્વરૂપભાવના તરત થાય ! પ્રભુ લીલાપરવશ છે ને ! લીલાને માત્ર કૃષ્ણસંબંધ જ નથી, લીલા પણ સ્વરૂપાત્મિકા છે ! પોતે યાત્રા કરી હોય, તે સ્થળોને યાદ કરીને, પણ લીલાભાવના થાય. ગાન કરતાં શ્રીગોપીજન દુ:ખમાં દિવસો વિતાવે છે. વિવિધ ભગવલ્લીલામાં લીન ચિત્ત, જ્યારે એકભાવપૂર્ણ થાય ત્યારે, પૂર્ણ મનોરથ ભક્તોના થાય, કૃષ્ણસંબંધ મળે. રાત્રિની રાહ જોતાં આશાભર્યાં ભક્તો પ્રાણ ટકાવી રહ્યાં છે !

વેણુનાદ પુરઃસરની ભગવલ્લીલા સર્વોત્તમ છે. "યુગલગીત"માંની સર્વલીલામાં તે કારણભૂત છે. તે પ્રથમ-યુગલમાં કહી છે. દેવસ્ત્રી, ગાયો, નદીઓ, વૃક્ષ-લતાઓ, પક્ષીઓ, મેઘ, બ્રહ્માદિ-દેવો, ગોપિકાઓ, હરિણીઓ, દેવગન્ધર્વો, - આ દશ, વેણુનાદરસ ન જાણનારને પછીનાં દશ યુગલમાં કહ્યાં છે. વેણુનાદ-શ્રવણથી, નાદસામર્થ્યથી, ફલાધારરૂપ તે થયાં, કાંઈ રસ સમજી શક્યાં ! છેલ્લાં બે યુગલમાં ભગવાન્ - હરિ - નું નિરૂપણ છે. ભગવાન્ જ સર્વથા આ રસને જાણે છે, તે જ પ્રદાન કરી શકે છે, ચન્દ્ર વગેરે પણ નહિ. સ્વજનની આશાપૂર્તિ માટે પ્રભુ પધારે છે. બાલભાવ તેમાં નથી, યદુપતિ છે, સર્વરસજ્ઞ છે. રસદાન અને તાપહરણ કરતા ભગવાન્ હરિ છે. વેણુનાદનો પ્રભાવ પહેલાં ત્રિવિધસ્ત્રીમાં પ્રકટ દેખાયો, - દેવસ્ત્રી, ગાય, નદીઓ ! પછી ત્રણ પુરુષો, - વૃક્ષો, પક્ષીઓ, મેઘ પછી બ્રહ્માદિ - દેવો, ગોપીજન, હરિણી ! આ ત્રણ ત્રિક ક્રમશઃ રાજસ, સાત્ત્વિક, તામસ પણ છે. દેવગન્ધર્વો પ્રકીર્ણ છે. ભગવાન્ ગુણાતીત છે. આમ બારે પ્રકારે વેણુ ફલિત થાય છે. દશ યુગલમાં મૂર્ચ્છાદિ-પ્રકારે, અગિયારમામાં તાપહરણ-પ્રકારે અને બારમામાં અસાધારણલીલા-પ્રકારે ! બાહ્યવિહારોમાં સ્વરૂપની મુખ્યતા હતી. સ્વરૂપ છ ગુણવાળું, તેથી સ્વરૂપનિષ્ઠ ગોપીજન પણ છ ગુણરૂપ ગણાવ્યાં હતાં. આન્તર-વિહારમાં ભાવની મુખ્યતા છે. ભાવ સત્ત્વાદિ પ્રકારે દશવિધ, તેથી આ ભાવનિષ્ઠ ગોપીજન પણ દશવિધ સત્ત્વ, રજઃ, તમઃ, - ભાવના ભેદોથી નવ પ્રકાર. દશમો નિર્ગુણ. નિર્ગુણ પણ કર્મ, જ્ઞાન, ભક્તિથી ત્રિવિધ. કુલ બાર પ્રકાર. બાર યુગલમાં તે પોતાના ભાવાનુસાર ગાન કરે છે. ૧ - યુગલ, (શ્લો. ૨-૩) - રાજસ સાત્ત્વિક; ૨ - યુગલ, (શ્લો. ૪-૫) - રાજસ - રાજસ; ૩ - યુગલ, (શ્લો. ૬-૭)- રાજસ - તામસ; ૪ - યુગલ, (શ્લો. ૮-૯) - સાત્ત્વિક- તામસ; ૫ - યુગલ (શ્લો. ૧૦-૧૧) - સાત્ત્વિક-સાત્ત્વિક; ૬ - યુગલ, (શ્લો. ૧૨-૧૩) - સાત્ત્વિક-રાજસ; ૭-યુગલ, (શ્લો. ૧૪-૧૫) (પ્રાયઃ) તામસ સાત્ત્વિક; ૮ - યુગલ, (શ્લો. ૧૬-૧૭) - તામસ રાજસ; ૯- યુગલ, (શ્લો. ૧૮-૧૯) તામસ તામસ; ૧૦-યુગલ, (શ્લો. ૨૦-૨૧) - ગુણાતીત (કર્મ); ૧૧ - યુગલ, (શ્લો. ૨૨-૨૩)- ગુણાતીત (જ્ઞાન); ૧૨ - યુગલ, (શ્લો. ૨૪-૨૫) - ગુણાતીત (ભક્તિ); વેણુનાદ-પ્રાકટ્યપ્રકાર અને મુખ્યદેવસ્ત્રીઓમાં તેનો પ્રભાવ પહેલાં યુગલમાં કહે છે.

મુકુન્દનો મોહક વેણુનાદ !

वामबाहुकृतवामकपोलो वल्गितभ्रूरधरार्पितवेणुम् ।
कोमलाङ्गुलिभिराश्रितमार्गं गोप्य ईरयति यत्र मुकुन्दः ॥
व्योमयानवनिताः सह सिद्धैर्विस्मितास्तदुपधार्य सलज्जाः ।
काममार्गणसमर्पितचित्ताः कश्मलं ययुरपस्मृतनीव्यः ॥ (२-३)

જે ક્ષણે મુકુન્દ ભગવાન્ અધરે ધરેલા વેણુનો નિનાદ કરે છે, તે ક્ષણે વિમાનમાં વિરાજેલાં દેવસ્ત્રીઓ મૂર્ચ્છા પામ્યા છે ! પાંચ પ્રકારે પ્રભુ વેણુનિનાદ કરે છે. - (૧) સ્ત્રીજનોને સુખ દેવા-વામપરાવૃત્ત મુખે, (૨) સ્ત્રી અને પુરુષોને સુખ દેવા-દક્ષિણ (જમણી) તરફ મુખે, (૩) દેવો માટે - ઊંચે, (૪) સામાન્યો માટે કે નીચે વસનાર માટે - નીચે, (૫) સૌને તથા જડને પણ સુખ દેવા માટે સમાન રાખીને. પ્રભુ અત્યારે દેવસ્ત્રીઓ માટે નાદ કરે છે. વામ (ડાબા) બાહુ ઉપર વામકપોલ પધરાવ્યો છે. દક્ષિણ ભ્રૂકુટિ ઊંચે ગતિશીલ થઈ રહી છે. દેવોને તો મનુષ્યોથી અધિક આદર દેવો પડે ને ! ભગવાનના ભ્રૂમાં તો બ્રહ્મસ્થાન છે. વેણુ અધરે ધરેલો છે. અધર તો લોભરૂપ ! પરમાનંદ તે ન દે, અપેક્ષા વધારે, કામ જાગ્રત કરે, તેથી તો વેણુનાદ સાંભળીને દેવાંગનાઓને વિરહ-જનિત ક્લેશ થયો, પરમાનંદ નહિ ! ક્યારેક ક્રિયાશક્તિ વધે, તો લોભી પણ કાંઈ આપે, તે પણ લાગતું નથી,- અહીં તો ! ક્રિયાશક્તિરૂપ કરકમલ, કોમલદલ શી તેની અંગુલિકાઓ ! વેણુનાં છિદ્રો પર કોમલ અંગુલિકાઓ, કોમલતાથી કૃષ્ણે પધરાવી છે ! વેણુનાદનો આરંભ તો મન્દરીતે કોમલતાથી થાય ને ! જો અંગુલિકાઓ ગાઢરીતે પધરાવે તો તાર-નાદ નીકળે, મધ્ય-રીતે પધરાવે તો મધ્ય, કોમલથી મન્દ ! સૌ ગોપીજન તેનાં સાક્ષી છે. "गोप्यः"- સંબોધને સંમતિ સાધી, વેણુનાદનું અદ્ભુત પ્રયોજન સૂચવતાં કર્તાનો પરિચય દીધો, - "मुकुन्दः ।" "मुकुं मोक्षं ददातीति मुकुन्दः ।"- મોક્ષ દે તે,- મુકુન્દ ! વેણુનાદથી જો જગત્ શુદ્ધ થાય, ભગવદ્ભાવ સિવાયના અન્યભાવ-રહિત થાય, તો મોક્ષ (ભજનાનન્દ) દેવા ઈચ્છે છે,- મુકુન્દ ! હિત સૌનું ઈચ્છે છે. વિશ્વોદ્ધાર-પ્રયત્નાત્મા છે ને ! પણ અધિકાર વગર ઉત્તમ વસ્તુ મળે, તો પણ અર્થ શો સરે ?! જે મોક્ષના અધિકારી નથી, તેમને તો કામના જ વધે છે. ત્રણ પ્રતિબંધ અહીં મુક્તિમાં, - (૧) અધિકાર (દેવપણાથી), (૨) અન્યાધીનના (અન્યાશ્રય- સ્ત્રીત્વથી), (૩) ઉપભોગ (દેવસ્ત્રીપણાથી). અધિકાર, અન્યાશ્રય અને ઉપભોગ ન છૂટે ત્યાં સુધી સઘળાં મોક્ષસાધનો કરવા છતાં શાંતિ પણ ન મળે, પછી મોક્ષ કે પરમાનંદની તો વાત જ શી ?! દેવસ્ત્રીઓ સાથે તેમના સિદ્ધ પુરુષો પણ છે. ભગવાન્ સિવાયનું સર્વ કાંઈ તે દઈ શકે તેમ છે ! સિદ્ધોને સિદ્ધિ મળે, તેથી કદાચ પ્રસિદ્ધિ મળે; પણ પ્રભુ ક્યાંથી મળે ?! પ્રભુ સિદ્ધને નહિ. સ્નેહીને મળે છે ! સફલતાથી સંતુષ્ટ થનારને કે નિષ્ફલતાથી નિરાશ થનારને પ્રભુ ન મળે. પ્રભુ મળે છે, - નિષ્ફલતાથી નિઃસાધન થનાર, ઉષ્ણભાવ- પૂર્ણ, શરણાગત, દીનને !

વિમાનસ્થ દેવાંગનાઓને દુનિયામાં દુર્લભ સુખ શું હોય ? ગાનમાં પણ તે તો અતિનિપુણ છે. તેમણે વેણુનાદ સાંભળ્યો. વિસ્મય થયો. અલ્પ આકાંક્ષા થઈ ! વેણુનાદ ધારણ કર્યો ! ધ્યાનથી સાંભળ્યો. સિદ્ધ-સન્નિધિમાં છે ! જાણે તો ? સંકોચ થયો ! પણ ભાવોદ્રેક વધ્યો. બચવાનો ઉપાય ન દેખાયો. લાગ્યું-પ્રાણ જશે ! બચવા શરણ તેનું જ સ્વીકાર્યું ! "काममार्गणसमर्पितचित्ताः ।"- કામબાણોને ચિત્ત સોંપી દીધું ! ભીરુલોકો ભયથી મારનારને જ શરણે થઈ જાય છે ને ! કામરૂપ ભગવાન્ ! અંગુલિકાઓ કામબાણ જેવી ! આ વેણુનાદ કેમ થતો હશે ?! - તે સમજવા અંગુલિકાઓમાં ચિત્ત પરોવાઈ ગયું છે ! કાંઈક સ્વાસ્થ્ય તેથી મળે છે, છતાં કામનાથી મૂર્ચ્છા પામે છે ! સર્વ ભુલાવી દેતી આ મૂર્ચ્છા છે. અરે ! કટિવસ્ત્રનું પણ ભાન દેવાંગના ભૂલી ગયાં !! અત્યંત કામપ્રદ વેણુનાદ છે. તે ગોપીજનને મૂર્ચ્છા દે, તેમાં આશ્ચર્ય શું ?! શ્રીવલ્લભાચાર્યજીએ વ્યાસાશ્રમમાં વેદવ્યાસજીને ત્રણ

અહોરાત્ર સતત આ શ્લોકનો ભાવાર્થ સંભળાવ્યો ! વ્યાસજી પણ મુગ્ધ થઈ ગયા, ધારણ ન કરી શક્યા ! લોકવેદાતીતની લીલા કૃષ્ણ જ વાક્પતિ આચાર્ય રૂપે વર્ણવે. કોણ ધારણ કરી શકે ?!

વક્ષઃસ્થલે સ્થિર-વિધુત્ નન્દસૂનુ કૃષ્ણ !: વેણુનાદ તો પશુને પણ ભોજન ભુલાવે છે !:

અરે ! અબલા ! આ આશ્ચર્ય તો સાંભળો ! વામ બાહુ પર વામ ગાલ પધરાવીને પ્રભુ વેણુનાદ કરે છે. દેવસ્ત્રીઓને માનવવેષે લીલાવિહાર કરતા તે પુરુષોત્તમનો અભિલાષ થયો !! શું કરીએ ? આપણે જઈને દર્શન કરી શકતાં નથી ! **"अबलाः"**- અબલા છીએ ને ! ભગવાનનું સ્વરૂપ સાંભળો ! (૧) **"हारहास"**- હાર જેવા હાસ્યવાળું છે. (૨) **"उरसि स्थिरविद्युत्"**- વક્ષઃસ્થલે સ્થિરવિધુત્‌વાળું છે. (૩) **"नन्दसूनुः"**- નન્દપુત્રરૂપ છે. (૪) **"आर्तजनानां नर्मदः"**- સર્વ (દુઃખી) આર્તજનને સુખ દે છે. **"अयम्"**- આ ! આંખ સામે દેખાય છે ને ! નહિ તો આમ પ્રકટ ન થાય. લીલાસહિત પ્રિયપ્રભુ શ્રીગોપીજનના હૃદયમાં પ્રકટ થયા છે ! તે જ્યારે જે લીલા કરે છે, તેમ હૃદયમાં સ્ફુરે છે ! તેમાં કાંઈ અયોગ્ય નથી. દ્વિતીય મુહૂર્તે વિહરતા સ્વરૂપને વર્ણવે છે. ભગવાનનું હાસ્ય તો મુક્તાહાર જેવું છે. રત્નપ્રભા શી દાંતની કાન્તિથી એવું દેખાય છે. જાણે રત્નજડિત મૌક્તિક-માલા ! અન્યનું તો હાસ્ય એકરૂપ હોય. દાંતમાં પ્રભા ન હોય. પ્રભુનાં સ્નેહરૂપ દાંત શ્વેત મોતી શા ! લોભાત્મક અધરની લાલિમાની પ્રતિછાયા રત્ન જેવી ! હાસ્ય-માયારૂપ, - રત્નજડિત મોતીમાલા શું ! પુત્ર વગેરેમાંની આસક્તિ તેથી પ્રભુમાં સ્થિર થાય છે. સ્નેહકલાની માયા વિભક્ત થાય છે. વિધુત્ અને ધન બંને સ્વલ્પ - સ્થિર. ધન વગેરેની આસક્તિ પણ તેથી પ્રભુમાં સ્થિર થાય છે. **"स्थिरविद्युत्"**- થી તે કહે છે. સ્થિરલક્ષ્મી ભગવાનના વક્ષઃસ્થલે વિરાજે છે ! ભગવત્સ્નેહથી સર્વાત્મપણે માયાનું દૂર થવું, તે પ્રમાણબલ છે. સ્નેહ સ્થિર થતાં, માયાનિવારણ થાય. હાસ્ય-માયારૂપ ! દાંત - સ્નેહરૂપ ! આમ, સ્નેહ અને માયાનું કાર્ય સાથે થતાં, ભગવત્સ્નેહવાળું વ્રજસંબંધી જીવરૂપ જગત્, વિષયરૂપ પ્રપંચમાં મોહ પામે છે. આ એક આશ્ચર્ય છે. ભગવાનમાં રાગવાળાને પણ અન્યમાં રાગ દેખાતાં ભક્તોને ખેદ થાય, તેનું સૂચક છે, - **"हन्त"**; નહિ તો આમ રાગ ન થતાં, સ્નેહથી સર્વત્યાગ થતાં, તેમની સાથે લોકમાં લીલા ન થાય, તેથી ભગવાન્ ભક્તોની વિષયરૂપ પ્રપંચમાં આસક્તિ કરાવે છે.

અથવા; ભગવાનના વક્ષઃસ્થલે હારની જેમ હાસ્ય રહેલું છે; તેથી વિભાગની સ્થિરતાથી પ્રપંચમાં સૂચવેલી આસક્તિ ભગવાન્ પોતાનામાં કરાવે છે ! માત્ર સ્વસંબંધી આસક્તિ કરાવતો ગુણ જગતમાં અપ્રસિદ્ધ છે, તેથી પણ આશ્ચર્ય છે. આ અર્થમાં **"हन्त"**- હર્ષસૂચક છે. **"हारहासः"** અને **"उरसि स्थिरविद्युत्"**- નો અર્થ અતિગૂઢ છે; કેવલ કૃપાપાત્રને જ સમજાય, તેથી સ્પષ્ટ નિર્દેશ શ્રીમહાપ્રભુજી કે શ્રીગુસાંઈજીએ કર્યો નથી ! માત્ર ભગવાન્ પર ભાવવાળાના અન્યધર્મો દૂર થાય, તે સ્વાભાવિક છે. તે પ્રમાણબલ-નિરાસ છે. આ પ્રભુ નન્દજીના પુત્ર થયા છે, તથા આર્તજનોને પોતે પધારીને સુખ આપે છે. આ સ્પષ્ટ દેખાય છે. મોટાઓ તો તેમ કરતા નથી ! તેથી આ આશ્ચર્ય છે. આ અર્થ પ્રકટ કરતાં પ્રભુ વેણુકૂજન કરે છે. અથવા; પહેલાં કરતાં મુખ નીચે રાખીને પ્રભુ વેણુનાદ કરે છે, તેથી હારવત્ હાસ્ય જે વક્ષઃસ્થલમાં વિરાજે છે., તેનો વિભાગ અને સ્થૈર્ય આશ્ચર્ય છે. શ્રીવત્સ પણ ઉત્તમ છે. શોભા માટે તેની સ્થિરતાનું વર્ણન છે. તેવા પ્રભુ નન્દપુત્ર રૂપે પધારતાં સ્નેહ વધે છે. તેમાંય આ તો પોતાના ઉપકારક છે ! વેણુકૂજન તો સૌનાં પ્રાણધર્મને આકર્ષે છે ! પશુને પણ તે

ભોજન ભુલાવે, ત્યાં અન્યની તો ગતિ જ શી ? ! એકાદ નહિ, પણ જેમાં વેણુનાદનો પ્રવેશ થયો, તે બધાં પશુઓ ટોળાબંધ ભાન ભૂલ્યાં ! વ્રજમાં રહેલા મત્તસાંઢ અને બીજાં પશુઓ, વનમાં રહેલાં મૃગ અને ગાયો, સૌનાં ચિત્ત વેણુનાદથી હરાઈ ગયાં ! પ્રભુ પાસે પણ તે જઈ ન શક્યાં ! દૂરથી જ સ્થિર થઈ ગયાં ! વેણુનાદનો આ સ્વાભાવિકધર્મ છે, સ્વરૂપસામીપ્ય (પ્રભુ પાસે છે તે)નો પણ નહિ ! વેણુનાદ પહેલાં તેમણે ઘાસ ખાવાનું શરૂ કરેલું, ત્યાં તો વેણુનાદ થયો. આવેલા કોળીઆ મોંમાં અટકી ગયા ! ન છૂટે, ન અંદર ઊતરે ! કાન ખડા થઈ ગયા ! જાણે તે સૌ નાદથી નિદ્રિત થઈ ગયાં ! ચિત્રમાં હોય તેવાં સ્થિર થઈ ગયાં ! સ્થાવર કરતાંય વધારે સ્થિર થઈ ગયાં ! દેવાંગનાની મૂર્ચ્છા કરતાં પણ આ તો અધિક નાદમહિમા છે ! વિચિત્ર છે, આશ્ચર્ય છે !

મલ્લવેશ - ધારી પ્રભુના ચરણે સ્થિર - નદીઓ ! વક્ષઃસ્થલે અચલ લક્ષ્મીવાળા પ્રભુનાં, ગોપો દ્વારા, ગુણગાન ! :

આવેશ અને ગોચારણનો વેશ પહેલાં કહ્યો. હવે, ભગવાને દિવ્ય નૃત્યલીલા-વેશ ધર્યો છે. મયૂરપિચ્છ-ગુચ્છ મસ્તકે વિરાજે છે. ગૈરિકા વગેરે ધાતુઓનાં સુંદર ચિત્ર કર્યાં છે. કમલ વગેરેનાં પત્ર ધર્યાં છે. "**बद्धमल्लपरिबर्हविडम्बः**"- મલ્લના જેવો વેશ ધર્યો છે ! મલ્લકાછનીના શૃંગાર રાસાદિ-નૃત્યમાં ધરે છે ને ! નૃત્યોપયોગી તાર-નાદ છે. આંગળીઓ વેણુ પર ગાઢ ધરી છે. ક્રિયાશક્તિરૂપ બલરામજી સાથે છે. "**आलि**"- સખિ ! સંબોધને ગુપ્તવાત કહી દીધી, છેતરતાં નથી, તેમ સમજાવી દીધું.- લાગે છે ! આ ગોપી નહાવાના કે કોઈ બહાને દર્શન માટે ત્યાં જઈ આવ્યાં છે ! સર્વરસાનુભવ દેતા ભોક્તા પ્રભુ વિરાજે છે. સાથે ક્યારેક ગોપો છે. આનાથી વૈકુણ્ઠસ્થિત-લીલા પણ કહી. લક્ષ્મીજી વ્રજમાં રાત્રે ગોપીજન સાથે અને દિવસે ગોપો સાથે રહીને પ્રભુ પાસે જ વિરાજે છે ! વિહાર પછી ભગવાન્ વેણુનાદથી ગાયોને બોલાવે છે. મુકુન્દ ભગવાન્ તો સાધન વગરનાં સ્વજનને બોલાવીને પણ મોક્ષ (દર્શનસુખ) દેવા ઈચ્છે છે; તેથી અધિક રસદાન પણ ઈચ્છે છે ! વેણુનાં છિદ્ર પર આંગળીઓ ગાઢ નર્તન કરે છે, તારદાન પ્રકટે છે. તે જ ક્ષણે નદીઓને લાગ્યું,- આ અમને બોલાવે છે ! ગાય અને સરિતા-બંનેનો યૌગિકાર્થ તો એક જ ને ! गच्छन्तीति गावः ।"અને "सरन्तीति सरितः ।"- ગમનશીલ ગાયો અને સરણશીલ સરિતાઓ ! જાય તે ગાય; સરે તે સરિત્ ! ગતિ બંનેમાં સામાન્ય ! ભગવાન્ બોલાવે ! આજ્ઞા કરે ! અટકાવે ! પછી દૂર જવાય કેમ ? ! ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કોઈથી ન થાય. પ્રવાહ-સ્વભાવવાળી વહી જતી નદીને વૈષ્ણવકામના થઈ ! પ્રવાહ અટકે નહિ તેવી નદી ! સમુદ્ર તેનો સામાન્યરીતે સ્વામી. તેને ભગવાન્ સ્વામી બને-તેવી સ્પૃહા થઈ ! તે માટે ચરણકમલરજઃ-કામના થઈ ! લોકપ્રવાહ કે જન્મમરણ કે સંસારરૂપ પ્રવાહમાં સરનારને પણ, પ્રભુપ્રાપ્તિની વૈષ્ણવકામના થાય, તો પણ તે પ્રવાહ અટકી જાય ! નદી અતિજડ ! ચરણરજઃ મળે ક્યાંથી ? પવનને પાણીનો સંબંધ શીતલતા માટે ગમે ! પવન પ્રભુની ચરણરજઃ સાથે લાવે ! ચરણરજઃથી દેહ ભગવદીય બને ! ભગવદીય (દેહ) વિના ભગવત્સંબંધ ક્યાંથી મળે ? દેવતારૂપ નદીને આ સ્પૃહા થઈ ! કાલિન્દીને કામના કૃષ્ણની થવાનીછે ને ! રાજલીલાનું તે સ્વરૂપ, પુષ્ટિમાં તો યમુનાજી વિરાજે છે. "**सर्वाभेदादन्यत्रेमे** ।"- ન્યાયે ! હમણાં તો બહુપુણ્ય નથી ! કૃપામાં કારણરૂપ ભાવ, પુણ્યરૂપ છે. તેવું ભાગ્ય ક્યાંથી મળે ! ? "વેણુગીત"માં "**नद्यस्तदा...।**"- માં દેવતારૂપ નદીને

લીલાલાભ ન હતો, હવે તો ગોપાલ પ્રભુ "ગોવિન્દ"- ઈન્દ્રરૂપ-થયા છે ને ! લીલાલાભ સંભવે પણ ખરો ! શીઘ્ર ગોપરૂપ, દિવસે ગોપરૂપ, રાત્રે સ્ત્રીરૂપ, લીલાસ્થ ભક્તોને પ્રાપ્ત થાય છે ને ! પુણ્ય વિના ઈચ્છેલો લાભ ક્યાંથી મળે ?! આપણે ગોપી ! દિવસે ગાય કે ગોપ થઈ શકતાં નથી ને ! "**अबहुपुण्याः**"- બહુ પુણ્ય વગરનાં છીએ;- તેમ લાગે છે. નદી કામના કરે છે, કૃતાર્થ થતી તો નથી. હા ! સાત્ત્વિકભાવ દેખાય છે. પ્રેમથી તેની તરંગરૂપ ભુજા કંપે છે, પવનથી નહિ ! વિરહસંતાપ લાગે છે ! "**प्रेमवेपितभुजाः ।**" "**स्तिमितापः ।**"- જલ પણ સ્તબ્ધ-સ્થિર-થઈ ગયાં છે !

લતા, પક્ષી અને મેઘ વેણુનાદથી ભક્તિપૂર્ણ થઈ ગયાં છે. વૃન્દાવનમાં વૃક્ષ-લતા તો વૈષ્ણવ છે. વેણુનાદથી પ્રેમરસ તેમનામાં ઉભરાયો છે. ભગવાનનું વર્ણન હવે ત્રણ પ્રકારે છે. - (૧) "**अनुचरैः समनुवर्णितवीर्यः ।**"- સેવક ગોપોથી સુંદર રીતે વર્ણવાયેલ લીલારૂપ પરાક્રમવાળા. ભગવદ્ભક્તોને સ્નેહ વિના કયો મહિમા જોઈએ ? ભક્તિ-અનુસાર આ વર્ણન છે. (૨) "**अनुचरैः समनुवर्णितवीर्य आदिपुरुष इव ।**"- આદિપુરુષ પુરુષોત્તમની જેમ, અનુસરનારા સેવકો-વેદો-દ્વારા યોગ્ય રીતે વર્ણવાયેલું જગત્કર્તૃત્વ વગેરે પરાક્રમવાળા. જગત્કર્તૃત્વ વેદોક્ત છે. વેદાનુસાર આ વર્ણન છે. (૩) "**अनुचरैः समनुवर्णितवीर्य आदिपुरुष इवाचलभूतिः ।**"- અચલ લક્ષ્મીવાળા પુરુષોત્તમની જેમ, સેવક-દેવાદિ-દ્વારા સુંદર રીતે વર્ણવાયેલા પરાક્રમવાળા. લોકોમાં મહિમા લક્ષ્મીનો ને ! આ લોકાનુસાર વર્ણન છે. ક્રમપ્રાપ્ત વૃન્દાવન-પ્રવેશ આ યુગલમાં છે. વનમાં વિચરતા ભગવાન્, પર્વત પાસે ચરતી ગાયોને, પોતાની પાસે બોલાવવા વેણુનાદ કરે છે. પશુ છતાં પોતાનાં છે ને ! પોતાનાં બને તે પશુ હોય, છતાં પ્રભુ તેમનું હિત જરૂર કરે છે ! "**सः**"- સંકેતાનુસાર નિકુંજવિહારી પ્રભુ છે. જ્યાં વેણુનાદ થયો, તે જ ક્ષણે વૈષ્ણવ વનસ્પતિએ મધુરાધિપતિના માનમાં મધુર આનંદરૂપ મધુધારા વહાવી, લીલાનુકૂલ રસ પ્રકટ કર્યો. આશ્ચર્ય છે ! વેણુનાદ દ્વારા પ્રભુ તેમાં પધાર્યા છે ને ! નહિ તો નાદજ્ઞતા અને સ્વનામ-સંકેત ન હોય ! એક જ સમયે, વેણુનાદથી ભગવાન્ સૌનાં નામ દઈને, અભિલાષ પણ પ્રકટ કરે છે ! પ્રભુ પોતાની પાસે પધાર્યા ! પ્રિયજનોને પોકારે પણ છે ! વનસ્પતિએ પોતાનામાંનો આનંદ પ્રકટ કર્યો. ભગવાન્ અને ભગવદીય પધારે તો કયા ભગવદીયજનને આનંદ ન થાય ? તે તો પોતાનું સર્વસ્વ પણ તેમના સુખ માટે, સેવામાં સમર્પણ કરી દે ! સર્વમાં પ્રવેશેલા આનંદરૂપ પ્રભુ પ્રકટ થાય, તો સઘળું સચ્ચિદાનંદ-ભગવદ્રૂપ બની જાય ! વૃક્ષ વગેરેમાં પાંચ ધર્મો પ્રકટ દેખાય છે; તેમાંના પ્રભુને તે વ્યક્ત કરે છે. પ્રભુ પધારે તો સઘળાં ગૌણફલ અને પરમફલ પણ સુલભ બને.- (૧) લીલોપયોગી પુષ્પ-ગૌણફલ. (૨) ફલ-પરમફલ. વનસ્પતિ ઉભય સમૃદ્ધ થયાં. આ ક્રિયાશક્તિના પ્રાકટ્ય રૂપ છે. (૩) સત્પુરુષોની જેમ તે પ્રભુને નમે છે, ભારથી જ નહિ. "**प्रणतभारविटपाः**"માં - "**प्रणत**"- પહેલાં તેથી છે. (૪) પ્રેમથી તન પુલકિત થયાં છે. ભક્તોને જ પ્રેમથી રોમાંચ થાય. સૂકાં વૃક્ષ પણ હરિયાળાં થઈ ગયાં, પુષ્ટ થયાં. પ્રભા વધી. (૫) મધુધારા થઈ. આ જ્ઞાનશક્તિના પ્રાકટ્યરૂપ છે.

વૃન્દાવનમાં પક્ષીઓ પણ મુનિજન રૂપ છે. તેમને ગીત વગેરેથી ભગવદ્ભાવ નથી સ્વાભાવિક જ છે, છતાં લોકનજરે અન્યથાબુદ્ધિ થાય, તેથી રૂપ અને નાદથી તેમની ભજનદિ કહે છે.

દર્શનીય-તિલક ભગવાન્ ગાયક ભ્રમરોનું સન્માન કરે છે!:

હંસાદિ-પક્ષીઓ મૌન રીતે પાસે રહીને પ્રભુને સેવે છે!:

दर्शनीयतिलको वनमालादिव्यगन्धतुलसीमधुमत्तैः ।
अलिकुलैरलघुगीतमभीष्टमाद्रियन् यर्हि संधितवेणुः ॥
सरसि सारसहंसविहङ्गाश्चारुगीतहृतचेतस एत्य ।
हरिमुपासत ते यतचित्ता हन्त मीलितदृशो धृतमौनाः ॥ (१०–११)

જગતમાં અનેક વસ્તુઓ. તેમાં, જોવા લાયક ઓછી. તે કદાચ પ્રદર્શનીય ગણાય, પણ દર્શનીય તો ખૂબ ઓછી! દર્શનીયતિલક તો માત્ર એક, - ભગવાન્ શ્રીકૃષ્ણ! દર્શનીયોમાં પણ શ્રેષ્ઠ! દર્શનીય-તિલક પણ કૃષ્ણનું ને! પ્રિયપરવશતાનું તે સૂચક! સર્વને વશ કરનાર પણ સ્નેહવશ છે! "रूपभेद-विदस्तेभ्यः ।"- થી તૃતીયસ્કન્ધમાં પક્ષીઓને રૂપભેદજ્ઞ કહ્યાં છે. વૃન્દાવનનાં આ પક્ષીઓ તો રસિક મુનિવરો છે! પોતાના સમાધિસૌભાગ્ય શા ભુવનસુન્દર-સન્નિવેશરૂપ શ્યામસુંદરના દર્શન તે માણે છે! વેણુના તો હિતકારી છે, સ્વજનના અપરાધને પણ ગણતો નથી. વનમાલીજીની વનમાલામાં દિવ્યગંધવાળાં તુલસીજી વિરાજે છે. તુલસીનો ગંધ તો માદક ન હોય! તેમાંય આ તો દિવ્યગંધવાળાં વનમાલામાં વિરાજતાં! છતાં તેમાં મકરન્દ મળે છે, ભ્રમર મત્ત બને છે! ત્રણ તેમાં કારણ, ગન્ધની માદકતાનાં,- (૧) લીલાવિહારમાંનો પ્રિયસંગ-પ્રસંગનો સુગંધ તેમાં છે, - "दयितगन्धतुलस्याः ।" "तुलसिकालिकुलैर्मन्दान्धैरन्वीयमानः ।" - માં પણ પ્રસિદ્ધ છે. લોક-વેદાતીત પુરુષોત્તમની, વનમાલાનાં તુલસીજી પ્રિય-દિવ્યગન્ધવાળાં છે! ભક્તો અને ભગવાનને લીલાવિહાર-સ્મૃતિ દેનારાં છે! તેમાં ગંધ-મધુ-વગેરેનું સ્વરૂપ પ્રભુ જાણે છે. લોકવેદપ્રથિત પુરુષોત્તમની વનમાલાનાં તુલસીજી સ્વદોષભાન કરાવી દાસભાવ દેનારાં દેખાય છે! - "तस्यारविन्दनयनस्य पदारविन्दकिञ्जल्कमिश्र-तुलसीमकरन्दवायुः । अन्तर्गतः स्वविवरेण चकार तेषां सङ्क्षोभमक्षरजुषामपि चित्ततन्वोः ॥"- પુષ્ટિ-પુરુષોત્તમની માલાનો તુલસીજીનો દિવ્યગંધ માણનારા ભ્રમર સામાન્ય નથી! "अलिकुलैः"- માં તે તો "કુલ" શબ્દે ઉત્તમકુલવાળા ગણાય ને! "अलं"- શબ્દ પૂર્ણતાવાચક. પૂર્ણતાવાળા- "अलि ।" "रसो न लीयते, न नश्यति यत्र येन वा सोऽलिः ।"- જ્યાં કે જેથી રસ નાશ ન પામે તે,- અલિ! "दशहूतो ह वै नामैषः । तं वा एतं दशहूतं सन्तं दशहोतेत्याचक्षते परोक्षेण । परोक्षप्रिया इव हि देवाः ।"- શ્રુતિ છે. "દશહૂત" ને "દશહોતા" પરોક્ષથી કહે છે. દેવોને પરોક્ષપ્રિય છે. "परोक्षं च मम प्रियम् ।"- પ્રભુને પણ પરોક્ષ પ્રિય છે; તેથી સ્વપ્રિયને પરોક્ષતાથી ગુપ્ત કરવા માટે ભગવાને "अली"ને "अलिः"- રૂપે કહ્યા! આ "અલિ" છે, બીજા તો "ભ્રમર" છે! તેના ગીતમાં તો રસનો ભાર ભર્યો છે, તેથી "अलघुगीत"- ગાય છે. ભગવાન્ સિવાય કોઈ તેનો ભાર વહન કરી ન શકે! તેથી તો ભગવાન્ પણ તેનો આદર કરતાં વેણુનાદ કરે છે! - "आद्रियन् यर्हि कूजितवेणुः ।"

(૨) ભગવાનની કીર્તિરૂપ વનમાલા પર આ ભ્રમર ગુંજે છે. તેમનું ગુંજન તો ભગવાનના યશોગાનરૂપ છે. કીર્તિનિષ્ઠ માધુર્યરસ છે. (૩) ગુણાતીત-ભક્તિરૂપ તુલસી છે, તેનો મધુ તો અલૌકિક-ભક્તિરસાત્મક છે, અન્ય-સર્વવિસ્મારક છે, તેથી અતિમત્ત ભ્રમર છે. ઈશ્વરની પણ પાસે પહોંચીને રસમત્ત બનીને ગાન કરે છે. ગાન તો લઘુ નથી, મુક્તમને અને મુક્તકંઠે, ભાવોદ્રેકથી વિસ્તૃતપણે

થઈ રહ્યું છે ! વાસ્તવમાં તો, આ ગાન પ્રભુને પૂર્ણ પ્રસન્ન કરનારું છે. ભગવાનને અભીષ્ટ છે ! તેથી તો તે આદર દે છે ! વનમાલા પર અનેકવિધ ભ્રમરો ઝંકાર કરે છે. પક્ષીઓમાં ભ્રમર હીન ગણાય ! તેમાંય મત્ત ! છતાં તેમના ગાનનો આદર ? ! ઉદાર કૃષ્ણ ! વનમાલા પરથી ભગવાન્ ભમરાને દૂર કરતા નથી, ભમરા ભમતા રહે તેમ, મધુપને મનગમતી રીતે ભગવાન્ આદર દે છે, વેણુ બજાવે છે ! ગાયકનું ગાન-કંઠરવ-ડૂબી ન જાય તેમ, તાલ દેતાં ઝાંઝ-પખાવજ-મૃદંગ વગેરે મૃદુતાથી બજાવાય ને ! સંગીતમાં તે સુજ્ઞતા ગણાય. વાદ્યોના ધ્વનિમાં ગાન સંભળાય પણ નહિ તે તો અનાદર કે કોલાહલ ન ગણાય ? ! સંગીતમાં ગીત મુખ્ય હોય, વાદ્ય તેને અનુકૂલ બજાવાય. કલાદિગુરુ, કલાનિધિ ભગવાન્ કૃષ્ણ, આ કીર્તન-પદ્ધતિ પણ સમજાવે છે ને ! ગાન-તાનમાંથી કે સંગીતના સ્વરમાંથી, તાલ કે આરોહ- અવરોહમાંથી, મળતો આનંદ, ભગવાનમાં નિરોધ કરાવતો નથી ! સૌને સંગીત સ્પષ્ટ સંભળાય તો સ્વાદ-આનંદ આવે.

ભગવાને આમ આદર દેતાં વેણુકૂજન કર્યું, તે જ સમયે સરોવરમાં રહેલાં, સારસ હંસ-વગેરેનાં ચિત્ત ભગવાનના ચારુ-ગીતથી હરાયાં ! "**यर्हि**"- ભગવાન્ પણ ભ્રમરનાં ગુંજન શ્રવણથી રસમગ્ન છે, મૌન છે. રસમત્ત થતાં ક્યારેક વેણુકૂજન કરે છે ! "**सरसानां भक्तानां सम्बन्धिनः सारसाः ।**"- રસાલ ભક્તોનાં સંબંધી-જલવાસી-સારસ, ભક્તાગમનસંકેત-સૂચક છે ! ક્ષીરનીરવિવેકી-હંસ, આવેલા ભક્તોના ભાવનું નિવેદન કરનાર ! ઉત્તમગતિવાળાં પક્ષીઓ ! ભક્તાભિલાષપૂરક-ચારુ-ભગવાનનું ગીત છે. વશ તેથી તેમનાં ચિત્ત થયાં છે. આ પણ ભક્તિમાર્ગાનુસાર ભજન છે ! પ્રભુની નિકટમાં જઈને સેવારત તે થયાં છે ! - "**एत्य हरिमुपासत ।**" પોતાના સ્થાનમાં રહીને અંતર્યામી કે જ્ઞાનરૂપનું આ ભજન ઉત્તમ નથી ! ભ્રમર કરતાં પણ આ વૃન્દાવનના પક્ષીરૂપ ભગવદીય મુનિયોનું ભજન ઉત્તમ છે. "**यत्तचित्ताः**"- ગાનવશ તેમનું ચિત્ત નિયત છે,- ભગવાનમાં ! નિયતચિત્તે થતું ભગવદ્- ભજન મુખ્ય છે, ભટકતા ચિત્તે થતું નહિ ! આ સદ્ભાગ્ય આ પક્ષીઓનું ! ! બાહ્યપ્રવૃત્તિ (વ્યવહાર, વ્યવસાય) વગરના ભક્તો ભગવદ્ભજનમાં સર્વોત્તમ ગણાય ! પુષ્ટિમાર્ગના ૮૪ વૈષ્ણવોમાં પણ પદ્મનાભદાસજી આવા ! કોટિમાં વિરલ ! સઘળું છોડ્યું - આજીવિકા. પણ ! ભજનરત થયા. વિપત્તિમાં વિકલ ન થયા ! સૌની બુદ્ધિ આવી દૃઢ ન હોય, તેથી આ તો સુદુર્લભ છે. શ્રીવલ્લભાચાર્યજી ભજનમાં તેથી બે કક્ષા બતાવે છે. - (૧) "**अव्यावृत्तो भजेत् कृष्णं....।**"- વ્યવહાર-વ્યવસાય વગર કૃષ્ણસેવા. (૨) "**व्यावृत्तोऽपि हरौ चित्तं....।**"- વ્યવહાર-વ્યવસાય કરતાં પણ ચિત્ત કૃષ્ણમાં જ રાખીને, (કૃષ્ણનિમિત્તે) સઘળું કરવું. અધિકાર પ્રમાણે ઉપાય કરવો, પણ કૃષ્ણસેવા તો કરવી જ, ચિત્ત કૃષ્ણમાં જ રાખવું. બાહ્યપ્રવૃત્તિ કરતાં માનવે, અનર્થમાંથી ઉગરવા સંયમ બેનો સુદૃઢ રાખવો - સાધવો. - (૧) નેત્ર, (૨) વાણી. વાણીથી ભગવત્સંબંધ વગરનું કાંઈ બોલવું નહિ. છૂટકો ન હોય તો જ, આવશ્યક હોય તેટલું જ બોલવું ! વ્યર્થ વાણી, વ્યર્થ વખત વેડફાવે, બંધન વધારે, જીવન વેડફાય ! આંખથી સ્વરૂપદર્શન કરવાં કે નેત્ર બંધ રાખીને લીલા કે સ્વરૂપની ભાવના સતત કર્યા કરવી. અનિવાર્ય હોય તેટલો જ ઉપયોગ આંખનો વ્યવહારમાં કરવો. આંખ ઈર્ષ્યા કરાવે, અકળાવે, અથડાવે ! પક્ષીઓનાં નેત્ર બંધ છે, મુખે મૌન છે. નાદરત થઈ ગયાં છે સૌ ! મુનિ છે ને ! એટલે મત્ત ન થાય ! મગ્ન થાય. રસસ્વભાવ જ યથાસમયે લીલાનુકૂલ બનાવે છે.

પુષ્ટિસેવામાં રાજભોગદર્શનમાં ખંડપાટ પર પક્ષી, રમકડાં, બીજી રમતો વગેરે પધરાવવામાં આવે છે. આ શ્લોકમાં કહેલી રીતે, પ્રભુ પાસે તે ધરાય. કોમલ પ્રિયતમ કૃષ્ણને પરિશ્રમ ન થાય ! અવતાર વખતે વનમાં પ્રભુને પધારવું પડતું. સેવામાં તો સ્નિગ્ધહૃદય શ્રીવલ્લભાચાર્યજીએ મંદિરમાં નિકટ જ વનની પણ સામગ્રી ધરી દીધી. વનમાં પધારવાનો પ્રિયપ્રભુને પરિશ્રમ ન રહે ને ! આમાં જીવતાં સામાન્ય પક્ષી ન પધરાવાય. તેમનાં નેત્ર બંધ ન રહે, મુખે મૌન ન રહે, લીલાનુકૂલ ન થાય ! પક્ષીઓ વગેરેનાં પ્રતીકમાં તે સૌનાં ભાવાત્મક સ્વરૂપો વિરાજે છે. તે માત્ર રમકડાં રહેતાં નથી. લીલાના ભાવે ભગવદ્રૂપ બને છે ! "दर्शनीयतिलकः"- ભગવાનનું રૂપ, નેત્રનો નિરોધ કરે. દર્શન અને સેવાનું સૂચન તેમાં છે. "कूजितवेणुः"- ભગવાનનું નાદાત્મક રૂપ. વાણીનો નિરોધ કરે. શ્રવણ અથવા કીર્તનનું- કથાનું તેમાં સંસૂચન છે. સેવા-કથામાં રત રહેનારને સર્વનો નિરોધ સુલભ થાય. "યુગલગીત"માં "રૂપ-નામ"નો યુગલસંબંધ સર્વત્ર દેખાય છે ! કદાચિત્, ક્વચિત્, આધુનિક દેશ-કાલ-અધિકાર પ્રમાણે-સેવાદિ ન બને, દર્શનાદિ પણ ન બને, તો કેવલ કથા દ્વારા પણ નિરોધ જણાવ્યો છે. કથાપ્રસંગ-લીલા-નો ભાવ માણવા નેત્ર બંધ થઈ જ જાય ને ! આ પક્ષીઓને તો પ્રભુના ગીતશ્રવણથી ચિત્ત આકર્ષાયું, નિકટ પણ પહોંચ્યાં, સ્વરૂપશર્દન મળ્યું. અરે ! મત્તભમરાને અનુસરતા વેણુનાદે પણ ચિત્ત સ્થિર થઈ ગયું ! વાણી-કર્મેન્દ્રિય, નેત્ર-જ્ઞાનેન્દ્રિય, આમના નિરોધથી, ઉપલક્ષણે સર્વેન્દ્રિયવૃત્તિઓનો નિરોધ પણ થઈ ગયો ! કથા દ્વારા પણ સર્વફલ સુલભ થાય, તેનું આ સૂચન છે ને ! "हन्त"- શબ્દ સ્વરૂપસેવાનો લાભ સુલભ નથી થતો, તેનો સંતાપ પણ સૂચવે છે. જે ભગવન્માર્ગીય-સાધન-લાભ-ન થઈ શકે, તેનો સંતાપ તો જરૂર થવો જ જોઈએ, તો જ પુષ્ટિમાર્ગીયતા તેની રહે. શીતલભાવ તો મર્યાદાભક્તિ રૂપ છે.

વેણુનાદથી વિશ્વને ભરી દેતા ભગવાનને છત્ર ધરતો મેઘ ! :

અનેક બ્રહ્માંડ-ગોપાચરણ - વિદગ્ધ પ્રભુના વેણુનાદ - તત્ત્વને ન સમજતા દેવોનો ક્લેશ ! :

બલરામજી સાથે, માલામય કર્ણાભરણના વિલાસવાળા પ્રભુ, ગિરિશિખરો પણ હર્ષિત થઈને, સૌને હર્ષિત કરતાં, જ્યારે વિશ્વને વેણુરવથી ભરી દે છે, ત્યારે મોટાના અતિક્રમણના શંકાશીલ-ચિત્તવાળો મેઘ (ઉપર સ્થિર થઈને) મંદમંદ અનુગર્જન કરે છે. જલકુસુમથી સુહૃદ્ ઘનશ્યામને અભિનંદે છે ! પોતાની દેહછાયાથી જાણે છત્ર ધરે છે ! આમ, આત્મનિવેદન કરે છે. આ વેણુનાદ તો વિશ્વના સર્વધર્મો દૂર કરીને પોતે જ પૂર્ણરૂપ છે ! પ્રભુના આભાસરૂપ પણ મેઘ છે. મેઘને લાગ્યું, વિશ્વને વિભુએ જ કૃતાર્થ કર્યું. પોતાનું પ્રયોજન કાંઈ ન રહ્યું ! તેથી ગૌણ થઈ ગયો, જન્મસફલતા માટે વિભુ પર વરસ્યો ! આ વિશ્વપૂરણ, અર્થવાદ રૂપ - માત્ર સ્તુતિ -નથી. સૃષ્ટિકરણ-ક્રિયાશક્તિથી પણ વિશેષ ક્રિયારૂપ બલરામજી સાથે છે ! માલા કીર્તિમયી છે. કાન દિશાઓ રૂપ છે. કૃષ્ણે, કર્ણમાં ધરેલું માલામય અવતંસ (આભૂષણ), દશે દિશાઓમાં કીર્તિ ભરી દીધી છે; તેનું સૂચક છે. ભગવત્કીર્તિ- પ્રતિપાદક ભાગવતશાસ્ત્ર, સર્વવેદમાં આભરણ રૂપ છે ! તેમાં, વિલાસયુક્ત ભગવત્કીર્તિ સર્વોત્તમ છે ! સ્વરૂપ અને ગુણથી ક્રિયાનો આ મહિમા છે. તેની સહકારિણી છે, - ઈચ્છા ! હર્ષ થયો છે- પ્રભુને ! અને હર્ષ દે છે પણ સૌને ! તેથી કર્યો વેણુરવ ! પૃથ્વીના આધારરૂપ પર્વત, તેના શિખરેથી કરેલો ગંભીર તારનાદ વિશ્વને ભરી દે ને ! મેઘનાદથી પણ તે અધિક ! ત્યારે પસાર થતો મેઘ વિશ્વજીવન રૂપ

નીલમેઘશ્યામના મસ્તકે અડક્યો ! પસાર થાય તો અજાણતાં આ મોટાનું ઉલ્લંઘન કર્યું ગણાયને ! બિંદુ વરસાવ્યાં, જાણે પુષ્પોથી પૂજન કર્યું ! છત્ર ધર્યું, જાણે રાજ્ય દીધું ! "ગોવિન્દ" - સૌએ પ્રભુને ગણ્યા છે ને ! પોતે પણ સ્વામી ગણ્યા, છાયા કરી, જાણે આત્મનિવેદન કર્યું ! સૂર્ય નીચે હોય ત્યારે, ઉપર રહેવાથી છાયા ન થાય, તેથી છાયા જુદી કહી !

વેણુનાદથી જ્ઞાનીને સંદેહ, શ્રુતિને મોહ અને વનવાસીઓને સર્વપરિત્યાગ થયો. ગોપીના ગાનમાં અહીં મા યશોદાજી પધાર્યાં છે. "**सति**"- તેમને કહ્યાં. "**तव सुतः**"- "આપના પુત્ર," અને માને દીકરાનો નિર્દોષ મહિમા ગમે ને ! માના પુત્ર, છતાં ભગવાન્ તો સર્વ અચિન્ત્ય પણ કરે છે ! તેમ, બ્રહ્માના બ્રહ્માંડમાં પધારીને બ્રહ્માને પણ ન સમજાય તેવી લીલા કરે છે ! અધરે વેણુ ધર્યો છે ! અધર તો બિમ્બ શો ! સૂર્યવત્ પ્રકાશક ! સૌનો પ્રકાશ કરનારને તેનાથી પ્રકાશ પામનારાં શું સમજે ? વેણુ ત્યાં વિરાજે છે. છિદ્રવાળાં વાદ્યનો પ્રકાર વેણુ ગણાય. તેના અનેક પ્રકાર શાસ્ત્રમાં છે. બ્રહ્મા તો આ સર્વ જાણે છે. તેમનાથી તો અભિવ્યક્તિના અનેક પ્રકારો તે શિક્ષામાં છે, નાદબ્રહ્મ નિત્ય છે. નાદ ઉત્પન્ન થતો નથી, અભિવ્યક્ત થાય છે ! વેણુના છિદ્ર પર આંગળીઓ ચલાવવી તે તો લૌકિક છે, અલૌકિક-નાદ તેનાથી કઈ રીતે થાય ? ! ભગવાન્ કૃષ્ણ તો ગોપરાજકુમાર છે. વિવિધ પ્રકારના ગોપોના સંચારમાં નિપુણ છે. તે સંચાર વેદોક્ત નથી, લૌકિક છે ! બીજા બ્રહ્માંડમાં તે જુદો પણ હોય ! તે આ લોકમાં કે વેદમાં પ્રસિદ્ધ ન હોય. બ્રહ્મા શું જાણે ? ભગવાન્ તો સર્વત્ર નિપુણ છે. બ્રહ્માને ન સમજાય તેવો ગોપસંચાર પ્રભુ કરે છે ! ષડ્જાદિ-જાતિભેદ પ્રભુ નૂતન પ્રકારે પ્રકટ કરે છે ! લોકમાં થતો અલૌકિક-પ્રકાર તો સંદેહ ઉત્પન્ન કરે છે ! ત્યારે તેના પરિજ્ઞાન માટે ત્રિગુણ-પ્રધાન દેવો ત્રિકાલમાં આવે છે. આ કાલ પણ આધિદૈવિક છે, તેથી "**सवनशः**"- શબ્દ છે. અત્યારે સાતમા યુગલ-સમયે મધ્યાહ્ન છે. ઈન્દ્ર-સાત્ત્વિક, શંકર-તામસ, બ્રહ્મા-રાજસ છે. સાથે દેવો પણ છે. નાદનિપુણ આ દેવો છે, - "**कवयः**". ઈન્દ્ર-ત્રિલોકપતિ, સર્વદા નાદપરાયણ ! શંકર તો નાદશાસ્ત્રકર્તા, સર્વવિદ્યાધિપતિ ! બ્રહ્મા તો તે બંનેના ગુરુ ! તેથી તો "**परमेष्ठी**"- છે ! અસમર્થલોકો પાસે સામર્થ્ય બતાવવામાં શું ? અજ્ઞો પાસે જ્ઞાન દેખાડવામાં શું ? ક્ષેત્રના નિપુણો પાસે નિપુણતા બતાવાય, તે સાચી નિપુણતા છે ! ભગવાને આ નાદનિપુણો પાસે નિપુણતા બતાવી. નિપુણો પણ પાર ન પામી શક્યા ! "**अनिश्चित्त- तत्त्वाः**"- તત્ત્વ-નિર્ણય ન કરી શક્યા ! વેણુનાદમાં ધ્વનિ અને વર્ણ બંને પણ ખરાં ! આ કોઈ ગામડીઆ ગોપનો વેણુનાદ ન હોય ! વિચારીને વિજ્ઞો વિરામ નથી પામ્યા, વિકલતાથી મૂર્ચ્છિત થઈ ગયા ! વેણુનાદથી અલૌકિક-રસમુગ્ધ થઈ ગયા.

ભાન ભૂલાવતા ભગવાન્ ! હરિણીના હિત કર્તા હરિ ! : જલક્રીડા કરતા જગદીશ ! : ગોવર્ધનોદ્ધરણ ધીર ! : દેવકી - જઠરોદ્ભૂત ચન્દ્રમા ! સ્વભક્ત - સંતાપ શમાવે છે ! :

ભગવાનની ચેષ્ટા અને આપણા (ગોપીના) અનુભવથી તો લાગે છે,- આ વેણુનાદ આપણા (ગોપીજનના) માટે જ થાય છે ! ભગવાન્ તો ગોકુલનું હિત કરતા પધારે છે. વનમાં ગાયો ચારવા માટે પ્રભુ પધારે છે. વ્રજભૂમિને આ ચાલતાં પશુઓની કઠિન ખરીઓ વાગવાથી પીડા થાય છે ! ભૂમિ તો ભક્ત ! તેમાંય આ તો વ્રજભૂમિ ! પ્રભુને પણ પ્રિય ! ભક્તક્લેશ તો ભગવાન્ સહી પણ ન શકે ! ભક્તભૂમિનો ક્લેશ લેશ ન રહે તેમ, ધીમેધીમે લીલાપૂર્વક પ્રભુ પધારે છે. પોતાના

પરમાનન્દ-રૂપ ખુલ્લાં પાદપદ્મના સ્પર્શ ભૂમિને પરમાનન્દ દે છે! ખાડારૂપ ક્ષતાંશ ગતિવિલાસ અને પાદસ્પર્શથી શમાવે છે ! ધ્વજાદિથી આધ્યાત્મિકાંશ શમાવે છે. તામસ ભૌતિક અસુરભય-ધ્વજથી અભય દેતાં દૂર કરે છે. રાજસ આધ્યાત્મિક-પાપપીડા-વજ્રથી અને સાત્ત્વિક આધિદૈવિક-સેવામાં દુ:ખસંભવ- કમલચિહ્નથી શમાવે છે. આ ચિહ્નો તો ચરણની વિચિત્ર શોભારૂપ છે. પ્રભુ માત્ર લૌકિક (દૃષ્ટ) અને અલૌકિક (અદૃષ્ટ) રીતે સંતાપ શમાવે છે. વ્રજમાં ત્રણ મુખ્ય, - ભૂમિ, ગાયો, ગોપીજન ! મહાવૃષભ શી મંથરગતિ ગાયોનો સંતાપ પણ શમાવે છે. વેણુનાદ ગોપીજનના સંતાપને શાન્ત કરી, પરમાનંદ દે છે. "**कुजगतिं**"- વૃક્ષગતિ, તેથી ગોપીજનને મળે છે. સ્તબ્ધ શાં સ્થિર થઈ જાય છે ! વનસ્પતિને તો અન્તર્જ્ઞાન હોય. આમને તો તે પણ નથી ! મૂર્ચ્છાથી અનિવાર્ય વસ્ત્ર અને કેશનું પણ ભાન રહેતું નથી ! વિલાસપૂર્વકનાં અવલોકને કામવેગ વિશેષ વ્યાકુળ બનાવે છે ને !

"**मणिधरः**"- ભગવાને મણિઓ ધારણ કર્યા છે. તે ગાયોના આધિદૈવિકરૂપ છે. વૈજયન્તી-માલામાં ગાયોના પ્રકાર પ્રમાણે મણિઓ ધર્યા છે. તેનાથી ક્યાંય ગોપાલ ગાયોને ગણે છે. ગાયો અને તેમના ધર્મો ભગવન્નિષ્ઠ છે, પછી તેમને સંસાર સંભવે ક્યાંથી ? ! ગોપીજન અને હરિણી પણ ગોપરૂપ હરિનાં પ્રિયજન છે ને ! વ્રજવાસી અને વનવાસી કૃષ્ણપરાયણ છે ! ભગવાને અતિપ્રિય તુલસીજીની ગંધવાળી માલા પણ ધરી છે. ભગવાનને નીલરૂપ, કોમલસ્પર્શ, વેણુનો શબ્દ, નવનીતનો રસ અને તુલસીજીનો ગંધ પ્રિય છે ! નીલરૂપ આનંદનું, સુધાના આધારરૂપ કોમલ વ્રજ સ્ત્રી અને વેણુ, વેણુગીતના પીયૂષનું પાન કરવામાં રત ગાયોના દૂધના સારરૂપ નવનીત (માખણ), લીલાવિહારથી દિવ્યગંધ તુલસીજીનો ! પ્રિય બને તેને પ્રભુ ધારણ કરે ! અતિપ્રિય સેવક ગોપના ખભા પર કૃષ્ણે કરકમલ પધરાવ્યો છે, ક્યારેક ગાન કરે છે ! સ્નેહ અને સેવાનો સમન્વય હોય ત્યાં સાન્નિધ્ય- સાક્ષાત્કાર-અશક્ય ન રહે ત્યારે કૃષ્ણે આકસ્મિક વેણુરવ કર્યો. મૃગ તો સંગીતના શોખીન ! આસક્ત ! આનંદસાર કૃષ્ણનો નાદ ! વેણુરવ તો શબ્દસાર શો ! કૃષ્ણસાર-મૃગ તેનાથી વશ ન થાય ?! હમણાં જ લીલામાં અંગીકાર થશે !-સમજીને કૃષ્ણ પાસે આવીને બેસી ગયાં !- "**कृष्णमन्वसत !**" "**कृष्णगृहिण्यः**"- કૃષ્ણસાર (કાળિયાર-મૃગ)નાં પત્ની ! કૃષ્ણગૃહિણી થયાં ! "**वञ्चितचित्ताः**"- વેણુરવે ચિત્ત છેતરાયાં ! સ્વરૂપ ભૂલ્યાં ! કે વેણુનાદથી સાનુભવે કૃષ્ણસારમાં કૃષ્ણમતિ થઈ, તેથી કૃષ્ણ પાસે બેઠાં ! કૃષ્ણસારમાં તો એક કે બે ગુણ ! આ તો, "**गुणगणार्णं**"- ગુણગણસાગર ! કૃષ્ણને અનુસર્યાં ! "**विमुक्तगृहाशाः**"- તેમને ઘરની આશા પણ છૂટી ગઈ ! "**गोपिका इव**"- ગોપિકાની જેમ ! મૃગીનયનમાં મૃગનયના ગોપીજનની સ્મૃતિ કૃષ્ણને થઈ ! પ્રિયભાવ ઉભરાયો ! વેણુરવ થયો ! "ર"- અગ્નિબીજ; "વ" - અમૃતબીજ; વિયોગ-સંયોગ-સૂચક ! વેણુનાદથી વિરહસંતાપ અને સંયોગશાન્તિ મળ્યાં ! ગોપિકાની જેમ ! વિયોગ-સંયોગે પૂર્ણ-શૃંગારરસાત્મક કૃષ્ણાનુભવ થયો ? !

વેણુનાદરત ભગવાન્ જ્યારે યમુનાજીમાં જલવિહાર કરે છે કે યમુનાતટે વિહરે છે, ત્યારે ઉપદેવો આસપાસ વીંટળાઈ વળ્યા છે ! ઉનાળામાં - ગરમીમાં ગોવાળો જલમાં ખેલે છે ! આ તો ગોપસખાઓ સાથે પ્રભુની જલક્રીડા છે, ગાયોને પણ સ્નાનાદિ કરાવે છે. ઉદ્વેગ શમાવવા વેણુનાદ પણ સાથે કરે છે. "**कुन्ददामकृतकौतुकवेषः**"- કુન્દપુષ્પની માલા (છડા) નો કલામય મંગલવેષ મધુર

પ્રભુએ ધર્યો છે, સર્વ-પુષ્પશૃંગાર છે ! - શૃંગારરસોપયોગી છે ! અદ્‌ભુત લાગે છે ! ઉષ્ણકાલની શીતોપચાર સેવામાં આ બધું સ્વાભાવિક છે ને ! હસવું આવે તેવો વેષ ધર્યો છે ! "**नन्दसूनुरनघे तव वत्सो**"- હે નિષ્પાપે ! નન્દના પુત્ર - આપના પ્રિય દીકરા." નન્દ પુત્રત્વવિશિષ્ટ યશોદાપુત્રત્વ પ્રભુમાં નથી ને ! તેથી બંનેના પુત્ર રૂપે જુદા ગણાવ્યા ! બંનેની નિર્દોષતા સૂચવવા વચ્ચે- "**अनघे**"- કહ્યું. જે લીલાથી પોતે પ્રભુ હોવા છતાં નન્દપુત્ર થયા, તે લીલાથી પ્રાકૃતલીલા (લોક જેવું કાર્ય) પણ પ્રભુ કરે છે. વ્રજરાજકુમાર છે,- કૃષ્ણ તો ! તે ગાયોને નવડાવે ! આ સાંભળીને મા ક્રોધ ન કરે, માને તેથી "**अनघे**" કહ્યાં ! પાપ (રજોગુણ) હોય તો ક્રોધ આવે. અહીં, તો પાપ નથી, પ્રભુ છે ને ! ભગવાન્ વત્સ ! યશોદા ગાય ! રસાત્મક ભગવાનને તે શું જાણે ? મહિમા પણ ન જાણે ! નહિ તો, ઉલૂખલબંધન-લીલામાં દામોદાર ન બનાવે ! ભગવાન્ પણ તેમની સાથે તો તેવા જ થયા ને ! ? કારણ - "**नर्मदः प्रणयिनां**"- ભગવાન્ તો સ્નેહ કરનારને સુખ દેનારા છે. જે કોઈ સ્નેહ કરે, તેને સુખ થાય, તેમ ભગવાન્ લીલા કરે છે. જ્યાં લીલાસક્તિથી પ્રભુ ક્રીડા કરે તે "વિહાર" કહેવાય ! તે અહીં જલક્રીડા, નૃત્યક્રીડા અને વેણુવાદન-ક્રીડારૂપ છે. વાદ્યનો ઉપયોગ નહિ તો માત્ર જલક્રીડામાં ન થાય. વિદ્યાવાળાઓ જ વશ કરવા યોગ્ય છે ! વાયુ વિદ્યોત્પાદક છે. "**मनः कायाग्निमाहन्ति स प्रेरयति मारुतम् ।**"- શ્રુતિ છે. "મન કાયાગ્નિને ગતિ દે, તે વાયુને પ્રેરે." દેવ તે વિદ્યાના આધાર. ઉપદેવ તેને બહાર પ્રકટ કરે. મંદવાયુ વાય છે. નદીકિનારો પાસે હોવાથી વાયુ શીતલ છે, દક્ષિણના મલયચન્દન-સ્પર્શે સુગંધી છે. અથવા ચંદનચર્ચિત સ્વરૂપથી તેનો સુગંધ સાથે છે. પોતાના ત્રણ ગુણોથી જાણે માન દે છે ! ભગવાન્ અને ભક્તોમાં તે ભાવ વધારે છે. "**ये**"- ભગવદીય-બન્દિજન અને ઉપદેવો વાદ્યગીત અને પૂજાસાધનોથી ભગવાનને ચારે તરફ વીંટળાઈ વળ્યા છે. સર્વત્ર અપેક્ષિત કરે છે !

ભગવાન્ કેવલ કૃપાથી જ ગાયોને ગોકુલમાં લાવે છે, નહિ તો એક જ લીલાનુભવે વ્યાપ્ત ગાયો મુક્ત થઈ જાય ! અગાધ મહારસમાં પોતાને પણ ન જાણે ! તેમ ગોપિકા પણ ! કૃષ્ણ તો કૃપાથી ભજનાનન્દ દેવા માટે જ તેમ કરે છે. વ્રજ અને ગાયો પર પૂર્ણાનન્દ પ્રભુ પ્રસન્ન છે ! પ્રસન્ન પ્રિયપ્રભુ શું ન દે ? ! પ્રેમ અને પ્રસન્નતાને લીધે, ભજનાનન્દ દેવા, તો પ્રભુ "**अगध्रः**"- પર્વતધારી થયા ! નહિ તો ગોવર્ધનધારણ ન કરે ! શ્રીગિરિરાજ-ધરણનો મહિમા તો સૌ જાણે છે. સૌ વૃદ્ધ-નિપુણો-માર્ગમાં પધારતા પ્રભુને ચરણે નમે છે ! બહુજ્ઞો જ સેવા કરી શકે ને ? સાયંકાલે દિવસ પૂરો થતાં, બીજી લીલા કરવા, પ્રભુ વનમાંથી વ્રજમાં પધારે છે, વેણુનાદ કરે છે, તે શ્રમ દૂર કરે છે, વ્રજવાસીઓને આગમનની મંગલ વધાઈ દે છે. સેવક ગોવાળો પ્રભુની કીર્તિનું ગાન કરે છે. દિવસે ગાન ગોપીનું, રાત્રે ગાન ગોપોનું ! સૌનો નિરોધ તેથી થાય. "**श्रमरुचा**"- શ્રમયુક્ત કાન્તિથી કાન્ત કૃષ્ણ, વ્રજભક્તોની દૃષ્ટિને ઉત્સવ દેતા, અભિલાષ સૌના પૂરા કરવા પધારે છે ! રસાત્મક પ્રભુને રસરૂપ શ્રમ છે ! - "**सर्वधर्मोपपत्तेश्च ।**"- સર્વધર્માશ્રયરૂપતાથી, "**उभयव्यपदेशात्त्वहिकुण्डलवत् ।**"- વિરુદ્ધધર્મા-શ્રયત્વથી ! ભગવાન શ્રાન્ત (થાકેલા) ન હોય તો માર્ગમાં શીઘ્ર પધારે ને ! જલદી ચાલે તો દર્શનસુખ કેટલું મળે ? ! નેત્રને પરમાનંદપ્રદાન કરવા તો પ્રભુ પરિશ્રમ પ્રકટ કરીને પધારે છે ! માર્ગમાં ઊભેલાં પ્રિયજનોને વિશેષ-દર્શન દે છે. "**खुररजश्छुरितस्रक्**" પ્રભુ ગાયોની ખરીઓથી ઊડેલી રજઃ વડે છવાયેલી માલાવાળા છે ! પવનથી ઊડેલી રજઃ સ્થિર કે નિયત ન હોય, ખરીથી

ઊડેલી તેવી હોય. “ખરી” - શબ્દ, પ્રસંગ અને વિશેષતાથી “ગાય”નો સૂચક છે, તેથી “ગો” - શબ્દ જુદો નથી; તેથી "**खुर**"- ધર્મ-પુરુષાર્થસૂચક; "**रजः**"- અર્થ-સૂચક; "**छुरित**"- કામ-પૂરક છે. કીર્તિરૂપ માલાના અંગરૂપ માત્ર આ ત્રણ પુરુષાર્થ જ નથી, તે પણ સૌના અભિલાષ દાનરૂપ મોક્ષ પણ છે. સ્નેહશીલ સ્વજનના સર્વ મનોરથો-પુરુષાર્થો-પ્રસન્ન પ્રભુ પૂર્ણ કરવા પધારે છે. "**एषः**"- આ !" બતાવે છે. ભગવાનમાં લીલા દેખાય છે. સર્વના સંતાપ શમાવતો અસાધારણધર્મ ભગવાનમાં છે ! "**देवकीजठरभूरुडुराजः**"- પ્રભુ દેવકીજીના જઠરમાંથી પ્રકટેલા નક્ષત્રપતિ-ચન્દ્ર છે. "**अदितिर्देवकी अदितिर्द्यौरदीतिरन्तरिक्षम् ।**" શ્રુતિ છે. અદિતિના અવતાર રૂપે તે દ્યુરૂપ છે. ત્યાં ચન્દ્રોદય સ્વાભાવિક છે. દ્યૌએ દેવકી રૂપ ધર્યું, ભગવાન્ કૃષ્ણ રૂપે પધાર્યા ! દેહ-ઈન્દ્રિય-અંતઃકરણને લૌકિકતાપ લાગે, ભગવદ્‌વિરહનો તાપ પણ લાગે. આ ત્રણેને નાશ કરનાર આનંદદાતા કૃષ્ણચન્દ્ર છે. ચન્દ્ર પ્રકટે ઉદયાચલે, પતિ બને નક્ષત્રોનો ! લૌકિકચન્દ્ર તો લૌકિકતાપ શમાવે, કૃષ્ણ-ચન્દ્ર પ્રકટે દેવકીજઠરે-અલૌકિકરીતે, નિકટમાં સુખદાન કરે શ્રીગોપીજનને ! સર્વના સર્વતાપ શમાવે છે,- દૂરથી પણ ! આ સર્વ, વેણુનાદ સાધ્ય છે.

દશલીલા વિશિષ્ટ ભગવાન્ ! :

આ દશ પ્રકારની ભગવાનની લીલા શ્રીગોપીજન માટે જ છે; તે સમજાવવા દશ પ્રકારે વિશેષણથી ભગવાનને ઓળખાવ્યા. વેણુનાદ વ્રજભક્તોના ભાવને વધારે છે. (૧) "**मदविघूर्णितलोचनः**"- મદથી ઘેરાયેલાં લોચન જેનાં છે તે. આનન્દસ્થિતિથી પૂર્ણજ્ઞાનરૂપ મદ છે. તે જ્ઞાનમાર્ગમાં છે, તેમ બતાવતાં સર્વવિષયોને દૂર કરવા માટે વિઘૂર્ણિતલોચનત્વ કહ્યું. નેત્ર-જ્ઞાનરૂપ. મદ - વિષયજનિત. આ ધર્મ ભગવન્નિષ્ઠ કહ્યો. સ્વરૂપસ્થિતિ માટે, તેવા હોવા છતાં, (૨) "**ईषन्मानदः स्वसुहृदः ।**"- સ્વસુહૃદોને અલ્પ માન દેનાર. સમ્માન દે છે, તેથી સમજી શકાય છે. "**मानं ददाति द्यतीति वा मानदः ।**"- માન દે કે માન ખંડન કરે, તે માનદ ! ઉદ્દીપક રજોગુણથી ભાવ વધે, અતિમાન દે, માન ઓછું કરે છે - (જ્ઞાનરૂપ નેત્રમાં) જ્ઞાન-પ્રાકટ્યથી, માન ખંડન કરે. મિત્રનું કાર્ય તો મોટાઓ પણ કરે ને ! (૩) "**वनमाली**"- કીર્તિમયી માલાધારી. કીર્તિ તેથી જ પ્રકટે, (૪) "**बदरपाण्डुवदनः**"- બોર જેવા પાંડુ મુખવાળા. તાપથી બોર પ્રતિક્ષણ જુદી જુદી કાન્તિ પ્રકટ કરે. તેમાંય અર્ધપક્વ બોર પાંડુવર્ણનું હોય ! પાકતાં આરક્ત (રાતું) થાય, તેમ ભગવાન્ હમણાં અર્ધરત છે, પછી અત્યન્તરત (આસક્ત) થશે ! કીર્તિ તેનું સાધન છે, અથવા, બોર શું મુખ ! પાંડુવર્ણનું; તેમાં અધર - લાલ; અર્ધપક્વતાસૂચક લાલ - અનુરાગસૂચક. અનુરાગ હોય તેને જ અધરામૃતપાન મળે. બોર તો વનમાં-મળે, વનમાં ભગવદ્રસલાભ મળે,- રાસાદિમાં ! (૫) "**मृदुगण्डं मण्डयन् कनककुण्डललक्ष्म्या**"- સુવર્ણના કુંડલની શોભાથી મૃદુગંડસ્થલને શોભાવતા પ્રભુ પાસે પધારે છે ! સુકુમારતા શ્રીમુખની છે. કિશોરાકૃતિ છે ને ! દાઢીમૂછ નથી, આનંદનિધાન પ્રભુ છે. શ્યામ-પ્રભુનું ગંડસ્થલ ! પીળું-સુવર્ણકુંડલ ! ? શોભા તેનાથી ગંડસ્થલની ! શ્યામસુંદરની શોભા પણ સુવર્ણવર્ણા વ્રજભક્તોથી ને ! પરમાનંદથી પણ પ્રિયજનો માટે કામરસ પ્રભુ પ્રકટ કરે છે. ભક્તિરૂપ ગંડમાં કનકશ્રી યોજે છે. સોનું સૌ ઈચ્છે, તેથી કામરૂપ ! “કનક” - શબ્દ અન્યવર્ણસૂચન માટે છે. શ્રીગોપીજન માટે જ પ્રભુ પધારે છે ને ! નહિ તો દર્શનસુખ દેતાં મસ્તક ન હલાવે ! ગંડસ્થલ કુંડલશોભાથી ત્યારે મંડિત થાય

ને ! (૬) "यदुपतिः"- યાદવપતિ છે. તેમને અનેક સ્ત્રી સામાન્ય છે. પ્રભુ મહાન્ છતાં બાલક, છતાં અસાધારણલીલા- સમર્થ છે ને ! (૭) "द्विरदराजविहारः"- પ્રભુ ગજેન્દ્ર જેવા વિહારવાળા છે. સ્વજનના સર્વ અભિલાષ પૂર્ણ કરે તેવા રતિવિદ્ છે. (૮) "यामिनीपतिरिव"- પ્રભુરાત્રિપતિ - ચન્દ્રશા પાસે પધારે છે ! સંતાપ- શામક - આનંદપ્રદ છે, રાસાદિ સુખદાતા છે. "एषः"- સર્વ-અલંકારરૂપ છે. સર્વની શોભારૂપ ભગવાન્ વ્રજભક્તોને છોડીને દૂર રહી શકતા નથી ! તે પરસ્પર ગુણાનુવાદ-શ્રવણ અને તે ભાવે અનુભવજનિત આનંદસમુદ્ર-લહરીથી અર્દ્રાદ્ર પ્રભુ, રસપોષણ માટે અપ્રકટ હોય તેમ દિવસે વિરાજે છે ! તે "एषः" આ છે. આ કાદાચિત્ક-જ્ઞાન છે, નહિ તો ગાનરસ ન રહે ને ! દિવસે પણ અપ્રકટરીતે નિકટ રહીને અન્યરીતે ભગવાન્ સુખ દે છે ! તે હમણાં શ્રમિત લાગે છે, ચન્દ્રની જેમ હમણાં દૂરથી સંતાપ શમાવે છે, પછી નિકટમાં શમાવશે ! (૯) "मुदितवक्त्र उपयाति"- પ્રસન્નવદન પ્રભુ પાસે પધારે છે. પ્રસન્નતા પ્રિયજનનું હિત કરનારી છે ને ! (૧૦) "दुरन्तं मोचयन् व्रजगवां दिनतापम्"- વ્રજની ગાયોના દિનભરના દુરન્તતાપને શમાવતા, પ્રભુ પાસે પધારે છે. વ્રજભક્તો અને ગાયોના દિવસભરના સંપૂર્ણ તાપને દૂર કરે છે !

આંતર - અનુભવથી મહોદય ! :

एवं व्रजस्त्रियो राजन् कृष्णलीलानुगायतीः ।
रेमिरेऽहःसु तच्चित्तास्तन्मनस्का महोदयाः ॥ (२६)

વ્રજમાં રહેલાં સ્ત્રીજનો, આ પ્રકારે સર્વદિવસોમાં ભગવત્સંબંધ-રહિતદશામાં પણ, "कृष्ण-लीलानुगायती"- બહુકાલાનુવૃત્તિ માટે, અનુક્રમ પ્રમાણે, કૃષ્ણલીલાનું ગાન કરતાં, વિહાર કરતાં ! કૃષ્ણકીર્તિ સ્વતઃ આનંદરૂપા છે, ફલદાન દ્વારા પણ નહિ; તેથી ગાનરત શ્રીગોપીજનની જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ કૃષ્ણનિષ્ઠ જ થઈ ગઈ ! "तन्मनस्काः तच्चित्ताः"- મન ક્રિયાપ્રધાન, ચિત્ત જ્ઞાનપ્રધાન. ઉભય કૃષ્ણરૂપ થઈ ગયાં ! આમ સર્વપ્રકારે પ્રપંચ-વિસ્મૃતિ અને ભગવદાસક્તિ રૂપ નિરોધ તામસભક્તોનો થયો ! "महोदयाः"- મહોદય થયાં. આથી વધારે મોટો અભ્યુદય-ભાગ્યરાશિ-બીજો કયો હોય ? ! વિશ્વ વિસરીને પ્રેષ્ઠ કૃષ્ણમાં મગ્ન થઈ જવાય, તે જ સૌથી મોટો ભાગ્યોદય છે ! કૃષ્ણકૃપાથી તે સુલભ બને. શ્રીગોપીજન કૃપાથી આ સમજાય, શંકા ન રહે !

અધ્યાય : ૩૬

પ્રધુમ્ન-વ્યૂહથી ભગવાન્ રાજસ - ભક્તોનો નિરોધ કરે છે ! :

"अथ तर्ह्यागतो गोष्ठं...." શ્રીશુકના મુખમાંથી સરતા "अथ"- શબ્દે અન્યપ્રક્રિયાના આરંભનો સંકેત દીધો. તામસભક્તોનો નિરોધ થયો. હવે, રાજસભક્તોના નિરોધ માટે ભગવાને કરેલી લીલાઓ કહે છે. તત્ત્વના અતિક્રમ માટે તેમાં પણ ૨૮ અધ્યાય; ૪ પ્રકરણ; પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ ! યાદવો પણ રાજસ છે. કંસના ભયથી તે છુપાઈને રહેતા હતા. તેમને તે સ્થલ વગેરે છોડાવીને મથુરામાં અને પછી દ્વારકામાં ભગવાને વસાવ્યા, દ્રવ્ય દીધાં. ભક્તોને દુઃખ કરનારને માર્યા, દુઃખ દૂર કર્યાં. ગુપ્તવાસથી લુપ્ત જેવાં થયેલાં યાદવોનાં નામ, કર્મ પહેલાં હતાં તેમ પ્રસિદ્ધ કર્યાં ! રાજસ-પ્રમાણ-પ્રકરણમાં સાતને યથાર્થ જ્ઞાનપૂર્વક સ્નેહ કરાવનાર કહ્યાં છે. (૧) નારદ - તે

દેવોનું ગુપ્તરીતે હિત કરનાર છે. તેમણે કંસને સત્ય જણાવ્યું, - કૃષ્ણ દેવકીના આઠમા પુત્ર છે; તેથી કંસે વસુદેવ-દેવકીજીને કેદ કર્યાં, તેથી તેઓને ભય થયો. દેવોએ ગર્ભસ્તુતિમાં ભય ન રાખવા કહેલું, તે પણ વિસરી ગયાં. ભયથી પુત્રરૂપ ભગવાનમાં ભાવ વધ્યો ! અહીં તે કર્મ - જ્ઞાનમાર્ગીય પણ છે. (૨) અક્રૂર-કંસને સંદિગ્ધ ઉત્તર આપી તે સત્યજ્ઞાન દે છે. વસુદેવ-દેવકીજીનો ભય તેથી વધે છે. પુત્રરૂપ પ્રભુમાં ભયવિકલતાથી ભાવ પોષાયો ! સ્નેહ હોય ત્યાં સુખની ચિંતા રહે. અહીં અક્રૂર ભક્તિ-બોધક છે. (૩) નન્દજી - તે અક્રૂરને કંસ(ના સ્વભાવ)નું સાચું જ્ઞાન કરાવે છે, તેથી કંસ અને કૃષ્ણ પર ભાવ રાખતા અક્રૂરને સાચું ભાન થયું, દોષ ગયો, પ્રભુમાં પ્રીતિ થઈ. (૪) નન્દજીના અંતઃપુર-રક્ષક ગોપે ભગવાનના મથુરા-ગમનનું ગોકુલમાં સૌને જ્ઞાન દીધું, વિકલતાએ વહાલ વધાર્યું ! તે સ્ત્રીપુરુષો તામસ હતાં, રાજસ થયાં, તેથી અહીં પણ તેમની કથા છે. વિકલતા અને અસ્વાસ્થ્ય રાજસપણામાં હોય. (૫) ગોપીજન - પ્રભુ પધારવાના સમાચાર ફેલાવી, શોકથી સ્નેહ વધાર્યો ! (૬) વ્યૂહ (આવેશ)રૂપ હરિ મથુરાગમન પછી પાછા નહિ પધારવાની શંકાથી ભય ઉત્પન્ન કરી, ભાવ વધાર્યો ! ઉદ્ધવજીને મોકલી સ્નેહને સ્થિર કર્યો. (૭) ત્રિવક્રા (કુબ્જા)- તેને ભગવાને સુંદરી બનાવી, સૌને સામર્થ્યથી પોતે પ્રભુ હોવાનું સત્યજ્ઞાન કરાવ્યું, સ્નેહ કરાવ્યો ! આમ, યથાર્થ-જ્ઞાનથી સ્નેહ પ્રમાણ-પ્રકરણમાં છે. આસક્તિ, વ્યસન અને ફલ, પછીના પ્રમેય-સાધન અને ફલપ્રકરણમાં કહેલાં છે. ઐશ્વર્ય વગેરે છ ધર્મ અને ધર્મિ-ભગવાન્ સામાન્યક્રમે સાત અધ્યાયમાં છે.

રાજસભક્તોનું અનિષ્ટ કરનાર "અરિષ્ટ" અસુર છે, ભક્તિમાં વિઘ્નરૂપ છે. ભગવાને તેને ગોકુલમાં માર્યો, વાસનાથી ત્યાં સર્વદા વાસ દીધો, ભક્તિ સ્થિર કરી. તામસભાવવાળા ગોકુલવાસીઓ, સર્વના તામસ-ભાવને લઈને ભગવાન્ પધારે ત્યારે, રાજસ થવાના ! અરિષ્ટાસુરવધ તેથી રાજસ- પ્રકરણમાં કહ્યો. ક્રમશઃ, તેઓ તામસ-રાજસ પછી સાત્ત્વિક થશે. તામસ, રાજસ, સાત્ત્વિક ત્રણે પછી નિર્ગુણ થશે ! અગિયારમા સ્કન્ધમાં મુક્તિલીલામાં અધ્યાય૧૧-૧૨માં તેમની મુક્તિકથા પણ છે ! આમ, સંગતિ છે.

ભગવાન્ આ બધી લીલાઓ ભક્તોનો નિરોધ કરવા માટે કરે છે. "निरोधोऽस्यानुशयनम् ।"- એ લક્ષણસિદ્ધ-નિરોધ કેવલ પુરુષોત્તમના કાર્યરૂપ છે. યૌગિક-નિરોધ, વ્યૂહ રૂપે કરેલો છે. ગુણાતીત- વાસુદેવમાં જેનું સ્વરૂપ છે, તેવા ભગવાને વાસુદેવવ્યૂહ રૂપે તામસ ભક્તોનો નિરોધ કર્યો. પ્રદ્યુમ્ને રાજસ અને અનિરુદ્ધે સાત્ત્વિકનો નિરોધ કર્યો ! સંકર્ષણ-વ્યૂહ-લીલા અગિયારમા સ્કન્ધમાં છે. આમ, સ્થૂલરીતે, બે સ્કન્ધમાં ચારે વ્યૂહરૂપની કથા છે. સૂક્ષ્મરીતે તો લીલાપ્રસંગોમાં તે રૂપ સમજી શકાય. અહીં, વસુદેવજીના હિત માટે પ્રદ્યુમ્નરૂપ ભગવાન્ તત્ત્વાતિક્રમણનું સંપાદન કરતાં, રાજસભક્તોનો નિરોધ કરતાં, રાજસલીલા કરે છે. મથુરામાં પ્રદ્યુમ્નવ્યૂહમાં પ્રાકટ્યથી યાદવોને પ્રભુ સાથે કુલ-દેહ- સંબંધ છે. વ્રજમાં તો માત્ર ભાવાત્મક-સંબંધ છે. આ બંને પ્રકારના ભક્તોનો નિરોધ અંતે "व्रजपुरवनितानां वर्धयन् कामदेवं..." માં કહ્યો છે. પ્રદ્યુમ્નચરિત બે પ્રકારનું, - (૧) સ્વસંબંધીને સુખદાન, (૨) વંશવૃદ્ધિ; તેથી રાજસપ્રકરણ પૂર્વાર્ધ-ઉત્તરાર્ધ એ બે વિભાગમાં વહેંચાયું ! સુખદાન અને વંશવિસ્તારનો આવો ઉદ્યમ, રાજસભક્તોને પ્રભુનું જ્ઞાન પુરુષોત્તમ રૂપે કરાવનારો છે, તેથી તે પ્રમાણ- પ્રકરણ છે. સુખદાન સ્વરૂપનું કાર્ય છે, તેથી તે પ્રમેયપ્રકરણમાં છે. રુક્મિણીજી, જામ્બવતીજી

અને સત્યભામાજીને પ્રભુપ્રાપ્તિમાં સાધનરૂપ છે, - વિવાહ ! તેથી તે કથા સાધનપ્રકરણમાં છે, વંશવૃદ્ધિમાં તે હેતુરૂપ ને ! બીજા વિવાહ, પુત્રાદિ-ફલાંશરૂપ છે; તેથી તે કથા ફલપ્રકરણમાં છે. સાત્ત્વિકપ્રકરણમાં કાલનિયમ ન હોવાથી, ૨૧ અધ્યાય, ૨૧ પ્રકારનો કાલ,- તેથી ! તેમાં પૂર્વક્રમ નહિ, ત્રિવિધધર્મ છ - છ અધ્યાયમાં, છેલ્લે ત્રણમાં ધર્મિ; સાત્ત્વિક-ભક્તો એકત્ર રહેલા નથી, તેથી. રાજસ-પ્રકરણમાં મુખ્યરીતે રાજસદુષ્ટોનો અને પ્રસંગથી અન્યનો પણ વધ છે. લૌકિક-અનિષ્ટ કર્મથી આવે, કર્મથી દૂર પણ થાય. કર્મમાર્ગ તેથી પ્રસરે.

(કર્મ) ધર્મના આડંબર રૂપ, ભક્તિમાં અનિષ્ટ રૂપ, રાજસ વૃષભાસુર અરિષ્ટને ભગવાને ગોકુલમાં માર્યો !:

ભગવાને જાણ્યું વ્રજભક્તોનો નિરોધ થયો છે, ત્યારે અરિષ્ટાસુર વ્રજમાં આવ્યો. તેનો વૃષભનો વેષ. વૃષભ તો ધર્મરૂપ પણ ખરો ! છતાં આ તો અસુર ને ! અધર્મને ઢાંકવા માટે થતો ધર્મ, આડંબરરૂપ ધર્મ, અન્યને પીડવા માટે થતો ધર્મ (અભિચાર-કર્મ) વગેરે, તે કરનારની વૃત્તિ આસુર; તેથી આ વૃષભાસુર ! સૌને તે પીડે, ખરીઓના પ્રહારથી પૃથ્વીને કંપાવે, ભાંભરડાં ભયંકર કરે, શિંગડાથી શિખરોને ઉછાળે. તેનાથી સૌ ગભરાયા, પીડાયા. સર્વભયમાં ભક્તો ભગવાન્ સિવાય કોને શરણે જાય ? - "गोविन्दं शरणं ययुः ।" પોકાર્યું, - "કૃષ્ણ ! કૃષ્ણ !" સ્વાભાવિક હૃદયમાં હતું તે મુખે આવ્યું, વર્તનમાં દેખાયું. રોગ અને મલ જેવા અસુરો છે, દૂર કરવા જોઈએ. ધર્મના ઓથે ચાલતો અધર્મ કે અયોગ્યતા, ગમે તેવા સારા કે આદરણીય લાગતા સ્વરૂપમાં છુપાઈને બેઠાં હોય, તો પણ તેને કાઢવાં જ જોઈએ. દૈત્યો છે-, તો બ્રહ્માના પૌત્રો ! અરિષ્ટ પણ છે,- તો વૃષના વેષમાં ! વૃષભ તો ગોવાળોને ઉપકારક પણ ગણાય, છતાં ભગવાન્ ગોપાલ તેમને મારે છે ને ! સારું હોય તેની સુરક્ષા કરવી જોઈએ, ભયપ્રદને કાઢવા જોઈએ. સ્વજનને પ્રભુએ અભય દીધું. ત્રાસ દેતા દુષ્ટને પડકાર્યો. ક્રિયાથી દુષ્ટ, અંતઃકરણથી અધમ અને સ્વરૂપથી ક્રૂર, અનિષ્ટ કરનારો અરિષ્ટ છે. તેની અવજ્ઞા કરતા હોય તેમ, સખાના સ્કંધે શ્રીહસ્ત પધરાવીને, લીલા કરતા ઉદાર પ્રભુ ઊભા રહ્યા ! દુષ્ટ પણ દર્શન કરે, ધ્યાન કરે, તો અંતે મુક્ત થાય ને ! દુષ્ટ દોડ્યો. પ્રભુએ પકડ્યો. અઢાર પગલાં પાછળ ધકેલ્યો. અઢાર વિદ્યા-ચાર વેદ, ચાર ઉપવેદ, છ વેદાંગ, પુરાણ, ન્યાય, મીમાંસા અને ધર્મશાસ્ત્ર ! વિદ્યાસ્થાનોમાં વિલાસ કે વિનાશ ન થાય, વિવેકથી વ્યવહાર થાય. વિદ્યામાંથી અભિમાન કાઢી નાખ્યું. વિદ્યા તો વિનમ્ર બનાવે. વિદ્યાથી પણ ભગવાન્ ન મળે, કૃપાથી મળે ! અભિમાન જતાં દીનતાથી મળે ! ભગવાને તો અસુરથી માત્ર સ્વલ્પ અધિક બલ બતાવ્યું. લાકડાથી ભીનું કપડું નીચોવે તેમ, શિંગડાં પકડીને ઘુમાવ્યો. જેનાથી મારવા આવ્યો, તેનાથી જ માર્યો ! આંખો નીકળી પડી. નેત્રમાર્ગે પ્રાણ ગયા. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. ગોપીના નયનના ઉત્સવરૂપ પ્રભુ બલરામજી સાથે વ્રજમાં પધાર્યા. નિરોધ સિદ્ધ થયો હોવાથી, વિશેષ-સંબંધ નથી કહ્યો. અરિષ્ટને અદ્ભુતકર્મા ભગવાને ગોકુલમાં સ્થાપ્યો, જેથી ગોકુલમાં હવે (વિપ્રયોગાદિનું) દુઃખ થાય.

નારદજીએ કહેલા વૃત્તાન્તથી કંસની અનર્થ-પ્રવૃત્તિ, દ્વિ-સ્વભાવવાળા અક્રૂરને કૃષ્ણને લેવા મોકલ્યા !

ભગવાને જ્યારે પધારવાની ઈચ્છા કરી ત્યારે, દેવદર્શન નારદજી કંસ પાસે આવ્યા. વસુદેવજીએ પધરાવેલા દેવકીપુત્રનો વૃત્તાન્ત કહ્યો. બલરામ રોહિણીપુત્ર છે, તે સમજાવ્યું. ભાણાએ

ભાંગેલાં તેનાં રમકડાંનું ભાન કરાવ્યું ! દૈવ (આકાશવાણી) અસત્ય બોલે, તે કંસની અવળી સમજ દૂર કરી. સાચું સમજાવ્યું. નારદજી કે નન્દજી પણ જાણતા નથી કે, ભગવાન્ ત્યાં પધારેલા છે કે પધરાવેલા છે ! સાંભળીને કંસને કોપ થયો. સભામાં વસુદેવજીને મારવા તૈયાર થયો. નારદે અટકાવ્યો, છતાં તેણે શત્રુરૂપ વસુદેવ-દેવકીજીને આખા શરીરે બેડીઓથી બાંધ્યાં. વસુદેવજીના ભાઈ અને સેવકો તો કંસના પક્ષના છે, તેથી તે બધાને બાંધ્યા નહિ. નારદ તો કહીને ગયા. વસુદેવ-દેવકીજી પહેલાં પૃશ્નિ-સુતપા હતાં, ત્યારે પ્રભુને પુત્ર રૂપે પ્રાર્થ્યા; પછી કૃષ્ણાવતાર વખતે પ્રકટ પ્રભુનાં દર્શન કર્યાં, પ્રભુને બીજે પધારવા વિનવ્યા; તેથી તેમને દેવ-આકાશવાણી તથા દેવર્ષિ-નારદજીનો કોપ મળ્યો ! દેવકાર્ય વિલંબમાં પડ્યું ને ! પરિણામે પહેલાં દેવવાણીના કારણે અને હવે, દેવર્ષિની વાણીના કારણે, તેમને બંધન મળ્યું. પ્રથમના બંધનમાંથી તેમને માયાએ મુક્ત કરાવ્યા. માયાથી પ્રભુને પુત્ર રૂપે પ્રાર્થેલાને ! કૃષ્ણાવતાર વખતે તો પ્રભુના સુખ માટે પ્રભુને બીજે જવા કહેલું, તેથી આ બીજા બંધનમાંથી છોડાવશે, - પુત્રરૂપ પ્રભુ કૃષ્ણ !

પોતાના મુખ્ય-અશ્વરૂપ કેશીને કંસે બોલાવ્યો. રામ-માધવને પધરાવવા મોકલ્યો, પણ ઘોડેસ્વારી તો સુખદ નહિ ને ! તેથી પાછળથી રથ મોકલ્યો છે. સાક્ષાત્ "કૃષ્ણ" - નામ કંસના મોંમાં ન આવ્યું ! નામથી પણ કામ થઈ જાય ! ભક્ત થઈ જવાય ને ! પોતાના પક્ષપાતીઓને કંસે બોલાવ્યા. સૌનું નામ લઈને વિગત સમજાવી, નારદનું નામ લીધા વિના, પ્રસિદ્ધ-જાણેલી-વાત કહી, - "किल"; પ્રભુપ્રેરણાથી કંસે લૌકિકભાષામાં, લોકમાં ખરાબ ન દેખાય તેમ રમતમાત્રથી, ભાણાને મારવાની યોજના સમજાવી; તેથી તો ભગવાને તેને લોકરીતે, શસ્ત્ર કે પ્રહાર વગર - રમતમાત્રથી - માર્યો ! કંસે લૌકિકોપાય રૂપે કાલ શા મલ્લ અને મૃત્યુ શા કુવલયાપીડ હાથીની યોજના કરી ! અલૌકિકોપાય રૂપે કૃષ્ણને વિષ્ણુ સમજીને તેના પ્રતિકાર માટે, શૈવતંત્રમાં કહેલ હિંસાપ્રચુર રીતે કામનાપૂરક ભૂતરાજનો ધનુર્યાગ, શિવતિથિ ચતુર્દશીએ કરવાનું યોજ્યું ! પ્રભુ પધરાવવા જવા અક્રૂરને આદરથી મનાવ્યા. બાર વર્ષ સુધી રોજ ગોદાનથી, તે તો "દાનપતિ" છે. સૌને ગાયો દેનાર, પોતાને ગાયોના પાલક ન લાવી દે ? આતુરને ભક્ત ભગવાનનું દાન ન કરે ? અત્યાર સુધી અક્રૂર કંસના આશ્રિત હતા, હવે કંસ અક્રૂરનો આશ્રિત થયો ! સ્વાર્થવશ સંસારી શું ન કરે ?! "अनेन रथेन"- નવો સુંદર, વગર વપરાયેલો, રથ બતાવ્યો ! તેમાં આનકદુદુભિ-વસુદેવજીના પુત્રને લાવવાનું કહ્યું ! પોતાની યોજના સમજાવી, તેથી નિષ્કંટકરાજ્ય થશે, તેમ કહ્યું. ભગવાને તેથી તો તેને મુક્તિ દીધી. નિષ્કંટક-રાજ્ય કર્યું ! મનોરથ તો મલિન, પણ મામાનો ને ! ભવ્ય ભાણાએ તે પૂરો કર્યો !

આસુરકલ્પમાં સર્વરાજ્ય દૈત્યોનું હતું. દેવોએ વેદજ્ઞાનથી યજ્ઞો કર્યા. પ્રભુને પ્રસન્ન કર્યા, તેથી દૈત્યોનો પરાજય થયો. રાજ્ય દેવોનું થયું. નિત્યસૃષ્ટિપ્રકારે વેદો જોઈને દેવો થયા, તે તો કૃત્રિમ થયા. તે દેવો અને તેમના પક્ષના યુધિષ્ઠિરાદિ - રાજાઓને મારીને રાજ્ય કરવા કંસે કહ્યું. બાલક તો કૌતુકથી આવે, તેથી ધનુર્યાગનાં દર્શન અને મથુરાની શોભા જોવા માટે રામ-કૃષ્ણને લાવવા કહ્યું. અક્રૂર તો દ્વિસ્વભાવવાળો જીવ છે,- મૂલ સાત્ત્વિક છતાં કાર્ય માટે દૈત્યના આવેશવાળો ! સંસારી સૌ આવા ને ! - ક્યારેક ભગવત્કાર્ય પણ ગમે અને પ્રાયઃ સ્વાર્થ સાધવો પણ ગમે ! જેવા સંયોગ ! અક્રૂર ભક્તિ પણ કરે; અને સ્યમન્તક પ્રસંગે મણિ લઈને ચાલ્યા પણ જાય ! - આવા અક્રૂરે સંદિગ્ધ ઉત્તર

આપ્યો, - "રાજન્ ! વિચારો તો સારા છે !" ભગવાન્ તો કંસાદિના વધ માટે અવતર્યા હોવાથી, તે બધા મરેલા જ છે, છતાં મનોરથ કરે છે, તેથી તે ભ્રાન્ત છે. "मनोरथान् करोत्युच्चैर्जनो दैवहतानपि ।" "जनः" - જન્મેલા માનવના મનોરથ પૂરા થાય તો તે અન્યના ગર્ભમાં, અન્યની ઈચ્છાથી, જન્મે જ કેમ ?! પોતાનો વિચાર કરીને મનોરથ થાય. ક્યારેક ભગવાન્ સફલ કરે, ક્યારેક ન પણ કરે ! છતાં અક્રૂરે આજ્ઞા પાળવાની તૈયારી બતાવી. પ્રયત્ન પોતાનો,પરિણામ તો દૈવ દે ! અત્યારે તો, - ભગવાન્ અવતર્યા છે. અવતાર તો કાલ વગેરેનું ઉલ્લઘંન પણ કરે, તે પ્રમેયબલ છે. પ્રમાણબલથી ધર્માદિ સ્થિર થાય. અક્રૂરે કહેલું કંસે વ્યગ્રતાથી વિચાર્યું નહિ ! સૌને જવાનું કહ્યું. પોતે અંતઃપુરમાં ગયો. અક્રૂર પોતાને ઘેર ગયા. તે દિવસે ગોકુલ જવા નીકળ્યા નથી. કંસ પોતે કહેલું અંદર વિચારશે,- તેમ અક્રૂરે માન્યું. અજ્ઞ સંસારીઓ પોતાની માન્યતાઓમાં જ મગ્ન રહે છે ને !

અધ્યાય : ૩૭

આસુર-ઈન્દ્રિય રૂપ ઘોડાના રૂપમાં આવેલા જ્ઞાનમાં વિઘ્નરૂપ કેશીને કૃષ્ણે માર્યો :

નારદજી સાથે મૌન રહ્યા ! : લીલામાં વિઘ્નરૂપ, ગોપવેશધારી વ્યોમાસુરને માર્યો :

"केशी तु कंसप्रहितः...।" - કંસે પ્રેરેલો રાક્ષસ કેશી તો સીધો વ્રજમાં આવ્યો ! ભયંકર અશ્વનું રૂપ ! ખરીઓથી પૃથ્વીને ખોદે, મન જેવો તેનો વેગ ! ગોકુલને ત્રાસ દે. અહીં, અશ્વ - આસુર-ઈન્દ્રિય- રૂપ ! ગોકુલ-દૈવી-ઈન્દ્રિયરૂપ. અયોગ્ય ખાન-પાન-વિહાર-સહવાસથી ઈન્દ્રિયો વિકૃત બને, ભગવદ્‌વિમુખ થાય, જીવન બરબાદ થાય, - તે કેશી રૂપ ! ખાન-પાન-વિહારના સહવાસથી ઈન્દ્રિયો નિર્વિકાર બને, ભગવદભિમુખ રહે, જીવન આબાદ થાય, - તે ગોકુલ રૂપ ! વિકારપૂર્ણ ઈન્દ્રિયોવાળાના સંગમાં પણ નિર્વિકાર ઈન્દ્રિયોવાળાને ભય થાય ! ઉત્તમ વસ્તુ કે દ્રવ્ય જેની પાસે હોય તેણે તે સાચવવા માટે સાવધ-સચિંત રહેવાનું હોય ને ! સફેદ કપડાં પર ડાઘ પડવાનો કે દેખાવાનો સંભવ વધારે ને ! ભગવાને કેશીને પડકાર્યો. દુષ્ટ દોડ્યો. કમલનેત્ર કૃષ્ણને ધેનુકની જેમ અવળા ફરીને પાછલા પગે પ્રહાર કર્યો ! કમલનેત્ર પ્રભુની સુંદરતા સમજાય, તો અવજ્ઞા કોણ કરી શકે ?! અધોક્ષજે ઘા ચુકાવ્યો. અસુર તો છેતરાય ને ! તેને ઈન્દ્રિયથી પર પ્રભુનો સંબંધ તો સંભવે ક્યાંથી ? બાલક પ્રભુએ તો રમતમાં તેના પગ પકડ્યા. અવજ્ઞાપૂર્વક સો ધનુષ્ય દૂર ફેંકી દીધો. પુનઃ, દુષ્ટ ક્રોધથી દોડ્યો, મોં ફાડ્યું. ભગવાને ડાબો હાથ મોંમાં ખોસી દીધો ! તપાવેલા લોહ જેવો સ્પર્શ થયો ! દેવ-દૈત્ય કે શસ્ત્રથી ન મરે તેવા, વરદાન પામેલા, અસુરના દાંત પડ્યા. "यथामयः संववृधे उपेक्षितः ।" - ઉપેક્ષાથી રોગ સ્વતઃ વધે ! દેહવૃદ્ધિમાં તો સાધન જોઈએ. રોગવૃદ્ધિમાં શું જોઈએ ? પ્રભુ માયા જેટલી દૂર કરે તેટલો હસ્ત વધુ પ્રકટે, તે વધ્યો કહેવાય ! પ્રભુની ઉપેક્ષા કરે, તેની કઈ અપેક્ષા પૂરી થાય ? પોતાના રોગથી પોતે પીડાયા જ કરે ને ? પાપી પીડાયો - પડ્યો - મર્યો. પ્રભુને પ્રયાસ શો ? દુષ્ટને પણ મહાભુજે મુક્તિ દીધી. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. તામસ કેશી પણ મથુરાથી મુક્તિ માટે વ્રજમાં આવીને મર્યો ! કેશી જ્ઞાનમાં વિઘ્ન કરનાર છે. ગોકુલવાસીઓને જ્ઞાન તથા ભક્તિ દેવા, ભગવાને કેશી- અરિષ્ટને ગોકુલમાં માર્યા. પ્રભુના પધાર્યા પછી વિરહમાં જ્ઞાન-ભક્તિ વિના ગોકુલવાસીઓ ક્ષણ પણ જીવે કેમ ? અક્રૂર પણ તે માટે ગોકુલ આવ્યા છે.

કેશિવધ વખતે પ્રભુ પાસે કોઈને ન જોયું. નારદ આવ્યા, - નમ્યા. કંસને જ્ઞાન દેવાના દેવસંમત-કાર્યમાં નારદજીને ભગવાનની સંમતિ ન હતી ! વસુદેવ-દેવકીજી ભક્ત છે. તેમને કેદનું કષ્ટ થાય, તે કૃષ્ણને કેમ ગમે ? તેથી નારદે તે અપરાધ ક્ષમા કરાવવા સ્તુતિ કરી ! દુષ્ટવધ અને સાધુરક્ષા માટે પ્રભુ પોતે પ્રકટ થયા છે, ભક્તિ પણ દે છે. યોગસામર્થ્યથી નારદે હવે પછી થનાર લીલાનાં દર્શનનો લાભ પણ ગણાવ્યો. યોગથી પ્રભુની લીલા ન સમજાય, તેથી ક્રમ ન રહ્યો ! નારદે શરણાગતિ કરી,- "भगवन्तमीमहि ।"- સર્વભક્તોદ્ધારક ભગવાન્ મૌન રહ્યા ! રાજસોનો ઉદ્ધાર કરનાર પ્રધુમ્નરૂપ પ્રભુની આ લીલા છે, તેથી આમાં મધ્યમાધિકારી નારદજીને દોષ ન લાગ્યો, પણ પ્રભુ તો પ્રસન્ન ન થયા ! નારદને જવાની રજા દીધી. નારદજીને તો કૃષ્ણદર્શનનો ઉત્સવ મળ્યો, ગયા.

ભગવાન્ પણ ગોકુલમાં પધાર્યા. વ્રજમાંથી મથુરા પધાર્યા પછી પણ ગોવિંદ ગોકુલરક્ષા કરવાના છે,- તે સૂચવવા સિંહાવલોકનન્યાયથી શ્રીશુકે, તે દિવસે ન બનેલી લીલા પણ કહી ! એક દિવસ પશુઓ ચરાવતા ગોપો લુક્લીલા (ચોર-પોલીસ) જેવી રમત રમતા હતા. સૌ નિર્ભય કૃષ્ણાશ્રયથી હતા. તે દિવસે પ્રાય: ભગવાન્ કે બલરામજી ગોચારણમાં પધાર્યા નથી, ગોકુલમાં છે, પછી વનમાં પધારીને વ્યોમવધ કરે છે ! માયાવી મયનો પુત્ર વ્યોમાસુર, છેતરીને ગોપોને મારવા આવ્યો, ગોપવેષ ધર્યો. મેષરૂપધારી ગોપોને હરીને પર્વતની ગુફામાં માયામોહિત કરીને પૂર્યા. ગુફાનું દ્વાર પણ ખૂબ નાનું, શિલાથી બંધ કરી દીધું, ચારપાંચ ગોપ બચ્યા. સદાનંદ કૃષ્ણે સ્વજનદુ:ખ જાણ્યું, પધાર્યા. શરણાગતની સર્વથા રક્ષા પ્રભુ ન કરે તો શરણે કોણ જાય ? સન્માર્ગ ક્યાંથી સચવાય ? વિભુએ વ્યોમને પકડ્યો. વ્યોમે વિકરાલ રાક્ષસ રૂપ પ્રકટ કર્યું. ભગવાને દેવના દેખતાં તેનું મો દબાવી, ગળું મરડીને માર્યો. દેવોને દર્શન દીધાં. કર્માનુસારી વ્યોમ, ગોકુલમાં લીલામાં વિઘ્નરૂપ છે ! વિયોગમાં લીલા થાય માટે ભગવાને તેને ગોકુલમાં માર્યો ! ઐશ્વર્યથી અરિષ્ટને અને વીર્યથી કેશી-વ્યોમને માર્યા. વિરહમાં, ભક્તિ-જ્ઞાન અને લીલા (કર્મ) ત્રણે વ્રજમાં સ્થિર કર્યાં ! ગોકુલવાસીઓ તામસ મટ્યા, રાજસ થયા ! તેની પ્રતીતિ દૃઢ કરી. અક્લિષ્ટકર્મા કૃષ્ણે વ્યોમનાં છૂપાં સ્થળ પણ તોડી નાખ્યાં. ગોપોને બહાર કાઢ્યા. સૌએ પ્રભુની સ્તુતિ કરી. સૌ સાથે પ્રભુ ગોકુલમાં પાછા પધાર્યા. આગળ થનારા લીલાપરાયણ-ભક્તો પણ પાછા લીલામાં આવે ને !

અધ્યાય : ૩૮

માર્ગમાં રથ અને ભગવન્માર્ગમાં મનોરથ ચલાવતા અક્રૂરજી ગોકુલમાં આવ્યા !:

બીજે દિવસે સવારે, અક્રૂરજી દિવ્યરથ હાંકતા ચાલ્યા. સત્પુરુષો ભગવાનની સન્મુખ જાય, ત્યારે મનમાં મનોરથ ભગવાનના થાય, વ્યર્થ કલ્પના કે વાતો નહિ ! મંદિરે દર્શનમાં કે કથામાં, જતાં- આવતાં સૌને શિખવા જેવો આ સદાચાર છે ! ભગવન્માર્ગે ચાલે-જીવે, તેને ભક્તિ થાય જ ! ભક્તિ તો કામના કરાવે, ચિંતન કરાવે, ચિંતા દૂર કરે. પ્રભુની પ્રસન્નતાથી જ દર્શન મળે. અક્રૂરને થયું, - "અહો ! મને આજે જ કૃષ્ણદર્શન મળશે ? ! કયા આચારનું આ ફલ ! કે તપ:નું બલ ! કે દાનનું માન ! કૃષ્ણદર્શન તો અમરને પણ દુર્લભ, મને કાલપ્રવાહમાં ઘસડાતા પામરને સુલભ થયું !

મારું અમંગલ ગયું ! જન્મ સફલ થયો ! પ્રભુનાં પાદપદ્મે હું પ્રણિપાત કરું છું ! ક્રૂર કંસ દ્વારા પણ આજે આવો ઉદાર અનુગ્રહ થયો ! કૃષ્ણ લેવા જવાના લૌકિકકાર્યના બહાને પણ આ અલૌકિકલાભ લાધ્યો ! વિશ્વવંદ્ય, મુનિસેવ્ય, અભયપ્રદ, કૃષ્ણચરણનું મને દર્શન મળશે ! સ્મિતપૂર્વક કૃપાકટાક્ષ કરતા કમલનયનનાં મને દર્શન થશે ! શકુન તો સારા છે ! મૃગલાં જમણે હાથે છે. દર્શન વગર તો નેત્ર નકામાં થાત ! ગોપિકા-સદનમાં વિરાજતા, અપ્રાકૃતધર્મપૂર્ણ, જેની લીલાનું ગાન કરતી વાણી પણ વિશ્વને પાવન કરે, તે પ્રભુનાં મને દર્શન થશે ! "यास्तद्विरक्ताः शवशोभना मताः ।"- પ્રભુલીલાના સંબંધ વગરની સુંદર વાણી પણ, શબની શોભા (કોફીન) જેવી અમંગલરૂપ છે ! મર્યાદાપાલક લોકપાલોને પણ સુખ દેતા શ્યામ વ્રજમાં વિલસે છે ! મંગલરૂપ છે - આ પ્રાતઃકાલ ! મંગલરૂપનિધાનને હું નજરે નિહાળીશ ! જે ચરણના ધ્યાનથી યોગીઓ ધન્ય બને, તેને હું નક્કી નમીશ ! નમનથી તો શું ન મળે ! ચરણે પડ્યો હોઈશ, શરણ શોધતો હોઈશ, કૃપા કૃષ્ણ કરશે ! કાલસર્પના ભયમાંથી અભય દેતો કરકમલ મારા મસ્તકે ધરશે ! દોષ મારા જશે. હું તો દુશ્મનનો દૂત છું, છતાં સર્વજ્ઞ પ્રભુ મને પારકો નહિ ગણે ! મારા હાથ જોડેલા જોતાં દયાથી દ્રવી જશે, મને ભાવથી ભેટી પડશે ! પ્રભુનાં ચરણમાંથી વિશ્વપાવની ગંગા પ્રકટે, તો તેમના અંગસંગમાંથી જુદો થયેલો હું કેવો પાવન તીર્થરૂપ થઈશ ? ! ભેટતા, નમતા મને, યશસ્વી પ્રભુને, "અક્રૂર ! કાકા !" - કહીને આત્મીયતા દેશે ! પ્રભુએ જેને પોતાનો ન બનાવ્યો, આત્મીય રૂપે આદર ન દીધો, તેનો જન્મ ધિક્કાર !- "नैवादृतो यो धिगमुष्य जन्म तत् ।"- અનેકના આત્મીય થવામાં ઉદ્ધાર નથી, કૃષ્ણના તો દાસ થનારને પણ ઉદાસ થવાનું રહેતું નથી ! કૃષ્ણ તો કલ્પતરુ છે ! "भक्तान् भजते"- ભક્તોને ભજે છે, સર્વફલ દે છે ! "उपाश्रितोऽर्थदः"- આશ્રિતને સર્વ- પુરુષાર્થ પ્રદાન કરે છે !"

અક્રૂરજીનો રથ માર્ગે ચાલે છે, મનોરથ ભગવન્માર્ગે ચાલે છે ! ભગવત્સંમુખ રહેનારને સર્વ સાનુકૂલ બને. રથ જ અક્રૂરને ગોકુલમાં લાવ્યો ! સંધ્યા સમય હતો. પૃથ્વીને પાવન કરતાં પ્રભુનાં પદચિહ્નોનાં દર્શન થયાં. પ્રેમ ઉભરાયો. અક્રૂર રથમાંથી કૂદ્યા ! ભગવાનનાં ચરણસંબંધથી રજઃ પણ ભગવદીય દેહ દે ! તેવો મહિમા ! અક્રૂર તો રજઃમાં આળોટ્યા - "અહો ! પ્રભુનાં ચરણની આ રજઃ !" અત્યાર સુધી શાસ્ત્રાર્થપૂર્વક, ઈશ્વર રૂપે, મહિમાથી, સંબંધી તરીકે, કૃષ્ણને જાણ્યા હતા, હવે તો અક્રૂર સ્વયં શુદ્ધસેવક થયા ! જન્મેલા સૌનો પરમપુરુષાર્થ છે, - ભગવદીયભાવ ! તે મેળવવા માટે જ સર્વ-પ્રયત્ન કરવા જોઈએ, જ્ઞાનાદિ તો ગૌણફલ છે. સ્વાભાવિક-રીતે મોક્ષથી તે અધિક છે. દેહપ્રાપ્તિ ક્લેશરૂપ, તેમાંય આ પુરુષાર્થ ન મળે તો વ્યર્થ જ થઈ જાય. દંભ, ભય, શોક, છોડીને મનોરથ માણતાં અક્રૂરને સફલતા સામે મળી ! યોગ્યદેહ થયો ! ગોદોહનમાં વિરાજેલા, પીતાંબર-નીલાંબર શ્યામ-રામને જોયા. "किशोरौ"- નવથી સોળ વર્ષ સુધી કિશોરવય ! આ અગિયાર વર્ષના ! હવે, આગળ કાલાવસ્થા નહિ કહે. (વ્રજ) ભાદ્રપદ કૃષ્ણ ૧૨નો આ દિવસ !

"दिशो वितिमिरा राजन् कुर्वाणौ प्रभया स्वया ।"- શીત નહિ કે ઉષ્ણ નહિ તેવી, સૂર્યથી અધિક, અલૌકિક, સર્વતાપનાશિકા, સર્વાનન્દદાયિની, બ્રહ્મત્વબોધક કાંતિ રામ-શ્યામની છે. ઉત્કટ-ભાવે અક્રૂર પગે પડ્યા. દુઃસંસર્ગદોષ દૂર કરતાં પ્રભુએ ચક્રચિહ્નવાળા કરથી નિકટ ખેંચ્યા ! તેમને પોતાનામાં પ્રવેશ દેતાં લૌકિકકાર્ય સિદ્ધ થાય ને ! દંડવત્થી પ્રસન્ન વત્સલ પ્રભુએ કૃપા કરી, આલિંગન

દીધું. ચરણરજઃમાં આળોટવાથી ભગવદીય થયા હતા, તેને ભગવાનમાં સાયુજ્ય મળ્યું ! ફરી જુદા પડ્યાનું કહ્યું નથી; નહિ તો ભક્તિ વ્યર્થ થાય, છતાં અભિલાષ પૂર્ણ કરવા, આગળની લીલા માટે, પ્રતિકૃતિ રૂપે છૂટા કર્યા ! બલભદ્રને તે અક્રૂરજી ભેટ્યા. પ્રભુ હાથ પકડી તેમને ઘરમાં લઈ ગયા. ઉત્તમ સુયોગ્ય સ્વાગત કર્યું. નન્દજીએ, ક્રૂરકંસના અવિચારી રાજ્યમાં સ્થિતિ અનુચિત કહી,- "તેણે તો ભાણાઓને માર્યા. તે પ્રજાનું કલ્યાણ શું કરે ? ત્યાં કુશલ શું પુછાય ?" મધુર, સત્ય, સુખદ વાણીથી અક્રૂરજીનો શ્રમ શાન્ત થયો. અક્રૂર તો સાત્ત્વિક, છતાં રાજસ-તામસદોષથી થયો,- કંસસંગ ! કૃષ્ણ-મનોરથથી તે સંગદોષ ગયો, ભક્તિ થઈ, ભગવાન્ મળ્યા ! અક્રૂર અસુરસિદ્ધાંત જાણે છે, તેથી પ્રભુને લેવા જવા તૈયાર થયા; ભગવચ્છાસ્ત્ર પણ જાણતા હોવાથી સંદિગ્ધ ઉત્તર દીધો ! દુઃસંગ છૂટતાં પ્રભુ-પ્રસન્નતા મળે ! અક્રૂરજીને કૃષ્ણમહિમાનું જ્ઞાન છે.તે ભક્તિમાર્ગમાં ઉપયોગી છે. સ્વરૂપજ્ઞાન જ્ઞાનમાર્ગમાં ઉપકારક છે. કામનાઓ કર્મમાર્ગમાં ઉપયોગી છે. આ ત્રણેમાં શ્રદ્ધાથી કૃષ્ણ-બલરામ અને નન્દજી પ્રસન્ન થયા ! મહિમા વગેરેના જ્ઞાનથી અધ્યાયમાં યશોરૂપ છે.

અધ્યાય : ૩૯

અક્રૂરજી સાથે (વ્યૂહાત્મક) પ્રકટ દેખાતા પ્રભુને મથુરા જતા જાણતાં શ્રીગોપીજનનું આક્રંદ : અક્રૂરજીને યમુનાજીના ધરામાં દિવ્ય - દર્શન !:

માર્ગમાં થયેલા ભક્ત અક્રૂરના સર્વમનોરથ પૂર્ણ થયા ! વિકલને "કાકા ! અક્રૂર !",- કહેતાં કૃષ્ણે કૃતાર્થ કરી દીધા ! પ્રભુ પ્રસન્ન હતા.

किमलभ्यं भगवति प्रसन्ने श्रीनिकेतने ।
तथापि तत्परा राजन्न हि वाञ्छन्ति किञ्चन ॥ (२)

પ્રભુ પ્રસન્ન થયા, શું અલભ્ય રહે ? છતાં પ્રભુપરાયણ-ભક્તો કાંઈ જ ઈચ્છતા નથી ! પ્રસન્નતાથી તો પ્રભુ આત્મદાન પણ કરે, પણ પ્રસન્નતા દુર્લભ છે ને ? ભગવાને સાયંભોજન પછી અક્રૂરને પૂછતાં કંસનો આશય જાણ્યો. નન્દજીએ મથુરા જવાની તૈયારી અંતઃપુર-રક્ષક દ્વારા કરાવી. (વ્રજ) ભાદ્રપદ વદ તેરશને દિવસે પધાર્યા છે. ગોરસ અને ભેટ સર્વસંપન્ન ગોવાળોએ લીધાં. શ્રીગોપીજને જાણ્યું, - પ્રભુ પધારે છે ! પાછા નહિ આવે ! વિરહવિકલ થયાં. વિલાપ થયો. બ્રહ્મા, ભગવાન્, અક્રૂર, સર્વ- સ્વજન અને પોતાને અકળામણમાં ઉપાલંભ આપ્યો !

"બ્રહ્મા, દયા વગરના ! સ્નેહ જોડાવે અને તોડાવે ! દર્શન શ્યામ-સુંદરનાં ઝૂંટવી લે ! નામ અક્રૂર છતાં કામ તો ક્રૂર !- કોમલ પ્રિય મનોહર કૃષ્ણને દૂર હરી જાય ! - નન્દસૂનુ પણ આવા ! "**क्षणभङ्गसौहृदः**"- ક્ષણભંગુર - સ્નેહવાળા ! અમારું દુઃખ તે દેખતા નથી ! હવે તો, નગરનારીઓને મુખદર્શન-સુખ મળશે ! માર્ગમાં દેવકીસુતનાં દર્શને સૌ ધન્ય થશે ! પ્રિય પાસેથી પ્રાણપ્રિયને ઝૂંટવી જનાર નિષ્ઠુર અક્રૂર તો આક્રૂર કહેવાય ! લાગણી વિનાના આ કૃષ્ણ ! રથમાં બેસી પણ ગયા ! અમે અટકાવીએ ! શું કરી લેશે આ વડીલો-સ્વજનો ?! રાસમાં રસ માણ્યો, તે કૃષ્ણ વિના ગોપીજન જીવે કેમ કરીને ?! એ સુંદર વેણુનાદ ! આ કૃપાકટાક્ષ ! આ મધુરસ્મિત ! હવે મળશે ક્યાં ? તે વિના તો રહેવાય કેમ ? !" કૃષ્ણાસક્ત ગોપીજન લોકલાજ મૂકીને, સુસ્વર કરુણ વિલાપ કરી રહ્યાં છે.

ગોપીજનનો ઉત્કટભાવ પ્રકટ કરવા પ્રભુ પધારે છે, તેથી શ્રીશુક આમ મથુરાગમન વર્ણવે છે, નહિ તો ગોકુલમાં રહીને પણ પ્રભુ તો સર્વ કાંઈ કરી શકે તેમ છે ! "**विसृज्य लज्जां रुरुदुः स्म सुस्वरं गोविन्द दामोदर माधवेति ।**"- ઉત્કટ ભગવદ્ભાવપૂર્ણ ભક્તિમાર્ગમાં લોકલજ્જા શી ?! રાસની જેમ સુસ્વર રુદન છે ! ગોવિન્દ- ગાયોના ઈન્દ્ર, સર્વસુખસમૃદ્ધિદાતા છે. દામોદર - ભક્તભાવવશ ભગવાન્, ભક્તાનુકૂલ-લીલારત છે. માધવ-લક્ષ્મીજીની ઈચ્છાથી લક્ષ્મીપતિ થયેલા, સર્વરસવૈભવ-વિલાસપ્રદાતા છે. ત્રણ પદમાં તો સર્વસ્વાનુભવનો સમાવેશ કરી દીધો છે. આ બધું ભૂલીને ભગવાન્ પધારે છે ? ! ભગવાનને દયા આવે માટે શ્રીગોપીજન રડી રહ્યાં છે ! બિલ્વમંગલજીને આમાંથી સ્તોત્રબીજ જડ્યું હશે ! ઉષ્ણભાવે આ ગવાય.

અરિષ્ટાદિના સ્થાપનથી થતા વાસનારૂપ દોષવિઘ્નથી, પ્રભુને જતાં કાયિકરીતે શ્રીગોપીજને ન અટકાવ્યા ! શ્રુતિરૂપ અને ઋષિરૂપ હોવાથી, ભગવાનના વાણીના સંદેશમાં વિશ્વાસ રાખીને રહ્યાં ! પ્રાતઃકાર્ય પરવારીને અક્રૂરે રથ ચલાવ્યો. કેટલાંક ગોપીજન સૂક્ષ્મ-રૂપે સાયુજ્ય પામી પ્રભુ સાથે પધાર્યાં ! અમંગલ અટકાવવા ભગવાને નૂતનજીવ તેમાં મૂક્યા ! કેટલાંક સ્થૂલરીતે પ્રિયપ્રભુની પાછળ ગયાં. ભગવાને આશ્વાસન દીધું. "**आयास्य इति दौत्यकैः ।**"- ભગવાને દૂતવાક્ય દ્વારા જ્ઞાન કે શબ્દાર્થ રૂપે આવવા કહ્યું ! ગોપીજન તો આ વચનને જ દૂતકાર્ય સમજ્યાં ! રથની રજઃ ઊડતી દેખાઈ, ત્યાં સુધી ગોપીજન જોઈ રહ્યાં ! પ્રતિમા શાં થઈ ગયાં ! નિરાશ થયાં ! પ્રિયગાન ગાતાં પાછાં પધાર્યાં ! ભગવદ્ગુણો પણ ભગવદ્રૂપ ! તેથી ચરિતગાનથી રાત-દિવસ શોકરહિત વીતાવતાં ! ભાવાત્મક ભગવાન્ તો ભક્તહૃદયમાં વિરાજે છે, વ્યૂહ રૂપે - પ્રકટ દેખાતા - પ્રભુ પધારે છે !

ભગવાન્ વાયુવેગી રથમાં વિરાજ્યા. કાલિંદીને કાંઠે આવ્યા. સૌ પાછળ રહ્યાં. ઘડીમાં ત્રણચાર યોજન પહોંચ્યા. સારસ્વતકલ્પની આ કથા ! શ્રીયમુનાજીની અંતર્વેદીમાં ગોકુલ-વૃન્દાવન-ગોવર્ધન હતાં. અત્યારે કલ્પભેદથી પ્રદેશો જુદા સ્થલે છે. ત્યાં યમુનાજી ઊંડાં વહેતાં, ધરા જેવું હતું. જલમાં સ્નાન કરી અંદર રહેલા અક્રૂરને અને અન્યને પાવન કરી, વનસ્પતિની છાયામાં પ્રભુ રથમાં વિરાજ્યા. અક્રૂરે આજ્ઞા લઈને સ્નાન વિધિપૂર્વક કર્યું. અઘમર્ષણ-જપ કરતાં જલમાં ડૂબકી દીધી. બ્રહ્મજપે સ્વાન્તઃ શુદ્ધ થયું. રામ-કૃષ્ણ જલમાં દેખાયા ! સર્વત્ર વિરાજતા પ્રભુ માયા દૂર થતાં દેખાય ! આશ્ચર્ય થયું, અક્રૂરજીને ! પુનઃ ડૂબકી દીધી. ભગવાને સ્વમહિમા પ્રકટ કર્યો. શેષશાયી નારાયણ રૂપે દિવ્ય ભગવદ્દર્શન થયાં ! અધિકાર પ્રમાણે અનુભવ મળે ને ! અક્રૂરને વૈકુણ્ઠમાં રાખવાના, તેથી બ્રહ્મહૃદમાં આવા દર્શન દીધાં, નહિ તો પ્રભુનો સંગ છોડીને ન જાય ! અનેક દિવ્યશોભા ધર્મો, ભક્તો અને શક્તિયોથી સેવાતા પ્રભુને જોયા. ભગવાનની કાર્યસાધક બાર શક્તિ, મૂર્તિમંત રૂપે સેવા કરે છે,—

श्रिया पुष्ट्या गिरा कान्त्या कीर्त्या तुष्ट्येलयोर्जया ।
विद्ययाविद्यया शक्त्या मायया च निषेवितम् ॥ (५५)

શ્રી-લક્ષ્મી; પુષ્ટિ-જેનાથી સૌ પુષ્ટ બને, નહિ તો અત્યાહાર છતાં પુષ્ટ ન થાય; ગીઃ- સરસ્વતી; કાન્તિઃ - પ્રભા; કીર્તિ - યશઃ, તે વિના સમાનક્રિયાથી પણ ન મળે; તુષ્ટિ - સંતોષ, તે વગર મોટા પણ તૃણ શા થઈ જાય; ઈલા - ભૂમિ; ઊર્જા - સર્વસામર્થ્ય રૂપા; વિદ્યા - જ્ઞાનરૂપા, મોક્ષદાત્રી; અવિદ્યા-

બંધનપ્રદ, નિદ્રા વગેરે પણ તેના પ્રકારો છે. શક્તિ - સર્વનિયામિકા ઈચ્છાશક્તિ, માયા -સર્વભવનસામર્થ્ય અને વ્યામોહિકા, બંને- "च" -થી છે. આ મુખ્ય શક્તિયો છે. ગૌણભેદો તો અનેક છે. આધાર, રૂપ, આહાર, અંગ અલંકાર, ત્રિવિધ સેવકો, શક્તિયો, - આમ, સાત રીતે પ્રભુ દેખાયા ! અક્રૂરને પરમભક્તિ થઈ. દંડવત્ કર્યાં. સાવધ થયા. હાથ જોડ્યા. સ્તુતિ કરી. સઘળું આ દર્શન હૃદયારૂઢ થયું ! આ અધ્યાયમાં ગોપીજન-વિરહથી શ્રીગુણ કહ્યો.

અધ્યાય : ૪૦

આશ્ચર્યમગ્ન અક્રૂરજીએ ગુણોપસંહાર-ન્યાયે ભગવાનની સ્તુતિ કરી :

માહાત્મ્યજ્ઞાનથી સ્નેહ થાય. સ્નેહ ક્રિયા રૂપે પ્રકટ થાય,- તે સેવા ! વાણી રૂપે વ્યક્ત થાય તે,- સ્તુતિ ! શેષશાયીજીનાં દર્શન થયાં. ભગવાનનો મહિમા અક્રૂરના અંતરમાં ઉતર્યો. વાણીમાં વિકસ્યો ! સ્વરૂપ, પ્રમાણ, યુક્તિ, વસ્તુસ્વરૂપ અને અવતારફલથી સર્વનો નિર્ણય છે. આ અક્રૂરસ્તુતિ મધ્યમ છે. નારદ-વસુદેવાદિની સ્તુતિ ઉત્તમ છે. જેનો જેવો ભાવ તેવું તેનું નિરૂપણ ! ભગવાન્ તો સર્વરૂપ છે. તેમાં સર્વયોગ્ય છે. સંસ્કારવશ સ્નેહ અક્રૂરજીનો છે, પણ સત્સંગ નથી, તેથી સફલ થયા ન હતા, પણ પોતે - "કાકા", છતાં કૃષ્ણને મહાપુરુષ માનીને વર્તતા, અભિમાન વગર નમતા ! તેમની આ સ્તુતિ જ્ઞાનકાર્ય છે. અક્રૂરે નમનથી આરંભ કર્યો,- "વિશ્વના આદિરૂપ નારાયણને નમન ! આપનું સ્વરૂપ કોઈ જાણતું નથી. અન્ય દેવતાના ભક્તો પણ અવિધિપૂર્વક, સર્વદેવમય આપને ભજે છે ! નદીઓ સમુદ્રમાં જ મળે, તેમ છેવટે, તો સૌની અંતિમગતિરૂપ આપ જ છો ! સર્વદેવો આપના અવયવરૂપ છે. સર્વલોકના આપ આધારરૂપ છો ! લીલા માટે અનેક અવતાર લો છો, તેથી લોકોના શોક દૂર થતાં, સૌ યશોગાન કરે છે. સર્વપુરુષાર્થ તેથી સિદ્ધ થાય છે. જગતમાં જેટલાં રૂપ દેખાય છે, તેમાં મૂલકારણરૂપ આપનું સ્વરૂપ છે, તેથી બીજ પહેલાં કે ફલ ? - તેવી અનવસ્થા-દોષની શંકા પણ ન રહે. "**नमः कारण मत्स्याय...।**"- માછલાનું આદિરૂપ-કારણ-તે મત્સ્ય નારાયણ ! સત્યવ્રતરક્ષા અને વેદોદ્ધારના કારણે મત્સ્યરૂપ થયેલા પ્રભુને નમન !"

ગુણોપસંહારન્યાયે, સર્વાવતારના અવતારી કૃષ્ણને વંદન કર્યાં. આર્ષજ્ઞાનથી કે ભગવાને દીધેલાં દર્શનથી, બુદ્ધ-કલ્કિને પણ વંદન કર્યાં ! સૌ ભગવાનની માયાથી મોહિત થઈને, "હું-મારું" - કરતાં ભવમાં ભટકે છે. સ્વપ્ન શાં સ્વજનસંગ - સુખને સાચાં સમજે છે ! અનિત્યને નિત્ય સમજે છે. અંધ સૂર્યને ન દેખે, તેમ પરમાનન્દ-દાતા પ્રભુ સુગમ, છતાં આવા લોકોને દેખાતા નથી, પ્રભુને છોડીને સૌ મૃગજલ શાં સુખ પાછળ દોડે છે, - વિમુખ બને છે ! જેની વૃત્તિ અને પ્રવૃત્તિ પ્રભુથી દૂર જ રહે, - ઘસડે, તે વિમુખ ! શાસ્ત્ર વગેરે દ્વારા વૃત્તિ-પ્રવૃત્તિ અંતર્મુખ બને, તો ભગવાન્ પાસે જ છે. મન દ્વિઃસ્વભાવ, જ્ઞાન અને ક્રિયાશક્તિયુક્ત છે. વિવેકથી કે શાસ્ત્રથી જ્ઞાનશક્તિ અને યોગથી ક્રિયાશક્તિ ઉત્પન્ન થાય, તો મન એકાગ્ર બને, નહિ તો જ્ઞાન (સમજ) હોવા છતાં, ક્રિયા મનને હરી લે છે; મન ભટકે છે. સૌ આ અનુભવે છે ને ? જ્ઞાન-ઈચ્છા-પ્રયત્નની જેમ, મન-વાણી-કાયાની ઉત્તરોત્તર પ્રબલતા છે. કામ વગેરેથી મન સંસારમાં જ આથડે છે. તેને અટકાવવા યોગાદિ (અભ્યાસ) તો સૌથી બને નહિ, જ્ઞાન (વૈરાગ્ય) પણ મળે નહિ. મનની નિયામિકા બુદ્ધિ, તે પણ વિષયરત -

કૃપણ ! પછી સન્માર્ગ સૂઝે જ ક્યાંથી ? ગાઢ અંધારામાં, વરસતા વરસાદમાં, પવન ફૂંકાતો હોય ત્યાં, દીવો પ્રકટે કઈ રીતે ? ઉત્કટ ઈચ્છા - કામ, તેને અનુકૂલ જ કર્મ થાય. તેમાં જ્ઞાન તો દુર્બલ બનીને દબાઈ જાય ને ! મનને આથડતું અટકાવવું જ અશક્ય લાગે,- વાયુવત્, પછી અટકાવવાનો ઉત્સાહ ક્યાંથી થાય ? ! હઠીલી ઈન્દ્રિયો પરાણે મનને ઘસડી પણ જાય, પછી શું થાય ? ! - શરણાગતિ વિના કોઈ જ ઉપાય નથી ! "**अलौकिकमनः सिद्धौ सर्वार्थे शरणं हरिः ।**"- અલૌકિક-મનઃસિદ્ધિમાં, સર્વપુરુષાર્થ માટે પણ, ભગવાન્ જ શરણ રૂપ છે. નિઃસહાયભાવે દીનતાથી શરણાગતિ થાય ! બલિષ્ઠ ઈન્દ્રિયો અને પોતાના અશક્યત્વનું નિવેદન પ્રભુને થાય. પ્રભુ ઈચ્છે તો જ સફલ થવાય. તેમાં ચાર સંભવ- (૧) કૃપા, (૨) શરણાગત-પરિપાલન-રૂપ પ્રભુના પોતાના વ્રતનો વિચાર, (૩) આપણું ભાગ્ય, (૪) ભગવત્કાર્ય (લીલા). ગીતાજીના સહજ ભાષ્યરૂપ ભાગવતજીમાં મનના વશીકરણનો આ સ્વતંત્ર ઉપાય છે ! અક્રૂરે શરણાગતિ કરી,—

सोऽहं तवाङ्घ्र्युपगतोऽस्म्यसतां दुरापं तच्चाप्यहं भवदनुग्रह ईश मन्ये ।
पुंसो भवेद् यर्हि संसरणापवर्गस्त्वय्यब्जनाभ सदुपासनया मतिः स्यात् ॥ (२८)

કોઈ પણ સાધન ન કરી શકું તેવો હું ! - "**सोऽहम्**". દીનતાથી આપનાં ચરણને શરણે આવ્યો છું. - "**तवाङ्घ्र्युपगतोऽस्मि ।**" "**असतां दुरापमपि**"- તે શરણાગતિ પણ વિવેકરહિત દુષ્ટને તો દુર્લભ છે. "**तच्चाहं भवदनुग्रह ईश मन्ये**"- "હે સ્વામિન્ ! તે હું આપનો અનુગ્રહ માનું છું ! - કૃપા વગર તો શરણાગતિ ન સંભવે. ઈન્દ્રિય વગેરે સંઘાત સાનુકૂલ થાય કે છૂટી જાય (દેહ પડે), ત્યારે શરણાગતિ સિદ્ધ થઈ ગણાય ! સાનુકૂલતા તો સમજી શકાય, ત્યાગ તો દુર્લભ છે, અનુભાવે કે કૃપાપ્રકાશે સમજાય. શરણાગતિ જ કૃપારૂપ છે. કૃપાના કાર્ય રૂપે શરણગમન થતાં, સંતોની સેવામાં રુચિ થાય, તેના દ્વારા ભગવાનમાં મતિ સ્થિર થાય ! ભગવાનની મૂલેચ્છા આમાં નિયામક છે. ભગવાન્ તો સર્વ કરવા સમર્થ છે. સૃષ્ટિસમયે જ ભગવાન્ અમુક જીવને, અમુક સમયે, અમુક રીતે, અમુક ફલ દેવા વિચારે છે. જેને મુક્તિ દેવા ઈચ્છે છે, તેને અમુક જન્મનો અવધિ નક્કી કરે છે ! જ્યારે એવો અંતિમજન્મ આવે, ત્યારે સંસારમાં સરવાનું ન રહે ! તે "**संसरणापवर्गः**"- સરવામાંથી મુક્તિ રૂપ ગણાય. પોતાને પ્રિય પુરુષ રૂપ પ્રભુ ત્યારે દે ! - "**पुंसो भवेद्**" "**यर्हि**"- જ્યારે; ત્યારે તે જન્મમાં; "**सदुपासनया**"- સદ્દુપાસના વડે; શાસ્ત્ર, ગુરુ, સંત વગેરે સાધન દ્વારા કે તે સર્વની અશક્યતામાં ભગવાનમાં પોતાના દ્વારા જ; "**मतिः स्यात्**"- ભગવાનમાં મતિ થાય ! "**तमेव विदित्वातिमृत्युमेति ।**"- વગેરે વાક્યો પ્રસિદ્ધ છે. આમ, અંતિમજન્મનાં ત્રણ લક્ષણ, - (૧) સત્સેવારુચિ, (૨) ભગવત્સ્વરૂપ-જ્ઞાનેચ્છા (૩) ભગવચ્છાસ્ત્રપરત્વ ! વિજ્ઞાનમાત્ર, બ્રહ્મરૂપ, અનંતશક્તિવાળા, ભગવાનને વંદન ! છેલ્લે કહી દીધું,- "**प्रपन्नं पाहि मां प्रभो ।**"- "હે ! પ્રભો ! શરણાગત મને રક્ષો !" જેથી પુનઃ આ પ્રવાહમાં ન પડાય ! અક્રૂરજીએ પહેલાં માનસિક-શરણાગતિ કરી, પછી કાયિક કરી. પછી વાચનિક પણ કરી, મનની સુભાવના, કાયાની ક્રિયા અને વાણીનાં વારંવાર રટણથી શરણાગતિ સુદૃઢ બને !

અધ્યાય : ૪૧

અગિયાર વર્ષની વયે પ્રભુનો મથુરામાં પ્રવેશ, - રંગરેજ, વાયક, માલાકાર પર કૃપા !:

મથુરા પધારતાં કૃષ્ણ (ઈશ્વર રૂપે) મહિમા પોતાનો પ્રકટ કરે છે. વ્રજના મધુરાધિપતિ કૃષ્ણ, હવે મથુરાધિપતિ રૂપે જાણે સંબંધીઓને સનાથ કરવા પધારે છે ! કાકા અક્રૂરે મહિમા જોયો, મુગ્ધ થયા. જલમાં બ્રહ્માંડાત્મક નારાયણ રૂપ જોયું, ભગવાનમાં બ્રહ્માંડ જોયું, માયા દૂર કરીને ભગવાને બ્રહ્માંડને બ્રહ્મરૂપ બતાવ્યું નથી ! કાકા સ્તુતિ કરતા હતા, ત્યાં જ ભગવાને તે સ્વરૂપ અંતર્હિત કર્યું ! નહિ તો વરદાન દેવું પડે ને ! સ્વતંત્ર છે ભગવાન્ તો ! આશ્ચર્ય અક્રૂરજીને થયું. રથમાં છે તે જલમાં ?! ઝટ વિધિ પતાવ્યો, કૃપાનિધિ પાસે દોડ્યા. પ્રભુએ પરીક્ષા કરી. પૂછ્યું- "આશ્ચર્ય જોયું શું ?" અક્રૂરે ઉત્તર આપ્યો,- "વિશ્વવિસ્મયના આધાર રૂપનાં દર્શન થાય, પછી અદ્ભુત બાકી શું રહે ?" ભગવદિચ્છાથી રથ ચલાવ્યો. માર્ગમાં લોકોનાં મનને મુગ્ધ કરતા પ્રભુ પધાર્યા. નન્દજી વગેરે રાહ જોતા બહાર ઉપવનમાં હતા. મધ્યાહ્ન પછીનો સમય હતો. ભગવદીયોનો લૌકિક-વ્યવહાર પણ ભગવાનની આજ્ઞા પ્રમાણેનો હોય ! ભગવાને હસતાં અક્રૂરને ઘેર જવા કહ્યું. કંસ બોલાવશે ત્યારે પ્રભુ પધારશે; પણ ભગવાન્ વગર તો ભક્તને ઘેર ગમે કેમ ? તેથી તો વૈરાગ્યવિધિ છે. ભગવાન્ વગરનું ઘર છોડવું ! "नैतमृषिं विदित्वा नगरं प्रविशेत् । प्रविशेन्मिथो चरित्वा प्रविशेत् ॥"- શ્રુતિ છે. પ્રભુને જાણીને નગરપ્રવેશ ન કરવો, કરવો તો સાથે લઈને કરવો. શબ્દબ્રહ્મ-પરબ્રહ્મરૂપ રામ-શ્યામને છોડીને, મધુદૈત્યસંબંધી નગરીમાં જવાય કેમ ? "ભક્તવત્સલ ! ભક્તનો ત્યાગ ન કરો ! સૌ સાથે પધારો. ચરણરજઃથી ઘર પાવન કરો, તેથી તો પિતૃઓ અને દેવો પણ પરિતૃપ્ત થાય. બલિને ચરણપ્રક્ષાલન માત્રથી કીર્તિ, ઐશ્વર્ય ભક્તિ મળ્યાં, અરે ! ભગવાન્ વશ થયા ! ત્રિલોક પાવન તો ચરણોદકરૂપ ગંગાજીથી થયાં, નારાયણ આપને નમન !" ભગવાને સ્વજનપીડક દુષ્ટ કંસને માર્યા પછી જન્મભૂમિને સ્વતંત્ર કરીને, મા-બાપ વગેરેને મુક્ત કરીને, સ્વજનપ્રિય માટે વગર કહ્યે અક્રૂરજીને ઘેર પધારવા વચન દીધું ! કંસને સમાચાર દઈ, અક્રૂર પોતાને ઘેર ગયા.

(વ્રજ) ભાદ્રપદ વદ ત્રયોદશીના ત્રીજા પ્રહરે, ભગવાન્ કૃષ્ણ, બલરામ અને ગોવાળો સાથે નગરના દ્વાર પાસે પધાર્યા, પ્રવેશ કર્યો. ભગવાને સર્વધર્મ પ્રકટ કર્યા છે, મહિમા બતાવે છે. ગોપો જયજયકાર કરે છે, - "શ્રીમથુરાનાથ કી જય !" નગરદેવતા જાણે પ્રભુનું સ્વાગત કરતી હતી ! સમૃદ્ધ શોભા હતી. ઘેર ઘેર ભગવાનમાં મંગલ સ્વાગતની તૈયારી હતી. દ્વારની બંને બાજુ બે પૂર્ણ કલશ હતા. તેના પર દહીંભર્યાં પાત્ર હતાં; ચન્દ્ર શા અરીસા હતા. સંસારીઓએ કંસારિને જોયા. વસ્ત્રાલંકારનું ભાન નગરનારી ભૂલ્યાં. જયજયકાર થયો ! કોલાહલે સૌ આકર્ષાયાં. સંતાપ શમાવતા કમલલોચન કૃષ્ણને જોયા. વારંવાર ખૂબ વાતો ભગવાનની સાંભળી હતી ! આજે આંખે જોયા. સ્નેહ ખૂબ થયો, શ્રવણ વિના સ્નેહ ન સંભવે ને ! બહુ તો આશ્ચર્ય થાય. આનંદમૂર્તિને અંતરમાં ભેટ્યાં, ચિંતા ચાલી ગઈ. પ્રભુ હૃદયમાં પધારે, ભાવથી હૃદય ભરાઈ જાય, પછી ચિંતા રહી જ ક્યાં શકે ? નહિ તો હમેશાંનો મનોરથ, ક્ષણમાં શાન્ત ન થાય ! પુષ્પવૃષ્ટિએ પ્રિયપ્રભુને વધાવ્યા. બ્રાહ્મણોએ અર્ચન કર્યાં. મહોત્સવ રૂપ દુર્લભ પ્રભુ મળ્યા ! ત્યાં તો ભગવાને - "रजकं कञ्चिदायान्तं रङ्गकारं गदाग्रजः ।"- રંગરેજને આવતો દેખ્યો ! રામાવતારમાં સીતાનો આ અપરાધી ! રજક બે પ્રકારના. મેલ કાઢે - ધોબી; રંગ

ચઢાવે - રંગરેજ ! તેની પાસે રાજાનાં વસ્ત્ર ઉચિત રીતે માગ્યાં, ગદાગ્રજે !"આપીશ તો કલ્યાણ થશે !"- કહ્યું. અભિમાની ન માન્યો. બહુ બોલવા માંડ્યો. કૃષ્ણાવતારમાં પણ ઉદ્ધત થયો ! ક્ષણમાં કૃષ્ણનો કોમલ હાથ ઊંચકાયો, નખ ચાલ્યો. તેનું માથું ઉડાવી દીધું ! તેના સેવકો નાસી ગયા, કર્મફલ મળ્યું.

ઉત્તમ પીતવસ્ત્ર પ્રભુએ લીધાં, રામે શ્યામ લીધાં, ગોપોને પણ દીધાં. પ્રસન્ન દરજીએ પ્રેમથી સુંદર સીવી દીધાં. શોભા શ્યામે સ્વીકારી, સીવેલાં વસ્ત્રો ધર્યાં, સંતુષ્ટ થયા ! સીવનારને સાયુજ્ય દીધું. તે તો દેહાન્તે મળે, જીવતાં પરમ ધન-સંપત્તિ, બલ, ઐશ્વર્ય, ભગવદનુસંધાન, ઈન્દ્રિયસામર્થ્ય પણ દીધાં ! સીવનારે પોતાનો ધર્મ કર્યો ને ! ધર્મિ નથી મળ્યા ! વાઘાની (ઠાકોરજીની વસ્ત્ર) સેવામાં સાયુજ્ય મળે. પ્રભુ, પ્રેમથી ભક્ત માલાકાર સુદામાને ઘેર પધાર્યા, દુકાને નહિ ! માળીને ત્યાં વનમાળી આવ્યા ! ભક્તોને પણ માલી પ્રિય ને ! ભક્તે પ્રેમથી સ્વાગત કર્યું, સ્તુતિ કરી, વગર માગ્યે સુંદર કલામય માલા ધરાવી,- શ્યામને અને રામને ! પ્રશસ્ત, સુગંધી સુમન તેમાં ગૂંથેલાં ! ભક્તો દ્વારા ભગવાને માલા સ્વીકારી. માલાની સેવાથી પ્રભુ પ્રસન્ન થાય, ભક્તિ પણ દે ! સર્વદુષ્ટોને દંડ દેવા, સત્પુરુષોની રક્ષા કરવા, મોક્ષ અને ભક્તિ દેવા તો ભગવાન્ પધાર્યા છે. કલ્પતરુ જેવો તેમનો સ્વભાવ છે. પાસે પહોંચે, માગે, તેને ઈચ્છ્યું મળે ! માળી તો મનથી સર્વસમર્પણ કરી ચૂક્યો છે, દાસ થયો છે. ભગવાન્ સ્વીકારે તો કૃતાર્થ થઈ જવાય. વરદાન તો સ્વલ્પ છે, માગ્યું જ મળે. દાસત્વ તો અમાપ છે. દાસનું તો સઘળું સ્વામી સ્વતઃ સંભાળે છે ! શરણાગતને સઘળું ઈચ્છેલું પ્રભુએ દીધું. દાસ તો અચલભક્તિ જ માગેને ને ? "अखिलात्मनि"- જ્ઞાનાપરપર્યાયરૂપા આ ભક્તિ છે.- અક્ષરરૂપની ! ભક્તોમાં સ્નેહ દીધો, પ્રાણીમાત્ર પ્રત્યે ઉત્તમ દયા દીધી, - વિનય દીધો, વંશવર્ધન અને સાથે વિપુલ થતી લક્ષ્મી દીધી; બલ, આયુષ્ય, કીર્તિ અને કાન્તિ દીધાં. પ્રભુ પધાર્યા. અહીં, વૈરાગ્ય વિભુનો વ્યક્ત છે.

અધ્યાય : ૪૨

રાજમાર્ગમાં કુબ્જા પર કૃપા : ધનુર્યાગભંગ : કંસને અનિષ્ટ - દર્શન :

રાજમાર્ગે પ્રભુ પધારે છે. કંસના રાજધર્મો તો પ્રભુમાં આવી ગયા છે, તેથી તો રાજાની વસ્તુઓ લઈ લે છે ! સામેથી કુબ્જા (વાયુથી થતી ખૂંધવાળી કૂબડીબાઈ) આવતી જોઈ. ગુણગ્રાહક ગોવિંદે ગુણ ગ્રહણ કરતાં ચંદન માગ્યું ! અંગલેપના ફલરૂપે અંગ મળવાનું ! "કલ્યાણ થશે !" - ફલ પણ કહ્યું. અજ્ઞાન બાઈ ! શ્યામસુંદર જોયા ! મહિમા તેનો માન્યો ! કોઈ પણ રીતે હરિ હૈયે વસે તો કલ્યાણ થાય ! "दास्यस्म्यहं सुन्दरवर्य सम्मता ।"- કહી દીધું. અજ્ઞને પણ આકર્ષે તેવું અદ્ભુત સ્વરૂપ ! કૃપા કરે તો દાસ્ય મળે. ડોક, પગ અને વચમાંથી વાંકી સ્ત્રી,- તેથી ત્રિવક્રા નામ ! - ચંદન ઘસવાનું કામ. ચંદન કંસને ગમે, પણ કંસ તો લાયક નહિ. લાયક તો હવે જોયા ! અંગીકાર કરશે ?! અભિલાષ થયો. "विना युवां कोऽन्यतमस्तदर्हति ।"- ઉત્તમ વસ્તુના ભોક્તા ભગવાન્ વિના કોણ હોઈ શકે ? ઉત્તમ વસ્તુ જોતાં પોતાને ભોગવવાનું મન થાય તો, ભવમાં ભૂલા પડાય ! ભગવાનને, ભોગ ધરવાનું મન થાય, તો ભવમાં ભૂલેલા પણ પાર પહોંચી જાય ! ભગવાનની ઉત્તમતા અને વસ્તુની ઉત્તમતા સમજીને, સ્નેહથી ઉત્તમ રીતે અંગીકાર કરાવનાર તો પોતે ઉત્તમ બની જાય ! કામના કૃષ્ણની થઈ.

કુબ્જાએ અંગરાગ આપ્યો. કૃષ્ણે વક્ષ:સ્થલે કર્યો. દેવકીનન્દન ચંદનલેપથી શોભવા લાગ્યા. લેપથી રામ પણ રાજી થયા. પ્રભુ પ્રસન્ન થયા.

"ऋज्वीं कर्तुं मनश्चक्रे दर्शयन् दर्शने फलम् ।"- કૂબડાપણું અને વક્રતા દૂર કરવા વિચાર્યું ! બ્રહ્મસૃષ્ટિમાં તો તે કૂબડી જ છે. ભગવાનની મૂલેચ્છા તેને સુંદર બનાવવાની ન હતી. ભગવાનની મૂલેચ્છાનુસાર સૌને ફલ મળે. ભગવાને તેનું સમર્પણ જોયું. મૂલેચ્છા પણ બદલવા, નૂતન મન પ્રકટ કર્યું ! કઠિન રાજસો માટે કોમલ કૃષ્ણે કૃપા કરી ! અદ્‌ભુતકર્મા કૃષ્ણ ! સમર્પણથી પ્રભુ પ્રસન્ન થાય તો મૂલેચ્છા પણ બદલાય, પ્રતિબંધ ન રહે ! આ દર્શનનું નહિ, પણ દર્શનના એક ભાગમાત્રનું ફલ છે ! તેથી **"दर्शने"**- સપ્તમી છે. ભગવાને તેને સીધી કરવા ઈચ્છ્યું. બે ચરણોથી તેના પગ દબાવ્યા. પાછળ શ્રીહસ્ત મૂક્યો, કનિષ્ઠિકા (છેલ્લી) અને અનામિકા (તેની સાથેની) આંગળીઓ વાળી, મધ્યમા (વચલી) અને આદેશિની (અંગૂઠા સાથેની) લંબાવી, પહોળી કરી, દાઢી નીચે મૂકી, તેના શરીરને ઉપર ખેંચ્યું. ભગવાન્ તો અન્યરીતે પણ સમાન કરી શકે, પણ તેને કામ અને મોક્ષ દેવા બે આંગળી પહોળી કરી ! અંગૂઠો તો સૌને સમાન, તેથી ન જોડ્યો. કપડાની ઢીંગલીની જેમ સમાન બનાવી દીધી ! ખૂંધના અવયવો શ્રોણી અને વક્ષ:સ્થલમાં સમાયા. **"अच्युत:"**- અચ્યુત કોઈ પણ રીતે ચ્યુત કેમ થવા દે ! મુકુન્દસ્પર્શ છે ને ! મોક્ષદાતા મુકુન્દ તો સૌની પૂર્વાવસ્થા છોડાવે, સ્વાનન્દનું દાન કરે. **"मुकुन्द स्पर्शनात् सद्यो बभूव प्रमदोत्तमा ।"**- સુંદર સ્વરૂપ તેનું થયું. આધુનિક વિચારે તો, અદ્‌ભુત ઉપચારથી ઔષધાદિ વગર નીરોગી કરી, (એક્યુપ્રેશર) "થેરપી"નો વિકાસ કર્યો ! પ્રમદા તો પ્રમોદ ઈચ્છે ! ભગવાન્ પાસેથી ભોગ તેણે માગ્યો ! ભગવાન્ હસ્યા, મોહ કરાવ્યો. પરિહાસ કરતા હોય તેમ પધારવા કહ્યું ! આ કામપરાયણ છે. ગોપબાલકો તો કૌતુકમગ્ન છે. બલભદ્રજીને યુદ્ધાભિલાષ છે. પ્રભુ પધાર્યા. ચતુર વ્યાપારીઓએ તો પાન માલા-ચંદનથી પ્રભુને પ્રસન્ન કરવાનો સહેલો ઉપાય કર્યો ! દર્શન કરતાં સૌ પોતાનું ભાન ભૂલી જતાં.

અજાણ્યાની જેમ નગરજનોને ધનુર્યાગનું સ્થલ પૂછતા પ્રભુ પધાર્યા. ધનુષ્ય કંસને દેવે દીધેલું. તે હોય ત્યાં સુધી કંસનો પરાજય ન થાય. કંસના પ્રાણ શું, ઈન્દ્રધનુષ્યથી પણ અદ્‌ભુત આ ધનુષ્ય હતું. શ્યામસુંદર પધાર્યા. મુગ્ધ રક્ષકો પ્રેક્ષક શા બન્યા ! પ્રભુએ વેદી પર ચરણ પધરાવ્યાં. અવજ્ઞા કરતાં ડાબા હાથે ત્રણ તાલ (300 હાથ) જેટલુ મોટું ધનુષ્ય ઉઠાવ્યું ! નિમિષ-માત્રમાં સજ્જ કર્યું, દબાવ્યું. ક્ષણમાં વચ્ચેથી રમત-માત્રમાં તોડ્યું. બે ટુકડા થઈ ગયા. મત્તગજરાજને સૂકો શેરડીનો સાંઠો તોડતાં શ્રમ શો ? અવાજ સાંભળ્યો. કંસ કંપી ઊઠ્યો. ત્રાસ્યો. - સભાન થયેલા રક્ષકો આવ્યા. ભગવાને શસ્ત્રરૂપ ધનુષ્યના ટુકડાથી માર્યા - કાઢ્યા. શસ્ત્ર ગ્રહણ કર્યું ! ક્ષણમાં તો કાંઈ ન હોય તેમ બહાર પધાર્યા. સ્વૈરલીલા કરતાં સૂર્યાસ્ત થયો. ગોપીજને ગાયેલું અસત્ય કેમ થાય ? મધુપુરીએ મધુપતિની મધુરતા માણી. દૂધભાત અથવા ખીર આરોગી, પ્રભુ સુખે શિબિરમાં પોઢ્યા.

કંસની ઊંઘ ઊડી ગઈ. અજંપામાં અનિષ્ટ સ્વપ્ન જોયાં. મૃત્યુનો સંદેશ સંદેહ વગર જાણે મળ્યો ! ભગવાન્ પ્રત્યે જેવી ભાવના કરે તેવું ફલ ! જાગતાં સાત અનિષ્ટચિહ્ન જોયાં, (૧) દર્પણાદિમાં માથા વગરનું પ્રતિબિંબ દેખાવા લાગ્યું. પ્રત્યક્ષમાં પણ નાક વગેરે ન દેખાયાં. (૨) બીજાનો ભ્રમ થવા માંડ્યો. (૩) દીપ વગેરેમાં પણ બેની ભ્રાન્તિ થઈ. (૪) છાયા (પુરુષમાં) માં છિદ્ર જોયાં. (૫) કાન

દબાવતાં સંભળાતો અવાજ (પ્રાણઘોષ) ન લાગ્યો. (૬) વૃક્ષમાં સોનું દેખાયું. (૭) જમીન પર પોતાના પગ ન દેખાયા. અન્યાવસ્થામાં બીજાં સાત અનિષ્ટચિહ્ન પણ દેખાયાં. (૧) સ્વપ્નમાં પ્રેતનું આલિંગન. (૨) મૃત્યુદેવતાની તામસશક્તિ કાલ. તેનું વાહન ગર્દભ. ગધેડા પર બેઠેલો લાગ્યો. (૩) વિષ ખાતો લાગ્યો. (૪) જાણે નલદ માલાધારી, (૫) તેલ ચોળેલો, (૬) નગ્ન, (૭) એકલો જતો લાગ્યો ! કંસ મરણના ભયે ત્રાસ્યો ! અર્ધરાત્રે જાગ્યો. ઊંઘ ન આવી. સવાર પડતાં મલ્લસભા શરૂ કરાવી. સૌ લોકો જોવા આવ્યા. મંચ પર બેઠા. કંસ બહારથી ભવ્ય લાગતો, પણ અંદરથી ભય પામતો બેઠો ! નન્દજી વગેરે ગોપો પણ અનેક મજબૂત મંચ પર ભેગા બેઠા. કૃષ્ણે તો રજકવધ, ધનુષ્યભંગ, રક્ષકવધથી દુષ્ટોનો નિગ્રહ કર્યો; અને દરજી, માલી, કુબ્જાને વરદાન દઈ ભક્તો પર અનુગ્રહ પણ કર્યો. અદ્ભુત મહિમા પ્રકટ કર્યો ! પોતે પ્રભુ છે, - તેવી પ્રતીતિ કરાવી !

અધ્યાય : ૪૩

કુવલયાપીડને મારી, કંસસભામાં સૌને પોતાની પ્રકૃતિ પ્રમાણે ગ્રહણ થતા દશરસ રૂપ ભગવાન્ !:

પ્રિયની પ્રભુ રૂપે પ્રતીતિ, દૃઢ પ્રીતિ કરાવે, આસક્તિ અચલ બનાવે ! સાત અધ્યાયમાં પ્રભુનો પ્રભાવ કહ્યો. તે પ્રમાણરૂપ. પ્રમાણ શબ્દાત્મક, શબ્દ ભગવદ્રૂપ ! ભગવાન્ છ ગુણ અને પોતે (ધર્મિ) સાતરૂપ, તેથી સાત અધ્યાયમાં પ્રમાણ-પ્રકરણની કથા કહી. પ્રમેય અર્થરૂપ ! તે પણ ભગવત્સ્વરૂપાત્મક, તેથી સાત અધ્યાયમાં તેની કથા કહે છે, તે પ્રમેય-પ્રકરણ ! તેમાં પ્રમેયબલ છે. પ્રેક્ષક, મા-બાપ અને સૌનો ઉત્સવ વગેરે અનેક-રીતે, નિરોધ ભગવાન્ કરે છે. આસક્તિથી સૌ એકમાત્ર કૃષ્ણપરાયણ થયા છે. તે વ્યસન સાધન-પ્રકરણમાં છે. વ્યસનના કારણે ફલ, ફલ-પ્રકરણમાં છે. કૃષ્ણનું અતુલ સામર્થ્ય જોઈને, સૌ વિસ્મિત થયાં, આસક્તિ કૃષ્ણમાં થઈ, તે આ ૪૩મા અધ્યાયમાં કહે છે. પ્રમેય-પ્રકરણમાં ૭ ભક્તો - (૧) વસુદેવ-દેવકીજી, (૨) યાદવો. આ બંનેનાં મનને સંતાપ દીધો, આસક્તિ કરાવી. (૩) ગુરુ સાંદીપનિજી - અધિષ્ઠાતા દેવરૂપ. તેમને પુત્ર દઈને મુક્ત કર્યા. (૪) યશોદાજી-નન્દજી (૫) કુબ્જા-ગોપીજન. (૬) અક્રૂર. (૭) પાંડવો. આ સૌને પ્રપંચમાંથી પોતાના બનાવ્યા. સાત દ્વેષીઓ. (૧) કુવલયાપીડ હાથી, (૨) ચાણૂર, (૩) મુષ્ટિક, (૪) શલ, (૫) તોશલ, (૬) કૂટ. આ છ કંસના મલ્લો. (૭) કંસ. તે સૌ હણાયા. કંસના ભાઈ કંક વગેરે તો પ્રસંગવશાત્ હણાયા. પ્રભુમાં પ્રેમ કરનારને જીવતાં મુક્તિ મળે, ક્રોધ કરનારને મર્યા પછી મુક્તિ મળે ! સ્વરૂપસંબંધથી મુક્તિ તો થાય. ભક્ત તો સ્નેહથી ભગવચ્ચિંતન કરતાં ભગવદ્રૂપ બને ! દ્વેષીઓ ભયથી ચિંતન કરતાં તદ્રૂપ બને ! ભય સ્નેહનો શત્રુ છે, તેથી તેમાં તો મૃત્યુથી તદ્રૂપ થવાય ! અહીં માત્ર એકતાન થવા પૂરતી આસક્તિ છે. સ્નેહ રૂપ નથી, કૃષ્ણમાં એક્તાન થવું તે પણ મોક્ષથી અધિક છે. મલ્લ અને કંસની મુક્તિ આ રીતે છે. તે ૪૪મા અધ્યાયમાં છે. મા-બાપ, ઉગ્રસેન, યાદવો, નન્દજી, ગુરુ સાંદીપનિજીને ભગવાને દીધેલી આસક્તિ ૪૫મા અધ્યાયમાં છે. માહાત્મ્યજ્ઞાન વિના સ્નેહ ભક્તિરૂપ ન બને ! ભક્તોને કાલથી થતો ભય પણ ભગવાન દૂર કરે છે. !

કૃષ્ણ-રામે મલ્લ-દુંદુભિનાદ સાંભળ્યો. આગલે દિવસે શુદ્ધિ કરી છે. ગોપો સાથે ઉત્સવ માટેની શોભારૂપ રંગદ્વારે આવ્યા. ત્યાં સામે આવતા કુવલયાપીડને જોયો. "कु" - પૃથ્વી, "वलय" - મંડલને,

"आपीड" - ચારે તરફથી જેનાથી પીડા છે તે, સંવત્સરરૂપ-કાલરૂપ-હાથી ! કૃષ્ણે કમર કસી ! કેશ બાંધ્યા ! અક્લિષ્ટકર્માએ ચેતવણી દીધી. સિંહનાદ જાણે કર્યો ! "અમ્બષ્ઠ (હીન-સંકર-જાતિના) મહાવત ! માર્ગ આપ ! મોડું ન કર ! ખસ ! નહિ તો તારા હાથી સાથે તને હમણાં યમસદનમાં પહોંચાડી દઈશ !" મહાવતે હાથી સામે ચલાવ્યો. ભગવાને રમાડ્યો. ૨૫ ધનુષ્ય જેટલે દૂર સુધી પાછળ ખેંચ્યો. તત્ત્વ-૨૫, તેના અતિક્રમથી મુક્તિ મળે ને ! ૧૦૦ હાથ તે અંતર ગણાય. માનવનું આયુષ્ય પણ ૧૦૦ વર્ષ. આ જીવન-મૃત્યુમાંથી ભગવાન વિના કોણ બચાવી શકે ? હાથીને અકળાવ્યો; મૂંઝવ્યો. હાથી ક્રોધથી દોડ્યો. ભગવાન્ મધુસૂદન સામે આવ્યા. રમતમાત્રમાં સૂંઢ પકડીને પછાડ્યો. કુંભસ્થલમાંથી દાંત ખેંચી કાઢ્યો. તેનાથી મહાવતને માર્યો. ખભે દંતશૂળ પ્રભુએ પધરાવ્યો. બીજો રામે ! રામ-શ્યામ શોભવા લાગ્યા. રુધિર અને મદનાં બિંદુઓ છંટાયાં છે. પ્રસ્વેદ બિંદુઓ સાથે શોભે છે. ભક્તો માટે શ્યામ સર્વશ્રમ પણ કરે છે ! ગોપો વીંટળાયેલા છે. અધિકાર પ્રમાણે ભાવાનુસાર દર્શન સૌને થયાં. ભગવાન્ તો એક ! જેની જેવી ભાવના તેવો અનુભવ ! ભાવાનુકૂલ ભગવાન્ મળે તો ભાવ વધે, નિરોધ થાય ને !

मल्लानामशनिर्नृणां नरवरः स्त्रीणां स्मरो मूर्तिमान्
गोपानां स्वजनोऽसतां क्षितिभुजां शास्तास्वपित्रोः शिशुः ।
मृत्युर्भोजपतेर्विराडविदुषां तत्त्वं परं योगिनां
वृष्णीनां परदेवतेति विदितो रङ्गं गतः साग्रजः ॥ (१७)

દશવિધ લોકના નિરોધ માટે દશ પ્રકારે દર્શન દીધાં. નવ ગુણભેદ, દશમા ગુણાતીત. પહેલા ત્રણ રાજસ, પછી ત્રણ સાત્ત્વિક, પછી ત્રણ તામસ, પછી ગુણાતીત. શૃંગારાદિ રસ પણ દશ, "रौद्रोऽद्भुतश्च शृङ्गारो हासो वीरो दया तथा । भयानकोऽपि बीभत्सः शान्तो भक्तिरसस्तथा ॥"- ભગવાન્ તો સર્વ કાંઈ છે ને ! (૧) "मल्लानामशनिः"- રૌદ્ર-પ્રકૃતિ મલ્લોની, કાયા પર્વત જેવી. કમલકોમલ કૃષ્ણ તો તેને તોડનારા કઠિન કુલિશ (વજ્ર) શા લાગ્યા મલ્લોને ! મગ્ન થઈ ગયા. આ રૌદ્રરસ. (૨) "नृणां नरवरः"- સાધારણ પુરુષોને પુરુષ શ્રેષ્ઠ (અદ્ભુત) લાગ્યા, વશ થઈ ગયા. આ અદ્ભુતરસ. (૩) "स्त्रीणां स्मरो मूर्तिमान्"- ઉત્સવ જોવા આવેલી સ્ત્રીઓને કૃષ્ણ તો સાક્ષાત્ કામદેવ લાગ્યા. કામસેના શાં કામિની ! કૃષ્ણને જોતાં સફલ થયાં. સનાથ થયાં. આ શૃંગારરસ. (૪) "गोपानां स्वजनः"- ગોપોને તો શ્યામ સ્વજન છે. વિચિત્રવેષ તેમનો જોયો. હસવું આવ્યું. રત થઈ ગયા. આ હાસ્યરસ. (૫) "असतां क्षितिभुजां शास्ता"- દુષ્ટ રાજાઓને દમન કરનાર દેખાયા, તેથી યુદ્ધ કરવા વીરત્વ ઉછળ્યું, પણ શાસન કરનારને શું થાય ? પ્રવૃત્ત ન થયા. આ વીરરસ. (૬) "स्वपित्रो शिशुः"- મા-બાપને તો બાલક જ લાગેને ! કરુણા રૂપ દયા ઉભરાઈ રહી. માબાપના સ્નેહમાં પણ દયા સમાઈ હોયને ! આ કરુણરસ. (૭) "मृत्युर्भोजपतेः"- ભોજપતિ કંસને તો કૃષ્ણ કાલ (મૃત્યુ) શા લાગ્યા ! ભાણો તો ભયપ્રદ થયો. મોતથી મોટો ભય કયો ? આ ભયાનકરસ. (૮) "विराडविदुषां"- સ્વરૂપનિષ્ઠ ભક્તોને રુધિર- મદનાં બિંદુના સંબંધથી શોભા ન લાગી. સ્નેહ છે ને ! - "विगतराजनरूपः विराड्" - આ ભગવલ્લીલા સમજ્યા નહિ, તેથી અજ્ઞાની. ભગવાન્ જેને ત્યાગ કરવા જેવા લાગે, તેવા અતિપ્રાકૃત લોકોનો તો નિરોધમાં અધિકાર જ નથી ! આ બીભત્સરસ. (૯) "तत्त्वं परं योगिनां"- યોગિજનોને તો પરમતત્ત્વ- પુરુષોત્તમ-રૂપ લાગ્યા ! આ

શાન્તરસ. (૧૦) "**वृष्णीनां परदेवता**"- ભગવદીય યાદવોને પરમદેવ- સ્વામીરૂપ લાગ્યા. આ ભક્તિરસ. ભગવાન્ તો જેવા છે તેવા, સર્વવિલક્ષણ અને સર્વરૂપ છે! કૃષ્ણદર્શને સૌનો ભાવ પોષાયો! બલભદ્ર સાથે છે. વેદરૂપને તો અલૌકિકતા માટે કૃષ્ણે સાથે રાખ્યું છે. કંસે માન્યું હતું -બાલક કૃષ્ણ કપટથી આવશે, પણ હથિયાર વગર હાથીને મારનાર, દુર્જય કૃષ્ણ તો સામેથી પ્રકટ પધાર્યા!

શ્યામ-રામની દિવ્ય વિચિત્ર શોભા જોતાં, દર્શન કરનારનાં મન હરાઈ ગયાં ! અતિહર્ષથી લોકનાં મોં પહોળાં થઈ ગયાં, જાણે પાન, પુરુષોત્તમના મુખનું કરવા લાગ્યાં ! સર્વાંગે જાણે શ્યામનો સ્વાદ સૌ માણવા લાગ્યાં ! અંદર-બહાર બધે ભગવાન્ અનુભવ્યા ! અનેક અદ્ભુત વાતો જેની સાંભળી હતી, તે કૃષ્ણને આજે નજરે નિહાળ્યા ! લોકો પરસ્પર લીલાને સ્મરતાં, તેની વાતોમાં વિલીન થઈ ગયા ! વાસ્તવમાં તો ભગવદ્ગુણો અને સ્વરૂપ, કૃપાથી તેમાં પ્રકટ થયાં છે, છતાં સ્મરતા હોય તેમ બોલે છે !- "વસુદેવજીના ઘરમાં આ તો સાક્ષાત્ નારાયણના અંશથી પ્રકટ્યા છે ! આ તો જન્મ્યા દેવકીજી દ્વારા, પણ ગયા ગોકુલમાં ! અગિયાર વર્ષ ત્યાં ગુપ્ત રહ્યા ! આણે અનેક અસુરો માર્યા ! ગોકુલની અનેક આપત્તિમાંથી રક્ષા કરી ! આના પરમાનંદરૂપ મુખદર્શને ગોપીજન સર્વ સંતાપ શમાવે છે ! કહે છે, - આનાથી યદુવંશ સમૃદ્ધ થશે ! આ રામ તો રોહિણીજીના ! તેમણે પણ અનેક અસુરો માર્યા છે !" લોકો આમ વાતો કરતા હતા !, ત્યાં તો કંસના મુખ્યમલ્લ ચાણૂરે રાજાની પ્રસન્નતા માટે મલ્લયુદ્ધનો પ્રસ્તાવ કૃષ્ણ પાસે કર્યો,- "ગોવાળો તો, ગાયો ચરાવતાં નિત્ય આનંદથી મલ્લયુદ્ધ કરે છે.- "**वनेषु मल्लयुद्धेन क्रीडन्तश्चारयन्ति गाः।**" ભગવાને તો વનમાં પણ નાગરિક સૈન્ય-વ્યવસ્થિત રચેલાં, તેમ સમજાય છે ! વ્યાયામ તન-મનને સુદૃઢ બનાવે છે. કૃષ્ણે તો વ્યાયામ અને યુદ્ધતાલીમનો વિકાસ નાગરિકો માટે પણ કર્યો છે ને ! બાલ્યાવસ્થાથી આવો વ્યવસ્થિત વિકાસ થાય. કોમલ કૃષ્ણે કઠોર મલ્લને ચેતવ્યો. "**तुल्यबलैः क्रीडिष्यामः**"- "સરખા બલવાળા સાથે રમશું !" ભગવાનની તુલનામાં બલ કોનું ? મૂર્ખ ! તે ન સમજ્યો. - "બાલ નથી, બલવાનમાં શ્રેષ્ઠ છો. મારી સામે પરાક્રમ બતાવો. રામ મુષ્ટિક સાથે લડશે !" - કહી યુદ્ધ માટે નિમંત્રણ દીધું. અભિમાન કર્યું, તેથી તો કૃષ્ણે માર્યો. વિકરાલ મલ્લ સાથે નિર્ભયતાથી વાતો કરતા કમલકોમલ કૃષ્ણ પર કોણ વારી ન જાય ?

અધ્યાય : ૪૪

કમલ-કોમલ કૃષ્ણ પર કરુણા દર્શાવતા લોકો ! : વજ્ર જેવા મલ્લોને મારીને કૃષ્ણે કરેલો કંસવધ : અદ્ભુત કાન્તિના જ્યોતિર્ધર - શ્રીકૃષ્ણ ! :

સુકુમાર છતાં સર્વસમર્થ કૃષ્ણ ! પડકાર મળે, પછી પાછા પડાય કેમ ? મધુદૈત્યને મારનારને તો આ જંતુનો હિસાબ શો ? કૃષ્ણ આવ્યા ચાણૂર સામે ! મુષ્ટિક તો મનમાં ગભરાતો હતો, સામે આવ્યા બલરામજી ! મલ્લયુદ્ધમાં તો બલ, કુસ્તીની કુશલતા (દાવપેચ-શિક્ષા), માયા (ચતુરાઈ) અને ગુરુની કૃપા કામ કરે. ભગવાને તો રમતમાં મલ્લનો મદ ઉતાર્યો. ક્યાં પ્રચંડ પર્વત જેવી દેખાતી, છતાં રૂના ઢગ જેવી કાયાવાળા મલ્લ ! અને ક્યાં કમલકોમલ નાનકડા લાગતા છતાં વજ્ર શા કૃષ્ણ ! સ્ત્રીઓ તો મુગ્ધ ! તેમને અસહ્ય લાગ્યો આ અન્યાય ! થયું, ક્યાં નાનું આ બાલ ! અને ક્યાં આ જીવતો કાલ ! સમાનસ્વભાવનાં સ્ત્રીઓ પરસ્પર વાતો કરે છે. "અધર્મ" હોય ત્યાં ઊભા પણ ન રહેવું.

न सभां प्रविशेत् प्राज्ञः सभ्यदोषाननुस्मरन् ।
अब्रुवन् विब्रुवन्नज्ञो नरः किल्बिषमश्नुते ॥ (१०)

સભામાં તો સભાનતાથી જ જવાય. સભામાં સ્પષ્ટ, યોગ્ય, સત્ય કહેવું જોઈએ, નહિ તો ડાહ્યા માણસે જવું જ નહિ. તેમ ન બોલે કે ઊલટું બોલે કે છુપાવે તો પાપનો ભાગીદાર બને, નરકે જાય ! કૃષ્ણનું મુખકમલ પરસેવાથી છવાઈ ગયું છે ! રામનું મુખ તો ક્રોધથી કેવું રાતું થઈ ગયું છે ! કેટલો બધો શ્રમ છે ! ધન્ય વ્રજભૂમિ ! જ્યાં આ પુરાણપુરુષ લીલા કરતાં વિહરે છે ! લક્ષ્મીજી રૂપ ગોપીજન પર તો કેટલી બધી કૃપા છે ! અન્ય સૌને દુર્લભ કેવલ સર્વોત્તમ લાવણ્યરસનું પાન વ્રજમાં તેમને પ્રતિક્ષણ વગર યત્ને સુલભ છે ! ધન્ય વ્રજસ્ત્રીઓને !

या दोहनेऽवहनने मथनोपलेपप्रेङ्खेङ्खनार्भरुदितोक्षणमार्जनादौ ।
गायन्ति चैनमनुरक्तधियोऽश्रुकण्ठचो धन्या व्रजस्त्रिय उरुक्रमचिन्तयानाः ॥ (१५)

સવાર સાંજ દોહન કરતાં, ખાંડતાં, વલોણું કરતાં, લીંપતા, - આ બધું નિત્યનું આવશ્યક સહજ ઘરકામ કરતાં, બાલકોને હીંચોળતાં, બાલકના રડતાં, છાનાં રાખતાં, વૃક્ષ કે તુલસીને જલ સિંચતાં, આંગણું સાફ કરતાં, શ્રીગોપીજન આ ભગવાનનું જ ગાન કરે છે, સ્મરણ કરે છે, ભાવના પણ કરે છે ! પ્રભુના સુખ માટે જ તે સઘળું કરે છે. ભગવાનમાં જ આસક્ત તેમની બુદ્ધિ, છે; તેથી ગાતાં ઉત્કટભાવથી તો આંખમાં આંસુ ઉભરાય છે, કંઠ ગદ્ગદ થઈ જાય છે. ધન્ય છે, - આમ સર્વભાવે કૃષ્ણશરણે રહેલાં આ વ્રજસ્ત્રીઓને ! સદા તે તો અનંતલીલાવાળા કૃષ્ણનું જ ચિંતન કરે છે ! સૌ સંસારીને ધન્ય થવાનો સરલ સન્માર્ગ સ્પષ્ટ બતાવી દીધો. - (૧) સઘળું ઘરનું કામ કે જીવન-વ્યવહાર પ્રભુની પ્રસન્નતાના વિચારથી કરો. (૨) પ્રભુની તેમાં ભાવના કરતાં સઘળું કામ કરતી વખતે પણ ઉત્કટભાવે પ્રભુનું ગાન કર્યા કરો. (૩) પ્રતિપલ પ્રભુનું - લીલાનું - ચિંતન કર્યા કરો. ભગવાન્ પણ ગોચારણમાં જતાં-આવતાં વેણુનાદ કરતાં કૃતાર્થ કરતાં વ્રજભક્તોને દયા દૃષ્ટિએ નિહાળે છે, સર્વસ્વદાન કરે છે !"

આ સર્વ સાંભળતાં ભગવાને "शत्रुं हन्तुं मनश्चक्रे भगवान् ।"- શત્રુને મારવા માટે નૂતન મન પ્રકટ કર્યું ! પ્રભુના વજ્ર શા પ્રહારોથી મલ્લ પીડાયો. મનમાં નિરાશ થઈ ગયો. નિરાશા હોય ત્યાં નિષ્ફલતાને નિમંત્રણ દેવું ન પડે, સ્વતઃ આવે ! વક્ષઃસ્થલે પ્રહારનો પ્રયાસ કરતા મલ્લનો હાથ પ્રભુએ પકડ્યો, ઘુમાવ્યો. ફેંક્યો. પથ્થરે પછાડ્યો. પ્રાણ ગયા. બલરામે મુષ્ટિકને કાન પાસે મર્મમાં મુષ્ટિ (મૂઠી) મારી. લોહી ઓકતો પડ્યો. મર્યો. કૂટ આવ્યો. રમતમાં કુટાઈ ગયો ! શલ-તોશલ આવ્યા. પગ પકડવા મથ્યા. પાદપ્રહારે મર્યા. બાકીના મલ્લો પ્રાણ બચાવવા નાસી ગયા. ભગવાને ગોપોને ખેંચ્યા. સમાન સખાઓ સાથે જાણે મલ્લયુદ્ધની રમત કરવા લાગ્યા ! સૌ રાજી થયા. સ્તબ્ધ કંસ દૈત્યાવેશથી ઊભો થયો. આ બંનેને કાઢવા, ગોપોને લૂંટવા; વસુદેવ-ઉગ્રસેનને મારવા કહેતો હતો, ત્યાં તો કૃષ્ણ કૂદ્યા ! મંચે આવ્યા ! કાલનેમિરૂપ કંસે તરત ઢાલ-તલવાર લીધાં. કાલાત્મા કૃષ્ણે પકડ્યો. મુકુટ કંસનો પડ્યો. કૃષ્ણે કેશ પકડ્યા ! જાણે દેવકીજીના કેશ પકડવાનું ભાન કરાવ્યુ ! કંસને મંચ પરથી નીચે નાખ્યો, ઉપર કમલનાભ કૃષ્ણ પોતે પડ્યા. આશ્રયરૂપ ઉદાર ભગવાને ઉદ્ધાર માટે

આત્મદાન કર્યું ! કંસના પ્રાણ ન ગયા, પણ મૂર્છામાં અંતર્દષ્ટિથી અંદર-બહાર દેખાતા ભગવદ્રૂપમાં ભગવાને પ્રવેશ કરાવ્યો, સારૂપ્ય દીધું ! અથવા, આ જ આત્મામાં પ્રાણનો લય કરાવ્યો, સાયુજ્ય દીધું. ભગવદીયદેહ દેવા પોતાની ચરણરજઃવાળી જમીન પર ઘસડ્યો, લોકનજરે તેની હીનતા બતાવી. અન્યપુરાણ પ્રમાણે શ્રીયમુનાજી સુધી ખેંચ્યો, ત્યાં વિશ્રામ કર્યો. મથુરામાં તે "વિશ્રાન્તઘાટ" થયો ! ભયથી સર્વત્ર શંખ-ચક્ર-ગદાપદ્મ-ધારી ભગવાનને જોતો કંસ અંતે તે દુર્લભગતિને પામ્યો ! તેના ભાઈઓ ક્રોધથી આવ્યા. બલરામે ગજદંત ઘુમાવીને માર્યા. દેવવાદ્ય વાગ્યાં. પુષ્પવૃષ્ટિ થઈ. અપ્સરાઓ નાચી ઊઠ્યાં. (વ્રજ) ભાદ્રપદ કૃષ્ણ - ચતુર્દશીનો આ દિવસ. કંસને મારીને કૃષ્ણે ક્રાન્તિનો સાચો માર્ગ પ્રકટ કર્યો ! પોતાનું, પોતાના અંતેવાસીઓનું અને પ્રજાનું, વર્ષો સુધી પાયાથી શિસ્ત-ચારિત્ર્ય અને સ્વાવલંબી બનાવતું ઘડતર કર્યા પછી, સ્પષ્ટ ધ્યેય અને કાર્યક્રમપૂર્વકના સિદ્ધાન્ત સાથે ક્રાન્તિ થાય ! આવેશના ઊભરામાં અવિચારી તોડફોડ કે વિનાશ તે ક્રાન્તિ નથી, - ભ્રાન્તિ છે ! ક્રાન્તિ તો પાયાથી પરિવર્તન લાવે ! વ્રજમાં કાલિયદમનથી ભગવાને યમુનાજીની શુદ્ધિ પહેલાં કરી છે. ક્રાન્તિ ત્યાંથી કરી. સામાજિક- રાજકીય-ધાર્મિક-શૈક્ષણિક-વગેરેની પ્રગતિશીલ સેવા-સંસ્થારૂપ શ્રીયમુનાજી ! તેમાં સેવાના નામે, મેવા માટે ઘૂસેલા, સત્તા-સંપત્તિ કીર્તિ-લોલુપ લોકો કાલિય જેવા ! સ્વાર્થ માટે સૌને તે પીડે, અનેકનું હિત અટકાવે, વિનાશ વેરે, પ્રણાલિકાઓ - કાયદાઓ તોડે; તેમને કાઢીને સંસ્થાઓની શુદ્ધિ થાય. તે પાયાની ક્રાન્તિ ! કંસવધ તે રાજ્યક્રાન્તિ રૂપ, આવી બંને ક્રાન્તિ વગરનો રાજ્યપલટો થવા છતાં, પ્રજાને સુખ-શાંતિ ક્યાંથી મળે ? ! ભગવાન્ કૃષ્ણ તો અદ્ભુત ક્રાન્તિના જ્યોતિર્ધર પણ છે ને !

કંસ પત્ની રડતાં આવ્યાં. દુષ્ટનો દોષ, સંગ કરનારને પણ દુઃખી જ કરે. ન્યાય તેમણે જ કરી દીધો. "**अनागसं त्वं भूतानां कृतवान् दोहमुल्बणम् ।**"- "નિર્દોષનો તેં ભયંકર દ્રોહ કર્યો, સૌને પીડ્યાં, તેથી આ દશા થઈ ! કોઈને દુઃખ દેનાર ધર્મપરાયણને પણ સુખ મળે ક્યાંથી ? "**भूतध्रुक्र को लभेत शम् ॥**"- ઈશ્વરનો અનાદર કરનારને સ્વપ્ને પણ સુખ ન દેખાય !" ભગવાને તેમને આશ્વાસન દીધું. કંસની યોગ્ય ઉત્તરક્રિયા કરાવી.પોતાનાં મા-બાપને બંધનમુક્ત કર્યાં. કૃષ્ણ-રામે ચરણે મસ્તક નમાવ્યું. દુઃખ દૂર કર્યાં. દેવકીજી-વસુદેવજીએ તો મહિમા જાણ્યો છે, માણ્યો છે. હાથ જોડ્યા. અગિયાર અગિયાર વર્ષે લાડકવાયા લાલ મળ્યા, પણ ઈશ્વરને ભેટાય ? ! શંકા થઈ. સ્નેહ રોધાયો !

અધ્યાય : ૪૫

વત્સલ મા-બાપને પનોતા પ્રેમાળ પુત્રની પ્રાપ્તિ : નન્દબાવાને ગૃહસ્થની જેમ સૌની ભેટ દઈને વિદાય : ગુરુકુલમાં વિદ્યાધ્યયન - યથેચ્છ ગુરુદક્ષિણા ! : વિદેશથી સૌને સ્વદેશ બોલાવ્યાં :

ભક્તો માટે તો ભગવાન્ શું ન કરે ? શું ન દે ? ભક્ત અને ભગવાનનો પરસ્પરનો ભાવ તો અન્ય સઘળું ભુલાવે, પ્રિયના સુખ માટે સઘળું કરાવે ! અલૌકિક ભગવદ્ભાવમગ્ન વસુદેવ-દેવકીજી થયાં હતાં. લૌકિકરીતે પુત્રભાવ દેવા પ્રભુએ પોતાની જનમોહિની માયાનો વિસ્તાર કર્યો. માબાપનાં ભગવદ્ભાવ અને જ્ઞાન ઢંકાયા, પુત્રભાવ પ્રકટ્યો. સૌને મર્યાદા શિખવતા પ્રભુ, પાસે પધાર્યા. આદરથી નમ્યા ! મને સંકોચ શમાવતાં, પોતાની બાલલીલાનું સુખ ન દઈ શકવા માટે,

માબાપની સેવાનો લાભ ન લઈ શકવા માટે, લૌકિકભાષામાં ક્ષમા માગી !

मातरं पितरं वृद्धं भार्यां साध्वीं सुतं शिशुम् ।
गुरुं विप्रं प्रपन्नं च कल्पोऽबिभ्रच्छ्वसन् मृतः ॥ (७)

સમર્થ હોવા છતાં, મા-બાપ, વૃદ્ધ સ્વજન, સુશીલ પત્ની, નાનકડાં સંતાન, ગુરુજન, વિપ્ર અને શરણાગતનું રક્ષણ અને પોષણ ન કરે, તે જીવવા છતાં મરેલો છે ! માયાથી મનુષ્યત્વ બતાવતા ભગવાનની મોહક વાતો સાંભળી. મા-બાપ ભેટી પડ્યાં. આંસુ અવિરત વહી રહ્યાં. બોલી ન શક્યાં. ભગવાને માતામહ (માના પિતા) સમર્થ ઉગ્રસેનને બંધનમુક્ત કર્યા. તેનું રાજ્ય પાછું તેને દીધું. પોતે મેળવ્યું હોવા છતાં, જેનું હોય તેને દેવાય. તે ન્યાય ! કંસને પુત્ર ન હતો, તેથી તેના પિતાને રાજ્ય દીધું. ભક્તહિત માટે તો ભગવાનનો અવતાર છે !

ઈતિહાસમાં તો, જીતે તે રાજા બને, તેમ દેખાય છે. અહીં તો, કોઈ પણ પદ સ્વીકાર્યા વિના, સર્વમાન્ય-લોકનેતા રૂપે કૃષ્ણ પ્રજા અને રાજા બંનેના નિયામક, મર્યાદામાં રાખનાર અને સંબંધ સાચવનાર સેતુ રૂપ પણ છે ! દેશ તેનાથી એક અને અખંડ રહે ને ! ગાંધીજી પણ ક્યાં હતા સત્તાસ્થાને ? રાષ્ટ્રના સર્વોત્તમ વિશ્વાસ માટે જરૂર છે, - સર્વદા કૃષ્ણની આ ભવ્ય પ્રણાલિકાની, - પોતે રાજા બને નહિ, યોગ્યને રાજા બનાવે; પોતે સત્તા લે નહિ, યોગ્યને દે; છતાં ઉપકાર ચઢાવે નહિ, સત્તાની સંપૂર્ણ મર્યાદા એક સામાન્ય-પ્રજાજન જેવી નમ્રતાથી પોતે સાચવે, સૌ પાસે સચવાવે ! યયાતિએ યદુને મુખ્યરાજ્ય દીધું નથી. રાજ્ય લઈને એ મર્યાદા પોતે કેમ તોડે ? ભક્તો પર કોઈ વાર કૃપા કરતાં, મર્યાદા તોડે, તે તો ઈશ્વરપણું છે ! ભગવાન્ કૃષ્ણ તો સર્વસમર્થ છતાં, સામાન્ય યાદવ રૂપે ઉગ્રસેનની આજ્ઞા માનવા પણ તૈયાર છે ! કૃષ્ણ યદુની મુખ્યવંશ-પરંપરામાં છે. ઉગ્રસેન તો પ્રાન્તશાખામાં છે, તેથી તો વસુદેવ-દેવકીજીનો વિવાહ સંભવે ને ! ભગવાન્ જેની આજ્ઞા માને, તેની અવજ્ઞા કોણ કરે ? મોટાઓ જ મર્યાદામાં રહે, તો શિસ્ત-મર્યાદા કે કાયદો તોડવાની હિંમત કોણ કરે ? પ્રભુ લીલા મનુષ્યવત્ કરે છે ! લોકોને સન્માર્ગ-શિક્ષા તેથી મળે ને ! ભગવાન્ તો સેવકને પણ સન્માન દે છે. યદુ, વૃષ્ણિ, અંધક, મધુ, દાશાર્હ, કકુર વગેરે સ્વજનો ક્રૂર કંસના ભયથી ગુપ્તવાસમાં હતા. ચતુર પ્રભુએ તે સૌને પાછા બોલાવ્યા ! યોગ્યસ્થાન-માન દઈને પુનઃ સ્વદેશમાં સૌને વસાવ્યા ! દેશમાં રહેતા કે વિદેશમાં વસતા દેશના બુદ્ધિધનરૂપ વિશેષજ્ઞોને, દેશમાં યોગ્ય સ્થાન-માન સાથે વસાવાય, તો વિકાસનો વેગ વધે, રાષ્ટ્રીય ભાવના પણ કેળવાય ! વિપુલ વૈભવના કે બીજા કોઈ લોભે લોકો વિદેશમાં વસવા લલચાય; પણ સંસ્કૃતિ, સંસ્કાર અને સ્વજનની શીતલ છાયા તેમાં ગુમાવે; પરિણામે પોતાનાં સંતાનને સંતાપ કરાવે ! સ્વાર્થ માટે સ્નેહ અને સ્વત્વ (પોતાપણું) છોડનારની સમૃદ્ધિમાં કયું ગૌરવ ગણાય ? ગરીબાઈ છે તે તો,- અંતઃકરણની ! પરદેશમાં રહીને પૈસાદાર થવા કરતાં સ્વદેશમાં સામાન્ય રહીને પણ ઉપયોગી થવું સારું ! મન પ્રસન્ન અને મજબૂત હોય તેવા લોકો જ સફલતા સર્વત્ર મેળવી શકે.

ભગવાન્ તો સૌને યોગ્ય દઈને, નિરોધ પોતાનામાં કરાવે છે. પ્રભુનાં રસરૂપ પ્રસન્ન મુખ-દર્શનથી સૌને આનંદ છે. "तत्र प्रवयसोऽप्यासन्युवानोऽतिबलौजसः ।"- મોક્ષદાતા મુકુન્દ ભગવાનની મુખામ્બુજસુધાનું આંખથી વારંવાર પાન કરતાં, અતિવૃદ્ધો પણ અતિસમર્થ થઈ ગયા ! વગર ઔષધે

કે સાધને કૃષ્ણદર્શન-માત્રથી કાયાકલ્પ થઈ ગયો ! ભગવાન્ દેવકીનન્દન, વત્સલ બાવા નન્દજી પાસે પધાર્યા. ભેટ્યા. વિરહ ન થાય માટે સ્વધર્મ સ્થાપન કર્યું ! પોષણ, રક્ષણ અને પ્રચુરપ્રેમ દેનારાં, નન્દજી- યશોદાજીને મા-બાપથી પણ અધિક ગણાવ્યાં. વ્રજમાં જવા વિનવ્યા ! **"ज्ञातीन्वो द्रष्टुमेष्यामः ।"**- "સ્વજનને મળવા આવીશું !" - વચન દીધું. સ્નેહમાં ભગવાન્ પોતાને ગોપાલ જ ગણાવે છે ! શ્રુતિમાં પણ તે રૂપે પ્રસિદ્ધ છે ને ! ભગવાને ખૂબ સાન્ત્વન દીધું. વત્સલ નન્દજીને વહાલથી વિદાય કર્યા. ભગવાને સૌ વહાલભર્યાં વ્રજવાસીઓને યાદ કર્યાં. દરેકનાં નામ દઈને, દરેક માટે વસ્ત્ર, અલંકાર, ઘરમાં રોજના ઉપયોગમાં આવે તેવાં તાંબા-પિત્તળનાં વાસણો વગેરે ગૃહસ્થની જેમ ભેટ કર્યાં ! રાજાની જેમ સોના- ચાંદીની ભેટ નથી દીધી. સોનું-ચાંદી સાચવીને છુપાવીને રાખવાં પડે ! ચિંતા કરાવે. ઘરવપરાશની વસ્તુ તો આંખ સામે આવ્યા કરે, યાદ દઈને ચિંતન પ્રિયતમ પ્રભુનું પ્રતિક્ષણ કરાવે ને ! બાવા નન્દજી તો કાંઈ બોલી પણ ન શક્યા ! પ્રાણાધિક પ્રિય પુત્રને મૂકીને જવાનું !!! જીવ,ન જાય !! શરીર જશે ! વાત્સલ્ય, આંખમાંથી આંસુ રૂપે અવિરત વરસી રહ્યું ! ગોવાળો સાથે નન્દજી ભગવદિચ્છાવશ વિદાય થયા !

વસુદેવજીએ કુલપુરોહિત ગર્ગ વગેરે વિપ્રો દ્વારા, આ બે પુત્રોના ઉપનયનરૂપ દ્વિજાતિ-સંસ્કાર કરાવ્યા. શાસ્ત્રમાર્ગરક્ષા માટે ભગવાને કૃપા કરી, સંસ્કારને સ્વીકાર્યા, સનાથ કર્યા ! પ્રભુને અગિયાર વર્ષ પૂરાં થયાં હતાં. વસુદેવજીએ કૃષ્ણાવતારના વખતે ગોદાનનો સંકલ્પ મનથી કરેલો; તે આજે પૂરો કર્યો. કંસે લૂંટી લીધેલું પોતાનું દ્રવ્ય પાછું મળ્યું. તેમાંથી આ બધું દાન દીધું, ઉત્સવ કર્યો. રામ-શ્યામે ગર્ગજી દ્વારા ગાયત્ર-વ્રત કર્યું. સંસ્કારનો દિવસ છોડી, ત્રણ દિવસ કે છ માસ કે વર્ષ બ્રહ્મચર્ય-નિયમપૂર્વક રહેવાનું, વિદ્યા તેથી સ્ફુરે ! મનુષ્યલીલા છે ને ! વિદ્યાગ્રહણ માટે રામ-કૃષ્ણ કાશ્ય-સાન્દીપનિ મુનિના ગુરુકુલમાં ઉજ્જયિની પધાર્યા. ગુરુકુલમાં રાય કે રંક સૌનાં સંતાનને સમાન રીતે જ સાથે રહેવાનું ! મોટી ઈમારતોમાં વ્યર્થ પૈસા વેડફી, મરામતનો ભાર વહોરી, તેની વ્યવસ્થામાં જ અવસ્થા પૂરી કરવાનું ઋષિવર્યોને ક્યાંથી ગમે ? સાત્ત્વિક વાસરૂપ વનમાં, જીવન સાત્ત્વિક બનાવી, સુંદર સાદી પર્ણકુટિરોમાં વસી, વૃક્ષની છાયામાં વેદીકા પર વિરાજી, સ્નેહભર્યા શિષ્યો પર વાત્સલ્ય વરસાવતા, વિનીત વિદ્યાર્થીના હૃદયમાં વિદ્યાનો પ્રકાશ અને વિકાસ કરતા, એ ભવ્ય ઋષિવર્યો હતા ! માત્ર જડભીંતો પર કે કાગળ પર શ્લોકો ત્યારે અંકિત થતા ન હતા; હેતભર્યા હૈયામાં અંકિત થઈને હિત કરતા હતા ! મા-બાપને ભારરૂપ ભણતર ન હતું, માત્ર રોટલાનું રળતર ન હતું, જીવનને સારરૂપ બનાવતો વિદ્યાલાભ હતો ! ફીની રકમ દેવાથી ભણવાનું મળતું ન હતું; પણ ગુરુનાં નાનાં-મોટાં સઘળાં કામ, ગુરુસેવામાં ગૌરવ ગણીને આદરથી સૌ કરતા. ત્યાં પગારદાર શિક્ષકો ન હતા; પણ નિઃસ્પૃહ, કલ્યાણકારક, વત્સલ મંત્રદ્રષ્ટા ઋષિયો હતા !

આવા, કાશ્યપગોત્રના કે ગોત્રપ્રવર્તક હતા, - કાશ્ય ! આ ગોત્રમાં સન્દીપન ઋષિ થયા. **"सम्यग् दीपनं बुद्धेर्यस्मात् ।"**- સુંદરરીતે બુદ્ધિને તેજસ્વિની બનાવે તેવા સન્દીપન ! આત્મજ્ઞાન પણ તે આપે તેમના. પુત્ર સાન્દીપનિજી ! અવંતી શૈવસ્થાન. ક્ષિપ્રા નદી ત્યાં વહે. મહાકાલ નામે મહાદેવજી વિરાજે, જ્યોતિર્લિંગ રૂપ છે. તીર્થવાસથી વિરક્ત ઋષિજી છે. વિદ્યાદાતા વિરક્ત જોઈએ ! કૃષ્ણ-રામ આ ગુરુકુલમાં આવ્યા. શુદ્ધભાવે ગુરુને દેવરૂપ ગણીને, નમ્રતાપૂર્વકની સેવાથી પ્રસન્ન કર્યા. લોકો

મર્યાદા શિખે ને ! સંતુષ્ટ ગુરુએ ચાર વેદ - છ વેદાંગ ભણાવ્યાં. રહસ્યમન્ત્ર સાથે ધનુર્વેદ, ધર્મશાસ્ત્ર, ન્યાયમાર્ગ, સાંખ્ય-યોગરૂપ આત્મવિધા (આન્વીક્ષિકી) અને સંધિ-વિગ્રહ-યાન-આસન-દ્વૈધીભાવ અને સંશ્રયરૂપ રાજનીતિ ભણાવી. "सकृन्निगदमात्रेण"- એક વખત ગુરુ બોલે, વિધાર્થી કંઠસ્થ કરી લે ! પુસ્તક-ગાઈડ કે નોટ્સ કે પ્રશ્નમાં અપવાદ ન હતા. નિરપવાદ બધું સાંભળીને સ્મરણમાં રાખવાનું ! વર્ષે કે વચ્ચે પરીક્ષાની પંચાત નહિ; પણ રોજનો પાઠ કંઠસ્થ કરી લેવાનો ! ૬૪ દિવસમાં ૬૪ કલાઓ ભણ્યા. અનેક તેના પ્રકારો પણ ખરા ! કૃતાર્થ કરતી વિધાનો બદલો શો સંભવે ? !- ગુરુનો સંતોષ ને ! ગુરુ તો જ્ઞાની, પણ પત્નીને મરેલો પુત્ર ભુલાય નહિ ! કૃષ્ણમહિમા જોઈને મન થયેલું. એક વખત ગુરુપત્ની દોહન કરે. દોહનપાત્ર પાસે નહિ. પુત્ર શા સુપાત્ર કૃષ્ણ પાસે પાત્ર માગ્યું ! કૃષ્ણ સંધ્યા કરે. આજ્ઞા અને નિયમનું ઉલ્લંઘન ન થાય. બેઠેલા કૃષ્ણે કર લંબાવ્યો ! પાત્ર દીધું. સુપાત્ર શિષ્ય કૃષ્ણ, હવે ગુરુપત્નીને સામાન્ય ન રહ્યા, સમર્થ લાગ્યા ! ગુરુને પણ આ વિવેક-વિનય-વિશિષ્ટ વિધાર્થીને ભણાવતાં, પોતાને ભણવા મળતું ! ! અદ્‌ભુત લાગતું ! તેજસ્વી શિષ્ય ગુરુને પણ તેજસ્વી બનાવે ને ! બન્નેએ પ્રભાસમાં અગ્નિકુંડમાં ડૂબેલો પુત્ર પ્રભુ પાસે માગ્યો ! સ્નેહ છે ને ! "तथा"- કહીને, તે જ સંઘાત-રૂપ પુત્ર લાવવા સૂચવી, સર્વત્ર જતા રથમાં રામ-શ્યામ વારાફરતી રથ ચલાવતા સમુદ્રકિનારે પ્રભાસમાં પધાર્યા. પાણીમાં, પર્વત પર, જમીન પર કે આકાશમાં બધે જ ચાલી શકે તેવું વાહન પણ તે સમયમાં હતું ! વિજ્ઞાન દૃષ્ટિથી આ અર્થ થાય.

સમુદ્રે તો (લક્ષ્મીપતિ) જમાઈ, (શેષશાયી) ગૃહપતિ અને સેતુબંધન કરનાર સમર્થ ભગવાનનું સ્નેહથી સ્વાગત કર્યું ! પ્રભુએ ગુરુપુત્ર માગ્યો. "योऽसाविह त्वया ग्रस्तः ।"- કહીને આધિદૈવિક રૂપે બતાવ્યો પણ ખરો ! મૃતબાલક તો ત્રણ રીતે વહેંચાયો હતો. સમુદ્રે પ્રાણાપાન છૂટાં પાડ્યાં, સમુદ્રમાં રહેતા પંચજન - દૈત્યે શરીરભાગ લીધેલો, અન્યસંઘાત કર્મવશાત્ પૂર્વસૂક્ષ્માવસ્થા સાથે જીવસહિત યમપુરમાં હતો. સમુદ્રે,- "શંખરૂપ દૈત્ય પંચજને હર્યો છે !" - કહ્યું. વસુ, રુદ્ર, આદિત્ય, વિશ્વેદેવો, મારુત- આ પંચજન ! તેમના સમાન આ બલિષ્ઠ દૈત્ય, તેથી પંચજન. અથવા; વત્સર, અનુવત્સર, ઈડાવત્સર, સંવત્સર અને પરિવત્સર- આ પંચ રૂપ, કે પંચપર્વા અવિધા રૂપ. જલમાં તે દૈત્ય શંખ રૂપે સદા રહેતો. સમુદ્રજલમાં પ્રભુ પ્રવેશ્યા. શંખોદ્ધારમાં તેને માર્યો. તેના અંગમાંથી પાઞ્ચજન્ય શંખ લીધો ! યમપુરે આવ્યા. સર્વને સાવધ કરતો શંખનાદ કર્યો. સાંભળતાં યમ આવ્યા. તે તો સૌને નિયમમાં રાખનારા ! તેમણે પોતાને પણ નિયમમાં રાખનારા પ્રભુને જોયા. વૈષ્ણવભાવે પૂજા કરી ! આજ્ઞા માગી. નિયમનું ઉલ્લંઘન કરી, પુષ્ટિ પ્રકટ કરતાં, પ્રભુએ ગુરુપુત્ર માગ્યો. - "मच्छासन पुरस्कृतः ।" ભગવદાજ્ઞા સામે કર્મનિયમ કે યમ શું કરી શકે ? ત્યાંથી પૂર્વાવસ્થાવાળો પુત્ર લઈને પ્રભુ પાછા પધાર્યા ! ગુરુને તે નિવેદન કર્યો, - "આ આપનો પુત્ર ! આ કાંઈ ગુરુદક્ષિણા નથી, આપનો હતો, આપને દઈએ છીએ !" વિવેકવારિધિ કૃષ્ણ ! ગુરુએ તો તેને જ દક્ષિણા રૂપ ગણીને બીજું ન માગ્યું, સંતુષ્ટ થઈ ગયા ! ગુરુનો સંતોષ શું ન આપે ! ? "प्रयच्छति गुरुः प्रीतो वैकुण्ठं योगिदुर्लभम् ।"- ગુરુ પ્રસન્ન થાય તો યોગીને દુર્લભ વૈકુણ્ઠ (લોક કે નાથ) આપી દે, સુલભ કરી દે ! કૃષ્ણકૃપાથી ગુરુ પણ કૃતાર્થ થયા ! વહાલથી આશીર્વાદ વરસાવ્યા, - "વીર ! ઘેર જાવ. ગૃહસ્થ થજો. આપનો સર્વદા જય થજો. લોકપાવની કીર્તિ થજો !" બોલાય પણ ભગવદિચ્છાનુસાર જ ને ! કૃષ્ણ-રામ વાયુવેગી રથમાં મથુરા પધાર્યા. શંખનાદ

કર્યો. વિદ્યાનું તેજ: અને પ્રભાવ પ્રકટ કર્યાં. સૌને ત્રણ-ચાર વર્ષે પ્રેમભર્યા પ્રભુ મળ્યા. પરમાનંદ અનુભવ્યો. જાણે ગયેલું જીવનધન પાછું મળ્યું !!

અધ્યાય : ૪૬

ઉત્સવરૂપ-ભક્ત ઉદ્ધવજી દ્વારા પોતાનાં પ્રિયજનોને પ્રણય-જ્ઞાન-સંદેશ પાઠવતા કૃષ્ણ વ્રજભક્તોનો પરિચય દે છે ! : શ્રીનન્દ - યશોદાજી સાથેનો વાર્તાલાપ ! :

મથુરાનાં સુખ-સમૃદ્ધિ કે સાનુકૂલ સમાજમાં પણ, પ્રેમલ કૃષ્ણ પોતાનાં પ્રિય ગોકુલ-વાસીઓને સૌ પહેલાં સ્મરે છે! ભગવાન્ ભક્તોને ભૂલે કઈ રીતે ?! છતાં, વિદ્યાર્થીથી સ્નેહચેષ્ટા ન થાય; ભગવાને પણ તે મર્યાદા સાચવી ! પણ હવે તો અવધિ આવી ગઈ ! ધૈર્ય કેટલું ધરે ! સ્નેહસંતાપમાં આશ્વાસન સ્નેહપાત્રોને પાઠવવા પ્રભુ તત્પર થઈ ગયા ! અદ્ભુત છે ને આ ઉપાય ! સ્નેહની સ્વાભાવિકતા છે આ તો ! આશ્વાસન એકને નહિ અનેકને દેવાનું ! સૌ વ્રજજનોને કૃષ્ણ પોતાના લાગે છે !- કોઈને પુત્ર, કોઈને મિત્ર, કોઈને જીવનધન શા પ્રિય ! સ્નેહસંદેશ સૌને સમાન ન હોય. નન્દ-યશોદાજી, ગોપ અને ગોપીજનને - પ્રકટ, અપ્રકટ અને અત્યપ્રકટ સંદેશ દેવાનો ! ''इति संप्रार्थितो गोपैः...।''- થી ગોપસંદેશ પણ ખરો ને ! આ બધામાં તો ખૂબ વિશ્વાસુ અને નિપુણ દૂત જોઈએ. હતા સુયોગ્ય ઉદ્ધવજી ! તે "વૃષ્ણીઓમાં શ્રેષ્ઠ" - આ સ્વરૂપ-યોગ્યતા છે. "મન્ત્રી" - રહસ્ય સંભાળે - તે સહકારિ-યોગ્યતા છે; "કૃષ્ણના પ્રિયમિત્ર" - હૃદયની સઘળી વાતો કહી શકાય તેવા છે, "બૃહસ્પતિના સાક્ષાત્ શિષ્ય" - ખૂબ નિપુણ છે, ઉત્સવાત્મક છે. એકાંતમાં ક્યારેક કૃષ્ણે તેમનો હેતથી હાથ પકડ્યો, હૃદયની વાત કહી ! "ઉદ્ધવજી ! સુયોગ્ય છો. વ્રજમાં જાવ. અમારાં મા-બાપ (નંદયશોદા)ને પ્રિયસંદેશ દો. આગમનના સમાચાર આપો. ગોપીજન વિરહવિકલ છે. તેમને મારો પત્ર ત્યાં સંભળાવજો. વિરહવેદના શાન્ત કરજો !" સ્નેહશીલનું સાન્ત્વન ન કરવામાં આવે, તો આસક્તિ શિથિલ થાય, પ્રતિબંધ પણ સંભવે !

ભગવાને તેથી ૪૬ થી ૪૯ સુધીના ચાર અધ્યાયોમાં તામસ, રાજસ અને સાત્ત્વિક-ભક્તોને સાન્ત્વન દીધું છે. ઉદ્ધવજી દ્વારા જ્ઞાનસંદેશ દઈને વ્રજજનોને વિરહકાલથી થતું દુ:ખ દૂર કર્યું. ૪૬-૪૭ અધ્યાયમાં આ કથા છે. વ્રજજનોને કૃષ્ણમાં પૂર્ણાસક્તિ છે, છતાં, ભગવાન્ સર્વત્ર છે, - તેવું જ્ઞાન નથી, તેથી અજ્ઞાન છે ! અજ્ઞાનમાં આશ્વાસન આવશ્યક છે. તે જ્ઞાનસંદેશ રૂપ છે. નન્દ-યશોદાજી વગેરેનું સાન્ત્વન ૪૬મા અધ્યાયમાં છે. ગોપીજનનું સાન્ત્વન ૪૭મામાં છે. ભગવાન્ સર્વત્ર હોવાથી, ભક્તો જ્યારે હૃદયમાં માત્ર કૃષ્ણાસક્તિ થાય - અંતર્મુખ થાય, ત્યારે પ્રભુનો આવિર્ભાવ થાય છે. અંત:કરણમાં બાહ્યાનુસંધાન થાય, ત્યારે ભગવદ્દર્શન ન થાય, દુ:ખ અનુભવાય છે; તેથી તેમને ભગવાન્ સર્વત્ર હોવાનું જ્ઞાન દેવાની જ જરૂર છે, વિશેષ નહિ ! ભગવાન્ બાલલીલામાં ચૌર્ય વગેરેથી નિરોધ કરે છે. તેમ, અત્યારે અજ્ઞાનથી ભક્તોને બાહ્યાનુસંધાન થતાં, દુ:ખ કરાવીને નિરોધ કરે છે, તેથી આ લીલા પણ નિર્દોષ છે ! મથુરાના લોકો સર્વથા પ્રપંચ-રહિત નથી થયા. તેઓ આસક્તિ પૂર્ણ નથી. તેમના વિશ્વાસ માટે ભગવાને પ્રપંચના ગુણો (પુત્રત્વ વગેરે) સ્વીકાર્યા. ''**जीवाः स्वभावतो दुष्टा दोषभावं नयन्ति हि । सर्वमेव स्वसम्बन्धात् तथा कृष्णेऽपि संगताः ॥**''- જીવો સ્વભાવથી જ દુષ્ટ, સ્વાર્થરત પોતાના સંબંધથી સર્વને દૂષિત કરે ! તે જ રીતે તેઓ કૃષ્ણસંબંધમાં આવ્યા, તેથી તો તેમને

પણ અપવાદ આપે, દોષારોપ કરે ! ગોકુલવાસીનો દોષ ન રહે માટે ભગવાને પહેલાં પ્રપંચ ભુલાવ્યો. ઉદ્ધવજી-દ્વારા પોતે જ્ઞાનસંદેશ દીધો. સાત્ત્વિકભાવ થવામાં વિઘ્ન ન થાય ને ! નંદજીને પ્રભુ મળવા આવ્યા ત્યારે, ગોપીને દર્શન ન દીધાં. જરૂરી હોય તેવો જ ઉપાય થાય ને ! વ્રજમાં પધારેલા ભાવાત્મક ભગવાન્ તો સદા વ્રજમાં જ વિલસે છે ! પહેલાં તો, કૃષ્ણ સંયોગ-વિયોગ બન્ને દેતા હતા. સંયોગમાં લીલાથી અને વિયોગમાં સ્વરૂપથી નિરોધ ભક્તોનો કરતા ! અત્યારે તો વિયોગ દે છે, તેથી માત્ર સ્વરૂપસ્થિતિથી નિરોધ કરે છે. સ્વરૂપ તો રસાત્મક છે, આધેય છે. તેનો આધાર રસરૂપ શ્રીગોપીજનનાં હૃદય. બાહ્યદર્શન દેતા વ્યૂહાત્મક-સ્વરૂપની અપેક્ષા વગર જ, હૃદયમાં રહેલા સ્વરૂપમાં જ આસક્તિ પ્રભુ કરાવી રહ્યા છે ! ભગવાને વચન પૂર્ણ કરવા પધારીને નન્દજીને દર્શન દીધાં છે ! શ્રીગોપીજનનો સંદેશ જુદો પણ છે ! સૌના આત્મારૂપ તો ભગવાન્ છે; પણ દેહ, ઈન્દ્રિય, મન વગેરે તો જન્મથી પ્રભુપરાયણ નથી. તે પ્રભુપરાયણ બને તો સંઘાત પ્રભુનો બને, જીવન ભગવદીય બને ! આવા, ભકતો તો ભગવાન્ માટે જ જીવે, પ્રભુ પાસે હોય તો જ જીવે ! તેમની સર્વ-ઈન્દ્રિયો પ્રભુનું કાર્ય જ કરે, ભગવાન્ માટે તેમના લૌકિક-વૈદિક સર્વધર્મો છૂટે. તેમને કોઈ ઉપદ્રવ ન હોય, પ્રભુ તેમનું સઘળું સંભાળે. આવાં છે, - શ્રીગોપીજન !

શ્રીકૃષ્ણ બોલ્યા,- "મારે માટે જ તે જીવે છે. હું તેમને સંભાળું છું ! ક્ષણે ક્ષણે તે મને યાદ કરે છે. હું તેમને પ્રાણથી પણ અતિપ્રિય, છતાં અતિદૂર ! મળાશે નહિ ? - તેવા વિચારે મારા સ્મરણ-માત્રથી - આઘાતથી, તે બધાં નિરંતર મૂર્છિત થઈ જાય છે !" "પ્રિયપ્રભુ નહિ મળે ! દૂર છે !" - તેવા ભાવસહિતની ભગવાનની યાદ તો ભક્તોને માટે પ્રચંડ પ્રહાર જેવી છે, મૂર્ચ્છિત કરી દે છે. પહેલાં અનુભવ ન થતાં, થતું દુ:ખ-વિરહ-આતુરતા તેનાથી ખૂબ વધી જાય, તેથી (વ્યાકુલ) અને દીન થઈ જવાય. વિયોગમાં ભગવાનના સ્મરણથી મૂર્છા અને ભગવાનના ગુણ-ધર્મોના સ્મરણથી કાતર (અધીર) પણું આવે છે. આ વિયોગમાં અતિપરાણે ભગવદિચ્છાથી પ્રાણ ગોપીજન ધારણ કરે છે ! ઘણાં તો પ્રાણ ટકાવી પણ શક્યાં નથી ! "**धारयन्त्यतिकृच्छ्रेण प्रायः प्राणान् कथञ्चन ।**"- શ્રુતિ અને ઋષિને ભગવાને ગોપી રૂપે પ્રકટ કર્યાં છે. રસાત્મક સ્વરૂપાનન્દનું ગાન કરવું છે ને ! કાત્યાયનીવ્રત-પ્રસંગ અને શ્રુતિને વરદાન-કથાથી આ સમજાય છે. તે માટે ભગવાન્ નન્દગૃહમાં પ્રકટ થયા, આ સૌ ગોપી રૂપે ! નિત્યલીલાસ્થનો તેમાં આવેશ ! હવે, તો, તે રીતે નિરોધ થઈ ગયો છે, તેથી રસાત્મક નિત્યલીલાસ્થ ગોપીજનનો પ્રભુમાં પ્રવેશ થઈ ગયો ! કુમારિકાઓ કાત્યાયની વગેરેમાં સમાયાં ! "હું આવીશ !"-એ સંદેશાંથી, આશાએ જ જીવે છે ! શ્રુતિ અને ઋષિને તો વાણીમાં વિશ્વાસ હોય ને ! "**बल्लव्यो मे मदात्मिकाः ।**"- ગોપીજન મારાં ! હું તેમનો આત્મા ! તે તો મારાં જ સ્વરૂપો !" ગોપીને પોતાનાં ગણવામાં ગોવિન્દે ગૌરવ ગણ્યું ! સ્ત્રી-પુરુષના સત્સંગમાં પણ ઉદ્ધવને નિશ્ચિન્ત બનાવ્યા. ભગવાનનાં બની ગયેલાં- ભગવદીય-નું મન ભટકે નહિ, ભગવાન્ સિવાય બીજું કાંઈ તે ઈચ્છે પણ નહિ ! ગોપીજનમાં તો ભગવત્સ્વરૂપનું જ દર્શન ઉદ્ધવજીને થવાનું ! ભક્તોનું સ્વરૂપ પણ ભગવાન્ કૃપા કરીને સમજાવે, ત્યારે સમજાય ! શ્રીગોપીજનનું સ્વરૂપ ભગવાને ઉદ્ધવજીને સમજાવ્યું. સ્વરૂપ સમજે તો સાનુકૂલ થઈને સંદેશ દઈ શકે ને ! સ્વામીનો સંદેશ લીધો. દાસને આજ્ઞાપાલનમાં કશું વિચારવાનું ન હોય !

સંધ્યા-સમયે ઉદ્ધવજી નન્દગોકુલમાં આવ્યા. ઐશ્વર્ય વગરના પાંચ ગુણો પ્રભુ વગરના વ્રજમાં દેખાયા. ભક્તહૃદયમાં સર્વલીલા-પ્રાકટ્યમાં ઐશ્વર્ય છે, બહાર નહિ. નન્દજીને ત્યાં વાસુદેવના આધારે ભક્તહૃદયમાં રહેલા પુરુષોત્તમ પ્રકટ થયા ! તેમાં પુત્રત્વ-સંબંધ પ્રભુએ સ્વીકાર્યો. ત્રણ વ્યૂહ-સહિત પુરુષોત્તમ વસુદેવજીને ત્યાં પ્રકટ થયા. ત્યાં પ્રધુમ્ન વ્યૂહે વંશસંબંધ છે. ગોકુલમાં ઉભયની એકભાવે સ્થિતિ છે. મથુરાગમન સમયે ચારે વ્યૂહસહિત વસુદેવજીને ત્યાં પ્રકટેલા પુરુષોત્તમ પધાર્યા છે ! નન્દગૃહમાં પ્રકટેલા રસાત્મક પુરુષોત્તમ કેવલ ભક્તહૃદયના આધારે રહ્યા કરે છે ! ત્યારથી વ્રજમાં ભક્તો સાથે તે વિવિધ વિલાસરૂપ પુરુષોત્તમ કાર્ય કરે છે, વ્યૂહકાર્ય નહિ ! તે હૃદયમાં રહે છે, હમેશાં પ્રકટ દેખાતા નથી ! વ્રજમાં વૃષભ નાદ કરતા હતા. સુંદર શ્વેત વાછરડાં કૂદતાં હતાં. "वास्रा- નવપ્રસૂતા ગાય, વાછરડાં ન દેખાતાં આમતેમ દોડતી હતી, - "વીર્યગુણ." ક્યાંય વીણા - શિંગડી વાગતાં હતાં. - "શ્રી." રામ-કૃષ્ણનાં મંગલગાન ગોપીજન કરતાં હતાં. - "યશ:." વ્રજની દિવ્ય શોભા હતી. અગ્નિહોત્ર, સંધ્યાવંદન, પિતૃદેવાદિનાં અર્ચન થતાં હતાં, શ્રૌત-સ્માર્તધર્મ થયો. ધૂપદીપ-પુષ્પો શોભતાં હતાં, તાન્ત્રિક-ધર્મ થયો. આ ધર્મથી "જ્ઞાન" સમજાય છે. ઉદ્વેગવાળાને ઘરથી અધિક સુખ દે તેવાં, સુંદર પુષ્પિતવન છે. ભમરા ગુંજે છે. જલાશયમાં કમલ ખીલ્યાં છે. હંસાદિના સ્વન થાય છે. "વૈરાગ્ય"-સૂચક છે.

નન્દભવને ઉદ્ધવજીનો રથ આવ્યો. નન્દજીએ કૃષ્ણના આ સેવકને જોયા. ભગવાનના સેવકો તો ભગવદ્રૂપ જ ગણાય! "यो यच्छ्रद्धः स एव सः ।"- જેની જેમાં શ્રદ્ધા તે તદ્રૂપ ગણાય ! ભક્ત આવે, તે તો પ્રભુ પધાર્યા ગણાય ! ભગવદ્‌ભાવે ઉદ્ધવજીનો આદરસત્કાર નન્દજીએ કર્યો. ઉત્તમ અન્નાદિ જમાડ્યાં. સ્વસ્થ થતાં વસુદેવ-રોહિણીજી વગેરેના કુશલ-સમાચાર પૂછ્યા. કંસ તો પોતાના પાપે મર્યો. ભગવાનને મામાના વધનો દોષ ક્યાં છે ? સ્નેહથી સરતાં આંસુ સાથે પૂછ્યું, - "કૃષ્ણ અમને યાદ કરે છે ? વ્રજને સ્મરે છે ? એક વખત પણ અમને સ્વજનને મળવા આવશે ખરા ? અમને એ સુંદર મુખદર્શન મળશે ? અનેક આપત્તિઓમાંથી અમને તેમણે ઉગાર્યા. બધું સ્મરતાં તો શિથિલ થઈ જવાય છે. ક્યાં તે ? ક્યાં અમે ? અતિપ્રિય તો છે, પણ જઈને લઈ આવવાની ધૃષ્ટતા કઈ રીતે થાય ? કૃષ્ણ તો સદાનન્દ ! સ્મરણ-માત્રથી સુખ દે છે, લીલાપૂર્વકનાં કૃપાકટાક્ષના સ્મરણથી પ્રાણ તૃપ્ત થઈ જાય છે, ધૃષ્ટતા રહેતી નથી. વ્રજમાં નદી-પર્વત વગેરે લીલાસ્થાનને જોતાં મન મુકુન્દમાં મગ્ન થઈ જાય છે. અનુભવે લાગે છે કે, ગર્ગજી કહેતા હતા તેમ, તે તો પ્રભુ પ્રકટ થયા છે ! "नागायुतप्राणान्"- કંસ, ચાણૂર-મુષ્ટિક અને કુવલયાપીડ હાથી તો દશ હજાર હાથીનાં બલવાળા ! તેને સિંહની જેમ રમતમાત્રમાં માર્યા ! "सहस्रद्वीपसत्त्वभृत्"- કુવલયાપીડને હજાર હાથીના બલવાળો ચાણૂરે કહેલો. તે તો યુદ્ધ માટે પોતાની ઉત્તમતા બતાવવા જૂઠું બોલેલો ! નહિ તો અહીં - "गजपतिं तथा"- ન કહે ! પ્રભુનાં પરાક્રમ વર્ણવતાં નન્દજી સ્મરણથી વિહ્‌વલ થઈ ગયા ! મૌનભાવે માત્ર આંસુ સરતાં રહ્યાં ! યશોદાજી તો મા ! વાત્સલ્યભાવનાં આ જીવંતસ્વરૂપ ! પણ આ તો પુત્રભાવે લૌકિકસ્નેહ છે, તેને માહાત્મ્યજ્ઞાનથી ભગવદ્‌ભાવે અલૌકિક કરવો જોઈએ ! ઉદ્ધવજીને આનન્દ થયો. ભાવભર્યા ભક્તો સાથે વાતો કરવાની મળે, તે પણ મહાભાગ્ય છે ! કૃતાર્થ તેથી થવાય. ઉત્સવરૂપ ઉદ્ધવજી હોય, ત્યાં શોક રહે કઈ રીતે ? ! તેથી તો પછી વ્રજમાં વિરહક્‌લેશ કોઈને નથી !

શ્રીનન્દ-યશોદાજીને ઉદ્ધવજીએ ધન્યવાદ દીધા, **''श्लाघ्यतमौ''**- કહ્યાં. સત્કર્મથી "શ્લાધ્ય"-પ્રશંસનીય-થવાય, જ્ઞાનથી "શ્લાધ્યતર;" અને ભક્તિથી "શ્લાધ્યતમ !" ભક્તિમાં પણ પરમપ્રેમ સર્વોત્તમ ! પ્રમાણથી પ્રમેયબલ અધિક ! સ્વતંત્રભક્તિ કરતાં પણ પ્રમેયભક્તિ રસાલ છે ! ઉદ્ધવજીને થયું,- "પુરુષોત્તમમાં આવો પ્રેમ !" પુરુષોત્તમથી અધિક કોઈ કર્તવ્ય નથી. **''एतौ हि विश्वस्य च बीजयोनी रामो मुकुन्दः....।''**- ભક્તિથી પ્રકટ થયેલા રામ-શ્યામને બતાવ્યા,- **''एतौ''** ! ભગવાને, **''द्रष्टुमेष्यावः''**- "મળવા આવશું !" - કહ્યું છે ને ! વિશ્વના સમવાયિકારણ અને નિમિત્તકારણ, બીજયોનિ (માતા-પિતા) રૂપ, આ રામ-કૃષ્ણ જ છે. ભગવદીય-સાંખ્યમાં, પહેલાં પ્રકૃતિ-પુરુષ રૂપે યોનિ-બીજ-વિભાગ છે, પછી સૃષ્ટિ છે. બ્રહ્મવાદમાં બ્રહ્મમાંથી પ્રથમ સૃષ્ટિ છે, પછી યોનિ-બીજ-વિભાગ છે, પછી પ્રવાહરૂપ સૃષ્ટિ છે. મોક્ષભક્તિદાનમાં પણ સર્વકામાશન માટે, અલૌકિકદેહ પણ પુરુષોત્તમાત્મક છે.- **''सर्वाभेदादन्यत्रेमे''**- સૂત્ર છે, તેથી તે બીજ ઉપાદાનકારણ. તેમાં સ્વરૂપયોગ્યતા-સંપાદક અક્ષરજ્ઞાન, રામ-અક્ષરાત્મક. તે યોનિ-નિમિત્ત-કારણ કામાદિદાનમાં, તેમાં ઉપયોગી શરીર અક્ષરાત્મક, તેથી રામ ઉપાદાનકારણ ! દાતા રૂપે ભગવાન્ નિમિત્તકારણ ! નામથી અભ્યુદય-નિઃશ્રેયસ ફલ કહ્યાં. આવેશરૂપ રામમાં પણ ભગવદ્બુદ્ધિ થાય, માટે ગણાવ્યાં છે. વૃદ્ધિ-હ્રાસ, આવિર્ભાવ-તિરોભાવ, માટે ભગવાન્ ઉભય રૂપ બને છે. જગત્કારણરૂપ અને મોક્ષદાતા ભગવાન્ છે ! અંતકાલે ક્ષણ પણ તેમાં વિશુદ્ધભાવે મન પરોવતાં જનનાં કર્મબંધન છૂટે, બ્રહ્મ રૂપે પરમગતિ મળે ! આવા ફલરૂપ ભગવાનમાં નિત્ય આત્મીયભાવ કરનારને કયું સુકૃત્ય બાકી રહે ? **''आगमिष्यत्यदीर्घेण कालेन व्रजमच्युतः ।''**- "ટૂંક સમયમાં અચ્યુત વ્રજમાં પધારશે !" **''प्रियं विधास्यते पित्रोः ।''**- "મા-બાપનું પ્રિય થાય તેમ કરશે !" ગુપ્ત-રીતે પ્રભુ નન્દ-યશોદાજીને મળવા પધારે છે. તે વખતે શ્રીગોપીજનને દર્શન દેતા નથી !

પ્રભુના મથુરાગમનથી ગોકુલવાસીઓની તો વિયોગદશા છે. વિયોગ બે પ્રકારનો, - ધર્મિરૂપ અને ધર્મરૂપ ! શ્રુતિમાં આનંદ સ્વરૂપાત્મક ધર્મિરૂપ અને ધર્મરૂપ પણ કહ્યો છે. તદ્રૂપ રસ પણ બે પ્રકારનો ! સ્વરૂપાત્મક રસ ભગવાને શ્રીગોપીજનને દીધો છે. શ્રીનન્દજી વગેરેને ધર્મરૂપ રસ દીધો છે, તેથી ધર્મરૂપ વિયોગ નન્દજી વગેરેને છે ! આ અધ્યાયમાં તેની કથા છે. ધર્મિરૂપ વિયોગ શ્રીગોપીજનને છે, પછીના અધ્યાયમાં તેની કથા છે. સંયોગાત્મક ધર્મિરૂપનું આગમન નન્દજી વગેરે ભક્તોની સ્વરૂપરક્ષા માટે જરૂરી છે, નહિ તો જેમ અગ્નિમાં અગ્નિ સિવાયની બધી ચીજો બળી જાય, તેમ તે ભક્તોનાં દેહાદિ અન્યથા થઈ જાય ! આમાં, પ્રભુ સંયોગાત્મક સ્વરૂપથી પધારે છે, તેથી ગોપીજનને દર્શન દેતા નથી ! શ્રીગોપીજનને તો અલૌકિક-સામર્થ્ય દીધું છે, તેમનાં દેહાદિ વિપ્રયોગાત્મક છે; તેથી અગ્નિથી અગ્નિ ન બળે, તેમ દેહાદિનો અન્યથાભાવ ન થાય; તેથી તેમને દર્શન નથી દેતા. તેમને સંયોગથી અન્યથાભાવ થાય. ભગવાન્ - **''सात्त्वतां पतिः''** છે. **''यदा वः समागत्य कृष्णः सत्यं करोति तत् ।''** -માં **''करोति''**- થી "કૃષ્ણ પધાર્યા છે !" - સૂચવે છે, "પધારશે !" તેમ પણ કહે છે. "ખેદ ન કરશો ! સૌના હૃદયમાં વિરાજતા તે કૃષ્ણ, નિકટમાં પ્રકટ દર્શન દેશે ! પ્રભુને કોઈ પ્રિય કે અપ્રિય નથી, ઉત્તમ કે અધમ નથી, પ્રભુને કોઈ મા-બાપ-પત્ની-પુત્રાદિ નથી, શત્રુ-મિત્ર નથી, દેહ કે જન્મ નથી. તેમને કોઈ કર્મ નથી. સૂર્યોદય માત્રથી અંધકાર જાય, તેમ પ્રભુ

પ્રાકટ્યથી દુષ્ટતા દૂર થાય, સાધુરક્ષા થાય. પ્રભુને સ્વતઃ તેમાં કાંઈ કરવું ન પડે, છતાં કરે છે, તે તો માત્ર લીલા છે ! સ્વયં નિર્ગુણ છે - પ્રાકૃત ગુણ વગરના છે, છતાં લીલા કરતાં ગુણો સ્વીકારે છે. ભગવાન્ લીલા માટે પુત્રાદિ રૂપ સ્વીકારતા નથી. ભગવાનમાં પ્રાકૃત ધર્મ નથી ! અવિધમાન્ કર્મનો સ્વીકાર અસંભવ છે. "ભગવત્સ્વરૂપની જેમ પુત્રત્વાદિભાવ અને તેની લીલા નિત્ય છે. તે લૌકિક નથી; તેથી ભગવાનને મા-બાપ વગેરે નથી, તેમ આગળ કહ્યું છે. ફુદરડી ફરનારને બધું ફરતું હોય તેવું દેખાય,- "भ्राम्यतीव" તેમાં, જોનારનો દૃષ્ટિદોષ છે, તેમ ભગવાન્ તો છે, તેવા જ છે ! નિત્ય-સ્વરૂપ-ગુણ-ક્રિયારૂપ-પ્રકટ થયાં છે; પણ લોકનજરે, લોકદૃષ્ટિ દોષવાળી હોવાથી, પોતાના પ્રાકૃત ધર્મો તેમાં દેખાય છે., ભગવાન્ તેવા થતા નથી ! સચ્ચિદાનંદ ભગવાનમાં તે પ્રાકૃત-ધર્મો યુક્ત નથી. પુત્રત્વાદિ-ધર્મો સ્વરૂપમાં રહેલા છે, સ્વરૂપ બહાર પ્રકટ છે. આરોપિત-ધર્મો પ્રભુમાં નથી, નિત્યધર્મો છે ! ભગવાન્ તો પૂર્ણ પરમાનન્દ રૂપે સર્વવ્યાપક છે. પરિચ્છેદક-દૃષ્ટિએ ભગવદિચ્છાથી ક્યાંક પ્રાપ્ત થાય છે; ક્યાંક પ્રાપ્ત નથી પણ થતા !

ભગવદિચ્છાથી અત્યારે તે મથુરાવાસીઓને દર્શન દે છે, આપને નહિ ! અમને તો તે રૂપે અહીં દેખાતા પ્રભુને પણ તમે, "મથુરામાં છે, અહીં નથી !" - તેમ કહો છો. આ આપનો ભ્રમ છે ! તે છોડો ! ભગવાનને સર્વત્ર જાણો ! સાક્ષાત્કાર તો ભગવાનની ઈચ્છાથી થશે ! સૌને આનંદ દેતાં સર્વ રૂપે ભગવાન્ જ વિરાજે છે. માત્ર તે આપના જ પુત્ર નથી, પણ સૌના પુત્ર-આત્મા-પિતા-માતારૂપ પણ તે છે ! પુત્રાદિથી આનંદ મળે, તે આનંદ તો ભગવદ્ધર્મ પણ છે. આ સત્ય પ્રાણ જે જીવનમાં નિમિત્તરૂપ છે, તેની પ્રવૃત્તિના પણ આધાર રૂપે આનંદ જ નિમિત્ત છે. આનંદમય રૂપે ભગવાન્ સર્વાધાર ન હોય તો, અન્નથી પ્રાણ-મન-વિજ્ઞાન વગેરેનાં સંબંધની ઉત્પત્તિ, સ્થિતિ, લયરૂપ ક્રિયાઓનું આધાર વગર તો અસ્તિત્વ ન ટકે ! શ્રુતિમાં કથા છે ને ! પંદર દિ'ના ભૂખ્યા શ્વેતકેતુને ક્યાં મંત્રો યાદ આવ્યા હતા ? ! જો પુત્રાદિ રૂપે પ્રભુ ન હોય તો પુત્રાદિથી આનંદ ન મળે ! આધિદૈવિક-ન્યાયે, પુત્રાદિના આધિદૈવિક રૂપે ભગવાન્ છે, તેથી આનંદ મળે. છે. ભગવાને તો આપના પુત્ર રૂપે પોતાને પ્રસિદ્ધ કર્યા છે. સર્વ રૂપે વિરાજંતા ભગવાનને ન માને, તે તો અભાગ્ય છે. ભંગવાન્ સર્વ રૂપ છે, તેથી આપના પુત્ર રૂપે પણ છે. માત્ર રૂપે, અન્યથા ન સમજશો ! તમે જેને ભૌતિક પુત્ર-રૂપે માન્યો છે, તે આધિદૈવિક જ છે ! સ્વરૂપમાં તો કોઈ વિકૃતિ થતી નથી. તેના પ્રમેયબલથી મુક્તિ થાય છે. સર્વકાલમાં સર્વ રૂપે, ભગવાન્ સિવાય બીજું કાંઈ નથી. ભગવાન્ અને તેમનાં સર્વ રૂપ સત્ય છે, નિત્ય છે. સર્વ રૂપે ભગવાન્ વિરાજે છે ! - "विनाच्युताद्वस्त्विघतरन्न वाच्यं, स एव सर्वं परमार्थभूतः ।"- પરમાર્થ - ભગવાન્; ભૂત-આધિદૈવિક ! નન્દજી તો પ્રથમાધિકારી છે, તેથી આધિદૈવિક-પ્રકારે વિશ્વાસ માટે ભગવાનનું સર્વપણું કહ્યું છે.

જૈમિનિએ આધિદૈવિકવાદ વિચાર્યો છે, તેમાં સર્વનાં આધિદૈવિક રૂપે ભગવાનનું સર્વપણું સ્વીકાર્યું છે. તેમાં શ્રુતિના માત્ર "इदं"- શબ્દનો વિરોધ રહે છે, તેથી તે "બ્રહ્મવાદ"થી ન્યૂન છે. સર્વનું સત્યત્વ અને આત્મત્વ સમજાવતાં વાક્યો સાથે વિરોધ નથી, તેથી અન્યથી ઉત્તમ છે. "यदिदं किञ्च तत्सत्यमित्याचक्षते ।" "इदं सर्वं यदयमात्मा ।" "सर्वं खल्विदं ब्रह्म ।" "पुरुष एवेदं सर्वम् ।"- વગેરે સર્વની યથાર્થ-સંગતિ બ્રહ્મવાદમાં છે, શુદ્ધાદ્વૈતમાં છે ! ભેદવાદમાં સત્તાની વાસ્તવિકતાના સ્વીકારથી

સત્યત્વ કહેતી શ્રુતિ સિવાયનાં આ વાક્યોનો વિરોધ રહે. અંતઃકરણમાં ઉત્પન્ન થયેલા ભેદના આરોપથી તે આધ્યાત્મિક છે. માયાવાદમાં તો બતાવેલાં બધાં વાક્યોનો વિરોધ કહે છે !

આમ, રાત અને ઉપદેશ પૂરાં થયાં ! વ્રજમાં ગોપીજન જાગ્યાં, સેવામાં પ્રવૃત્ત થયાં. "निरूप्य दीपान्...."- માં ભગવાનનાં મંગલારાત્રિકનું પણ સૂચન કર્યું. ગોપીજને વાસ્તુપૂજન કર્યું. ભગવાન્ વિરાજે છે ને ! ભક્તિ પણ ખરી ને ! ગોપીજને દોહન કર્યું. દીપપ્રકાશમાં શોભતાં મણિ વગેરે અલંકારયુક્ત, કાન્તિપૂર્ણ-ગોપીજન મથન કરતાં ભગવાનનાં ગુણગાન કરે છે. કોટિકન્દર્પસુન્દર કૃષ્ણનું આ ગાન તો દિશાઓનાં અમંગલ દૂર કરે છે, તો ગાનાર-સાંભળનારની તો વાત જ શી ? કંકણાદિ-રણત્કાર સહિત, મથનમિશ્ર તેનો ધ્વનિ સ્વર્ગને પણ સ્પર્શે છે ! ગાન ઊર્ધ્વ છે. ધ્વનિ સ્વર્ગ-સ્પર્શી છે. સ્વર્ગ આત્મસુખ છે. ધ્વનિ સાંભળતાં આત્મસુખ મળે છે ! ગાન વાચનિક છે. મથન કાયિક છે. બેથી આત્મસુખ મળે છે. માનસીસેવા તો ભગવાનને પણ આનન્દ દે છે ! લોકસંકોચ છોડીને મુક્ત (ઉચ્ચ) કંઠે ગોપીજન ગાન કરે છે. તે તેમની લોકનિરપેક્ષતા સૂચવે છે. ગાનથી જ આત્મસુખ મળતાં, ભગવાનની લીલાના આવેશવાળાંને તો મુક્તિની કોઈ અપેક્ષા નથી ! તે વેદ-નિરપેક્ષતા છે. કૃષ્ણલીલા-લાભ પછી લૌકિક-વૈદિકની તેમને અપેક્ષા કઈ હોય ? વેદની પૂર્વકાંડમાં ભુક્તિ (ભોગ) અને ઉત્તરકાંડમાં મુક્તિ ફલ રૂપે છે. ગોપીને તો ગાનમાત્રે સ્વરૂપાનન્દ મળે, પછી એકેની અપેક્ષા શી રહે ? ભગવદીય છે,- શ્રીગોપીજન ! તે તો આનંદ મળે માટે, સાધન રૂપે, ગાન કરતાં નથી; પણ ભગવદ્‌ભાવાવેશમાં ગાન કરે છે ! આનંદ તો તેમના ધ્વનિમાં સ્થિત છે, તેથી કૃપાપાત્રોને તો તે ગાન દ્વારા પણ ભગવદાનંદનો અનુભવ મળે છે ! ગોપીજને નન્દદ્વારે સુવર્ણના સાજવાળો રથ જોયો. "भगवत्युदिते सूर्ये...।"- તે દિવસે સૂર્ય પણ વ્રજમાં પ્રભુસ્મારક થયો, પુરુષાર્થપ્રદ થયો, તેથી તેને "ભગવાન્" કહ્યો ! પરસ્પર પૂછતાં ગોપી આવ્યાં, - "કૃષ્ણને લઈ જનાર અક્રૂર આવ્યો કે શું ?" ત્યાં તો સવારમાં જ દિવસભરનું નિત્યકર્મ પરવારીને ઉદ્ધવજી પધાર્યા, - "कृताह्निकः।" પછી સમય ન રહે ને ! ભક્તોને તો ભગવત્કાર્ય મુખ્ય છે, બાકીનું તો અનુકૂલતાનુસાર થાય, ગૌણ છે ! પ્રભુના પરોક્ષમાં, મનમાં થતા સ્નેહ-સંતાપથી, ભગવાનની લીલાનું ગાન કરે !- તેનો અભિનય કરે, તે બેથી કાંઈક શાંતિ અનુભવાતાં, તેથી વિરહમાં જીવે, તે ભગવદીય છે ! શ્રીગોપીજનમાં આ દેખાય છે ને !

અધ્યાય : ૪૭

સાચો પરિચય તો "કૃષ્ણ-સેવક" રૂપે જાણીને શ્રીગોપીજન પ્રિયસંદેશ લાવેલા ઉદ્ધવજીને આદરથી આસન દઈને પ્રેમોદ્રેકથી ઉપાલંભ સંભળાવે છે ! :

ઉત્સવ રૂપ ઉદ્ધવજીને જોયા. ચતુર શ્રીગોપીજને તો ઓળખી લીધા. આકૃતિએ તો કૃતિ અને પ્રકૃતિનો પરિચય દીધો ! આ તો કૃષ્ણના સેવક ! "तं वीक्ष्य कृष्णानुचरं ।"- સ્પષ્ટ પરિચય છે. વ્યક્તિનાં નામ કે ગામ કરતાં પણ, કામની ઓળખ સાચી છે ! ભક્તોને સંતોષ ભકતમિલને થાય ! સંસારીઓને તો નામ-કામ કે સંપ્રદાયનાં બાહ્યચિહ્નોથી પરિચય દેવો પડે, પ્રતિષ્ઠાના પરિચયે સંતોષ થાય. અહીં તો પહેલા જ પરિચય, નિર્દોષ દ્વારા દાસ રૂપે થયો ! પછી ઉદાસ પણ રહેવાય કેમ ?! "नयननमें झलके गिरिधारी ।"- હૈયામાંના હરિ આંખમાં ઓળખાય ! વ્યક્તિ અજાણી, પણ

તેનો ધર્મ અને વિરાજતા હરિ તો જાણીતા ને ! પછી અજાણપણું શું ?! કલાકારથી કલાકાર અજાણ્યો ન રહે, જ્ઞાનીથી જ્ઞાની અજાણ્યો ન રહે, યોગી યોગીને ઓળખી લે, ભક્ત ભક્તને જાણી લે ! સમાનધર્મો ખરા ને ! અંતઃકરણની ઓળખ જ સાચી, બાહ્યઓળખ કાચી ! પીતાંબર અને શ્યામવર્ણ શોભે છે. પવિત્ર હાસ્ય મુખે વિરાજે છે ! "कुतश्च कस्याच्युतवेषभूषणः ।"- "ક્યાંથી આવ્યા ? કોણ હશે આ ? કોનો પુત્ર ? શરીર અને સ્વભાવ બંને કૃષ્ણ જેવાં ! કૃષ્ણ જેવા નહિ, પણ કૃષ્ણનાં જ વસ્ત્ર અને આભરણ ક્યાંથી ?! પ્રિયજનને પ્રિયજનની વસ્તુ પણ અજાણી ન રહે, ઓળખી લીધાં,- શ્રીગોપીજને ! કોઈ નટ હશે ? ભગવાન્ વેષાન્તરથી આવ્યા હશે ! કૃષ્ણસ્મરણે તો ઉત્સુક વ્રજસ્ત્રી વીંટળાઈ વળ્યાં ! "तमुत्तमश्लोकपदाम्बुजाश्रयम् ।"- પ્રભુના પરિચયે, પોતાના નહિ ! ભગવાનના ચરણસેવક છે,- આ તો ! ઉદ્ધવજીને યાદવ, રાજમંત્રી, સુંદર, સંપન્ન કે સમર્થ સમજીને નહિ, ભગવદીય સમજીને, ઊભાં છે,- ભક્ત ગોપીજને તો ! ભક્તો તો સંબંધી, સત્તાધીશ, સંપન્ન, સર્વોત્તમ કે સમર્થની માયા શોધતા નથી, શોધે છે - શ્યામના સેવકની છાયા !

ઉદ્ધવજી તો જ્ઞાનિભક્ત છે. શ્રીગોપીજને એકાંતમાં આદરથી આસન આપ્યું. ભગવદ્વાર્તામાં કોઈ દખલ ન કરે ને ! ઉદ્ધવજી આસને વિરાજ્યા, તેથી સંદેહ ન રહ્યો, સંદેશ જરૂર રમાપતિનો લાવ્યા છે ! રમા સાથે છે, હવે અમારી જરૂર શ્યામને શી ? માન મનમાં આવ્યું. પહેલાં કરતાં પણ વિશેષ નિરોધ ભગવાન્ આ રીતે કરે છે; નહિ તો, "ता मन्मनस्काः ।"- "મારામાં જ મનવાળાં !" - કહીને પ્રભુએ જ ઉદ્ધવજી પાસે જેની પ્રશંસા કરી છે; તેમને જ્ઞાનસંદેશ ન મોકલે ! જ્ઞાનોપદેશ અને નિરોધ સાથે ન સંભવે ! "तस्मान्मद्भक्तियुक्तस्य योगिनो वै मदात्मनः । न ज्ञानं न च वैराग्यं प्रायः श्रेयो भवेदिह ॥"- ભગવાન્ કહે છે; - "મારી ભક્તિવાળા, મારામાં અંતઃકરણવાળા, એકતાન ભક્તોને જ્ઞાન-વૈરાગ્ય વગેરે પ્રાયઃ કલ્યાણરૂપ ન થાય !" ભક્તિ જ સર્વોત્તમ છે, ઉત્તમ ભક્તોને વળી જ્ઞાન દઈને ઊતરતી કક્ષામાં કેમ મુકાય ? તેથી આ અધ્યાયમાં તો વિશેષ નિરોધ જ છે; જ્ઞાન દેવાનો ઉદ્દેશ નથી ! આંરભે "तं वीक्ष्य कृष्णानुचरं..."- અને અંતે "भक्त्युद्रेकं व्रजौकसां..।"- થી સ્નેહ જ સિદ્ધાન્ત રૂપે કહેલો છે. પહેલાં અહર્નિશ પૂર્ણ ભગવદ્ભાવ હતો, હવે પ્રિય સાથેનો પોતાનો સંબંધ છૂટવાના ભાને અતિશય અનિર્વચનીય ભાવ છે ! આમાં, જ્ઞાનોપદેશ તો અત્યંત તપેલા તેલમાં પડતા જલબિંદુ શો છે ! પહેલાંથી જ ઉત્કટભાવ જ છે. હૃદયમાં સદા કૃષ્ણ વિરાજતા હોવા છતાં, લોકરીતિએ મથુરા પધારતાં નિકટતા ન દેખાય, તેથી નિરોધ થયો નથી; તેમ સૌને લાગે, તેથી સેવક દ્વારા સમજ દીધી છે. ભક્ત દ્વારા જ્ઞાન મળેં તો ભક્તિમાર્ગમાં પ્રવેશ થાય ! જ્ઞાની દ્વારા મળે તો જ્ઞાનમાર્ગમાં પ્રવેશ થાય !

પ્રભુની વ્રજભક્તો પ્રત્યેની, "न पारयेऽहं....।"- વગેરેમાં કહેલી પ્રીતિથી જ નિરોધ થયેલો છે. ભગવાને આત્મા રૂપે જ્ઞાન દઈને નિરોધ દૃઢ કર્યો. પોતાને પોતાનો વિયોગ ન હોય, પોતે પોતાને ભૂલે નહિ, પોતે પોતાનું અહિત કરે નહિ ! આવાં થયેલાં ગોપીને સમાધાન શું દેવાનું ? પ્રિયાઓએ તેથી પ્રિયનો અસાધારણ નિરુપધિ સ્નેહ પોતાનામાં જાણ્યો, તેથી પહેલાં કરતાં પણ અધિક સ્નેહ થયો ! પ્રભુ પ્રિયતમ જ લાગ્યા ! પ્રભુએ કાયારૂપ સેવક, વાણીરૂપ સંદેશ અને મનોરૂપ પ્રીતિથી, ત્રણે દ્વારા ભક્તનિરોધ કર્યો; તેથી તો ઉપદેશથી જ્ઞાનીની જેમ તે સ્વસ્થ ન થયાં, પણ પછી સ્વરૂપ-પરતા

જ વધી ! માત્ર સ્વરૂપ-પરતા જ પુષ્ટિમાર્ગમાં છે ને ! "कृष्णावेशात्मविक्लवम् ।"- તેથી કહ્યું છે. અત્યાર સુધી પોતાના અસ્તિત્વનું ભાન હતું, હવે તો તે ન રહ્યું ! આમ, આ જ્ઞાનોપદેશ ભક્તિને અનુકૂલ છે. પ્રિયે પોતાને માટે સંદેશ મોકલ્યો છે; - નિશ્ચય થયો, દોષ આવ્યો. આ પણ છે તો, એક પ્રકારનો ભાવ જ ! ત્રિદોષ થાય તો અંતે મરણ થાય. આ લોકપ્રસિદ્ધ છે. વિરહભાવ પણ તેવો છે. તીવ્ર- દોષવિકારમાં જેમ તીક્ષ્ણ-ઔષધ આપે છે, કે મર્મસ્થાનમાં સર્પદંશ કરાવે છે, તેથી બાહ્યભાન થાય, મરણભય હળવો થાય, પછી જ વિવિધ રસોથી દોષ દૂર થાય, પછી જ સહજ જીવનપોષક અન્ન દેવાય. સંપૂર્ણ સ્વાસ્થ્ય તેથી આવે; તેમ, અહીં પણ વિયોગથી અત્યંત પ્રાણવિકલતામાં પ્રિયમાં દોષારોપણ છે. તે અંતિમદશાસૂચક છે ! તેને નિવૃત્ત કરવા, કુશલ-હૃદયજ્ઞ પ્રિયે, વૈદ્ય ઔષધ દે તેમ, ઉદ્ધવજી સાથે સંદેશો મોકલ્યો છે ! બાહ્યાનુસંધાન તેથી થયું. "तत्संदेशागतस्मृतिः ।" કહ્યું છે. "ततस्ताः कृष्णसंदेशैर्व्यपेतविरहज्वराः ।"- કૃષ્ણસંદેશથી ગોપીનો વિરહજ્વર દૂર થયો ! આ જ સંદેશફલ છે, જ્ઞાન નહિ ! - "कृष्णावेशात्मविक्लवम् ।"- કૃષ્ણાવેશથી આત્મવિકલતા તો અંતે પણ છે જ. વિરહજ્વર શમ્યો. વિરહ તો રહ્યો !

ઉદ્ધવજી સાથે મોકલેલા સંદેશને લીધે, ભગવાન્ આત્મા છે, - તેવા જ્ઞાનસંસ્કારથી, વિરહમાં અંતિમાવસ્થા ન થાય, તેથી આ જ્ઞાનને ઉપદેશ નહિ, પણ "સંદેશ" કહ્યું છે ! "श्रूयतां प्रियसंदेशः ।"- ઉદ્ધવે પણ "પ્રિયસંદેશ" કહ્યો છે. આમાં એકવચન છે, "कृष्णसंदेशैः"- બહુવચન તો પછી છે; તેથી બાહ્યસ્મૃતિ થઈ, પછી અંતરંગ-સંદેશાઓથી વિરહજ્વર શમ્યો ! "मत्संदेशनः"- ભગવાને પણ બહુવચન કહ્યું છે, પ્રિયસંદેશથી સ્વસ્થ થવાય. નિર્દોષ પૂર્ણગુણ ભગવાનને પહેલાં અનુભવ્યા હતા, તેથી સ્મૃતિ થાય. વચમાં વિરહસ્વભાવે વ્યભિચારિભાવથી પ્રિયમાં દોષારોપરૂપ પ્રલાપ થયો; પિત્તમાં તાવ વધતાં પ્રલાપ થાય તેમ ! ઔષધથી પ્રલાપ પહેલાં શમે, તાવ નહિ; તેમ સંદેશથી વિરહજ્વર શમ્યો, વ્યભિચારિભાવ શાંત થયો, દોષારોપ ન રહ્યો, પણ વિરહ તો રહ્યો. અહીં, આરંભમાં દુઃખ પછી ઉપદેશ, પછી "हे नाथ...।"- થી ક્લેશ કહ્યો, પછી વિવિધસંદેશથી વિરહતાપ-નિવૃત્તિ, આત્મારૂપે ભગવજ્જ્ઞાન કહ્યું, પછી સદા વિકલતા કહી. આમ, આદિ-અંતથી વિરહભાવ દૃઢ છે, વચમાં "ज्ञात्वात्मानमधोक्षजं"- વગેરે તો, રાસના "कृष्णोऽहं"- જેવા કાદાચિત્ક (ક્યારેક થતા)- ભાવ છે.

શ્રીગોપીજનને માન થયું છે. રસાનુકૂલ માન તો વાણી-વેષ-વ્યવહારની વિશિષ્ટ વક્રતા કરે, રમણીય લાગે ! તેમાં કોપ પણ કમનીય લાગે ! ઉપકાર સ્વીકારે નહિ, ઉપાલંભ (ઠપકો) આપે ! સંભળાવવું શરૂ કર્યું, સ્નેહસંતપ્ત પ્રભુપ્રિયાઓએ ! - "તમે તો ચતુર યદુપતિના પાર્ષદ (સભાસદ) ! જાણીએ છીએ અમે ! "भर्त्रा"- સ્વામીએ મોકલ્યા છે, મા-બાપનું પ્રિય કરવા !" પોતાને માટે તો નહિ ને ! તેમાં પોતાના ઉપર શો ઉપકાર ? સર્વસુખદાતા રક્ષક, પોષક, ભર્તા તો ભગવાન્ છે. ભલે ! વિવાહિત નથી. તે ઉપેક્ષા કરે તો જીવાય જ કેમ ? નન્દજીને લીધે ભલે કદાચ સૌને તે સ્મરે ! નહિ તો વ્રજમાં તો સમૃદ્ધને સ્મરવા જેવું અમને કાંઈ લાગતું નથી ! અન્યની યાદ કરાવે બે, - (૧) અપેક્ષા, (૨) આત્મીયતા. સમૃદ્ધને સામાન્યની અપેક્ષા શી ? આત્મીયતા તો મુનિને પણ મૂંઝવે ! શરીર-સંબંધ હોય ત્યાં સુધી, જ્ઞાન અને વિવેક હોવા છતાં, સ્નેહાનુબંધ છૂટવો કઠિન ! અપેક્ષા તો કૃત્રિમ સ્નેહના કારણરૂપ ! સંબંધ તો સહજ ! સંબંધ વગરનો સ્નેહ તો સ્વાર્થ પૂરતો ! - દેખાવ ! હેતુપૂર્વકનો ઔપાધિક-

સ્નેહ, પ્રયોજનપૂર્વકની પ્રીતિ, તો ટકે કેટલું ? પુરુષે સ્ત્રી સાથે કરેલો સ્નેહ તો ભ્રમર - પુષ્પ જેવો! અનેક નહિ, આઠ ગણાવ્યાં! સાત્ત્વિકાદિ - સ્વભાવાનુકૂલ સૌ બોલ્યાં છે. (૧) ગરીબને ગણિકા ગણે નહિ, છોડે. (૨) અસમર્થ રાજાનો પ્રજા ત્યાગ કરે. (૩) વિદ્યા પૂર્ણ થતાં વિદ્યાર્થી ગુરુ પાસેથી વિદાય લે. (૪) દક્ષિણા મળતાં યાચક યજમાનની રજા લે. (૫) પક્ષી ફલરહિત વૃક્ષ પર ન રહે. (૬) અતિથિ જમ્યા પછી ઊભો ન રહે. (૭) મૃગલાં બળેલા વનમાં વિચરે નહિ. (૮) કામી કામનાન્તે કામિનીને ત્યજે. કોમલ નિર્દોષ પ્રિયમાં પણ ક્લેશવશાત્ સ્વભાવના પ્રભાવે દોષારોપ કર્યા!

વાસ્તવમાં તો, શ્રીગોપીજન અનન્ય કૃષ્ણાસક્ત છે. ગોપી તો સરલ છે, મુગ્ધ છે, નિર્દોષ છે; મનમાં આવ્યું તેવું કહી દીધું! હૈયે તેવું હોઠે! કપટ કે વિવેક ક્યાંથી કરે ? તે તો સર્વ છોડીને કેવલ કૃષ્ણને શરણે આવ્યાં છે! ગોવિન્દ તો ગોપીના સર્વસુખદાતા છે. કૃષ્ણદૂત આવતાં લોકમર્યાદા મૂકી; સત્સંગને શ્રેષ્ઠ ગણ્યો; તો પ્રભુ માટે શું ન કરે! પ્રિયનાં ગાન કરતાં ભાન ભૂલ્યાં. રડવા લાગ્યાં! બેસવાથી કાયા, ગાનથી વાણી અને રુદનથી અંતઃકરણનું નિવેદન થયું. અરે! સંકોચ ન રહ્યો! લજ્જા પણ છૂટી, પછી બાકી શું રહે ? સ્વસર્વસ્વ રૂપ શ્યામની સ્મૃતિ થઈ. પ્રિયની કિશોરલીલા, બાલલીલા સાદર સ્મરતાં ગાવા લાગ્યાં. પુષ્ટિભક્ત શ્રીગોપીજનનો ભગવદ્ભાવ તો નિત્ય છે. ભગવાને તેમની પાસે જ્ઞાનિભક્ત ઉદ્ધવજીને અનેક પ્રયોજનથી મોકલ્યા છે! - (૧) ઉદ્ધવજી પર પ્રભુની પરમકૃપા છે. પૂર્ણ ભગવદ્ભાવ યથાર્થરીતે દેવા ઈચ્છે છે. તે તો માત્ર ગોપીજનમાં જ છે. પુંભાવ હોય ત્યાં તે ન સંભવે. ઉદ્ધવજીને તેનું દર્શન દેવું છે. (૨) (તેથી તો) ઉદ્ધવજીને તેનો અભિલાષ દઈ કૃતાર્થ કરવા છે, તેથી બ્રહ્મવાદનો ઉપદેશ દીધા પછી ભગવાને બદરીકાશ્રમમાં મોકલી, વિરહ દઈ કૃતાર્થ કર્યા. (૩) ભક્તિ-જ્ઞાનાનુસંધાને ગર્વ ન થાય, તેમ સર્વોત્તમ ભક્તદર્શન દીધું. ઉદ્ધવમાં માત્ર શીતલભાવ છે. અહીં તો, વિયોગથી ઉષ્ણભાવે વિશેષતા છે. (૪) વ્રજભક્તોનાં દર્શનથી, પ્રિયસંદેશ મળતાં ઉદ્ધવ પર પ્રિયાજીઓની અતિકૃપા થતાં તેવો ભાવ ઉદ્ધવને મળે. (૫) વિયોગમાં સુપાત્ર દ્વારા પ્રિયસંદેશ મળતાં, અપૂર્વ સંતોષ પ્રિયાઓને થાય. (૬) સેવક દ્વારા મળેલા સંદેશના સ્મરણથી, પ્રિયાઓનો ભાવ વધે. (૭) જ્ઞાનથી ભક્તિ અધિક છે. જ્ઞાનોપદેશ પણ ભક્તિમાં દબાયો, વિરહ તો રહ્યો છે. જ્ઞાનથી વિરહ-ભક્તિ-દબાયાં નથી. "न ज्ञानं न च वैराग्यं-।"- પ્રભુ કહે છે ને! (૮) મા-બાપનું સાન્ત્વન તો ગયા અધ્યાયમાં છે જ. (૯) પ્રિયજનના પરસ્પરસંદેશ, વિશ્વાસુ મિત્ર દ્વારા મળતાં પરસ્પર ભાવ વધે. આવાં અનેક પ્રયોજન લીલામાં છે.

કૃષ્ણ-વિયોગ-તીવ્રતામાં મધુકરને કૃષ્ણદૂત કલ્પીને ભ્રમર-ઉદ્ધવ-કાલના અર્થમાં "ભ્રમર-કથા" કહેતાં શ્રીગોપીજન !: આમાં મતાન્તર-ભાષા છતાં સમાધિભાષા જ છે!:

"ભ્રમરગીત" તો બે અધ્યાય છે!:

આવાં ગોપીજનને ઉદ્ધવજીનો સત્સંગ હતો. ત્યાં તો, કૃષ્ણવિયોગનું ધ્યાન કરતાં કોઈ ગોપીએ મધુકર (ભમરો) જોયો. પ્રિયનો મોકલેલો દૂત માન્યો! તેને પણ સંભળાવવાનું શરૂ કર્યું! "ભ્રમરકથા"ના દશ શ્લોક બોલે છે, - તામસતામસી ગોપીજન! અત્યુત્કટ ભક્તિમાર્ગીયતા તેમાં છે, જ્ઞાનમાર્ગીય જ્ઞાનસંભવ નથી. તે દશભાવાપન્ન છે, તેથી "काचित्"- એકવચન છે. તામસતામસભાવ તેમાં સ્થાયી છે. બીજા વ્યભિચારિભાવો છે. ૧. તામસ-તામસ. ૨. તામસ-રાજસ. ૩. તામસ-સાત્ત્વિક. ૪. ગુણાતીત

૫. રાજસ-તામસ. ૬. રાજસ-રાજસ. ૭. રાજસ-સાત્ત્વિક. ૮. સાત્ત્વિક-તામસ. ૯. સાત્ત્વિક-રાજસ. ૧૦. સાત્ત્વિક-સાત્ત્વિક. - આ ભાવક્રમ કે ભાવયુક્તનો ક્રમ છે. પ્રિયમાં મોટો દોષ તે ભાવે બતાવે છે ! ઉદ્ધવજીને પણ થયું, - "ભગવાન્ આવા ભક્તોને કેમ મળતા નહિ હોય ? !" આ શ્રીગોપીજન તો રસરક્ષા માટે, પોતાના ભાવે વ્યાજોક્તિથી - અન્યાપદેશન્યાયે, - રસ પુષ્ટ થાય તેમ કહે છે ! પોતાની આસક્તિ જ ગોપીજન પ્રકટ કરે છે, અથવા, ભગવાને ઉદ્ધવજી ઉપર કૃપા કરી છે. શ્રીગોપીજનનાં સ્વરૂપ સમજાવવા માટે આ ભ્રમરને પણ મોકલ્યો છે. તેને ભગવદીય ગણીને આર્ષજ્ઞાનથી કોઈ ગોપિકા બોલે છે. ઉપકાર કર્યાનો ગર્વ ઉદ્ધવજીમાં ન આવે ને ! અન્યાપદેશન્યાયે ઉદ્ધવજીને પણ આ શબ્દો લાગુ પડે છે ! ગોપી તો કાલને પણ કહી રહ્યાં છે ! તે અર્થમાં પ્રાર્થના છે, દોષારોપ નથી. આમ ભ્રમર, ઉદ્ધવજી અને કાલ, ત્રણેના અર્થમાં આ કથા છે ! "मधुकर"- ભ્રમર ગણાય તો છે; પણ કેવું વિપરીત નામ છે ! તે તો મધુ (મધ) પીએ છે, બનાવતો નથી ! મધુ બનાવે છે,- તો ઋતુ વસન્ત ! ગોપી તો કૃષ્ણસંગના ધ્યાનમાં છે ને ! "ध्यायन्ती कृष्णसङ्गमम् ।"- મનથી ગમતા ગોવિન્દનો સંબંધ થયો, માન થયું ! ભગવાને ત્યારે બીજાં ગોપી પર કૃપા કરી, પણ તે તો સુયોગ્ય નથી; ભગવાને તેથી પુનઃ પોતાને પ્રસન્ન કરવા, આ ભ્રમરને પ્રાર્થના માટે મોકલ્યો છે ! - તેમ માન્યું; માનિની માનમગ્ન થયાં. પ્રણયકોપે પરુષતા (કઠોરતા) સ્પર્શી, વાણીમાં વણાઈ, - "मधुप कितवबन्धो मा स्पृशाङ्घ्रिं सपत्न्याः कुचविलुलितमालाकुङ्कुमश्मश्रुभिर्नः ।" આ તો વિપ્રયોગરસ છે ને ! નાયકને તેમાં દૂષણ દે, તે તો રસસ્વભાવ છે !

આ મતાન્તર (પુષ્ટિમાર્ગીય) ભાષા છે, કામશાસ્ત્રાનુકૂલ છે, તેથી સમાધિભાષા કે (મર્યાદા) ભક્તિમાર્ગમાં વિરોધ આવતો નથી ! શ્રીગોપીજન તો શુદ્ધપુષ્ટિમાર્ગીય ભક્ત છે "शुद्धाः प्रेम्णातिदुर्लभाः ।"- પ્રેમપ્રકૃષ્ટ શુદ્ધપુષ્ટિભક્તો તો અતિદુર્લભ છે ! આવા પુષ્ટિભક્તોને જ્ઞાનમાર્ગ કહેવો તે તો ભક્તિમાર્ગથી તદ્દન વિરુદ્ધ છે, તેથી સમાધિભાષામાં આ કથન સંભવે નહિ ! અત્યુત્કટ રસાત્મક સ્નેહભાવનું તેમાં વર્ણન છે. આ ભાવ તો પરમપુરુષાર્થરૂપ છે. જ્ઞાનમાર્ગ તો તેનો વિઘાતક છે. સ્વતંત્ર રીતે અહીં, જ્ઞાનનો કોઈ ઉદ્દેશ નથી; પણ પ્રિયમાં દોષારોપ માત્ર તેથી અટકે છે; છતાં આવો દોષારોપ પણ રસાત્મક છે. વ્યભિચારિભાવ રૂપે અસ્થિર છે, તેથી પણ જ્ઞાનનો સર્વથા ઉપયોગ નથી ! અત્યાર સુધી થયેલા વ્રજભક્તોના નિરોધમાં કાંઈ ન્યૂનતા નથી, કે જ્ઞાન ઉપયોગી થાય ! તેથી આ મતાન્તરરૂપ છે. ભક્તોને તો ભગવત્સંબંધ કે તેની આતુરતા પુરુષાર્થરૂપ છે. તે ભક્તિશાસ્ત્રનું હાર્દ છે. આમ વિપ્રયોગમાં પ્રિયમાં દોષ ભાસે; તેમાં પોતાને તે દુઃખ દે છે, - તેવી સમજ કારણરૂપ છે; તેવી રીતે પોતાને સુખદ છે, - તેમ લાગતાં, ઉત્તમતા અને પ્રિયપણું લાગે; સ્વરૂપતઃ તેમ ન થાય; તો તો સ્નેહ નિરુપધિ (સ્વાભાવિક) ન રહે, તેના સમાધાન માટે આત્મા રૂપે પોતાનું જ્ઞાન પ્રભુ દે છે, તેથી પ્રભુ અને ગોપીજનનો પરસ્પર સહજ-સ્નેહ સમજાય છે ! પોતાના માનેલા શરીરને કોઈ પોતે પીડે નહિ, તેમ પ્રભુએ જેને પોતાનાં બનાવ્યાં છે, તેવા પ્રિયજનોને પ્રભુ દુઃખ કેમ દે ? "वृणुते तनुं स्वाम् ।"- શ્રુતિ સ્પષ્ટ છે. વિપ્રયોગમાં હૃદયમાં ભગવદનુભવ મળે, સંયોગમાં બહાર ! તે સમયે સ્નેહવશાત્ તેના ધર્મો પણ પ્રકટ થાય. તે બે પણ સ્નેહજનિત છે; નહિ તો સૌને અનુભવ થાય, તેથી વિયોગમાં સ્નેહથી જ પ્રિયમાં જ દોષ ભાસે છે, પ્રિય તો નિર્દોષ લાગે છે. આ મર્યાદારીતિ છે.

વાસ્તવમાં તો, અત્યુત્કટ સ્નેહથી જ દોષ સ્ફુરે છે. તે પણ ભગવદ્ભાવ છે; તે ભ્રમરૂપ નથી કે દોષરૂપ પણ નથી ! રસાત્મક ભગવત્સ્વરૂપ જ તેવું છે ને ! નહિ તો રસાભાસ થાય. જ્ઞાનથી તો ભક્તિ અધિક જ છે !

સમાધિભાષામાં માહાત્મ્યજ્ઞાન અને સ્નેહ ક્યાંક વ્યસ્ત (જુદાં) અને ક્યાંક સમસ્ત (સાથે) કહેવામાં આવે છે ! અહીં તો "મધુકરકથા" તેવી નથી. કથામાં સમાધિભાષા અને અર્થ તેથી વિરુદ્ધ !- તે વિરોધ કોઈને લાગે, કોઈને શાસ્ત્રોક્ત સ્નેહાભાવથી આ ભક્તિમાર્ગ-વિરોધ લાગે; પણ અહીં તેવો વિરોધ નથી. તેમાં બે કારણ, - (૧) આ મતાન્તરભાષા છે. (૨) રસ-શાસ્ત્રાનુકૂલ છે. મર્યાદાભક્તિમાર્ગથી પુષ્ટિભક્તિમાર્ગ જુદો છે ! આ કથામાં મર્યાદાભક્તિ નથી, પુષ્ટિભક્તિ છે, તેથી તે મતાન્તર (જુદો મત) કહેવાય. ભાષા પણ તેને સાનુકૂલ જ હોય, તે મતાન્તરભાષા ગણાય ! મહર્ષિ વ્યાસજીએ સમાધિમાં બંને પ્રકારના ભક્તિમાર્ગનું દર્શન કર્યું છે - "अनर्थोपशमं साक्षाद्भक्तियोगमधोक्षजे ।" (૧) તેમાં અનર્થના ઉપશમન રૂપ ભક્તિયોગ - મર્યાદાભક્તિમાર્ગ. તે સાધનરૂપ. (૨) સાક્ષાત્ ભક્તિયોગ-પુષ્ટિભક્તિમાર્ગ, તે ફલરૂપ. "लोकस्याजानतः ।"- "ન જાણતા લોકોને માટે !" - આ લોક માટેનો મર્યાદામાર્ગ છે. "विद्वान्"- સમાધિમાં દર્શન કરીને વ્યાસજી સ્વયં પુષ્ટિભક્તિમાર્ગ જાણે છે ! તે શ્રીગોપીજનનો પ્રેમપ્રચુર, શાસ્ત્રથી સ્વતંત્ર, ભક્તિમાર્ગ છે. આ ભ્રમરકથન આવું પુષ્ટિમાર્ગીય છે; તેથી મતાન્તરરૂપ છે ! તેવા ભક્તોને જ્ઞાન પણ તેવું જ દેવાય. ભગવાને વ્રજભક્તોને પહેલાં રસશાસ્ત્રાનુકૂલ-રીતે સ્વરૂપાનન્દનું દાન કર્યું છે, તેથી અહીં પણ તે રીતે કહે છે, તેથી કાંઈ વિરોધ નથી ! આ પ્રકારે આ સમાધિભાષા જ છે, ભક્તિમાર્ગાનુકૂલ જ છે !

મધુપ છે તો ભ્રમર; પણ મધુ તો મધ પણ છે. યાદવો પ્રસિદ્ધ પાનરત છે, તેથી લૌકિકરીતે તો નિંદા જ છે. ભગવાન્ અને ભગવદીયમાં દોષ ન હોય ! આ તો સર્વસાધારણ કહ્યું છે. પ્રિયને તો પ્રિયની સ્વલ્પ અધૂરપ સાંભળતાં પણ ખેદ થાય ને ! સરસ્વતી-સંમત બીજો અર્થ પણ છે. ભગવાન્ સ્વામી, કાલ તેમનો દૂત, પોતે શ્રુતિ. કાલ દ્વારા ભગવાન્ વક્તવ્ય કે જ્ઞાતવ્ય થાય. સંવત્સરરૂપ કાલના આરંભરૂપ "मधु"- વસંત ! તે તો, "पाति"- રક્ષણ કરે છે, મધુપ થયો; પછી તે "कितव"- કપટી, છેતરીને સર્વ હરી લેનાર - ગ્રીષ્મનો "बन्धु"- મિત્ર બને છે ને ! તે જો ભગવચ્ચરણ, વૃન્દાવન કે ભગવત્સંબંધીને સ્પર્શે તો ક્લેશ થાય, તેથી ચરણસ્પર્શનો નિષેધ કર્યો, - "मा स्पृशाङ्घ्रिम् ।"- ભગવાન્ હતા ત્યારે તો, ગ્રીષ્મ વૃન્દાવનરસ હરી શકતો ન હતો, હવે કદાચ હરે તો ?! ચરણે નમતા ઉદ્ધવ કે ભ્રમરને પણ નિષેધ કર્યો ! મધુપ છે, તો ચરણકમલના મકરંદનું પાન કરે તો ? ચરણ પ્રભુને યોગ્ય ન રહે ને ! માદકપીણું પીનારનો તો સંગ પણ ઉગ્ર પાપરૂપ છે. પોતાનું હિત કરનારી - તો શરદ્ ! તેની સપત્ની રૂપ - વર્ષા, તે સંબંધી ધૌ (આકાશ) - સપત્ની રૂપ ! મેઘ - પયોધર ! ત્યાં ચોળાયેલી માલા-વિદ્યુત્, કુંકુમ્-તેજોરૂપ ! તત્સહિતની વર્ષાધારા-મૂછોરૂપ ! તેથી વર્ષા સુધીના કાલસ્પર્શનો નિષેધ છે. કેવલ પોતાના નહિ, સૌ ગોપીજનના ચરણસ્પર્શનો નિષેધ કરે છે. ભ્રમરની મૂછો પણ પુષ્પરસપાન કરતાં, પરાગસંબંધે પીળી છે. ભ્રમર-ભગવદીય - તો ભગવાન્ સિવાય બીજે ભમે નહિ ! તે તો પ્રભુની માલાનાં પુષ્પો પર જ ગુંજે, પણ ગૂંથેલાં પુષ્પમાં અંદર પ્રવેશ ક્યાંથી ? પરિણામે બહાર સ્પર્શે, ત્યાં કેસર મૂછે લાગે ! ભક્ત ઉદ્ધવજીને પણ પ્રસાદી માલા પ્રભુ દે, આદરથી

ઉદ્ધવજી સૂંઘે, માથે ધરે, મૂછે તેથી તેનું કેસર લાગે ! મૂછો તેમની પણ પીળી ! માલાને કેસર તો વિહારમાં મળે, ચોળાય, સપત્નીની તો તે શોભારૂપ ! આવાં, બળતરા વધારે તેવાં, ચિહ્ન પ્રકટ લઈને આવનાર, માન દેવા થોડો આવ્યો હોય ?

"**वहतु मधुपतिस्तन्मानिनीनां प्रसादं..।**"- વસંત-સંબંધી સંવત્સર, તેમાં રહેલ માનિની ઋતુ-ની પ્રસન્નતા ભલે પ્રાપ્ત કરે ! વર્ણનમાં તેના સંબંધે મહત્ત્વ મળે ને ! ગોપીજનની પ્રસન્નતા તો શરદમાં ! કૃષ્ણપ્રસાદ રૂપ રાસ તેમાં થયો છે ને ! વસંતમાં યજ્ઞ, અગ્નિ અને સંસ્કારાદિથી ભગવાને ઉત્કર્ષ દીધો, શરદમાં તો સર્વથા છે જ ! મધુપતિ તો મધુદેશ અને મથુરાના પતિ ! તે તો દાસીના આ પ્રસાદલાભથી યદુસભામાં ઉપાલમ્ભ યોગ્ય છે જ. સૂચવી દીધું, પ્રભુ ભલે અહીં પધારે, પોતે તો મથુરા ન આવે. યાદવો હસે ને ! સ્વજનને સ્વજન હસે - નિંદે, તે તો અસહ્ય બને ! ઉત્તમ હોય તેનો સ્વીકાર થાય, અનુકરણ માત્રનો નહિ. "**यस्य दूतस्त्वमीदृक्–।**"- ઉદ્ધવને જેવો પ્રસાદ દીધો તેવો પ્રભુ પોતાને દે તો ! સંકેત તો આ પીળી મૂછોમાંથી જ મળી રહે છે ને ! નહિ તો આવા દૂતને મોકલે શા માટે ? હા, પોતાને કદાચ સપત્નીની દાસી બનાવે ! તે તો ન જ બને ! ઉદ્ધવ-ભ્રમરને નિષેધ કર્યો. વસન્તોત્સવ ધર્મરૂપ છે. યદુસભામાં તેનું અનુકરણ પણ ખરું ! લૌકિકલોકોનો ધર્મ પણ દેખાદેખીનો જ હોય ને ! કાલકૃત-ધર્મથી ભગવદ્ધર્મ ઉત્તમ છે. મુખ્યકાલનો દૂત-કલિ આવો ! શ્યામ ! પ્રભુના દૂત ઉદ્ધવજી પણ શ્યામ ! ભ્રમર પણ શ્યામને ! ઉત્કૃષ્ટ-ધર્મનો આધાર શ્યામ ન હોય ! ગોપીજને તો વસંત, ગ્રીષ્મ અને વર્ષા ઋતુનો નિષેધ કરી દીધો. તેમને તો શરદ, હેમંત અને શિશિર ઉત્તમ ! પુષ્ટિમાર્ગમાં દક્ષિણાયન ઉત્તમ, ફલરૂપ પ્રભુ-પ્રાકટ્ય અને સ્વરૂપાનંદાનુભવ રૂપ ફલાસ્વાદ તેમાંને ! વિપ્રયોગ દેતા દિવસ તેમાં ટૂંકા; સંયોગ દેતી રાત્રિ લાંબી !

શ્રીગોપીજનની હૃદયવેદના વાણીમાં વહી રહી, - "ભગવાને અમને પૂરાં છેતર્યાં ! - "**सकृदधरसुधां स्वां मोहिनीं पाययित्वा**"- એક વખત પોતાની મોહક અધરસુધાનું પાન કરાવીને ! ભમરો પાન કરીને પુષ્પ છોડે, તેમ અમને પાન કરાવીને તરછોડ્યાં, તેટલો ફેર ! હવે, મોહ તેનો કોઈ ઉપાયે મટે તેમ નથી ! વિવેક, ધૈર્ય સઘળું શ્યામે છોડાવ્યું ! અમે જેને માટે સઘળું છોડ્યું, તે તો અમારું સર્વસ્વ લઈને, અમને છોડીને ગયા ! અમે તો લોક અને ભગવાન્ બંને ખોયાં ? ભગવાન્ ભગવદીયને ન જ છોડે ! છોડે તો તે ભગવદીય નહિ ! સંબંધ સમજાતો નથી. લક્ષ્મીજી તો ચતુર છે. તે પદ્મા, પ્રભુના પાદપદ્મને કેમ નિત્ય સેવતાં હશે ? અમે પણ તે જાણીએ તો તેમ કરીએ ! ભગવાન્ સૂર્યરૂપ થયા, ત્યારે લક્ષ્મીજી પદ્મા (કમલા) થયાં ! ભ્રમણશીલ-અસહ્ય સૂર્યની સેવા કઈ રીતે કરી ? તેવો જ આ કૃષ્ણાવતાર ને ! મથુરાથી વ્રજમાં, વ્રજમાંથી મથુરા, ત્યાંથી દ્વારકા, - છે ને ભ્રમણ ! પ્રભુને પરવા કોની છે ? લાગે છે કે,- ઉત્તમ કીર્તિવાળા નારદ વગેરે ભક્તો કથા કરે છે ને ! "**जल्पैः**"- પોતાના પક્ષનું સ્થાપન, સામાનું ખંડન તે,- "જલ્પ," તેથી ચિત્ત હરાયું હશે ! લક્ષ્મીજી કરતાંય ભક્તોનો જય વિશેષ છે ને ! "**षडङ्घ्रे**"- છપગા ! તું અહીં, અમારા ઘરવગરનાંની આગળ યદુપતિને બહુ શું ગાય છે ? તે તો હવે યદુના પતિ, અમારા નહિ ! ત્યાં ગાજે ! ગૃહસ્થ કંઈક આપે, અમે શું દઈએ ? "**पुराणं**"- આ કોઈ નવી વાત નથી. બહુ સાંભળ્યા ભગવાનને ! શ્રવણથી કોઈ વિશેષફલ નથી ! સાંભળીને તો અમારી આ દશા થઈ ! વધારે સાંભળીએ તો સ્વરૂપથી પણ જઈએ ! સ્વરૂપ હોય તો

ક્યારેક શ્યામ મળે ને! અર્જુન અને તે તો સરખા! સખા! લૂંટે - મારે, પૃથ્વીનો ભાર ઉતારે, તેનાથી પીડાયેલાંનાં પત્ની પાસે જઈને દૂત તરીકે તેના ગુણ ગાજો! તે ઈચ્છા પૂરી કરે!

ત્રિલોકમાં કે બહાર પણ ભગવાન્ દુર્લભ! ભગવાનને તો સર્વ સુલભ! અમારે તેમાં ઉપાય શો કરવો ? લક્ષ્મીજી જેનાં ચરણરજઃની ઉપાસના કરે, આદરથી દાસીત્વ પ્રાર્થે, ત્યાં અમે કોણ માત્ર ?! અમે તો દીન ! ભગવાન્ તો ઉત્તમશ્લોક, પ્રસિદ્ધ ! પક્ષપાત અમારો કરશે જ, નહિ તો ઉત્તમયશઃ ક્યાંથી ગણાય ? તેથી અમારે દૂતની શી જરૂર ? મસ્તકે પરાણે પધરાવેલા પગ છોડ ! જાણું છું, - તે શું કરશે ? તું મુકુન્દ પાસેથી દૂત રૂપે આવ્યો છે ! આ કલ્પિત પ્રકારથી માન મનાવવામાં ચતુર તું ! સ્ત્રીઓને છેતરતા સુંદર શબ્દ બોલતાં તને આવડે છે, તે જાણું છું! તે (કૃષ્ણ)ને પોતાને માટે અમે, પતિ-પુત્રો-આલોક, પરલોક છોડ્યાં. અમે ગોપિકાઓએ તો ભગવાન્ માટે કરવા જેવું બધું કર્યું ! સર્વસમર્થ ભગવાને અમારે માટે કાંઈ જ ન કર્યું ?! આવાં અમને છોડી દીધાં ! વિચાર પણ ન કર્યો !- “**अकृतचेताः ।**” – “**न कृतं चित्तं येन ।**”- ચિત્ત અમારામાં ન કર્યું ? અરે ! ઊલટું અમારાં ચિત્ત લઈને ચાલ્યા ગયા ?! “**किं नु संधेयमस्मिन् ।**”- આવા ભગવાનમાં સંધિ કરવા જેવું શું છે ? અમે અમારું બહારનું બધું છોડ્યું. અંતરમાં તેમને રાખ્યા! તેમણે તો અંતરમાં રહેલાં અમને છોડ્યાં !? જેને માટે અમે સર્વ છોડ્યું તે ભગવાને સ્નેહ છોડ્યો ?! આ ભગવાનને પ્રાર્થના કરવાથી પણ શું ? સ્ત્રી સાથે સખ્ય સારું નહિ !- “**न वै स्त्रैणानि सख्यानि ।**”- તો રાજા કોનો મિત્ર બને ?! - “**राजा मित्रं केन दृष्टं श्रुतं वा ।**” તેમાંય આ તો ઈશ્વર! તેની સાથે સખ્ય શું ?

આર્ષજ્ઞાનથી શ્રીગોપીજને રામાવતારની વાત વિચારી, - “ભગવાન્ રામ સાથે અગ્નિસાક્ષીએ સખ્ય કર્યું, - સુગ્રીવે ! તેના જ ભાઈ રાજા વાલીને માર્યો ! રાજાનો વધ ન થાય; છતાં કર્યો ! સામે મોંએ - યુદ્ધમાં - નહિ, સુગ્રીવ સાથે તે લડતો હતો, ત્યારે છુપાઈને ! “**लुब्धधर्मा**”- શિકારીનો ધર્મ-મારેલાં પશુ પર આજીવિકા - પણ તેનામાં નથી! કામમોહિત થઈને આવેલી શૂર્પણખા! તેનાં નાક-કાન કાપ્યાં! વિરૂપ કરી! પોતે સ્ત્રી - સીતા-વશ હતા છતાં! બલિ તો આદરણીય! આત્મનિવેદન કરનાર વ્યક્ત ! શ્રદ્ધાથી તેણે સર્વસ્વ દઈ દીધું. “**बलिमत्वा**”- તેનો બલિ ખાઈને, પોતાના ભાગરૂપ પૂજન અને ત્રિલોક લઈને, કાગડાની જેમ તેને બાંધ્યો ! “**अलमसितसख्यैः**”- બહુ થયું કપટમય અશુદ્ધસખ્યથી ! “**असित**”- કૃષ્ણ પણ ખરા ! છતાં દુસ્ત્યજ છે,- તેનો કથારૂપ અર્થ ! કૃષ્ણકથાના આધારે જીવીએ છીએ. અમારે માટે તેનો ત્યાગ શક્ય નથી. જેવા ભગવાન્ તેવી તેમની કથા ! લીલા કરી ભગવાને ! અનુવર્ણન કર્યું- વ્યાસજી વગેરેએ ! એ ચરિત્રશ્રવણ તો કાનને અમૃતરૂપ છે. શ્રમ વગર તેનો લાભ લેવાય! આ અમૃતનું બિંદુ પણ માત્ર એક વખત કાનમાં પડે, - પચે, તો સુખદુઃખ વગેરે શિથિલ થયેલા દ્વન્દ્વધર્મો દેખાય પણ નહિ ! લોક-વેદની સ્પૃહા ઘટે, પુષ્ટિમાર્ગમાં અનુરાગ થાય; પછી શીઘ્ર ઘર-સ્વજન વગેરે દીનને પણ છોડીને, પોતે દીન થઈને ઘણા હંસ-પરમહંસ રૂપે ભિક્ષુકધર્મો આચરતા ફરે છે! અમે તેમનાં કપટવાક્યો સત્ય હોય તેવી શ્રદ્ધાવાળાં! “**न पारयेऽहं....**” માં અમારું ઋણ ભગવાને છુટાય નહિ તેવું ગણાવ્યું, - તેવાં વાક્યોમાં શ્રદ્ધાવાળાં અમે છેતરાયાં ! હરણના વેષમાં છુપાયેલા શિકારીના ગાનથી લોભાઈને અજ્ઞાન હરણી, હરણને છોડીને દોડે, છેતરાય, તેમ ! “**कृष्णवध्वः**”- અમે કૃષ્ણવધૂઓ ! કૃષ્ણને યાદવ નહિ, ગોપ જાણ્યા ! પણ તે તો છેવટે ઈશ્વર

જ થયા ! તીવ્રવેદના આજે પણ અનુભવીએ છીએ. ઉપમન્ત્રિન્ ! બીજી કોઈ વાત કરો. પ્રિયમિત્ર ! પાછા આવો ! પ્રિયે મોકલ્યા છે શું ? માગો, શું ઈચ્છો છો ? મારા માનનીય છો, આપ ! ન છૂટે તેવા દ્વન્દ્વ-યુગલ-રૂપ છે ભગવાન્ ! લક્ષ્મીજી નિત્ય સાથે ! કૃષ્ણ ભગવાન્ તો શક્તિને ભિન્ન કરીને પોતે પ્રકટ થયા છે. શ્રીવધૂ તો નિત્ય હૃદયમાં વિરાજે છે, સાથે જ રહે છે. તેની પાસે અમને અહીંથી કઈ રીતે લઈ જાવ છો ? પુષ્ટિરૂપા મધુપુરીમાં આર્યપુત્ર હમણાં વિરાજે છે ? તે પિતાના ઘરને, વિહારોને, યાદ કરે છે ? સૌમ્યસખા ગોપોને સ્મરે છે ? શું અમારી દાસીઓની વાત ક્યાંય મશ્કરીમાં પણ કરે છે ખરા ?! અગરુ-સુગંધયુક્ત કર અમારા મસ્તકે ક્યારે પધરાવશે ?"

ઉદ્ધવજીએ દીધેલો મૃત-સંજીવિની શો પ્રિયસંદેશ ! :

આમ, સર્વભાવે સામાન્ય-અસામાન્ય સર્વાવસ્થામાં પણ શ્રીગોપીજન તો કૃષ્ણપરાયણ છે. રાસમાં હતાં તેવાં જ અહીં પણ - "कृष्णदर्शनलालसाः" છે, તે દેખાયું ! દેખાતો દોષ પણ જોયો ! મૃતસંજીવિની શો પ્રિયસંદેશ દેતાં પહેલાં, ઉદ્ધવજીએ તેથી અભિનંદન દીધાં, આ ભવ્ય ભક્તોને ! તેમનો તો દોષ પણ ભગવત્કૃત છે, ભગવાનના ગુણરૂપ છે ! તેથી ૬ શ્લોક બોલ્યા છે. "અહો ! "पूर्णार्थाः"- સ્વતંત્ર-ફલભક્તિ રૂપ, પૂર્ણ પુરુષાર્થ આપનો થઈ ગયો ! ભગવાન્ જેવાં સ્વતંત્ર આપ થયાં ! સર્વભાવે ભગવાનમાં મન અર્પણ કરી દીધું ! દાન-વ્રત-તપઃ-હોમ-જપ-સ્વાધ્યાય-સંયમ-વિવિધશ્રેયઃ-વગેરે કે સ્વતંત્રરીતે પણ, સૌના ફલ રૂપે તો કૃષ્ણમાં સ્નેહ જ સાધ્ય છે. આપના કરતાં ઉત્તમભક્તિ અન્ય કોઈનીય નથી ! પ્રકૃષ્ટ-પુષ્ટિ-પ્રેમપંથ તો આપે જ પ્રકટ કર્યો ! "सेवारीतप्रीत व्रजजनकी जनहित प्रकटाई..."- શ્રીમહાપ્રભુજી શ્રીમદ્-વલ્લભાચાર્યજીએ તેનો પ્રકાશ કર્યો. મુનિયોને પણ આ ભક્તિ દુર્લભ છે. "જ્યાં નહિ પ્રવેશ વિધિ-હરનો !" આપે પતિ-પુત્ર-ઘર વગેરે સર્વસ્વનો ત્યાગ કરીને પરમપ્રેમપૂર્વક પરમપુરુષ કૃષ્ણની પ્રપત્તિ કરી ! વર્યા !" કૃષ્ણ સિવાય મુખ્યરીતે ભગવાન્ કે પુરુષ છે જ કોણ ? - "तथा पुरुषशब्दोऽयं वासुदेवे प्रतिष्ठितः । स्त्रीप्रायमितरत्सर्वं जगद् ब्रह्म-पुरःसरम् ॥"- આખું જગત્ સ્ત્રીપ્રાય છે. "भगवानिति शब्दोऽयं तथा पुरुष इत्यपि । निरुपाधी च वर्तेते वासुदेवे सनातने ॥" ભગવાનના અંશ રૂપ હોવાથી જ બીજા પુરુષ કહેવાય છે ! - "ते सर्वे पुरुषांशत्वादुच्यन्ते पुरुषा इति ।"- સૌના મુખ્ય પતિ પણ કૃષ્ણ જ છે ! "सर्वात्मभावोऽधिगतः ।"- સંયોગમાં તો સ્નેહ વધે, પણ વિરહમાં પણ અંતઃકરણનો ભગવાન્ પ્રત્યે વધતો જતો સઘળો ભાવ (સર્વાત્મભાવ) જાણ્યો ! નિઃસાધન આપ ! ભગવાન્ તો અધોક્ષજ, - ઈન્દ્રિયજ્ઞાનથી પર ! જન્મથી જ આપનું આ મહાભાગ્ય છે ! મહાન્ અનુગ્રહ મારા પર કર્યો ! "श्रूयतां प्रियसन्देशः ।"- સાંભળો ! પ્રિયસંદેશ ! હું લઈને આવ્યો છું !" આવાં ભાવપૂર્ણને તો સંદેશ કહેવો શક્ય નથી, છતાં પ્રભુની આજ્ઞા પાળવા કહે છે. પોતાના સંદેશથી સાંત્વન દેવાનું સામર્થ્ય તો ભગવાને વરદાનની જેમ દીધું છે ને !- "मत्संदेशैर्विमोचय ।" પ્રિયસંદેશ તો, આદેશ શો ! અનુસરવા માટે છે. આ રાસમાંનો - "स्वागतं वो ।"- જેવો, ન માનો તો ચાલે તેવો, ઉપદેશ નથી ! તેમાં છ શ્લોકમાં સ્વરૂપ અને ચારમાં પુરુષાર્થ છે. સ્વરૂપ તો બ્રહ્મ અને જીવવિભેદથી બે પ્રકારે કહ્યું. આશ્રય અને કર્તાપણાથી બ્રહ્મ બે પ્રકારે કહ્યું. પ્રભુમાં ભક્તોને દેખાયેલા દોષોના મૂલરૂપ-વિરહના નિવારણ માટે, બંધન-મોક્ષ-વ્યવસ્થામાં જીવનું નિરૂપણ પણ બે પ્રકારે કર્યું. દોષાભાવની પ્રતિજ્ઞા પ્રથમ હેતુસહિત કહી છે. ભગવત્પ્રાપ્તિ-

દોષાભાવ-નિરોધરૂપ ફલ કહ્યું, જેથી આ દોષારોપબુદ્ધિ સર્વથા નષ્ટ થાય. જીવ-બ્રહ્મ-ભેદના ભ્રમજનક ગુણો ત્રણ; તેથી ત્રણ ત્રણ શ્લોકમાં બ્રહ્મ-જીવ-સ્વરૂપ કહ્યું. પહેલાં વિયોગ નથી તે અને તેનું મૂલકારણ કહ્યું.

"**भवतीनां वियोगो मे न हि सर्वात्मनाक्वचित् ।**"- "આપનો વિયોગ મને કોઈ રીતે ક્યારેય ક્યાંય નથી !" વિયોગ થાય ત્રણ રીતે, - (૧) સ્વાભાવિક (વાસ્તવ), (૨) ઔપાધિક (આગન્તુક), (૩) અજ્ઞાનથી ! સંયોગના સંવેદનનો અભાવ વિયોગ છે. તે જીવને ભગવાન્ સાથે વાસ્તવ કે આગન્તુક નથી, પણ અજ્ઞાનકૃત છે. સચ્ચિદાનંદ-બ્રહ્મના ચિદંશ રૂપ જીવ છે, સમજાય છે, એકરૂપ છે, પરસ્પર-ભેદ નથી, છતાં ઉપાધિથી થતો (ઔપાધિક) ભેદ છે. તેમાં મર્યાદા, પ્રવાહ, પુષ્ટિ ભેદે ઉપાધિ જુદી જુદી. (૧) ઉદ્ગમ - "**यथा सुदीप्तात्पावकाद्विस्फुलिङ्गाः सहस्रशः प्रभवन्ते सरूपाः-।**" "**यथाग्नेः क्षुद्राः स्फुलिङ्गाः व्युच्चरन्ति...।**"- શ્રુતિ છે. પ્રદીપ્ત અગ્નિમાંથી હજારો તણખા નીકળે તેમ જીવો બ્રહ્મમાંથી છૂટા પડ્યા. (૨) માયા - "**जीवेशावाभासेन करोति माया चाविद्या च स्वयमेव भवति ।**"- શ્રુતિ છે. જીવ-ઈશ એ બે ભેદ આભાસથી કરે છે ! માયા અને અવિદ્યા પોતે જ થાય છે. (૩) ભગવદિચ્છા- "**बहुस्यां प्रजायेय ।**" - "હું બહુ થાઉં,"-શ્રુતિ છે. (૪) અજ્ઞાન-અવિદ્યા, તે માયાવાદમાં ઉપાધિ છે. "**इन्द्रो मायाभिः-।**"- એ શ્રુતિવાક્યમાં માયાવાદ છે, - તેવો તો માત્ર આભાસ છે ! માયા તેવા જ્ઞાનમાં કરણ છે, બ્રહ્મના બહુરૂપત્વમાં નહિ; નહિ તો "**पुरुरूपो बभूव**"- કહે; "**ईयते**"- નહિ. આમ, સૃષ્ટિભેદે જીવોના એકબીજા સાથેના ભેદની અનેકવિધતામાં બ્રહ્મ તો સર્વત્ર એક જ છે, તેથી ત્રણે ઉપાધિ ભેદ કરી શકતી નથી, તેથી ભેદ કે વિયોગમાં કારણ છે,- માત્ર અજ્ઞાન ! બ્રહ્મમાં તો ભેદ કે અજ્ઞાન છે નહિ ! જીવ અજ્ઞાનથી ભેદ કે વિયોગ માને છે ! દુઃખી થાય છે. તે અજ્ઞાન જવું જોઈએ. "ભગવાન્ પોતાનો ત્યાગ કરીને ગયા !" તેવી ગોપીની સમજ અસૂયાનું કારણ છે. દોષારોપ તેથી કર્યો છે ને ! ભગવાન્ કોઈનો ત્યાગ કરતા નથી, તથા કોઈએ પોતાનો ત્યાગ કર્યો,- તેમ માનતા પણ નથી ! ભગવાનને છોડવાની વાતો કહેનારા ભ્રાન્ત છે ! ભગવાને સ્પષ્ટ બે વાત કહી દીધી,- (૧) "**भवतीनां वियोगो मे (मह्यं) न हि ।**"- આપનો વિયોગ મને નથી જ. (૨) "**भवतीनां मे (मम) वियोगो न हि ।**"- આપને મારો વિયોગ નથી જ !"

આમ, વસ્તુસ્વરૂપે વિયોગ ન હોવા છતાં, એકદેશથી વિયોગ ચાર પ્રકારે સંભવે, - (૧) ભગવત્કૃત, (૨) ભક્તકૃત, (૩) કાલકૃત, (૪) દેશકૃત. તે ચારે ન હોવાનાં સાધનસૂચક અર્ધોશ્લોક શ્રીવલ્લભાચાર્યજીએ પૂરો કર્યો છે. વ્યાસાશ્રમમાં, તે સાંભળીને વ્યાસજી સંમત થયા છે ! "**आत्मत्वाद् भक्तवश्यत्वात् सत्यवाक्त्वात्स्वभावतः ।**"- શ્રીગોપીજનનો વિયોગ ભગવાનને નથી, - ભગવાન્ સર્વના આત્મા છે, તેથી ! ભગવાનનો વિયોગ ગોપીજનને નથી, - ભગવાન્ ભક્તવશ હોવાથી ! કાલભેદથી પણ વિયોગ નથી, - "**न पारयेऽहं**"- એ વચન સત્ય હોવાથી ! ભક્તોના ઋણમાંથી ભગવાન્ છૂટી શકતા નથી. દેશકૃતભેદથી પણ વિયોગ નથી ! - ભગવાન્ વ્યાપક રૂપે સર્વત્ર વિરાજે છે, વ્રજ છોડીને બીજે પધારતા નથી, સ્ત્રીઓ ઉપર વિશેષ કૃપાયુક્ત છે. આ તેમનો સ્વભાવ છે !

નન્દદાસજી રસાત્મક-વિયોગના ચાર ભેદ ગણાવે છે : (૧) પ્રત્યક્ષ - તેનો અનુભવ મુખ્ય સ્વામિનીજી શ્રીરાધિકાજીને જ છે. પ્રિય પાસે હોવા છતાં, અદ્ભુત રીતે રસસ્વભાવથી, પ્રિય દૂર

હોવાની કલ્પના-માત્રથી, પ્રત્યક્ષમાં વિયોગ અનુભવાય છે. (૨) પલકાન્તર - પ્રિયનાં દર્શનાદિમાં આંખની પ્રલક જેટલો વિલંબ પ્રિયાઓને અસહ્ય લાગે. વિયોગાનુભવે દુ:ખ થાય. (૩) વનાન્તર - પ્રિય બીજા વનમાં હોય, સંકેતસ્થળે ન મળે, તે સહન ન થાય, વિયોગથી દુ:ખ લાગે. (૪) દેશાન્તર- પ્રિય વ્રજમાંથી બીજે (મથુરા - વગેરે) પધાર્યા, તેવી ભાવનાથી પણ ભક્તોને વિયોગથી દુ:ખાનુભવ થાય. આ માત્ર રસ વધારતી ભાવના છે ! વાસ્તવમાં, ગોપીજનના ભાવાત્મક ભગવાન્ તો વ્રજ છોડીને બીજે પધારતા જ નથી! **''एतावानस्य महिमा अतो ज्यायांश्च पुरुषः ।''** તથા **''यस्मात्क्षर-मतीतोऽहम् ।''**- વાક્યો વગેરેથી, પુરુષોત્તમ પ્રપંચ (વિસ્તાર-વિશ્વ)થી પર છે. **''सर्वं खल्विदं ब्रह्म ।''**- વગેરેથી પ્રપંચ વિભૂતિરૂપ બ્રહ્માત્મક છે. પુરુષોત્તમ તેનાથી અતીત છે. પુરુષોત્તમની લીલાના પદાર્થો પણ પુરુષોત્તમ રૂપ છે; વિશ્વ જેવા વિભૂતિરૂપ નહિ, તેથી **''ते ते धामानि ।''**-માં **''विष्णोः परमं पदं''** કહ્યું છે. સર્વલીલાપદાર્થો આત્મરૂપ છે, શ્રીગોપીજન પણ આત્મરૂપ છે. પોતા સાથે પોતાનો વિયોગ કઈ રીતે હોય ? લીલામાંના દેશ - કાલ - ક્રિયા - જ્ઞાન - સાધન વગેરે સર્વ નિત્ય છે. અત્યારે પણ રાસ વગેરે સર્વ લીલાઓ છે જ ! તેથી અભેદજ્ઞાનથી સ્વાસ્થ્ય મળે ને ! પરસ્પર- વિયોગ ન રહે. સર્વ રૂપે સર્વદા સર્વત્ર વિરાજતાં પ્રભુનો વિયોગ કેમ સંભવે ?

આશ્રયરૂપ ભગવાન્ બીજે કઈ રીતે જાય ? આધાર વિના ગોપીજનનું સ્વરૂપ પણ ન રહે ! રસરૂપ ભગવાન્ ! તે સમવાયિકારણ રૂપ ! રસરૂપ ગોપીજનના દેહાદિ રૂપ પણ તે ! તેને ટકાવતા પ્રભુ પાસે જ છે; નહિ તો તે ટકે જ નહિ ! પંચમહાભૂતો, દેહમાંના ભૂતોનાં આધારભૂત છે; બહાર હોવા છતાં જુદાં થતાં નથી. તેમ - મન, પ્રાણ, બુદ્ધિ, ઈન્દ્રિય, ગુણોના આશ્રયરૂપ ભગવાન્ છે. કારણ- ભગવાન્ અને કાર્ય - ગોપીનાં દેહાદિ, જુદાં નથી; તેથી ભગવદ્વિયોગ ગોપીને નથી ! કર્તા, સમવાય, કાર્ય પણ આત્મારૂપ ભગવાન્ જ છે. આત્મામાં, આત્મા વડે, આત્માને, ભગવાન્ પોતે જ સર્જે છે, રક્ષે છે, હણે છે, સર્વ કરે છે, - સ્વત: ભગવાન્ ! લોકો માયાના પ્રભાવથી - ભૂત, ઈન્દ્રિય ગુણો વડે- અન્યથા માને છે. આશ્રય-કરણ-કર્મનો અભેદ છે.. લીલામાં સૃષ્ટિ રૂપ સ્વરૂપસ્થિતિમાં કારણ રૂપ છે, - કૃષ્ણસંયોગ ! સર્વતિરોધાનથી હણવા રૂપ છે, - વિયોગ ! તે રસાર્થ જ હોવાથી, પછી સ્વરૂપાનન્દના દાનથી ભગવાન્ રક્ષે છે ! આમ, આત્માનુભાવે સર્જે છે. અંતરંગ લીલોપયોગિની યોગમાયાના પ્રભાવથી, માન થતાં હણવારૂપ વિયોગ દે છે, તેથી સર્વતિરોભાવ થતાં, ભૂતેન્દ્રિયગુણ રૂપે પુન: પ્રભુ પ્રકટ થઈને રક્ષે છે. જેને લોકો "હું" માને છે, તે તો દેહની પ્રતીતિ છે ! જીવ (આત્મા) જ્ઞાનપ્રચુર છે, દેહથી જુદો છે. તે ગુણોના આશ્રયે રહેતો નથી. માયાની ગુણમય ત્રણ વૃત્તિ, - જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ ! તેમાં આત્માનો અન્વય સમજાય છે. મૂલભૂત ગુણોથી જુદો આત્મા, દેહાદિથી પણ જુદો જ છે. ભગવાન્ આત્માથી પ્રાપ્ત કરવા જોઈએ, દેહસહિત નહિ ! લીલાસંબંધી દેહ પણ આત્મારૂપ જ છે ! તેમાં "હું" તેવું જ્ઞાન વાસ્તવ છે, અવિદ્યાજન્ય નથી ! લીલોપયોગિની માયાથી લીલામાં પણ સુષુપ્તિ વગેરે અનુભવાય છે. લોકમાં થતી લીલા લોકસમાન ન હોય તો લીલારસ ન આવે ને! **''लोकवत्तु लीलाकैवल्यम् ।''**- વ્યાસ વદે છે. લોકવત્ લીલા છે, લૌકિક નહિ ! લોકમાં અવિદ્યમાન- અસંભાવિત ઈન્દ્રિયંવિષયોનું ધ્યાન કરતા મનને રોકવું. સ્વપ્ન જેમ સૂચક છે, તેમ આવું ધ્યાન પણ બીજો જન્મ થવાનું સૂચવે છે; તેથી ઈન્દ્રિયોને પહેલાં વિષયોમાંથી અટકાવવી, તેથી મન અટકે -

વશ થાય, સ્થિર થાય. જાગેલો માનવ જેમ, "આ હું છું !" - અનુભવે, તેમ વિષયોમાં આથડતાં અટકેલું મન, આત્માને દેહાદિથી જુદો અનુભવે છે; જન્મ-મરણમાં આથડવાનું રહેતું નથી. **"सर्वे मनोनिग्रहलक्षणान्ताः ।"**- બધાં વેદાદિશાસ્ત્ર છેવટે તો મનને વશ કરવાનું કહે છે. તેનાં સાધન સૌ જુદાં બતાવે છે, ફલમાં ભેદ નથી. વશ થયેલું મન જ ફલમાં સાધનરૂપ છે. સર્વતઃ મનની નિવૃત્તિથી, કેવલ પ્રભુપરાયણ થતાં લોકવત્ લીલા જાણી શકાય.

લોકો વિયોગને ઉત્તમ ન ગણે, પણ અહીં તો તે ઉત્તમ છે ! સંયોગમાં આંખને આકર્ષતા ભગવાન્ વિયોગમાં મનને આકર્ષે છે, તેથી વગર સાધને મન વશ થઈ જાય છે ! પુષ્ટિ છે ને ! અદ્ભુત છે ને ભગવાનની પ્રીતથી હિત કરવાની આ રીત ! શ્રીગોપીજને પહેલાં અનુભવેલો ભજનાનન્દ તો બ્રહ્માનન્દ કે મર્યાદાભક્તિના આનન્દ કરતાં કરોડો ગણો અધિક છે, અનિર્વચનીય છે ! સંયોગમાં નવી નવી રસલાલસા થાય, તેને સાનુકૂલ યત્ન થાય, પણ પહેલાં અનુભવેલી લીલાના સ્વરૂપનો તલસ્પર્શ ન થાય ! વિયોગમાં તો મન વગેરે ઈન્દ્રિયોને તેનો બાહ્યવિષય (પ્રભુસંબંધ) નથી મળતો, ત્યારે અંદર રહેલા પ્રભુનો સંબંધ કરે છે ! તે વખતે બહાર જેવો રસાનુભવ થાય તેના કરતાં વિલક્ષણ રસાનુભવ થાય, સંયોગમાં પણ તે તો દુર્લભ ! આ મહારસદાન દેવા માટે ભગવાન્ આમ લીલા કરે છે ! સંગમમાં તો દેહ ભગવાનને ઉપયોગી હોવાથી પણ દેહભાન છે, વિયોગમાં તો તે પણ નથી; તેથી પણ રસ વિશેષ છે ! ભક્તો ભગવાનનું અનુધ્યાન કરે તો પ્રભુ પ્રસન્ન થાય. દર્શન-સેવાદિમાં અનુભવેલું સ્વરૂપ ભૂલી ન જવાય, પછી પણ તેનું ધ્યાન થાય, - તે અનુધ્યાન ! દૂર ફરતા પ્રિયમાં સ્વજનનું મન જેવું ઉત્કંઠ - નિશ્ચલ રહે, તેવું પાસે રહેલા હોય ત્યારે ન રહે ! ભગવાન્ સકલ સાધનથી પ્રાપ્ય અને સકલ પ્રસાદથી પ્રાપ્ત છે. સર્વવૃત્તિ છોડીને, સંપૂર્ણ મન ભગવાનમાં રાખીને, દર્શન - સેવા વગેરેમાં અુનભવેલા ભગવાનનું નિત્ય સ્મરણ કરે, તે વગર વિલંબે પ્રભુને પ્રાપ્ત કરે ! "આ વનમાં રાસપ્રસંગે ન આવી શકેલાં, ઘરમાં રહેલાં (અન્તર્ગૃહગતા) ગોપીજન ! મારા પરાક્રમના ચિંતનથી મને પ્રાપ્ત થઈ ગયાં !" પ્રભુના પરાક્રમનું ચિંતન થાય, દોષારોપપૂર્વક ભગવાનનું નહિ ! **"वनेऽस्मिन्"**- શબ્દથી, ભગવાન્ પોતે ત્યાં વનમાં રહીને બોલે છે ! **"कल्याण्यः"**- સંબોધન પણ છે. તેમને રાસમાં મળેલા સ્વરૂપાનન્દથી વિરહમાં પણ જીવન ટકે છે. અંતર્ગૃહગતાઓમાં વિરહમાં જીવન ટકાવવાનું સામર્થ્ય ન હતું, તેથી પ્રભુપ્રાપ્તિ દેહ છોડીને થઈ ! આમને તો અવિકૃત-દેહ છે, તેથી પૂર્વવત્ મિલન થશે, તેમ સૂચવી દીધું !

નિઃસાધન કૃષ્ણપ્રિય વ્રજવનિતાઓનો પ્રમેયબલથી ઉદ્ધાર માટે નાથને પોકાર ! :

ઉદ્ધવાગમનથી કૃષ્ણ-સંકીર્તનથી વ્રજમાં સુમહોત્સવ ! :

શ્રીગોપીજને પ્રિયતમનો આદેશ સાંભળ્યો. આવેલાં અસૂયાદિ દૂર થયાં. શ્રીગોપીજન તો હમણાં જ બાહ્યસંયોગ ઈચ્છે છે ! તે તો મળતો નથી; અને તેને બદલે આવી જ્ઞાનની વાતો કાને સાંભળવી કેમ ગમે ?! છતાં "પ્રિયતમ"ની વાંત સાંભળ્યા વિના કેમ ચાલે ?! તેથી તો ફલ તેવું થયું. "સંદેશ" છે ને ! પણ લાગે છે - "આદેશ," પ્રીતિવચન નહિ ! તે તો ઈશ્વરભાવે સંભવે ! ગોપીજન તેથી પ્રભુ ન પધારે તેમ સમજે છે, છતાં ભક્તિવિરુદ્ધ કાંઈ નથી ! **"स्वागतं वो....।"**- ની જેમ વિશેષ રસાનુભવ છે ! પ્રભુ પણ રસ માણે છે ! કેવલ ધર્મિ (પ્રભુ) પરાયણ હોય, તેને જ્ઞાનીઓના વાક્યોથી

મોહ ન થાય, ભગવદ્ભાવ સ્વલ્પ પણ ઘટે નહિ ! કાલાદિ-દોષથી ભુલાયેલું પૂર્વભાન પાછું આવ્યું. પ્રભુપ્રિયાઓ પ્રભુનાં પરાક્રમ સ્મરવા લાગ્યાં. કુશલકેલિકથા કલાકેતન કૃષ્ણની પૂછવા લાગ્યાં ! "ક્યાંય પ્રભુ અમને સંભારે છે ખરા ! પોતે વરદાનમાં શરદરાત્રિનાં રાસસુખ અમને દીધાં ! આપેલું કોઈ કેમ ભૂલે ? ભગવાન્ તે ક્યારેય યાદ કરે છે ? દયાળુ પ્રભુ અહીં પધારશે ? અહીં શા માટે આવે ?! હવે તો રાજ્ય મળ્યું ! રાજકન્યાને પરણીને પ્રસન્ન રહેશે ! તે તો લક્ષ્મીપતિ છે, આપ્તકામ છે. તેમને અમારું વનવાસીનું શું પ્રયોજન ?! "कृतात्मनः ।" – "कृताः स्वार्थमात्मानो येन ।"- બધું લીલા માટે જ ભગવાને પ્રકટ કર્યું છે. તેને શું ? "નિરાશા પરમ સુખ છે." - પિંગલા પણ કહે છે ! અમે પણ તે જાણીએ છીએ, છતાં પણ કૃષ્ણની આશા છૂટતી નથી ! પિંગલાએ તો કૃષ્ણની આશાથી બધી આશા છોડી. અમે કઈ આશાએ કૃષ્ણની આશા છોડીએ ? કૃષ્ણ-સંબંધ-સ્મરણ કોણ છોડી શકે ? ભગવાન્ ઈચ્છતા નથી, છતાં લક્ષ્મીજી આશ્રય છોડતાં નથી ! આ શ્યામા યમુનાજી - શ્યામની સ્મૃતિ દે છે ! આ ગિરિરાજજી ! - ગિરિરાજધરણને ભૂલવા દે તેમ નથી ! આ વૃન્દાવન ! - વૃન્દાવનવિહારી અને વિહારને વિસરવા દેતું નથી ! આ ગાયો ! - ગોવિંદની યાદ વધારે છે ! "इमे वेणुरवाः ।"- આ વેણુરવ ! આંખ બંધ કરી દઈએ તો પણ, મધુર મુરલીમનોહરમાં મનને મગ્ન કરી દે છે. અત્યારે પણ આ અનુભવાય છે ! ભૂલી શકતાં નથી અમે ભગવાનને ! સુંદરસ્વરૂપને ! બધું ભુલાય મનને અટકાવવાથી, મન અટકે નિર્મલ બુદ્ધિથી ! એ બુદ્ધિ તો અમારી ભગવાને હરી લીધી છે ! પછી શું કરીએ ? ગંભીર ગોવિંદે લલિતગતિથી દેહસંબંધી બુદ્ધિ હરી, દયાળુ દામોદરે ઉદાર હાસ્ય અને લીલાવલોકનથી મનોવિષયક બુદ્ધિ હરી, મધુર માધવે મધુરવાણીથી વાણીસંબંધી બુદ્ધિ હરી લીધી; પછી અમે કૃષ્ણને વિસરીએ કઈ રીતે ?!

हे नाथ हे रमानाथ व्रजनाथार्तिनाशन ।
मग्नमुद्धर गोविन्द गोकुलं वृजिनार्णवात् ॥ (५३)

નિઃસાધન કૃષ્ણપ્રિય વ્રજવનિતાઓએ પ્રમેયબલથી ઉદ્ધાર માટે નાથને પોકાર્યા ! દુઃખના દરીઆમાં ડૂબતાંને દીનનાથ વગર કોણ ઉગારે ? અનાથ તો શ્રીનાથ વિના કોને વિનવે ? શ્રીનાથ સ્વનાથ બને, સનાથ બનાવે ! રસાનુકૂલ વિવિધસંદેશોથી વ્રજભક્તોનો વિરહજ્વર દૂર થયો ! પહેલાં પ્રભુને જુદા જાણ્યા હતા, હવે આત્મા રૂપે જાણ્યા ! ઉદ્ધવજીનું અર્ચન કર્યું. - આત્મજ્ઞ - ભક્ત છે ને ! સંદેશ પ્રિયનો સંભળાવ્યો છે ને ! હવે, ગોપીને અજ્ઞાનથી વિયોગ નથી, તદાત્મક પ્રભુનો નિત્યસંયોગ છે ! સ્વરૂપસ્મૃતિથી, પોતાની પ્રભુપ્રીતિના પરિજ્ઞાનથી કાંઈક સ્વાસ્થ્ય છે, સંદેશથી પરોક્ષરીતે શાબ્દજ્ઞાન થયું, હૃદયમાં સાક્ષાત્ પ્રકટ પ્રભુનો અનુભવ ન થયો ! ક્રમશઃ તે તો થાય, પણ વિરહની તીવ્રતામાં અંતિમાવસ્થા-સૂચક પ્રલાપ શાન્ત થયો ! સ્વરૂપાત્મક (ધર્મી) - વિયોગ-રહ્યો, ધર્માત્મકન્તાપકાર્યરૂપ -તીવ્રવિલાપ (રૂપ વિયોગ) ગયો ! વિપ્રયોગાત્મક સ્વરૂપના અનુભવથી સંયોગાત્મક સ્વરૂપની સ્ફૂર્તિ થતી નથી, તેથી તે પ્રાર્થતાં નથી. સંદેશવાક્યથી માત્ર મંત્રની જેમ વિરહજ્વર શાંત નથી થયો, પણ સ્વરૂપપ્રાપ્તિથી શાન્ત થયો, ઔષધની જેમ ! પહેલાં, આત્મામાં ભગવાન્ સ્ફુરતા ! હવે, ભગવાન્ આત્મા રૂપ થયા છે ! જેમ આત્મા દેહથી સર્વકાર્ય કરે, અન્યત્ર ન રહે, તેમ ભગવાન્ શ્રીગોપીજનમાં વિરાજીને સર્વકાર્ય કરે છે ! "तस्यैष आत्मा वृणुते तनुं स्वाम् ।"- શ્રુતિ છે ને ! ગોપીના જીવાત્માના

સચ્ચિદંશ છે, તેમાં ભગવાનનો આનંદાંશ પ્રકટ થઈ ગયો. સૂક્ષ્મરૂપે ત્યાં પ્રભુની સત્તા છે, - સત્! રસરીતિએ તેનું જ્ઞાન છે, - ચિત્! આનન્દ રૂપ છે, - ભગવાન્ સ્વયમ્! આવાં સચ્ચિદાનન્દ રૂપ, વિલક્ષણ જીવ છે, - શ્રીગોપીજન! રસાત્મક કૃષ્ણનો આનંદ તો આ શ્રીગોપીજનની કૃપાથી જ મળી શકે, બીજી કોઈ રીતે નહિ! ઉત્સવરૂપ ઉદ્ધવજી વ્રજમાં સૌને પ્રભુપ્રસંગથી સત્સંગ દેતા કેટલાક માસ વિરાજ્યા. ભગવદ્વાર્તામાં દિવસ-રાત તો ક્ષણની જેમ વીતતાં! ઉદ્ધવજી કૃષ્ણલીલાકથા ગાતાં ગોપીજનના શોક શમાવતા. લૌકિકલોકો માત્ર કથામાં આસક્ત થાય. મુક્તો લીલામાં અને કથામાં મગ્ન થાય. ભક્તો તો, કૃષ્ણકથા-કૃષ્ણલીલામાં નિરત રહે! ઉદ્ધવજીના મનમાં પણ લીલાસ્થલનાં દર્શનનો મનોરથ તો હતો. આ તો પ્રસંગવશાત્ આજ્ઞાપાલન અને વ્રજદર્શન મળ્યાં! કૃપા અને સત્સંગ તો વિશેષ! હરિદાસ છે ને ઉદ્ધવજી! "હરિદાસવર્ય" - ગિરિરાજજી-નો લાભ ન લે?! શાસ્ત્રમાં તો "ते ते धामान्युष्मसि।"- વગેરેથી ગોકુલાદિનું જ્ઞાન તો હતું, પણ આજે તો આંખે દેખ્યું! ભગવાનની લીલાનું પણ દર્શન થતું !તેથી તો બહુ રોકાયા, નહિ તો રાજમંત્રી રોકાય?! "व्रजौकसां"- ભગવાને તો મા-બાપ અને ગોપીજન માટે મોકલ્યા હતા. આ તો સૌ વ્રજવાસીઓને ભગવદ્ભાવથી સુખ દેતા! ઉદાર હોય ને ભગવદ્ભક્ત તો! ઉત્સવમાં આનન્દ કોને ન થાય? ઉદ્ધવજી તો ઉત્સવ રૂપ છે ને! "उद्धवागमने जात उत्सवः सुमहान् यथा। वृन्दावने गोकुले वा तथा मे मनसि क्वचित्॥"- શ્રીમહાપ્રભુજી પણ માગે છે! "ઉદ્ધવજીના આગમનથી જેવો સુમહોત્સવ વૃન્દાવનમાં (ગોપીયૂથમાં) કે ગોકુલ (નન્દગૃહમાં)માં થયો, તેવો મારા મનમાં ક્યાંક થાવ!" રાસમાં ઉત્સવ, કૃષ્ણ પ્રાકટ્યનો નન્દજીને ત્યાં મહોત્સવ, પ્રભુનાં લગ્નનો દ્વારકાવાસીઓને મહોત્સવ, પણ વ્રજવાસીઓને ઉદ્ધવજી મળ્યા, તે તો સુમહોત્સવ! સાચો પ્રભુપ્રદ સત્સંગ છે ને!

પોતાના કરતાં પણ વ્રજભક્તોની સર્વાધિકતા જોતાં ઉદ્ધવજીનાં અભિનંદન-વંદન!: ઉદ્ધવગીત!:

ભક્ત ઉદ્ધવજીએ પરમભક્ત ગોપીજનમાં કૃષ્ણાવેશથી દેહની વિકલતા જોઈ! અંતર્નિષ્ઠા કે વિયોગ વ્રજવનિતાઓમાં સદા રહે છે, બીજી કોઈ અવસ્થા નથી! ભગવાને ઉદ્ધવજીને "मद्वियोगाधिं"- કહીને ગોપીજનનો વિયોગજ્વર (દુઃખ) દૂર કરવાનું કહ્યું છે, વિયોગ નહિ! રસાત્મક કૃષ્ણ જ સંયોગ-વિયોગરૂપ છે. વિયોગ તો સ્વરૂપાત્મક છે, ફલ રૂપે ભગવાને ગોપીજનને દીધો છે. વિયોગ ન રહે તો પરમફલાનુભવ ન થાય ને! આ વિયોગ સમજીને માણે તો અતિરસાનુભવ થાય; તેથી ઉદ્ધવજી દ્વારા તે વિપ્રયોગાત્મક સ્વરૂપનું જ્ઞાન, ભગવાને સંદેશના શબ્દોથી કરાવ્યું! વિયોગનો અનુભવ તો રાસમાં પહેલાં પણ કરાવ્યો છે ને! અહીં, જ્ઞાનાત્મક ઉપદેશથી જ્ઞાનાત્મક પ્રાપ્તિ છે. આવું મહાફલદાન નિઃસાધન ગોપીજનને દેવા માટે, ભગવાને પોતે સાધન કર્યું! પુષ્ટિ છે ને! પહેલાં ગોચારણમાં પધારતાં, તેમ હવે મથુરા પધાર્યા, તે ભાન કરાવ્યું. ઉદ્ધવજી દ્વારા પોતે દીધેલા રસાત્મક સ્વરૂપદાનનું ભાન કરાવ્યું; શ્રીશુકદેવજી જેમ બ્રહ્મભાવ હોવા છતાં, કથાભિલાષે ભગવાનમાં ભળી જતા નથી! તેમ શ્રીગોપીજનને વિહારની ઈચ્છા છે, તેથી ભગવાનમાં ભળી જતાં નથી. ભગવાન્ પોતે જ ભાવ રૂપે શ્રીગોપીજનમાં વિરાજે છે. આ "स्त्रीभावो गूढः"- સ્ત્રી-ગૂઢભાવ છે. લોકની જેમ દેહાધ્યાસથી આ વિહારની ઈચ્છા નથી, પણ હૃદયસ્થ સ્ત્રીભાવાત્મક ભગવાનના તેવા ભાવથી, વિહારની ઈચ્છા શ્રીગોપીજનને થાય છે! ભક્ત ઉદ્ધવજી ખૂબ પ્રસન્ન થયા! ભક્તોએ તો આ રીતે જીવવું જોઈએ.

પોતાનામાં માત્ર અંતર્નિષ્ઠા છે, પણ વિયોગ નથી. આ ઉત્તમતાનો ઉદ્ધવે આદર કર્યો ! ભક્તોમાં અસૂયા ન હોય, નમ્યા, સ્તુતિ કરી. ક્ષત્રિય-રાજમંત્રી-જ્ઞાની, પુરુષ, ગોપજાતિની, વનવાસિની, અજ્ઞાન સ્ત્રીઓને નમતા નથી; નમે છે, - નમનીયપાદ કૃષ્ણપ્રિયાઓને !! અનુભવેલી અદ્‌ભુતતા વાણીમાં વણાઈ ગઈ, "ઉદ્ધવગીત" તે થયું, પુષ્ટિમાર્ગમાં મંગલાચરણમાં ગવાય, અંતરની અપરસ (અસ્પર્શ) તેનાથી થાય.

एताः परं तनुभृतो भुवि गोपवध्वो गोविन्द एव निखिलात्मनि रूढभावाः ।
वाञ्छन्ति यं भवभियो मुनयो वयं च किं ब्रह्मजन्मभिरनन्तकथारसस्य ॥ (५९)

સ્વાધીન અને સફલ શરીરધારી હોય તો માત્ર આ શ્રીગોપીજન જ ! જ્ઞાની, લૌકિક કે ભક્તો પણ નહિ ! શરીર મળે તેટલા માત્રથી સ્વાધીન કે સફલ શરીરધારી ન થવાય ! તેમાં, સંસારરત લૌકિક- લોકોનું તો જીવન વ્યર્થ જ છે. શરીરને વશ રહીને, શરીરને સાચવતાં જ, તેમનું જીવન વ્યર્થ વીતી જાય છે. જ્ઞાનીઓને જ્ઞાનપ્રાપ્તિ સુધી જ શરીરનો ઉપયોગ, પછી તો ભારવહનની જેમ શરીર ટકાવવાનું ! ભક્તો દેહને "હું છું" - તેમ માને, દેહરૂપ રહે, દેહધારી નહિ; જો કે તેમને ભક્તિથી કોઈ સમયે સત્ફલ મળે ખરું, પણ ગોપીજન જેવું તો નહિ ! અમે (ઉદ્ધવજી વગેરે) ભક્ત ખરા, જ્ઞાની ખરા, પણ આવો ઉત્કટભાવ તો નહિ ને !! તે તો માત્ર આ ગોપીજનમાં ! તે જ સાચાં શરીરધારી ! પૃથ્વી પર કોઈ આવાં નહિ ! સર્વાત્મરૂપ ગોવિન્દને પોતાના બનાવ્યા ! ગોવિન્દમાં જ રૂઢભાવ છે ! પોતાના શરીર પણ પ્રિયપ્રભુનાં સમજીને, પ્રિયપ્રભુની સેવામાં જ સમર્પણ કરી દીધાં ! તેમના શરીરધર્મો પણ શરીર સેવાને અનુરૂપ રહે તેટલા જ માટે, પણ પોતાનાં સુખ-સગવડ માટે નહિ ! સ્વાધીન શરીરનું આ જ ફલ છે ! "आत्मलाभात् परं न विद्यते ।" - શ્રુતિ તો આત્મલાભથી વધુ ઉત્તમ ફલ નથી, તેમ કહે છે.

ભગવાને સંદેશથી જ્ઞાન ગોપીને દીધું, દેહ કદાચ હવે ઉપયોગી ન ગણાય, છતાં જે ભાવ, ભવના ભયવાળા મુમુક્ષુઓ-મુક્તો-મુનિયો-અમે (ઉદ્ધવાદિ) ભક્તો અને સર્વ સન્માર્ગ-નિષ્ઠો પણ મેળવવાની ઈચ્છા રાખીએ છીએ, તે આ ગોપીજનને તો સહજસિદ્ધ છે ! અરે ! જીવન્મુક્તોને પણ બાહ્યસંવેદન હોય છે. વિદેહકૈવલ્ય સુધી રહે છે, લૌકિકભાવ થાય છે. લૌકિકોમાં તો લૌકિકતા જ રહે છે, નારદજી વગેરે ભક્તોમાં પણ ક્યારેક દેખાય છે ! પ્રહ્‌લાદ જેવા પણ રાજ્ય વગેરે કાર્ય કરે છે ! ગોપીજનને તો બાહ્યાનુસંધાનમાં, કૃષ્ણવિયોગની વેદના પણ અલૌકિક જ ભાવ દે છે, બીજી કોઈ અવસ્થા જ નથી ! તે વિચારે, આ જ સ્વાધીન - સફલ શરીરધારી છે. વસિષ્ઠ વગેરે જેવા બ્રહ્મભાવ-પ્રાપ્ત, બ્રાહ્મણ રૂપે તેમનો ઉત્તમજન્મ-શૌક્લ, ઉપવીતસંસ્કારથી-સાવિત્ર અને યજ્ઞદીક્ષાથી-યાજ્ઞિક; આ ત્રણ જન્મ ગણાય, છતાં તેનાથી શું પ્રયોજન ? ! જો કે તે બાહ્યસંવેદનમાં વેદાર્થનિષ્ઠ છે, દીર્ઘસત્રાદિથી અંતર્નિષ્ઠામાં બ્રહ્મપરાયણ છે, છતાં કર્મ કરતાં ભક્તિ શ્રેષ્ઠ છે. કર્મ તો આ લોક-પરલોકનાં સુખ દે; ભક્તિ ભગવત્સુખ દે ! પ્રસંગવશાત્ પ્રશંસા તો અનેકની હોય; પણ શ્રેષ્ઠ તો છે- આ ગોપીજન ! "अनन्तकथारसस्य ।" - અનંત-ભગવાન્ ! તેમની કથા પણ અનન્ત ! તેમની કથાનો રસ પણ અનન્ત ! ભગવાન્ છે રસરૂપ ને ! જેને આ સુલભ, તેને તો આવા બ્રહ્મજન્મથી પણ કોઈ પુરુષાર્થ પ્રાપ્ત કરવાનો રહેતો નથી ! કથારસ-રહિતને તો કર્મોપયોગી બ્રહ્મજન્મથી પણ કોઈ લાભ

નથી..ગોપીજન તો ગોવિંન્દરત ! તેમની સાધનદશા પણ બીજાની ફલદશા કરતાં પણ અત્યંત ઉત્તમ! તો ફલ !! અહીં તો, સાધનદશામાં જ ફલ લાભ છે; પછી કર્મ-જ્ઞાન શું કરવાનાં ?! શું અદ્ભુત આ ગોપીજન !!!

क्वेमाः स्त्रियो वनचरीर्व्यभिचारदुष्टाः कृष्णे क्व चैष परमात्मनिरूढभावः ।
नन्वीश्वरोऽनुभजतोऽविदुषोऽपिसाक्षाच्छ्रेयस्तनोत्यगदराज इवोपयुक्तः ॥ (६०)

"**इमाः**"- આ ગોપી ! જાતિથી હીન ગણાય. "**स्त्रियः**"- સ્ત્રીઓ ! જન્મથી હીન ગણાય, શાસ્ત્રનજરે અધિકાર વગરનાં ! "**वनचरीः**"- વનમાં સ્વછન્દે, દહીં વેચવા વગેરે માટે, ફરનારાં ! સ્થાન પણ ઉત્તમ નહિ ! ક્રિયા પણ ઉતમ નહિ ! "**वने तु सात्त्विको वासः**"- વનવાસ સાત્ત્વિક ગણાય, તે તો ઉત્તમલોકો ઉત્તમગતિ વનવાસથી મેળવે છે, તેથી; નહિ તો વનમાં વાનર, - હિંસકપશુ, લૂંટારા; ભિલ્લ વગેરે પણ વસે છે; તે બધાં ઉત્તમ ગણાઈ જાય ! વનમાં તો સુખ-સગવડ, સાધન-સંપત્તિ કેટલાં મળે ? આમ, દેખીતી રીતે તો હીનતા જ ગણાય. તેમાંય, "**व्यभिचारदुष्टाः**"- વ્યભિચારદુષ્ટ ! કદાચ લોકનજરે તો આમ લાગે, પણ વાસ્તવમાં તો, ભગવાને પોતાની લીલા માટે આ ગોપીજન વગેરે સૌને પ્રકટ કર્યાં છે. પ્રભુનાં પ્રાકટ્ય પહેલાં શ્રુતિરૂપા ગોપીજનના વિવાહ થઈ ગયા છે. તે ગોપો તેમના પતિરૂપ ગણાય. આ ગોપોનો આભિમાનિક (મનથી માત્ર માનેલો) સંબંધ છે. સતી અહલ્યાજીને પણ ગૌતમવેષધારી ઈન્દ્રમાં પતિભ્રમ થયેલોને ! આવાં લાગતાં આ ગોપીજન ક્યાં ?! અને પરમાત્મા કૃષ્ણમાં આ તેમનો રૂઢ-દૃઢ-ભાવ ક્યાં ?! વ્યભિચારિભાવ તો અસ્થિર; આ કૃષ્ણભાવ તો સુસ્થિર !! આશ્ચર્ય છે આ વિરુદ્ધભાવથી ! પહેલાં રાસસમયે અને ત્યાર પછી પણ, "**मन्यमानाः स्वपार्श्वस्थान् स्वान् स्वान् दारान् व्रजौकसः ।**"- આ વ્રજવાસી ગોવાળોએ ગોપીને પોતાની પાસે માન્યાં છે, પોતાનાં પત્ની માન્યાં છે; ગોપીજન પત્નીરૂપ નથી ! તેવો વ્યવહાર કરવા જતાં તો ભગવદીય ગોપીજન કે ભગવાન્ ભસ્મસાત્ કરી દે !

પ્રકટ પરમાનન્દ રૂપ કૃષ્ણ સર્વના ઉદ્ધાર માટે તો પધાર્યા છે, તેમાં ગોપીજનનો જે આ ભાવ છે, તે તો સર્વ પુરુષાર્થસાધક છે; જો કે સૌને ભગવાને પોતાની લીલા માટે જ પ્રકટ કર્યાં છે, પ્રભુ જ સૌના પતિ છે, છતાં સ્ત્રીઓ લૌકિકરીતે પોતાને પરણેલા પુરુષને પતિ ગણે છે. વિવાહિતપુરુષની સેવામાં દોષ પણ નથી, તેમાં શાસ્ત્રસંમત છે. આવાં લૌકિકસ્ત્રીઓને પણ "**सती**"- ગણ્યાં છે. તેમનાં સંતાન પણ ધર્માદિમાં અધિકારી ગણાય છે; કારણ કે વર્ણાશ્રમધર્મો દેહનિષ્ઠ છે. ધર્મશાસ્ત્રમાં તે ધર્મો કહેલા છે, ભગવદ્ધર્મો નહિ ! તેમાં અધ્યાસથી દેહ આત્મસાત્ લાગે છે, તેથી તેના ધર્મોને સ્વધર્મ ગણે છે. વાસ્તવમાં તો, આત્મધર્મો જ સ્વધર્મ છે. બ્રહ્મજ્ઞાન વગરના લોકો માટે સામાન્યધર્મો છે, બ્રહ્મજ્ઞનો મુખ્યાધિકાર તો ભક્તિમાં છે. ભગવાન્ મુક્તોપસૃપ્ય (મુક્તોને પ્રાપ્ય) છે, નિર્મલ પરમહંસોને ભક્તિ દેવા પ્રકટ થયા છે. અહીં તો, ભક્તિમાર્ગની રીતે વિચાર છે. તેમાં તો ભગવાન્ વિના અન્યનું ભજન દોષમાં કારણરૂપ છે. ભગવાન્ પણ સર્વધર્મ છોડીને પોતાનું ભજન કરવાનું કહે છે ને ! તે જ ઉત્તમ છે. આમ, અસ્વધર્મને સ્વધર્મ માનવો તે તો કપટ છે. વ્યાસજી તેમ માને છે, તેથી ભક્તિશાસ્ત્રરૂપમાં શ્રીભાગવતજીના આરંભમાં - "**धर्मः प्रोज्झितकैतवोऽत्र ।**"- કહે છે ને ! અહીં શ્રીભાગવતજીમાં કપટરહિત-ધર્મ છે. ધર્મશાસ્ત્રમાં જુદો વિષય છે. તેમાં આવું ભક્તિમાર્ગીય નિરૂપણ

ન હોય, તે સ્વાભાવિક છે. કામશાસ્ત્રમાં તેના શાસ્ત્રની વાતો, જેવી હોય તેવી રીતે, રજૂ કરી હોય; તેમ ધર્મશાસ્ત્રમાં તે સંમત ન પણ હોય! ભગવાન્ તો સૌને સુલભ નથી, છતાં માત્ર ભક્તિ દ્વારા પોતાની સુલભતા બતાવવા, ભગવાને ધર્મમાર્ગાનુકૂલ સ્ત્રીઓ રૂપે ગોપીજનને પ્રકટ કર્યાં, ધર્મમાર્ગીય-રીત છોડાવી, સ્વતંત્ર ભક્તિમાર્ગીય-રીતે પોતે પ્રાપ્ત થયા. આ દૂષણ નથી, ભૂષણ છે! પ્રભુનાં ચરણકમલનો સુગંધ ન માણ્યો હોય, તે સ્ત્રી અન્યને પતિ રૂપે ભજે! શ્રીરુક્મિણીજીનો આ અભિપ્રાય છે, તેથી ભગવાન્ સુદુર્લભ હોવા છતાં, તેમની જ આશા રાખીને, અન્યભજન વગર, ભગવદ્‌ભજન જ કરતાં, સૌએ જીવવું જોઈએ! અનન્ય-ભક્તિને ભગવાન્ સુલભ બને છે. આ ભક્તિમાર્ગનો સાર છે. શ્રીગોપીજન તો પ્રભુ માટે જ પ્રકટ્યાં છે.

અથવા, શ્રીગુસાંઈજી વિવિધ સ્પષ્ટતા કરે છે. ધર્મ બે પ્રકારનો : (૧) અંતરંગ, (૨) બહિરંગ. દરેકના ત્રણ વિભાગ : (૧) શાસ્ત્રોક્તરીતે થતો ભગવદ્વિષયક શ્રવણાદિધર્મ - અંતરંગતમ. (૨) યોગાદિ-સાધનથી આત્મચિંતન - અંતરંગતર. (૩) નિષ્કામપણે ઈશ્વરાર્પણ - બુદ્ધિથી થતાં યાગાદિ - અંતરંગ. બીજામાં; (૧) વર્ણાશ્રમધર્મ - રીતે સ્વર્ગાદિ - ફલના ઉદ્દેશથી થતો વૈદિકધર્મ-બહિરંગ. (૨) સ્વર્ગાદિ-ફલવાળો, વિવિધ સ્ત્રીપુરુષના અધિકારવાળો, વિવિધદેવપૂજન-વ્રત-પાતિવ્રત્ય વગેરે સ્માર્ત ધર્મ-બહિરંગતર. (૩) ઐશ્વર્યાદિફલવાળો, વિવિધદેવ, ગ્રહ વગેરેનાં પૂજનાદિવાળો, સ્માર્ત - બહિરંગતમ. આમાં, પૂર્વપૂર્વના ધર્મ પ્રબલ છે. "**चोदनालक्षणोऽर्थो धर्मः**"- ધર્મ વેદપ્રેરિત જ હોય, - તે મર્યાદા! અધિકારાનુસાર તેમાં પ્રવૃત્તિ થાય. પ્રભુમાં પ્રેમ થતાં, પોતાના વ્યસનથી થતાં શ્રવણ વગેરે ધર્મ નથી, આ પુષ્ટિ છે. ભગવાન્ જે જીવનું જે માર્ગમાં વરણ કરે - ગણે, તે માર્ગમાં તેનો અધિકાર ગણાય! તે માર્ગાનુકૂલ જીવનવ્યવહાર હોવો જોઈએ. તે તે શાસ્ત્રમાં તે તે ધર્મ કહેલો છે. જેના જેમાં અધિકાર હોય તે તે પ્રમાણ કરે, બીજું ન કરે. તેમાં દોષ શો ? અર્જુન પાસે ભગવાને દાદા ભીષ્મ-ગુરુ દ્રોણ વગેરે સામે યુદ્ધ કરાવ્યું જ છે ને! ગુરુજન સામે યુદ્ધ કરવું, તે તો શાસ્ત્રમર્યાદા પ્રમાણે દોષરૂપ ગણાય; પણ અર્જુનનો અધિકાર પુષ્ટિ-મર્યાદામાં; તેણે ભગવાનની આજ્ઞાથી યુદ્ધ કર્યું, દોષ નથી લાગ્યો; તેમ, ગોપીજનનો ભગવાને પુષ્ટિપુષ્ટિમાં અંગીકાર કર્યો છે, તેથી તે પ્રભુસેવારત રહે, લૌકિકપતિસેવન ન કરે, તેમાં કાંઈ દોષ નથી! વિવાહ વિના પણ તે પ્રભુભજન કરે છે. રાસપ્રસંગે ભગવાને મયાર્દાધર્મ કહ્યો, પણ તેમણે માન્યો નથી! પુષ્ટિધર્મ તેમણે પ્રત્યુત્તરમાં કહ્યો છે! અધિકાર વગર હૃદયમાં ધર્મ સ્ફુરે નહિ. આ પુષ્ટિમાર્ગમાં અધિકારવાળાં છે, ગુરુજન છે, - શ્રીગોપીજન! વિવાહિત-પતિભજન તેમને માટે વ્યભિચારરૂપ! આ વિલક્ષણ દૃષ્ટિએ, તેમને "**व्यभिचारदुष्टाः**"- ગણ્યાં. લોકનજરે પણ લાગે, વાસ્તવમાં તો, તેઓ ભગવદ્રૂપ જ છે. રસાનુભવ માટે ભગવાન્ જુદા જુદા ભાવ આપે છે, તે ભાવે લીલામાં પણ સૌ ભગવાનને ભજે છે. તે તેમનો સ્વધર્મ છે. વિરુદ્ધ લાગવા છતાં, દૃઢ કૃષ્ણભાવ ગોપીજનમાં છે! કૃષ્ણ તો સર્વસમર્થ ઈશ્વર છે. તે તો અજ્ઞાનથી પોતાને ભજનારને પણ સ્વાનુરૂપ જ ફલ આપે, કલ્યાણ કરે! સેવકને અનુરૂપ પણ નહિ! આ પુષ્ટિ છે ને! લોક-વેદમાં આ તો અજાણ્યું, છતાં ગોપીજન પાસેથી જાણ્યું! "**अगदराज**"- ઔષધસમ્રાટ્-અમૃત, અજાણતાં કોઈ પીએ તોય અમર બને ને! અમૃત પોતાના ગુણ પ્રમાણે અસર કરે છે, પીનાર સામે ક્યાં જુએ છે ?! અગ્નિને અડે તો દાઝે, લોકન્યાયે, કાંઈક સમાનતાથી આ દૃષ્ટાંત છે, સંપૂર્ણ નથી. કૃષ્ણ પણ પોતાના ગુણો પ્રમાણે,

સ્વતંત્રરીતે ફલ દે છે, ભજન વગર, સાક્ષાત્ સેવા કરનારને કૃપાથી કૃતાર્થ કરે છે ! ઈશ્વર સ્વતંત્ર હોવાથી, અન્યને પણ તેવી રીતે તેવું જ ફલ દે, તેવો નિયમ ન થાય. મંત્રાદિથી તો તે પ્રમાણમાં ફલ મળે !

અથવા; “**क्व इमाः**”- આ ગોપીજન ક્યાં ? અને “**स्त्रियः क्व**”- સાધારણ સ્ત્રીઓ ક્યાં ? સ્ત્રીઓમાં તો પુરુષ પ્રત્યે કામભાવ સંભવે, શ્રીગોપીજનને તો પુરુષોત્તમમાં નિરુપાધિક (હેતુ વગરનો, સહજ) સ્નેહ છે. ભગવાન્ સ્વયં તેમને તેવો ભાવ દઈ રસદાન કરે છે ! “**अवनचरीः**”- કાલ, કર્મ વગેરે સંબંધોમાંથી પર થઈને, તે તો ભગવાનના રક્ષણમાં ફરનારાં છે, ફલભોગ કરનારાં છે ! ભગવાને તેમને અલૌકિકસામર્થ્યથી પુત્રાદિ પણ દીધાં છે ! બ્રહ્માજી ભગવાનની સૃજ્યાશક્તિથી માનસપુત્રો સનત્કુમારો વગેરેને પ્રકટ કરી શકે, તો સર્વસમર્થ ભગવાન્ શું ન કરી શકે ?! કેવલ ભગવદીય છે,- ગોપીજન ! સૌના સ્વામી તો ભગવાન્ છે. તે ભગવાન્ વિના અન્યને ભજનાર વ્યભિચારી ગણાય. તેવા જીવોમાં તો આવો દૃઢ કૃષ્ણભાવ ન હોય. અરે ! નિર્દોષ લક્ષ્મીજીમાં પણ નથી ! નારદ વગેરે ભક્તોમાંય નથી ! “**एषः**”-આ ! ઉદ્ધવજીએ તો સ્વાનુભવે ગોપીજનમાં દૃઢ કૃષ્ણભાવ જોયો છે ને ! લોકવેદાતીત આ ભાવ ! કેવલ આ ગોપીજનને ફલ દેવા, કોટિકંદર્પલાવણ્ય પ્રકટ કરીને પધારેલા ભાવાત્મા ભગવાન્ ! તે તો બ્રહ્માદિને પણ સુદુર્લભ; આત્માથી પણ પરમ અધિક ભાવ ગોપીજનને આ ભગવાનમાં ! આત્મા માટે ભગવાન્ પ્રિય નથી, ભગવાન્ માટે આત્મા પ્રિય છે ! “**रूढभावः**”- પ્રમાણથી વિલક્ષણ, “**एष भावः**”- પ્રમેયથી વિલક્ષણ, “**परमात्मनि**”- સાધનથી વિલક્ષણ, “**कृष्णे**”- ફલથી વિલક્ષણ ! જ્ઞાનીઓ શાસ્ત્રાર્થપૂર્વક ભગવાનને ભજે, તોય ભગવાન્ તેમને માટે પોતે પધારતા નથી, જ્ઞાન-ભક્તિ વગેરે ભગવદ્ધર્મથી તેમનું કામ થાય ! શ્રીગોપીજન માટે તો શ્રીગોપીજનવલ્લભ પોતે પધાર્યા ! અમૃત શા અંગસ્પર્શે વિરહાનલ શાંત કરીને, કામના પૂર્ણ કરી, કૃતાર્થ કર્યાં ! સ્વચ્છંદે ભગવદ્રસ આ ભક્તોએ માણ્યો ! સ્વરૂપધર્મો પણ ભગવાને ગૌણ ગણ્યા ! વ્રજભક્તો મુખ્ય થયાં ! “**श्रेयस्तनोति**” ભગવાન્ વ્રજભક્તમાં એકતાન થઈને સ્વરૂપાનન્દનું દાન કરે છે !

અથવા, “**इमाः स्त्रिय.**”- આ વ્રજસ્ત્રીઓ ! “**व्यभिचारदुष्टाः**”- વ્યભિચારદોષવાળાં “**क्व**”- ક્યાં છે ? નથી જ; કારણ, “**अवनचरीः**”- પોતાનું સર્વસ્વ પ્રભુનાં સુખ-સેવા માટે છે, તેમ સમજીને, તે તેને સાચવે છે. કૃષ્ણમાં તેમનો દૃઢભાવ ક્યાં !- ભગવદ્ભાવરહિત થવાનો સંભવ પણ ક્યાં ? સ્વરૂપાત્મક લીલાસૃષ્ટિ છે ! તેમાં તો, ગોપ-ગોપી બધું જ ભગવાન્ પોતે છે ! પછી દોષ ક્યાં સંભવી શકે ? સ્વપ્નમાં પણ વ્રજભક્તોને તે ભગવત્સંબંધ જ છે, અન્યસંબંધ નથી ! સ્વાર્થ માટે ભગવાનને ભજે, તેને પણ પ્રભુ ભજનાનુરૂપ ફલ દે, તો ભગવાનના સુખ માટે ભગવાનને ભજે, તેને શું દઈ શકે ? ભગવાન્ તો નિત્ય ઋણી જ રહે છે ને ! અમૃત સ્વાર્થે પીનાર ઉપર પણ, ઉપકાર તો કરે જ છે ને !

અથવા; વ્રજમાં ફરતા ઉદ્ધવજીએ પુલિન્દીજીને જોયેલાં, તે યાદ આવ્યાં. હીનજાતિનાં, સર્વસાધનરહિત, ભિલ્લસ્ત્રીને લક્ષ્મીજીની સમાન સૌભાગ્ય કૃષ્ણકૃપાથી મળ્યું ! તો ગોપીજનની તો વાત જ શી ? “**क्व**”- ક્યાં, “**इमाः**”- આ - ભિલ્લસ્ત્રીઓ ! અને ક્યાં કૃષ્ણમાં આ દૃઢભાવ ?! પુલિન્દીમાં તો પુષ્ટિમાર્ગીય સર્વાત્મભાવ નથી કે મર્યાદામાં પણ તેમનો અધિકાર નથી ! “**व्यभिचारदुष्टाः**

वनचरीः" - પ્રભુને બદલે માત્ર સ્વપતિને ભજનારાં, વનમાં ફરનારાં ! ઈશ્વર તો સાધન વગર પણ સર્વ કરે નેં ! સાક્ષાત્ કૃપા તેમના પર કરી ! ગોપીજન પછી તેમને સેવાનો લાભ મળ્યો, અનુભજન થયું. રસાત્મક ભગવાનના સ્વરૂપનું ભિલ્લસ્ત્રીને જ્ઞાન શું ? અધિકારાનુસાર જ્ઞાન, જ્ઞાન પ્રમાણે ફલ. તેમને યોગ્યતા નથી, તેથી તો પુંલ્લિંગ છે; છતાં પ્રભુએ દીધેલા, રોગ દૂર કરનારા શ્રેષ્ઠ ઔષધ શા સન્નિધિથી, સ્મરરોગ પુલિન્દીઓનો ગયો છે ને ! પુલિન્દીને તો પાસે પ્રભુ હતા, આ ગોપીજનને તો સાક્ષાત્ સ્વરૂપાનન્દ મળે છે ! કેટલી વિલક્ષણતા છે ! ! આ ભાવ અને લાભ, ભગવદિચ્છાથી જ સંભવે, પણ અત્યાર સુધીમાં ક્યાંય બીજે સંભવ્યું નથી!

नायं श्रियोऽङ्ग उ नितान्तरतेः प्रसादः स्वर्योषितां नलिनगन्धरुचां कुतोऽन्याः ।
रासोत्सवेऽस्य भुजदण्डगृहीतकण्ठलब्धाशिषां य उदगाद् व्रजवल्लवीभिः ॥ (६१)

નિર્દોષ ભગવદીય લક્ષ્મીજીને નિરંતર રતિ દેવા છતાં, આ પ્રસાદ-લાભ દીધો નથી ! ઈન્દ્ર કે ઉપેન્દ્ર રૂપે ભગવાને વિહાર કરવા છતાં, પ્રભુને પ્રિય કમલગંધ અને કાન્તિવાળાં સ્વર્ગનાં સ્ત્રીજનને આ લાભ મળ્યો નથી, તો અન્ય અવતારમાં તો સંબંધ છતાં મળે જ ક્યાંથી ? ! રાસોત્સવમાં શ્યામના ભુજદંડથી, કંઠગ્રહણથી, જેમના મનોરથ પૂર્ણ થયા, તે વ્રજવધૂઓને જે પ્રાપ્ત થયો, તે બીજે ક્યાંય થયો નથી ! મોટાઓની પ્રાર્થનાથી, ક્યારેક મોટા કામ માટે, ભગવાન્ એક સ્વરૂપ પ્રકટ કરે, અવતાર લે ! અહીં તો, દહીં વેચવા ફરતાં ગોપી માટે, લોકવેદાતીત-પુરુષોત્તમે અનેક રૂપ પ્રકટ કર્યાં ! સર્વોત્તમ સ્વરૂપાનન્દ દીધો ! આવાં તો કોઈ હોઈ શકે નહિ ! ક્યાંય આવો પ્રસાદ-લાભ નથી ! તેમનાં તો ચરણરેણુ મળે તો પણ ધન્ય થઈ જવાય !

आसामहो चरणरेणुजुषामहं स्यां वृन्दावने किमपि गुल्मलतौषधीनाम् ।
या दुस्त्यजं स्वजनमार्यपथं च हित्वा भेजुर्मुकुन्दपदवीं श्रुतिभिर्विमृग्याम् ॥ (६२)

અહો ! તેમના દાસાનુદાસ થવાની પણ યોગ્યતા નથી, - જ્ઞાનિભક્ત ઉદ્ધવજીને લાગ્યું, તેથી ઈચ્છ્યું, આમનાં ચરણરેણુનું સેવન કરનાર છોડ, વેલ કે ઔષધીમાંનો એક હું થાઉં ! ગોપીમાંના એક થવાની તો કલ્પના પણ કઠિન છે ! કોઈ અન્યપ્રાણી રૂપ થવાય, તો તો પ્રસંગવશાત્ દૂર પણ જવાય. વ્યવહાર - યોગ્ય માનવ બને તો સમાનતાનો ભાવ થાય, લાભ ન થાય. મોટાં વૃક્ષ બને તો શીઘ્ર પ્રભુપ્રાપ્તિ ન થાય, લાંબું જીવાય ને ! અલ્પાયુષ્ય અને રજઃપ્રાપ્તિયોગ્ય જન્મ જ ઈચ્છવા યોગ્ય છે ! તેમાંય તુલસીછોડ-કુન્દ-જાતી-વેલ કે ડાંગર-ઔષધ રૂપ નથી થવું, ચરણરજઃ ન મળે ને ! તેને તો ભક્તો હાથથી ચૂંટે, પ્રભુને અંગીકાર કરાવે, મસ્તકે પણ ધરે, તેથી તો મોટાઈ આવે ને ! સામાન્ય છોડ-વેલ કે ઔષધ થવું છે, તો દીનતા વધે, લાભ તેથી વધે. આવો જન્મ પણ વૃન્દાવનમાં જોઈએ ! ભક્તિ અને આ રજઃલાભ તો ત્યાં જ મળે. અમુક રૂપે થવાનો આગ્રહ કાંઈ નથી, રજઃસંબંધ થવો જોઈએ ! ઉત્કર્ષ તો તેનાથી છે ને ! ભગવદ્ભાવ તો સુલભ છે,- આ ગોપીજનને ! બીજે ક્યાંય નહિ ! જે ગોપીજને ન છોડી શકાય તેવાં પુત્ર વગેરે સ્વજન છોડ્યાં, અરે ! સન્માર્ગ પણ છોડ્યો, પણ તે તો લૌકિક ! વાસ્તવમાં તો, સ્વજન-ભગવાન્ અને સન્માર્ગ-આર્યમાર્ગ-રૂપ પણ તે જ ! તે છોડ્યો ! "च"-થી ભગવદુપદેશ પણ છોડ્યો ! નહિ તો બાહ્યસંવેદનમાં સ્વસ્થ થવાય. મોક્ષદાતા મુકુન્દની પદવીને

પ્રાપ્ત થયાં ! તે પણ મોક્ષદાત્રી થયાં ! અમને પણ તે લાભ મળશે ! ભગવદ્ભજન કરતાં પણ આ ચરણરેણુ લાભ જ ઉત્તમ છે. શ્રુતિ પણ મુકુન્દપદવીને કહેવા તો ઈચ્છે છે, પણ સ્પષ્ટ કહી શકતાં નથી, દૃષ્ટાન્ત મળતું નથી. ભગવાને ગોપીજનને જ હવે દૃષ્ટાન્તરૂપ બનાવ્યાં ! ભગવદભિપ્રાય કોણી જાણી શકે ? તેથી તો - "यस्यामतं तस्य मतं...।"- કહીને શ્રુતિ અજ્ઞાનને જ વખાણે છે ને ! છતાં, છે તેની વિશેષ-જિજ્ઞાસાથી મુકુન્દપદવીને શોધે જ છે ! ઋષિ અને શ્રુતિને પણ તે જ્ઞાનદશા છોડીને; ગોપી રૂપે અજ્ઞાનદશાના સ્વીકારથી જ, સ્વરૂપાનન્દના અનુભવનો લાભ લાધ્યો છે ને !

સૌના પૂજ્ય પ્રભુ, ગોપીજનના તાપહારક રૂપે પધાર્યા છે ! સંતાપમાં તો પૂજા માટે પણ પૂજ્યસ્પર્શ ન થાય. આ મર્યાદા પણ અહીં નથી !

या वै श्रियार्चितमजादिभिराप्तकामैर्योगेश्वरैरपि यदात्मनि रासगोष्ठयाम् ।
कृष्णस्य तद्भगवतश्चरणारविन्दं न्यस्तं स्तनेषु विजहुः परिरभ्य तापम् ॥ (६३)

સર્વફલરૂપા લક્ષ્મીજી ! તે પણ ઈષ્ટસિદ્ધિ માટે જ કૃષ્ણચરણ આદરથી પૂજે છે. ગમે તેમ વર્તતાં નથી ! બ્રહ્મા, સનત્કુમાર વગેરે યોગેશ્વરો તો સર્વ કાંઈ કરી શકે. સર્વ પુરુષાર્થ-પ્રાપ્ત, સર્વસાધનસિદ્ધ, છતાં તે સૌ ઉત્તમ ફલસિદ્ધિ માટે કૃષ્ણચરણને ભજે ! આ સૌ માત્ર બાહ્યપૂજન કરતાં નથી, પણ અંતઃકરણમાં ધ્યાન પણ કરે છે ! તે કૃષ્ણ તો સદાનન્દ, ફલરૂપ, સ્વતન્ત્રફલદાતા, સ્વતઃ ભક્તિમાર્ગ- પ્રવર્તક, સર્વસમર્થ ભગવાન્ ! તેમણે વક્ષઃસ્થલે પધરાવેલાં ચરણકમલને, જેમણે રાસગોષ્ઠી (કૌતુકક્રીડા)માં, સ્વયં સ્વેચ્છાએ નર્તન કરીને શ્રમિત થતાં, કમલ-પંખાનો પવન કે ચંદન-રૂપ ગણીને, ભેટીને (સ્વવશ કરીને) સંતાપ શમાવ્યો ! નમસ્કાર જ સંભવે આવાં સર્વોત્તમ વ્રજભક્તોને તો !

वन्दे नन्दव्रजस्त्रीणां पादरेणुमभीक्ष्णशः ।
यासां हरिकथोद्गीतं पुनाति भुवनत्रयम् ॥ (६४)

“અરે ! શ્રીગોપીજનને નમન કરવાનો પણ આપણો અધિકાર નથી ! શ્રીનન્દરાયજીના વ્રજના સ્ત્રી-માત્રના એક જ પાદરેણુને, વારંવાર હું વિવેકથી વંદન કરું છું ! નન્દવ્રજમાં તો અનેક સ્ત્રી ! અસંખ્ય તેમનાં પાદરેણુ ! સૌને વંદનનું સામર્થ્ય અને યોગ્યતા નથી ! એક પાદરેણુને પણ વંદન, એક વખત નહિ, અનેક વખત ! આપણા કરતાં તો તે રેણુ મહાન્ છે, ફલરૂપ છે. અત્યાદરથી તેને માત્ર વંદન સંભવે !” તેનો મહિમા અને લાભ તો પુષ્ટિ-ભક્તિમાર્ગમાં ! ગુસાંઈજીએ ગાયું, - "एकोऽपि रेणुर्व्रजभूषणाङ्घ्र्याः पातुं क्षमः सर्वत एव सर्वम् ।"- વ્રજભૂષણાંગ રૂપ શ્રીગોપીજનના ચરણનો એક પણ રેણુ સર્વને તે સર્વતઃ રક્ષવા સમર્થ છે ! "अशेषतत्पादसरोजरेणुसनाथजातस्य कुतोऽस्ति मे भीः ॥"- “તે સૌ સકલ ચરણ-સરોજ-રેણુઓથી સનાથ થયેલા મને ભીતિ છે જ ક્યાંથી ? ! “અભયપ્રદ છે આ ! હરિકથા કરતાં, હરિકથા સાથે, ઉચ્ચ સ્વરે ગાયેલું જેમના સંબંધવાળું એક પણ ગીત, ત્રણ ગુણવાળા ત્રિભુવનને પાવન કરે છે ! ગંગાજીથી પણ અધિકતા છે ને ! અભીક્ષ્ણશઃ વંદન એ શ્રીગોપીજનના ચરણકમલના એક રેણુને ! ! કોટિવંદનમાં પણ ક્યારેક તે સંખ્યા સમાપ્ત થાય ને ! અનંત કહે તો અશક્ય લાગે ! તેથી વારંવાર - “अभीक्ष्णशः” - કહ્યું. આદર નિત્ય રહે ને !

પ્રિયસંદેશની સફલતા રૂપ વ્રજભક્તોની વિનંતી ! :

ઉત્સવ રૂપ ઉદ્ધવજીનાં ઉલ્લાસપૂર્ણ હૃદયસંવેદનો વાણી રૂપે પ્રકટ થયાં ! સૌની રજા લઈને, ઉદ્ધવજી મથુરા પધારવા લાગ્યા, રથમાં વિરાજ્યા. સ્નેહથી આંસુ સારતાં સૌ વ્રજજનોએ ભેટ દીધી ! પ્રિયસંદેશની સફલતા રૂપે વિનંતી નિવેદન કરી,—

मनसो वृत्तयो नः स्युः कृष्णदाम्बुजाश्रया ।
वाचोऽभिधायिनीर्नाम्नां कायस्तत्प्रह्वणादिषु ॥ (६७)
कर्मभिर्भ्राम्यमाणानां यत्र क्वापीश्वरेच्छया ।
मङ्गलाचरितैर्दानै रतिर्नः कृष्ण ईश्वरे ॥ (६८)

અમારાં શરીર-વાણી અને મન કૃષ્ણપરાયણ જ થાવ ! આ જ જીવનસાફલ્ય છે, સર્વોત્તમ ઉત્કર્ષ છે. અમારાં મનની વૃત્તિયો કૃષ્ણના ચરણકમલના આશ્રયવાળી થાવ ! વાણી તેમનાં નામનું રટણ કરનારી થાવ ! કાયા તેમને વંદન વગેરેમાં હો ! સર્વફલદાતા ઈશ્વરની ઈચ્છાથી, કર્માનુસાર ક્યાંય પણ ભટકતાં, અમારાં સર્વ મંગલાચરણથી, અમારી સર્વોત્તમ દૃઢરતિ ભગવાન્ કૃષ્ણમાં થાવ ! (૧) શરીરનો સેવામાં વિનિયોગ, (૨) સ્વાન્તમાં પ્રભુ પ્રત્યે સુદૃઢસ્નેહ; અને (૩) ભગવદ્ભાવ જ સદા કૃષ્ણ પ્રત્યે રહે. આ ત્રણ જ માગવા જેવાં છે ને ! ક્રિયા, જ્ઞાન અને અહંકાર-સહિત મનની અગિયાર ઈન્દ્રિયવૃત્તિયો, કૃષ્ણના ચરણકમલનો આશ્રય કરીને જ રહો ! કમલમાં રૂપ-રસ-ગંધ-સ્પર્શ ચાર છે. તે વિષયરૂપે ઈન્દ્રિયરોધ કરે ! શબ્દ તો સ્વતંત્ર રીતે પ્રભુમાં ઉપયોગી થઈ શકે. સાનુકૂલપ્રસંગ પડે ત્યારે પ્રભુસંબંધ નહિ, પણ સદૈવ દીનતાપૂર્ણ દૃઢભાવ ઈચ્છનીય છે, તેથી આશ્રય કહ્યો છે ! વાણી સદૈવ નામરટણ કર્યા કરે ! આમ, પાંચ વિષયો ભગવત્સંબંધી થઈ ગયા, પછી ઈન્દ્રિયો અન્યત્ર આથડે ક્યાંથી ? પ્રભુસંબંધી કર્મ તો થાય ત્યાં સુધી કરવાનાં હોય, છોડવાનાં નહિ, તેથી કૃતાર્થ થઈ જ જવાય !

દાસભાવે ઉદ્ધવજી ભગવત્સંદેશં લઈને આવ્યા હતા, ભગવદીયસંદેશ લઈને મથુરા પધાર્યા ! નમન કરીને નિવેદન નાથને કર્યું. ભગવાને વિચારેલાથી વિશેષ, કે શાસ્ત્રભક્તિથી વિશેષ, ભક્તિનો આ ઉદ્રેક છે ! સૌની ભેટ યોગ્ય રીતે દીધી, પ્રેમોત્સવ સૌએ માણ્યો !

આ છે, - ભ્રમરગીત ! અન્ય ભ્રમ-રહિત ભક્તો ભગવાનમાં રસમગ્ન છે. રસની ઉત્કટદશામાં, રસની સ્વાભાવિકતાથી, તેમાં પણ ઉષ્ણ-આલાપ છે, ઉપાલંભ પ્રભુને પણ આપે છે, દોષારોપ દેખાય છે, છતાં છે તો તે - સ્તોત્ર ! દશ શ્લોકમાં મુખ્યત્વે શ્રીગોપીજને ગાયું છે. માત્ર તેટલું જ "ભ્રમર-ગીત" નથી ! ભગવાને ઉદ્ધવજી સાથે સંદેશ બે અધ્યાયમાં દીધો છે, મા-બાપ અને પ્રિય ગોપીજનને ! તેથી બે અધ્યાય "ભ્રમર-ગીત" રૂપ છે ! કૃષ્ણસંદેશ રૂપ સાન્ત્વન બંને અધ્યાયમાં છે, ભ્રમર જેમ પુષ્પમાંથી રસપાન કરે, તેમ સકલ પ્રેમના સારરૂપ ભક્તોના ઉત્કટભાવપૂર્ણ આલાપનું અને સકલ-શાસ્ત્રના સારરૂપ પ્રિયસંદેશનું આમાં પરસ્પર પાન છે ! ઉદ્ધવજી અને ભક્તો આ ગીતમાં ભ્રમરરહિત બને છે ! ભ્રમર તેમાંની વક્રોક્તિ કે વ્યાજોક્તિમાં નિમિત્ત-ભૂત માધ્યમ છે, તેથી આ "ભ્રમરગીત" છે ! સૌને તે ભ્રમ-રહિત બનાવે છે. રસનું - લીલાનું સ્પષ્ટ જ્ઞાન દે છે. (૧) સેવક દ્વારા, (૨) ઉપદેશ દ્વારા, (૩) નિરોધથી, (૪) પ્રીતિ દ્વારા, (૫) જ્ઞાનથી, (૬) આત્મત્વથી, - સર્વથા નિરોધ ભગવાનને

આમાં ભક્તોનો કર્યો છે. (૧) વસ્તુનો નિશ્ચય, (૨) પહેલાં ઠપકો, (૩) વ્યાજોક્તિથી દોષગણના, (૪) પહેલાં નિર્દોષ રૂપે વર્ણન. (૫) નહિ તો જ્ઞાનસંદેશ વ્યર્થ થાય; તે નિશ્ચય છે. આમાં ગોપીજનના સ્તોત્રમાં બીજ છે - સ્નેહ. તે આરંભે દેખાય છે, પછી સ્તોત્ર છે, પછી સંદેશ છે, તેથી પછી પ્રિયમાં દોષારોપ અને માનની નિવૃત્તિ છે; તેથી પૂર્વે સ્નેહનું નિરૂપણછે. અહીં, જ્ઞાનનું ફલ છે,- પ્રિયમાં નિર્દોષ પણ પૂર્ણ ગુણપણાનું જ્ઞાન ! અને પોતાનામાં અલ્પત્વ-જ્ઞાન ! પછી ઉદ્ધવજીનાં વાક્યથી કૃતાર્થતા છે. ભગવાન્ અને છ ગુણ, મળીને સાત, તેથી સાત પ્રકારે નિરુદ્ધ શ્રીગોપીજન છે. ભ્રમરહિત સમજાય છે,- આ ભ્રમરગીતમાં !

અધ્યાય : ૪૮

દુર્ભગા સૈરન્ધ્રીને પણ કૃતાર્થ કરતા કૃપાલુ કૃષ્ણ ! - અક્રૂરને પણ કૃતાર્થ કરે છે ! સાચા પંડિતો કૃષ્ણને જ શરણે જાય છે ! :

કોમલ કૃષ્ણ કલ્યાણ સૌનું કરે છે. તામસભક્તોનું ભગવાને સાન્ત્વન કર્યું તથા ઉત્તમતા બતાવી. કુબ્જા-અક્રૂર, વગેરે રાજસ મથુરાવાસીઓ અને સાત્ત્વિક-પાંડવોને પણ કાયિક અને વાચનિક-સાન્ત્વન દીધું. ક્રમશઃ બે અધ્યાયમાં તેની કથા છે. અક્રૂર રાજસ હોવાથી પાંડવકથા પણ રાજસ-પ્રકરણમાં છે ! ભગવાન્ સ્વયં કુબ્જાને ત્યાં પધાર્યા. "सैरन्ध्र्याः ।"- શ્રીશુકે કહ્યું. "चतुःषष्टिकलाभिज्ञा शीलरूपादिसेविनी । प्रसाधनोपचारज्ञा सैरन्ध्री परिकीर्तिता ॥"- ૬૪ કલા જાણનાર, શીલ - રૂપ - યુક્ત, સૌન્દર્યપ્રસાધનનો ઉપયોગ જાણનાર, અંતઃપુરની અધિકારિણી સ્ત્રી,- સૈરન્ધ્રી ! ભગવદિચ્છાથી તેનું સામાન્યઘર પણ સર્વોત્તમ બન્યું ! ભગવાનનું કુબ્જાએ સ્વાગત કર્યું. તેના મનોરથ પ્રમાણે લોકરીતિએ પ્રભુ પધાર્યા છે ને ! ઊંચા-ઉત્તમ-નૂતન-પર્યંકમાં પ્રભુ વિરાજ્યા. "तथोद्धवः साधुतयाभिपूजितो न्यषीददुर्व्यामभिमृश्य चासनम् ।"- ભક્ત ઉદ્ધવજી સાથે હતા. તેમનું પૂજન કર્યું, આસન દીધું. દાસ તો પ્રભુ કે ગુરુજન સામે આસને ન બેસે, આદરનો અસ્વીકાર પણ ન કરે ! આસને હાથથી સ્પર્શ્યા, સ્વીકાર થયો, નીચે બેઠા, દાસધર્મ રાખ્યો ! ભગવાને કુબ્જાને સાનુકૂલ રીતે સુખ દીધું. સ્વલ્પ અંગરાગ દેવાથી તો અંગ અને અનુરાગ બંને મળ્યાં ! "दुर्भगेदमयाचत ।"- દુર્ભગાએ આ માગ્યું ! જ્ઞાનિભક્ત શ્રીશુક દુઃખથી બોલી ઊઠ્યા ! દુર્લભ મોક્ષપ્રદ પ્રભુ મળ્યા, છતાં દુર્ભાગ્યવશાત્ બુદ્ધિ જ એવી, કે આવું ક્ષણિકસુખ માગ્યું ! સંસારી પણ પ્રભુ પાસેથી ક્ષણિકસુખો કે સાધન જ ઈચ્છે છે. તે દુર્ભાગી છે ! ઉદ્ધવજીએ આ લોક અને વિશેષતઃ યાદવોને - "...दुर्भगो बत लोकोऽयं ।"- દુર્ભાગી કહ્યા હતા ! સેવા-દર્શન વગેરે કરે, સાથે રહે, છતાં પ્રભુને પિછાને નહિ,- તે દુર્ભાગી ! ભગવાને તો ઘણું દેવા વિચારેલું, પણ ભાગ્ય વચમાં આવ્યું, માંગેલું મળ્યું ! છતાં સત્યસંકલ્પ, ઉદાર કૃષ્ણે કૃપા કરી. પોતે વિચારેલું પણ દીધું ! "मानदः"- ભગવાન્ તો માન દે છે. ક્ષણમાં ભાન સંતોષનું દીધું. શ્રીશુકે ભક્તિ-સિદ્ધાન્ત કહ્યો.

दुराराध्यं समाराध्य विष्णुं सर्वेश्वरेश्वरम् ।
यो वृणीते मनोग्राह्यमसत्त्वात् कुमनीष्यसौ ॥ (११)

પ્રભુ તો પ્રસન્ન થવા કે પ્રાપ્ત થવા સુદુર્લભ છે. તે પ્રભુ પ્રત્યક્ષ મળે, તો પણ પોતે કાંઈ ન

માગવું ! ભગવાનને જેમ કરવું હોય તેમ કરે ! મનગમતું માગે, તે તો મૂર્ખ-દુર્બુદ્ધિવાળો ગણાય ! મહારાજાને રાજી કરીને, મદારી માંકડા માટે માગે તેમ ! અગિયાર શ્લોકમાં ઈન્દ્રિયસુખલાભરૂપ તેની કથા કહી. સ્માર્તભક્ત અક્રૂરજીની કથા, સ્માર્તતત્ત્વો ૨૫ હોવાથી, ૨૫ શ્લોકમાં કહી છે. કુબ્જાની કામના પૂરી કરી. અક્રૂરજીનું પ્રિય કરવા, અક્રૂરજીને ઘેર પ્રભુ પધાર્યા. કુબ્જાને ત્યાં ઉત્સવ રૂપ ઉદ્ધવજી સાથે હતા, અહીં, બલરામજી પણ સાથે છે. વચન પહેલું અક્રૂરજીને દીધું છે, છતાં ભગવાન્ તો દીન, સ્ત્રીના ઉદ્ધારક છે ને ! પહેલાં ત્યાં પધાર્યા, પછી અક્રૂરજીને કૃતાર્થ કર્યા ! સ્વામી સેવકને ત્યાં પધારે, તેથી સેવકનું મોટું માન - સૌભાગ્ય - બીજું શું હોય ? અક્રૂર ઊભા થયા, હર્ષથી ભેટ્યા. આદર કર્યો. આ તો ભક્ત અક્રૂર નથી ને ! તે તો પહેલાં મુક્ત થઈ ગયા છે, તેથી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ નથી કર્યા ! પ્રેમથી અક્રૂરે વિધિપૂર્વક પૂજન કર્યું. પ્રભુને પધરાવ્યા. અહીં, તો ઉદ્ધવજી પણ ધર્માનુકૂલરીતે, સમાનપણે આસને વિરાજ્યા છે ! શ્રાદ્ધમાં ગુરુ-શિષ્ય સમાન આસને હોય છે ને !

અક્રૂરે પ્રભુની સ્તુતિ કરી, દશ શ્લોકમાં, અને એકમાં પ્રાર્થના કરી. અયોગ્ય પ્રાર્થના પ્રભુ પૂર્ણ ન કરે ! કૃષ્ણે કૃપા કરી. કંસને માર્યો. કષ્ટ સૌનાં હર્યાં. કૃષ્ણ વિના જગતમાં કાંઈ નથી. સર્વ રૂપે કૃષ્ણ જ છે. શ્રુતિસિદ્ધ કે પ્રત્યક્ષ રૂપે તે જ છે ! સર્વતંત્ર સ્વતંત્ર ભગવાન્ અનેક રૂપે વિલસે છે. સર્વસમર્થને તેમાં બંધન શું ? સન્માર્ગ - સુરક્ષા માટે ભગવાન્ સત્ત્વગુણ ધારણ કરીને અવતરે છે. સર્વરક્ષક કૃષ્ણ ભૂમિનો ભાર ઉતારવા પધાર્યા છે. આ કૃષ્ણ યાદવ કુલમાં પધાર્યા, તે જ કૃતાર્થતા અક્રૂરને લાગી ! "कः पण्डितस्त्वदपरं शरणं समीयात् ।"- બંધમોક્ષને જાણે તે, વિવેકશીલ, - પંડિત ! તે તો કૃષ્ણ સિવાય બીજા કોને શરણે જાય ? સાચા પંડિતો કૃષ્ણને જ શરણે જાય છે. સર્વસમર્થ, કૃપાળુ કૃષ્ણની શરણાગતિથી જ સર્વત્ર, અનાયાસે સફલતા મળે. સુરેશ્વર કે યોગેશ્વરને પણ દુર્લભગતિવાળા ભગવાન્, આજે પોતાને સમજાયા, કૃપા થઈ. દેહાદિમાંથી મોહપાશને તે કૃપા કરીને શીઘ્ર છેદવા કૃપા કરે.

ભગવાને પ્રાર્થના સાંભળી. અવતારાદિલીલા તો ગુપ્ત છે. તે પ્રકટ કરે તો ભગવાનને ન ગમે ! આમ, અક્રૂરનાં વચન અસંબદ્ધ છે ! ભગવાન્ હસ્યા. મોહ કરાવ્યો ! લીલાપયોગી છે ને ! અક્રૂરજીને મધુરવચને માન દીધું, "દેવો તો સ્વાર્થી, સાધુ તો પરમાર્થી ! તીર્થો માત્ર જલમય નથી, કે દેવતા માત્ર પૃથ્વી કે શિલામય નથી ! તીર્થરૂપા જલાભિમાની-દેવતા ચિન્મયી, તીર્થમાં પૂજનીય દેવતા ચિદાનન્દમયી છે. વિધિપૂર્વક પૂજનથી લાંબા સમયે તે ચિત્તશુદ્ધિ કરે. જ્ઞાન કે ભક્તિપ્રવર્તક સાધુપુરુષો તો દર્શનમાત્રે પાવન કરે !" પોતાના પ્રિય - પાંડવોના સાન્ત્વન માટે અક્રૂરજીને હસ્તિનાપુર જવા કહ્યું. કલિયુગનો અવતારરૂપ દુર્યોધન, - પાંડવો સાથે કેમ વર્તે છે ? - તે જાણવા કહ્યું; પણ અક્રૂરજીએ તો અધિક કર્યું છે, ધૃતરાષ્ટ્રને ધમકાવ્યો પણ છે, મોહિત છે ને !

અધ્યાય : ૪૯

પાંડવોના દુઃખ - સમાચાર લઈને આવેલા અક્રૂર ! :

"ઈશ્વરની ઈચ્છા હોય તેમ થાય !" - સંસારીના હોઠે છે, હૈયે નહિ ! :

આજ્ઞા ભગવાનની થઈ. અક્રૂરજી હસ્તિનાપુર આવ્યા. સૌ સ્વજનને યોગ્ય રીતે મળ્યા. ત્રણ

માસ રોકાયા. વૃત્તાન્ત સઘળો જાણ્યો. સ્વલ્પ વિવેક-ધૈર્યવાળા ધૃતરાષ્ટ્રમાં રહેલા સ્વાભાવિક-દોષો, પુત્રાદિના મોહથી થતા દોષો અને શકુનિ વગેરેના સંસર્ગદોષો જોયા. પૃથાજી પ્રેમથી પ્રલાપ કરતાં આવ્યાં. તે તો નન્દભવને જઈને આવેલાં ! ભાવથી ભત્રીજા-ભગવાનને સ્મરવા લાગ્યાં. સંસારનાં સંબંધીઓ તો શત્રુ શાં ! સાચા સંરક્ષક તો માત્ર ભગવાન્ ! શરણાગતિ જ તેમાં સાધન ! સંબંધ વગરનાં પણ સૌ શરણે જઈ શકે ! "प्रपन्नां पाहि गोविन्द ।"- ફોઈએ પરોક્ષમાં પણ ભાવોદ્રેકથી ભગવાનને જોયા, શરણાગતિ કરી ! - "ગોવિન્દ ! મારી શરણાગતની રક્ષા કરો !" અલૌકિક બુદ્ધિવાળાને અલૌકિક અનુભવ થાય ! "शिशुभिश्चावसीदतीम् ।"- થી તો, સંતાન સાથે પોતાને લાક્ષાભવન વગેરેમાં પીડાતાં પણ ભાવનાથી જોયાં ! કૃષ્ણનાં ચરણ તો સર્વને સંસારના સર્વસંતાપમાંથી અભય આપે છે. ભગવત્સંદેશથી અક્રૂરે સાન્ત્વન ભક્ત કુંતાજીને આપ્યું. ભક્ત વિદુરજીએ પણ સમજાવ્યાં. પુત્રમોહાંધ ધૃતરાષ્ટ્રને અક્રૂરજીએ ધમકાવ્યો પણ ખરો ! ધૃતરાષ્ટ્ર પોતે હતો, - જન્માન્ધ ! થયો,- મોહાન્ધ ! પુત્રો થયા, - ઈર્ષ્યાન્ધ ! પછી બાકી શું રહે ? પુત્ર અને પાંડવોમાં તેને સમતા રાખવા કહ્યું. અનર્થ આચરે તેનું અધઃપતન થાય. - સ્નેહથી સમજાવ્યું.

ધૃતરાષ્ટ્ર સાત્ત્વિક છતાં મોહથી ભાન ભૂલેલો. તેને સાંભળવું ગમ્યું. કબૂલ તેણે કર્યું; પણ મોહથી હૃદયમાં તે રહેતું નથી ! દુનિયામાં સૌ સંસારીઓની દશા પણ આવી દયાપાત્ર જ છે ને ! ધૃતરાષ્ટ્રે કહ્યું, - "ઈશ્વરની ઈચ્છા હોય તેમ થાય !" સૌને આ તત્ત્વજ્ઞાન ગમે કે ન ગમે, છતાં હોઠે રમે છે ને ! હૈયે નહિ, હો ! તેમાં પોતાની તો કાંઈ ન કરવાની વૃત્તિ જ સ્પષ્ટ થાય છે ને ! અક્રૂરજી તો સંદેશ- વાહક ! સંદેશો મથુરા આવીને રામ-શ્યામને કહ્યો. પાંડવોને ધૃતરાષ્ટ્રે કરેલી પીડા કહી. ભગવાને ભક્ત દ્વારા સાન્ત્વન દઈને ભક્તોનો વિશ્વાસ દૃઢ કર્યો ! સ્વજન-સહકાર પણ ચતુરપુરુષ લોકસફલતા માટે શીખવે ને ! અદ્‌ભુતલીલા છે, - ભગવાન્ કૃષ્ણની ! ઐશ્વર્ય વગેરે છ ગુણથી અને સ્વરૂપથી, સાત રીતે ભગવાન્ લીલા કરે છે. પ્રમેયબલથી સૌ ભક્તો ભગવાનમાં આસક્ત થયા !

* * *

भगवान् व्रजेन्द्रनन्दन

દશમ-સ્કન્ધ-ઉત્તરાર્ધ

અધ્યાય : ૫૦

ભક્તેચ્છાનુસાર ભગવાનની લીલા પૂર્વાર્ધમાં, સ્વેચ્છાનુસાર લૌકિક-રીતે લીલા ઉત્તરાર્ધમાં છે : જરાસંધનો સત્તર વખત પરાભવ !

ભગવાન્ તો ભક્તવશ છે. ભક્તેચ્છાનુસાર ભગવાને અલૌકિકરીતે લીલાઓ કરી, તે પૂર્વાર્ધમાં કહી. ઉત્તરાર્ધમાં તો ભગવાન્ મુખ્યત્વે પોતાની ઈચ્છાનુસાર લીલાઓ કરે છે, તે કહી છે. પોતાનો તેવો સ્વભાવ ન હોવા છતાં, લોકધર્માનુસાર-લૌકિકરીતે-ભગવાન્ આ લીલાઓ કરે છે ! રાજસભક્તોને લૌકિકદુઃખ (વ્યસન) થાય, ભગવાન્ તે દૂર કરે, પરિણામે હૃદય કૃષ્ણમાં જ આસક્ત થઈ જાય. તેનાં સાધન અહીં સાધનપ્રકરણમાં સાત અધ્યાયમાં કહ્યાં છે, સાધનથી થતી આસક્તિ છે. સ્વતઃ સર્વોદ્ધાર માટે તો પ્રભુ પ્રકટ થયા છે. ક્યારેક ભગવાન્ પ્રદ્યુમ્નાદિ રૂપે, ક્યારેક અર્જુન-ભીમ વગેરેને સામર્થ્ય દઈને તેમના દ્વારા, લીલા કરે છે ! લીલા તો બધી ભગવાનની જ છે ! ભગવાન્, ભગવાનના ગુણો અને ભગવચ્છાસ્ત્ર,- તે ત્રણ રૂપે ભગવાન્ જ છે ! ગુણથી થતું ભગવત્કાર્ય પ્રમાણ, સ્વતઃ-પરતઃ તે ગુણયુક્તથી થાય. તેથી ૧૪ અધ્યાયમાં તેનું પ્રમાણ છે. તે રાજસ (સાધન-ફલ) પ્રકરણ. પ્રભુના વાક્યથી ધર્મ સમજાય, કાલાતિક્રમે તે નિરોધ કરે, કાલ ૨૧ પ્રકારનો, તેથી ૨૧ અધ્યાયમાં ભગવાનના ગુણો કહ્યા છે. તે સાત્ત્વિક (પ્રમેય-સાધન-ફલ) પ્રકરણ, પછી છ અધ્યાયમાં, ભગવદ્ગુણો-ભગવદ્રૂપ હોવાથી તેનું નિરૂપણ છે. રાજસભક્તોના નિરોધમાં સાધનરૂપ ભગવાનનાં કાર્ય છે. વિવાહ (સાધન- પ્રકરણમાં) અને પુત્રજન્મ રૂપ ફલ સુધી (ફલ-પ્રકરણમાં) તે કહેલ છે. ભગવાને અલૌકિક-સ્થાનરૂપ દ્વારકાની રચના કરી, જરાસંધને ભ્રમ કરાવી ઉપદ્રવ-નાશ કર્યો, જરાસંધનો નિગ્રહ કર્યો. મુચુકુન્દ પર અનુગ્રહ કર્યો. ગાન્ધર્વ, રાક્ષસ અને વિધિપૂર્વક-વિવાહ કર્યો, પુત્ર પ્રકટ કર્યા. તેણે તે રીતે વિવાહ કર્યા. પહેલાં ભૂમિ, માતા, વૈષ્ણવોનાં દુઃખ હતાં, તે દૂર કર્યાં. તે માટે તો પ્રભુ પ્રકટ થયા છે. ભૂમિ- માતાને સુખ દેવા મથુરા છોડ્યાં. પ્રમાણ-રક્ષા માટે અઢારમી વખત રણ છોડ્યું કહે છે-, આ રણ છોડનારા થયા,- "રણછોડરાય" ! કોઈ "ઋણછોડ" પણ કહે છે !

કૃષ્ણ તો અક્લિષ્ટકર્મા છે. ભગવાનની ઈચ્છાથી કંસનાં રાણીએ સહગમન ન કર્યું, સતી ન થયાં ! આજના અર્થમાં ભગવાનને લોકો સમાજ-સુધારક ગણી શકે ! પુત્ર વગરની તે સ્ત્રીઓ ગુસ્સે ખૂબ થઈ. અસ્તિ અને પ્રાપ્તિ તેમનાં નામ. અસ્તિ-સર્વધાતુના અર્થરૂપ; ક્રિયા કે સાધનરૂપા. પ્રાપ્તિ-સર્વક્રિયાના ફલરૂપ ! કંસ-સૌને સ્વાર્થે પીડનારો ! "कसि हिंसायाम् ।"- ધાતુપાઠ છે. સઘળું સ્વાર્થ માટે કરનારો-સમજનારો-સંસારી જીવનભર સૌને પીડે, સ્વાર્થ સાધે ! "મારી પાસે આટલું છે,"- "અસ્તિ !" અને "હું આટલું મેળવીશ," - "પ્રાપ્તિ !" તે બેમાં સદા મગ્ન રહેનારો, જીવન વ્યર્થ વેડફી દે, અંતે વૃદ્ધાવસ્થા આવે, જરાસંધ આક્રમણ કરે, કૃપાળુ કૃષ્ણ સિવાય અભય કોણ દે ? "અસ્તિ"- ક્રિયા સઘળી માનવ કરે; છતાં કૃપા વિના ન થવાય. "પ્રાપ્તિ"- ફલ કે સમૃદ્ધિ કે સફલતા બધી માનવ મેળવે; છતાં કૃપા વિના ભોગવી ન શકે, કલ્યાણ ન થાય ! તેથી તો બંને નિઃસંતાન (નિષ્ફલ) છે. પતિ કંસ મરતાં અસ્તિ અને પ્રાપ્તિ પિતા જરાસંધને ત્યાં ગઈ. જરાસંધે જાણ્યું હતું,- "કંસ મંચ પરથી

પડીને મર્યો." હવે તેને સાચું સમજાયું. સમર્થ શાન્ત કેમ રહે ? સેના સજ્જ કરી. ત્રણ અક્ષૌહિણી પોતાની, વીશ ભાડૂતી આણેલી, કુલ ૨૩. રાત્રે ઓચિંતો કપટથી તે આવ્યો, મથુરાને ઘેરી વળ્યો. લોકો તો ગભરાયા. પોતાના અવતારનું પ્રયોજન કાલાત્મા કૃષ્ણે વિચાર્યું. ભૂમિનો ભાર ઉતારવા, ભક્તોને અભય દેવા પ્રભુ તત્પર થયા. સોળ વર્ષે ક્ષત્રિયધર્મ પ્રકટ થાય, શસ્ત્ર લેવાય, યુદ્ધ થાય; પણ સમર્થને અશક્ય શું ? ભક્તદુઃખ ભગવાન્ સહન ન કરે ! જરાસંધ મગધ દેશનો, ભારરૂપ રાજા, ભૂમિના ભારરૂપ સૈન્યને લઈને આવ્યો છે. ભગવાન્ પુરુષરૂપ; દૈત્યો શરીરના મલરૂપ કે રોગરૂપ તેમને દૂર કરવામાં સર્વાત્મપણાનો ભંગ ન થાય ! દોષરૂપ દૈત્યો; તેને દૂર કરનાર ઔષધરૂપ-ભગવદવતાર !

ભગવાન્ તો કોઈને ક્લેશ થાય તેમ કાંઈ કરતા નથી, સર્વને સુખ દેવા પધાર્યા છે. માત્ર ધર્મરક્ષા માટે કૃષ્ણાવતાર નથી, દુષ્ટ વધ પણ તે કરે છે, સ્વતંત્રરીતે ભક્તિદાન પણ કરે છે. તે ભક્તોનો પક્ષ કરતા લાગે, તે તો કૃપા છે. ભગવાને વૈકુણ્ઠમાંથી પોતાનો તથા રામનો દિવ્યરથ, સારથિ વગેરે સાધનસહિત પધરાવ્યા. સૂર્ય શા તેજસ્વી ગરુડધ્વજ અને તાલધ્વજવાળા રથ ! દિવ્યાયુધ પણ ખરાં ! શત્રુને ચેતવ્યા, ભક્તોને અભય દીધું. બલરામ તો બલ બતાવવા ઉતાવળા ! પ્રભુએ પ્રેરણા દીધી. બહાર આવ્યા. શંખનાદ કર્યો. નાનકડું નગરનું સૈન્ય સાથે હતું. એકદમ સઘળી સેના તૈયાર ક્યાંથી હોય ? સંકર્ષણવ્યૂહનું કાર્ય મુખ્ય છે ને ! જરાસંધે "हे कृष्ण पुरुषाधम"- કહ્યા. સરસ્વતીજી તો સ્તુતિ જ કરે ને ! "કૃષ્ણ" - આનંદરૂપ, "પુરુષ" - ચિદ્રૂપ, "अधो मातीत्यधमः प्रपञ्चः सद्रूपः ।"- "અધમ" - "उर्ध्वमूलमधः शाखं..."- વિશ્વાત્મક સદ્રૂપ ! કોણ તેની સાથે યુદ્ધ કરે ? સ્વામી સાથે લડે તો સૌ હસે ! "न विद्यते मा माया यत्रेति अमो मोक्षः । अमं मोक्षं – ददातीति अमन्दः ।"- "અમંદ" - મોક્ષદાતા, તેની સાથે યુદ્ધ કેમ થાય ! બંધુ-કંસ-ને મારનાર યાદવ ન હોય, પ્રભુ જ હોય ! બલરામને તેણે પડકાર્યા. આવેશીને તો દેહસંબંધ હોય ને ! જરાસંધને યાદવો સાથે વૈર છે. ભગવાન્ તો અત્યારે તેને મારવા કે મોક્ષ દેવા ઈચ્છતા નથી, તેથી તો તેને સર્વદાન કરાવીને પછી મોક્ષ દીધો છે. પ્રભુ માગેલું દેતા નથી, દેવા જેવું દે છે !

ક્ષણમાં જરાસંધની સેના રામ-શ્યામને ઘેરી વળી ! પ્રભાવ પ્રભુએ પ્રકટ કર્યો ! અક્ષય-ભાથામાંથી તીક્ષ્ણતીર છોડવા માંડ્યાં. એકનાં અનેક થવા માંડ્યા. સંકલ્પાનુસાર સૈનિકો મારવા માંડ્યા. અદ્‌ભુત યુદ્ધવિધા - શસ્ત્રવિજ્ઞાન-પ્રભુએ પ્રકટ કર્યું. એક જ શસ્ત્ર, નિશ્ચિતરીતે અનેકને મારે ! અનેકરૂપ બને ! બલરામે બલ બતાવ્યું ! રમતમાત્રમાં સૌને માર્યા ! યુદ્ધમાં પણ ગંભીરતા કે ક્રોધ કે શક્તિ પ્રકટ કરવાં ન પડ્યાં ! અનંતકોટિ-બ્રહ્માંડમાં જેટલા પદાર્થો છે, તેથી પણ વધારે ગુણવાળા ભગવાન્ છે ! આ યુદ્ધમાં તો માત્ર માનવ જેવું વર્ણન-માત્ર છે. રામે જરાસંધને હાથથી પકડ્યો. ભગવાને વિશેષલીલાની ઈચ્છાથી છોડાવ્યો, જીવતો જવા દીધો. તે ફરી સૈન્ય લાવે તો ભૂમિનો ભાર ઊતરે ને ! દેવોએ પુષ્પવૃષ્ટિથી પ્રભુને વધાવ્યા. મથુરાવાસીઓએ ઉત્સવ મનાવ્યો. વિજયી વીરનાં સ્વાગત કર્યાં ! આમ કુલ સત્તર વખત જરાસંધ યાદવો સામે હાર્યો. અધર્મ- સ્થાન-મગધ-માં રહેનારને વિવેક પણ ન રહે ને ! બ્રહ્માંડમાં અધ્યક્ષ છે,- પ્રજાપતિ ! તે કાલાત્મા કે યજ્ઞાત્મા !. તે ૧૭ રૂપવાળો ! તેનો પરાજય થયો. જરાસંધ તો બે ભાગ રૂપે જન્મેલો ! જરારાક્ષસીએ પ્રજાપતિની પ્રેરણાથી રમતાં

સાંધ્યો, તેથી "જરાસંધ" કહેવાયો. તે પ્રજાપતિના પુત્ર રૂપ પણ ગણાય, તેથી તે રૂપે પરાજય કહ્યો. રહ્યા પ્રમાણરૂપ બ્રાહ્મણો અને વેદરૂપ શિવ ! તેમનું આરાધન કરી, આશીર્વાદ લઈ અઢારમી વખત આ બળવાન્ જરાસંધ ચઢાઈ લાવી રહ્યો હતો. ત્યાં તો વચમાં, કાલયવને નારદજીની પ્રેરણાથી ત્રણ કરોડ યવનો સાથે મથુરાને ઘેરી ! પાછળથી આવે તો દ્વારકા પહોંચી જાય ને !

સમુદ્રની વચમાં અંતરીક્ષમાં - ભૂમિમાં પાયા વગરના અદ્‌ભુત નગર "દ્વારકા"ની રચના ! :

ભગવાને સંકર્ષણ સાથે મંત્રણા કરી. લોકોને બીજે વસાવવા વિચાર્યું ! ગોવાળોને પણ મહાવનમાંથી વૃન્દાવનમાં લઈ ગયા હતા ને ! નિરોધ ત્યારે થાય. બે દુશ્મનોને ભેગા ન થવા દેવાય, ઉપાય એવો થાય. જરાસંધ પણ આજકાલમાં આવવાનો ! અન્યનગર વસાવવાનું નક્કી કર્યું. તેમાં ક્યાં બ્રાહ્મણ-વાક્યનું ઉલ્લંઘન કરવું પડે ?! ભક્તરક્ષક ભગવાને અદ્‌ભુત ઉપાય કર્યો ! બારયોજનનો જલદુર્ગ રચ્યો ! બાર રૂપવાળો કાલ પણ ત્યાં કાંઈ ન કરી શકે, દુર્ગ જીર્ણ-શીર્ણ ન બને ! માનવમાત્રને તે દુર્ગમ ! સમુદ્રની વચમાં નગર રચ્યું. તેનો આધાર પૃથ્વી નથી ! ભૂમિની જેમ નગર અંતરિક્ષમાં જલ ઉપર સમુદ્રમાં છે, નીચે બેસી ગયું નથી ! સ્વયં ભગવાન્ રચે પછી શું ?! વિશ્વકર્માની કુશલતા પણ કૃતાર્થ થઈ ગઈ ! આધુનિક વિચારે, મોટી સ્ટીમર સાગરમાં જલ ઉપર જ તરતી રહે છે ને ! ભગવાને તો તેવું આખું સ્થિર નગર જ વસાવ્યું ! જેમાં સોનાના અનેક મહેલો વગેરે છે. અદ્‌ભુત, અલૌકિક તેની રમ્યતા, ભવ્યતા અને દિવ્યતા ! શિલ્પકલાની જાણે અવધિ ! ઈજનેરીવિદ્યામાં અદ્વિતીય નિપુણતા ! પુષ્પવાળાં ઉદ્યાન ! અને ફલની મુખ્યતાવાળાં ઉપવન પણ તેમાં છે. ૨૧ માળનાં સુવર્ણનાં ભવનો પર સુવર્ણકલશની આસપાસ સુવર્ણશિખરો છે. સ્ફટિકના પાયા, અટ્ટાલિકા અને ગોપુર છે. અન્નસંગ્રહ માટે ચાંદી-કાંસા-વગેરેના કોઠારો છે. સુવર્ણકુંભની સર્વત્ર શોભા છે. સર્વધાતુઓના પણ ઉપયોગ ભંડારમાં છે. મરકતમણિની તો ભૂમિ છે ! છજાં પણ શોભે છે. ભગવાને જ ત્યાં ચારે વર્ણના લોકો વસાવ્યા છે ! વચ્ચે ભગવાનનું ભવ્યમંદિર છે; જેમાં રાજરાણીઓનાં ૧૬૦૦૮ મહેલો સમાયેલા છે ! ઈન્દ્રે તેમાં ભગવાનને સુધર્મા અને પારિજાત ભેટ રૂપે મોકલ્યાં ! સેવા કરીને સૌ કૃતાર્થ થાય ને ! આગળ કહેશે તે, પારિજાતહરણકથા તો મતાન્તર-ભાષાની છે ! નવરત્નનિર્મિત તે હોય તેવી, ભૂમિરૂપા કોઈ દેવતા, સુધર્મા કહેવાય છે. તે દેવસભા છે. ત્યાં બેસવા માત્રથી ધર્મ અને ધર્મફલ મળે ! બીજાં પણ દેવવૃક્ષો પધરાવ્યાં છે ! સિંહાસન પણ સભામાં ઈન્દ્રે પધરાવ્યું છે. આ સભામાં સ્વાભાવિક મરણધર્મો પણ આવતા નથી ! સર્વદોષ જાય, ગુણો આવે ! દક્ષિણ-શ્યામકર્ણવાળા શ્વેત અશ્વો વરુણે ભેટ દીધા. મન જેવો તેમનો વેગ ! નિધિપતિએ આઠે નિધિ મોકલ્યા. આઠ લોકપાલોએ પોતાના ભંડાર દીધા. સૌને સર્વ કાંઈ પ્રભુએ દીધેલું છે. તે પ્રભુને દઈને કૃતાર્થ થવાનું છે. કોઈની પાસે પોતાનું તો કાંઈ જ નથી !

ભગવાને ઊંઘતા સૌ મથુરાવાસીઓને યોગપ્રભાવથી દ્વારકામાં મૂકી દીધા. લોકો કહે છે, જાગેલા યાદવોને બહાર નીકળવાનું દ્વાર ન જડ્યું, સૌ પૂછવા લાગ્યાં, - "द्वार कहां ?"-"द्वार कहां ?"- નામ પડ્યું - "દ્વારકા !" - "શ્રીદ્વારકાધીશકી જય !" "द्वारि द्वारि कं ब्रह्मसुखं यत्र ।"- દ્વારે દ્વારે વૈકુણ્ઠ શો બ્રહ્માનન્દ છે ને ! તેથી પણ "દ્વારકા !" "द्वारेण बहुना प्रशस्तेन च प्रतिहारेण कायति शोभते इति द्वारका ।"- સુંદર દ્વાર અને દ્વારપાલથી શોભે, - તે "દ્વારકા !" સોનાની નગરી બે : ૧.

લંકા-દોષ રૂપ, રામે તોડી ! ૨. દ્વારકા - નિર્દોષ, સર્વગુણપૂર્ણ કૃષ્ણે વસાવી ! રાવણે સોનાની લંકા વસાવી, છતાં વસતાં ન આવડ્યું, કૃષ્ણે વસી બતાવ્યું !. શિશુપાલ રૂપે રાવણ ખરો ને ! રુક્મિણીજી પણ સીતા ખરાં ને ! દુ:ખમાંથી સ્વજનને છોડાવ્યાં, આસક્તિ કરાવી. રામને રક્ષા માટે રાખ્યા. કૃષ્ણ મથુરા પધાર્યા. ''निर्जगाम''- નિત્ય સન્નિધિ રૂપે પણ નીકળતા હોય તેમ, પદ્મમાલી, નિરાયુધ કૃષ્ણ સૌના દેખતાં દરવાજેથી મથુરાની બહાર નીકળ્યા ! માલા રૂપે કીર્તિ કૃષ્ણે પધરાવી, નિરાયુધ રૂપે રક્ષા સૌની કરી, સૂચવી દીધું.

અધ્યાય : ૫૧

કાલયવનનો કાલ, મુચુકુન્દની જન્માન્તરે બ્રાહ્મણ થતાં મુક્તિ; - લીલા કૃષ્ણની ! :

કૃપા ભક્ત નારદજીની ! કાલયવને કૃષ્ણદર્શન કર્યાં ! પકડવાના બહાને પણ પ્રભુને અનુસર્યો ! દૃષ્ટિ દ્વારા તો જ્ઞાનાગ્નિથી સંઘાતનાશ થયો. કાલરૂપમાં તેની મુક્તિ ! દર્શનીયતમ, પ્રતિક્ષણે નૂતન લાગતા હતા,- શ્યામસુંદર ! સર્વદેવતારૂપ પીતાંબર પ્રભુએ પહેર્યું છે ! ''सोम्यं वै क्षौमम् ।''- શ્રુતિ છે. સોમલતા સંબંધી યજ્ઞયોગ્ય રેશમી વસ્ત્ર છે ! ''आद्यन्तमध्ये बद्धो हि वेदेनामृतमश्नुते ।''- આદિ, અંત અને મધ્યમાં બંધાયેલો જ વેદથી મુક્તિ મેળવે છે. ''कच्छशिखोपवीतानि बन्धनान्याह वेदतः ।''- કચ્છ, શિખા અને ઉપવીત, વેદથી કહેલાં બંધન છે ! તે સિવાયના નગ્નને મુક્તિ ન મળે ! ''नग्नान्न मुक्तिः''- વૈદિકસિદ્ધાન્ત છે. પીતાંબરથી ધર્મરૂપા કહી. દક્ષિણાવર્ત-રોમરેખામાં સુવર્ણરેખા શું તેજ: શ્રીવત્સ, પ્રભુના વક્ષ:. સ્થલે વિરાજે છે, અર્થસ્થાપન છે ! દક્ષિણસ્તન ધર્મરૂપ છે. મુક્તજીવના વાસરૂપ કૌસ્તુભમણિ કણ્ઠમાં છે. પુરુષ કામમય છે. ચતુર્ભુજ સ્વરૂપ છે. મોક્ષદાતા પોતે જ છે ને ! કમલનેત્ર છે. સરસ, સદય, જ્ઞાનદૃષ્ટિ ભક્તિસાધક છે ને ! પ્રભુ પાંચે પુરુષાર્થપ્રદ છે ને ! પંચ-પર્વાવિદ્યારૂપ, સ્વતંત્ર-ભક્તિમાર્ગરૂપ, નિત્ય પ્રસન્ન પરમસુંદર મુખારવિન્દ છે !

"આ જ વાસુદેવ !" - નારદે કહેલાં લક્ષણે, પ્રભુ જાણ્યા ! કાલયવન પકડવા દોડ્યો. તે પણ પગપાળો અને નિરાયુધ ! પરાઙ્મુખ દોડતા પ્રભુને સન્મુખ પકડવા દોડે છે ! ક્રિયાથી આત્મા ક્યાંથી મળે ! મથુરાથી દશ યોજન દૂર ધવલપુર છે. ત્યાં મુચુકુન્દની ગુફા સુધી આવ્યા. "હમણાં પકડાશે !"- તેમ યવનને લાગતું હતું ! વચમાં ભગવાનનો તિરસ્કાર કરતાં વચન કહ્યાં, તેથી અશુભ દૂર ન થયું. પ્રભુ ન મળ્યા ! પ્રભુ ગુફામાં પેઠા. પેલો પાછળ આવ્યો. ત્યાં તેણે કોઈને સૂતેલો જોયો ! અધીર ઓળખે ક્યાંથી ! થઈ ભ્રાન્તિ ! માન્યા પ્રભુ- મારી લાત ! જાગ્યો સૂતેલો પુરુષ ! ખૂલી આંખ ! ઘૂમી દૃષ્ટિ ! પડી પડખે ! જોયો અપરાધી ! આંખમાંથી અગ્નિ સ્પર્શ્યો. યવનના દેહમાંનો અગ્નિ પ્રકટ્યો. કાલયવન ભસ્મસાત્ થયો. ભગવાને મથુરામાં બાકી રહેનારનાં આધ્યાત્મિક દુ:ખો દૂર કર્યાં. વનદૂષિત-સ્થાનમાં નિત્યમથુરા ન રહી, તેથી સૌને દુ:ખ થયેલું. યવનનાશથી તે દૂર થયું.

સૂતેલો પુરુષ તો રાજા મુચુકુન્દ. શ્રીશુકે રાજાને કહ્યું. ઈક્ષ્વાકુ-કુલમાં તે જન્મેલો, સમર્થ બ્રહ્મણ્ય રાજા ! ત્રસ્તદેવોની યુદ્ધમાં તેણે રક્ષા કરી. કાર્તિકેયના જન્મતાં તેને વિરામ મળ્યો, પણ - ''प्रजाश्च तुल्यकालीना नाधुना सन्ति कालिताः ।''- દેવોએ કહ્યું. "સમાનકાલીન પ્રજા હમણાં નથી. કાલે ભક્ષણ કર્યું છે !" કાલને કોણ અટકાવી શકે ? દેવોએ મોક્ષ વગરનું વરદાન માગવા કહ્યું. મોક્ષ તો માત્ર

ભગવાન્ વિષ્ણુ દઈ શકે. તે ભગવદ્રૂપ અને અધિકારી રૂપ ખરા ! ૨૮મા યુગમાં તે અવતરે ત્યારે મુક્તિ દે ! રાજાએ ત્યાં સુધી સુષુપ્તિ-દશા માગી. તે સમાધિસમાનને ! તેમાં વિઘ્ન કરે, તે જોતાં જ ભસ્મસાત્ થાય. ૨૮ યુગ સુધી રાજા મુચુકુન્દે ગુફામાં દેવ-નિદ્રા માણી. આટલા લાંબા સમય સુધી દેહાદિમાં વિકૃતિ નથી આવી ! તેનો દીર્ઘનિદ્રાશ્રમ ભગવાને હર્યો ! "मु"-"मुद्-परमान्दः ।"- નિર્દોષાનન્દ, "चु"- નિર્દોષ ચૈતન્ય, "कु"- નિર્દોષ સદંશ રૂપ છે. "उ"- કાર, નિર્દોષતાસૂચક છે. "मुचुकुं ददातीति मुचुकुन्दः ।"- પહેલાં જ્ઞાનાદિ દ્વારા તેણે લોકને સચ્ચિદાનંદ રૂપ દીધું છે, તેને તો સાક્ષાત્કાર મળે જ ને ! રાજાએ કાલાતિક્રમથી મુક્તિપ્રદ પ્રભુનાં, ઘનશ્યામ સુંદર સ્વરૂપનાં દર્શન કર્યાં, પરિચય પૂછ્યો. કઠિન ભૂમિમાં, કમલકોમલચરણે પધારવાનું પ્રયોજન પૂછ્યું. પોતાનો પરિચય પૂછ્યો. ભગવાને પોતાનો અવતાર-પરિચય દીધો. અનંતકોટિ-બ્રહ્માંડમાં, એક જ ક્ષણમાં, અનંત વસ્તુ-વ્યક્તિ રૂપે, અનંત-અવતાર અને કર્મ, તે ઓળખાવાય કેટલાં ! વસુદેવના પુત્ર પોતે વાસુદેવ ! કાલનેમિ રૂપ કંસને માર્યો ! સત્પુરુષોની રક્ષા માટે પ્રલંબ વગેરેને માર્યાં. રાજાની બાણ જેવી દષ્ટિથી પોતે જ આ કાલયવનને માર્યો. દુષ્ટનિગ્રહ કરનારા કૃષ્ણ, ભક્ત ઉપર અનુગ્રહ કરવા પધાર્યા છે ! રાજાની પહેલાંની પ્રાર્થનાઓ આજે સફલ થઈ. સર્વસમર્થ કૃષ્ણ, કામના દેવા ઈચ્છે છે, મોક્ષ નહિ ! શરણે આવે તેને શોક ન રહે. એક જન્મના અંતરે આને મુક્તિ દેવા પ્રભુ ઈચ્છે છે !

રાજાએ હર્ષથી નમસ્કાર કર્યા, સ્તુતિ કરી, - "ભગવાનની માયાથી મોહ પામે, તે ભગવાનને ન ભજે, દુઃખના કારણ રૂપ છે - સુખ ! તેની શોધમાં આથડે, અનર્થ કરે, ઘરમાં આસક્ત બને, તે દુર્લભ મનુષ્યજન્મ વ્યર્થ ગુમાવે છે ! સ્વજન-સત્તા-સમૃદ્ધિની ચિંતાનો અંત નથી. તેને પોતાનાં માનીને માનવ વખત વેડફે છે, મદ જ વધારે છે. હું પોતે પણ તેવો જ છું ! શરીરમાં "હું રાજા" - ગણીને આથડ્યો, વિષયલાલસ રહ્યો. સમર્થ હોવા છતાં, વિષયથી નર વાનર શો બને છે ને ! સુખ ચાલ્યું જતાં, સુખની લાલચે સત્કર્મ કરે છે ! "प्रवृद्धतर्षो न सुखाय कल्पते ।"- "તૃષ્ણા વધે તેને સુખ ક્યાંય ન મળે !" ભગવદિચ્છાથી અંતિમજન્મે કૃપાથી જ સત્સંગ મળે, ત્યારે ભક્ત દ્વારા સાધ્ય-સાધન-ફલ રૂપે શ્રીહરિમાં જ મતિ સ્થિર થાય ! કૃપા મારા પર થઈ. રાજ્ય બંધન ગયું. આપની અત્યંત પ્રાર્થનીય ચરણસેવા વિના બીજું કાંઈ હું ઈચ્છતો નથી. આપ મળ્યા, પછી આત્મબંધન રૂપ વરદાન કોણ માગે ? સઘળી અપેક્ષા છોડી, હું આપને શરણે આવ્યો છું !"- "पाहि मापन्नमीश ।"- "હે સમર્થ ! મારી શરણાગતની રક્ષા કરો !" રક્ષા માગી, કૃપા નહિ ! ભગવાને અભિનંદન દીધાં. લોભ ન રહે, ત્યારે લાભ મળે. ભક્ત તો ભય અને લોભ વગરનો હોય ! ભક્તિથી વાસના પણ નષ્ટ થાય ! ભગવાને કૃપાથી ભક્તિ દીધી, - તપઃથી શુદ્ધિની આજ્ઞા દીધી. હવે પછીના જન્મમાં બ્રાહ્મણ થતાં તેને કેવલ પુરુષોત્તમમાં મુક્તિનું વરદાન દીધું ! મુચુકુન્દ સાથે તેમાં પ્રવેશેલ કાલયવન પણ મુક્ત થવાનો ! પ્રમાણમાં રાજાને શ્રદ્ધા હતી, તેથી મર્યાદામાર્ગ દીધો, પુષ્ટિ નહિ ! સુખરૂપ ફલ તો લેનારને સુખ થાય તેમ દેવાય ને ! પ્રારબ્ધભોગ કરાવવા ઈચ્છ્યું. તે રાજા, પછીના જન્મમાં નરસિંહ મહેતા થયા, તેમ કહે છે. તે પુનઃ, પુષ્ટિમાં ગોપાલદાસજી થયા ! લીલા-ભગવાન્ શ્રીકૃષ્ણની !

અધ્યાય : ૫૨

કૃપાલુ કૃષ્ણનું પ્રવર્ષણ-પર્વતને ઉષ્મા માટે અગ્નિદાન ! : અગ્નિદગ્ધ - જરાસંધને ભક્ત પાંડવોના યશઃ માટે છાયા-જરાસંધ - રૂપે જીવાડ્યો ! :

ઈક્ષ્વાકુ ખૂબ ભક્ત હતા. ભક્તના વંશ ઉપર પણ ભગવાન્ કૃપા કરે છે. મુચુકુન્દ તેથી કૃતાર્થ થયા, સાષ્ટાંગ પ્રણામ કર્યાં, પરિક્રમા પ્રભુની કરી, ગુફા બહાર આવ્યા, કાલથી આવેલી ક્ષુલ્લકતા બધે જોઈ. ભગવાને મથુરાનો ત્યાગ કર્યો, ત્યારથી કલિયુગ આરંભાયો ! "પચીસ વર્ષે કલિ આવશે",- તેમ નિર્ણય કરીને, ભરતખંડ છોડીને, ભગવાને સમુદ્રમધ્યે દ્વારકાપુરી વસાવી ! પ્રભુ ત્યાં પધારતાં કલિ પ્રવેશ્યો ! કાલાભિમાની દેવતા તો પ્રભુના સ્વધામ પધારતાં આવ્યો છે ! બારમા સ્કન્ધમાં તેની કથા છે. રાજા મુચુકુન્દ, ઉત્તરમાં બદરીકાશ્રમમાં તપઃથી હરિને પ્રસન્ન કરવા પ્રવૃત્ત થયા.

કૃષ્ણ તો મથુરા પધાર્યા, યવનસૈન્ય માર્યું. ધન દ્વારકા લઈ જવાનો દેખાવ કર્યો ! તે સમયે ભગવદિચ્છાથી જરાસંધ આવ્યો. ૨૩ અક્ષૌહિણી સેના લાવ્યો. પ્રાકૃત ગણ ૨૩ તત્ત્વોનો ને ! પ્રકૃતિ વિના બધાં પ્રાકૃત લાવ્યો છે ! હવે, તો શિવ અને બ્રાહ્મણનો આશીર્વાદ વિજયનો છે. ઉતાવળો તે આવ્યો. ધન જોઈ મન લલચાયું. અધર્મનું દ્રવ્ય હોય ત્યાં અનર્થ અવશ્ય આવે ! ભગવાને ભક્તભૂમિને સુખ દેવા ઈચ્છ્યું. ખુલ્લા પગે સ્પર્શ દેતા દોડ્યા, ચિત્રકૂટના માર્ગે ! રામ-શ્યામને રામાવતાર યાદ આવ્યો હશે ! પ્રવર્ષણ-પર્વત ઉપર ભગવાન્ સદા ખૂબ વરસે ! મેઘ તો ક્યારેક ! ત્યાં ઠંડી લાગે. ઉષ્ણતા માટે પ્રભુને પ્રાર્થેલા ! પ્રભુ ઉપર પધાર્યા. વૃદ્ધાવસ્થા-જરાસંધ-પીડે ત્યારે, સંતોના સ્વાન્તઃમાંથી કથામૃત રૂપે વરસતા કૃપાળુ કૃષ્ણ જ રક્ષણ અને શાન્તિ આપે ને ! દોડીને પર્વત ચઢવો, ઊંચા સ્થાનમાં નીચે રહેલાથી ગુપ્ત સંતાવું, શક્ય કેટલું ? પણ અદ્ભુતકર્મા કૃષ્ણ તો પર્વત-સ્વામી પણ છે ને ! "**पर्वतानामधिपतिः ।**"- શ્રુતિ છે. પાછળ દોડતા દુશ્મનો આવ્યા. પ્રભુને ન જોયા. પર્વતને ઝાડથી છાઈ દીધો. આગ લગાડી. લીલા એક, પ્રયોજન અનેક ! અગિયાર યોજન ઊંચો પર્વત ! રામ-શ્યામ કૂદ્યા ! જમીન પર પધાર્યા ! અલક્ષ્ય રીતે દ્વારકા પધાર્યા ! દોષ કે વૈરદષ્ટિવાળાને નિર્દોષ ભગવાન્ ન દેખાયને ! "**स्वपुरं पुनरायातौ**"- પહેલાં પણ બંને પોતે પધારેલા, તેથી "ફરીથી આવ્યા !" તેમ કહ્યું છે. "**समुद्रपरिखां**"- સમુદ્ર આસપાસ છે, તેથી તો જુદા દ્વીપ રૂપ છે. કલિપ્રવેશ ત્યાં નથી ! પ્રભુ દ્વારકા પધાર્યા. જરાસંધ ચિંતાદગ્ધ થઈ ગયો ! અથવા, બળી જ ગયો ! માત્ર ભક્ત પાંડવોને યશઃ દેવા, ભગવાને-મિથ્યા-જરાસંધ રૂપે જીવતો રાખ્યો ! ભક્તોનાં કાર્ય તો ભગવાન્ જ પહેલેથી કરી રાખે છે. ભક્તોને તો માત્ર નિમિત્તભૂત જ થવાનું ને ! સેના સાથે તે સ્વદેશ ગયો. અધર્મના દ્રવ્યથી અને પર્વત પરનાં પ્રાણીઓને અકારણ પીડવાથી તેની બુદ્ધિ નષ્ટ થઈ.

દ્વારકામાં બલરામજીનો મંગલ-વિવાહ ! : ભગવાન્ રુક્મિણીજીને સ્વયંવરમાં વર્યા, તે સમાધિ-ભાષાની કથા છે ! : પરમતભાષાની કથા છે, - શ્રીરુક્મિણીજી સાથે ત્રિવિધ-વિવાહ !

દ્વારકા પાસેના આનર્તદેશના રાજા રૈવત. તે અમૃતરૂપ ! રેવતી તેની કન્યા. બ્રહ્મસભામાં રાજા તેને યોગ્ય વર પૂછવા ગયા. ત્યાં સંગીત ચાલે. રાજા ક્ષણ થોભ્યા. પૃથ્વી પર તો યુગો વીતી ગયા ! બ્રહ્માજીને કન્યા બલરામને દેવા કહ્યું. મંગલવિવાહ થયો. જયજયકાર થયો !- "શ્રીદ્વારકાધીશ કી જય !"

સૌ સાથે થતા સંઘર્ષથી લોકોને વિવાહની ચિંતા થાય, તે આધિદૈવિક-દુઃખ. ભગવાને તે દૂર કરવા પણ વિવાહલીલા કરી ! લોકમાં મોટા ભાઈનો વિવાહ પહેલાં થાય ને ! રેવતીજી ભક્ત છે, નિરુદ્ધ નથી, તેથી તેમની કથા નવમ સ્કન્ધમાં છે ! રુક્મિણી વગેરેની ચિંતા પણ દૂર કરી. દુઃખ - માનસિક, વાચિક અને કાયિક, તેથી ત્રણ અધ્યાયમાં તેની નિવારણકથા !

भगवानपि गोविन्द उपयेमे कुरुद्वह ।
वैदर्भीं भीष्मकसुतां श्रियो मात्रां स्वयंवरे ॥ (१६)

ભગવાન્ ગોવિન્દ-ઈન્દ્રરૂપ-છે ને ! તેથી વિવાહ કર્યો. ગોપીજનની જેમ પુષ્ટિ-અંગીકાર જ નથી. આ મર્યાદા છે ને ! વિદર્ભદેશનાં રાજકન્યા-વૈદર્ભી." તે કર્મજનિત નથી ! "**भीष्मं भयानकं कं सुखं यस्येति ।**"- ભયાનક સુખ જેનું છે તે,- ભીષ્મક ! પ્રલયકર્તા મહાદેવજીનો આ અવતાર ! પૂર્વાવતારમાં સીતાજી પણ મહાદેવકન્યા છે ને ! તે જ ભીષ્મકને ત્યાં પ્રકટ્યાં, લક્ષ્મીરૂપા છે. તેને અન્ય કોઈ વરી શકે નહિ. ભગવાનને અનુકૂલ અવતાર લઈને લક્ષ્મીજી પણ અવતરે છે ! ભગવાન્ સ્વયંવરમાં આ રુક્મિણીજીને વર્યાં. શિશુપાલ વગેરેને હરાવીને, સર્વલોકનાં દેખતાં, પ્રભુ દ્વારકા પધાર્યા. કામ-પ્રદ્યુમ્ન- પુત્ર રૂપે થયા. કામનું કષ્ટ ગયું. આ તો સમાધિભાષાની કથા છે ! રાજા પરીક્ષિતે આ વિવાહ બીજી રીતે સાંભળ્યો છે. તેમાં પરાક્રમ વિશેષ છે, તેથી રાક્ષસવિધિનું લગ્નચરિત પૂછ્યું. "**प्रसह्य कन्याहरणं राक्षसो विधिरुच्यते ।**"- બલપૂર્વક કન્યાનું હરણ તે,- રાક્ષસવિધિ ! ક્ષત્રિયમાં તે ઉત્તમ ગણાય. શ્રીશુકે તો ત્રણ અધ્યાયમાં ગાન્ધર્વ-રાક્ષસ અને વિધિપૂર્વકના વિવાહની કથા કહી ! કપટથી કન્યાહરણ, તેના ભાઈના મુંડનમાં બલરામજીનો બોધ, રુક્મિણીજીએ અપરિચિત (પ્રભુ)ને પત્ર લખ્યો, તે ત્રણ દોષ તેથી ન રહે. દોષ હોય તો રસાત્મકવિવાહ ન રહે. ભક્તિરસ જ શૃંગારાદિને દબાવનારો, તેથી સમાધિભાષાની વિવાહકથા સ્વયંવરરૂપા છે, બીજી મતાન્તર છે ! વિવાહ ધર્મ માટે થાય, વિલાસ માટે નહિ ! રાક્ષસ અને ગાંધર્વવિવાહ ક્ષત્રિય માટે ધર્મરૂપ છે. ભગવાને આ બે તથા વિધિપૂર્વક, તેમ ત્રણે વિવાહ પણ રુક્મિણીજી સાથે કર્યા છે.

ભગવાને જરાસંધ-શાલ્વને જીત્યા, - "**मागधशाल्वादीन् ।**"- તે પણ એકાકી-સ્વયં, તેમને જીતીને કુશલ રૂપે દ્વારકા પધાર્યા. તે પણ એક કલ્પમાં ! તેને વિરુદ્ધ માનતાં શ્રીશુકે ન કહ્યું ! ત્યારે તો ભગવાન્ નિમન્ત્રિત પધાર્યા છે. વરણ પહેલાં જ બલથી રુક્મિણીજીને હરીને, સર્વને જીતીને, એકાકી ઘરમાં પધાર્યા, તેવી કથા થાય. જો કે તેમાં પરાક્રમ ખૂબ છે; છતાં ક્લિષ્ટકર્મ થાય તેથી ન કહ્યું ! તામસકલ્પમાં તેવી કથા છે. પૂછેલું યોગ્ય ન હોય તો ન કહેવું ! શ્રવણાતુર રાજા છે. શ્રીશુકે સ્વયોગબલથી જોયું છે, તેથી અન્ય પાસેથી સાંભળ્યું છે, તેમ કહ્યા વિના કથા આરંભી.

વિદર્ભદેશમાં ભીષ્મક રાજા. રુક્મી વગેરે પાંચ તેના પુત્ર. ભાઈ વગરની કન્યા સાથે વિવાહ ન થાય ને ! પંચપર્વા અવિદ્યાના તે પાંચ દેવો, માયાના કાર્યરૂપ. કલિ(કલહ)ના સ્થાન રૂપ સુવર્ણનાં પાંચ જાણે સ્વરૂપ ! તેથી નામ તેવાં છે ! રુક્મ-સોનું. રુક્મિણી રૂપા(માયા) લક્ષ્મીજી ! પહેલાં તે જન્મેલાં ! માયા જીવને મોહ કરાવે, તેથી તો રુક્મીએ શિશુપાલ સાથે વિવાહ વિચારેલો ! તેથી તો રુક્મિણીને, સ્વરૂપાજ્ઞાન દૂર થયા પછી, પ્રભુમાં નિરોધ થયો ! તે નિર્દોષ છે, તેથી "**सती**"- કહ્યાં છે. સંપત્તિમાં આસક્ત સંસારી તો, લક્ષ્મીરૂપ સંપત્તિને, સંતતિના લાલનપાલનમાં જ વાપરવા ઈચ્છે ને ! શિશુ- સંતાન, તેના પાલનમાં

પરાયણ-શિશુપાલ! દૈવીદ્રવ્ય તો પ્રભુસેવામાં વપરાય ને! પુનર્જન્મ ન થાય, અન્યત્ર આથડવું ન પડે, માટે તો રુક્મિણીજી મોક્ષદાતા મુકુન્દ ભગવાનના ગુણો જ શ્રવણ કરે છે !- **"सोपश्रुत्य मुकुन्दस्य रूपवीर्यगुणश्रियः ।"** પાંચ ગુણો વરના. (૧) કન્યાને ગમે - રૂપ. (૨) કુલજનને ગમે - પરાક્રમ. (૩) સમાજને ગમે - વિદ્યારૂપ યશઃ, ગુણ. (૪) સ્વજનને ગમે - શ્રી, સંપત્તિરૂપ શોભા. (૫) સૌને ગમે - સર્વસમૃદ્ધિ. સત્પુરુષો પાસેથી કૃષ્ણના ગુણો સાંભળીને રુક્મિણીજીને સ્નેહ થયો. પ્રભુને મનથી વરી ચૂક્યાં. ભગવાને પણ તેમને વરવા ઈચ્છા કરી છે! **"तां बुद्धिलक्षणौदार्यरूपशीलगुणान्विताम् ।"**- પાંચ ગુણો કન્યાના. (૧) બુદ્ધિ - ઘરને તે જ સુવ્યવસ્થિત રાખે, સમજીને પતિ અને સ્વજનને સાનુકૂલ બને. શુદ્ધિ અને ભાવવૃદ્ધિ કરે. (૨) લક્ષણ - સ્ત્રી તરીકેનાં સુયોગ્ય સામુદ્રિક-લક્ષણ, સદ્ભાગ્ય સૂચવે. (૩) ઉદારતા - ઉદારતા ન હોય તો લોભથી લાભ બધા ગુમાવે, ક્લેશ થાય. સંકુચિતતાથી સંકોચ આવે. (૪) રૂપ - સુંદરતા, સ્વાભાવિક રીતે સૌ ઈચ્છે. (૫) શીલ - ચારિત્ર્યના અભાવે તો અધર્મ જ થાય; સુખ-શાંતિ સ્વપ્ને પણ ન સંભવે. આવા ૬ ગુણો 'રુક્મિણીજી'માં છે. આમ, પરસ્પરના સ્નેહથી આ થયો,- ગાંધર્વવિવાહ! બ્રાહ્મણસંદેશ દ્વારા સ્પષ્ટ થયો.

રામાવતારમાં સીતાપ્રસંગે રાવણ મર્યો, પણ વાસના તેની રહી ગઈ! કૃષ્ણાવતારમાં શિશુપાલ રૂપે રુક્મિણીપ્રસંગે પણ વાસનાવશ આવ્યો! રુક્મીને તે યોગ્ય લાગ્યો! લક્ષ્મીને તો લક્ષ્મીપતિ વિના લક્ષ્યમાં કોણ હોય ? પણ સંબંધ કોણ કરાવે ? ગાય, બ્રાહ્મણ અને દેવ - સૌનાં મિત્ર! શોધી કાઢવો કોઈ સાચો બ્રાહ્મણ! જે જીવતાં જગદીશની ઝાંખી કરાવે! રુક્મિણીજીએ સંદેશ વા પત્ર તૈયાર કર્યો. વિશ્વાસુ વિપ્રને દીધો. બ્રાહ્મણ દ્વારકા આવ્યો. બ્રહ્મણ્યદેવ ભગવાને તો સર્વસમૃદ્ધિથી પૂજન કર્યું! લોકશિક્ષણ માટે પોતે બ્રાહ્મણની સેવા કરી! સંતોષ તો સર્વધર્મશીલ બ્રાહ્મણની કામધેનુ છે. અસંતોષ જીવન-વનનો દાવાગ્નિ છે! લોક-કામના હોય ત્યાં કષ્ટ અને ક્લેશ કાયમ હોય. કૃષ્ણકામના જ કૃતાર્થ કરે!

विप्रान् स्वलाभसंतुष्टान् साधून् भूतसुहृत्तमान् ।
निरहंकारिणः शान्तान् नमस्ये शिरसासकृत् ॥ (३३)

છ ગુણથી તો વિપ્ર વિભુતુલ્ય બને. (૧) વિપ્રત્વ - અધૂરાંને મધુરાં કરે, પૂર્ણ કરે, તેવું જ્ઞાન. (૨) સ્વલાભસંતોષ - આત્મલાભ, મળે તેમાં સંતોષ. (૩) સાધુત્વ-સદાચાર. (૪) સર્વહિતભાવના-નિર્મલ હૃદય. (૫) નિરભિમાનપણું. (૬) શાન્તિ - બુદ્ધિની. આવા વિપ્ર તો વારંવાર વંદનીય છે! સ્વયં મોક્ષદાતા ભગવાન્ નમ્યા! રુક્મિણીજી પણ નમવાનાં ને! ઐશ્વર્ય તો સર્વત્ર પૂર્ણ કરે તેવો નિયમ નથી! વીર્યમાં સ્વલાભ નથી! યશઃમાં સાધુત્વ-સમદૃષ્ટિ-ન પણ હોય! શ્રીથી સૌનું હિત ન પણ થાય. જ્ઞાનમાં અહંકાર પણ સંભવે! વૈરાગ્યમાં ક્યારેક વિક્ષેપ પણ થાય! આમ, ઐશ્વર્યાદિ છ ગુણો કરતાં પણ ઉત્તમતાથી, સ્વતઃ સિદ્ધ વિભુતા વિપ્રમાં છે ને! તેથી તે નમનીય છે! નમ્યા છે,- શ્રીદ્વારકાનાથ! **"किं कार्यं करवाम ते ।"**- પૂછે છે, પ્રભુ! - "શું કામ કરીએ આપનું ?" આવા વિપ્રનું તો સર્વ કરવા કૃષ્ણ તત્પર છે! સર્વ જગતને મોક્ષ દેવો હોય તો પણ દે ને! વિપ્ર તો પ્રભુનું પ્રિય કાર્ય કરવા ઈચ્છે, સ્વાર્થ સાધવા નહિ! બ્રાહ્મણે તો પત્ર કે સંદેશ સંભળાવ્યો! તેમાં તો, શીલ તેવી શૈલી છે; અંતર તેવા અક્ષર, જેવો ભાવ તેવી ભાષા!

શ્રીરુક્મિણીજીનો પ્રભુને પ્રણય-પત્ર ! : જાણે સાત શ્લોકની "સપ્તપદી"ના સ્નેહસૂત્રમાં શ્રીહરિ બંધાય છે ! :

श्रुत्वा गुणान् भुवनसुन्दर श्रृण्वतां ते निर्विश्य कर्णविवरैर्हरतोऽङ्गतापम् ।
रूपं दृशां दृशिमतामखिलार्थलाभं त्वय्यच्युताविशति चित्तमपत्रपं मे ॥ (३७)

સાચું શ્રવણ તો પ્રભુમાં પ્રગાઢ પ્રેમ કરાવે ! પ્રેમવિહ્‌વલતાથી પ્રભુ વિના રહેવાય નહિ, અન્ય કાંઈ રુચે નહિ ! ગુણશ્રવણથી જ રુક્મિણીજી પ્રભુનાં થઈ ચૂક્યાં છે ને ? સાત શ્લોકમાં "સપ્તપદી" રૂપે, જાણે સુદૃઢ સ્નેહસૂત્રમાં શ્રીહરિ બંધાય છે ! છ ગુણ અને સાતમા ભગવાન્; તેમને વિનવવાથી વિઘ્ન કાંઈ ન નડે ને ! સ્નેહના સંસ્કારવાળી, ભાવની ભાષામાં જ ભગવાન્ અને ભક્ત પરસ્પર સમજી લે છે ને ! સ્નેહનું સહજ સંબોધન છે, - "ભુવનસુંદર !" જેના પ્રત્યે સુદૃઢ સ્નેહ હોય, તે જ ત્રિભુવનમાં સર્વ રીતે, સર્વ કરતાં, સુંદર લાગે, સર્વોત્તમ લાગે ! બ્રહ્મચારી, ધર્મજ્ઞ ભીષ્મને પણ, મરણ વખતે શરશૈય્યા પરથી પણ, કૃષ્ણ "**त्रिभुवनकमनं**"- લાગ્યા ! મથુરાની અજ્ઞ બાઈ કુબ્જાને, - "**सुन्दरवर्य**"- લાગ્યા ! ગોપીપરિષદમાં વિરાજેલા શ્યામસુંદર, સર્વજ્ઞ શ્રીશુકને, "**त्रैलोकलक्ष्म्येकपदं वपुर्दधत् ।**"- લાગ્યા ! પ્રેમહૃદયજ્ઞ રુક્મિણીજીને - "**भुवनसुन्दर**"- લાગ્યા ! વૈદર્ભી રુક્મિણીજીમાં ભક્તિ મુખ્ય છે. શ્રવણભક્તિનું સ્વરૂપ તેની સ્વાનુભૂતિમાંથી સમજાય છે. ગુણો કૃષ્ણના સાંભળ્યા ! શબ્દ રૂપે પ્રભુ કર્ણવિવરમાં પધાર્યા ! અર્થ રૂપે હૃદયના અંતસ્તલને સ્પર્શ થયો ! ભાવ રૂપે ભાવાત્મા પ્રકટ થયા ! ચિત્ત તેમાં આકર્ષાઈને એકાગ્ર થઈ ગયું ! કથા સાંભળતાં અર્થ સમજાય, હૃદયને સ્પર્શે, ભાવના જાગે, ભાવથી મન ભગવાનમાં જ દોડ્યું જાય, પ્રવેશે, સ્થિર થઈ જાય ! આમ અનુભવાય ત્યારે શ્રવણભક્તિ થાય, નહિ તો તે ધર્મ કે પછી કર્મ કહેવાય !

બલિરાજાને ત્યાં તો, "**श्रुत्वाश्वमेधैर्यजमानमुर्जितं**–"થી ભક્તની ક્રિયા પરાયણતા સાંભળીને પણ વામનજી પધાર્યા હતા ! અહીં તો, નિરોધલીલા છે ને ! શ્રવણ-માત્રથી, કોઈ બીજો પ્રયત્ન કર્યા વિના, ભગવાનના ગુણો અંતરમાં ઉતરે છે, સ્વાન્તઃનો સર્વસંતાપ શમાવે છે ! ભાવાત્મા ભગવાનના સ્વરૂપનાં હૃદયમાં જ દર્શન મળતાં તો, "**दृशामखिलार्थलाभं**"- આંખના ચારે પુરુષાર્થ સિદ્ધ થઈ જાય છે ! નેત્રનો સૂર્યભાવ - મોક્ષ છે, રૂપપાન - કામ છે; રૂપગ્રહણ - અર્થ છે; રૂપમાં રમણ - ધર્મ છે. પ્રયત્ન વિના પ્રાપ્ત થયેલો, આ તો પ્રેમનિધિ છે ને ! શ્રવણથી આંખને પણ આ લાભ થયો ! તેથી ચિત્તને લોભ થયો ! લોકલજ્જા છોડી, પ્રિયપ્રભુમાં તે પરાયણ થઈ ગયું !

યોગ્ય સમયે કઈ કન્યા સુયોગ્ય વરને ન વરે ? વિવાહ અને વિવાદમાં સાત સમાનતા જોઈએ. (૧) કુલ, (૨) શીલ, (૩) રૂપ, (૪) વિધા, (૫) વય, (૬) વિત્ત, (૭) સ્થાન. "**तन्मे भवान् खलु वृतः ।**"- "હું તો ઘરમાં સૌને ખરેખર કહું છું, - કૃષ્ણ જ મારા પતિ છે !" સૌ તે જાણે છે, છતાં અન્યત્ર દેવા તત્પર છે." પહેલાં સમુદ્ર-મથનપ્રસંગે પણ લક્ષ્મીજી નારાયણને જ વર્યા છે ને ! "**जायां विधेहि**"- "જાયા બનાવો !" - વિનવ્યા વિભુને ! "**आत्मार्पितश्च**"- "આત્મા અર્પ્યો છે, - આપને !" જેનું છે તેને સોંપ્યું ! "સિંહનો ભાગ શિયાળ કેમ લઈ જાય ? અન્ય કોઈ કામના વગર કરેલા સર્વધર્મથી જો પ્રભુ પ્રસન્ન થયા હોય, તો પોતે પધારીને પાણિગ્રહણ કરજો ! આવતી કાલે થનારા વિવાહમાં પ્રથમ એકાકી ગુપ્ત પધારજો ! યાદવસૈન્ય પછી જુદું લાવજો, પછી તેની સાથે લઈ જજો. રાક્ષસવિધિથી

મને વરજો ! પરાક્રમ મારું મૂલ્ય છે. અંતઃપુરમાં હું રહેનારી ! સ્વજનવધ વિના વિવાહનો ઉપાય કહું છું. વિવાહના આગલા દિવસે કન્યા કુલદેવી પાર્વતીની દર્શનયાત્રાએ જાય છે. ત્યાંથી મને પધરાવી જજો ! લગ્નના દિવસે જ લગ્ન થશે; પણ દ્વારકામાં ! આપની આ કૃપા નહિ થાય તો, વ્રતકૃશ હું, પ્રાણનો ત્યાગ કરીશ ! સો જન્મે પણ આ કૃપા ભલે થાય ! કમલલોચન કોમલ કૃષ્ણ આવા કઠિન કેમ બને !" પ્રભુપ્રાપ્તિના પ્રયત્નમાં, પ્રબલ પ્રતીક્ષા, પ્રેમપૂર્ણ ભક્તો જ કર્યા કરે ને ! કોઈ પણ જન્મે પ્રભુ પ્રત્યક્ષ પ્રાપ્ત થવા જોઈએ. તે માટે જ ભક્તના સઘળા પ્રયત્નો હોય !

અધ્યાય : ૫૩

ભક્ત ભગવાનને મળવા તલસે તો ભગવાન્ ભક્તને મળવા તલપે ! :

કુંડિનપુરમાં પધારી- પાર્વતીપૂજનમાંથી પ્રિયને હરતા પ્રભુ ! :

ભગવાને ભક્તિપૂર્ણ ભક્તિસંદેશ સાંભળ્યો. ભક્ત વ્યાકુલ હોય તો ભગવાનને શાંતિ ક્યાંથી ? - **"तथाहमपि तच्चित्तः निद्रां च न लभे निशि ।"** ભક્ત ભગવાનને મળવા આતુર છે, તો ભગવાન્ તો ભક્તને મળવા અત્યાતુર છે ! વિવાહનક્ષત્ર વિભુને વિપ્રે વિદિત કર્યું. વિવાહમાં નક્ષત્ર મુખ્ય છે, ચન્દ્ર - ગ્રહાદિ ગૌણ છે ! ભગવાને ઝટ મંગાવ્યો રથ-ગરુડધ્વજ ! તેના ચાર ઘોડા ! (૧) સૈન્ય (શૈબ્ય) - અસંખ્ય સૈન્યથી થતું કાર્ય, આ એક અશ્વ કરી શકે છે. (૨) સુગ્રીવ-સુગ્રીવ રામાવતારમાં સીતાજીને લાવવામાં કાર્યસાધક, તેમ આ અહીં ! સુંદર તેની ગ્રીવા ! પાછો ક્યાંય ન પડે. (૩) મેઘપુષ્પ-મેઘધારાની જેમ સૌને આવરી લઈને કૂદે - પડે. (૪) બલાહક - પક્ષી કે મેઘની જેમ ક્ષણમાં આવે-જાય ! બ્રાહ્મણને લીધો સાથે ! એક રાતમાં કૃષ્ણ કુંડિનપુરમાં પધાર્યા ! કોઈ જાણે નહિ ને ! કુંડિ-ખાબોચિયા જેટલું નગર ! ત્યાંના રાજાનો કુમાર ! અવજ્ઞા કૃષ્ણની કરે ! સુશોભિત પુરીમાં પ્રભુ પધાર્યા. દક્ષિણદેશમાં વિવાહની પૂર્વક્ષણે જ કન્યાવરણ થાય છે. હજુ તે થયું નથી ! **"कृतकौतुकमङ्गलाम् ।"**- લગ્નપ્રસંગે જ બે ગાલે હળદરથી શોભા કરવામાં આવે છે, પાનેતર ધરાવે છે. એક ધર્યું છે, એક વીંટાળ્યું છે ! સુવર્ણ, રૂપું અને વસ્ત્રદાનથી તેના દેવતા અગ્નિ, સોમ અને ગંધર્વને સંતુષ્ટ કર્યા. વિવિધ દાન પણ દેવાયાં છે. પિતાએ વિવાહ-સંસ્કાર કર્યા છે.

શિશુપાલનો પિતા દમઘોષ- **"दमस्य शान्तेः घोष एव न तु तस्य दमः ।"**- સંયમનો ઘોષ માત્ર છે, સંયમ નથી ! સંયમ વિના સફલતા ક્યાંથી ? અથવા; તો અક્ષરવ્યત્યાસથી "મદઘોષ" છે. અભિમાનની ઘોષણા શો ! તે તો ચતુરંગિણી સેના સ્વશિશુ શિશુપાલની જાનમાં લાવ્યો ! જાણે લગ્ન નહિ; યુદ્ધ કરવા આવ્યો ! નહિ તો વિવાહનો જ સાજ લાવે ને !

કૃષ્ણ પધારે ત્યાં તો, સ્નેહાતુર રામ પણ સૈન્ય લઈને પધાર્યા ! રુક્મિણીજી ચિંતાતુર હતાં ! રાત માત્ર લગ્નમાં બાકી હતી ! જીવન-મરણનો જાણે પ્રશ્ન હતો ! સંતાપ સ્વાન્તઃમાં સમાતો ન હતો ! આંસુ રૂપે ઉભરાતો હતો ! ત્યાં તો વામાંગ સ્ફુર્યું ! શુભશકુન થયા ! પ્રસન્ન વિપ્ર આવ્યો, મંગલ-સમાચાર લાવ્યો ! પ્રિયપ્રભુ લાવી દેનાર વિપ્રને દેવું શું ? ઉપકાર અત્યંત થાય તો નમી પડાય ને ! લક્ષ્મીજી નમ્યાં,- વિપ્રના ચરણે ! વિવેક સૌને સમજાવી દીધો ! કુંડિનપુર-પતિએ કૃષ્ણ-રામને પધારેલા જાણ્યા. તૂરી વગાડીને વરની જેમ સ્વાગત કર્યું ! સ્વાગત-સંતોષે વિધિપૂર્વક વરકન્યાને

દેવાની ભેટ પણ દઈ દીધી, - લગ્ન પહેલાં જ ! સુંદર આવાસ દીધો. સૌને થયું, - "સુયોગ્યવર તો આ ! પ્રભુ કૃપા કરે ! કૃષ્ણ અમારી રુક્મિણીને વરે !" સર્વસંતોષમાં કન્યાનાં મા-બાપની સંમતિ સમાઈ ગઈ ! ધર્મયુક્ત-વિવાહ તો ત્યારે ગણાય ને ! કન્યા અંબિકાલયમાં દર્શનયાત્રાએ ચાલ્યાં ! કૃષ્ણચરણનું ધ્યાનથી દર્શન કરી રહ્યાં છે ! મૌનવ્રત છે. મંદિરે યથાવિધિ પાર્વતીપૂજન કર્યું. ભગવાનની રાજસશક્તિને નમ્યાં !

नमस्ये त्वाम्बिकेऽभीक्ष्णं स्वसन्तानयुतां शिवम् ।
भूयात् पतिर्मे भगवान् कृष्णस्तदनुमोदताम् ॥ (४६)

"હે મા ! સંતાનસહિત તને અને શિવને નમું છું ! ભગવાન્ મારા પતિ થાવ ! કૃષ્ણ તેનું અનુમોદન કરો !" ભક્તને તો ભગવાનની સંમતિ સર્વમાં જોઈએ ને ! સર્વપૂજા આ મંત્રથી કરી. સૌને યોગ્ય દાન-દીધાં, સર્વ વિવાહવિધિ થયો. ત્રણ દિવસનું વ્રત પણ થઈ ગયું.

અંતરંગ દાસીનો હાથ પકડ્યો, મંદિરેથી રુક્મિણીજી બહાર પધાર્યાં. ભગવાને દીધેલી લગ્નમુદ્રિકા અંગુલિમાં ધરી છે ! બત્રીસલક્ષણા કૃષ્ણ ! સોળલક્ષણાં રુક્મિણીજી ! "श्यामां"- સોળવર્ષનાં શ્યામા ! ભગવાનને સુયોગ્ય સૌંદર્યસંપન્ન ! નૂપુરના નિનાદે ચરણ ચલાવતાં પધારે છે. યાત્રાના બહાને સુંદરશ્યામને સ્વશોભાનું સમર્પણ કરી રહ્યાં છે ! સતીની શોભા-શૃંગાર-તો પતિ કે પ્રભુની પ્રસન્નતા માટે હોય; - સમાજની સમજમાં સારા દેખાવા માટે નહિ ! શરીર અને સંપત્તિ પ્રદર્શન માટે ન હોય; સાનુકૂલ સેવા માટે સુરક્ષિત રખાય ! સતીનાં દર્શન થયાં. અધિકાર વગરની ઈચ્છા તો પતન કરાવે! રાજાઓ વાહનેથી નીચે પડ્યા! પ્રભુપ્રાપ્તિની પ્રતીક્ષા કરતાં, પરિસ્ખલિત પાદપદ્મને પદ્મા ચલાવે છે ! "तां राजकन्यां रथमारुरुक्षतीं....।"- રથમાં ચઢવા ઈચ્છતાં રાજકન્યાને કૃષ્ણે સૌના દેખતાં હરી લીધાં ! ઈચ્છા અને આતુરતા જીવની; અંગીકાર અને અનુગ્રહ ઈશ્વરનો ! "तां"- આત્મનિવેદન કરી ચૂકેલાં રુક્મિણીજી છે તે તો ! "माधवः"- લક્ષ્મીપતિ લક્ષ્મીને લઈને પધાર્યા ! પરાભવ સૌ રાજસમૂહનો કર્યો !

અધ્યાય ૫૪

શ્રીકૃષ્ણે રુક્મીને બાંધ્યો, બલરામે રુક્મિણીજીને સાન્ત્વન દીધું !:

ક્રુદ્ધ રાજાઓ સજ્જ થયા; પાછળ દોડ્યા. બલરામ તૈયાર હતા ! યુદ્ધમાં સ્વસૈન્યનું સામર્થ્ય રુક્મિણીને બતાવતા પ્રભુ પધાર્યા. રાજાઓ થાકીને પાછા ફર્યા. મન મનાવ્યાં, ગમે તે વિચારે ! રુક્મી બહેનને લીધા વિના પાછા ન આવવાની પ્રતિજ્ઞા લઈને ગયો. ભગવાને તેનું ધનુષ્ય તોડ્યું. તેણે બીજું લીધું. ભગવાને પણ પ્રાણહારકને બદલે બીજું ધનુષ્ય લીધું. ત્રણ વખત તેનું વરદાનપ્રાપ્ત ધનુષ્ય તોડી નાખ્યું ! તેણે તલવાર પકડી. પ્રભુએ પણ તીક્ષ્ણ તલવાર લીધી. દયામૂર્તિ બહેને ભાઈ પર દયા કરવા વિનવ્યા. રુક્મિણી માટે રુક્મી આવ્યો. રુક્મીને રુક્મિણીએ બચાવ્યો ! ભગવાને રુક્મીને પકડ્યો. તેના ઉત્તરીયથી બાંધ્યો. ક્યાંક ક્યાંકથી મૂછ-કેશ કાપ્યાં, વિરૂપ બનાવ્યો, પછી તે મરણ સુધી તે રૂપે જ રહ્યો ! મૃતકવસ્ત્ર લેનાર લોકોનું ભોજકટ નગર વસાવીને રોષથી ત્યાં જ વસ્યો ! રુક્મિણીજી લક્ષ્મીરૂપા ! તે પ્રકટેલાં સમુદ્રમાંથી, તેથી ભીષ્મક રાજા સમુદ્ર રૂપ પણ ખરા ! આ રુક્મી

કાલકૂટ વિષરૂપ ! તે દૈત્યનો પક્ષપાતી ! બલરામમાં શંકરનો આવેશ ! આગળ તે તેથી તેને હણશે. ભગવાન તો ભક્તના અપરાધીને મારે, પોતાના અપરાધીને માત્ર સજા કરે ને ! બલરામ પધાર્યા. રુક્મિણીજીને આશ્વાસન દીધું. ક્ષત્રિયધર્મની કઠિનતા સમજાવી. જ્ઞાનસિદ્ધાન્ત રૂપે આત્માની નિત્યતા કહી. ભગવત્‌સિદ્ધાન્તમાં તો મુક્તોનો અધિકાર છે. તત્ત્વજ્ઞાનથી અજ્ઞાન દૂર કરવા કહ્યું. રુક્મિણીજીની ઈચ્છા તો રુક્મીને સામાન્ય રીતે બાંધીને, દ્વારકા લઈ જઈને સમજાવી લેવાની હતી; પણ ભગવાને તેમ ન કર્યું ! તેમ કરતાં તો સૌને તેના પર શંકા આવે; તેણે છેતરવા જ વિવાહમાં સૌને બોલાવ્યા, - તેમ સૌ માને, તિરસ્કારથી દુ:ખી તેને કરે ! કૃપાળુ કૃષ્ણનું હૃદય કોણ સમજી શકે ?! બલરામના સાન્ત્વનથી સંતોષ સતીને થયો.

દ્વારકામાં શ્રીકૃષ્ણ-લગ્ન-મહોત્સવ ! :

ભગવાન્ કૃષ્ણ રુક્મિણીજીને લઈને દ્વારકા પધાર્યા. વિધિપૂર્વક વિવાહ કર્યો, ત્યારે મહોત્સવ યદુપુરીમાં ઘેર ઘેર થયો ! **"तदा महोत्सवो नृणां यदुपुर्यां गृहे गृहे ।"**- પ્રભુના પ્રાકટ્ય સમયે શ્રીનંદ-મહોત્સવ થયો હતો. આ પણ મહોત્સવ છે ! સૌ છૂટથી આનંદલાભ માણી શકે છે ને ! ઉત્સાહ - ઉલ્લાસ હૃદયનો ! બહાર ક્રિયાથી ઉત્સવ રૂપે ઊછળ્યો ! મંગલ સર્વત્ર થઈ રહ્યું. મંગલ વાદ્ય, મંગલ ગાન, મંગલ ધ્યાન, મંગલ શોભા, મંગલ ક્રિયા, મંગલ વચન; મંગલ પ્રસંગે સર્વમંગલ કરી રહ્યાં. નિત્યમંગલ રૂપ હરિ તો નિત્યમંગલશ્રી સહિત જ છે, પણ પ્રકટ તો કેવલ પોતે જ થયા હતા ! આજે તો પૂર્ણશક્તિ એકત્રિત થઈ ! **"दृष्ट्वा कृष्णं श्रियः पतिम् ।"**- લક્ષ્મીપતિ કૃષ્ણને જોઈને, મહાન્ સંતોષ સૌને થયો. "કૃષ્ણ" તો સદાનંદ છે, તે ભક્તો અને જ્ઞાનીઓને આનંદપ્રદ; પણ લક્ષ્મી તો લોકોને આનંદપ્રદ ને ! સામાન્ય સંસારીને સુખ તો સંપત્તિથી દેખાય ને ! જયજયકાર થયો, - "શ્રીદ્વારકાધીશ કી જય !" સંપત્તિ, સત્પતિ અને સન્મતિની ત્રિવેણીમાં તૃપ્તિ કોને ન મળે !! સૌને સુખ કૃષ્ણે દીધું, વ્યસન દૃઢ કૃષ્ણમાં થયું !

અધ્યાય : ૫૫

શરણાગત વાસુદેવાંશ કામ પ્રધુમ્ન રૂપે પ્રકટતાં ભગવાને કરેલી અદ્દ્‌ભુત રક્ષા ! :

સંસારમાં સૌને સરતાં રાખતાં, - કામ અને રતિ ! કામ કૃષ્ણ જેવો લાગે; રતિ - માયાવતી બને ! :

સામાન્યલોકો તો સંસારમાં સરતા રહે છે; - "હું-મારું"માં આસક્ત થઈને આથડે છે. પતિ, પત્ની, પુત્ર, પરિવારની વાડ બાંધીને તેમાં બંધાય છે ! ભગવાન્ તો પત્ની - પુત્ર - પરિવારમાં પરાયણ રહેતા દેખાવા છતાં, બંધનથી પર છે, ભોગરત દેખાતા હોવા છતાં ભોગથી પર છે ! આદર્શ ગૃહસ્થાશ્રમ સૌને સ્વાચારથી શિખવવાની ઈચ્છાથી પણ, પ્રભુ તેવી લીલા કરે છે ! (લક્ષ્મી) સંપત્તિ મળે તો સંસારીઓના મનમાં (વૈભવ) ભોગથી લાલસા સ્વાભાવિકરીતે થાય; સદ્‌બુદ્ધિથી સંપત્તિનો સુયોગ્ય સંયમપૂર્વક ઉપભોગ કે ઉપયોગ થાય, મુખ્યરીતે, વિનિયોગ પ્રભુ માટે થાય, તો કૃતાર્થ થવાય. **"प्रद्युम्न"**- પ્રકૃષ્ટ ધન રૂપ, ધન્ય બનાવતો આ કામ ! - પ્રભુસંબંધ તેના પ્રાકટ્ય પછી સુલભ થાય.

પ્રભુનાં પત્ની રૂપે લક્ષ્મીજી-રુક્મિણીજી પધાર્યાં. મહોત્સવમાં મગ્ન સૌ હતાં, સમયનું સ્મરણ ન રહ્યું. વર્ષ વીત્યું હશે, ત્યાં તો કૃષ્ણદ્વારે પુત્રજન્મની મંગલ વધાઈ મળી ! પુત્ર રૂપે પ્રકટ થયા છે-

કામદેવ ! "**कामस्तु वासुदेवांशः ।**"- કામ તો મોક્ષદાતા - વાસુદેવનો અંશ છે. "**तु**"- શબ્દ નિષિદ્ધ-કામ નથી, એમ સૂચવે છે. કામમાં બે સ્વરૂપ દેખાય છે. (૧) "**धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ ।**"- પ્રાણીમાત્રમાંનો ધર્મસંમત કામ ભગવદંશ રૂપ છે. "**प्रजातन्तुं मा व्यवछेत्सीः ।**"- શ્રુતિની-આજ્ઞાના પાલન રૂપે પ્રજાપરંપરા ચલાવતો, વિવેકપૂર્વકના ઉપભોગ રૂપ આ પ્રસિદ્ધ કામ ઉપકારક છે. તેના પત્ની નિર્દોષ સતી રતિ છે. (૨) "**जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम् ।**"- સ્વશત્રુ રૂપ, જ્ઞાનવિજ્ઞાન-નાશક, અતૃપ્તિની આગમાં અકળાવતો કામ, અવિવેકપૂર્વકના ભોગમાં પ્રેરતો, અંતઃકરણના રોગરૂપ આ કામ, માનવને નાશ પર્યંત ખેંચી જાય છે. રોગ, ભોગ તેનાથી ક્રમશઃ વધે, અયોગ્ય થવાય, સંસાર-સાગરમાં ડુબાય. "**त्रिविधं नरकस्येदं..।**"- માં કામ, ક્રોધ, લોભને નરકનાં દ્વારરૂપ ગણાવ્યા છે. આ નિષિદ્ધ-કામ શંબરાસુર રૂપ ! તેના સંબંધે તો રતિમાં પણ માયા- કપટ સાથે જ હોય, તે માયાવતી બને, મોહ કરાવે, દુઃખપ્રદ બને ! શ્રીભાગવતજીમાં ત્રિવિધસ્વરૂપ પણ કામનાં દેખાય છે. (૧) સાક્ષાન્મન્મથમન્મથ ભગવાન્ શ્રીકૃષ્ણ. (૨) કેતુમાલ ખંડમાં વિરાજતું ભગવાનનું માયામય - કામદેવ રૂપ. (૩) કામદેવ રૂપે વિરાજતું સ્વરૂપ. - આમાં આધિદૈવિક વગેરે ભેદ પણ વિચારી શકાય. બીજી રીતે વિચારતાં, (૧) દેવતારૂપ કામ. (૨) પ્રાણીમાત્રના હૃદયમાંનો કામ. (૩) વિષયભોગરૂપ કામ. પ્રાણીના હૃદયમાં રહેલો કામ બે પ્રકારનો : (૧) ધર્મસંમત - પ્રદ્યુમ્ન તેની દેવતારૂપ. (૨) ધર્મવિરુદ્ધ-શંબરાસુર તેની દેવતારૂપ.

સંસારમાં સૌને સરતાં રાખવા માટે કામ અને માયા બે અંશ પ્રકટ થયા. કામ પુરુષમાં અને રતિ સ્ત્રીમાં રહ્યાં ! જેથી મોહ પામીને, શરણે જવાને બદલે, સંસારમાં સૌ સરતાં રહે ! સૌને મોહ કરાવતાં, મહાદેવજીને પણ મોહ કરાવવા કામે પ્રવૃત્તિ કરી ! મહાદેવજી તો રુદ્ર ! "**रुद् रोगान् सर्वेषामेव द्रावयतीति रुद्रः ।**" સૌના રોગને દૂર કરનારા રુદ્ર ! કામ તો હૃદયરોગ રૂપ ! તેને પોતાની પાસે આવવા દે ?! રોગ સમજીને તેને બાળી નાખ્યો ! ત્યારથી લોકમાં પ્રવૃત્તકામ અધિષ્ઠાતા વગરનો થયો, શક્તિ-રહિત થયો. કૃષ્ણ પ્રકટ થયા, ત્યારે રુદ્ર ન બાળે તેવા અક્ષયદેહ માટે તે ભગવાનને શરણે ગયો ! "**यो यदंशः स तं भजेत् ॥**"- જે જેનો અંશ હોય તે તેને ભજે. શરણાગતિ એક વખત કોઈ કરે, ભગવાન્ તો સર્વદા તેને સંભાળે ! ભગવાનનો તે અંશ ભગવાનમાં પુનઃ પ્રવેશ્યો ! વાસુદેવાંશ હોવાથી પહેલાં પ્રભુમાં જ હતો, પ્રકટ થયો, બળ્યો, પછી પણ પ્રભુમાં પ્રવેશ્યો ! ઋષિરૂપા ગોપીજન પહેલાં ઋષિ રૂપ હતાં. પુરુષપણાથી તેમનામાં કામ હતો. તે તો સ્ત્રીરૂપ થયા, પછી કામને ત્યાં સ્થાન ન રહ્યું; તેમના દ્વારા પ્રભુમાં પ્રવેશ્યો ! તેમણે પ્રભુને પતિ રૂપે પ્રાર્થેલા પણ ખરાને ! પણ તે તો સ્વભાવથી પુરુષરૂપ છે ને ! તેમના દ્વારા કામ પુનઃ પ્રકટ ન થયો ! શ્રુતિરૂપાઓને તો પતિ રૂપે પ્રભુનો સંબંધ નથી. રુક્મિણીજીને સૌપ્રથમ પત્ની રૂપે પ્રભુએ સ્વીકાર્યાં ! પોતે પતિ થયા. તેમના દ્વારા આ જ કામ પ્રકટ થયો, તેથી તો તેનું સ્વરૂપ ભગવાનના સ્વરૂપની સમાન દેખાતું ! "**स एव जातो वैदर्भ्यां कृष्णवीर्य-समुद्भवः ।**"- વૈદર્ભી-રુક્મિણીજી-માં ભક્તિ મુખ્ય છે. ભક્તિથી દોષરૂપ કામ ન સંભવે. અહીં, અન્નમય વિકારરૂપ શુક્રથી જન્મ નથી, ભગવાનની ક્રિયાશક્તિથી જન્મે છે ! સદંશની શક્તિ ક્રિયા છે. શરીર હોય તો ક્રિયા થાય. કામ સ્વયં ચિદ્રૂપ છે. (કામ) ઈચ્છા જીવતાને થાય ને ! દેહસંબંધથી કામ સદેહ થાય ને ! તે દેહ ભગવત્સદંશ રૂપ છે; તેથી તો તે સદેહ કામરૂપ જ પ્રદ્યુમ્ન સૌને કૃષ્ણ

જેવો લાગે છે! "**प्रकर्षेण द्युम्नं यस्मात्।**"- પ્રયત્નથી તેજ: જેમાંથી છે તે! રુક્મિણીજીનાં અંશસંબંધથી તેમાં આનંદાંશ પણ છે. ભગવદિચ્છા સાનુકૂલ હતી, તેથી તો કૃષ્ણથી તે ન્યૂન ન હતો!

કામરૂપ શંબરે નારદજી દ્વારા આ જાણ્યું. ઈચ્છા પ્રમાણે રૂપ ધરનારો તે કામરૂપી! પ્રધુમ્ન તો કામ! તેને પોતાનો શત્રુ માન્યો! દશ દિવસ પછી તો ભગવાનના હસ્તસ્પર્શથી તે મરે નહિ, તેથી આવ્યો ઉતાવળો શંબર સ્ત્રીવેશે! હક્ક કરનારા સૌ હટે, પછી હરિ પોતાનો બનાવે ને! હક્ક કરનારને કર્તવ્યનું ભાન જરૂરી છે. અક્લિષ્ટકર્મા કૃષ્ણ! ક્લેશ લેશ પણ કોઈને ન કરાવે. પુત્રને પણ હરી જવા દીધો! "**अनिर्दशम्**"માં "**अहः**" શબ્દનો લોપ છે. દશ દિવસ થયા નથી, ત્યાં તો શત્રુ ગણતો શંબર આવ્યો. સ્ત્રીવેશ શંબરે ધર્યો છે, પણ નભાવવો સહેલો નથી! શરીરથી કદાચ સ્ત્રી થવાય, સ્વભાવથી કદાચ સ્ત્રી થવાય, સ્ત્રીનો વેશ પણ ધરાય, પણ ભાવથી સ્ત્રી થવું સહેલું સૌને માટે નથી ને! "**ष्टै वेष्टने।**" તેને "**दृट्**"- પ્રત્યય કરતાં **स्त्रायतीति स्त्री।**"- થાય. પતિ અને પરિવારને સ્નેહસૂત્ર રૂપે વીંટળાઈને રહે, કુટુંબને એક અને અખંડ રાખે,- તે સ્ત્રી! દ્વેષ-ક્લેશથી સૌને જુદાં પાડે તે નહિ! સ્ત્રીવેશ હતો શંબરનો, સાથે હતું રડતું નાનું કુમળું બાલક! વેશ હતો- સ્ત્રીનો; પણ આવેશ હતો- વૈરનો! તેથી શંબરે બાલકને સમુદ્રમાં ફેંક્યો! કામે તો આ જન્મ પહેલાં શરણાગતિ કૃષ્ણની કરી છે ને! શરણસ્થનું રક્ષણ અને પોષણ અચિન્ત્ય રીતે ભગવાન્ કરે છે. જન્માન્તરમાં પણ રક્ષા સ્વત: પ્રભુએ પહેલેથી તૈયાર રાખી! ફેંકેલું તદ્દન નાનું બાલક બચે? - "**प्रास्य**" છે. દરિયામાં પછડાય તો જીવે? નીચે મત્સ્યે મોં ખુલ્લું રાખ્યું હશે! સીધું પહોંચ્યું પેટમાં! ગભરાયેલું મત્સ્ય! ભાન ભૂલ્યું! પકડાયું જાળમાં! ભેટ દેવાયું શંબરને! વિલંબ થાય તો મત્સ્યના ઉદરમાં મરે! શંબર સામે મત્સ્ય ચીરાય તો પણ મરે! શંબરે દીધું રસોડામાં! ત્યાં ઉપરી હતાં માયાવતી! માયાવતી તો કામપત્ની રતિ હતાં! કામ બળતાં, શંબરે તેનું હરણ કર્યું. ત્યારે તેમાં માયાનો પ્રવેશ થયો, માયાવતી થયાં! તેથી મોહિત હતો શંબર! માયાવતીને આ આશ્ચર્યરૂપ બાલક રસોઈયાએ લાવીને દીધું! નારદજી આવ્યા! સઘળો વૃત્તાન્ત કહ્યો. માયાવતીએ પતિ સમજીને બાલક સાચવ્યું! લોકમાં સૌ કામથી દુ:ખી થાય. કામ તો દેહનાશ, ધનુષ્યાદિ સર્વનાશ અને સ્ત્રીહરણથી દુ:ખી થયો. શંકરથી બળેલાને સુખ ક્યાં મળે? કૃપાળુ કૃષ્ણની શરણાગતિથી સુખ સુલભ થાય. શરણાગતની, આવી અનાયાસે અનેક વાર અદ્ભુત રક્ષા કૃષ્ણ વિના કોણ કરે?! આ કામ મત્સ્યના ઉદરમાં પ્રવેશે નહિ, તો આગળ ઉપર ભગવાનના કામથી સ્ત્રીવિવાહ અયુક્ત થાય! મત્સ્ય તો કામનું ધ્વજચિહ્ન ને!

આદર્શ પુત્રવધૂ - પરિવારથી વિખૂટા પડેલા પતિને આકાશમાર્ગે પરિવારમાં પાછો લઈ આવે છે!:

રતિ તો કામની જ પત્ની છે; પણ કામથી કોઈની પત્ની નથી! પતિનો તો દેહ જ બળ્યો છે, તેથી તેમના જન્મની રાહ જોતી હતી! તે માયાને જાણે છે. સૂપકારની માયા પ્રાણહારિણી છે. પાકરક્ષા માટે તેથી તેને રાખી છે! કામ તો શીઘ્ર યુવાવસ્થામાં આવ્યો! માયાવતીનો વ્યવહાર માતાને બદલે મોહિત જેવો જોયો! અટકાવી! વાસુદેવાંશ કામ છે ને આ તો! રતિએ વૃત્તાન્ત સઘળો કહ્યો. "**परिशोचति ते माता...।**"- સ્ત્રીની હૃદયવેદના તો સ્ત્રી સમજે ને! ભારતની આ આદર્શ પુત્રવધૂ છે! મા-બાપથી દૂર થયેલા, દૂર રહેલા, પુત્રને સ્નેહથી સમજાવીને, પ્રેમથી પ્રેરીને, માનથી મનાવીને, મા-બાપ પાસે પાછો લઈ આવવા મથે છે! સમજાવીને, સંઘર્ષ કરીને, પતિને સ્વજનથી દૂર ઘસડી